# અભિનવ ભાગવત

## ભાગ : પહેલો

લેખક :
સંતબાલ

સંપાદક :
દુલેરાય માટલિયા

●

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ—૩૮૦૦૦૪.

# અભિનવ ભાગવત

ભાગ પહેલો

: લેખક :

સંતબાલ

: સંપાદક :

દુલેરાય માટલિયા

: પ્રકાશક :

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર
અમદાવાદ-૩૮૦૦૦૪

પ્રકાશક :
અંબુભાઈ શાહ
મંત્રી :
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, અમદાવાદ–૩૮૦૦૦૪

પ્રથમ આવૃત્તિ :
મહાશિવરાત્રી ૨૦૪૦
તા. ૨૯-૨-૮૪

કિંમત : વીસ રૂપિયા

મુદ્રક :
પ્રવીણચંદ્ર નટવરલાલ ગામી
પ્રણવ પ્રિન્ટર્સ,
૧૧/અ વિજય કોલોની
અમદાવાદ–૩૮૦ ૦૧૩

શ્રી હરિઃ

# બે પુષ્પો

'શ્રીમદ્ ભાગવત' સ્વયં પ્રસ્તાવના છે, સ્વયં ગ્રન્થ છે અને સ્વયં ભગવાનનું વાઙ્મય-સ્વરૂપ છે. શ્રીમદ્ ભાગવત ઉપર કાંઈપણ લખીને સાહિત્યમાં વધારો કર્યા વિના કાંઈ વિશેષ ફલ સિદ્ધ ભાગ્યે જ થાય.

વિશ્વભરના સમસ્ત સાહિત્યનો સાર-અર્ક-તાત્પર્ય વગેરે જે શબ્દથી વ્યવહાર કરીએ તે શબ્દનો વ્યવહાર શ્રીમદ્ ભાગવત માટે કરી શકીએ છીએ. આ તથ્યને લીધે જ કોઈપણ વ્યક્તિ પ્રતિદિન થોડી પણ પંક્તિઓનું વાંચન કરે, ચિંતન કરે અને રટણ કરે તો બુદ્ધિ દિવ્ય બને; જીવન ઉત્તમ બને; અને ભગવાન અનાયાસે મળે.

શ્રીમદ્ ભાગવતજીની એક સદુક્તિનો આ સ્થાને ઉલ્લેખ કરું ''जीवन्ति नात्मार्थमसौ पराश्रयम्'' -માનવે કોઈના પણ આશ્રય,— કોઈના પણ ઉપયોગી થવું એનું નામ જીવન કહેવાય.

આવી જ એક સદુક્તિ જીવસ્ય तत्त्वजिज्ञासा'' —જીવનું ફલ કેવલ તત્ત્વજિજ્ઞાસા છે. અને તત્ત્વના બ્રહ્મ-પરમાત્મા-ભગવાન'' એવા ત્રણ અર્થ થાય છે. એક ત્રીજી સદુક્તિ ''अहो एषां वरं जन्म सर्वप्राण्युपजीवनम्'' ભગવાન શ્રીકૃષ્ણે વૃક્ષોનો યશ ગાતાં માનવ-ને માર્ગદર્શન આપ્યું કે 'ધન્ય જીવન છે આ વૃક્ષોનું કે તેઓ પોતાનાં મહત્ત્વના પત્ર-પુષ્પ-ફલ-છાયા-મૂલ-વલ્કલ-કાષ્ઠ-ગંધ-રસ-ભસ્મ-કોયલા-નવપલ્લવ બારે બાર અંગો દ્વારા ભેદભાવ વિના પ્રત્યેક પ્રાણી માટે ઉપયોગી જીવન જીવે છે તો મનુષ્ય વૃક્ષો પાસેથી જીવતાં શીખે.'

આવા તો વચનામૃતો અપાર છે. નિરંતર વાંચન-ચિંતન-મનન આવાં વાક્યોનું થાય તો માનવના જીવનની પરમ શુદ્ધિ-સિદ્ધિ-

સફળતા પ્રાપ્ત થાય, અસ્તુ. લખવાની આવશ્યકતા ન હતી તો પણ પ્રાસંગિક બે પુષ્પો આ સમાધિભાષાનું અર્ચન કરવાની વૃત્તિથી આલેખ્યાં છે.

આવા ગ્રન્થનો અનુવાદ, ભાષાન્તર, વિવેચન, ટીકા જે કાંઈ લખનાર લખે છે તે ભગવાનની ઉપાસના કરે છે અને સમાજનાં સ્વજનો માટે દિવ્ય માર્ગદર્શન કરે છે.

તપસ્વી, તટસ્થ, શ્રમ-શમ-સમ્પન્ન, સાધુશીલ, દેશભક્ત મુનિશ્રી સંતબાલજી આવા જ ભક્તજન હતા. એમના જીવનની થોડી પણ સમ્પત્તિ કોઈપણ વ્યક્તિ પોતાના જીવનમાં ઉપયોગમાં લે તો તેઓશ્રીની સમ્પત્તિ તો અઢળક રહેશે જ પણ લેનાર અઢળક ગુણ સમૃદ્ધ થશે.

આબાલવૃદ્ધને સમજ પડે, બુધ-અબુધને પણ બોધ મળે એવા નિર્મળ ભાવથી એમણે "અભિનવ ભાગવત" ગુજરાતી ભાષામાં મૂકવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો છે તે સદા આદરણીય છે. એટલું જ નહીં પરંતુ નાનાં બાળકો અને સાધારણ વર્ગના આપણા ભારતના બંધુજનો પાસે આ ગ્રંથ ભેટ રૂપે મોકલવા જેવો છે. લગ્નાદિ પ્રસંગોમાં આવા ગ્રન્થોની લહાણી થાય તો મોટો યજ્ઞ કર્યો મનાશે. મુનિ સંતબાલનો મારા ઉપર અસાધારણ અનુરાગ હતો. મળવાનું મન થાય ત્યારે પરસ્પર પત્રથી મળતા અને સંતોષ માનતા.

એમના આ આદરણીય સત્કાર્યને બે શબ્દપુષ્પો સમર્પીને વિરમું છું.

શ્રી ભાગવત વિદ્યાપીઠ
કૃષ્ણધામ, સોલા,
અમદાવાદ-૩૮૦૦૫૪

કૃષ્ણશંકરના
જયશ્રીકૃષ્ણ

# પૂર્વરંગ

સંતબાલજી મહારાજના મુખેથી રામાયણનું શ્રવણ કરવું તે એક લહાવા જેવું છે. જામનગરના ચાતુર્માસમાં એના સાપ્તાહિક ક્રમમાં એક દિવસ રામાયણ અને એક દિવસ ગીતા પર જાહેર પ્રવચન રહેતાં એમાં જૈન અને જૈનેતરોએ જે તરબોળ જ્ઞાન-ભક્તિનો આનંદ લીધો તે તેમની સમ્યક્ ભક્તિમાં પ્રગટ થતો જણાયો. મહારાજશ્રી જૈન ધર્મને તો એક મહાસાગરરૂપ માને છે કે જેમાં સર્વધર્મની સરિતા મળે છે અને ભળે છે. એથી જ સર્વધર્મ ઉપાસના એમનાં બાર વ્રતમાં સત્યશ્રદ્ધા પછી તુરત જ સ્થાન પામી છે. દરેક ધર્મને પોતાના અધિષ્ઠાન, અનુષ્ઠાન, તત્ત્વજ્ઞાન અને કથાસાહિત્ય હોય છે. એ જ એની શ્રદ્ધા, શીલ, ચારિત્ર અને સંસ્કારનું ઘડતર કરતાં હોય છે જૈનો તેને દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કરુણાનુયોગ અને ધર્મકથાનુયોગ કહે છે. રામાયણ, મહાભારત, અને ભાગવત એની લોક-પરિભાષા અને શૈલીમાં પણ ધર્મકથાનુયોગ બનવાની પૂરેપૂરી ક્ષમતા ધરાવે છે માનવતા, ન્યાયનીતિમયતા, સુવ્યવસ્થિતતા, અને આધ્યાત્મિકતાના આરોહણનું આ ગ્રંથ માધ્યમ બન્યા છે અને જે ગ્રંથ દ્વારા માનવતા વિકસે, સંપૂર્ણ ન્યાય-નીતિમયતાનું મૂલ્ય વિકસે, સ્વ અને સમાજનું શ્રેય થાય તેવા આચાર-વિચારોની વ્યવસ્થા સ્થપાય તેમજ પ્રભુને સમર્પિત થવાના કે અહંતા-મમતા અને કામ-ક્રોધાદિ વિકારો વિરામ પામવાના ઉપચારોથી નિજ શુદ્ધિરૂપ મોક્ષને સહાય મળે તે ગ્રંથ ધર્મકથાનુયોગ બનનારું વિમલ શાસ્ત્ર છે, પુનિત પુરાણ છે. ત્રણેય ગ્રંથોમાંથી આ બધી સામગ્રી અને પ્રસંગો જે વ્યવહારમાં સદાચાર ને ન્યાય-નીતિ-

પોષક છે તેમજ નિશ્ચયે વ્યક્તિની તનની, મનની આત્માની શુદ્ધિ કરતાં સમાજને પણ સત્વશુદ્ધિ ને શ્રેય પ્રત્યે પ્રેરી મોક્ષમાર્ગ પ્રતિ દોરી જાય છે, તેને શોધી શોધીને સંતબાલજીએ ઉચિત સ્થાને સારી રીતે ઉપસાવ્યાં છે અને અભિનવ સાધનાને અંગરૂપ બનાવી છે. એથી જ આ ગ્રંથો અભિનવ રામાયણ, અભિનવ મહાભારત અને અભિનવ ભાગવતનું નામ પામ્યા છે. વિશ્વવાત્સલ્યમાં તે પ્રાસંગિક મહાભારત ને પ્રાસંગિક ભાગવતરૂપે લખાયા છે. તત્ત્વ મૌલિક અને શાશ્વત છે પણ પ્રસંગોને પ્રગટ કરવાની શૈલી અને રજૂઆત અભિનવ છે. એની નવીનતા એમાં છે કે કેવળ વાર્તા, મનોરંજન, કે મિથ્યા ગણાતા આ લોક–પરલોકનાં ફળો માટે થતાં અનુષ્ઠાનો કે ક્રિયાકાંડોય ચિત્તશુદ્ધિ, વ્યવહારશુદ્ધિ અને સમાજશુદ્ધિનાં સાધનો બની જાય તે રીતે તેની સજાવટ કરી છે. આવી સજાવટ આત્મવિવેક અથવા તો સમ્યક્ દૃષ્ટિનાં લોચનિયા ઊઘડયાં હોય ત્યાં જ સંભવે છે તે દૃષ્ટિએ અભિનવ ભાગવતને હું મૂલવું છે.

## ભાગવત મહિમા

સમ્યક્ નેત્રથી જોતાં સંસારનાં ભૌતિક સુખો નિર્માણ કરતાં મિથ્યા શાસ્ત્રો પણ સર્વહિત કરતાં સમ્યક્ પરિણામમાં પલટી જાય છે તો ભાગવત જેવું ભક્તિરસ સીંચતું શાસ્ત્ર સમ્યક્ જ્ઞાનદર્શન અને ચારિત્રને પુષ્ટ કરે તેમાં શી નવાઈ? સમ્યક્ દર્શન એ છે કે જે આત્મતત્ત્વને જાણી, જીવમાત્રને આત્મવત્ માની સર્વ સાથે આત્મવત્ રહેવાનું શીખવે છે. સંતબાલજી કહે છે કે સાચા જ્ઞાની શુકદેવજીના મુખેથી ભાગવત પ્રગટ્યું તે સમ્યક્ જ્ઞાનના પ્રકાશથી જીવનને અજવાળે છે. કેમકે

> 'આત્મવત સર્વભૂતેષુ' એ સૂત્ર જેમણે વર્ણ્યુ;
> આ ભાગવત તે ત્યાગી શુકજીના મુખે સર્યું." (પા. ૧૪)

આ શુકદેવજીએ વ્યાસ ભગવાન પાસેથી તે સાંભળેલ, પરંતુ એમણે તે સાંભળીને આચારમાં વણી દીધું. સર્વ પ્રાણી પ્રત્યે સમભાવ-સભર આત્મદષ્ટિપૂર્વક પરમાત્મ-પ્રાપ્તિના ધ્યેય પ્રત્યે તે એવા તો એકાગ્ર બની ગયા હતા કે તેમનામાં દેહભાવ કે સ્ત્રી-પુરુષ–ભાવ સુધ્ધાં રહેવા પામ્યો ન હતો. એમની આત્મસાધનાની ઉત્કૃષ્ટતા વ્યાસજીથીયે વધી ગઈ હતી. તેથી સંતબાલ કવે છે:

"પ્રાણી હો નાનું કે મોટું, નારીનર મહીં પણ;
આત્મા એક જુએ તેથી, વ્યાસથીયે વધુ શુક.
સર્વ પેદા થયા જીવો, ભગવાન થકી જ્યમ;
ભગવાન મહીં પાછા, મળવું ધ્યેય છે ત્યમ. (પાન ૧૬)

જગતના બધાં દ્રવ્યોમાં કેવળ આત્મદ્રવ્ય જ જ્ઞાનોપયોગવાળું છે; એથી સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લય માટે એ ચેતન તત્ત્વ રૂપ હરિ જ અધિષ્ઠાન રૂપ છે. જીવાત્મા વિભાવથી સંસાર સર્જે છે; તેમાં ટકે છે અને વિભાવ દશા ટળ્યે સ્વયંના શુદ્ધ સ્વભાવમાં જ રમમાણ રહે છે. આવા આત્મદ્રવ્યના જાણકાર અને સર્વાત્મા સાથે દ્રવ્ય–દૃષ્ટિએ એકત્વ માણનારા શુકદેવજીની વાણીમાંથી નીકળેલ ભાગવતનો મહિમા વર્ણવતાં સંતબાલ કહે છે:

અધર્મી અતિપાપી, સૌ તરે એકસામટાં;
એવી આ યુગમાં આપે, ભક્તિ ભાગવતી કથા.
એટલે જ કળિકાળે ત્યાગ ને તપ પ્રેરશે;
ભક્તિ, કર્મ તથા જ્ઞાન યોજાની મોક્ષ અર્પશે.
(પા. ૭, ૪, ૯)

## ભાગવતનો ધર્મકથાનુયોગ

ભક્તિ, અનાસક્ત કર્મ, અને જ્ઞાનની ત્રિવેણીથી મુક્તિની

પ્રાપ્તિ જેમ ગીતાજીએ કહી છે તે જ વાતને સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્રથી મુક્તિ રૂપે જૈન દર્શને વર્ણવી છે. ભક્તિને જૈનો શ્રદ્ધાપૂર્વક સમકિત કહે તે અને સમકિતની દઢતા, સ્થિરતા અને પ્રાપ્તિ માટે ધર્મકથાનુયોગનો મહિમા ભગવાને વખાણ્યો છે. ભાગવતને સંતબાલજી ધર્મકથાનુયોગના અંશ રૂપે આત્મ-પરિણામમાં કેવી રીતે પ્રયોજે છે તેનો ક્રમ જોતાં એ પ્રયોજનમાં તેના સ્પષ્ટ દર્શનની વિશિષ્ટતા નજરે તરે તેવી છે.

બીજા જૈન સાહિત્યકારો અને સંતબાલમાં એક વિશિષ્ટ પ્રકારનો તફાવત જોવા મળે છે. તે એ છે કે તેઓ જૈન રામાયણ, મહાભારત કે પદ્યુમ્નચરિત્ર વગેરેમાં ત્રેસઠ સલાકા પુરુષને અથવા હરિપુરાણ આદિપુરાણ જેવા જૈન પુરાણને આધાર ગ્રંથ માની રામ-કૃષ્ણાદિનું ચરિત્રચિત્રણ કરવામાં આવે છે, જ્યારે સંતબાલજી સર્વજન-માન્ય અને ખાસ કરીને હિંદુધર્મના તુલસી, વ્યાસજી વાલ્મીકિજીના આધાર ગ્રંથની વસ્તુને એમનેમ રાખી તેમાં નવા અર્થ અને અભિનવ મૂલ્યોનું સિંચન કરે છે, જે સિંચનમાં બ્રાહ્મણ અને શ્રમણ પરંપરાના સુંદર, શુભ અને શુદ્ધ સંસ્કારનો સંવાદસભર સમન્વય જોવા મળે છે અને એથી જ એમના ગ્રંથોનું નામ રાખ્યું છે અભિનવ રામાયણ અભિનવ મહાભારત અને અભિનવ ભાગવત. આ અભિનવ પ્રયોગમાં જૈનત્વની સ્યાદ મુદ્રાનો સર્વધર્મ ઉપાસના રૂપે જે વિકાસ જોવા મળે છે તે તેની વિશિષ્ટતા છે. 'ષડ્દર્શન જિન અંગ ભણિજે તત્ત્વને પોતાની ઉપાસનામાં વણી હિંદુ દર્શનના પ્રાણ સમાં રામાયણ, મહાભારત, ભાગવત અને ગીતાજીની પાછળ રહેલ શુભ અને શુદ્ધ દષ્ટિને તેના યથાર્થ સ્થાને મૂકી જિન-ભજનામાં બ્રહ્મ-ભજનાને એકાકાર કરે છે. સાકાર નિરાકાર, સગુણ-નિર્ગુણ અને જિનદષ્ટિ બ્રહ્મદષ્ટિનાં સાપેક્ષ મૂલ્યોને અનેકાંતશાસ્ત્રમાં સમાવી લેવાની તેની અનોખી શૈલી જેમ જૈન દષ્ટિ ગીતામાં જોવા મળે છે તેમ રામાયણ મહાભારત અને ભાગવતમાં પણ તે જ તત્ત્વદષ્ટિ વૈવિધ્યપૂર્વક વ્યાપક

થતી જોવા મળે છે. સંતબાલજી જૈનત્વ પરંપરાગતબદ્ધ માન્યતા-માંથી મુકત થઈ આગમ અને યુગનો સુમેળ કરતી મહાવીર અને ગાંધીની, આચારાંગ અને ગીતાની શાશ્વતી અને પરિવર્તન સાધતી ક્રાંત અને વૈજ્ઞાનિક સાધનાને અજવાળે છે.

## પ્રયોગાત્મક સાધના–શૈલી

એમની સાધનાની ખૂબી એ છે કે પ્રમેયાત્મક એટલે શાસ્ત્રાર્થ-પરંપરા પર નહીં પણ પ્રયોગાત્મક છે. વ્યકિતગત અને સામુદાયિક જીવનમાં સત્ય અહિંસાના પ્રયોગો કરતાં કરતાં જે સત્યનો અનુભવ થાય છે તે અનુભવના આધાર પર તે ચાલે છે. શ્રીકૃષ્ણે ભાગવતમાં સમ-ગ્રતાનું સર્વાંગી દર્શન કરાવ્યું તે જીવનદર્શનને લક્ષમાં રાખીને સર્વાંગી અને સમગ્ર જીવનનાં સર્વ ક્ષેત્રને સત્ય-અહિંસારૂપી ધર્મના પ્રભાવથી પ્રભાવિત કરવાના યુગલક્ષી ભગવદ્કાર્યની પ્રેરણા લેવા સંતબાલજી અભિનવ ભાગવત આલેખી રહ્યા છે એથી જ મંગલાચરણમાં તે કહે છે :

> રહે આ ભારતગ્રામ વિશ્વકેન્દ્રે સદા સ્થિત,
> તે માટે પ્રગટ્યા રામાયણ ને મહાભારત.
> એમ વિજ્ઞાનયુગે આ ગાંધી–પ્રયોગ તે રૂપે
> ને ભાલ–નલકાંઠાનો તે સંદર્ભે પ્રયોગ છે.
> ભાગવત થકી એવા ગ્રામકેંદ્રિત કૃષ્ણને.
> આલેખાશે રૂડી રીતે ભાગવત કથામૃતે. (પા. ૧)

આ આલેખનો મુખ્ય હેતુ સમ્યક્ ભકિતની પુષ્ટિ છે તે સ્પષ્ટ કરતાં સંતબાલજી પ્રસ્તાવના રૂપે કહે છે :

"એક અર્થમાં જ્ઞાનયોગ રૂપે જો રામાયણને ગણીએ તો મહાભારત–ગ્રંથ કર્મયોગ રૂપે છે અને ભાગવતનો ગ્રંથ ભકિત રૂપે છે.

જીવનનાં આ ત્રણેય પાસાંઓથી સમગ્ર જીવન બને છે. એટલું જ નહીં બલકે સળંગ જીવન અને સમસ્ત જીવન અથવા વ્યક્તિમાંથી જ સમષ્ટિ જીવન બને છે. આમ તો જોકે ભક્તિનો પાયો જીવનનાં સમગ્ર પાસાંઓમા મજબૂતપણે રોપાઈ જવો જોઈએ; એમ છતાં કેટલીકવાર જ્ઞાન અને કર્મની યોગિક તાલીમ મળ્યા પછી જ ભક્તિ સાર્થક થાય છે. એ રીતે ગીતા ઉપરાંત રામાયણુ અને મહાભારત અભિનવ રૂપે લખાયા પછી જ આ ભક્તિ–ગ્રંથ ભાગવત લખાય તે પણ સહેતુક જ છે."

આ દષ્ટિએ આ ગ્રંથ આલેખાયો છે. તેમાં ભારતીય દર્શનોનો અર્ક, અને સ્વધર્મયુક્ત સેવાકર્મનો મર્મ છણવા સાથે સ્થળે સ્થળે ક્ષાયિક સમકિતિ અને ભાવી તીર્થંકર શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિને સમ્યક્ ભક્તિમાં પરિણત કરી છે. નરનારી ઐક્ય અને પછાત શ્રમજીવી ગામડાને જીવમાત્ર સાથે એકતા સાધતા આત્મધર્મથી તે ભક્તિને પુષ્ટ પણ કરી છે. અહોહો ! ધન્ય છે દેહથી પર સ્ત્રી–પુરુષના ભાવથીયે પર એવી અક્ષર પુરુષોત્તમ અવિનાશી શ્રીકૃષ્ણની કે સચ્ચિદાનંદ આત્મતત્ત્વ રૂપ ભગવંતની ભગવદ્ભક્તિ :

## આનુશ્રુતિક ઐતિહાસિક આધારો

ભાગવત પુરાણ આનુશ્રુતિક છે. વ્યાસજીએ શુકદેવને, ગોકર્ણે-ધંધુકારીને, શુકદેવે પરીક્ષિતને અને સનકાદિએ નારદજીને આ કહ્યું એમ કર્ણોપકર્ણ આ કથા ચાલી આવે છે માટે તે આનુશ્રુતિક ઇતિહાસ રૂપે છે. એમાં સૂર્યવંશ, ચંદ્રવંશ, દિતિ–અદિતિનાં સંતાન, મનુવંશ, યદુવંશ અને દેવો દાનવો તેમજ માનવોની વંશાવલી આવે છે. પાર્જીટર, ડોલરભાઈ માંકડ, કનૈયાલાલ મુન્શી વગેરે બીજાં પુરાણો તથા વંશાવલીના આધારો આપી તેને ઐતિહાસિક કડી તરીકે ગોઠવે છે. થોડી રસની ક્ષતિ આવે તે વહોરી લઈને સંતબાલે પણ જ્યાં બની શકે ત્યાં આ વંશાવલીની પરંપરા જાળવી રાખી છે. આનુશ્રુતિક પરંપરા જાળવવા છતાં અને જુદા જુદા કાળે જન્મેલા મહા-

પુરુષોને એક વ્યાસપીઠ પર વ્યવસ્થિત રીતે રજૂ કરવા છતાં ભાગવત ઇતિહાસના ગ્રંથ કરતાં કૃષ્ણમાં પૂર્ણ પુરુષોત્તમપણું આરોપી મુખ્યપણે ભક્તિનો ગ્રંથ જ રહ્યો છે. ખરી રીતે તો પ્રાચીન દંતકથાઓ અને ભક્તિકથાનો સંગમ કરી વ્યાસજીએ તેમાં ભારતનો પૌરાણિક અનુષ્ઠાનો, અધિષ્ઠાનો, અને પરંપરાઓનો સાંસ્કૃતિક ખજાનો સંઘર્યો છે. સંતબાલે વંશાવલીની કડી સાથે ભારતના પ્રાચીન વારસાના વૈભવને વિધવિધ શૈલીથી રજૂ કરીને ષડ્દર્શનોનો ઇતિહાસ પણ સંક્ષેપમાં વણી લીધો છે. એટલું જ નહીં પણ માનવતા, ન્યાય–નીતિમતા, વર્ણાશ્રમ–વ્યવસ્થા, અને ઉચ્ચ પ્રકારની આધ્યાત્મિકતા પર ઊભેલા ધર્મોનો સંગમ કરી વિશ્વના સર્વધર્મને સાથે બેસવાનો રંગમંચ પણ પૂરો પાડેલ છે. તે કેવી રીતે એ સમજાવતાં સંતબાલ કહે છે : "'સર્વ સદ્‌વિદ્યા ને સદ્ધર્મ સર્વાંગી મુક્તિ અર્થે છે અને ભાગવતનો હેતુ પણ જીવને સમગ્ર અને સર્વાંગી રીતે બંધનમુક્ત કરવાનો છે.'

## પરીક્ષિતને શુકદેવજી કથા–હેતુ કહે છે

ખરી રીતે તો જીવમાત્ર પરીક્ષિત છે. પ્રજ્ઞાપરાધથી સંસાર તેને ઘેરી વળ્યો છે. મોહ રૂપી સર્પના ડંસનું જેને ઝેર ચડ્યું છે તે જીવ સત્પ્રયોગ અને સત્સંગરૂપી યજ્ઞકર્મ કરે તો સંસારના ઝેરથી મુક્ત થાય છે. તે સમજાવતાં સંતબાલ કવે છે :

માયાવશે બંધન આત્મ કેરું,
આસક્ત એવા મનથી થયેલું;
નિર્લેપભાવે શુચિ કર્મ થાતાં,
તે સર્વ બંધો છૂટી શીઘ્ર થતાં. (પા. ૨૨)

આ શુચિકર્મ–કર્તવ્ય ક્રાંત પ્રયોગ કરનારા વિભૂતિ રૂપ સંતો કે અવતારી યુગપુરુષો ચીંધતા હોય છે; કેમ કે તેઓ અવ્યક્ત નીતિ સામાજિક ન્યાય અને વિશ્વશાંતિનો તાલ મેળવવાનો આર્ષ પ્રયોગ

ફરી વિશ્વને ધર્મદૃષ્ટિએ સમાજ રચવા પ્રેરે છે :

અવ્યકત નીતિ ને ન્યાય, વ્યકત વિશ્વશાંતિનો,
મેળવે તાલ બન્નેનો, પ્રયોગકાર સંત તે. (પા. ૨૪)

યુગપુરૂષ કૃષ્ણુ અને ગાંધીજી યુગાવતારી પ્રયોગકાર હતા. એથી જ એમની કથા યુગે યુગે સર્વાંગી સમાજ–સાધનાનું પ્રેરક બળ બની રહે છે. તે વ્યક્તિ તથા સમાજનું શ્રેય કરવા ઉપરાંત મોક્ષપ્રાપ્તિ સુલભ બનાવે છે; કેમ કે

વ્યકિત–સમાજ બન્નેની સાધના સમતોલતા,
હોય જો તો જ સર્વાંગી મોક્ષપ્રાપ્તિ થતી યથા.
વ્યકિતની સાધના કિંતુ અહીં એકાંગિની બની,
તેથી આ રાષ્ટ્રમાં આજે સમાજસાધના પ્રતિ,
આપવા ઝોક મુખ્યત્વે સર્વાંગી સાધના ભણી,
ભાગવત–પ્રભુ પૂર્ણ શ્રીકૃષ્ણુની કથા કહી. (પાન ૩૪)

## ભાગવતનો કાર્યપ્રદેશ

બ્રહ્માએ અવ્યકતમાંથી વ્યકત સૃષ્ટિ સર્જવા મનુ અને શતરૂપાને પોતાના અંગમાંથી પ્રગટ કર્યાં. મનુને પાચ સંતાનો થયાં; બે પુત્ર પ્રિયવ્રત અને ઉત્તાનપાદ, તેમ જ ત્રણુ પુત્રીઓ આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ. આકૂતિ રુચિ પ્રજાપતિને, દેવહૂતિ કર્દમજીને અને પ્રસૂતિ દક્ષ–પ્રજાપતિને પરણી. એમના સંતાનોથી આખુંયે જગત છલકાઈ ગયું. ભાગવતમાં મનુપુત્રો મનુષ્યો, દિતિના દૈત્યો, અદિતિના દેવો તથા અવતારી અને વિભૂતિઓનાં જીવનની કથા આલેખી છે. ખરી રીતે તો તે કથા માનવકુળના ઇતિહાસની વિકાસયાત્રા છે; દેવ, દાનવ અને માનવમાં પડેલા શુભાશુભ ભાવોની સંગ્રામ–કથા છે અને શુભાશુભથી ઉપર ઊઠી શુદ્ધ આત્મતત્ત્વમાં રત રહેનારા

આત્માર્થીની પુરુષાર્થ-કથા છે. આમ ધર્મ, અર્થ, કામ અને મોક્ષના માનવીય અને દિવ્ય પુરુષાર્થોની ભૂત, વર્તમાન અને ભાવિ ક્ષિતિજો-ને આંબવાનો ભાગવતનો પ્રયાસ છે. એટલે એના ક્ષેત્રની ક્ષિતિજનો અંત જ નથી; પરંતુ એ અવ્યકત અનંતને વ્યકત કૃષ્ણના સગુણ સાકાર વૈષ્ણવી અવતારોથી આકારીને બેનમૂન શિલ્પ જેવી કૃતિને કંડારીને વ્યાસજીએ એક અને અનંતનો તાળો મેળવ્યો છે. વ્યકિત સમાજ અને સમષ્ટિ, એકાત્મા, અનંત અસંખ્ય જીવાત્મા અને પરમાત્માના સુસંવાદી તાલના એકરાગી રાસ–રસને જે વર્ણવે છે તે જ કૃષ્ણના ગ્રંથાવતાર પ્રેમરસ રૂપે ભાગવત છે. જીવનનાં સર્વ પ્રશ્ન અને ક્ષેત્રને તે સ્પર્શી જાય છે. સમગ્ર જીવનના અનુબંધને જોડનાર, વ્યવસ્થિત કરનાર, તૂટેલા અનુબંધને સાંધનાર અને જીવનનું સર્વાંગી શોધન કરનાર ગ્રંથાવતાર ભાગવતને સંતબાલે ધર્માનુબંધ રૂપે આલેખીને કૃષ્ણ અને ભાગવતની અનોખી શૈલીનું પોતાની રીતે નિરૂપણ કર્યું છે. તેમાં મૌલિક તત્ત્વો અને મૂળ ભાવોને એવાં તો અકબંધ જાળવ્યાં છે કે વાચક ભાગવતનું અધ્યયન ને નિદિધ્યાસન કરતાં કરતાં સ્વયંને કૃષ્ણરૂપ–કૃષ્ણાકાર કે કૃષ્ણમય ભાવોમાં સહેજે લયલીન કરી પ્રભુ સાથે અનુસંધાન સાંધી દે છે અને એ જ એનું મહત્ત્વનું ને મુખ્ય કાર્યક્ષેત્ર છે.

## ભાગવતનું વસ્તુ ધર્મ–સંસ્થાપન અને ધર્મની રક્ષા

ભાગવતનું વસ્તુવિધાન જીવનવિકાસનું આરોહણ કરાવતા પ્રભુના અવતારો પર રચાયું છે. અવતારોનું કાર્ય દુષ્ટોનું દમન કરી, સંતોનું રક્ષણ કરી ધર્મસંસ્થાપન કરવાનું છે. ચોવીસ અવતારોમાં શ્રીકૃષ્ણાવતારને ભાગવતે પૂર્ણાવતારી રૂપે પ્રગટ કર્યો છે.

અવતારો પુરાણોમાં, દશ–ચોવીસ જે કહ્યા;
તે પૈકી શ્રેષ્ઠ સર્વાંગી, પ્રભુ શ્રીકૃષ્ણજી રહ્યા.

## પ્રભુનું ધર્મ-સંસ્થાપન કાર્ય

બ્રહ્માજીએ પોતાના એક જ શરીરમાંથી મનુ અને શતરૂપાનું સર્જન કરી તેનાં સંતાનો દ્વારા સૃષ્ટિને સભર કરી. સૃષ્ટિની સર્જકતા અને ભયાનકતા સૃષ્ટિના આદિમાનવને ભય અને અહોભાવથી આશ્ચર્યમુગ્ધ કરે છે ત્યારે તે અવ્યક્ત તત્ત્વને પોતાના સ્વામી પ્રભુ કે નિયામક માની તેનાં યજન, ભજન અને સેવન કરે છે. આમ સર્વધર્મની ઉત્પત્તિના મૂળમાં પ્રભુ–સેવા અને ભજન રહેલાં છે.

## કપિલ ભગવાનની યજન-ભજન દૃષ્ટિ

મનુપુત્રી દેવહૂતિ અને કર્દમ ઋષિને ત્યાં પ્રગટેલા કપિલ ભગવાને યજન-ભજન ભક્તિનો એકડો ઘૂંટાવી ધર્મ-સંસ્થાપનનો આરંભ કર્યો. કપિલે તેમના પિતાને આત્મધર્મ સમજાવતા પરમાત્માને સમર્પિત થઈ સંન્યાસ દીક્ષા દ્વારા પ્રભુના કાર્યમાં જોડાઈ જવા રૂપ યજન કાર્ય સમજાવ્યું.

### પ્રભુ–યજન

પરમાત્મા અને આત્મા. બંને સ્વરૂપ જીવમાં;  
સાધના ક્રમશઃ સાધી, પામો સિદ્ધિ પૂરેપૂરી.  
સાચા સંન્યાસીનું મૂલ્ય આ રાષ્ટ્રે સર્વશ્રેષ્ઠ છે  
કેમ કે ભગવત્–કૃત્ય તેઓથી જ બને જગે. (પા. ૪૪

પિતાજીને ઈશ્વરાર્થે સેવા યજ્ઞ રૂપી યજન દ્વારા પ્રભુ પામવાનું કહી માતાજીને સાકાર–સગુણ ધ્યાન–પૂજા દ્વારા પ્રભુ પ્રાપ્ત કરવાની રીત બતાવતાં તે કહે છે:

### પ્રભુ-ભજન

શુદ્ધ ચિત્તે પ્રભુ કેરું, કલ્પી સ્થૂળ શરીર જે;  
હોમાશે ભક્ત-ભક્તા તે, તેને જરૂર પામશે. (પા. ૪૧)

## અત્રિ-અનસૂયાની વત્સલ-સેવા

મનુની બીજી પુત્રી આકૂતિનું રુચિ પ્રજાપતિ સાથે લગ્ન થયું. તેનાથી યજ્ઞ અને દક્ષિણા જન્મ્યાં. તેના બાર પુત્રો પૈકી અત્રિ તથા અનસૂયાનું દાંપત્ય સર્વત્ર મંગલ જોનારું અને સર્વના ગુણ ગ્રહણ કરી, સર્વ પ્રત્યે વાત્સલ્ય વર્ષાવનારું હતું. તેમનામાં મારા-તારાનો ભેદ ન હતો. તેમની વિશ્વવત્સલ સાધનાથી આકર્ષાઈ સત્યના ત્રિવિધ સ્વરૂપ જેવા બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ ચંદ્ર, દત્તાત્રેય અને દુર્વાસા રૂપે તેમના ખોળે પ્રગટ થયા. તેમાં દત્તાત્રેયજી વિષ્ણુના અવતાર રૂપ હતા. દત્તાત્રેયે સર્વત્ર ગુણ જોઈ, ગુણ ત્યાં ગુરુશરણભાવ વહેતો કર્યો. આમ પરમાત્મા એકરૂપ હોવા છતાં ત્રિવિધ રૂપે પ્રગટ થયા.

આત્મા એક રૂપે તોયે, મુખ્ય ત્રિધા ભવે બને;
જન્મ રક્ષા અને મૃત્યુ, આકારે ત્રિસ્વરૂપ તે. (પા. ૪૭)

આ કારણે પ્રભુભક્તિનાં યજન, ભજન અને સેવન એવાં ત્રણ સ્વરૂપ રહ્યાં છે.

## (૨) ન્યાય-નીતિનું સ્થાપન

### સતીનું સમર્પણ

ભજન, યજન અને સેવનથી પ્રભુમાં મન સ્થિર થાય છે, પણ પ્રભુનું કાર્ય તો અન્યાય-અનીતિ રૂપ અધર્મનું નિવારણ કરી ન્યાય-નીતિ રૂપ ધર્મ સ્થાપનાનું છે. એ કાર્ય મનુની ત્રીજી પુત્રી પ્રસૂતિ જે દક્ષ પ્રજાપતિને આપી હતી તેની પુત્રી સતીએ કર્યું. ભગવાન શંકરને યજ્ઞભાગ ન આપીને મદાંધ પિતાએ ભગવાન શંકર પ્રત્યે જે સામાજિક અન્યાય કર્યો હતો તેના નિવારણ માટે સ્વયં અગ્નિમાં આહુત થઈને સતીએ ન્યાય-મૂલ્યની તટસ્થ ભાવે પ્રતિષ્ઠા કરી.

સત્તા અને ધન તણો મદ રોકવાને
સાચું તટસ્થ બળ નિઃસ્પૃહ ત્યાં ખપે જે;
સક્રિય તે યદિ યથાર્થ રહે સમાજે,
તો મર્ત્ય જાતિ મહીં ધર્મ ટકે સદાયે. (પા. ૫૦)
બલિદાન તણાં મૂર્ત ઉદાહરણ ભારતે,
સીતા ને પાર્વતી રાધા ગવાયાં ગૃહસ્થાશ્રમે. (પા. ૫૯)

## (૩) ધ્રુવની નીતિસાધના

અન્યાય પે'લો ઘરથી શરૂ થઈને,
વ્યાપતો વેગથી વિશ્વમાં પછી;
માટે જગે ન્યાય ખરે જ ઇચ્છશો,
તો પે'લ એની ઘરથી કરો તમે.

મનુના પુત્ર ઉત્તાનપાદે સુરુચિ રાણી પ્રત્યેના મોહથી સુનીતિ તથા તેના પુત્ર ધ્રુવજી પ્રત્યે અનાદર બતાવી અન્યાય કર્યો. તે ધ્રુવજીએ તપ કરી પ્રભુ પામીને નિવાર્યો અને સુનીતિની સ્થાપના કરી. આમ પ્રાણત્યાગ અને તપથી ન્યાય-નીતિનાં મૂલ્યોની સ્થાપના તથા રક્ષા કરવાનો મર્મ બતાવી સંતબાલ કવે છે :

"જેને ભક્તિ ખરી જાગી, પેખે સર્વત્ર તે હરિ;
પોતામાં સર્વ પ્રાણીમાં, જાણે અદ્વૈતતા ભરી.
આવું જાણી મુમુક્ષુ જે, ધ્રુવજીવન આચરે;
તેમ ધ્રુવ ગતિ પામી, નિશ્ચે મોક્ષપદે ઠરે. (પા. ૭૧)

## (૪) પ્રિયવ્રતનું પરોપકારાર્થે જીવન

મનુના બીજા પુત્ર પ્રિયવ્રત મોટા ભગવદ્ભક્ત હતા. તેમની પાસે બ્રહ્માજીએ ઉત્તમ સંતાન અર્થે ગૃહસ્થ-જીવન ગાળવાની માગણી કરી. બબ્બે પત્ની અને ચૌદ ચૌદ સતાનો છતાં તેઓ અ તરથી નિર્લેપ

રહી સમાજહિતાર્થે ગૃહીજીવનનું સેવન કરી વાસના ક્ષય કરી.

સ્વવાસના ક્ષયાર્થે જે, ને આવે જગહેતુએ;
સત્યનિષ્ઠ રહે સૌનો, વિશ્વાસપાત્ર વીર તે. (પા. ૮૮)

આમ મનુ ભગવાનનાં બે પુત્રો અને બે પુત્રીઓના વંશજોમાંના પરમોત્તમ પુરુષોનાં દૃષ્ટાંત દ્વારા ધર્મતત્ત્વનાં મૌલિક ઉદાહરણ આપી સર્વધર્મે રહેલા સારતત્ત્વને ભાગવત રજૂ કરે છે. શ્રીમદ્ રાજચંદ્ર પણ સર્વધર્મનો સાર રજૂ કરતાં કહે છે:

બે બોલથી બાંધીઓ, સર્વ ધર્મનો સાર;
પ્રભુ ભજો નીતિ સજો, પરઠો પરોપકાર.

જગતના બધા ધર્મના સંસ્થાપકોએ એક યા બીજી રીતે આ વાત કરી છે. ભાગવતે દૃષ્ટાંત દ્વારા સમજાવવાની મનોહર શૈલીથી તે વધુ સ્પષ્ટ કરી. કપિલનું ભજન–યજન, સતી ને ધ્રુવની ન્યાયનીતિ અને પ્રિયવ્રતના પરોપકારમાં સર્વધર્મનાં બીજ સમાયાં છે એ સહજ રીતે સમજાવી દીધું છે.

## (૫) સત્યાર્થીનો જીવનસંગ્રામ

અંતરાત્મા કે પરમાત્મા કે પરમ સત્યાત્માનું મુખ્ય કાર્ય છે અશુભ અને અશુદ્ધ સામે શુભ ને શુદ્ધને સહાય કરવાનું. વ્યક્તિ અને અને સમાજનાં જીવનમાં શુભ અને અશુભ, પાપ અને પુણ્ય, નેકી અને બદી, પાક અને નાપાક વૃત્તિઓ પડી હોય છે. અવતારી સંતો અને વિભુતિઓ અશુભ, પાપ, બદી કે દુષ્ટ વૃત્તિ સામે પ્રત્યક્ષ લડત આપી, પુણ્ય, શુભ અને ભદ્રને વિજય અપાવવાનો માર્ગ બતાવે છે. એથી જ દુરિતોને વિદારી ભદ્રને પ્રતિષ્ઠિત કરવાનું કાર્ય અવતારી કાર્ય ગણાયું છે. દરેક ધર્મે અશુભને જીતવાનો નેક આદેશ આપ્યો છે.

## વેન-વધ અને પાપનો પ્રતિકાર

ભાગવતકાર જીવનસંગ્રામમાં સજ્જ અને સાવધ રહેવાની વાત કરતાં કહે છે કે જેમ વ્યક્તિગત અશુભ પર તેમ સામાજિક અનિષ્ટ પર પણ વિજય મેળવવો જોઈએ. ધ્રુવના વંશમાં વેન નામે રાજા થયો. તે ક્રૂર, પાપી અને પ્રજાપીડક હતો. તેથી ઋષિઓએ જનહિતાર્થે તેનો સામનો કરી, તેને મૃતપ્રાય કરી, તેની ભુજામાંથી પૃથુ અને અર્ચિને પ્રગટ કર્યાં.

## (૬) પૃથુ-અર્ચિનો પાવનો પુરુષાર્થ

પૃથુ પ્રભુનો અવતાર મનાય છે. તેણે મૃદુતાથી, ધર્મબુદ્ધિથી ખેતી, ગોપાલન અને બ્રહ્મધર્મની વૃદ્ધિ કરી, ધરતીને એવી સમૃદ્ધ કરી કે તેના નામ પરથી તે પૃથ્વી કહેવાય છે. પૃથુને સંતો, બ્રાહ્મણો અને સેવકોનો તથા પ્રજાનો ટેકો હતો. તેથી એમણે જે સંસ્કૃતિનો પાયો નાખ્યો, તેમાં મૃદુતા, દયા, સત્ય, તપ, ત્યાગ અને શાંતિ સ્થિર થયાં તે વર્ણવતાં સંતબાલ કવે છે:

અનુષ્ટુપ

સંત-દ્વિજ તપ ત્યાગ ને પ્રજામત જો ભળ્યાં,  
તો થાયે મૃદુતાની ત્યાં બાહ્ય ભીતર એકતા. (પા. ૭૩)

શાર્દૂલ

રાજ્યે દંડ, પ્રજા મહીં સુગઠના, દ્વિજો મહીં ત્યાગતા;  
સંતોમાં તપ-તેજની વિપુલતા, એ ચાર ભેગાં થતાં;  
તો તો ભારતમાં ફરી વિલસતી, સત્સંસ્કૃતિની પ્રભા;  
તે આખા જગને પ્રભાવિત કરી, શાંતિ બનાવે સ્થિરા.  
(પા. ૭૩-૭૪)

આમ પૃથુએ ક્રૂરતા પર સૌમ્યતાનો, કાયરતા પર વીરતાનો, કૃપણતા પર ઔદાર્યનો, ક્રોધ પર ક્ષમાનો અને અસત્ય પર સત્યનો વિજય કરી, શુભથી પ્રજાનું શ્રેય અને શુભ કર્યું. તે પછી એણે સનકાદિના ઉપદેશથી તે શુભ અને અશુભથીયે પર લેવા નિજ આત્મશુદ્ધિ રૂપી મોક્ષના માર્ગે પ્રબળ પુરુષાર્થ કર્યા. અને અર્ચિ પણ તેની સાથે જ આત્મસાધનામાં રહી. કેમ કે

સાધ્યે એક પરં આત્મા, આત્મા સ્વયં સધાય છે;
આત્મા સાધ્યે પરં શ્રેય, આપોઆપ સધાય છે.
જીવન ને જગત બન્ને, છેક જ ભિન્ન છે નહીં;
તેથી જ છેવટે તાળો, એ બન્નેનો જતો મળી. (પા. ૮૫)

આમ ઉત્તાનપદ રાજાના વંશમાં પૃથુ, પ્રચેતાગણો અને બીજા અનેક રાજવી અશુભને અંકુશમાં રાખી, શુભનું સમર્થન કરી, શુદ્ધ આત્મતત્ત્વ બક્ષી, જીવન અને જગતનું શ્રેય કરવામાં પરમ પુરુષાર્થની પગદંડી પાડી ગયા.

## (૭ ઋષભદેવનો અવધૂત-આત્મયોગ

મનુના બીજા પુત્ર પ્રિયવ્રતના વંશમાં પણ ભગવાન ઋષભદેવ જેવા તીર્થંકરનો જન્મ થયો. તે વિષ્ણુના અવતારરૂપ હતા. ભરત ક્ષેત્ર જ એવું ક્ષેત્ર છે જયાં,

હિંદે જન્મેલ જે સ્ત્રીઓ, જન્માવે ઋષભાદિને.
તે હિંદ વિશ્વશાંતિને, શીઘ્ર લાવી ન શ્યે શકે ?
પ્રથમ ઋષભે બોધ્યો, સ્વપર-શ્રેય પંથ આ;
થઈ શક્યા મનુ જેથી, મર્ત્ય-સમાજના પિતા.
વ્યક્તિ સમાજ સંસ્થા ને, સમષ્ટિ સાર તત્ત્વનો;
તાળો જે મેળવે ધર્મ, તે ધર્મ વિશ્વધર્મ હો. (પા. ૯૨, ૯૩)

આત્માર્થી પુરુષો તે જે, ભવ પ્રપંચને વિષે;
ચોમેર ભોગ વચ્ચે જે, પ્રભુ લક્ષ્યે રહી શકે.
પુરુષાર્થ થકી નિત્ય, કર્તવ્ય કર્મ આચરે;
પ્રભુલક્ષી કરે સૌને, સર્વહિતેચ્છુ સંત તે. (પા. ૯૫)
આફતો લાલચો બન્ને, કસોટી પૂર્ણ મુક્તિની;
સ્વપર–શ્રેય–માર્ગે તે, પસાર કરવી રહી. (પા. ૧૦૪)
આત્મામાં સ્થિર ન થાય, કાયમી જ્યાં લગી મન;
ત્યાં લગી મન માયામાં, વળગ્યું રે' ચિરંતન. (પા. ૧૦૬)
યોગી કદી ન મોહાય, સાધનાજન્ય સિદ્ધિમાં;
કેમ કે સાચી ક્રાંતિ તો છે ત્યાગમાં, ન ભોગમાં. (પા. ૯૮)
માયા દયા જુદાં, એક પાડે, બીજું ચઢાવતું;
જન્મો વધારતું એક, બીજું જન્મ નિવારતું. (પા. ૯૯)

ભગવાન ઋષભનું અધ્યાત્મ–દર્શન રહૂગણને સમજાવતાં ભરતજી કહે છે :

આત્મા મુખ્ય જગે બીજું, બધું ગૌણ બતાવવા;
એક બ્રહ્મ કહ્યું સત્ય, બાકી બધું જગત વૃથા.
ન સંબંધી ન સંબંધો, છોડવાનાં કહ્યાં કદી;
છોડવાં મોહ–આસક્તિ, તે બન્ને પરનાં સદા. (પા. ૧૦૮)
આત્મબુદ્ધિ સદા જેની, દેહાદિ પર છે ઘણી;
તેવો જીવ પડી ઘૂમે, જંજાળે ભવચક્રની. (પા. ૧૧૨)
સર્વદેહી તણે હૈયે, કાયમ પ્રભુજી વસે;
એવું માની સદા વર્તે, પામે પ્રભુકૃપા સુખે. (પા. ૧૨૧)

## આત્મશુદ્ધિનું અમૃત ઔષધ નામજપ

અવતારી વિભૂતિ અને પરમ સંતોની ગેરહાજરીમાં પાપમાંથી મુક્ત કરનારું, સંસારમાંથી તારનારું કોઈ ઔષધ છે? તે પ્રશ્નનો

જવાબ આપતાં અજામિલના દૃષ્ટાંતથી ભાગવત સમજાવે છે, રામ કરતાં નામ મોટું છે. પ્રભુસ્મરણ બધાં પાપ અને રોગ નિવારવામાં અમૃત ઔષધ સમું છે. તેથી જ કહ્યું છે કે નામ હૃદયને કોમળ કરી કરુણાથી ભરી દે છે.

અમૃત કરનારું જો, ફક્ત નામેય થાય જ્યાં;
સહૃદયા દયાભક્તિ, મોક્ષ દે શી નવાઈ ત્યાં? (પા. ૧૧૮)

## આત્મસંગ્રામ

આત્મા જ આત્માનો મિત્ર છે અને તે જ આત્માનો વેરી છે. પુણ્ય પ્રેરે તે મિત્ર; પાપ પ્રેરે તો શત્રુ. તેને જ દેવ–અસુર–સંગ્રામ કહે છે. તે જ દૈવી–દાનવી વૃત્તિઓ છે. કુમતિ જીતી સુમતિ સિદ્ધ કરવી તે છે માનવતા. અભય, સત્ત્વસંશુદ્ધિ, અહિંસા, દયા, ક્ષમા, સત્ય વગેરે દિવ્ય ગુણો જેમ સમાજમાં અને વ્યક્તિમાં છે, તેમ કામ, ક્રોધ, લોભ, અહંકાર, વૈરભાવ, દર્પ વગેરે આસુરી ગુણો પણ વ્યક્તિ અને સમાજમાં પડેલા છે. જેની જેવી વૃત્તિ તેવા કુલ સાથે તેને પ્રીતિ થાય છે અને તેવી તેની પ્રકૃતિ બની જાય છે. માનવકુલનો ઇતિહાસ કહ્યા પછી દેવ-દાનવ કુલનો ઇતિહાસ વર્ણવતાં ભાગવત–કથાકાર કહે છે કે મનુની એક પુત્રી પ્રસૂતિ દક્ષ પ્રજાપતિને પરણાવી હતી. તે દક્ષ પ્રજાપતિને પંચજન પ્રજાપતિની પુત્રી આસિકનીથી થયેલ સાઠ કન્યામાંથી તેરને કશ્યપ સાથે પરણાવી હતી. તે પૈકી અદિતિની વંશપરંપરામાં પ્રભુ પ્રત્યે પ્રીતિ હોવાથી દિવ્ય ગુણ વધ્યા તેથી તેઓ દેવ કહેવાયા અને દિતિની કૂખે દૈત્ય જેવાં અહંકાર–પ્રધાન બાળકો થયાં. આમ અદિતિના દેવ અને દિતિના દાનવ વચ્ચે પ્રકૃતિભેદે વૈમનસ્ય થયું. દેવમાં પ્રપત્તિની ભાવના હતી. દાનવોમાં પ્રતિકારની પ્રબળતા હતી. દેવોમાં દિવ્ય ગુણ તથા ભગવાન પ્રત્યેની યાચના–પ્રાર્થના હોવાથી

અને દાનવોમાં અભિમાન અને અહંકારની તીવ્રતાથી ક્રોધ, માન, માયા, લોભ અને યુદ્ધખોરવૃત્તિની અત્યંત વૃદ્ધિ હોવાથી ભગવાન દેવનો પક્ષ લેતા હતા. દેવોમાં જ્યારે ભોગપરાયણતા, ઘમંડ અવિનય અને ઐશ્વર્ય-મદ આવતો ત્યારે તેમની શક્તિ ક્ષીણ થતી. કેટલાક શાપિત થતા અને એ તકનો લાભ લઈ અસુરો તેમના પર આક્રમણ કરી તેમને હરાવતા. ઇન્દ્ર એક બાજુથી ભોગમસ્ત રહી બૃહસ્પતિ ગુરુનો અવિનય કર્યો અને બીજી બાજુથી વિશ્વરૂપનો વધ કર્યો એટલે દેવોની શક્તિ નબળી પડી, ત્યારે વિશ્વરૂપના પિતાએ પુત્રનું વેર લેવાના હેતુથી વૃત્રાસુર પ્રગટ કર્યો. વૃત્રાસુરે દેવોને ત્રાહિમામ્ કરી દીધા. આખું વિશ્વ અશાંતિથી ઊભરાઈ ગયું. વેરને બદલે પ્રેમથી પ્રાણાર્પણ કરી વિશ્વશાંતિ સ્થાપતું ઉદાહરણ રજૂ કરવા દધીચિ પ્રગટ્યા; કેમ કે

વૈરનો બદલો લેતાં, વૈર બીજ રહી ફરી;
ફેલાય વિશ્વમાં જેથી, ઘોર અશાંતિ કાયમી.
તેથી વૈર ભૂલી વહાલે, વિશ્વને જે વધાવશે;
તે જ સતી દ્વિજો સંતો તણું ઋણ અદા કરે. (પા. ૧૨૯)

## માનવતાનો મહિમા

આ ઘોર ત્રાસમાંથી મુક્તિનો માર્ગ બતાવતાં ભગવાને દેવોને દધીચિ ઋષિની પાસે જઈ તેમનાં અસ્થિ માગવા કહ્યું; કેમ કે માણસ સિવાય તેવું સમર્પણ કોણ કરી શકે? મહર્ષિનાં હાડકાંના વજ્રથી વૃત્રાસુરને હણવાની વાત આવી અને ધીચિ બોલી ઊઠ્યા:

અંતે નશ્વર આ દેહ, માટી સાથે મળી જશે;
મૂલ્ય રક્ષાર્થ કાજે તો, સ્વયં તે તજવો ન શ્યે? (પા. ૧૩૧)

દેવની માગણીથી મનુષ્યજન્મ સાર્થક કરવાનો અવસર પ્રાપ્ત થવાના આનંદમાં દધીચિએ પ્રભુમાં લીન થઈ સાપ કાંચળીને

તજે તેમ દેહ તજી દીધો. તેમાંથી વજ્ર બનાવી ઇન્દ્ર જ્યારે વૃત્રાસુર-ને મારવા તૈયાર થાય છે ત્યારે દધીચિનો ત્યાગ વૃત્રાસુરનો પણ હૃદયપલટો કરે છે. ખરે જેનો દેહાધ્યાસ ટળે છે તે તરણાની જેમ દેહ છોડે છે. તે સત્યાર્થીના આવા બલિદાનથી વૃત્રાસુરનું આત્મભાન જાગ્રત થતાં તે પ્રભુની સેવામાં પોતાનાં તન, મન, ધન અર્પવાની પ્રાર્થના કરતો પ્રભુશરણ પામે છે; તે પ્રસંગ વર્ણવતાં સંતબાલ કવે છે :

સુઋષિનાં તપ–ત્યાગ ને ભળે પ્રભુની કૃપા;
કુપાત્ર દૈત્ય તો કેમ ન પામે દૈવી પાત્રતા? (પા. ૧૩૧)

જેમ દાનવોમાંથી દૈવી પાત્રતા પમાય છે તેમ દેવોમાં પણ જો અવિનય ઉદ્ધતાઈ આવે તો જય–વિજયની જેમ દાનવપણું પમાય છે. હિરણ્યાકંસ અને હિરણ્યાક્ષ રૂપે તે દૈત્યકુળમાં અવતર્યા. એક-નો વરાહનું રૂપ લઈ અને બીજાનો નૃસિંહનું રૂપ લઈ ભગવાને વધ કર્યો. અને એ જ કુળમાં પ્રહ્લાદ જેવા સત્યાગ્રહી ને બલિ જેવા દાની પ્રગટ કરી, દૈત્યમાં પણ દૈવી ગુણના આવિર્ભાવની શકયતા બતાવી છે.

જન્મના કુળનો નહીં પણ સત્સંગ અને સ્વપુરુષાર્થનો મહિમા જ મોટો છે. સત્સંગે વાલીઓ વાલ્મીકિ અને દાસીપુત્ર નારદ મહર્ષિ બને છે. તે તો માનવકુળે જ લબ્ધ છે માટે મનુષ્યજન્મ દુર્લભ ગણાયો છે.

## સત્સંગનો પ્રભાવ

ભલે ગમે તે હો પણ ગર્ભાવસ્થાથી જ જો સત્સંગનો સુસંસ્કાર પાડવામાં આવે તો જેમ પારસમણિના સ્પર્શથી લોહનું હેમ થાય છે તેમ કઠોર દૈત્યકુળમાં પણ સૌમ્ય સાત્વિકતા સહેજે પ્રગટે તેનું દૃષ્ટાંત પ્રહ્લાદ પૂરું પાડે છે. નારદે તેમને ગર્ભાવસ્થામાં જ બ્રહ્મ-જ્ઞાન આપેલું. એથી તો એ દાનવકુળમાંયે મહામાનવપણું પામી ગયા.

પાયાનું મૌલિક જ્ઞાન, ગર્ભે રહ્યાં મળી શકે;
કેમકે બ્રહ્મ છે વ્યાપ્ત, જીવે ને નિખિલે જગે. (પા. ૧૭૦)
એકને (બ્રહ્મને) જાણી લો સૌએ, શાસ્ત્રનિચોડ એ કહ્યો,
કેમ કે એકને જાણ્યે, જાણશો સઘળું તમો. (પા. ૧૭૧)
સર્વાંગી પ્રભુતા ધ્યેય, બાકી ગૌણ બધું ગણો;
તો જ વ્યષ્ટિ–સમષ્ટિનું, સ્વપર–શ્રેય સાધશો. (પા. ૧૭૬)
તેવા પરમ ભક્તોને જ, સર્વાંગી પ્રભુતા વરે,
બીજા ત્યાગી પૂરા તોયે, એકાંગી સાધના ધરે. (પા. ૧૭૬)

ભક્ત પ્રહ્લાદે જે બોધ નારદ પાસેથી સાંભળ્યો તે હૃદયસ્થ કર્યો. તે સત્યરૂપી બ્રહ્મ માટે જીવનભર લડચા, ઝૂઝયા અને અંતે પ્રભુને પામી પિતાનો પણ ઉદ્ધાર કર્યો.

ફરે દેવત્વ દૈત્યત્વ, પરમ પુરુષાર્થથી;
મનુત્વ પામી આત્માર્થી, અંતે પામે પરં ગતિ. (પા. ૧૭૮)

પ્રહ્લાદનું અધર્મ સામે ધર્મયુદ્ધ હતું, જેમાં ધર્મનો વિજય થયો, એથી યુધિષ્ઠિર મહારાજે આચરેલા વ્યવહાર–ધર્મ તથા મોક્ષ જ્યાં ધર્મનું મિલન થાય છે તે વ્યાપક માનવ–ધર્મને સમજાવતાં ભાગવત આલેખક કહે છે :

## માનવ ધર્મનું સ્વરૂપ

માનવીના વ્યવહાર–ધર્મમાં વર્ણાશ્રમ–વ્યવસ્થા સમાજને સુવ્યવસ્થિત રાખે છે અને સત્યની ઉપાસના મોક્ષધર્મ પ્રત્યે દોરી જાય છે. ગુણકર્મથી વર્ણ ચાર છે.

## ચાર વર્ણો ને આશ્રમો

વર્ણોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ, રક્ષે સમાજ સંસ્કૃતિ,
વૈદ્યક ન્યાય કરે સોંઘાં, ત્યાગ ને બ્રહ્મચર્યથી,

બ્રાન્માલ સદા રક્ષે, પ્રજાનાં ક્ષત્રિયો અને;
વૈશ્યો શુદ્રોય બાકીની, સેવા બજાવતા જગે. (પા. ૧૮૨)
શિખાર્યું મૂળ વર્ણોનું, આશ્રમો ચારથા અહીં,
તે ચારમાંય છે મુખ્ય, બ્રહ્મચર્ય પ્રથં કરી, (પા. ૧૮૪)
ભવતૃષ્ણા રહે જડી, જાણી સમૂળગી હણે.
તે ગૃહસ્થાશ્રમી કિંવા સંન્યાસી મોક્ષ મેળવે. (પા. ૧૮૮)
ગૃહસ્થાશ્રમ પંકાય, તેથી આ દેશનો ભલો;
ત્યાગી તપસ્વી ભક્તોનો, જેમાંથી થોક જન્મતો. (પા. ૧૯૦)
કામક્રોધાદિ છે શત્રુ, આત્માના મુખ્ય તે ખરા;
અંકુશે તેમને રાખી, અંતે ક્ષીણ કરો ભલા. (પા. ૧૯૪)
તે માટે મોહ સંબંધો, છોડી કર્તવ્ય આચરે;
લોહીસગાં જનો સાથે, તે મુમુક્ષુ થાય છે. (પા. ૧૯૫)

## બ્રાહ્મણ અને સેવકની પૂજ્યતા

### ઉપજાતિ

સંસ્કાર દેનાર મનુષ્ય વિશ્વે
સુપાત્ર ને સેવક બ્રાહ્મણેય તે
ખુદ પ્રભુના પૂજનીય હોય
તેથી જગે ઉત્કટ સ્થાન તેહનું. (પા. ૧૯૦)

## સંતોનો મોક્ષદાયક ધર્મ

હાનિ–લાભો, સુખો–દુઃખો, જયો–પરાજયો;
જડે સૌ તે રહ્યાં; આત્મા, સચ્ચિદાનંદ એકલો.
પ્રાણીમાત્ર મહીં તેવું, એક આત્મત્વ પેખતો;
વિશ્વમય બની જાય, પ્રસન્ન મર્ત્ય–સંત શો. (પા. ૧૮૮)
જે અનાયાસ આયાસ, ને તાદાત્મ્ય તટસ્થતા,
સાધે જીવનમાં પૂરાં, તે પામે પૂર્ણ સાધુતા.

જેઓ પામેલ છે આવી, પ્રવૃત્તિલક્ષી-નિવૃત્તિ;
તે ક્રાંતિપ્રિય સંતોથી, થતી સદ્ધર્મ-સ્થાપના. (પા. ૧૮૬)

આવા સંતો અને બ્રાહ્મણોનું વિશ્વે બહુમાન થાય છે. પ્રહ્લાદના વંશમાં બલિરાજા થઈ ગયા. ઇન્દ્રે તેમને હરાવી તેમની બધી સંપત્તિ લઈ લીધી અને તેમને પ્રાણરહિત કરી નાખ્યા ત્યારે શુક્રાચાર્યે તેમને સજીવન કર્યા અને દાદા પ્રહ્લાદજીએ માળા આપી તે ધારણ કરીને બલિરાજ ભક્તિશાળી અને શક્તિશાળી બની ગયા અને ઇન્દ્રપુરી જીતવા આવ્યા. દેવો અને ઇન્દ્ર જ્યાં ત્યાં છુપાઈ ગયા ત્યારે અદિતિએ કશ્યપજીની દોરવણી પ્રમાણે પયોવ્રત કર્યું અને ભગવાન વામન રૂપે ત્યા અવતર્યા. ભાદરવા સુદ બારસે બ્રહ્માજીએ પણ સ્તુતિ કરતાં કહ્યું :

ભક્ત માતા પિતા જ્ઞાની, બન્ને ઋજુ તપસ્વીઓ;
તે સ્થળે જન્મવા ઇચ્છે, ભગવતી વિભૂતિઓ. (પા. ૨૨૨)

બલિરાજા ભૃગુ પાસે યજ્ઞ કરાવી રહ્યા હતા ત્યાં જ હાથમાં છત્ર, દંડ અને જળભરેલા કમંડળ સહિત વામન આવી પહોંચ્યા. બલિએ સત્કાર કરી દક્ષિણા માગવા કહ્યું. ભગવાને ત્રણ ડગલાં જમીન માગી. બલિએ તેમના ચરણ પખાળી સંકલ્પ કરી જેવું જમીનનું નું દાન કર્યું કે વામને વિશ્વરૂપ ધારણ કર્યું. બલિનું મન પણ વિશ્વરૂપ બની ગયું. બે ડગલામાં ભગવાને બલિનું સર્વસ્વ લઈ લીધું અને ત્રીજે પગલે બલિએ ભગવાનને ચરણ સ્વ-મસ્તક પર પધરાવવા માગણી કરી. પ્રભુએ તેને સુતલમાં સ્થાન આપ્યું. બલિ પ્રભુની કસોટીમાં પાર ઊતર્યા તેથી કહેવાયું છે :

સત્યાર્થી કેરી સુકસોટી થાતી, વસુંધરા લક્ષ્મી સુદૂર જાતી;
તોયે ચળેના સતથી કદાપિ, છે દૈત્ય એવા બલિરાજ નામી.
(પા. ૨૨૫)

આ પ્રમાણે અભિરાજર્ષિએ દૈત્યવંશને પોતાની અનન્ય ભક્તિથી કૃતકૃત્ય કરી નાખ્યો.

ગજેન્દ્રમોક્ષનું દૃષ્ટાંત આપી નમ્રતા, સમતા માનત્યાગ પ્રભુ-શ્રદ્ધાથી પ્રગટાવવાનું કહી પછી કહે છે:

## જીવનમાં ગજગ્રાહ

માનથી જે અહં આવે, તે અહંકાર છોડજો.
ને વિશ્વમયતા-લક્ષે, વ્યક્તિત્વ વિકસાવજો;
તો આખરે થશો આત્મારૂપ આત્મા થકી તમો.

બનીને પ્રભુનું અંગ કર્મ-મુક્તિય પામશો. (પા. ૨૦૧)

જીવને અહંકાર–વિકારરૂપી મગરમચ્છે પકડયો છે; મોહરાજે ગ્રસ્યો છે. તે પ્રભુને સાદ કરે ને અંતર્યામીની સહાય મળે તો તેમાંથી અવશ્ય મુક્ત થાય.

## સામાજિક સંઘર્ષ અને સમુદ્રમંથન

આ સંગ્રામ જેમ વ્યક્તિગત જીવનમાં છે તેમ સામાજિક જીવનમાં દૈવી–આસુરી રૂપે સંઘર્ષ અને સ્વાર્થની ખેંચાખેંચી દેખાય છે. સમગ્ર જીવન જાણે પરસ્પર વિરોધી હિતોની ખેંચના-મંથનમાં જતું હોય તેમ બને છે. આ સંઘર્ષ વૃત્તિને સમુદ્ર-મંથન રૂપે રજૂ કરી છે. જીવનમાં ઝેર અને અમૃત, મોહિની અને કુસામણી, સાધન-સંપન્નતા અને રંકતાનાં દ્વંદ્વ પડેલ જ છે અને જે સત્ય પ્રભુનું શરણુ લે છે તેની પડખે પ્રભુ રહે તેથી જીતે છે. ગર્વિષ્ઠ શક્તિસંપન્ન છતાં અહંકારથી હારે છે,

## જીવનસંઘર્ષનું મૂળ

આ દ્વંદ્વનું મૂળ ભીતરમાં છે, દૈવી-આસુરીભાવ અંતરમાં છે તે દૂર કરી અન્યાય સામે આત્મશુદ્ધિથી લડાય તો જ દિવ્ય ગુણો વિજયી નીવડે અને શિવત્વની કૃપા પામે. તેથી તે કહે છે:

દુશ્મનો ભીતરે બેઠા, કામ-ક્રોધાદિ સર્વ તે;
એક બાજુ હણો તેને, આત્મપ્રકાશ લાધશે.
કિંતુ પછી સમાજે જે, અન્યાયો ને અનિષ્ટ તે;
ટાળવા કાજ આત્માર્થી, મથે છે, સર્વથા જગે.
તો જ સર્વાંગી આત્માની, પ્રાપ્તિ પુર્ણતયા થશે;
બહિરાત્મા મટી જીવ, શિવ સિદ્ધત્વ પામશે. (પા. ૨૦૩)

એવો જીવ જગનાં ઝેર કંઠે રાખી કેવળ વાત્સલ્યનાં અમૃત જ વેરશે. પણ ઘમંડી ને સ્વચ્છંદી તે અમૃતને નહીં પામી શકે; કેમ કે,

માનવીના મહા શત્રુ, સ્વચ્છંદ ને ઘમંડ બે;
પેસે સમૂહમાં ત્યારે, ખુદ પ્રભુ હલી ઊઠે,
સ્વૈચ્છિક સંયમી રીતે, જ્યારે સૌ જન ચાલશે;
ત્યારે માનજો નિશ્ચે, ધર્મકાર્ય થશે જગે; (પા. ૨૦૬)

શિવે ઝેર કંઠે ધર્યા પછી લક્ષ્મીજી પ્રગટેલાં. અને એ પછી અમૃતકુંભ લઈ ધન્વંતરિ જેવા સમુદ્રમાંથી પ્રગટ થયા તેવા જ દૈત્યોએ તેમની પાસેથી અમૃતકુંભ ઝૂંટવી લીધો ને દેવોને ભાગ આપવા પણ ના કહી. અંદરોઅંદર કલેશ થવાથી

છીનવે પશુતાવાળા દૈત્યો જો દેવભાગ તો,
જામે પરસ્પર કલેશ ને છીનવ્યું સરી જશે. (પા. ૨૦૯)

લક્ષ્મી, સંપત્તિ, સત્તા કે વૈભવ સાંપડે પણ આસુરીભાવને લીધે તે સુખ-શાંતિ આપવાને બદલે કલેશ, કલહ અને અશાંતિ આપી ચાલ્યાં જાય છે. દૈત્યોનું ખરેખર એમ જ બન્યું; જ્યારે દેવોએ ભગવાનમાં વિશ્વાસ રાખી તેમની જ સહાય માગી. એ સ્થિતિનો લાભ લઈ ભગવાને મોહિનીરૂપ ધારણ કર્યું. દેવો તેમાં મુગ્ધ ન થયા પણ અસુરોએ તેના રૂપ પાછળ મોહિત થઈ અમૃતકુંભ વહેંચવાનું કાર્ય મોહિનીને સોંપી દીધું. મોહિનીરૂપે ખુદ ભગવાન હતા.

એમણે દેવોને અમૃત આપ્યું ને દાનવો અમૃત વિના રહી ગયા. લોભી ને લાલચુ આમ વધુ લાલચથી હાથમાં આવેલ પણ ગુમાવે છે; ત્યારે સ્થિરતાથી પ્રભુનો આશ્રય લેનાર પોતા પાસે જે ન હોય તે પામે છે. માટે સંતબાલ કહે છે :

મૂઢ સ્વાર્થી ડરે સૌથી, લાલચે ઢળી જતો;
કષ્ટ–લાલચમાં સ્થૈર્ય આપે સત્પ્રભુ આશરો. (પા. ૨૧૨)

દેવો એ રીતે પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાથી સંગ્રામમાં જીતી ગયા.

દેવ–અસુર સંગ્રામ અથવા જીવનમાં આવતાં દુરિતો અને ભદ્ર ભાવો વચ્ચેના સંગ્રામનો સાર આપતાં સંતબાલજી કહે છે :

આત્માને પરમાત્માને, સાધે ન જ્યાં લગી ક્રમે;
ખેંચાતો ત્યાં લગી જીવ, દેહેંદ્રિયાદિના સુખે.
માટે જ ઈશ્વરી નિષ્ઠા, ને પ્રત્યક્ષ ગુરુકૃપા;

ચાલજો સાધી સંગાથે, ભવ–સંગ્રામ જીતવા. (પા. ૨૧૪)

ભવસંગ્રામ જીતવો બહુ મુશ્કેલ છે. કામાદિ દોષોથી નારદ જેવા પણ ચળી ગયા હતા, તે દૃષ્ટાંત આપી સંતબાલ ફરી ચેતવે છે :

શિવ નારદના જેવા, મહેશ્વરોય કામથી;
ન ચેતતાં પડ્યા હેઠા, ચેતી પાછા ફરી ચઢ્યા.
માટે ચેતી સદા ચાલી, સત્યાર્થી પ્રભુનિષ્ઠ જે;
પ્રભુ–ગુરુ–કૃપા પામે, નક્કી ભવાંત તે કરે. (પા. ૨૧૭)

દાનવોમાં દુષ્ટતા હતી એટલે ગુરુકૃપા પામવા છતાંય પ્રભુકૃપા ન પામ્યા. દેવોમાં સૌજન્ય હતું એટલે બીજી નબળાઈઓ હોવા છતાં પ્રભુકૃપા પામ્યા; કેમ કે

પ્રભુ-કૃપા નો'ય, દુષ્ટતા હોય ત્યાં લગી
સૌજન્યે તે મળે બન્ને, બાહ્યાંતર સુખો વળી. (પા. ૨૧૭)

આમ દેવ-દાનવ વંશનું વર્ણન કરી ફરી ભાગવતકાર માનવ-વંશ પ્રત્યે આવે છે.

## યુગેયુગે મનુનું અવતરણ

મૂળમાં ભગવત્તત્ત્વ રાખી મર્ત્ય સમાજને
ધર્માર્થે સ્થાપવા માટે મનુ જન્મે યુગેયુગે
દેશકાળ નિહાળીને પ્રજા ને ધર્મ બેયનું
મનુપુત્રો તથા દેવો રક્ષણ કરતા ઘણું (પા.૨૧૯-૨૨૦)

આદ્ય મનુ અને મન્વંતરની કથામાં આપણે જોયું કે મનુ શતરૂપાનાં સંતાનોની સૃષ્ટિમાંથી ભગવાન કપિલે આત્મધર્મ સમજાવી યજન-પૂજનનું સાધન આપ્યું. ધ્રુવે નીતિના, સતીએ ન્યાયના, પ્રિયવ્રતે પરોપકારના સંસ્કાર દૃઢ કરી ધર્મમાત્રના સાર રૂપ પ્રભુભજન, નીતિપાલન અને પરોપકારનાં ઊંડાં મૂળ નાખ્યાં. એ જ રીતે વ્યક્તિ સમાજ અને સમષ્ટિનું વ્યવસ્થિત નિર્માણ કરવા પૃથુએ પ્રજાપાલન, અત્રિઅનસૂયા અને દત્તાત્રેયનું ગુણદર્શી જગવાત્સલ્ય, ભગવાન ઋષભદેવ ભરતાદિની શ્રેયાનુબંધી અધ્યાત્મ-સાધના અને પ્રભુ નામના રસાયણ સાથે વર્ણાશ્રમ-ધર્મની વ્યવસ્થા સમજાવી. પ્રથમ મન્વંતરે મનુષ્યના જીવનવિકાસના મૌલિક સત્યનું બીજારોપણ કર્યું છે.

ભાગવતકારે એ પછી મનુષ્યજીવનમાં રહેલા અશુભના ગજગ્રાહનું આલેખન કર્યું. એ જ ગજગ્રાહ દેવદાનવ રૂપે સમાજમાં કેવી રીતે કામ કરી રહ્યો છે તેનું પ્રહ્લાદ, બલિ, વૃત્ર જેવા દાનવો અને દેવોની પ્રભુનિષ્ઠા બતાવી, શુભા-શુભથી પર તેવી સર્વાંગી આત્મશુદ્ધિ પ્રત્યે લક્ષ્ય દોરી, ભાગવતકાર ફરી વર્તમાન મન્વંતરે માનવીય ગુણવિકાસનું કાર્ય કર્યું તેનો ઇતિહાસ સંભળાવે છે. તેમાં વર્ણ તથા જાતિવ્યવસ્થાનું મૂળ ગુણકર્મ છે, જન્મ નહીં તે સમજાવતાં કહે છે :

## વૈવસ્ત મનુનો વંશવેલો

પ્રથમ વૈવસ્ત મનુ નિઃસંતાન હતા, તેથી વસિષ્ઠ ઋષિ પાસે વરુણ યજ્ઞ કરાવ્યો હતો. તે વખતે શ્રદ્ધાએ પુત્રોની માગણી કરી, તેથી ઈલા નામની કન્યા પ્રાપ્ત થઈ. વસિષ્ઠ ઋષિએ એ કન્યાને જ પુત્ર બનાવી તેનું સુદ્યુમ્નકુમાર નામ આપ્યું. તે શંકરના શાપિત પ્રદેશમાં મૃગયા કરવા જતાં ફરી નારી બની ગયો. વસિષ્ઠ ઋષિની પ્રાર્થનાથી તે એક અધિકમાસથી બીજા અધિકમાસ સુધી એક વખત નર રૂપે અને બીજી વખત નારી રૂપે રહેતો. જ્યારે તે નારી રૂપે હતો ત્યારે ચંદ્રકુમાર બુધના સંયોગે એને પુરૂરવા નામે પુત્ર થયો. તે વંશ ચંદ્રવંશ, ઐલવંશ, અથવા પુરુવંશ તરીકે પ્રખ્યાત થયો.

## મનુમાંથી જ ત્રિવર્ણી સમાજ

મનુના પુત્ર કરુષના વંશે ક્ષત્રિયો થયા. ધૃષ્ટથી ધાર્સ્ટ નામના બ્રાહ્મણ થયા. દિષ્ટના પુત્ર નાભાગથી વૈશ્ય થયા. કાનીન મહર્ષિ બની અગ્નિવેશ્યાનન ગોત્ર ચલાવી ગયા. દ્વિજથી ક્ષત્રિયો અને ક્ષત્રિયો પાછા જાતુકર્ણ્યની જેમ બ્રાહ્મણ ને ઋષિ પણ બની જતા. આમ આરંભમાં જ મનુએ એવો સંસ્કાર પાડ્યો કે જાતિ કે વર્ણ એ તો ગુણકર્મ-આશ્રિત છે. જન્મથી સ્ત્રી, પુરુષ કે વર્ણાવર્ણના ભેદ નથી, કેવળ ગુણકર્મથી છે. આથી જ આરંભની વંશાવલીમાં સંતબાલ સાર કાઢે છે :

> નારી બને નરો તેમ, સ્ત્રીઓ બને પુરુષ જો;
> તો માનવું પડે વિશ્વે, સાપેક્ષ દેહ બેઉનો.
> દ્વિજથી ક્ષત્રિયો થયા, ને ક્ષત્રિયો બને દ્વિજો;
> વૈશ્યો પણ થતા એમ મૂળે પ્રતાપ કર્મનો. (પા. ૨૩૧)

## ભારતીય સંસ્કૃતિનો અર્ક

> કુલાર્થે વ્યક્તિનો ત્યાગ, ગ્રામાર્થે કુલ જીવન;
> રાષ્ટ્રાર્થે ગામનો ત્યાગ, આત્માર્થે ત્યાગ સર્વનો.

ભારતીય સંસ્કૃતિનો પાયો ત્યાગ છે. વ્યક્તિ કુટુંબમાં પોતાનું વ્યક્તિત્વ ઓગાળી નાખે; કુટુંબ ગામના હિતમાં પોતાનું હિત સમજી ગામ અર્થે જ જીવન જીવે; ગામ પોતાના બધા સ્વાર્થ જતા કરી રાષ્ટ્રનું સાચું ને પાકું એકમ બની રહે અને રાષ્ટ્ર વિશ્વનાં ઐક્ય ને શાંતિનું, સંતુલન જાળવતાં અધ્યાત્મ અર્થે પોતા સર્વ-સ્વ હોમવા તત્પર રહે એવી ભારતીય સંસ્કૃતિની પરંપરાનો આરંભ કર્યો સતી સુકન્યાએ.

## સુકન્યાનું સમર્પણ

મનુપુત્ર શર્યાતિ પોતાની પુત્રી સુકન્યા સાથે ચ્યવન ઋષિના આશ્રમમાં ગયા. ત્યાં એક રાફડામાં આગિયા જેવો તગતગાટ જોઈ સુકન્યાએ કુતૂહલથી તેમાં બાવળની શૂળ ઘોંચી. તેથી તેમાંથી લોહી-ની ધાર નીકળી પડી. રાફડો તો ચ્યવન ઋષિ પર જામી ગયો હતો. અવિનયને કુતૂહલથી સુકન્યાએ ઋષિની આંખો વીંધી નાખી. ઋષિને ક્રોધ ચડ્યો, પણ રાજવીએ ક્ષમા માગી પોતાની પુત્રી તેમની સેવામાં અર્પણ કરી. કુટુંબના હિતાર્થે સુકન્યાએ તનમન ઋષિને અર્પણ કર્યાં. સમર્પિત થઈને તે ઋષિની સેવા કરવા તત્પર થઈ. તેના સમર્પણથી ઋષિને સંતોષ થયો ને તેને ક્ષમા આપી; કેમ કે

ઘણા અવિનયો સાથે સંતોને જે અભક્તિએ;<br>
દૂભવે ત્યાં મળે માફી, ફક્ત પૂરા સમર્પણે. (પા. ૨૩૪)

સુકન્યાએ એકધારી પતિસેવાથી અશ્વિનીકુમારોની કૃપા જીતી લીધી. અશ્વિનીકુમારે પોતા સાથે ચ્યવન ઋષિને સિદ્ધકુંડમાં સ્નાન કરાવ્યું ત્યાં તો ઋષિને આંખો અને યૌવન પ્રાપ્ત થયું. આમ પતિ-ભાવે સમર્પણપૂર્વકની તન્મયતાથી સુકન્યાએ પોતાનાં કામ-ક્રોધાદિ અને ઋષિનાં કામ-ક્રોધાદિનું શમન કર્યું, અહંનો લય કર્યો. ખુદ ચ્યવન ઋષિએ શર્યાતિ રાજાને કહ્યું: 'તમારી પુત્રીના ત્યાગ–તપથી

હું મુનિમાંથી મહામુનિ બન્યો છું. તે નારાયણીનાં સેવા અને સમર્પણની મહાસાધના પાસે મારું તપસ્વીપણું અને મુનિપણું વામણું બની ગયું છે; કેમ કે

ત્યાગે તપે થતો પૂર્ણ, મુનિ પછી મહામુનિ;
થવા નિસર્ગ સંયોગો, સર્જે સ્વયં કૃપા કરી. (પા. ૨૩૪)

## નાભાગની બ્રહ્મનિષ્ઠા

મનુપુત્ર નભાગનો સૌથી નાનો દીકરો નાભાગ ગુરુકુળમાં અભ્યાસ કરતો હતો ત્યારે જ તેના ભાઈઓએ પૈતૃક સંપત્તિ વહેંચી લઈ તેના માટે કાંઈ જ ન રાખ્યું. નાભાગે પિતાને વાત કરી. પિતાએ કહ્યું : 'આંગિરસ બ્રાહ્મણો યજ્ઞ કરે છે. તું જો વૈશ્વદેવ સંબંધી સમાધાન તેમને આપશે તો તેઓ યજ્ઞધન તને આપી દેશે.' અને ખરેખર તેમ જ બન્યું પણ. જેવો તે ધન લેવા જાય છે તેવે જ એક કાળા રંગના માનવીએ કહ્યું : 'આ ધન મારું છે. તે માટે તારા પિતા જે નિર્ણય આપે તે મને માન્ય છે.' નિષ્પક્ષપાતપણે ન્યાય દેવામાં સત્યનું પાલન થાય તો જ રાજ્યનીતિમાં સત્યનું સ્થાપન થાય. તે ન્યાયે નભાગે યજ્ઞનો ભાગ રુદ્રનો છે તેમ સ્વીકારી રુદ્ર દેવની તરફેણમાં ન્યાય આપ્યો. નાભાગે રુદ્રદેવને પ્રણામ કરી તેમની ક્ષમા માગી, તે ધન તેમને અર્પણ કર્યું. તેણે દારિદ્રય મળે તોય તેને વધાવી લીધું. તેની બ્રહ્મનિષ્ઠાથી પ્રસન્ન થઈ રુદ્રદેવે બધું ધન તેને અર્પણ કરી દીધું. આમ નાભાગે ન્યાયનીતિ સભર સત્યનું સ્થાપન કર્યું. તેનો સાર આપતાં સંતબાલ કવે છે :

ન્યાય નીતિ અને સત્ય, સાચવશે જે સ્વભાવથી;
પામે દારિદ્રય તોયે તે, પામશે સુખ કાયમી. (પા. ૨૩૯)

## અંબરીષની પ્રભુભક્તિ

નાભાગના પુત્ર અંબરીષે પિતાના જ્ઞાનવારસાને પચાવી પોતાનાં

બધાં કર્મો યજ્ઞ પુરુષ ભગવાનના સર્વાત્મ સ્વરૂપને સમર્પિત કરી દીધાં હતાં, તેનાં સર્વ અંગો ને પ્રાણ પ્રભુસેવામાં પ્રભુમય બની ગયાં હતાં. તે પ્રભુ અર્થે જ જીવતો હતો, એથી ભગવાન સદા તેની રક્ષા કરતા હતા; કેમકે

પ્રભુ પોતે સ્વ ભક્તોને, પોતાનાથીયે વધુ ગણે;
ભક્તિને કારણે જ્ઞાન, કર્મથીયે મહાન છે. (પા. ૨૪૧)

## સૌભરિની પરમાત્મ પ્રીતિ

આમ સમર્પણ, બ્રહ્મનિષ્ઠા અને ભક્તિની એકરૂપ ત્રિપુટીનું નિરૂપણ કરી તે દ્વારા શુદ્ધ ચેતના સાથે સમરસ થવાનું ઉદાહરણ આપતાં ભાગવતકાર કહે છે કે સૌભરિ ઋષિને પૃથ્વીપતિ માધાતા એ પોતાની પચાસ કન્યા આપેલી. તે પચાસ કન્યાઓ સૌભરિને સમર્પિત થઈ તેમનામાં લીન થઈ સૌભરિમય બની. સૌભરિએ પણ પચાસેય પત્નીઓ સાથે વનમા રહી વાસનાશુદ્ધિ ને પ્રભુભક્તિથી શુદ્ધ ચૈતન્ય સાથે એકત્વ સાધી લીધું અને અહંના ક્ષય દ્વારા આત્મ ઐક્યનો જે માર્ગ તેમના પવિત્ર દાંપત્યે વિશ્વ પાસે રજૂ કર્યો તેનો મર્મ રજૂ કરતાં સંતબાલ કવે છે:

વ્યક્તિ અને સમષ્ટિ એ, ભલે હોયે જુદાં છતાં;
ઊંડે ઊંડેય બન્નેમાં, છે એક શુદ્ધ ચેતના. (પા. ૨૪૪)

આ શુદ્ધ ચેતના સાથે જેણે સંવાદ સાધ્યો તે પરમાર્થ-સત્ય અને વ્યવહાર સત્યનો તાળો મેળવીને સત્યમય જીવન જીવી જાય છે. એનું હરિશ્ચંદ્ર ઉદાહરણ છે.

## હરિશ્ચંદ્રનું સત્યપાલન

રાજા હરિશ્ચંદ્ર સત્યને જ પ્રભુ માનતા; પરમાર્થ-સત્યનો વ્યવહારમાં તાળો મેળવતા. વચનનું પાલન એ વ્યવહાર-સત્ય છે તેમ

માનીને વિશ્વામિત્રને આપેલા વચનના પાલન માટે પોતાની પટરાણી તારામતી અને પુત્ર રોહિતનો ત્યાગ કર્યો હતો. રાણી અને પુત્રે રાજાના વચનપાલન માટે પોતાની જાત વેચીને દાસ-દાસી બનીને પણ સાથ આપ્યો. અંતે એ સત્ય શોભા પામ્યું. વિશ્વામિત્ર પ્રસન્ન થયા ને હરિશ્ચંદ્ર ઉદાહરણરૂપ બન્યા; કેમ કે એમણે પરમ સત્ય ને વ્યવહારુ સત્યનો તાળો મેળવી આપ્યો હતો.

નિરપેક્ષ પરં સત્ય, સાપેક્ષ કૃતિમાં બને;
તાળો બન્નેય સત્યનો સૌના સાથ થકી મળે. (પા. ૨૪૬)

## અવિરત તપ દ્વારા ગંગા-અવતરણ

થતા જે પ્રભુપાદોથી, સંતો ત્રિગુણાતીત;
તે જ પાદોથી જન્મેલાં, તેથી ગંગાજી પુનિત.
પાપો હરાય ગંગાથી, સામાન્ય નરનાં પણ;
ઋજુતા નમ્રતા શુદ્ધ, ભાવે સ્પર્શ્યે સુપાવન. (પા. ૨૪૯)

હરિશ્ચંદ્રના વંશમાં સગર થયો. સગરના સાઠ હજાર પુત્રોએ કપિલમુનિ પર ખોટો આક્ષેપ મૂકયો. તેના પરિણામે તે બળીને ખાખ થઈ ગયા. સગરપૌત્ર અંશુમાને કપિલને પ્રસન્ન કરી યજ્ઞપશુને પ્રાપ્ત કરી અશ્વમેધ પૂરો કર્યો. ઉપરાંત ગંગાજીનું અવતરણ થાય તો તેના સ્પર્શ દ્વારા તેના કાકા સગરપુત્રોનો પણ ઉદ્ધાર થશે એવી મુનિ-પ્રેરણાથી અંશુમાને, તેના પુત્ર દિલીપે અને પૌત્ર ભગીરથે ત્રણ પેઢી અવિરત તપશ્ચર્યા કરી. ગંગાજીને અવનિમાં વહેતાં કર્યાં અને સગર-પુત્રોનો ઉદ્ધાર કર્યો. ત્રણ ત્રણ પેઢી સુધી અન્યના ઉદ્ધાર માટે ખાખ જેવા પ્રાણહીન થયેલાને પાવન કરાવવા જે પારમાર્થિક તપ થાય તે તપશ્ચર્યા રૂપે વહેતી ગંગા જ જીવનને શુદ્ધ કરે છે, પાપને હરે છે. પરમાર્થ તપનું પ્રત્યક્ષ પ્રતીક પ્રભુના પદકમળમાંથી પ્રગટતું હોવાથી શુદ્ધ ભાવે નમ્રતાથી પ્રભુના ચરણનું શરણ લેનાર તેને પ્રાપ્ત કરે છે.

## ભગીરથી વંશનો પાવનો પુરુષાર્થ

ભગીરથી વંશમાં ઋતુપર્ણ; તેના પૌત્ર સોદાસના વંશમાં ચક્રવર્તી ખટ્વાંગ થયેલા. ચક્રવર્તી છતાં સર્વભોગોપભોગમાંથી મનને નિવૃત્ત કરી ભગવાનમાં જોડી ભક્તિથી તે પ્રભુપદ પામી ગયા.

ન જેનું મન પ્રાણો કે, ઇંદ્રિયોને વશે થયું;
શુદ્ધાત્માનાં રહી તેનું, મન પ્રભુ મહીં ભળ્યું. (પા. ૨૫૧)

આવા ખટ્વાંગના પુત્ર દીર્ઘબાહુના યશસ્વી પુત્ર રઘુ થયા. ભક્તિ, ગોપાલન અને સત્યપાલન એ આ વંશની ટેક હતી. એ રઘુના અજ થયા અને અજના પુત્ર દશરથ થયા.

### ભગવાન રામચંદ્રનું યુગકાર્ય

સુગૃહસ્થી બની રામે, ન્યાય ને નીતિ સ્થાપિયાં;
રામાયણ જગે તેથી, પામ્યું આદર્શ ગ્રંથતા. (પા. ૨૬૩)
આમૂલાગ્ર જગત્ શુદ્ધિ, કાજે શસ્ત્ર પ્રયોગ જો;
જાતે પ્રભુ કરે તોયે, જગત્ શુદ્ધિ થતી ન તો.
એવી શીખ દઈ વિશ્વે, સિધાવ્યા યુગ વીર એ;
તેથી બન્યા મહાત્મા ને, જગમાં વિશ્વવંદ્ય તે. (પા. ૨૫૩)

મહારાજા દશરથને ચાર પુત્રો થયા–રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન. શ્રીરામે લક્ષ્મણને સાથમા રાખી વિશ્વામિત્રનો યજ્ઞ તારાજ કરવા મથતા તમામ રાક્ષસોને પરાસ્ત કરી નાખ્યા. અહલ્યાનો ઉદ્ધાર કરી, શિવધનુષ તોડી, સીતાજીને પોતાનાં કરી લીધાં. પરશુરામજીના ભલા માટે તેમના ગર્વના ચૂરા કરી, પ્રેમમાર્ગે વાળ્યા. પિતાશ્રી દશરથ મહારાજના વચનની રક્ષા માટે રાજપાટ છોડ્યું અને વનમાં ફરતા રહ્યા. વનમાં શૂર્પણખાની અઘટિત માગણીથી અકળાઈ લક્ષ્મણે તેનાં નાક, કાન કાપી તેને કુરૂપ બનાવી. ખરદૂષણાદિ રાક્ષસોને પરાજિત કરી, રામ લક્ષ્મણે વનભૂમિને અને ઋષિ મુનિઓને નિર્ભય બનાવ્યાં.

રામની ગેરહાજરીમાં ભરતે ઝૂંપડીમાં રહી ગાદી પર રામની પાદુકા મૂકી **ટ્રસ્ટી** તરીકે રામરાજ્યનુ સંચાલન કર્યું. તેથી સંતબાલ કવે છે :

રાજતંત્ર અયોધ્યાનું, રહી ભરત ઝૂંપડે;
ચલાવે ને બીજી બાજુ, લક્ષ્મણ વસે વને.
નજીકમાં રહી એક, બંધુ રામ ઉપાસતો;
દૂર રહી બીજો બંધુ, રામ-કર્તવ્ય સાધતો. (પા. ૨૫૬)

શૂર્પણખાનું વેર વાળવા નિમિત્તે રાવણે સીતાનું હરણ કર્યું. રામે વિષ્ટિ કરી સીતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો પણ ગર્વિષ્ઠ રાવણ ન માન્યો. તેના ગર્વના હરણ માટે રામે યુદ્ધ ખેલ્યું, જેમાં તેનો વધ કરી તેને ધૂળ ચાટતો કર્યો ને રાવણરાજ્યનો વિનાશ કરી વિભીષણને રાજ્યધુરા સોંપી. ચૌદ વર્ષ પૂરાં થયાં હતાં એટલે પુષ્પક વિમાનમાં અયોધ્યા પહોંચ્યા. રામ-ભરત મિલન થયું. અયોધ્યાનગરી આનંદથી ઊભરાવા લાગી અને ગુરુજનોએ રામજીનો વિધિસર રાજ્યાભિષેક કર્યો.

કરે કુટુંબનાં કૃત્યો, નિર્લેપી રહી પ્રભુ;
ફર્જ અદા કરે તેમ, નિર્મોહી માનવો સહુ.
આખાય જગતને રામ, શાંતિસંદેશ ખાસ દે;
તેને જ રામના ભક્તો, આચરી અચરાવશે. (પા. ૨૫૮)

શ્રીરામે સમસ્ત પ્રજાને સાથે રાખી કશા જ નાત-જાત કે રંગ વગેરેના ભેદભાવ રાખ્યા વિના પ્રજાકલ્યાણ કરવા માંડ્યું. સમસ્ત પ્રાણીઓને સુખ દેવાવાળા શ્રીરામના રાજ્યકાળમાં કાયાથી કે વચથી નહિ બલકે મનથી પણ નાના-મોટા જીવમાત્રને પોતાથી જરા પણ કષ્ટ થવા નથી દેતા. તેથી રોગ, ચિંતા, શોક, ભય, દુ:ખનું નામ રહ્યું ન હતું. એકપત્ની-વ્રતધારી રામનું જીવન રાજર્ષિઓ જેવું કર્તવ્યપાલન, નિષ્પક્ષપાત, સત્યપાલન, સમતા અને સંયમથી આદર્શ ગૃહસ્થાશ્રમના ઉદાહરણરૂપ હતું અને સીતાજીએ પ્રેમથી, સેવાથી, શીલથી, વિનયથી,

પોતાની બુદ્ધિ અને લજ્જા આદિ ગુણોથી રામચંદ્રનું ચિત્ત ચોરી લીધું હતું જાણે શરીરો બે પણ દિલ તો એક જ હતું.

સત્ય ન્યાય વિશે નિષ્ઠ, આખો મર્ત્ય સમાજ આ;
ત્યાગથી જ રહે માટે, ત્યાગી શ્રેષ્ઠ પ્રભુથીયે.
નિત્યે વિશ્વે વખાણ્યો છે, સંયમપ્રિય સેવક;
સંસ્થાગત રહી નિત્યે, ત્યાગે જાગૃતિ રાખતો. (પા. ૨૬૦)

શ્રીરામે આખું ભૂમંડળ આચાર્ય તથા સંયમી બ્રાહ્મણોને દાનમાં આપી દીધું અને રામસીતા બંનેએ શરીર પરનાં વસ્ત્ર અને મંગલ અલંકારો જ રાખ્યાં. તેઓ બધાએ પ્રસન્ન થઈને રામને આખી પૃથ્વી પાછી સોંપી. રામે પિતૃભાવપૂર્વક રહી પ્રજાકલ્યાણ કર્યું. પ્રજામાં શીલ ને ત્યાગની નિષ્ઠા પૂરી રહે એટલે થોડાંક દંપતીની વાતને કાને ધરી એમણે સીતાનો ત્યાગ કરી રાજા તરીકેનો ધર્મ બરાબર પાળ્યો, વાલ્મીકિ આશ્રમમાં સીતાપુત્ર લવ-કુશે બધી વિદ્યા શીખી, શ્રીરામનાં લશ્કરો હરાવ્યાં. શ્રીરામ-લક્ષ્મણ પણ આ બાળકોના પરાક્રમથી આશ્ચર્ય પામ્યા અને વિચારવા લાગ્યા કે શસ્ત્રપ્રયોગથી કાર્ય પૂરું થતું નથી તો શું કરવું? જે કાર્ય શસ્ત્રથી ન પત્યું તે શ્રીરામના હૃદયમાં પ્રગટેલ વાત્સલ્યથી પત્યું. તે બંને પુત્રોને સોંપી સીતા શ્રીરામનું ધ્યાન ધરતાં ધરતાં પૃથ્વીમાં સમાઈ ગયાં. સતીજીના વિરહ પછી પોતાનું અવતારી કાર્ય પૂરું થયું માની શ્રીરામ પણ પરલોક પ્રયાણ કરી ગયા. એમણે માનવસમાજ ઉપરાંત રીંછ અને પશુ જેવા વાનર માનવોનો પણ ઉદ્ધાર કરી પ્રતિષ્ઠા આપી. એમનો નિર્મળ યશ પાપોનો નાશ કરે છે માટે ઋષિ-મહર્ષિ ને મુનિઓ રામનું શરણ ગ્રહણ કરી એમના જ નામનું સ્મરણ કરે છે.

## ઇશ્વાકુ વંશનાં નર-રત્નો

છે દેહાદિ વિનાશી ત્યાં, માત્ર આત્મા સનાતન;
પાંપણમાં રહી નિમિ, એ યાદી દે ચિરંતન. (પા. ૨૬૩)

ઇક્ષ્વાકુવંશનાં નરરત્નોમાં નિમિરાજા થયા, જેણે દેહમાત્રને બંધન ગણી દેહાધ્યાસ છોડી દીધો હતો અને દેહ પણ છોડવા ઇચ્છતા હતા. તેમને સજીવન કરી રાજ્ય કરે તેમ લોકો દેવોને પ્રાર્થતા હતા. છેવટે દેવોએ પ્રાણીમાત્રની આંખોમાં ઇચ્છાનુસાર નિવાસ કરી પ્રભુચિંતન કરતા રહે તેવી વ્યવસ્થા ગોઠવી. તેમના શરીરનું મંથન કરી વૈદેહ એટલે જનક રાજાને પ્રગટ કર્યા. તે વંશના બધા રાજા દેહી છતાં વિદેહી કહેવાયા. તેઓ નિરાસક્ત, બ્રહ્મજ્ઞ, અને શાસ્ત્ર તથા પ્રજાનું પાલન કરનાર હતા તેથી યાજ્ઞવલ્કય આદિ ઋષિજનો અને બ્રહ્મજ્ઞાની ગુરુજનોની સદા તેમના પર કૃપા રહી હતી. સીતાજી એ જ વિદેહવંશી જનકરાજાનાં પુત્રી હોવાથી તે વૈદેહી પણ કહેવાય છે.

આમ સૂર્યવંશનાં મનુ, શર્યાતિ, સુકન્યા, ઇક્ષ્વાકુ, માધાંતા, દિલીપ, હરિશ્ચંદ્ર, રઘુ, અજ અને શ્રીરામ તથા નિમિ અને જનક વિદેહી જેવાં નરરત્નોનો સંક્ષેપે ખ્યાન આપી ભાગવતકાર ચંદ્રવંશનું વર્ણન કરી સૂર્યવંશના અવતારી ભગવાન રામની જેમ જ ચંદ્રવંશના પૂર્ણાવતારી કૃષ્ણચંદ્રના યદુવંશને વર્ણવી નવમો સ્કંધ પૂરો કરે છે.

## ચંદ્રવંશના પરાક્રમી પુરુષો

સૂર્યવંશનાં પ્રતાપી, પવિત્ર અને વચનપાલક નરરત્નો અને ભગવાન રામ જેવા યુગાવતારીનો ઇતિહાસ કહી હવે શુકદેવજી ચંદ્રવંશનો ઇતિહાસ કહે છે. વિરાટપુરુષ એવા નારાયણના નાભિ-કમળમાંથી બ્રહ્માજીની ઉત્પત્તિ થઈ. બ્રહ્માજીના પુત્ર અત્રિ મહર્ષિજીની આંખોમાંથી અમૃતમય ચંદ્રમા જન્મ્યા. ચંદ્રે બૃહસ્પતિની પત્ની તારાનું અપહરણ કર્યું. તેને ઠપકો દેવાને બદલે શુક્રાચાર્યે ચંદ્રનો પક્ષ લીધો તેથી અસુરો પણ ચંદ્રના પક્ષમાં આવ્યા. મહાદેવજી અને ઇંદ્રે બૃહસ્પતિનો પક્ષ લીધો. તેથી દેવ-અસુર સંગ્રામ તીવ્ર બન્યો. અંગિરાજીએ બ્રહ્માને સંગ્રામ બંધ કરાવવા વિનંતી કરી. બ્રહ્માજીએ

ચંદ્રને ઠપકો આપ્યો અને તારા બૃહસ્પતિને પાછી આપી. તારાને ચંદ્રથી બુધ નામનો પુત્ર થયો. તે બુધ સાથે મનુપુત્રી ઇલાનાં લગ્ન થયાં.

## નરનારી ઐકય માટે ઇલાવતાર

વાસનાક્ષય હેતુએ, ત્યાગદિશા ગ્રહી જતા જે;
પુરુષો તે થઈ મોટા, જતા જ મોક્ષની ભણી.
વિશ્વવાત્સલ્ય સંવેદી, વાંછે નારી-શરીરને;
તથા નર અને નારી, ઐકચ-પ્રયોગ તે કરે. (પા. ૨૬૬)

મનુના પુત્ર ઇલાને કુદરતી રીતે નર–નારી શરીર વારાફરતી ભોગવી વેદોદય-કર્મ ખપાવી વહેલાં મોક્ષ ભણી જવાનો યોગ બન્યો. નારી-શરીરે સંપૂર્ણ વાત્સલ્યનો અને નર–શરીરે સંપૂર્ણ પુરુષત્વનો પ્રયોગ કરી નર-નારી ઐકચની પાવની કથાનું ઇલા ઉદાહરણ છે. ઇલાને ચંદ્રપુત્ર બુધથી પુરૂરવા નામનો મહાપરાક્રમી અને સૌન્દર્યવાન પુત્ર થયો. તેનાં રૂપગુણથી આકર્ષાઈ ઉર્વશી તેની સાથે પ્રણયથી જોડાઈ. તેનાથી તેને આયુ, શ્રતાયુ, સત્યાયુ, રય, વિજય અને જય નામે છ પુત્રો થયા, વિજયનો ભીમ, ભીમનો પૌત્ર જહ્નુ ગંગાજીને ખોબામાં પી ગયો હતો. જહ્નુનો પુત્ર પુરુ હતો. પુરુની પાંચમી પેઢીએ ગાધિ થયા.

## પરશુરામનું અવતારીકાર્ય ન્યાય–સંસ્થાપન

ગાધિની પુત્રીનું નામ સત્યવતી હતું. સત્યવતીનું ઋચીક ઋષિ સાથે લગ્ન થયું હતું. એક વખત ઋષિપત્ની અને તેની માતાએ દરેકે પોતાને માટે ઋચિક ઋષિ પાસે પુત્રની માગણી કરી. તેથી અલગ અલગ મંત્રથી ઋષિએ બંને માટે ચરુ પકવ્યા પછી સ્નાન કરવા ગયા અને પાછળથી પુત્રી માટેનો ચરુ માતાએ અને માતા માટેનો ચરુ પુત્રીએ આરોગતાં માતાના પેટે વિશ્વામિત્ર અને દીકરીના પેટે

**જમદગ્નિ** થયા. જમદગ્નિપુત્ર પરશુરામ ન્યાયની સ્થાપના માટે સત્તાંધ અને ક્રૂર હૈહય વંશનો અંત લાવવા એકવીસ વાર પૃથ્વી નક્ષત્રી કરી. અંતે શ્રીરામચંદ્ર સાથે યુદ્ધ કરવા તૈયાર થયા ત્યારે રામના વિનયે, નમ્રતાએ, શૌર્યે અને પ્રેમે તેમને જીતી લીધા. પરિણામે સમાજને રોજી, રોટી અને ન્યાય મળ્યા કરે તેવી ધર્મવ્યવસ્થા માટે એકાગ્ર થયા; કેમ કે

અંતે નક્કી થયું એ કે, અહિંસા શ્રેષ્ઠ ધર્મ છે;
સત્ય જ છે અહિંસાનો, આત્મા અમૂલ્ય આ જગે. (પા.૨૬૯)
રોજી રોટી તથા ન્યાય, પામે મર્ત્ય પૂરેપૂરાં;
તો રક્ષાય અહિંસાને, સત્ય બન્નેય સે'જમાં.
દ્રવ્યભાવે અહિંસા જો, વ્યક્તિ સમાજ આચરે,
તો ધાર્મિક બને વિશ્વ, વાતાવરણ આખુંયે. (પા. ૨૭૧)

ન્યાય-સંસ્થાપન માટે પરશુરામે પ્રારંભમાં ઘોર–હિંસાથી ક્ષત્રિય વિનાની પૃથ્વી કરવા પ્રયત્ન કર્યો. રામચંદ્રના મિલન પછી એમણે ધર્મમય વાતાવરણ રચવા પ્રયત્ન કર્યો. ક્ષત્રિય-પુત્રી સાથે લગ્ન કરી બેય વચ્ચે વેરને સ્થાને સુમેળ સાધ્યો અને ધર્મની લગામ સંતો ને દ્વિજોના હાથમાં રહે તેવી વ્યવસ્થા કરી; કેમ કે

લગામ સર્વ ધર્મોની, રહે સંત દ્વિજો કને,
વ્યક્તિ સમાજ સર્વત્ર, અહિંસા-ધર્મ આચરે. (પા. ૨૭૦)

સાથોસાથ પરશુરામે બ્રહ્મક્ષાત્ર સમાજ ઊભો કરી એવું દૃષ્ટાંત રજૂ કર્યું કે

ને જો વેર–વસુલાતે, વૈરાગ્નિ ન શમતો યદિ;
તો સારું વેરનું-લેવા, કોઈ ના મથશો કદી. (પા. ૨૭૫)

## વિશ્વરૂપનો વિશ્વમૈત્રીયજ્ઞ

જન્મે વર્ણ ગમે તે હો, બ્રહ્મતેજ પમાય છે;
માત્ર ગુણે તપે ત્યાગે, માટે સૌ જાય તે પંથે. (પા. ૨૭૮)

મહારાજ ગાધિના પરમ તેજસ્વી પુત્ર વિશ્વામિત્ર થયા. એમણે ઘણું તપ કરીને તપોબળથી બ્રહ્મતેજ પ્રાપ્ત કર્યું. એમણે માનવમાત્ર સાથે ભાવાત્મક એકતા સાધતો વિશ્વમૈત્રીનો આદર્શ આપી સર્વ સાથે એકતાનો સેતુ રચતો વિશ્વમૈત્રી યજ્ઞ કર્યો, જે શ્રીરામચંદ્રે પાર પાડ્યો. હરિશ્ચંદ્ર રાજા નરમેધ યજ્ઞમાં હોમવા શુનઃશેપને લાવેલા. વિશ્વામિત્રે વરુણાદિની સ્તુતિ કરી તેને પાશબંધનમાંથી મુક્ત કર્યો અને નરમેધ યજ્ઞની પ્રથા પણ બંધ કરાવી. એટલું જ નહીં પણ પોતાના સો પુત્રોને તેમણે શુનઃશેપને પોતાના મોટાભાઈ તરીકે સ્વીકારવાની આજ્ઞા કરી. સોમાંથી મોટી વયના પચાસ પુત્રોએ શુનઃશેપને મોટાભાઈ તરીકે સ્વીકારવાની ના કહી. વિશ્વામિત્રે તેમને મ્લેચ્છ ગણ્યા અને મધુચ્છંદાએ પોતાથી નાના ૪૯ ભાઈઓ સાથે મંત્રદ્રષ્ટા શુનઃશેપને સ્વીકાર્યા. તે બધા મધુચ્છંદા નામે મશહૂર થયા. આમ વિશ્વામિત્રે વર્ણ કે વયના ભેદ વિના માનવમાત્રને મિત્ર માની સર્વ સાથે મૈત્રીનો મંત્ર આપી ભારતમાં રહેલા વિધવિધ વર્ણવિચાર અને વ્યવસ્થાવાળાને માળાના મણકાની જેમ એક ભાવનાના સૂત્રે પરોવવાનું મહાકાર્ય શ્રીરામ દ્વારા પાર પાડ્યું.

## નહુષ ને યયાતિનું પતન

પુરૂરવાના એક પુત્રનું નામ આયુ હતું. તેના વંશમાં ગુત્સમદ, ઋગ્વેદિયોમાં શ્રેષ્ઠ શૌનકજી, આયુર્વેદ પ્રવર્તક ધન્વંતરિ અને નહુષ જેવાં નરરત્નો થયાં. નહુષ રાજાએ ઇંદ્રપદ પ્રાપ્ત કરી ઇંદ્રની પત્ની શચીનો સહવાસ કરવા ચેષ્ટા કરી, તેથી બ્રાહ્મણોએ તેને ઇંદ્રપદથી ભ્રષ્ટ કરી અજગર બનાવી દીધો. ત્યારથી રાજ્યપદ પર યયાતિ બેઠો. માટે જ કહ્યું છે

> સત્તા જીરવવી એ તો, ભારે કઠિન કામ છે.
> એવું જ વાસનાનું છે, ના જીતે તે નીચે પડે. (પા. ૨૮૦)

યયાતિએ શુક્રાચાર્યની પુત્રી દેવયાનીને કૂવામાંથી બહાર કાઢી. પરિણામે તેની સાથે લગ્ન થયાં અને તેને કૂવામાં ધકેલી દેનાર રાજા વૃષપર્વાએ પોતાની પુત્રીને તેની દાસી તરીકે તેની સાથે ભૂલના પ્રાયશ્ચિતરૂપે મોકલી. દેવયાનીની ગર્ભાવસ્થા સમયે શર્મિષ્ઠા સાથે યયાતિનો સંબંધ બંધાતાં તે પણ ગર્ભવતી બની. આથી દેવયાની રિસાઈને પિયર ચાલી ગઈ. શુક્રાચાર્યે ગુસ્સામાં આવી જઈ યયાતિને શ્રાપ આપ્યો : 'તું બૂઢો થઈ જા.' રાજાને તુરત જ બુઢાપાએ ઘેરી લીધો. તેને દેવયાનીથી યદુ અને તુર્વસુ નામના બે પુત્રો થયા અને શર્મિષ્ઠાથી દ્રુહ્યુ, અનુ અને પુરૂ થયા.

## પુરુની પિતૃભક્તિ

તેમાં પુરૂએ પોતાનું યૌવન આપી પિતાનો બુઢાપો જાતે જ ભરયુવાનીમાં સ્વીકારી લીધો. તેના ત્યાગથી માતાપિતા ખૂબ જ પ્રસન્ન અને ખૂશી થયાં ને પુરુને શ્રદ્ધા હતી કે

પાત્ર અસત્ય પંથે જો, જાય તો પૂર્ણ અર્પણા;  
ત્યાં ધરવા થકી અંતે, ઠેકાણે આવશે એકદા. (પા. ૨૮૪)

પુરુની શ્રદ્ધા ફળી. યયાતિને સમય જતા વાસના ક્ષીણ થતાં વિચાર આવવા લાગ્યા કે,

અખંડ આનંદનું ધામ આત્મા;  
વિલાય ને ભોગ સદા ભજ્યાથી.  
ને વાસના ક્ષીણ થતાં ફરી, અહા !  
આત્મા છતો થાય જ તે તજ્યાથી. (પા. ૨૮૭)

આમ સમજી એણે પુત્રને જુવાની પાછી આપી તેમજ ભૂમંડળની સત્તા સોંપી. તેના અન્ય ભાઈઓને પણ જુદા જુદા વિસ્તારનાં રાજ્યો સોંપ્યાં. આ પુરુવંશમાં દુષ્યંત, ભરત ચક્રવર્તી અને દાનેશ્વરી રંતિદેવ જેવા મહાપુરુષો થયા.

## દુષ્યંત અને ભરત ચક્રવર્તી

આકર્ષણ અને મોહ, પંથ બે છે સદા જુદા;
વાસનાક્ષયનો એક, વાસનાવૃદ્ધિનો બીજો. (પા. ૨૯૦)

ક્ષત્રિય રાજર્ષિ વિશ્વામિત્રને મેનકાથી જે પુત્રી થઈ તેને કણ્વ મુનિએ આશ્રમમાં ઉછેરી મોટી કરી હતી. તેનાં રૂપ, વિનય અને તેજથી આશ્રમ શોભતો હતો. એ આશ્રમમાં એકવાર રૈભ્ય પુત્ર દુષ્યંત જઈ ચઢયા અને શકુંતલા દુષ્યંત તે બંનેને પરસ્પરનું આકર્ષણ થયું. બંને સંયમી તથા નિયમ વશ રહેનારાં હતાં છતાં આમ બન્યું તેમાં બંનેએ કુદરતનો સંકેત માની ગાંધર્વ વિવાહથી વિધિસર લગ્ન કર્યાં. આશ્રમમાં જ શકુંતલાએ ભરતને જન્મ આપ્યો. શ્રાપને લીધે દુષ્યંત આ પ્રસંગ ભૂલી ગયા હતા. બાળક તો તપોવનમાં નિર્ભયતાથી ઊછર્યો. આશ્રમમાં જઈ ચડેલા રાજાએ સિંહના દાંત ગણતા બાળકને જોઈને આશ્ચર્યથી પૂછ્યુ : 'તું કોણ છે ?' ત્યાં આખી ઘટના ખુલ્લી થાય છે. એવામાં શ્રાપની મુદત પૂરી થાય છે ને દુષ્યંતે સમાદરભર્યા ઉત્સાહથી માતા-પુત્રને અપનાવી ભરતને પાટવીપદ આપ્યું.

જગે ભરતનો જન્મ, થયો દુષ્યવંત રાજથી;
કાર્યો સ્વપર-શ્રેયાર્થે સીઝતાં તપ-ત્યાગથી. (પા. ૨૯૩)

દુષ્યંતના મૃત્યુ પછી ભરતનો રાજાધિરાજ તરીકે અભિષેક થયો. એમણે દીર્ઘતમાને પુરોહિત બનાવી ગંગા તટપર પંચાવન અને યમુનાતટ પર અઠ્ઠોતેર મહાયજ્ઞ કરી અપાર ધનરાશિનું દાન કર્યું તેથી 'પરમ યજ્ઞ'નું બિરુદ પામેલા. એમણે દેવાંગનાઓને અસુરોના કબજામાંથી છોડાવી હતી. ભોગમય ઐશ્વર્ય છતાં ભરત આત્મ-ઐશ્વર્યમાં સદાય રત રહેતા તેથી ભરતને સંસારનાં કોઈ પ્રલોભનો લોભાવી શકતાં નહીં અને ડરને એણે જીતી લીધો હતો. પોતાને સંતાનો હોવા છતાં ભરદ્વાજની યોગ્યતા જોઈ તેમને પોતાના દત્તક તરીકે સ્વીકાર્યા. આમ વંશવારસા કરતાં ગુણના વારસાને પ્રાધાન્ય

આપી ચક્રવર્તી છતાં એમણે ગુણ પ્રમાણે ગાદીની નવી પ્રણાલિકા પાડી સ્વપર-શ્રેયાર્થે શાસન છે તેવું ઉદાહરણ ઊભું કર્યું. એથી જ ભરત ચક્રવર્તીનાં તપત્યાગ વખણાય છે. એમના નામ પરથી આ વિશાળ ખંડનું નામ ભારત પડેલ છે.

## પરોપકારી રંતિદેવ

જો વિશ્વ ભગવદ્રૂપ, જીવ સૌ લઘુ કે ગુરુ;
તો પછી સર્વના શ્રેયે, પોતાનું શ્રેય છે રહ્યું.
રંતિદેવ તણા આવા, વિચારો જગ માનવો;
હૈયે ધરી સદા વર્તે, તો પામે સુખ સૌ જીવો. (પા. ૨૯૫)

ભરતજીના દત્તકપુત્ર ભરદ્વાજના પુત્ર મન્યુને પાંચ પુત્રો હતા. તે પૈકી ચોથા પુત્ર નરના પુત્ર સંસ્કૃતિને ગુરુ અને રંતિદેવ નામે બે પુત્રો હતા. રંતિદેવ નીતિ-ન્યાયથી જે કાંઈ મળે તેની પણ માલિકી રાખ્યા વિના જરૂરિયાતવાળાને પોતે ભૂખ્યા રહીને પણ દાન દેતા હતા. તેમની પરગજુ ભાવનાનો રંગ તેના આખા પરિવારને લાગ્યો હતો. બધાં ભૂખનું દુઃખ જોયા વિના દાન દેવામાં શૂર હતાં. એક વખત અડતાલીસ દિવસ એવા ગયા કે અનાજનો દાણો તો ઠીક પણ પીવાનું પાણી પણ પીવા ન મળ્યું. ઓગણ-પચાસમે દિવસે સંકટ અને ભૂખ પ્યાસના ત્રાસથી આખા પરિવારનાં શરીર ક્ષીણ થઈ કાંપતાં હતાં. તેવામાં ખીર, લાપસી ને પાણી મળ્યાં. જેવો એ પરિવાર ભોજન કરવા તત્પર થયો, તેવામાં બ્રાહ્મણ, શુદ્ર, કૂતરાપાલક અને ચાંડાલ એક પછી એક આવ્યા અને રંતિદેવના પરિવારે પોતાનું ભોજન અને પાણી તેમને આપી દીધાં અને પોતે ભૂખ-તરસની રિબામણી ધીરજથી સહન કરી. તેમનાં આ તપ-ત્યાગથી ખુદ ભગવાન પ્રગટ થયા અને આખા પરિવારને ભગવાન-મય બનાવી દીધો.

## ગાર્ગ્યનો બ્રાહ્મણવંશ

ક્ષત્રિય રક્ત સંબંધો, સ્વર્ગીય અપ્સરા થકી;
નીપજ્યા ઋષિ ગણોથી, તેમ વર્ણ ઉભય. (પા. ૨૯૮)

પ્રાચીન કાળમાં બ્રાહ્મણ, ક્ષત્રિયો, ઋષિઓ, અપ્સરાઓના સંબંધોથી માનવ સમાજના વિકાસ ને વિસ્તાર થતા હતા. તેમાં ઉચ્ચ-નીચના કે નાના-મોટાના ભેદભાવ ન હતા. ક્ષત્રિયમાંથી ગુણ-વિકાસે બ્રાહ્મણ બની શકાતું. ભરતના પૌત્ર મન્યુના પાચમા પુત્ર ગર્ગથી શનિ અને શનિથી ગાર્ગ્યનો જન્મ થયો હતો. ગાર્ગ્ય ક્ષત્રિય છતાં બ્રાહ્મણગુણની પ્રાપ્તિને કારણે એના થકી ગાર્ગ્ય બ્રાહ્મણવંશ ચાલ્યો. તેના પુત્ર મહાવીર્યને પૌત્ર દુરિતક્ષય થયો.

મન્યુના પ્રથમ પુત્ર બૃહત્ક્ષત્રના પુત્ર હસ્તીએ હસ્તિનાપુર વસાવ્યું. તેના પુત્ર દ્વિમીઢના વંશમા સન્નતિમાન હિરણ્યનાભ પાસેથી યોગવિદ્યા શીખી ને પારગત થયા ને 'પ્રાચ્યસામ' નામની ઋચાઓની છ સંહિતા રચી. અજમીઢના વંશમાં ભર્મ્યાશ્વ નામનો રાજવી થયો. તેને પાંચ પુત્રો થયા. તેને લીધે પાચાલ પ્રદેશ નામ પડ્યું તેના મોટા પુત્ર મુદ્ગલના નામ પર બ્રાહ્મણોમાં મૌદ્ગલ્ય ગોત્ર પ્રસિદ્ધ બન્યું છે. મુદ્ગલના પુત્રનું નામ દિવોદાસ અને દીકરીનું નામ અહલ્યા હતું, જે ગૌતમ મહર્ષિને આપ્યાં હતાં અને રામચંદ્રના ચરણસ્પર્શે મહત્તા પામ્યાં હતાં. તેમના પુત્ર શતાનંદ; શતાનંદના પૌત્ર શરદ્વાન અને ઉર્વશીથી કૃપાચાર્ય અને કૃપી જન્મ્યા. કૃપી દ્રોણાચાર્યને પરણાવ્યાં હતાં. આમ આપણે ત્યાં બ્રાહ્મણ, ક્ષત્રિય કુલ ગુણકર્મ પ્રમાણે થતાં અને લગ્નો પણ બ્રાહ્મણો, ક્ષત્રિયો, અપ્સરાઓ પરસ્પરની સમજણથી કરતાં.

## મહાભારતનાં પાત્રો

સજીવન શબો થાય, શ્રી ભગવત્કૃપા વડે;
તો પછી આત્મવત્ હૈયાં, કેમ ના પલટી શકે? (પા. ૨૯૯)

ભાગવતકાર ઇતિહાસનું વર્ણન કરતાં કરતાં શ્રીકૃષ્ણના કાળ સમય સુધી આવી પહોંચ્યા. એમણે દીવોદાસના વંશમા દ્રુપદ અને દ્રુપદનાં દ્રૌપદી અને ધૃષ્ટદ્યુમ્નનું વર્ણન કર્યું. અજમીઢના પુત્ર ઋક્ષ અને ઋક્ષના પુત્ર સંવરણ અને સૂર્યપુત્રી તપતીથી કુરુ, એમ કુરુ વંશનો આરંભ થયો. કુરુને ચાર પુત્રો થયા ૧. ચેદિક તે ચેદિ દેશનો રાજા થયો ૨. બૃહદ્રથનો વંશ લાંબો ચાલ્યો. જરાસંધ તેનો પુત્ર થાય ૩. જહ્નુને પ્રતીપ અને પ્રતીપને દેવાપિ, શંતનુ અને વાહ્નિક નામે પુત્રો થયા ૪. ચોથા પુત્ર પરીક્ષિતને કંઈ સંતાન ન હતું. પ્રતીપ-પુત્ર દેવાપિ રાજ્ય છોડી યોગમાર્ગે વિચર્યા. શંતનુ રાજા થયા. શંતનુ રાજાને ગંગાજીથી નૈષ્ઠિક બ્રહ્મચારી એવા ભીષ્મ જન્મેલા અને માછી-રાજની કન્યા સત્યવતીથી ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય નામના બે પુત્રો થયા. આ જ સત્યવતીથી પારાશર મુનિ દ્વારા દ્વૈપાયન વ્યાસજીનો જન્મ થયો હતો. માતા સત્યવતીના કહેવાથી વ્યાસજીએ પોતાના સંતાનવિહીન મરેલા ભાઈ વિચિત્રવીર્યની પત્નીઓથી ધૃતરાષ્ટ્ર અને પાંડુ નામના બે પુત્રો જન્માવ્યા અને તેમની દાસીથી વિદુરજી થયા. ધૃતરાષ્ટ્રને ગાંધારીથી સો પુત્ર થયા. પાંડુને કુંતીથી ધર્મ, વાયુ ને ઇંદ્ર દ્વારા અનુક્રમે યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન થયા. અને બીજી પત્ની માદ્રીને અશ્વિનીકુમાર દ્વારા સહદેવ ને નકુલ થયા. આ પાંચ પાંડવો દ્વારા દ્રૌપદીને પાંચ પુત્રો થયા. આ સિવાય પાંડવોને પ્રત્યેકને પરિણીત પત્નીથી પુત્ર થયા હતા. અર્જુનને સુભદ્રા નામની પત્નીથી અભિમન્યુ થયા એ અભિમન્યુની પત્ની ઉત્તરાની કૂખે પરીક્ષિત થયા હતા, પણ બ્રહ્માસ્ત્રથી બળી ગયેલા. ભગવાન કૃષ્ણના પ્રભાવથી ભસ્મીભૂત કાયામાંથીએ જીવતા જાગતા નીકળી આવ્યા. આમ કુરુક્ષેત્રની લડાઈમાં પરસ્પરના અસ્ત્રો–શસ્ત્રોના યુદ્ધથી ઘણા વંશો નાશ પામ્યા. ભગવાન શ્રીકૃષ્ણે આથી જ બાલપણમાં જે મધુરાદ્વૈતનો પ્રેમરસ પીધો હતો તેનું ભરયુદ્ધ વચ્ચે અર્જુનને ગીતા દ્વારા પાન કરાવ્યું. અને વિભૂતિ અને વિરાટદર્શન દ્વારા માનવ

માનવ વચ્ચેની એકતાનું દર્શન કરાવતાં શુકજીએ કહ્યું :

દેવો મર્ત્યો પશુ મધ્યે, છે સંબંધો પરસ્પર;
વ્યક્તિચેતના સંગે છે વિશ્વચેતના સ્થિર.
તથા વૈર-વસુલાતે પ્રાણીઓ-રાચશો ન હો';
માફી ક્ષમા અહિંસાથી આપી સન્માર્ગ લ્યો ખરો. (પા. ૩૦૩)

પરીક્ષિત ! તમારાં પુત્રો બધા જ બહુ પરાક્રમી છે. તે પૈકી જન્મેજય તક્ષક નાગના કૃત્યથી ગુસ્સે થઈ સર્પયજ્ઞની આગમાં સર્પોને હોમશે અને જન્મેજય વેર છોડી પ્રેમના માર્ગે પૃથ્વી પર રાજ્ય કરશે. જન્મેજયનો પુત્ર શતાનીક યાજ્ઞવલ્કય ઋષિ પાસેથી ત્રણ વેદ ને કર્મકાંડ કૃપાચાર્ય પાસેથી અસ્ત્રવિદ્યા અને શૌનક પાસેથી આત્મજ્ઞાન મેળવી પરમાત્મપદ પામી જશે. આમ પરીક્ષિતને ભૂત, વર્તમાન અને ભાવિનો ઇતિહાસ કહી જે વંશમાં ભગવાન કૃષ્ણ જન્મ્યા તે વંશના પાવના સ્પર્શથી પુનિત કરી નવમો સ્કંધ પૂરો કરે છે અને સંતબાલજી તેનું સરલ ભાષામાં રસપાન કરાવે છે :

## સંતબાલજીની અધ્યાત્મ-શૈલી

આનુશ્રુતિક ઇતિહાસની પરંપરાગત કડીને કડીને જાળવી રાખી. એકએક પાત્ર અને વંશની ખૂબીનું વર્ણન કરતાં કરતાં સંતબાલજી એક વાત સ્પષ્ટ રીતે કંડારે છે કે ભારતીય સંસ્કૃતિમાં જન્મગત નહીં પણ ગુણકર્મગત વિકાસને જ પ્રતિષ્ઠા છે. ભારતીય સંસ્કૃતિ દેહપ્રધાન નહીં પણ પુરુષાર્થપ્રધાન છે. એટલે સ્ત્રી-પુરુષ, કે વર્ણ-વયના ભેદ વિના પુરુષાર્થને જ પ્રાધાન્ય આપે છે અને પુરુષાર્થમાંયે ત્યાગ, તપ, અને સમર્પણમાં સ્વપરનું શ્રેય રહેલું છે એટલે એ પ્રકારના પ્રસંગોનું આલેખન કરવામાં એમણે ભાગવતના સાર–ભાગનું સુંદર સંકલન કર્યું છે.

સમાજવિજ્ઞાનનો મર્મ સમજાવતાં સમજાવતાં એમણે અધ્યા-

ત્મવિદ્યાના પીયૂષને દોહી દોહીને આપણી સમક્ષ રજૂ કર્યું છે. માણસમાં રહેલી અસુર—ચેતના સામે યુદ્ધ કરી દિવ્ય—ચેતનાની વિજય-પ્રાપ્તિનો માર્ગ બતાવતા રહેવા છતાં એમણે લક્ષ્ય તો સચ્ચિદાનંદ શુદ્ધ—ચેતનાની પ્રાપ્તિ પ્રત્યે જ દોરવ્યા કર્યું છે. એટલું જ નહીં પણ એ પ્રાપ્તિનો માર્ગ પણ સ્વપર-શ્રેયની સામુદાયિક સાધના છે, સમગ્રતાની ઉપાસના છે, સર્વના સુખહિત સાથેનો ધર્માનુબંધ છે—એ પણ એમણે વિશ્વના આરોહણ સાથોસાથ બતાવ્યા કર્યું છે, પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના પૂર્ણાવતારી કાર્યનું રેખાચિત્ર રજૂ કરતાં પહેલાં એમના પહેલાંના અવતારોની વિશિષ્ટતા સમજાવતી ભૂમિકા પહેલા ભાગમાં પૂરેપૂરી સ્પષ્ટ કરી છે. બીજા ભાગમાં ભગવાન કૃષ્ણ-ના અવતારી કાર્યનુ આકલન કર્યું છે.

આ ભાગ તો એ આકલનમાં અધિષ્ઠાનરૂપે રહેલ અધ્યાત્મના પાયાને મજબૂત કરવામાં ઉપયોગી નીવડે તોય ઘણો અર્થ સરશે તેમ માની તેની વિસ્તૃત ચર્ચા કરી છે. ભાગવત ગ્રંથાવતારની પરમ ભક્તિથી જેણે પૂજા કરી છે અને પુષ્ટિ માર્ગના પાવના સ્પર્શથી ભગવત્ સ્વરૂપનું જેણે રસપાન કર્યું છે તેવા કે. કા. શાસ્ત્રીજી જ આ પુસ્તક પર કશું લખવાના અધિકારી પુરુષ છે. આમ છતાં આટલું વિસ્તારથી લખવાની ધૃષ્ટતા મેં એટલા માટે કરી કે લૌકિક જગતની રસદૃષ્ટિએ લખાયેલા કથામૃતોને અધ્યાત્મ દૃષ્ટિમાં એકરસ કરી લૌકિકને પરમાર્થમા પલટી નાખવાનો પારસ પુરુષાર્થ મને સંતબાલના ભાષ્યમાં દેખાયો છે. મૂળ સ્વરૂપને યથાર્થ રાખીને ભાગવત-ભક્તિને પૂરેપૂરી પુષ્ટ કરીને ભાગવતકારના આશયને યથાવત્ જાળવીને એમણે જે આ અદ્‌ભુત મધુસંચય અનુષ્ટુપો અને કાવ્ય દ્વારા સંચિત કર્યો છે તેમાં કૌશલ્ય-સભર ભક્તિ-કળા બતાવી જૈનેતર ગ્રંથ ને જૈન દૃષ્ટિએ જોવાની આંખ આપી તેથી મુગ્ધ થઈને આટલું લાંબુ લખ્યા વિના હું રહી શકતો નથી. જૈન જગત આને સ્યાદ્ દૃષ્ટિએ જાણે—માણે અને સર્વ ધર્મને પોતામાં ખપાવવાની જૈન દર્શનની

ક્ષમતા અને સાગરપેટા વલણુને વિકસાવે તો ભાગવત, રામાયણુ ને મહાભારતની ત્રિપુટી એને વ્યાપક આત્મ–ધર્મની વ્યાસપીઠ પરથી અશુભના નીંદણુ, શુભના પોષણુ, અને શુદ્ધના આરાધનની એટલે કે અનિષ્ટનો ઇન્કાર ઇષ્ટનો સ્વીકાર અને શુદ્ધતા લક્ષે પ્રયાણુ કરતી આત્મસાધનાના મધુર ગુંજારવથી અહર્નિશ પારાયણુ કરવાનો ઉત્તમ અવકાશ અર્પશે. એટલું જ નહીં પણુ બ્રાહ્મણુ અને શ્રમણુ પરંપરાના પુનિત પ્રવાહોને એકરસ અને એકરૂપ બનાવી ધર્મના શાશ્વત સ્વરૂપને પ્રગટ કરવાના સંતોના મનોરથોને પાર પાડવાનું સામર્થ્ય પણુ બક્ષશે, અને સંતબાલજીની સર્વધર્મ ઉપાસનાના સ્વપ્નને સાકાર કરશે. આવું મંગલ દર્શન મને આ પુસ્તકના પાને પાને લાધતાં આના પર આટલું લાંબું લખવાની અનધિકાર ચેષ્ટા કરી હોય તો વાચક મને માફ કરે. વિસ્તારનો દોષ વહોરીને પણુ સંતબાલ પ્રત્યેની અને ભાગવત પ્રત્યેની ભક્તિ મને પરાણે લખવા ધકેલી રહી છે. એટલે એમને વશવર્તીને જે કાંઈંઘેલું લખાયું તે વાચકના કરકમળમાં રજૂ કર્યા વિના રહી શકતો નથી.

—દુલેરાય માટલિયા સંત સાથી

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પાન નં. |
|---|---|---|
| ૧. | મંગલાચરણ | ૧ |
| ૨. | ભગવતી ભક્તિમહિમા | ૩ |
| ૩. | ગોકર્ણ ઉપાખ્યાન | ૭ |
| ૪. | ભાગવત સપ્તાહવિધિ | ૮ |
| ૫. | ફળપ્રાપ્તિ | ૧૧ |
| ૬. | વ્યાસ-શુકદેવ સંવાદ | ૧૪ |
| ૭. | કથા પ્રારંભ | ૧૬ |
| ૮. | નારદનું પૂર્વજીવન | ૧૮ |
| ૯. | પરીક્ષિત અને પાંડવકથા | ૨૨ |
| ૧૦. | ભગવાન કૃષ્ણનું દ્વારકાગમન | ૨૪ |
| ૧૧. | પરીક્ષિત અને કલિયુગ | ૨૬ |
| ૧૨. | પરીક્ષિતને શ્રાપ | ૨૮ |
| ૧૩. | શુકદેવનો ઉપદેશ | ૩૧ |
| ૧૪. | ગ્રંથાવતાર ભાગવત | ૩૪ |
| ૧૫. | મૈત્રેય અને વિદુરસંવાદ | ૩૬ |
| ૧૬. | કર્દમ અને દેવહૂતિ | ૩૮ |
| ૧૭. | ભગવાન કપિલનો અધ્યાત્મયોગ | ૪૧ |
| ૧૮. | દેવહૂતિ માતાને બોધ | ૪૪ |
| ૧૯. | અત્રિ–અનસૂયાની વાત્સલ્યભક્તિ | ૪૭ |
| ૨૦. | દક્ષ પ્રજાપતિનો મદ | ૪૮ |
| ૨૧ | ભગવાન શંકરનું સત્ત્વશોધક વિભૂતિત્વ | ૫૦ |
| ૨૨. | સતીનો મહિયર પ્રેમ | ૫૪ |
| ૨૩. | સતીનો શરીરત્યાગ | ૫૮ |
| ૨૪. | યજ્ઞધ્વંસ અને યજ્ઞપૂર્તિ | ૬૧ |
| ૨૫. | ધ્રુવની ન્યાય-નીતિ સાધના | ૬૪ |
| ૨૬. | નારદ–કૃપા | ૬૭ |
| ૨૭. | ધ્રુવની અચળ-ભક્તિ | ૬૯ |
| ૨૮. | ધર્મમય ધ્રુવનીતિ | ૭૧ |
| ૨૯. | વેનરાજાનો વધ | ૭૩ |
| ૩૦. | પૃથુરાજાનું પ્રજાપાલન | ૭૬ |

| | |
|---|---|
| ૩૧. પૃથુ-અર્ચિનો પુણ્ય પુરુષાર્થ | ૭૯ |
| ૩૨. પુરંજન ઉપાખ્યાન | ૮૬ |
| ૩૩. પ્રચેતાગણની પારિવારિક ભાવના | ૮૫ |
| ૩૪. પ્રચેતાગણનો પરમાર્થ | ૮૩ |
| ૩૫. પ્રિયવ્રતનું પરોપકારી જીવન | ૮૮ |
| ૩૬. આગ્નિધ્રચરિત | ૯૧ |
| ૩૭. ઋષભદેવચરિત્ર | ૯૨ |
| ૩૮ ભગવાન ઋષભદેવનો ઉપદેશ | ૯૫ |
| ૩૯. મુક્તિદાતા અવધૂતયોગ | ૯૮ |
| ૪૦. જડભરત અવતાર | ૧૦૨ |
| ૪૧, જડભરત-રહૂગણ મિલાપ | ૧૦૪ |
| ૪૨. જડભરત-રહૂગણ તત્ત્વસંવાદ | ૧૦૬ |
| ૪૩. જડભરતનું આત્મદર્શન | ૧૦૮ |
| ૪૪. રહૂગણનો હૃદયપલટો | ૧૧૦ |
| ૪૫. ભવ-મુક્તિનો ઉપાય ભક્તિ | ૧૧૧ |
| ૪૬. સૃષ્ટિવર્ણન ને સેવાભક્તિ | ૧૧૪ |
| ૪૭. અજામિલ કથા | ૧૧૬ |
| ૪૮. હરિનામ-મહિમા | ૧૧૮ |
| ૪૯. પ્રાચેતસ દક્ષની ઉત્પત્તિ | ૧૨૧ |
| ૫૦. દક્ષ-પુત્રોનો નિવૃત્તિ-માર્ગ | ૧૨૩ |
| ૫૧. વિશ્વરૂપની કથા | ૧૨૭ |
| ૫૨. વૃત્રાસુરનો ઉત્પાત | ૧૨૯ |
| ૫૩. દધીચિનું પ્રાણાર્પણ | ૧૩૧ |
| ૫૪. ઇન્દ્રનું પ્રાયશ્ચિત | ૧૩૨ |
| ૫૫. ચિત્રકેતુ કથા | ૧૩૪ |
| ૫૬. અંગિરા-નારદનું આશ્વાસન | ૧૩૭ |
| ૫૭. શેષ ભગવાનનો સાક્ષાત્કાર | ૧૩૯ |
| ૫૮. સતી પાર્વતીનો શાપ | ૧૪૧ |
| ૫૯. વૃત્રાસુરરૂપે પુનર્જન્મ | ૧૪૩ |
| ૬૦. અદિતિ-દિતિવંશવર્ણન | ૧૪૫ |
| ૬૧. મરુદ્-ગણની ઉત્પત્તિ | ૧૪૭ |

૬૨. પુંસવન વ્રત-વિધિ ૧૪૯
૬૩. પુંસવન વ્રતની ફલશ્રુતિ ૧૫૩
૬૪. એકાગ્રતા દ્વારા પ્રભુપ્રાપ્તિ ૧૫૬
૬૫. જય-વિજયને શાપ ૧૫૮
૬૬. હિરણ્યકશિપુને વરદાન ૧૬૦
૬૭. પ્રહ્લાદનું પ્રભુમય જીવન ૧૬૨
૬૮. પ્રહ્લાદની અચળ પ્રભુશ્રદ્ધા ૧૬૫
૬૯. પ્રહ્લાદની પ્રેરકવાણી ૧૬૮
૭૦. ગર્ભાવસ્થામાં નારદ-બોધ ૧૭૦
૭૧. નૃસિંહાવતાર ૧૭૩
૭૨. પ્રહ્લાદ-પ્રાર્થના ને પ્રભુ વરદાન ૧૭૬
૭૩. જય-વિજયની ક્રમશઃ મુક્તિ ૧૭૮
૭૪. મયદાનવના ત્રિપુરનો નાશ ૧૮૦
૭૫. વર્ણાશ્રમ-રચના ૧૮૨
૭૬. આશ્રમધર્મનો પાયો બ્રહ્મચર્ય ૧૮૪
૭૭. સદ્ધર્મ-સ્થાપના ૧૮૬
૭૮. પ્રવૃત્તિ ને નિવૃત્તિની સમતુલા ૧૮૮
૭૯. શ્રેષ્ઠ ગૃહસ્થાશ્રમ ૧૯૦
૮૦. ગૃહસ્થનો સ્વધર્મ ૧૯૩
૮૧. સંન્યાસીનો આત્મધર્મ ૧૯૪
૮૨. મન્વંતરોનું વર્ણન ૧૯૭
૮૩. ગજેન્દ્રમોક્ષ ૧૯૯
૮૪. ગજેન્દ્રનો પૂર્વજન્મ ૨૦૧
૮૫. સમુદ્ર-મંથન ૨૦૩
૮૬. નીલકંઠનું વિષ-ગ્રહણ ૨૦૬
૮૭. લક્ષ્મી અને ધન્વંતરિ-પ્રાગટ્ય ૨૦૯
૮૮. મોહિની-લીલા ૨૧૨
૮૯. દેવ-દાનવ યુદ્ધ ૨૧૪
૯૦. ભગવાનની અલૌકિક માયા ૨૧૭
૯૧. મન્વંતરકથા ૨૧૯
૯૨. વામન-અવતાર ૨૨૨

| | | |
|---|---|---|
| ૯૩. | બલિરાજની અપૂર્વ ભક્તિ | ૨૨૫ |
| ૯૪. | મત્સ્યાવતાર | ૨૨૮ |
| ૯૫. | વૈવસ્વત મનુની વંશવેલ | ૨૩૧ |
| ૯૬. | ચ્યવન–સુકન્યા કથા | ૨૩૪ |
| ૯૭. | નાભાગ કથા | ૨૩૯ |
| ૯૭. | પ્રભુપ્રેમી અંબરીષ | ૨૪૧ |
| ૯૮. | આંગિરસ ગૌત્ર અને સૌભરિ ચરિત્ર | ૨૪૪ |
| ૯૯. | હરિશ્ચંદ્ર આખ્યાન | ૨૪૬ |
| ૧૦૦. | રાજા સગર અને અંશુમાન | ૨૪૮ |
| ૧૦૧. | ગંગા–અવતરણ | ૨૪૯ |
| ૧૦૨. | સૌદાસ અને ખટ્વાંગ | ૨૫૧ |
| ૧૦૩. | સંક્ષિપ્ત રામચરિત્ર | ૨૫૧ |
| ૧૦૪. | શ્રીરામનું આગમન અને ભરતનોભાતૃપ્રેમ | ૨૫૬ |
| ૧૦૫. | રાજ્યાભિષેક અને રામરાજ્ય | ૨૫૮ |
| ૧૦૬. | કસોટી અને સીતા-ત્યાગ | ૨૬૦ |
| ૧૦૭. | ઇક્ષ્વાકુવંશનાં ઉજ્જવલ રત્નો | ૨૬૩ |
| ૧૦૮. | ચંદ્રવંશ અને પુરૂરવા | ૨૬૬ |
| ૧૦૯. | પિતૃભક્ત પરશુરામ | ૨૬૯ |
| ૧૧૦. | સહસ્રાર્જુનવધ | ૨૭૦ |
| ૧૧૧. | પિતૃઆજ્ઞા અને માતૃવધ | ૨૭૩ |
| ૧૧૨. | પિતૃવધે પૃથ્વી નક્ષત્રી | ૨૭૫ |
| ૧૧૩. | વિશ્વામિત્ર–વંશકથા | ૨૭૮ |
| ૧૧૪. | દેવયાની સાથે યયાતિનું લગ્ન | ૨૮૦ |
| ૧૧૫. | પુરુની પિતૃભક્તિ | ૨૮૪ |
| ૧૧૬. | વાસનાક્ષયે મુક્તિ | ૨૮૭ |
| ૧૧૭. | દુષ્યંત–શકુંતલા | ૨૯૦ |
| ૧૧૮. | ભરત ચક્રવર્તી | ૨૯૩ |
| ૧૧૯. | રંતિદેવ | ૨૯૪ |
| ૧૨૦. | ગાર્ગ્યનો બ્રાહ્મણવંશ | ૨૯૮ |
| ૧૨૧. | મહાભારતનાં પાત્રો | ૨૯૯ |
| ૧૨૨. | ઇતિહાસની ઝાંખી | ૩૦૨ |

# મંગલાચરણ

રહે આ ભારતગ્રામ, વિશ્વકેંદ્રે સદા સ્થિત,
તે માટે પ્રગટચાં રામાયણ ને મહાભારત. ૧

એમ વિજ્ઞાનયુગે આ ગાંધીપ્રયોગ તે રૂપે
ને ભાલનલકાંઠાનો તે સંદર્ભે પ્રયોગ છે. ૨

ભાગવત થકી એવા ગ્રામકેંદ્રિત કૃષ્ણને;
આલેખાશે રૂડી રીતે ભાગવતકથામૃતે હવે. ૩

ભારતીય ગામડું વિશ્વકેંદ્રે સ્થપાયા વિના કાયમી વિશ્વશાંતિ શક્ય જ નથી, એ વાત ભારતે એકેએક ભારતીય નર-નારીના ઘટ-ઘટમાં ઘૂંટીને ગોઠવી દીધી છે. તેથી જ જેટલા અવતારી, તીર્થંકરો કે યુગપુરુષો થયા, થાય છે, તેમણે ગામડાંનું અનુસંધાન સાધ્યા વિના ડગ ભર્યાં નથી. કદાચ ભૂલ્યે ચૂક્યે ભર્યાં તો વચ્ચેથી અરણ્યમાં અને ગામડે જવું જ પડ્યું છે. આ દેશમાં ચાર ધર્મસંસ્થાપક ભગવાનો થયા, એમનું આવું જ થયું છે. દા. ત. રામનો જન્મ ભલે અયોધ્યા જેવી નગરીમાં થયો, પણ વિશ્વામિત્ર ઋષિએ એમને રાક્ષસ-તત્ત્વના નિવારણને નિમિત્તે પણ અરણ્ય ભણી દોર્યા જ હતા. એને પછી પણ શું? ભગવાન રામ અને લક્ષ્મણને જો ચૌદ વર્ષનો વનવાસ રહ્યો તો સીતાજી પણ રામની સાથે વનમાં જ ગયાં ને અને અપહરણ પછી પણ અશોકવનમાં જ મુખ્યત્વે રહ્યાં. અરે

ગર્ભવતી થયા પછી સુધ્ધાં વાલ્મીકિ આશ્રમ(વન)માં જ અંત લગી રહેવું પડ્યું હતું ને ! ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ પણ બચપણમાં ભલે નગરોમાં મોટા થયા પણ દીક્ષા પછી બન્નેએ તપથી માંડીને ધર્મપ્રચાર કાજે પણ આખરે જિંદગીનો બહુ મોટો ભાગ તેઓને અરણ્યો અને ગામડાંમાં જ વિતાવવો પડ્યો ને !

આ સંદર્ભમાં જો ગાંધીજીને જોઈશું તો પણ ભરજુવાનીમાં બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને પણ તેઓએ છેવટે તો અમદાવાદ પાસેના (સાબરમતી વિભાગને લો કે, વર્ધા પાસેના સેગાંવ વિભાગને લો, આખરે તો) ગાંમડાંને જ કેન્દ્રમાં રાખીને જિંદગી પસાર કરી ને ? ભલે એમનું અવસાન દિલ્હીના બિરલાહાઉસમાં થયું ! પરંતુ મુખમાં તો રામરાજ્યની કલ્પનાને કારણે 'હે રામ!' જ આવી ગયું ને ! એ કહેવાની જરૂર ન હોય કે રામરાજ્ય અને ગ્રામરાજ્યમાં કશો ફેર નથી.

આપણે પણ અહીં મથુરાના શ્રીકૃષ્ણ કે દ્વારિકાના શ્રીકૃષ્ણ કરતાં ગોકુળ ગામડાના કૃષ્ણને ઝુલાવવા માટે હવે (પ્રાસંગિક રામાયણ અને પ્રાસંગિક મહાભારત પછી પ્રાસંગિક અથવા અભિનવરૂપે) ભાગવતને જ ચર્ચીશું. ભાગવત એટલે ભગવાનનું જ સ્વરૂપ અને એ સ્વરૂપમાં ગામડું અને ગ્રામજનો સિવાય બીજું કોઈ મુખ્ય તત્ત્વ નથી. આમ તો ભાગવતમાં અનેક બાબતો છે. પરંતુ ગામડું, સમાજે પછાત ગણી કાઢેલા વર્ગો અને નારીજાત એ ત્રણેય પર ભગવાન કૃષ્ણ ખુશખુશ છે. એટલું જ નહીં, જન્મતાંની સાથે જ બરાબર મધરાતે મથુરાનગરી અને માતા દેવકીજીની ગોદ છોડી જમનાકાંઠાના ગોકુળગ્રામના નેસડાઓમાં ગામડિયણ યશોદા ગોવાલણને જનેતા બનાવી તે માતાનું દૂધ પી–પીને મોટા થાય છે. ગાયોને જાતે ચરાવે છે. ગાયોનાં મીઠડાં ગોરસ ચાખે છે. દહીં દૂધ, મલાઈ, માખણ ખાતાં ખાતાં સતત ગોપાલ બાળકોનું વાત્સલ્યભર્યું સાંનિધ્ય

માણે છે. કુમારાવસ્થામાં નિર્દોષ ગોપીઓની ગોઠડી સાધી નરનારી વચ્ચેના અભેદામૃતની દુનિયા વ્રજમાં અને વૃંદાવનમાં ખડી કરી દે છે. કદાચ આ જ કારણે 'વ્યાસોચ્છિષ્ટં જગત્ સર્વં' આખુંયે વિશ્વ-સાહિત્ય વ્યાસની એઠરૂપે બની ગયું હશે! અને એવા સાહિત્યસ્વામી વ્યાસજીને પણ ભાગવત લખીને જ હાથ ધોઈ નાખવા પડયા જણાય છે! અનુકરણ–પાત્ર એવા રામાયણનું યુગાનુરૂપ રસપાન કર્યા પછી જેમ ગુરુગમ સાથે રાખી વાંચવા જેવા મહાભારત ગ્રંથરહસ્યને નવી રીતે જોયો તેમ હવે ગુરુગમ સાથે રાખી ભાગવતને પણ જોઈ લઈએ. એક અર્થમાં જો જ્ઞાનયોગરૂપ રામાયણ ગ્રંથને ગણીએ તો મહા-ભારત ગ્રંથ કર્મયોગ રૂપ છે, છે. અને ભાગવતનો ગ્રંથ હવે ભક્તિ-યોગરૂપ છે. જેમ ભક્તિના પાયા વિના જ્ઞાન અને કર્મ યોગરૂપ ન બનતાં માત્ર શુષ્કતા અને વેઠ વધારનારાં બને છે, તેમ જ્ઞાન અને કર્મના સહારા વિના ભક્તિ માત્ર વેવલાપણાનો ડોળ બની રહે છે. એટલે જ જીવનનાં આ ત્રણેય પાસાંઓથી સમગ્ર જીવન બને છે. એટલું જ નહીં બલકે સળંગ જીવન અને સમસ્ત જીવન અથવા વ્યક્તિમાંથી જ સમષ્ટિ જીવન પણ બને છે. આમ તો જોકે ભક્તિનો પાયો જીવનમાં સમગ્ર પાસાંઓમાં મજબૂતપણે રોપાઈ જવો જોઈએ. પછી જ જ્ઞાન અને વૈરાગ્ય કિંવા જ્ઞાનયોગ અને કર્મયોગનો આદર થવો જોઈએ. એમ છતાં કેટલીક વાર જ્ઞાન અને કર્મના યૌગિક તાલીમ મળ્યા પછી જ ભક્તિ સાર્થક થાય છે. એ રીતે ગીતા ઉપ-રાંત રામાયણ અને મહાભારત અભિનવરૂપે લખાયા પછી જ આ ભક્તિગ્રંથ ભાગવત લખાય તે પણ સહેતુક જ છે.

## ભાગવતી ભક્તિમહિમા

જ્યાં ભાગવત સપ્તાહ-પારાયણો થતાં રહે;
ત્યાં વિરાજી જતા આવી ખુદ શ્રીકૃષ્ણ આખરે

ભગવાન પધારે ત્યાં કહોને ! શી કમી રહે ?
ભક્તિ ને જ્ઞાન–વૈરાગ્ય–ત્રિવેણી ત્યાં સ્વયં વહે ૨

એટલે જ કલિકાળે ભાગવત કથા તણું;
વ્યાખ્યું માહાત્મ્ય સર્વત્ર, જે જિજ્ઞાસુ સુણે સહુ. ૩

એક વખત નૈમિષારણ્યમાં ભગવત્ કથારસ પીવામાં તથા પાવામાં કુશળ એવા શ્રી મુનિવર શૌનકજીએ સૂતમુનિરાજને નમસ્કાર કરીને પૂછ્યું : 'હે સૂત મુનિરાજજી ! આ વિષમાતિવિષમ એવા કલિકાળમાં કૃપા કરી આપ એવું અગત્યનું સાધન બતાવો કે જેથી ચિન્તામણિ અને કલ્પવૃક્ષથી પણ અધિક સુખ અને રસાસ્વાદ મળે ! અને સદાકાળ ભગવાન કૃષ્ણ હાજરાહજૂર રહ્યા કરે !'

પ્રસન્નચિત્ત ગુરુદેવ સૂતજીએ કહ્યું : "હા, તમારી અતૂટ જિજ્ઞાસુ, અભીપ્સા અને પાત્રતા જોઈ નિષ્ઠાપૂર્વક બ્રહ્મચર્યનાં નવાં મૂલ્યોને સમજીને પ્રાણીમાત્રમાં ઓતપ્રોત થઈ શકનાર અને જેઓ અનાસક્ત ગૃહસ્થ એવા રાજા જનકના સુશિષ્ય બની રહેનારા એવા અને 'પિતા કરતાં પુત્ર સવાયા'ની કહેણી સાર્થક કરનારા તેવા શ્રી શુકદેવજીએ જે રસધામ એવું ભાગવત કથામૃત પરીક્ષિત રાજાને પાયું છે, તે હું તમોને જરૂર સંભળાવી શકીશ. કારણ કે તમો સાચા વૈષ્ણવ છો અને જન્મ–જન્માંતરોનાં પુણ્યોથી સમૃદ્ધ છો. આ ભાગવતકથામૃત પીવા અમૃતના કળશો લઈ લઈને દેવો પણ ત્યાં હાજર થયેલા. અપાર ઋષિમુનિઓ તો ત્યાં હાજર હતા જ. જ્યારે દેવોએ કહ્યું : 'આ સ્વર્ગામૃતના બદલામાં અમને ભાગવતનુ કથામૃત સંભળાવો.' ત્યારે હસીને શુકદેવજીએ કહેલું : સ્વર્ગના અમૃતની તુલના ભાગવતકથાથી તમો કરો છો તે કદી થઈ શકે નહીં. ભક્તિની યોગ્યતા ન પામે તેઓને ભાગવતકથા સાંભળવાનો અધિકાર ક્યાંથી મળી શકે ?' ટૂંકમાં દેવો પણ ભાગવતકથામૃતને સ્વર્ગામૃત કરતાં

અધિક માને છે, પરંતુ તેઓની સુધ્ધાં ભાગવતકથામૃત પીવાની યોગ્યતા નથી તે નથી જ. અરે, ખુદ બ્રહ્માજીને પણ પરમ આશ્ચર્ય થયેલું કે પરીક્ષિત રાજાને ભાગવતકથાશ્રવણથી શી રીતે મુક્તિ થઈ ગઈ!' એટલે કે જે કલિયુગમાં મુક્તિ તો દૂર રહી, પણ મુક્તિનો સાચો માર્ગ પણ મળવો અશકય છે, તે કલિકાળમાં મુક્તિ આપનારું આ અજોડ સાધન ભાગવતકથામૃત કયાંથી ઉપલબ્ધ થઈ શકયું? પ્રથમ તો ખુદ નારદઋષિએ બ્રહ્મા પાસે આ સાંભળેલું, પરંતુ વિધિસર તો નારદજીએ શૌનકાદિ ઋષિઓ પાસેથી જ સાંભળ્યું હતું કે જે શૌન-કાદિ મુનિઓએ સૂતમુનિરાજ જેવા જ્ઞાનીગુરૂ પાસેથી સાંભળેલ હતું અને એ સુતમુનિરાજને એમના ગુરુદેવ, અખંડ બ્રહ્મચારી અને વસુધૈવ કુટુંબકમ્' તેમ જ આત્મવત્ સર્વભૂતેષુ એ બે મહા મંત્રોને આત્મસાત કરનાર શુકદેવજીએ એકાંતમાં બેસી એકદા આ ભાગવતકથામૃત પ્રેમથી પાઈ દીધું હતું" એમ પ્રસ્તાવના કરીને હવે શાંત પ્રસન્નચિત્તે સૂતજીએ ભાગવતકથામૃત શરૂ કરતાં કહ્યું :

"એક વખત સનકાદિ ચાર વિશુદ્ધ ચિત્ત એવા બટુક ઋષિઓ સત્સંગ માટે બદરીવનમાં આવેલ વિશાલાપુરીના સ્થાનમાં આવ્યા. ત્યાં તો તેઓને અનાયાસે હાથમાં તંબૂર લઈને દેવર્ષિ નારદજી ભેટી ગયા. એટલે સનકાદિ ચાર બાલમુનિઓએ કહ્યું : 'અરે! મહાન મુનિ નારદજી! આજે આપનું મ્હોં ઊતરી ગયેલું કેમ દેખાય છે? આપ કયાંથી આવો છો? અને હાંફળાફાંફળા થઈ આપ કયાં પધારી રહ્યા છો? આપ જેવા અનાસકત મુનિમહારાજને આ જાતની હલકી ઉદાસીનતા શા માટે આવી શકે?' તરત જ નારદમુનિ મહારાજ ઝબકયા : "જોકે દેખાવમાં તો બાલમુનિવરો દેખાઓ છો, પરંતુ આપ જ્ઞાનવૃદ્ધ છો. તેથી જ આપ જાણવા છતાં અજાણ થઈને પૂછો છો, એ હું જાણી ગયો છું. એમ છતાં આપ મારા મુખ દ્વારા બોલાવી જગતભરનું કલ્યાણ કરવા માગો

છો, તેથી હું પણ નિખાલસ હૈયે આપને કહી દઉં છું—ભારત વર્ષની ભૂમિને જગતભરમાં સર્વોચ્ચ સમજીને અહીં આવેલો પરંતુ એ સર્વોચ્ચ ભૂમિમાં જ સર્વનીચ તત્ત્વ દેખ્યું તેથી હું દુઃખી થઈ ગયો. ત્યાં જ હરિકૃપાએ એક યુવતીને મેં જોઈ. વળી તે યુવતી પાસે બે ઘરડાં માણસો આળસ ભરીને આળોટતાં હતાં. મેં તેણીને પૂછ્યું : 'આ કોણ ?' તેણીએ કહ્યું : "આ મારા જ બે બેટાઓ છે." વૃદ્ધ બાળકો અને માતા યુવતીને નજરોનજર દેખીને હું દંગ થઈ ગયો. પણ જ્યારે સાંભળ્યું કે વૃંદાવનમાં જ તે ઘરડીમાંથી જ યુવતી બની છે, ત્યારે તરત સમજાઈ ગયું કે એ બીજું કોઈ નહીં, ભક્તિસુંદરી છે, અને આ એમનાં જ્ઞાન અને વૈરાગ્ય એવા બે ઘરડાં પુત્રરત્નો છે. જ્યાં ભક્તિ પોતે ભગવદ્‌ભક્તોના હૃદયમાં વિરાજે, ત્યાં ઘરડાં થયેલાં એવાં જ્ઞાન અને વૈરાગ્ય તો જુવાન અને અજરઅમર બને, તેમાં નવાઈ જ શી ? એટલે જ હું આ સંદેશો આપવા આ તંબૂરો લઈને મર્ત્ય જગતમાં ઝટઝટ ફરી લેવા માગું છું, અને કહેવા માગું છું : માનવો ! જરાપણ શંકા ન લાવો. આ કલિકાળમાં એક માત્ર ભક્તિને આરાધો, એટલે બધી જ રીતે સુખી સુખી થઈ જશો. ભગવાન ખુદ તો ભક્તિના દાસ હોઈ તમારા પણ દાસ બની જશે. બસ આ જ કારણે હું હાંફળોફાંફળો થઈ ઝપાટાબંધ જઈ રહ્યો છું."

"નારદ મુનિનાં આ વચનો સાંભળી સનકાદિ ઋષિઓએ ખુશી વ્યક્ત કરી દીધી." એમ કહી સૂતજીએ પણ આટલી પુનઃ પ્રસ્તાવના કરીને આ વાત આગળ ચલાવતાં કહ્યું : "શૌનકાદિ મુનિઓ ! બસ જ્યારથી ભક્તના હૃદયકમળ પર ભક્તિએ આસન જમાવ્યું. ત્યારથી ભક્તવત્સલ શ્રીકૃષ્ણ ભગવાન જાતે જ પોતાનું પરમધામ તજીને ભાગવત સપ્તાહમાં હાજર થઈ જવાનું પ્રણ લઈ બેઠા છે." આટલું કહેતાં સૂતજીએ સનકાદિ તથા નારદજીના સંવાદનો થોડો આધાર લઈને આ વાત જરા હવે આગળ લંબાવી.

# ગોકર્ણ ઉપાખ્યાન

કુછોરુવંત માબાપો ! કરતાં વાંઝિયાં સુખી;
કિંવા હો સંતતિ એવી, જે તારે પેઢીઓ ઘણી. ૧

અધર્મી કે અતિપાપી, સૌ તરે એકસામટાં;
એવી આ યુગમાં આપે, ભક્તિ ભાગવતી કથા ૨

સૂતજી વદ્યા : "સનકાદિક ચાર બટુક મુનિઓ નારદમુનિને કહે છે :

'આ દુનિયામાં કોઈ એવો અધર્મ કે કોઈ એવું પાપ નથી કે જે ભાગવત સપ્તાહ યજ્ઞથી દૂર ન થઈ શકે ! એમ કહીને તેઓએ એક પ્રાચીન કથા કહેવા માંડી :

તુંગભદ્રા નદીને કાંઠે એક સુંદરનગર હતું. ત્યાં શ્રૌત–સ્માર્ત, બંને કર્મમાં નિપુણ એક બ્રાહ્મણ રહેતો હતો. તેનું નામ આત્મદેવ. આત્મદેવને ધુંધુલી નામની હઠીલી સ્ત્રી હતી. બાળક ન હોવાથી બન્ને જણ (દંપતી) દુઃખી દુઃખી રહેતાં હતાં. તેવામાં આત્મદેવને એક નિઃસ્પૃહી સંન્યાસી મળ્યા. તેમની પાસે આત્મદેવે રડીને માગ્યું : 'આપની કૃપાથી મને એક બાળક થાય.' તેમણે આત્મદેવને સમજાવ્યો : 'બાળકવંત કરતાં નિઃબાળક રહેવું તે વધુ સારું છે.' પણ એ વાત કોઈ રીતે આત્મદેવજી બ્રાહ્મણને ગળે ન ઊતરી, એટલે એક ફળ આપ્યું. તે ફળ હઠીલી ધુંધુલીએ પોતે ન ખાતાં ગાયને આપ્યું અને પોતાની બહેનનું બાળક પોતે રાખ્યું અને અંટસંટ સંભળાવી–બનાવીને પોતાની બહેનને ધાવ માતાની જેમ પોતાના જ ઘરમાં રાખવાની પોતાના ભોળા પતિની સંમતિ મેળવી લીધી. હવે આ ગાયના પેટે માનવબાળક જન્મ્યું. તે હતું સર્વાંગસુંદર દિવ્ય, નિર્મળ અને સોનેરી શરીરવાળું સોહામણું. બ્રાહ્મણે આ બાળકનું નામ રાખ્યું

ગોકર્ણ. આ રીતે આત્મદેવ બ્રાહ્મણ દંપતીને બે બાળકો મળ્યા. એકનું નામ ધુન્ધુકારી અને બીજાનું નામ ગોકર્ણ. ધુન્ધુકારી હિંસક, જૂઠો અને બધી રીતે દુષ્ટ નીવડયો. એક દહાડો ધુંધુકારીએ માબાપને ગાળો દઈને ઘરમાંથી તગડી મૂકયાં. હવે રડતો બાપ કહે છે: 'કુસંતાન કરતાં વાંઝિયાં બધી રીતે અમે સારાં'–એમ ખિન્ન ખિન્ન થઈ ગયો. તેવામાં ખબર પડવાથી ગોકર્ણે આવી પોતાના જ પિતાને સુંદર ઉપદેશ દ્વારા ભરપૂર દિલાસો આપ્યો. પિતાના વનમાં ગયા બાદ ધુંધુકારીએ માને ખૂબ મારી; ધન માટે આખરે કૂવામાં પડી તે મરી ગઈ. ધુંધુકારીને વેશ્યાઓએ લૂંટીને મારી નાખ્યો. અને તે પ્રેત થયો. પ્રેતે ગોકર્ણ પાસે દયા માગી. ગોકર્ણે કહ્યું: 'તારી સદ્ગતિ કરવા અમે ગયામાં શ્રાદ્ધ કર્યું, તોય સદ્ગતિ કેમ ન થઈ?' ગોકર્ણની આ વાત સાંભળી ધુંધુકારી તો ચાલ્યો ગયો. પરંતુ ગોકર્ણજીએ સૂર્ય મહારાજને પૂછ્યું: શું કરવું?' સૂર્યે કહ્યું: 'ભાગવત સપ્તાહ સંભળાવો. જરૂર બેડો પાર થશે.' ગોકર્ણજીએ ભાગવત સંભળાવવા માંડયું. પશુ, પક્ષીઓ અને માનવો એ સાંભળવા ઊભરાવા લાગ્યાં પણ બાર સ્કંધો સાંભળી ધુંધુકારી પ્રેત મટીને દિવ્યરૂપધારી મહા વૈષ્ણવ બની ગયો. પહેલાં સૌને નવાઈ લાગી. આ કોણ? એ બીજું કોઈ ન હતું. તે હતો પેલો ધુંધુકારી પ્રેત! તેણે ગોકર્ણજીનો પ્રેતતા–મુક્તિ માટે મહાન આભાર માન્યો. આમ, એકાગ્ર-ચિત્તે શ્રદ્ધાભક્તિયુક્ત થઈ જે ભાગવતકથા સાંભળશે તેનો બેડો પાર થશે જ થશે."

## ભાગવત સપ્તાહવિધિ

### ઉપજાતિ

આસ્તિકતા પ્રેરક વાણીવંતા,
વિરક્ત ને વૈષ્ણવી ભક્ત, વક્તા;

એકાગ્ર જિજ્ઞાસુ સુયોગ્ય શ્રોતા,
બન્ને હશે ભાગવતી કથામાં. ૧

અનુષ્ટુપ

તો તે કથા પરિણામે, ત્યાગ ને તપ પ્રેરશે;
ભક્તિ કર્મ તથા જ્ઞાન–યોજાવી મોક્ષ–અર્પશે ૧

નરદમુનિને સનકાદિ ઋષિઓએ ભાગવત–સપ્તાહશ્રવણનો વિધિ બતાવતાં કહ્યું : "ભદ્ર, વ્યતિપાતાદિ કાળો વર્જીને ભાગવત સપ્તાહ (૧) ભાદરવો (૨) આસો (૩) કાર્તિક (૪) માગસર (૫) અષાઢ અને (૬) શ્રાવણ એમ છ માસમાં પ્રાયઃ કરવું. આ કથામાં વાતાવરણ જમાવવા માટે વધુમાં વધુ જિજ્ઞાસુ સજ્જનો ભેગા થાય એમ કરવું. કથાની ભૂમિ પણ પવિત્ર અને કળાપૂર્ણ હોવી જરૂરી છે. વકતા અને શ્રોતા વચ્ચે પૂર્વ દિશા આવે તો સારું. ઉચ્ચ કોટિના ચારિત્ર્યવંત બ્રાહ્મણો પણ કથામાં આવે જ. વિરક્ત અને વિષ્ણુભક્ત કથા વાંચે, તો ઠીક ગણાય. પંડિતાઈ ભલે ઓછી હોય પણ ચારિત્ર્ય સારું હોય, આસ્તિકતાને પ્રેરે તેવી વક્તાની વાણી હોવી જોઈએ. ભગવાન કૃષ્ણનાં પ્રતિમાજીનું પ્રતિષ્ઠાપન, શ્રોતાઓની અંતઃ-કરણની આરજૂ ભરી પ્રાર્થના થયા બાદ ભાગવતના વક્તાશ્રીનું પણ ખાસ્સું સન્માન કરવું ઘટે. સાતેય દિવસ ભાગવતકથામાં પ્રાયઃ હાજર રહેવાનું વ્રત લે અને પાળે, તે જ પ્રમાણે થોડા ચારિત્ર્યશીલ અને સુશિક્ષિત બ્રાહ્મણો દ્વારા નિર્વિઘ્ને ભાગવતકથા પૂરી થાય તેવો જાપ કરાવે, જે શ્રોતા તથા બીજા લોકો, ધન, સંપત્તિ, ઘર અને પુત્રાદિની ચિંતા છોડી અડગ એકાગ્રતાથી ભાગવત કથા સાંભળે, તેને ઊંચામાં ઊંચું શ્રવણ ફળ મળે! ભાગવત–સપ્તાહ સારી રીતે પાર પડે, માટે શ્રોતા–વક્તા વગેરેએ અલ્પાહાર જ લેવો. દિવસનો મોટો ભાગ કથાવાંચન–શ્રવણમાં જવો જોઈએ. અને કથાથી

નિવૃત્તિ લે ત્યારે પણ ભગવાનના ગુણો જ ગાયા કરવા જોઈએ, ઉપવાસ કરવા જોઈએ. ઉપવાસ કરવા કરતાં અમે અલ્પાહારને વધુ મહત્ત્વ આપીએ છીએ કે જેથી અવ્યાક્ષિપ્ત એવા મનથી કથા-શ્રવણ થઈ શકે. ભગવાન પ્રત્યે જેમને ભક્તિ ન હોય, તેવાઓને ભાગવતકથા સાંભળવાનો કોઈ અધિકાર નથી. દાળ, મધ, તેલ, ભારે ભોજન, વાસી અન્ન અને ભાવોથી દૂષિત થયેલા એવા ખોરાકને ન લેવો. કામ, ક્રોધ, મદ, માન, મત્સર, લોભ, દંભ, મોહ તથા દ્વેષથી તો સો જોજન દૂર જ રહેવું. વેદ, વૈષ્ણવ, બ્રાહ્મણ, ગુરુ, ગોસેવક, સ્ત્રી, રાજા અને મહાપુરુષોની નિંદાથી સાવ અળગા રહેવું. કુસંગ છોડી હંમેશાં સચ્ચાઈ, પવિત્રતા, દયા, મૌન, સરળતા, વિનય અને ઉદારતાથી જ વર્તવું. પાપીઓએ તો ભાગવતકથા જરૂર સુયોગ્ય અધિકારી પાસેથી સાંભળવી જ જોઈએ, જેથી બધાં પાપ બળશે. અને આમાં અકિંચન ભક્તને તો બહુ અવકાશ જ છે. કથા પૂરી થયે ભાગવત-ગ્રંથ અને વક્તાનું પૂજન કરી લેવું. વિરક્ત શ્રોતા કર્મશાન્તિ માટે ગીતા પાઠ કરે. ગૃહસ્થ શ્રોતા ભલે ગાયત્રીમંત્ર અથવા દશમા સ્કંધનો એકએક શ્લોક બોલી વિધિપૂર્વક હવન કરે અને આહુતિઓ આપે! કંઈક ત્રુટિ રખે રહી હોય તો તેને સાફ કરવા વિષ્ણુસહસ્ર પાઠ કરે! ટૂંકમાં નારદજી! ભાગવત કથા જ એક કથા આ દુનિયામાં એવી છે કે જે ભોગ અને મોક્ષ બન્નેય આપી શકે."

આ રીતે નારદજીને સનકાદિકે ભાગવત સપ્તાહ સંભળાવ્યું, અને તરત ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય ત્રણેય હૃષ્ટપુષ્ટ થઈ ગયાં જે જોઈ નારદ મુનિ ખુશ ખુશ થઈ ગયા. "વાહ! મને તો ખુદ હરિવર જ મળી ગયા." એટલામાં જ ત્યાં ખુદ શુકદેવજી પોતે પહોંચી ગયા. તેમની ઉંમર સોળ વર્ષની જ દેખાતી હતી. તેઓ પણ ભાગવતપાઠ જ લલકારતા હતા. તેથી બધા શ્રોતાઓએ ઊઠીને સ્વાગત કર્યું

નારદમુનિએ તો પૂજન પણ કર્યું, શુકદેવજી બોલ્યા : "આ ભાગવત-કથામૃત એ વેદ–વૃક્ષનું પાકેલું ફળ છે, કલ્પવૃક્ષ ફળ જેવું. કશું તેમાંથી કાઢી નાખવા યોગ્ય છે જ નહીં. માટે ભગવાનના પ્રેમીજનો ! પ્રલય કાળ લગી ખુશીથી વારંવાર પાન કર્યા કરજો. આ ભાગવતકથા મારા પિતા મહામુનિ ભગવાન શ્રીકૃષ્ણ દ્વૈપાયન એવા વ્યાસજીએ રચ્યું છે, જે ત્રણેય પ્રકારના આધિ, વ્યાધિ અને ઉપાધિ તાપથી મુક્ત કરી દે છે. ભાગવતકથા જીવનમાં વણી લેનારને બીજી કોઈ સાધ-નાની કે શાસ્ત્રોની જરૂર જ નથી. જ્યાં ભગવાન શ્રીકૃષ્ણ ખુદ આવે અને હઠાવ્યા પણ હઠે નહીં, ત્યાં બીજું શું જોઈએ ? સ્વર્ગલોક, સત્યલોક, કૈલાસ અને વૈકુંઠમાં પણ જે નથી, તે મહાન રસ ભાગવતમાં છે." આટલું શ્રી શુકદેવ બોલ્યા ત્યાં તો ચાર પાર્ષદો સાથે ખુદ હરિવર સામે હાજર થઈ ગયા.

## ફળપ્રાપ્તિ

અનુષ્ટુપ

આજે પણ હરિ આવી, ભાગવત કથા મહીં;
વિરાજી જાય છે કિંતુ, અશ્રદ્ધાળુ ન પેખશે. ૧

વંશસ્થ

શ્રદ્ધા અને આદર સાથ જે સુણે,
કથા જ આ ભાગવતી સુધામયી;
છે દેવને દુર્લભ તોય માનવી સૌને,
બને તે ભવસિંધુ–તારિણી. ૨

ભગવાન ખુદ જ્યારે ચાર પાર્ષદો સાથે શુકદેવજી કથિત

ભાગવતકથામાં આવીને વિરાજી ગયા ત્યારે એ કથામાં ભગવાન શંકર, પાર્વતીજી અને બ્રહ્માજી સ્વયં આવીને હાજર થઈ જાય એમાં નવાઈ જ શી હોય? ત્યાં પ્રહલાદજી કરતાલ બજાવવા લાગ્યા. ઉદ્ધવજીએ મંજીરાં હાથમાં લઈ લીધાં. દેવર્ષિ નારદ વીણા બજાવવા લાગ્યા. અર્જુનજી ખુદ રાગ આલાપવા લાગ્યા. ઈંદ્ર પોતે મૃદંગ બજાવવા લાગ્યા અને શૌનકાદિ ઋષિઓ વચ્ચે વચ્ચે જયઘોષ કરવા લાગ્યા. જ્યારે પરમ તેજસ્વી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય આનંદથી નાચવા લાગી ગયાં ત્યારે આવાં સંકીર્તનોથી ભગવાન રાજી થાય, તે સ્વાભાવિક જ હતું. તેમણે કહ્યું: "વરદાન માગો." શ્રોતા લોકોએ એક જ વચન માગ્યું: પ્રભુ! "ભવિષ્યમાં જ્યાં જ્યાં ભાગવત સપ્તાહકથા ખરેખર ભાવપૂર્વક થાય ત્યાં આપ અહીં ખુદ પધાર્યા તેમ અવશ્ય પધારતા જાઓ." ભગવાન વચન આપીને તરત જ ત્યાંથી અંતર્ધાન થઈ ગયા.

પછી નારદજીએ ભગવાન તથા એમના પાર્ષદોનું લક્ષ્ય કરીને તેમને નમસ્કાર કર્યા અને પછી શુકદેવજી આદિ તપસ્વીઓને પણ નમસ્કાર કર્યા. કથાથી આનંદિત થઈ શ્રોતાઓ પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા તે સમયે શુકદેવજીએ ભક્તિ મૈયાને એના બન્ને પુત્રો જ્ઞાન તથા વૈરાગ્ય સહિત પોતાના શાસ્ત્રમાં ચોટળુકની જેમ સ્પાપિત કરી દીધાં. આથી જ ભાગવત શાસ્ત્રનું યથાર્થ સેવન કરવાથી ભગવાન શ્રીહરિ સાચા વૈષ્ણવોનાં હૃદયોમાં આવીને આજે પણ વિરાજી જાય છે. આ સંસારના જે જીવો દરિદ્રતા અને દુઃખરૂપી વ્યાધિઓથી પીડિત થઈ રહ્યા છે તેમજ જે જીવો પર માયારૂપી પૈશાચિનીએ કાબૂ લઈ લીધો છે અને જે સંસારચક્રમાં ગળકાં ખાધા કરે છે તેમના કલ્યાણ માટે પણ શ્રીમદ્ ભાગવત ગર્જી રહેલ છે. શૌનકજીના પૂછવાથી ફરી શ્રી સૂતજી બોલ્યા:

"ભગવાન શ્રીકૃષ્ણ સ્વધામ પધાર્યા અને કલિયુગનાં ત્રીસ વર્ષથી

કાંઈક વધુ સમય વીત્યો ત્યારે ભાદરવા સુદ નોમને દિવસે શુકદેવજીએ પરીક્ષિત રાજા પાસે આ કથા આરંભી. ત્યારબાદ કલિયુગ પછી બસો વર્ષ વીતી ગયા બાદ અષાઢ માસની સુદ નોમને દિવસે ગોકર્ણજીએ આ કથા સંભળાવી હતી, અને ત્યારબાદ કલિયુગનાં ત્રીસ વર્ષ પાછાં નીકળી ગયા બાદ કાર્તિક સુદ નવમીએ સનકાદિ ઋષિઓએ આ કથા કરી હતી. નિષ્પાપ શૌનકજી! કલિયુગમાં આ ભાગવતકથા જ એવી રસમય અને બધી રીતે ઉત્તમ કથા છે કે જે સંસારના રોગનો નાશ અનાયાસે કરાવી દે છે. સંતજનો! આપ શ્રદ્ધા અને આદર સહિત આ ભાગવતકથાનું પાન કરો. આ કથા હોય તો બીજી કોઈ સાધનાની જરૂર રહેતી નથી. કારણ કે આ કથા જો યથાર્થ સેવાય તો આપોઆપ જીવન સહેજે એવું બની જાય છે કે પછી એ જીવનથી સાચો ધર્મ ક્ષણ પણ વિદાય લઈ શકે નહીં. અરે! ખુદ યમદેવ પણ પોતાના દૂતોને કાનમાં કહી દે છે: "ભગવાનની આ ભાગવતકથામાં ખરેખર જે રસતરબોળ હોય, તેનાથી તમે દૂર જ રહેજો." મતલબ મૃત્યુ પણ ભાગવતકથામાં તરબોળ હોય તેવાઓને પજવી શકતું નથી. પરીક્ષિત પોતે જ એ વાતનું પ્રબળ પ્રમાણ છે. શૌનકજી! આ પરમ ગૂઢ અને રહસ્યમય વાત મેં આપને કહી છે. બધાં શાસ્ત્રોનો આ જ એક નિચોડ છે. આ ભાગવતની કથાને શુકદેવજીનું શાસ્ત્ર કહો તો પણ કહી શકાય. તેનાથી ઊંચું કે પવિત્ર બીજું કયું શાસ્ત્ર હોય? વળી આની વિશેષતા તો એ છે કે તે સાવ અભણ લોકોને પણ ભણેલાઓ કરતાં પણ આગળ લઈ જાય છે. કારણ કે આમાં મુખ્યત્વે જોઈએ છે અંતરનો આદર. એ બન્ને હોય એટલે બસ. બીજું કાંઈ જ જોઈતું નથી. ભલે પછી સંસારી હો કે ત્યાગી હો! એ બન્ને સ્થિતિમાં પણ ઉદ્ધાર થઈ જાય છે; માત્ર શ્રોતા અને વકતા બન્નેમાં પરમ રસમય ભક્તિ અને એકાગ્રતા જોઈએ. બાર સ્કંધરૂપ આ ભાગવતકથાનો રસ ખરેખર દેવદુર્લભ એવો મહાન રસ છે. આથી જ કહ્યું છે કે ભાગવતકથાના રસપાન પછી

ભૌતિક કે આધ્યાત્મિક કોઈ પણ વિષય એવો નથી કે જે ત્રણેય લોકમાં પ્રાપ્ત ન થઈ શકતો હોય! મતલબ આ ભાગવતકથા પછી કશું અસાધ્ય રહેતું નથી."

## વ્યાસ-શુકદેવ સંવાદ

**શ્રોતા ઉચ્ચ, કથા ઉચ્ચ, કિંતુ વક્તા ન ઉચ્ચ જ્યાં;**
**તેવી કથાનું સાફલ્ય યથાર્થ નીપજે ન ત્યાં. ૧**

**'આત્મવત્ સર્વભૂતેષુ', એ સૂત્ર જેમણે વણ્યું;**
**આ ભાગવત તે ત્યાગી શુકજીના મુખે સર્યું. ૨**

શ્રીમદ્ ભાગવતની શરૂઆત કરતાં શૌનકાદિ ઋષિઓરૂપી શ્રોતાઓને ઉદ્દેશીને કુશળ વક્તા સ્વરૂપે શ્રી સૂતમુનિજી કહે છે: "જે ગમે તેવી યોનિ કે ગતિમાં જાય, તોયે જે કદી પણ સ્વભાવથી વિપરીત જઈ શકતો નથી; જેની આગળ દુનિયાની મહાનમાં મહાન શક્તિઓ તુચ્છ છે; જે જ્ઞાન અને સત્ય સ્વરૂપે છે એવા અનંત શક્તિવાળા પરમસુખના ધામરૂપ પરમાત્માને હૃદયપૂર્વક નમીએ છીએ. આપણે એ તો આ પહેલાં જોઈ ગયા કે આ ભાગવત પુરાણના રચનારા મહાપુરુષ શ્રી વ્યાસમુનિ છે. વેદનું આ ભાગવતપુરાણ એ એવું પાકું પરિપૂર્ણ ફળ છે, કે જેમાંથી કાઢી નાખવા જેવું કશું જ નથી. જેમ જે ફળ શુકાસ્વાદિત હોય, તે મીઠું જ હોય છે તેમ આ ભાગવતકથા રૂપી વેદફળ પણ શુકદેવજી જેવા સુયોગ્ય પુરુષના મુખારવિંદથી કહેવાયું છે માટે પરમરસામૃતરૂપ છે.

હે શૌનકાદિ ઋષિવરો! આપે આ નૈમિષારણ્ય જેવી પરમ-

પવિત્ર ભૂમિમાં દીર્ઘયજ્ઞ કરવાનું વિચાર્યું, તે પણ અનાયાસે મહામંગલ કાર્ય બની ગયું છે."

શૌનકાદિ ઋષિઓ બોલ્યા: "આપનો સુયોગ અમને થયો તે પણ અમારાં મહાન ભાગ્ય! કારણ કે કથા ગમે તેટલી મધુર હોય, પણ એને કહેનારા શ્રેષ્ઠ વકતા ન હોય તો તેની મધુરતા, શ્રોતાઓ ગમે તેટલા સુયોગ્ય અને કથારસિક હોય, તો પણ ઓછી યોગ્યતા-વાળા પાસે એવી કથા સાંભળવામાં મધુરતા જાગતી નથી. આપ તો બન્ને રીતે સુપાત્ર છો. જેમ આપનામાં પ્રખર બુદ્ધિ છે તેમ આપ-નામાં ભગવાનની યથાર્થ શ્રદ્ધા અને ધારણા પણ છે. એટલે જ અમારી આતુરતા વધી ગઈ છે."

સૂત બોલ્યા: 'સૌથી પહેલાં તો પરમાત્મા અને પછી વ્યાસ ગુરુને નમીને શુકદેવજી વિષે જ શરૂઆતમાં થોડુંક કહી દઉં:

તદ્દન બટુક અવસ્થામાં શુકદેવ વૈરાગ્યવાસિત થઈ ઘેરથી નીકળી પડેલા. આવો અબોધ લેખાતો બટુક સાવ નાની ઉમ્મરમાં નોધારો (કોઈનો પણ સહારો લીધા વિના) એકાએક નીકળી પડે, ત્યારે સગા પિતાજીને કેટલું બધું લાગી આવે! આથી વ્યાસ જેવા જગદ્‌ગુરુ પણ 'ઓ બેટા! ઓ બેટા!!' કહી વિરહવ્યથા ઠાલવવા લાગ્યા ત્યારે શુકદેવજી પોતે જવાબ આપે તે પહેલાં શુકદેવની વતી વૃક્ષો જ બોલી ઊઠેલાં: "આત્મવત્ સર્વ ભૂતેષુ" સૂત્રનું આથી વધુ બીજું કયું પ્રત્યક્ષ પ્રમાણ જોઈ શકીશું? એવા યોગ્ય મહાપુરુષનું કથેલું આ રહસ્યપૂર્ણ અને પરમ નિઃસ્વાર્થ ભક્તિનો તાદૃશ પરિ-ચય કરાવે તેવું મહાપુરાણ છે. આ કલિકાળમાં આયુષ્ય પણ ઓછું છે અને આ યુગમાં લોકો પણ તર્કપ્રધાન છતાં વાસ્તવિક રીતે જોતાં તેઓ કમભાગી પણ છે અને મંદબુદ્ધિ પણ છે. તેમને સારુ તમો બધા સ્વીકારો છો તેવી જ પામર દશા છે. એટલે જ શુકદેવ જેવા

સંતમુખામૃતરૂપી નીકળેલી ભગવાન કૃષ્ણની આ અનુભૂત પ્રયોગકથા કહેવાનું મન થઈ જ જાય છે. આમ, વકતા પણ સુયોગ્ય, ગ્રંથ પણ સુયોગ્ય અને તમારા જેવા શ્રોતાઓ પણ સુયોગ્ય—એ બધું જોઈ જે સંતના હૈયામાં અખંડ ભગવાન છે એવા એ પરમસંતને મુખેથી કહેવાયેલી આ પરમ રહસ્યવાળી કથા આજે રજૂ કરતાં મને આનંદ જ થાય છે. જેની ધારા કોઈ સંયોગોમાં છેદાતી—ભેદાતી નથી એવી સાચી ભકિત આ ગ્રંથના જિજ્ઞાસુ શ્રોતાઓને જરૂર પ્રાપ્ત થાય છે. જ્યાં ભગવાનનું ચિન્તન હૃદયસ્થ થયું પછી કર્મો કરવા છતાં એનો બંધ થઈ શકતો નથી. દાઢમાંથી ઝેરની કોથળી ગઈ પછી મહા વિષધર સાપનો ડંખ પણ શું કરવાનો? એવો આ ભાગવતકથારસ સંસારને ઘેરી વળેલા અજ્ઞાનાંધકારનો કદી ન બુઝાતો અખંડ દીવો છે. હવે તમો એકાગ્રતાથી શ્રવણ કરો" એમ કહી ભાગવતકથા લંબાવી શ્રી સૂતજીએ આગળ ચલાવ્યું.

## કથા—પ્રારંભ

પ્રાણી હો નાનું કે મોટું, નારી—નર મહીં પણ;
આત્મા એક જુએ તેથી, વ્યાસથીયે વધુ શુક. ૧

સર્વ પેદા થયા જીવો, ભગવાન થકી જ્યમ;
ભગવાન મહીં પાછા, મળવું ધ્યેય છે ત્યમ. ૨

મુનિપ્રવર શ્રી સૂતજી બોલ્યા: "શૌનકાદિ ઋષિઓ! જેમ અગાધ સરોવરમાંથી નાના નાના અનેક પ્રવાહો નીકળે છે, તેમ ભગવાનથી જ એકબાજુ આખોયે સંસાર (નાના મોટા જીવો રૂપે) ઊપજ્યો છે તો બીજી બાજુ પાછા એ સંસારમાં નૈતિક મૂલ્યો ટકે

અને અન્યાય કે અધર્મની પ્રતિષ્ઠા ન થાય તે માટે તેઓ વિશિષ્ટ પ્રકારે પણ અવતારો ધારણ કરે છે. આવા અવતારો બીજાં પુરાણોમાં દશ કહ્યા છે. અહીં ભાગવતમાં એની સંખ્યા કુલ્લે મળીને ચોવીસની છે. અને બીજી રીતે કહીએ તો આ જેમ ભગવાનની સંખ્યા છે તેમ બીજા નાનામોટા ધર્મક્રાંતિકારોની સંખ્યા તો એથી પણ વિશેષ છે જ. દા. ત. મનુમહારાજ તથા એવા બીજા મહાપુરુષો (મહામાનવો) થયા છે, તે સીધેસીધા ભગવાનના જ અંશરૂપ ગણાય છે. આ બધા ભગવાનના અવતારો અને ભગવાનના અંશરૂપ અવતારોમાં ભગવાન કૃષ્ણ જ પૂર્ણ પુરુષોત્તમ અને સ્વયં ભગવાન કહેવાય છે, અને તેથી જ એક અર્થમાં તેઓ જગદ્‌ગુરુ પણ કહેવાય છે. આ ભગવાન જેમ પોતે આસક્તિથી રહિત છે, તેમ તેમને ખરા દિલથી ભજનારા પણ આસક્તિથી રહિત થઈ શકે છે. તેથી જ ભગવાન કૃષ્ણ પરના સેવામય પ્યારને લીધે હું તમોને ખરેખર સદ્‌ભાગી માનું છું. અને આ ભાગવતકથા જે વ્યાસજીએ રચી છે તે સાંભળવાની તમારી જિજ્ઞાસા જોઈ મને આનંદ આનંદ થઈ રહે છે. તમારે લીધે આ કથા સાંભળનાર સૌને પણ અનન્ય લાભ થવાનો છે. પહેલાં આ પુરાણનો વ્યાસજીએ શુકદેવજીને અભ્યાસ કરાવ્યો. જ્યારે રાજા પરીક્ષિત ગંગાતટ પર મૃત્યુપર્યંત નિરાહારી રહેવાનો નિયમ લઈને મોટામોટા ઋષિમુનિઓથી ઘેરાઈની બેઠા હતા, ત્યારે શુકદેવજીએ એમને આ સંભળાવેલ. એ શુકદેવજીએ સંભળાવેલ, ત્યારે હું પણ ત્યાં શ્રોતારૂપે બેઠો હતો. મેં તેમની પાસેથી અનુભવયુક્ત ગ્રહણ કર્યું, તે હું તમોને સંભળાવું છું.

વ્યાસજી બોલ્યા : "નૈમિષારણ્યમાંના આ દીર્ઘકાલીન યજ્ઞમાં જે મુનિઓ હતા, તેમાં શૌનક સૌથી વિદ્વાન અને વયોવૃદ્ધ હતા. તેઓ જ આ બધામાં કુલપતિ હોવાથી બોલ્યા :

"સૂતજી! આપ ભાગ્યશાળી અને શ્રેષ્ઠ વક્તા છો. શુકદેવજીએ જે કથા કહી, તે જ આપ કહો. કારણ કે શુકમહિમા તો એમના પિતાના મહિમા કરતાં પણ મોટો છે. તેઓના હૈયામાં નર–નારી અથવા માનવ અને માનવેતર એવા કશા જીવભેદ જ છે નહીં. અમે સાંભળ્યું છે કે વૈરાગ્યવાસી શુકપુત્રની પાછળ જ્યારે મોહવશ વ્યાસપિતા જઈ રહેલ, ત્યારે રસ્તામાં સરિતજલમાં કે સરોવરજલમાં નગ્નસ્નાન કરતી સ્ત્રીઓએ નગ્નપણે ચાલ્યા જતા શુકદેવને જોઈને જે નગ્નપણું નહોતું છોડયું, તે વૃદ્ધપિતા વ્યાસજીને જોઈને છોડી દઈ કપડાં ધારણ કરેલાં. અને જ્યારે વ્યાસ મહારાજે આમ કરવાનું કારણ પૂછયું ત્યારે સ્ત્રીઓએ સ્પષ્ટ કહ્યું કે, 'માફ કરજો મુનિજી! તમારી દૃષ્ટિમાં તો સ્ત્રીપુરુષ વગેરેનો ભેદ ભર્યો જ છે, જ્યારે તમારા પુત્રની દૃષ્ટિમાં આ ભેદ રહ્યો જ નથી.' આવા છે એ શુકદેવજી. તેઓ કુરુજાંગલ દેશમાં પાગલ, મૂંગા અને મૂર્ખની માફક વિચરે છે. તો તેઓએ શી રીતે પરીક્ષિતરાજને આ લાંબી ભાગવતકથા કહી હશે? વળી પરીક્ષિતરાજા તો સમ્રાટ હતા. તેઓ ગંગાતટ પર આ કથા સાંભળવા શા માટે બેઠા હશે? એમણે આમરણાંત અનશન કેમ કર્યું હશે? આવા અનેક પ્રશ્નો અમારા મનમાં ઊઠે છે. અને આપ જેવા અનુભવી જ્ઞાની સિવાય અમને આવા પ્રશ્નોનું સાચું સમાધાન બીજું કોણ આપી શકશે?"

## નારદનું પૂર્વજીવન

અતિકામી અહંકારી, સ્પૃહાવાન મદમત્સરી;
છો! હો! તોયે પ્રભુ પામે, સાચી કૃષ્ણ-કથા થકી. ૧
પૂર્વજન્મે હતા, નીચ ગતિમાં તોય નારદ;
કૃષ્ણ–કથાથી સત્સંગે બન્યા તે પ્રભુ–પાર્ષદ. ૨

કૃષ્ણ- કથા સુણાવે જો સત્સંગના પ્રતાપથી;
તો થવા પ્રાપ્ત સત્સંગ નમ્રતા પૂર્ણ સાધવી. ૩

શૌનકાદિ ઋષિઓને ઉદ્દેશીને સૂતજી વદ્યા : "પિતા પરાશર ઋષિ દ્વારા માતા સત્યવતીના ગર્ભમાં ભગવાનના—કલાઅવતાર એવા યોગીરાજ વ્યાસ જન્મ્યા. એકદા સરસ્વતી નદીને કાંઠે તેઓ શૌચાદિ-થી પરવારીને એકાંત પવિત્ર સ્થાને બેઠા હતા. સૌને સુલભ એવું મહાભારત રચ્યા પછી પણ તેમને સંતોષ નહોતો થયો. તેવામાં જ ત્યાં નારદજી પહોંચી આવ્યા. તેઓનું તેઓએ બહુમાન કર્યું અને બેસાડયા કે તરત તેઓ બોલ્યા : 'આપ તો ખૂબ ભાગ્યશાળી છો, છતાં કાં ચિન્તિત છો ?' વ્યાસ વદ્યા : 'આમ તો બધું જ મારાથી થયું છે, છતાં કાંઈક કમી રહી ગઈ છે. મને ખ્યાલ આવતો નથી કે આ કમી કઈ છે ? આપ ખુદ બ્રહ્માજીના માનસપુત્ર છો, જેથી આપ ગુપ્ત ભેદોને જાણો છો. પ્રકૃતિ અને પુરૂષ બન્નેના સ્વામી એવા પ્રભુને પણ આપ પિછાણો છો અને સૂર્ય સમાન ત્રણેય લોકમાં ભમી શકો છો. વળી સૌના અંતઃકરણને જોઈ પણ શકો છો. માટે આપ જ મારી કમી કઈ છે તે બતાવો...' નારદે કહ્યું : "આપે આમ તો બધું જ કર્યું છે. પણ હજુ વધુ પ્રમાણમાં ભગવાનનાં યશોગાન ગાવાં પડશે. હા, આપે ધર્મ આદિ પુરુષાર્થોનો ઉપદેશ જરૂર કર્યો છે; પરંતુ ભગવાન કૃષ્ણનો ગૂઢ મહિમા સવિશેષ પ્રમા-ણમાં ગાયો નથી. આપની પાસે એ ગાવાની શક્તિ તો ઘણી જ છે, માટે સ્મરણ કરી કરીને ભગવાન શ્રી કૃષ્ણની ગંભીર લીલાઓનું કીર્તન કરો. જુઓ, હું આપને મારા જ એક પૂર્વજન્મની ઘટના સંભળાવું. હું પૂર્વજીવનમાં વેદવાદી બ્રાહ્મણની એક દાસીનો છોકરો હતો. બચપણથી જ હું ત્યાગીઓની સેવામાં રહેતો. હું ઓછું બોલતો. આ ત્યાગીલોક વર્ષાઋતુમાં એક સ્થાને જ ચોમાસું કરતા. તેઓ ફક્ત ભગવાનની સાચી લીલાઓ જ ગાતા રહેતા. હું પણ ઘણી શ્રદ્ધાથી

ધ્યાનપૂર્વક તે ગાયનનું એક એક પદ સાંભળતો. તેથી પ્રભુમાં મારી રુચિ થઈ ગઈ. ચાર જ માસમાં મારામાં ભક્તિભાવ જાગી ગયો. ચાતુર્માસ પૂરું કરીને જતી વખતે તે સંતયોગીજનોએ મને ભગવત શરણાગતિ રૂપ ગુહ્યતમ જ્ઞાનનો ઉપદેશ આપ્યો, જેથી ભગવાનને સમર્પિત કરવાની કર્મકળા હું શીખી ગયો. ભગવાનનાં વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ એવાં ચાર વિખ્યાત નામ છે. આ ચારેયના નમસ્કારે ખુદ ભગવાન કૃષ્ણજીએ જાતે આવીને પ્રેમરૂપી ભક્તિનું દાન કર્યું. આથી જ મને લાગે છે કે આપ પ્રેમમયી ભગવાનની લીલાઓનું વર્ણન કરો, જેથી જ્ઞાનીથી માંડીને વધુમાં વધુ અજ્ઞાની છે તેમનાં પણ બધાં દુઃખો દૂર થઈ શકશે. ભક્તિ સિવાય આ કામમાં બીજા બધા ઉપાયો ભારે કઠણ છે. એક ભક્તિનો ઉપાય જ સરળ ઉપાય છે.' વ્યાસજીએ આખુયે પૂર્વકાળનું નારદજીનું જીવન જાણવા ઇચ્છયું, ત્યારે શ્રી નારદ બોલ્યા : 'હું તો બાળક હતો. ચોમાસું પૂરું થતાં ત્યાગીઓ બધા ચાલ્યા ગયા. અહીં બ્રાહ્મણોની વસતિમાં દાસીપુત્રરૂપે હું જ એકલો હતો. બાકી મારા ઉપર મારી માનું હેત અથાગ હતું. પણ શું કરે? તે પોતે પરાધીન હતી. છતાં મારી ખાતર દુઃખ વેઠીને પણ લાડ કરાવતી, તેવામાં અચાનક તે પણ એક દિવસ સર્પદંશથી પરલોકવાસી થઈ. છતાં મેં તો તેમાં પ્રભુદયા માની લીધી અને ઉત્તર દિશામાં એકલવાયો નીકળી પડ્યો. એક જંગલમાં વૃક્ષ તળે પ્રભુ–ચિંતનમાં મસ્ત બન્યો. ત્યાં મને ભગવાનનો સાક્ષાત્ અનુભવ થયો. રોમેરોમ પુલકિત થઈ ગયાં. પરંતુ ભગવાન તો ચાલ્યા જ ગયા અને હું ફરી પ્રભુદર્શન માટે વ્યાકુળ બન્યો ત્યારે તેઓએ કહ્યું : 'સત્સંગ અને નિષ્પાપપણાને લીધે જ તને મારો અનુભવ થઈ શક્યો. હવે બીજા જન્મમાં તું મારો પાર્ષદ થઈશ. તારી આ સંસ્કાર–સ્મૃતિ અખંડ રહેશે.' એમ આકાશવાણી થયા પછી એ વાણી પણ ફરી ન સંભળાઈ. પરંતુ એમનો આ કૃપા–પ્રસાદ પામીને ત્યારથી પ્રભુને

પ્રણામ કરીને હું ભગવાનની લીલાઓનું નિર્ભીકપણે બાળક હોવા છતાં કીર્તન અને સ્મરણ કરવા લાગી ગયો. મારી સ્પૃહા, મદ-મત્સર ચાલ્યાં ગયાં. મારી આસક્તિ ટળી ગઈ. હું બસ, એકમાત્ર કૃષ્ણપરાયણ બન્યો. અને પ્રેમથી મૃત્યુ આવ્યા બાદ આ દિવ્ય ભાગવત(ભગવાનના પાર્ષદ)રૂપ શરીર મળી ગયું, આ વીણા ખુદ ભગવાને દીધેલી છે. તે સાથે લઈને રોકટોક વગર સર્વત્ર આખાયે જગતમાં હું વિચરું છું. ભગવાન મારા હૈયામાં આવી સતત દર્શન આપે છે. આપના આત્મસંતોષનો પણ આ એક જ (ભાગવતની) કથા) ઉપાય છે. જગતના અહંકારી અને વિષયી માનવોના ઉદ્ધારનો પણ આ જ ઉપાય છે." એમ બોલી નારદજી વિદાય થયા."

જ્યારે શૌનકાદિ ઋષિઓએ પૂછ્યું : 'સૂતજી ! નારદમુનિએ પ્રેરણા પણ આપી અને આમેય વેદવ્યાસજી સ્વયં જ્ઞાની છે તો તેઓએ નારદમુનિના પધારી ગયા બાદ શું કર્યું ?'

ત્યારે સૂતજી બોલ્યા : "આપ સૌની જિજ્ઞાસા જોઈ મને પણ આ વાત કહેવાનું મન થઈ જાય છે. સાંભળો. બ્રહ્મનદી સરસ્વતીના પશ્ચિમ કિનારા ઉપર શમ્યાપ્રાસ નામનો એક આશ્રમ છે. ત્યાં વારંવાર ઋષિઓના યજ્ઞો થયાં કરતા હોય છે. એટલામાં જ ચારે તરફ બોરડીઓનાં વનની બાજુમાં વ્યાસજીનો પોતાનો પણ આશ્રમ છે. ત્યાં તેઓ પ્રથમ તો એકાગ્રતાથી બેસી ભક્તિભાવમાં લીન બની ગયા. કારણ કે માયાની સાથે રહેવા છતાં બચવાનું સાધન એકમાત્ર ભક્તિ-યોગ જ છે. તેથી પરમહંસોની સંહિતારૂપ તેઓએ આ ભાગવત પુરાણ રચી કાઢ્યું, જે સાંભળતાં જ શ્રીકૃષ્ણ ભગવાન તરફ આપો-આપ ભક્તિ જાગી જાય છે, જેથી શોક, મોહ અને ભય નષ્ટ થઈ જાય છે. તેમણે સૌથી પહેલાં આ મહાન શાસ્ત્ર એમના પુત્ર શુકદેવજીને ભણાવ્યું. શુકદેવ સ્વયંજ્ઞાની છતાં ભગવાને જ તેઓને આ ગ્રંથ ભણવા પ્રેર્યા હતા.''

# પરીક્ષિત અને પાંડવકથા

(ઉપજાતિ)

માયા વશે બન્ધન આત્મ કેરું,
આસક્ત એવા મનથી થયેલું;
નિર્લેપભાવે શુચિકર્મ થાતાં,
તે સર્વ બંધો છૂટી શીઘ્ર જાતા. ૧

(અનુષ્ટુપ)

નારી જાતિ; દયાળુ છે, ઉગારે અધમાધમ;
દે શકે પ્રેરણા તેની, રાજ્યમાં ધર્મનો પુટ. ૨

સૂતજી બોલ્યા: "હવે હું પરીક્ષિત–જન્મ, પરીક્ષિત–કર્મ તથા મોક્ષ અને પાંડવોના સ્વર્ગારોહણની વાત સૌથી પહેલાં કહીશ. જેથી આપોઆપ ભગવાન શ્રીકૃષ્ણની અનેક કથાઓનો ઉદય થઈ જશે. પાંડવ–કૌરવ યુદ્ધમાં પાંડવોનો વિજય થઈ ચૂકચો. ભીમગદાથી દુર્યોધનની જાંઘ ચિરાઈ ગઈ એટલે માલિકને સારું લાગે માટે અશ્વત્થામાએ સૂતેલાં દ્રૌપદી–બાળકોનાં માથાં ઊડાવી દીધાં. જો કે આ કર્પીણ ઘટનાથી ખુદ દુર્યોધન પણ દુઃખી જ થયો હતો! આવું અધમાધમ કૃત્ય એક આચાર્યપુત્ર કરે તે કેવું! અર્જુને અશ્વત્થામાને મારવાનું વચન ઉચ્ચાર્યું, પરંતુ પશુની માફક બાંધીને દ્રૌપદી પાસે અશ્વત્થામાને જ્યારે અર્જુને હાજર કર્યો, ત્યારે દ્રૌપદીને અશ્વત્થામાનાં પત્ની કૃપી અને માતા ગૌતમી બન્નેની દયા આવી. છેવટે મણિ સહિત મુકુટ ઉતરાવીને અશ્વત્થામાની એટલી તો માનહાનિ કરી નાખી કે જે મૃત્યુથી પણ ભયાનક વસ્તુ હતી! પછી યુધિષ્ઠિર, ધૃતરાષ્ટ્ર, ગાંધારી, કુન્તી, દ્રૌપદી આદિ સૌને ભ. કૃષ્ણે ધૌમ્યાદિ ઋષિજનોની સાથોસાથ બેસી

ધર્મોપદેશ આપ્યો. પછી યજ્ઞ-દાનાદિ ક્રિયાઓ કરાવી. હવે વિદાય થવા ભ. શ્રીકૃષ્ણ તૈયાર થઈ ગયા. આમ છળથી છીનવેલું રાજ્ય પણ કૃષ્ણકૃપાથી પાંડવોને પ્રાપ્ત થયું. જેવા તેઓ તૈયાર થયા કે તુરત ઉત્તરા દોડી આવી. અશ્વત્થામાથી ફેંકાયેલા બ્રહ્માસ્ત્રની અસરથી ભગવાને તે ઉત્તરાના ગર્ભનું કવચથી રક્ષણ કર્યું. ત્યારબાદ પાંડવો સહિત ભગવાન કૃષ્ણ શરશય્યા પર પોઢેલા ભીષ્મજી પાસે ગયા. દાદા ભીષ્મે ભગવાન કૃષ્ણની અંદરથી અને બહારથી સ્તુતિ કરી અને ધર્મરાજ વગેરે પાંડવોની માફી માગી લીધી. તે વખતે અનેક ઋષિ-મુનિઓ તથા રાજાઓ અને ભગવાન કૃષ્ણની હાજરીમાં અનેક ધાર્મિક પ્રશ્નો પુછાયા, જે બધાના સુંદર જવાબો મળ્યા. છેવટે ભીષ્મદાદા પ્રભુ-લીન બની દેહ તજી બેઠા. તેમની અંત્યેષ્ટિક્રિયા કરાવી ધર્મરાજ વગેરે પાંડવો ભગવાન કૃષ્ણ સાથે જ પાછા હસ્તિનાપુરમાં આવી ગયા અને ધર્મરાજ યુધિષ્ઠિર ભગવાન કૃષ્ણની સંમતિથી તથા કાકાશ્રી ધૃતરાષ્ટ્ર-જીની અનુજ્ઞાથી ત્યાંનું ધર્મલક્ષી રાજ્યશાસન ચલાવવા લાગ્યા."

શૌનકાદિ ઋષિઓ સૂતજીને પૂછે છે : "ધર્મરાજા યુધિષ્ઠિરને ભોગવૃત્તિ તો પ્રથમથી જ ન હતી ! તો તેઓએ હસ્તિનાપુરનું રાજ્ય શી રીતે ચલાવ્યું ?" સૂતજીએ કહ્યું : "વાંસ જેમ પરસ્પર ઘસાતાં અગ્નિ પેદા કરીને ભસ્મ થાય છે તેમ કૌરવો ખતમ થયા હતા. એમ છતાં ધર્મરાજને ભ્રાતૃવધનું ભારે દુઃખ હતું. તે ભ. કૃષ્ણ અને દાદા-ભીષ્મના ઉપદેશથી ભ્રાન્તિ ટળતાં અને જ્ઞાન થતાં 'જે થાય તે સારા માટે' માની દુઃખ વિસરાઈ ગયું. ભાઈઓ ભીમ વગેરે પણ એમની આજ્ઞાવશ રહ્યા. પોતે ભગવાનવશ રહી, તે વખતે એવું તો રાજ્ય ધર્મરાજ યુધિષ્ઠિરે ચલાવ્યું કે પરિસ્થિતિ પરિવર્તન થતાં જ વર-સાદ નિયમિત વરસવા લાગ્યો. ગાયો, નદી, સમુદ્ર, પર્વત, વનસ્પતિ, લતા ઔષધિ યથાર્થ રીતે પ્રજા કાજે ફળવા લાગ્યાં.' દૈવિક, ભૌતિક અને આત્મિક કલેશ તે પ્રજામાંથી વિદાય જ પામી ગયા."

# ભ. કૃષ્ણનું દ્વારકાગમન

જે આસક્ત લઈ ઓઠું સદાચાર પ્રચારનું;
ઉતારી પાડતા ક્રાન્ત સંત પ્રયોગકારને ૧

ત્યાં ઘઉં કાંકરા પેઠે, જનતાને જનાર્દન;
ઉઘાડા પાડી તે સૌને, પૂજાવે સત્ય આ જગે. ૨

અવ્યક્ત નીતિ ને ન્યાય, ને વ્યક્ત વિશ્વશાન્તિ છે;
મેળવે તાલ બન્નેને, પ્રયોગકાર સંત તે. ૩

આગળ વધતાં સૂત બોલ્યા : "હવે ભગવાન કૃષ્ણ હસ્તિનાપુરથી વિદાય થવા લાગ્યા કે વ્યાસમાતા સત્યવતી ધૌમ્ય–કૃપાચાર્ય વગેરે ઋષિજનો તથા દ્રૌપદી, ગાંધારી, કુંતી, સુભદ્રા, ઉત્તરા તથા ભીમ–અર્જુનાદિ પણ યુધિષ્ઠિર સહિત વ્યથિત થવા લાગ્યા."

સૂત કહે છે : "હસ્તિનાપુરની નારીઓ કહે, 'પ્રલય વખતે પણ જે મૂળરૂપમાં રહે જ છે, એવા આદિપુરુષ અને પૂર્ણબ્રહ્મરૂપ પરમાત્મા જ આ છે; ખરેખર તો આમની ભક્તિથી જ જગતની જે પરમવિશુદ્ધિ થાય છે તે કદી યોગ, ધ્યાન વગેરેથી થતી નથી. ખરેખર યદુવંશ આ દુનિયામાં સદ્ભાગી છે કે જ્યાં ભગવાન ખુદ જન્મ્યા. રુકિમણી આઠ પટ્ટરાણીઓમાં પણ વધુ માનિની હોઈ ઘણી સદ્ભાગિની નારી છે કે જેને વારંવાર ભગવાનના શરીરનું સ્પર્શસુખ અને હોઠ દ્વારા અમૃતપાનનું સુખ મળી જાય છે! જેના સ્મરણ માત્રથી ગોપીઓ પોતાના દેહનું જ સાવ ભાન ભૂલી જાય છે, ખરેખર તે ધન્ય નારી-રત્નો છે."

સૂત આગળ વધતાં કહે છે: "...કુરુજાંગલ, પાંચાલ, શૂર-

સેન, યમુનાતટવર્તી પ્રદેશ, બ્રહ્માવર્ત, કુરુક્ષેત્ર, મત્સ્ય, સારસ્વત, મરુધન્વ વગેરે પ્રદેશો વટાવી સૌવીર અને આભીર પ્રદેશની પશ્ચિમે આનર્ત દેશમાં શ્રીકૃષ્ણ આવ્યા. રસ્તામાં તેમને ખૂબ ભેટો મળી. ઘોડા તો થાકી જ ગયા હતા. દરસ્તામાં જ્યાં જ્યાં જલાશયો આવ્યાં, ત્યાં ત્યાં તેઓએ ઊતરીને સંધ્યાવંદનક્રિયા વગેરે કર્યું જ હતું. પાંચજન્ય શંખ વાગતાં જ દ્વારિકાવાસી ધન્યભાગી પ્રજા નાચતી નાચતી પોતાના સ્વામીને સામે લેવા ગઈ. મધુ, ભોજ, દશાર્હ, અર્હ, કુકુર, અંધક અને વૃષ્ણિવંશી યાદવો વીર હતા. સ્વાગત માટે દ્વારિકામાં શણગારનો પાર ન રહ્યો. સૂત તથા માગધ બંદીજનોએ સ્તુતિગાન (બિરદાવલી) કર્યું. દેવકી આદિ સાતેય વસુદેવપત્નીઓને જોવા વંદન કરવા કૃષ્ણ પાસે ગયા કે તરત તેમને ગોદમાં બેસાડી જ દીધા. વાત્સલ્ય–ઝરણીઓ તેમનાં સ્તનોમાંથી સહેજે ફૂટવા લાગી ગઈ. વસુદેવજીને ચરણે પડી પ્રભુએ આશીર્વાદ લીધા, ત્યાં તો સોળહજાર એકસો આઠ રાણીઓ રાજી રાજી થઈ ગઈ. તેઓનાં મુખ અને લોચનો લજ્જિત થયાં. છતાં પ્રથમ મનથી, પછી આંખોથી અને છેવટે પુત્રોના બહાનાથી ધરાઈ ધરાઈને આલિંગન કર્યું.

"આવું નજરોનજર જોઈ જેઓ કામીજનો હતા તેઓ તો ભગવાન શ્રીકૃષ્ણને પણ અતિકામી અને અતિ આસક્ત જ માની લઈ, ટીકા કરવા લાગી ગયા. કેવી સાશ્ચર્ય મૂર્ખતા છે! પણ એમાં એમનો શો વાંક? કારણ કે ખુદ સોળ હજાર એકસો આઠ રાણીઓ જ એમ સમજી ગઈ કે દુનિયામાં ભલે આ ભગવાન ગણતા હોય! પરંતુ અમારા નેત્રકટાક્ષોથી (જુઓને?) કેવા પાણી પાણી થઈ જાય છે! બસ જગતની આ જ નવાઈ છે કે જેવી દૃષ્ટિ હોય તેવું જ આસક્ત માનવીઓ–પછી ગમે તેવા શુદ્ધ પવિત્ર ગણાતાં હોય કે પવિત્રતા માટે આમ કરીએ છીએ એમ કહેતાં હોય પણ સાચા અનાસક્તને પણ તેઓ–આસક્ત માનીને જ ટીકાટિપ્પણી અને

હાંસી મશ્કરી કરવા લાગી જતાં જ હોય છે. માત્ર વિરલા જ આવા યુગપુરુષોને ઓળખીને (એમની) યથાર્થ કદર કરી શકે છે (મતલબ કે, પ્રયોગકાર તરીકેની કદર કરી શકે છે."

## પરીક્ષિત અને કલિયુગ

ઉપજાતિ

જુગાર અસત્ય તણો પિતા છે,
દારૂ થકી તો મદવૃદ્ધિ થાયે;
આસક્તિ તીવ્ર વ્યભિચારથી જ;
હિંસા થકી નિર્દયતા અતીવ. ૧

સોનું તે સર્વદોષોનું, વાહક એકલું બને,
ન જો ન્યાયનીતિ સાથે, ધનિકો જીવતાં શીખે. ૨

શૌનકજી વગેરેને ઉદ્દેશીને સુતજીએ કહ્યું : "અશ્વત્થામાએ ઉત્તરારાણીના ગર્ભને નષ્ટ કરવા પ્રયત્નો તો કર્યા પણ ભગવાને એ પ્રયત્નોને નિષ્ફળ બનાવ્યા. આ રીતે પરીક્ષિત ઊગરી ગયો. પરીક્ષિતના ભવિષ્ય વિષે બ્રાહ્મણોએ કહ્યું : 'મનુપુત્ર ઇક્ષ્વાકુની જેમ આ સ્વપ્રજાપાલન કરશે. રામના જેવો સત્પ્રતિજ્ઞ હશે. આ શરણાગતવત્સલ તથા યાજ્ઞિકોમાં દુષ્યન્તપુત્ર ભરતની માફક વંશનો ફેલાવો કરશે. બાણકળામાં અર્જુન જેવો બહાદુર થશે અને એ સંપૂર્ણ રીતે પ્રાણીપ્રેમી હશે.' આ જાણી સૌથી વધુ આનંદ ધર્મરાજ યુધિષ્ઠિરને થયો. (૧) પાંડવ-કૌરવોનો વંશ ચાલુ રહ્યો અને (૨) સુયોગ્ય પુત્ર મળ્યો. તેવામાં મહર્ષિ મૈત્રેય પાસે આત્મજ્ઞાન પામીને વિદુરજી હસ્તિનાપુરમાં આવી લાગ્યા. આ સત્સંગને લીધે વિદુરજીની કૃષ્ણભક્તિ મજબૂત

બની ગઈ. તેમના સ્વાગતમાં ઉર્મિભેર સૌ ગયાં. ધર્મરાજ યુધિષ્ઠિરે બહુ જ આનંદથી તેઓનો સત્કાર કર્યો. કારણ કે કાકા વિદુરજી ધર્મના જ અવતારરૂપ હતા. ત્યારબાદ વિદુરે દાખવેલે રસ્તે ધૃતરાષ્ટ્ર અને ગાંધારી બન્ને જણ ઉત્તરાખંડમાં હિમાલય તરફ વિદુરજી સાથે જ નીકળી પડયાં. ધર્મરાજ યુધિષ્ઠિરને આના ખબર મળતાં તેઓને પ્રથમ તો ખૂબ ખૂબ દુઃખ થયું, પરંતુ તેવામાં અચાનક નારદ મુનિજીએ આવીને ધર્મરાજને સાચો દિલાસો આપ્યો : 'સપ્તર્ષિ જેવી ગંગાની સાત ધારાઓના પવિત્ર સ્થળે તેઓ ગયાં છે અને બન્ને મૃત્યુને ખુશીથી ભેટશે; ચિન્તા ન કરશો.' એમ કહી તેઓ ચાલ્યા ગયા. તેવામાં જ ધર્મરાજ યુધિષ્ઠિર, આ દિવસોમાં જેનું ખૂબ ચિંતન કરતા હતા તે નાનોભાઈ અર્જુન દ્વારકા જઈને લગભગ સાત માસે પાછો ફર્યો. આથી તરત ધર્મરાજાએ અર્જુનને દ્વારકાપુરીના અને ભગવાન કૃષ્ણના ખબરઅંતર પૂછવા માંડયા. પણ અર્જુને તો વજ્રાઘાત જેવા દુઃખપ્રદ સમાચાર કહેતાં કહેતાં આંખોમાંથી અશ્રુધારાઓ ટપકાવવા માંડી. આ સાંભળીને હિમાલય તરફ પાંડવો પણ ચાલવા લાગી ગયા. તેઓએ રસ્તામાં સાંભળ્યું કે પ્રભાસમાં વિદુરજીએ પણ પરલોકમાં પ્રયાણ કર્યું છે. આમ દ્રૌપદી અને પાંડવોના વિરહતાપે થોડો વખત તો પ્રજાનું આખું વાતાવરણ શૂન્યકાર બની ગયું. પરંતુ ગુણનિધિ પરીક્ષિતે ગાદી પર આવી બધું સારી રીતે પાછું વાતાવરણ સંભાળી લીધું. પરીક્ષિતનું લગ્ન ઉત્તરપુત્રી ઇરાવતી સંગાથે થયેલું. તેનાથી તેઓને જનમેજય આદિ ચાર પુત્રો થયા. એવામાં એક દૃશ્ય તેમણે જોયું. એક શૂદ્ર જેવો જણાતો માનવી ગાય તથા બળદને મારતો હતો. તેનાથી તરત ગાય અને બળદનું પરીક્ષિત રાજાએ સારી પેઠે રક્ષણ કર્યું. એ ગાયરૂપે પૃથ્વી હતી અને એક પગવાળા બળદરૂપે ધર્મરાજા પોતે હતા. આ કલિયુગમાં ધર્મરાજાના તપ, પવિત્રતા અને દયા એ ત્રણ પાયાઓ નષ્ટ થયા છે; માત્ર એક સત્યનો પાયો જ મજબૂત છે. તેને તો કલિયુગ નષ્ટ નહીં જ કરી

શકે. છેવટે કલિયુગે પોતાનું સ્થાન માગ્યું. અને તે રીતે પરીક્ષિત રાજાએ (૧) જુગાર (૨) દારૂ (૩) સ્ત્રીસંગે સ્પષ્ટ થતો દુરાચાર અને (૪) હિંસા, જેમાં ચાર પ્રકારના ક્રમશઃ દોષો છેઃ (૧) અસત્ય (૨) મદ (૩) આસક્તિ અને (૪) નિર્દયતા. મતલબ કે આ જાતના આ ચાર દોષવાળાં જ સ્થાનો તારે યોગ્ય છે તેમ કહ્યું. કલિયુગે જ્યારે વધુ એક સ્થાન માગ્યું ત્યારે (૫) 'સોનું' બતાવાયું. આત્મ-કલ્યાણની ઇચ્છાવાળાએ એ પાંચેય સ્થાનોથી અળગા સદાય રહેવું અને ધર્મલક્ષી રાજાએ, પ્રજાવર્ગના સાચા સેવકે અને ધર્મોપદેશકે તો આનાથી દૂર રહેવું; એટલું જ નહીં જનતાને પણ એ અધર્મથી બચાવી જ લેવી."

ઋષિપ્રવર સૂતજીએ કહ્યું: "ભગવાન કૃષ્ણની ચિરવિદાય પછી જ કલિયુગનો પ્રભાવ ઊભો થયેલો અને ફેલાવા લાગ્યો. પરંતુ જુગાર, દારૂ, વ્યભિચાર અને હિંસા ઉપરાંત 'સોનું'એ પાંચ સ્થાનમાં જ કલિ રહેવા લાગ્યો, જેથી રાજા પરીક્ષિતજીને થયું–'આ પાંચમાં ફસાનાર(જનો)માં જો કલિ રહેતો હોય, તો એ મૂર્ખજનોમાં છોને રહેતો!'—એટલે પરીક્ષિત રાજાએ એક અર્થમાં નચિંતતા પણ અનુભવી. કારણ કે પરીક્ષિત રાજાનું ચિત્ત ભગવાન કૃષ્ણના ચરણમાં સંપૂર્ણપણે સમર્પિત થઈ ચૂક્યું હતું."

## પરીક્ષિતને શ્રાપ

ક્યારેક ઇષ્ટ–નેષ્ટોના, ગર્ભે છુપાઈને રહે;
માટે જ ઇષ્ટ–નેષ્ટોમાં, ભેદ ન જ્ઞાનીઓ જુએ. ૧

તેમાંય જો અનિષ્ટોનું, બને નિમિત્ત ભક્ત કો';
તો છે ત્યાં ગૂઢ સંકેત, નિસર્ગનો માનજો ભલો. ૨

આવી જ્યાં સત્કથા, વક્તા, ને શ્રોતા હો સુપાત્ર જો;
તો ત્યાં ખુદ સાકાર, બની પ્રભુ પધારતા. ૩

સૂતજીએ કહ્યું : "પરીક્ષિત રાજાનું ચિત્ત ભગવાનના ચરણમાં સંપૂર્ણ સમર્પિત હતું. આથી, એમને માટે જિંદગી અને મૃત્યુ બન્ને પણ સરખાં જ હતાં. મૃત્યુનો ભય નહોતો. એની પ્રતીતિ એ કે બ્રાહ્મણના શાપને નિશ્ચિત બનાવી- તક્ષકનાગ દંશ મારવા આવવાનો છે એમ જાણવા છતાં, બધા પ્રકારની આસક્તિ તજીને ગંગાકિનારે નૈષ્ઠિક બ્રહ્મચારી શુકદેવજી પાસે તેઓ ભાગવતકથારસ પીવા એકાગ્ર થઈ ગયા. બસ, આ મુખ્ય વાત જ સમજી લેવાની જરૂર છે..." આ સાંભળી શૌનકાદિ ઋષિઓ સૂતકથનથી પ્રભાવિત થઈને એકદમ બોલી ઊઠ્યા : 'બસ, બસ. આ લોકદૃષ્ટિએ મોટામાં મોટા યજ્ઞ અમો કરવા અહીં આવ્યા છીએ, પણ આપ જેવા પ્રખર અનુભવીના મુખારવિંદથી ભાગવતકથા સુણીને અમોને દુનિયાનું બીજું બધું જ જાણે સાવ તુચ્છ ભાસે છે! સ્વર્ગ તો શું પણ આ પ્રસંગે ખુદ મોક્ષ સામેથી આવે, તો એનેય ભેટવા ઊઠવાનું અમને જરાય મન નથી થતું. તેથી વધુ શું કહીએ? ભાગવતકથા આપ જેવા મહાન અધિકારી સંત પાસેથી સાંભળતાં ભગવાન કૃષ્ણના વિશ્વમય જીવનનું જાણે જાત-સંવેદન થઈ જાય છે. આપ જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણજીવનલીલા, શક્ય તેટલા વિસ્તારથી અમને જરૂર સંભળાવો. અમો જરૂર એ બધું જીરવી શકીશું. બ્રહ્માજી અને શંકર ભગવાન પણ કૃષ્ણગુણનું વર્ણન પોતાના મુખથી પૂર્ણપણે કરી શકતા નથી; પરંતુ આપ જેવા શ્રીકૃષ્ણ-કથારસમાં નિમગ્ન અને અંદરથી અને બહારથી (એમ બન્ને પ્રકારની) સાધુતાવાળા ઋષિજન તો એ ગુણોનું વર્ણન જરૂર કરી શકો છો. કારણ કે આપના હૈયામાં જ નહીં, બલ્કે રોમેરોમમાં એકમાત્ર શ્રીકૃષ્ણ રમી રહ્યા છે.' ખૂબ ખુશ થઈને સૂતજી બોલ્યા —"સુપાત્ર શ્રોતાજનો આગળ સાચું વક્તૃત્વ સહેજે ખીલી ઊઠતું હોય છે. બાકી

ભગવાન શ્રીકૃષ્ણના ગુણનો પાર કોઈ જ નહીં પામી શકે, તો હું ક્યાંથી જ પામું? વળી આપ ભલે મને પરમસંત કહો કે માનો, પણ હું મારી ઊણપો સ્પષ્ટ રીતે જોઈ શકું છું. સાકાર છતાં નિરાકાર એવા ખુદ પરમાત્માના ગુણો કરતાં પણ શ્રીકૃષ્ણ–ગુણ અનેક દૃષ્ટિએ વધી જાય છે; કારણ કે વીતરાગતાની પરાકાષ્ઠા સાધી મોક્ષ પામવો અથવા મોક્ષ પામીને નિર્લેપતા અનુભવવી એ બધું કઠણ તો ઘણું, પરંતુ રાગમય વિચાર, વાણી અને વર્તન નજરોનજર દેખવા છતાં એ રાગમયતાને પણ વીતરાગતાનો ચેપ લગાડી શકે એવી પરમ નિર્લેપતા(સંસારમાં એવું જીવન જીવીને) બતાવવી એ બધાથી પણ કઠણ છે. આ જ એ પૂર્ણ પુરુષોત્તમની વિશેષતા છે...'' એમ બોલીને તેઓએ સીધેસીધું કથાનું જ મંડાણ કરવા માંડયું. સૂતજી બોલ્યા : ''એકદા જંગલમાં એકાકી ફરતા રાજવીને ખૂબ ભૂખ તરસ લાગ્યાં. દૂરથી આશ્રમ જોઈ ભૂખ–તરસ નિવારવા પરીક્ષિત રાજવી શમિકમુનિના તે આશ્રમમાં પહોંચ્યા. પણ શમિકમુનિના પુત્ર ઋષિકુમાર શ્રૃંગી બાજુમાં રમવામાં પડેલો, જેથી રાજાને ભૂખ-તરસ છતાં કોઈએ કશો તેનો ભાવ ન પૂછ્યો. કારણ કે શમિકમુનિ પણ ધ્યાન–મગ્ન હતા. રાજાને આ ન સમજાયું. તેનો અહંકાર ઘવાયો. ગુસ્સામાં ને ગુસ્સામાં તેને કશું ભાન ન રહ્યું. તેણે ધ્યાની અને પ્રશાંત મુનિના ગળામાં મરેલો સાપ ધનુષના છેડા વતી પહેરાવી દીધો. બાળક શ્રૃંગી ઋષિકુમારને આની જાણ થઈ કે તરત તે પણ તેના જેવા સંતને અણછાજતું બોલી ગયો : 'પૂજ્ય એવા બ્રાહ્મણ અને તેમાંય મહર્ષિનું આવું અપમાન કરનારો કોણ છે? શું જાણે છે એ?' એમ ક્રોધમાં ને ક્રોધમાં 'જા તને સાચો તક્ષક નાગ કરડી મોત આપશે.' શમિકમુનિ ધ્યાનથી પરવરીને જુએ છે તો રડતો ઋષિકુમાર આ બોલી રહ્યો હતો. પરિસ્થિતિ સમજી લઈને તેઓ બોલ્યા : 'બેટા! કેટલીક વાર સારો માણસ પણ મોટી ભૂલ કરી બેસતો દેખાય છે. ત્યાં ક્ષમા આપવી, તે સંતોની ફરજ છે; નહીં કે આવાં

ક્રોધ તરબોળ શ્રાપવચન! પણ ખેર! દીકરા! તું તો નિમિત્ત બન્યો છે! ઋષિ પિતા–પુત્ર બન્ને પારાવાર અફસોસ કરે છે. અહીં પરીક્ષિત-રાજાને પણ આ અપકૃત્યનો પારાવાર પસ્તાવો થાય છે અને ગંગા-કિનારે આવી અનશન-વ્રત લઈ બેસે છે. તેવામાં કુદરતી રીતે ઋષિ-મુનિઓ, બ્રાહ્મણો વગેરે માતબર લોકો ત્યાં આવી પહોંચે છે અને થોડી જ વારમાં ત્યાં શુકદેવજી અવધૂત પણ જાતે ઉપસ્થિત થાય છે. કુદરતની કેવી વ્યવસ્થિત યોજના છે! પરીક્ષિત રાજા ખુશ ખુશ થઈ ગયા અને "આ યુગે ક્ષણભંગુર કાયાવાળા માનવી માટે ઉત્તમમાં ઉત્તમ કર્યું કર્તવ્ય?" આવો સૌને માટે અતિમહત્ત્વનો પ્રશ્ન પૂછી નાખ્યો."

## શુકદેવનો ઉપદેશ

અવતારો પુરાણોમાં, દશ–ચોવીસ; જે કહ્યા;
તે પૈકી શ્રેષ્ઠ–સર્વાંગી, પ્રભુ શ્રી કૃષ્ણજી રહ્યા. ૧

કિંતુ અંધ ઘટે ના કૈં, અનુકરણ એમનું;
ઊર્ધ્વીકરણના યત્ને, છો પડે સરખાવવું. ૨

શુકદેવજી બોલ્યા : "રાજેન્દ્ર પરીક્ષિતજી! આ કાળ એક રીતે અતિશય કઠણ છે, તે એટલા માટે કે બુદ્ધિશાળી માનવી ઝીણામાં ઝીણી વાત તરત સમજી જાય છે, પણ આચરી શકતો નથી; હવાઈ કલ્પનાઓમાં મોટે ભાગે રાચે છે. બીજી રીતે આ કાળ અતિશય સરળ પણ છે. કારણકે બહુ આચરી ભલે ન શકે, પણ શ્રીકૃષ્ણ વાસુ-દેવનું મનમાં અખંડ સ્મરણ રાખે, એટલે તેટલેથી જ તેનો બેડો પાર થઈ જાય છે. અનિત્યમાં રાચવું એના કરતાં નિત્યમાં રાચવું શું

ખોટું ? શરીર, પુત્ર, સ્ત્રી આદિના સ્થૂળ સંબંધો અનિત્ય છે; જ્યારે ઈશ્વર જ જેની પછવાડે છે, તે સૂક્ષ્મ સંબંધ નિત્ય છે. દુઃખની વાત એ છે કે માનવીને ઉત્તમ તક મળી છે, છતાં તે ઉપલક–એટલે કે ઉપરનું–જ મુખ્યપણે જુએ છે. ખરી રીતે જોવું તો એ જોઈએ કે આ બધાં ઉપરનાં દેખાતાં લોભામણાં દશ્યો પાછળ પણ મૂળ કારણ શું છે, અને તે ક્યાં છે ? મારા પિતા કૃષ્ણ દ્વૈપાયને મને દ્વાપર યુગના અંતમાં શ્રીમદ્ ભાગવતરૂપી મહાપુરાણનું અધ્યયન એટલા માટે જ કરાવ્યું. આમ તો મારી કુદરતી રુચિ નિર્ગુણ પરમાત્મામાં હતી, પરંતુ આ ભાગવતમાંની ભગવાન શ્રીકૃષ્ણ જગદ્-ગુરુની અદ્ભુત લીલાઓએ ખરેખર મારું હૃદય એવું તો હરી લીધું કે હવે એના ચિંતન વિના મને કશું કાંઈ જ ગમતું નથી. તારા જેવો યોગ્ય અને જિજ્ઞાસુ શ્રોતા મળ્યો, એટલે હવે મારા આનંદની કોઈ સીમા રહી નથી. જો, સૌથી પહેલાં હું તને રાજર્ષિ ખટ્વાંગની વાત કહીશ. તે રાજર્ષિને જ્યારે લાગ્યું કે હવે મારું આયુષ્ય તૂટવામાં માત્ર બે ઘડી બાકી છે, ત્યારે જ ભાગવત શ્રવણથી ભગવાનના અભયપદને પ્રાપ્ત કરી લીધું હતું; તો તારે માટે તો હજુ પૂરેપૂરા સાત દિવસ જિંદગીના બાકી છે, એટલે જરૂર તારું અને તારા નિમિત્તે ભાગવત શ્રવણથી અનેક જીવોનું કલ્યાણ થશે. મૃત્યુ સમયે ગભરાઈશ નહીં. હા, શરીર અને તેને લગતાં સંબંધીઓના સંબંધોમાં અહંતા-મમતા દૂર રાખી, માત્ર કર્તવ્ય સંબંધ જ રાખે ! શરૂઆતમાં તે પૈકીના મોહ–સંબંધથી છૂટી કર્તવ્ય–સંબંધ નક્કર બનાવવા માટે તે બધાંથી વેગળા એકાંતમાં રહેવું પડે, ખરું. અને સ્થિર આસને પવિત્ર જગ્યાએ પવિત્ર "ૐ" કારનો મનને દમીને નક્કર જાપ પણ કરે ! પ્રાણને પણ વશ કરવા જરૂરી તો છે જ, છતાં જ્યારે મન ચંચળ થાય ત્યારે ભગવાનમાં તેને લગાડી દેવું, જેથી ક્રમેક્રમે જરૂર વાસનામુક્તિ થઈ જવાની." રાજા પરીક્ષિતે જ્યારે પૂછ્યું : 'મનનો મેલ મટાડનારી ધારણા કઈ ?' શુકદેવજી બોલ્યા : "શરૂમાં આસન

સિદ્ધિ અને પ્રાણુનો આયામ જરૂરી છે. ઇંદ્રિયોને વશ રાખવી પણ અનિવાર્યપણે જરૂરી છે. પછી આ બધું જ વિરાટ સમષ્ટિના અંગ રૂપ વિશ્વ છે, તેવી ધારણા કરવી જોઈએ. મતલબ કે 'જો પિંડે સો બ્રહ્માંડે' એ હકીકત રૂપ નગદ સત્ય છે. માનવ એ વિરાટનું નિવાસ-સ્થાન છે, એમ માનવું જોઈએ. પરીક્ષિતજી! વિરાટ ભગવાનનું આ સ્થૂળ શરીરવર્ણન છે. બુદ્ધિ દ્વારા મનને સમજાવી આ સ્થૂળ રૂપમાં સ્થિર કરવું જરૂરી ગણાય, અને શરીરની અનિવાર્ય જરૂરિયાતો રાખીને બીજી છોડી દેવી જોઈએ. અનિવાર્ય જરૂરિયાતોમાં પણ માનવે સાદાઈમાં ભવ્યતા અને સંયમમાં આનંદ ખોળવો જોઈએ. ભગવાન પર અનન્ય પ્રેમમય ભક્તિ ન સધાય, ત્યાં લગી ભગવાનના સ્થૂળ રૂપનું જ મુખ્ય ચિંતન કરવું ઘટે. નિર્મળ બુદ્ધિથી મન વશ કરી અંતરાત્મામાં અને પછી પરમાત્મામાં સાધક સ્થિર થઈ જાય! આમાં જ સાચી કૃતકૃત્યતા છે. આમ થવાથી ત્રિગુણાતીત સહેજે થવાય છે. ખરેખરે તો શ્રીકૃષ્ણ તરફ અનન્ય પ્રેમ એ જ સર્વશ્રેષ્ઠ ધર્મ છે." આટલું કહીને સૂત–શૌનક સંવાદ યાદ કરી ફરીને શુકદેવ બોલ્યા: "બ્રહ્માને પ્રભુએ કહ્યું અને બ્રહ્માજીએ પોતાના પુત્ર નારદ ઋષિને કહ્યું. ભગવાનના લીલામય અવતારોનું વર્ણન કર્યું. સામાન્ય રીતે પુરાણોમાં દસ અવતારોનું વર્ણન આપે છે. પણ અહીં સરળતા માટે હું ચોવીસ અવતારો વર્ણવું છું. (૧) પહેલો અવતાર ચાર સનકાદિરૂપ લઈને ઋષિઓને ભુલાયેલું જ્ઞાન પ્રથમ જ તાજું કરાવ્યું (૨) ધર્મરાજનાં પત્નીના ગર્ભમાં તપસ્વીરૂપે નર–નારાયણ થયા. (૩) ધ્રુવ (૪) પૃથુરાજા (૫) ઋષભદેવ (૬) હયગ્રીવ (૭) મત્સ્યાવતાર (૮) કચ્છપાવતાર (૯) નૃસિંહ (૧૦) વામનાવતાર (૧૧) હંસાવતાર (૧૨) મનુ અવતાર (૧૩) ધન્વંતરી (૧૪) પશુરામ (૧૫) રામ (૧૬) કૃષ્ણ તથા બુદ્ધ અવતાર વગેરે ચોવીસ અવતારોનું વર્ણન અહીં સાવ ઇશારા રૂપે કર્યું છે.

પરંતુ કૃષ્ણ–સ્વરૂપ ઉપર જ મુખ્ય મદાર બાંધ્યો છે. કૃષ્ણનું ચતુર્ભુજ સ્વરૂપ જોઈ તથા તેમના ચાર પાર્ષદો (સુનંદાદિ) સાથે તેઓને નિહાળી બ્રહ્મા આનંદ પામ્યા. પછી ખુદ ભગવાન પાસેથી નારદે સાંભળવા માંડયું, એ જ ભાગવત હવે શુકદેવજી જાતે સંભળાવે છે.

## ગ્રંથાવતાર ભાગવત

વ્યક્તિ–સમાજ બન્નેની, સાધના સમતોલતા;
હોય જો તો જ સર્વાંગી–મોક્ષ પ્રાપ્તિ; થતી યથા. ૧

વ્યક્તિની સાધના કિંતુ, અહીં એકાંગિની બની;
તેથી આ રાષ્ટ્રમાં આજે, સમાજસાધના પ્રતિ. ૨

આપવા ઝોક મુખ્યત્વે, સર્વાંગી સાધના ભણી;
ભાગવત પ્રભુ પૂર્ણ શ્રીકૃષ્ણની કથા કહી ૩

શ્રી શુકદેવજી બોલ્યા : "રાજા પરીક્ષિત ! આમ તો આ ભાગવત પણ એક પુરાણ જ છે; છતાં તે ગાગરમાં સાગર સમું છે. તેમાં સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઇશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય એમ દશેય વિષયોનું વર્ણન છે પણ એનો મૂળ આધાર આશ્રયતત્ત્વ છે. તેને યથાર્થ મજબૂત કરવા માટે જ બાકીના નવ વિષયો વર્ણવ્યા છે. આમાં શ્રૌત અને સ્માર્ત બન્ને વિચારધારાઓ છે. એટલે કે વ્યક્તિગત સાધના અને સમાજગત સાધના બન્નેય છે. પરંતુ બન્નેની સમતુલા છતાં આ કલિકાળને અનુરૂપ સમાજગત સાધના પર જોર વિશેષ અપાયું છે. આત્મા પોતે પરમાત્મારૂપ હોવા છતાં માયાવશ થઈ નિર્લેપ છતાંયે કેમ ઊપજે છે અને વિસ્તરે છે, તે ખરેખર અત્યંત ચિન્તનીય બાબત હોવા છતાં

હકીકતરૂપે છે જ. આથી, આખરે તો આ બધી બાબતોને મન, વાણી અને કાયાથી અગમ્ય છતાં અનુભવગમ્ય માની સંસાર કેમ થયો, એ વિચાર કરવાને બદલે સંસાર કેમ કરી છૂટે તેનો જ વિચાર મુખ્યપણે કરવો જરૂરી છે. આ દૃષ્ટિએ ભગવાનના પરમભક્ત વિદુરજી અને મૈત્રયનો જે અતિસુંદર સંવાદ છે, તે જ તમોને હું સંભળાવી દઉં : "વિદુરજીએ પોતાના ભાઈ ધૃતરાષ્ટ્રને, ધર્મરાજ યુધિષ્ઠિર આદિ પાંડવોને પોતાના પુત્ર તથા પુત્રમિત્રોથી થયેલા ઘોર અન્યાયને દૂર કરવા અને તેમ ન થાય તો દુર્યોધન, દુઃશાસન આદિને તદ્દન છોડવા સમજાવ્યા. પણ આ વાત સાંભળી દુર્યોધનાદિએ અપમાનથી વિદુરજીને કાઢી મૂકચા. પરંતુ તેઓને આવા અપમાનની કચાં પડી હતી ? તેઓએ પ્રભાસ આદિ સુંદર તીર્થો કર્યાં અને યમુનાતટ પર ઉદ્ધવજી મળ્યા. તેઓ પ્રેમથી અરસપરસ ભેટી પડચા અને પોતાના આરાધ્ય દેવ અને ભગવદ્દાતાર શ્રીકૃષ્ણ તથા આખાયે તે પરિવારના કુશળ-ક્ષેમ પૂછચા. આ વખતે ઉદ્ધવજીની આંખમાં વિરહાશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. બચપણથી જ તેઓએ મૂર્તિ બનાવી શ્રીકૃષ્ણભક્તિ દૃઢ કરી હતી અને પછી તો વર્ષોથી તેઓની પ્રત્યક્ષ સેવા કરી હતી. તેનું વિદુરજીએ નામસ્મરણ કરાવ્યું એટલે રોમે રોમે ભક્તિ ઊલસે તે સ્વાભાવિક હતું. ઉદ્ધવ બોલ્યા : 'સમુદ્રમાં રહેલી માછલી ચંદ્રને શું જાણે ? તે ભગવાન કૃષ્ણને યાદવો ન ઓળખી શકચા. ન કૌરવો ઓળખી શકચા.' એમ કહી બાલવયે, કિશોરવયે અને યુવાનવયે ભગવાન શ્રીકૃષ્ણે જે જે લીલાઓ કરેલી તેનું સવિસ્તર વર્ણન કર્યું. ઉદ્ધવજી પાસે વિદુરજીએ ભાગવત સાંભળવા ઇચ્છયું. પરંતુ તે બધું મૈત્રેય કહેશે, એમ સમજાવી વિદુરને વિદાય કર્યા. વિદુરજી ખૂબ ફરતા ફરતા ઠેઠ હરિદ્વારમાં પહોંચ્યા, ત્યાં મૈત્રેયજીની મુલાકાત થઈ ગઈ. મૈત્રેયજીએ કહ્યું : 'પ્રથમ પ્રથમ પ્રભુશ્રીએ વિરાટ શરીર પેદા કર્યું, આ બધાંનું મૂળ માયા જ છે.' આ સાંભળતાં જ વિદુરજીની બધી

શંકાઓ દૂર થઈ ગઈ. વળી મૈત્રેયજી બોલ્યા : "આપ વ્યાસમુનિના વીર્યથી પેદા થયા હોઈ સાક્ષાત્ યમદેવના જેવા છો. એટલે હવે હું તમને શ્રી ભાગવત પુરાણ જ કહી દઉં છું. જેને શ્રી સંકર્ષણ ભગવાને સનકાદિ ઋષિઓને સંભળાવેલું. ખુદ બ્રહ્માજી પણ એક વખત પોતાનું અધિષ્ઠાન કોણ તે સમજી શકયા ન હતા. છેવટે અંતઃકરણમાં જ તેઓ જોઈ શકયા. અને ભગવાને સ્વયં કહ્યું : તપ કરો અને જેમ હું દેખાઉં છું તેમ મારામાં આખુંયે જગત છે જ, માત્ર તેને વ્યક્ત રૂપે પેદા આપે કરવાનું છે. તપની સાથે કામના ભળતાં સુંદર સૃષ્ટિનું નિર્માણ થશે.' આ રીતે પ્રકૃતિ અને પુરુષના સ્વામી કમલનાભ ભગવાને આ સૃષ્ટિકર્તા બ્રહ્માજીનો ભ્રમ ટાળ્યો અને કામનાને તપ તથા ઉપાસનાનો પુટ આપી તેઓને સૃષ્ટિ ઉત્પન્ન કરવાનો રસ જગાડયો. આ રીતે એક બાજુ સૂત-શૌનકનો, એક બાજુ શુકદેવ-પરીક્ષિતનો અને હવે વિદુર-મૈત્રેયનો ભાગવત સંબંધી સંવાદ આગળ ધપે છે."

## મૈત્રેય અને વિદુર સંવાદ

**અનુષ્ટુપ**

**બે પાસાં કામનાનાં આ, લાલસા વાસના તથા;**
**લાલસા લોભ દર્શાવે, પ્રતિષ્ઠા પ્રાણ વાસના. ૧**

**ઉપજાતિ**

પરિગ્રહ, પ્રાણ તથા પ્રતિષ્ઠા,
એ ત્રિપુટી છોડવી પૂરી રીતે;
તો કામનાનાં ઉભયે જ પાસાં,
જિતાય છે પૂર્ણપણે સદા તે. ૨

મૈત્રેયજી બોલ્યા : "વિદુરજી ! હવે તમો સમજી ગયા હશો કે બ્રહ્માએ સૃષ્ટિ પેદા કરી, એ વાત જેમ સાચી છે, તેમ જગતમાં કાળદ્રવ્ય પણ આ ક્ષેત્રોમાં આ યુગે વિશેષ કામ કરતું હોવાથી કાળને પણ કોઈ સૃષ્ટિકર્તા કહે તો વાંધો નથી. મૂળ તો આત્મા કહો કે પરમાત્મા કહો, તે જ સૃષ્ટિનું મૂળ કારણ છે. કામનાથી (કામનાનાં બે પાસાં : (૧) લાલસા અને (૨) વાસના. લાલસામાં પરિગ્રહ મુખ્ય છે. વાસનામાં પ્રાણ અને પ્રતિષ્ઠા મુખ્ય છે. તેને લીધે) (જીવને) બંધન થાય છે. પરંતુ જો કામના સાથે સંયમ–તપ ભળે તો બંધન થતું નથી અને થયું હોય તોયે તે બંધન દૂર થઈ જાય છે. આ રીતે જોતાં જેમ બ્રહ્મા પેદા થયા, તેમ શંકર પણ પેદા થયા. બ્રહ્માજીથી ચાર નિવૃત્તિપરાયણ અને ઊર્ધ્વરેતા મુનિઓ થયા. (૧) સનક (૨) સનંદન (૩) સનાતન (૪) સનત્કુમાર. જેઓ સૃષ્ટિ વિસ્તારવા રાજી ન હતા. ત્યાર પછી શિવ પેદા થયા. શિવ દ્વારા પહેલાં તો રૌદ્રસૃષ્ટિ પેદા થઈ, પણ પછી કલ્યાણપ્રદ સૃષ્ટિ પેદા થઈ. એક વખત સ્વયં જન્મેલા બ્રહ્માજીને આટલી સૃષ્ટિથી સંતોષ ન થયો. એ અસંતોષપૂર્વક વિચાર કરતાં કરતાં તેમના પોતાના એક જ શરીરના બે ભાગ પડી ગયા : (૧) પુરુષ (૨) સ્ત્રી. પુરુષ તે મનુ અને સ્ત્રી તે શતરૂપા. ત્યારથી જ સંભોગજન્ય સૃષ્ટિ થવા લાગી. મનુભગવાનનાં પાંચ સંતાનો થયાં : બે પુરુષ સંતાન અને ત્રણ નારીસંતાન. પુરુષસંતાનનાં નામ હતાં : (૧) પ્રિયવ્રત અને (૨) ઉત્તાનપાદ. અને સ્ત્રીસંતાનનાં નામ હતાં (૧) આકૂતિ (૨) દેવહૂતિ અને (૩) પ્રસૂતિ. આકૂતિ રુચિ પ્રજાપતિને પરણી, દેવહૂતિ કર્દમજીને પરણી અને પ્રસૂતિ દક્ષ પ્રજાપતિને પરણી. અને એમનાં સંતાનોથી આખુંયે જગત છલકાઈ ગયું. અલબત્ત સંભોગી સૃષ્ટિથી જન્મેલા મનુએ પોતાના પિતા પાસે (રહેવા માટે) પૃથ્વીની માગણી કરી. એટલામાં ભગવાને જ વરાહાવતારમાં આવી પૃથ્વીને રસાતલથી બહાર ખેંચી આણી.

એટલે પૃથ્વી ઉપર આવી ગઈ અને પાણી એની નીચે આવી ગયું ત્યાર બાદ વિદુરજી ! એક ઘટના બની, તે એ કે કશ્યપમુનિની પત્ની દિતિને કામવાસનાએ એટલી તો ઘેરી લીધી કે પૂજા કરતા ધ્યાન-મગ્ન મુનિકશ્યપજી સાથે સંધ્યાકાળે પણ તેણીએ વાસના પોષવા માગણી કરી. કશ્યપજીએ આદરપૂર્વક દિતિને ખૂબ સમજાવી. છેવટે થોડી ધીરજ રાખવા કહ્યું, પણ તેણી ધીરજ ન રાખી શકી. એ વખતના અકાળ ઋષિવિહારથી દિતિની કૂખે બે રાક્ષસી બાળકો થયા, જેમનાં નામ ક્રમશ: (૧) હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ પડ્યાં. તેઓ બ્રહ્માએ પેદા કરેલી આખીયે સૃષ્ટિને ત્રાહી પોકાવરાવતા. દિતિને જોકે સંધ્યાના રતિવિહાર પછી પસ્તાવો ખૂબ થયો. એમ છતાં કોઈપણ નારી, ગમે તેવાં પોતાનાં સંતાનો હોય તોયે એમનું ભલું ઇચ્છે છે અને ચિરંજીવીપણું પણ ઇચ્છે છે. એટલે "એ બન્નેનો વધ છેવટે ભગવાનને હાથે જ થશે; બીજા કોઈના હાથે નહીં અને પોતાને ત્યાં એવો પ્રતાપી પૌત્ર થશે, કે જેની સહાયમાં આવેલા ભગવાનના હાથે એ બન્ને પોતાના રાક્ષસી પુત્રોનો નાશ થશે" એમ બેવડી સિદ્ધિ દિતિએ કુકર્મ કરવા છતાં પશ્ચાત્તાપ અને પ્રભુપ્રાર્થના વાટે પ્રાપ્ત કરી લીધી." આ રીતે મૈત્રેયજીએ વિદુરજીને કથામૃત પાતાં પાતાં હવે સરસ્વતી નદી પર દીર્ઘતપસ્યા કરતા કર્દમ મુનિ જેઓ ઈશ્વર કૃપાથી મનુપુત્રી દેવહૂતિ જેવી મહાન સતી સ્ત્રી પામ્યા અને દેવહૂતિએ પોતાના શરીરની, પ્રાણની કે મનની કશી ફિકર નહીં કરીને જીવ-સટોસટ વાસના-રહિતપણે કર્દમ મુનિની સેવા કરી તે સુંદર કથા પણ કહેવી શરૂ કરી દીધી.

## કર્દમ અને દેવહૂતિ

હો ભલે વાસના તોયે, સદ્ધર્મિ-લક્ષ્ય બ્રહ્મનું;
ગૃહસ્થાશ્રમ તો તેનો સર્જે સંતાન ધર્મ્યનું. ૧

**માયામાં ભાન ભૂલેલા ગૃહસ્થાશ્રમી જે જનો;**
**આદર્શ તેમને સૌને, દાખવ્યો કપિલે ખરો. ૨**

કર્દમમુનિ પોતાનાં ધર્મપત્ની મનુપુત્રી દેવહૂતિ પર ખુશ ખુશ થઈ ગયા અને બોલ્યા : 'તમારી સર્વોત્તમ સેવાભક્તિથી હું ખૂબ પ્રસન્ન થયો છું. તમોએ મારામાં સંપૂર્ણ સમર્પણ કરી નાખ્યું છે તેની મને ખાતરી થઈ ચૂકી છે. મને જેમ ભગવાનના આંતરિક સ્વરૂપની પ્રાપ્તિ થઈ છે તેમ બાહ્ય સ્વરૂપે વિભૂતિઓ પણ પર્યાપ્ત સાંપડી ચૂકી છે. તેના ઉપર હવે આપનો સંપૂર્ણ અધિકાર હું માન્ય રાખું છું. બોલો આપની શી ઇચ્છા છે?' આટલું બોલી કર્દમમુનિએ દેવહૂતિના ચહેરા સામે જોયું.

દેવહૂતિજી બોલ્યાં : "મારે બીજું શું કહેવાનું હોય? ગૃહસ્થાશ્રમી પતિવ્રતા સ્ત્રીના શી ઇચ્છા હોય, તે આપ ક્યાં નથી જાણતા?" કર્દમઋષિ બોલ્યા : "હા; આપણે લગ્ન વખતે જે કરાર કર્યો છે તે હું કેમ ભૂલું? પણ ત્યાગ–તપથી ટેવાયેલું મારું શરીર અને મારાં ત્યાગ–તપમાં એકાગ્ર થયેલું આપનું ક્ષીણ–શરીર તંદુરસ્ત સુદૃઢ શરીરવાળા સંતાન માટે કાર્યક્ષમ થશે?" દેવહૂતિ બોલ્યાં : "જેઓ ઉત્કૃષ્ટ સંતાનપ્રાપ્તિને જ ગૃહસ્થાશ્રમનો નિચોડ માની ત્યાગનોયે ત્યાગ સહજપણે સ્વીકારી શકે છે તેને માટે આવું ધર્મ્ય સંતાન અશક્ય નથી." આ ઋષિદંપતીની વાત કેટલી બધી યથાર્થ છે! તે જ કારણે કદાચ આદર્શ ગૃહસ્થાશ્રમને આદર્શ સંન્યસ્તાશ્રમ કરતાંય એ દૃષ્ટિએ ઉત્તમ ગણ્યો હશે. જે જૈન ધર્મ શ્રમણ–સંસ્કૃતિમય છે તે જૈન ધર્મમાં પણ "સન્તિ એગે હિં–ભિખ્ખુહિં ગારત્થા સંજમોત્તરા" એટલે કે કેટલાક ત્યાગી ભિક્ષુ કરતાં પણ સાચા ગૃહસ્થાશ્રમીઓ સંયમદૃષ્ટિએ આગળ ગણાય છે. આ રીતે એક જ વારના સમાગમે એકએકથી ચઢે એવી સુંદર અને એકી સાથે નવ કન્યાઓ જન્મી. દેવહૂતિજીને આનંદ પણ થયો અને દુઃખ પણ થયું. આનંદ

એ વાતનો કે સુયોગ્ય સંતતિ જન્મી ! અને દુઃખ એ વાતનું કે આવા પવિત્ર કર્દમઋષિ આગળ મેં મારી આવી જાતની વાસનામય કામના કેમ રજૂ કરી ? ઋષિ તરત તે વાત પામી ગયા અને કહ્યું : "આમાં દુઃખ માનવાનું કશું કારણ નથી. ભગવાનની મહાન કૃપાથી જ તમોને વાસનામય કામના થયેલી. હજુ થોડું આપ વ્યક્તિગત તપ વધારો અને પછી જોઈ શકશો કે ખુદ ભગવાન પોતે જ આપના ગર્ભમાં પધારશે." આટલું સાંભળતાં જ દેવહૂતિજી તો પ્રસન્ન પ્રસન્ન થઈ ગયાં અને વાસના જો ધર્મવિહીન હોય તો પાડે છે, તેમ ધર્મસહિત હોય તો ચઢાવે પણ છે અને ક્રમેક્રમે આપોઆપ તે ક્ષીણ પણ થાય છે જ તે રહસ્ય તેમણે આ મુનિવાણીમાં પ્રત્યક્ષ અનુભવ્યું. દેવહૂતિને ભગવાન સિવાય હવે જગતમાં કશું જ દેખાતું નહોતું અને ખરે જ પરમ પ્રસન્ન મુખમુદ્રા કરીને મૈત્રેય મુનિએ ભક્ત વિદુરજીના આહ્‌લાદમાં વૃદ્ધિ કરતાં કરતાં કહી નાંખ્યું : "કર્દમઋષિને યોગે ઋષિપત્ની દેવહૂતિના ગર્ભમાં ખુદ ભગવાન પધાર્યા. એ પુત્રનું નામ 'કપિલ' પડ્યું. નવ કુમારીઓનાં નામ ક્રમશઃ આ હતાં : (૧) કલા (૨) અનસૂયા (૩) શ્રદ્ધા (૪) હવિર્ભૂ (૫) ગતિ (૬) ક્રિયા (૭) ખ્યાતિ (૮) અરુન્ધતી અને (૯) શાન્તિ હતાં અને તેમના પતિઓનાં નામ ક્રમશઃ આ હતાં : (૧) મરીચિ (૨) અત્રિ (૩) અંગીરા (૪) પુલસ્ત્ય (૫) પુલહ (૬) ક્રતુ (૭) ભગુ (૮) વશિષ્ઠ અને (૯) અથર્વા. આથી સૃષ્ટિકર્તા બ્રહ્માજી પણ ખુશ ખુશ થઈ ગયા. કારણ કે આદર્શ ગૃહસ્થાશ્રમનો આદર્શ આવાં ઋષિઓ અને ઋષિપત્નીઓ સિવાય બીજું કોણ આપી શકે ? એ જ રીતે મનુપુત્રી દેવહૂતિની કૂખે જે કપિલમુનિ આવ્યા તેઓ માયામાં ભાન ભૂલેલાં સંસારી મનુષ્યોને સાચું અને વ્યવહારુ તત્ત્વજ્ઞાન શીખવવાના (આ કાળમાં આ ભૂમિ પર) મહાન નિમિત્ત રૂપ બની ગયા. માટે જ એ કપિલ ભગવાન તરીકે પંકાયા.

# ભ. કપિલનો અધ્યાત્મયોગ

સાચા સંન્યાસીનું મૂલ્ય, આ રાષ્ટ્રે સર્વશ્રેષ્ઠ છે;
કેમ કે ભગવત્ કૃત્ય તેઓથી જ બને જગે. ૧

શુદ્ધ ચિત્તો પ્રભુ કેરું કલ્પી સ્થૂળ શરીર જે
હોમાશે ભક્ત ભક્તા તે, તેને જરૂર પામશે ૨

ભક્ત વિદુરજીની વાતોમાં આગળ વધતાં વધતાં મૈત્રેયજી બોલ્યા : "ભક્ત વિદુરજી ! પોતાને ત્યાં ખુદ ભગવાન જન્મ્યા તેથી કર્દમઋષિ અતિ પ્રસન્ન થઈ તેમને પ્રણામ કરીને એકાંતમાં બોલ્યા : 'હું વિષયલોલુપ પામર છું, છતાં યોગીને દર્શનદુર્લભ એવા મહાન અને નિર્ગુણ નિરંજન પરમાત્મા ! આપ સ્વપર કલ્યાણ અર્થે, ભક્ત-જનને ત્યાં જન્મ ધારણ કરીને ભક્તજનો ઉપર મહાકૃપા કરી તેઓને જે મહત્તા અપાવો છો, તે જોઈને હું ગદ્દગદિત થઉં છું. આપ ઐશ્વર્ય, વૈરાગ્ય, યશ, જ્ઞાન, વીર્ય અને શ્રીથી પરિપૂર્ણતયા યુક્ત છો. હું તો આપને મારે આંગણે પ્રત્યક્ષ જોઈને ખરેખર કૃતકૃત્ય થઈ ગયો ! હવે આપ જાતે થઈને આજ્ઞા આપો તો હું સંન્યસ્ત લઈને ખરેખર આગળ વધવા માગું છું.' ભગવાન ખુદ બોલ્યા : "આપ ખરેખર ઋષિ અને મહાન છો તેથી મારી મહત્તા જરૂર ગાઓ છો બાકી મેં કશું વિશેષ કર્યું નથી. મારા આપેલા કોલને પાળવા કાજે મારો જન્મ આત્મદર્શનમાં ઉપયોગી થઈ શકે તેવા જિજ્ઞાસુ અને આત્માર્થીઓને માટે મુખ્યપણે થયો છે. કારણ કે આત્મજ્ઞાનનો સૂક્ષ્મમાર્ગ હમણાં પરિસ્થિતિવશ લોપાઈ ગયો છે. ભલે હવે આપ સંન્યસ્ત માર્ગે જાઓ, પરંતુ જે કાંઈ પ્રયોગોરૂપે કાર્ય કરો ને ઈશ્વરાર્પણ બુદ્ધિ રાખીને જ કરજો. જેથી તે કાર્યો મારા આ મહાકાર્યના જ અંગરૂપ બની તેમાં મદદગાર બની જશે. સંન્ય-

સ્તવૃત્તિથી પ્રયોગ ખાતર જ બધાં કાર્યો કર્યે જવાં એ જ સંન્યસ્ત આશ્રમનું પરમ રહસ્ય છે. ટૂંકમાં સંન્યાસ તે વૃત્તિનો જ સંન્યાસ, કર્મનો સંન્યાસ નહીં, મારાં પ્રત્યક્ષ માતાજી બન્યાં છે એ મહાન પવિત્ર દેવહૂતિજીને તો તેઓ અહીં રહેશે તોયે હું એમને આત્મજ્ઞાનમાં મગ્ન બનાવી મૂકીશ. આપ એ અંગે કશી ચિન્તા ન કરશો." આમ, કર્દમમુનિ ભગવાનને પ્રદક્ષિણા કરી વંદીને પ્રસન્નતાપૂર્વક પોતાનાં મહાન ધર્મપત્ની દેવહૂતિજીની રજા લઈ રવાના થયા. હવે તેઓ અનાસક્ત ભાવે સંન્યસ્ત ધર્મ પાળવા લાગી ગયા અને પ્રાણિમાત્રને (સમભાવે) પોતાના આત્મા વિષે જોવા લાગી ગયા. એ રીતે અંતે એ પરમપદ પામી ગયા. આ વખતે શૌનકજીએ સૂતજીને પૂછ્યું કે માતા દેવહૂતિનો મોક્ષ કેવી રીતે થયો ?' ત્યારે સૂતજીએ કહ્યું : આપ પૂછો છો તેવા જ જિજ્ઞાસુભાવે વિદુરજીના પૂછવાથી મૈત્રેયજી નીચે મુજબ આગળ ને આગળ વધે જતા હતા. મૈત્રેયજી બોલ્યા : "ભકતજી ! પિતાજીની ગેરહાજરી પછી ખૂબ સેવાભાવપૂર્વક પોતાનાં માતુશ્રી પાસે કપિલ રહેવા લાગ્યા. એ બિંદુસરોવર તીર્થમાં કપિલ જરા પુખ્ત થયા ત્યારે એકદા શાંત પ્રકૃતિને સમયે અતિશય જિજ્ઞાસાથી માતાજીએ પોતાના પુત્ર છતાં જગદુદ્ધારક એવી એ વિરલ વિભૂતિ આગળ નમ્રભાવે પૂછ્યું : 'મારા પ્રભુ ! વિષયો તો વિનશ્વર છે. છતાં એમાં મન સતત શાથી ખેંચાયા કરે છે તે કૃપા કરીને સાવ સરળ ભાષામાં મને એ સમજાવો !' કપિલ બોલ્યા : "માતાજી ! માનવીનું ચિત્ત જો ખરેખર સ્વસ્થ અને પ્રસન્ન થઈ જાય તો વિષયો અથવા કોઈપણ રિદ્ધિ-સિદ્ધિઓની લાલચમાં મન જઈ શકશે નહીં, એમ છતાં માની લો કે કદાચ જશે, તો પણ જે મૂળ ધ્યેય માટે માનવ આવ્યો છે તે મૂળ ધ્યેયથી તો તે અંશમાત્ર ચલિત નહીં જ થાય ! ચિત્તની ક્ષુબ્ધતા એવાં સાધક-સાધિકાઓની કદી જ નહીં થાય અને અંતે તો જ્યાં ગયા પછી પાછું ફરવું નથી પડતું તે જ પરમપદ એવાં સાધક-સાધિકાઓને આપોઆપ પ્રાપ્ત થઈ જ જાય

છે. માતાજી ! ધ્યાન, યોગ, સાધના જે કાંઈ કહો તે આટલા માટે હોવાથી એક અર્થમાં ચિત્તશુદ્ધિ એ જ પરમ યોગ છે, ધ્યાન પણ એ જ કહેવાય. બીજો પણ એથીયે સરળ માર્ગ છે, તે એ કે કલ્પનાથી પ્રભુચરણમાં અને પછી પ્રભુની જાંઘ, કેડ, નાભિ, ભુજાઓ, મુખ, મીઠું સ્મિત એમ કલ્પના કરતાં કરતાં સાવ ભક્તિમય બની જવું. એમ કરવાથી સાધક–સાધિકાઓનું હૈયું સ્વયમેવ દ્રવવા મંડી પડે છે. આ જાતનું પ્રભુમય અથવા વિશ્વમય બનવાથી જડ અને ચેતનનું અલગપણું કયાં અને કેવી રીતે છે, તે બધું યથાર્થ સમજાઈ જાય છે, અનુભવાય છે, સંવેદાય છે. આ વેળાએ પ્રભુકૃપાથી પ્રભુની માયાનું સાચું રૂપ પણ સાથોસાથ સમજાય છે, અનુભવાય છે અને સંવેદાય પણ છે. માતાજી ! નિષ્કામ ભાવે પ્રેમમય ચિત્ત બનાવીને જે પ્રભુ ભજાય છે, તે જ મારી ભક્તિ છે. શરૂઆતમાં ભલે તે તમોમય કે રજોમય હોય, પણ ક્રમેક્રમે તે જ સત્ત્વમય બની છેવટે મારા પ્રેમસ્વરૂપને અથવા ત્રિગુણાતીત–અપ્રાકૃત સ્વરૂપ–ને સુધ્ધાં તેવાં સાધક–સાધિકાઓ પામે જ છે, પામે જ છે. અહીં આત્મા અને પરમાત્મા વચ્ચે અભેદ આપોઆપ થઈ જાય છે. આ ભૂમિકાની પહેલાં કેટકેટલીયે કસોટીઓ અવશ્ય થયાં કરતી હોય છે. જેઓ આત્મા અને પરમાત્મા વચ્ચે ભેદ કરવામાં પડી જાય છે તેઓને તો હું મૃત્યુભય પણ જરૂર ઉપજાવું છું. બાકી અભેદભાવે અને પ્રાણિ-માત્રમાં હું છું એમ માનીને જે મને ઉપાસે છે, તેનો મૃત્યુભય સાવ સહેજે દૂર થઈ જ જાય છે.” મૈત્રેયજી બોલ્યા : “ભક્ત વિદુરજી ! આ રીતે ખુદ ભગવાનને શ્રીમુખે જ માતા દેવહૂતિએ અહંકાર રૂપી સંકર્ષણ, બુદ્ધિરૂપી પ્રદ્યુમ્ન અને ઈંદ્રિયાધિષ્ઠાતા નીલસમાન વર્ણ-વાળા અનિરુદ્ધનું સ્વરૂપ પણ સમજી લીધું. આ આખું બ્રહ્માંડ શું ? વિરાટ સ્વરૂપ શું ? એ સુધ્ધાં સમજી લીધું અને છેવટે તો શુદ્ધ પ્રજ્ઞાવંત બની માનવજન્મમાં પ્રકૃતિ અને પુરુષનો વિવેક થઈ જે આચરણ થાય, તે જ મોક્ષમાર્ગ છે એવો બરાબર ખ્યાલ માતાજીને

આવી ગયો."

## દેવહૂતિ માતાને બોધ

પરમાત્મા અને આત્મા, બંને સ્વરૂપ જીવમાં;
મોહ-માયા વશે જીવ, ન પેખી શકતો છતાં. ૧

સમજી શીઘ્ર આ શીખ, માતાજી દેવહૂતિજી;
સાધના ક્રમશઃ સાધી, પામ્યાં સિદ્ધિ પૂરેપૂરી. ૨

મૈત્રેય મુનિજી બોલ્યા, મહાત્મા વિદુરપ્રતિ;
આ માતાપુત્ર – સંવાદ, શ્રદ્ધાથી તરશે સુણી. ૩

કપિલ ભગવાન માતા દેવહૂતિજીને કહે છે: "માતાજી! આ જીવમાં રહેલો આત્મા જ સ્વયં પરમાત્મા બનવાની યોગ્યતા–વાળો છે. ત્યાં નથી શરીર કે નથી શરીરને લગતા કોઈ જ સંબંધો. ત્યાં તો માત્ર એકાંતિક આનંદ અને શાંતિ જ હોય છે; પરંતુ મોહ અને માયાને આધીન બનીને આ જીવ પોતાના આત્મ–પરમાત્મ સ્વરૂપને ભૂલી, જે નાશવંત વસ્તુ અને નશ્વર સંબંધો છે તેમને જ શાશ્વત માનવાની પાયાની ભૂલ કરી, છ દુશ્મનો(કામ, ક્રોધ, મદ, મોહાદિ)ને પોતા વિષે અપનાવી લે છે અને ચોરાશી લક્ષજીવયોનિ-રૂપ સંસારમાં ભટક્યા જ કરે છે. એને માંડમાંડ ઘણા ઘણા પુણ્ય સંયોગો પછી જ માનવજન્મ પ્રાપ્ત થાય છે. માનવજન્મમાં પણ માતાના ગર્ભમાં આવ્યા પછીથી બહાર આવતાં સુધીમાં એને જરાપણ ઓછાં દુઃખો સહેવાનાં નથી આવતાં! એ સહીને એ માંડમાંડ કુમાર, કિશોર અને યુવાન બને છે. યુવાન બન્યા પછી કોઈ વિવેકી અને જિજ્ઞાસુ માનવ જ સત્યાભિમુખ અથવા ઈશ્વરાભિમુખ બની

આગળ વધે છે. બાકી મોટા ભાગના જીવો તો સુંદર માનવજન્મ, ભરપૂર જુવાની, સત્સંગ અને ધર્મમય વાયુમંડળવાળું સાધનક્ષેત્ર મળવા છતાં એ બધાં સાધનોનો સદુપયોગ કરવાને બદલે દુરુપયોગ જ કરે છે અને વળી પાછા ચોરાસી લાખ જીવયોનિની ગતિઓમાં ફેરા ફર્યા કરે છે. જેઓ સન્માર્ગે વળે છે, તેઓમાં પણ કેટલાંયે ઋષિમુનિઓ અથવા સાધક–સાધિકાઓ આસક્તિને કારણે કર્મ, જપ, તપ વગેરે તો સારી પેઠે કરે છે, પણ સ્વર્ગમાં જઈ વળી પાછા ચોરાસીના ફેરામાં પડી જતાં હોય છે. આખરે સ્વર્ગલોક પણ ભલે ઊંચા પ્રકારનું ગણાતું હોય પરંતુ, તે આખરે તો છે માત્ર બાહ્ય સુખ જ. બાહ્ય સુખથી લલચાવું નહીં. તેમ કરવાથી આત્મા જે સુખ ઝંખીને આ બધી સાધના કરે છે, તે સુખ તો એને મળતું જ નથી. માટે જ પૂજ્ય માતાજી! મારી તો આપને એ જ વિનંતિ છે કે અનંત પ્રકારનાં પુણ્યોને કારણે આપને આ સંયોગોમાં ઈશ્વરાભિમુખ વિચારો સૂઝયા છે અને આપે એવો જ પાયાનો પ્રશ્ન ઉઠાવ્યો છે; તો આપને મારી એ જ વિનંતિ છે કે એકમાત્ર ભગવાનનું જ મન, વાણી અને શરીરથી ભજન કરો! મારા નમ્ર મતે તો ભગવાન વાસુદેવનું લક્ષ્ય રાખી કરેલી ભક્તિ તરત જ સાંસારિક બાબતોથી વિરક્તિ અને બ્રહ્મસાક્ષાત્કારરૂપ જ્ઞાનની પ્રાપ્તિ કરાવી આપે છે. આ માર્ગ જેઓનું હૃદય ઉન્નત છે અને મન સરલ અને પવિત્ર છે, તેવાં સાધિકાઓને માટે તો સાવ સહેલો છે. કરવાનું માત્ર આટલું જ કે શરીર છે તો એને લગતાં કાર્યો તો કરવાં જ, પણ ઈશ્વરાપર્ણબુદ્ધિથી. એમ થશે તો આસક્તિ આપોઆપ દૂર થઈ જશે અને સર્વત્ર ભગવાનમય જગત દેખાવાથી સમત્વબુદ્ધિ સહજમાં નીપજશે. અનંત કાળે યોગીજનો જે નથી પ્રાપ્ત કરી શકતા, તે અવશ્ય આથી સહેજમાં પ્રાપ્ત થઈ જાય છે. આમ તો ભગવાન એક જ છે, એમ છતાં સાધક–સાધિકાઓનો વિવિધ કક્ષાએ વિકાસ–ક્રમ યોજાતો હોવાથી ભક્તિ–સાધનાના પણ એ દૃષ્ટિએ વિવિધ પ્રકારો થાય, તેમાં વાંધો નથી.'' મૈત્રેયજી

બોલ્યા : "ભક્ત વિદુરજી ! આ અપૂર્વ સદ્બોધ ખુદ ભગવાનના જ શ્રીમુખે કહેવાયો પછી શી ખામી રહે ? માતાજી દેવહૂતિ અત્યાર સુધી તો જ્ઞાની પુત્ર તરીકે જ ભગવાનને નીરખતાં હતાં, પરંતુ હવે એમણે તેઓશ્રીને જ ભગવદ્ભાવે ભજતાં કહ્યું : 'અહો પ્રભુ ! ખરેખર આપ જ સંપૂર્ણ જીવોના પ્રભુ અને અચિન્ત્ય અનંત શક્તિઓથી સંપન્ન છો. આપને જો ખુદ બ્રહ્માજી પણ નહોતા ઓળખી શક્યા, તો હું તો કઈ વિસાતમાં ? અને છતાં મારા જેવી અલ્પવ્યક્તિની ગોદમાં અનંતસ્વરૂપી એવા આપ પધાર્યા અને મારી અલ્પતામાં મહત્તા ભરી દીધી. ખરેખર આપના ગુણો અપરંપાર છે. ભલે આપ મને માતા કહો એમાં આપની જ વડાઈ છે; બાકી મારા નિમિત્તે આપે જે આ જ્ઞાનભંડાર ખુલ્લો મૂક્યો છે, તે સાંભળી અનેક જિજ્ઞાસુઓ પાવન થઈ જશે અને પરમશ્રેયનો પંથ પામશે.' મૈત્રેયજીએ વિદુરજીને કહ્યું : "આ સાંભળી કપિલ ભગવાન બોલ્યા : 'બસ માતાજી ! હવે આપનો જરૂર બેડો પાર થશે.' એમ કહી પોતાનું પ્રેરણાકૃત્ય પૂરું થયું જાણી તેઓ ત્યાંથી ચાલતા થયા અને દેવહૂતિજી સરસ્વતીના મુકુટસમાન પોતાના આશ્રમમાં યોગાભ્યાસ કરતાં કરતાં સમાધિમાં સ્થિર થવા લાગી ગયાં. છેવટે તેઓ વૃદ્ધ થવા છતાં વૃદ્ધત્વવિહીન બન્યાં, નારીદેહ હોવા છતાં નારીનરથી ભિન્ન એવા માત્ર આત્મભાવમાં તલ્લીન થયાં, એમનું તેજોમય દિવ્યશરીર વધુ ને વધુ દીપી રહ્યું અને છેવટે પરમાત્મપદ પામી ગયાં. જે સ્થળે તેઓ આ પરમદશા પામ્યાં, તે સ્થળ 'સિદ્ધપદ'ને નામે વિખ્યાત થયેલ છે. અને જાણે દેવહૂતિ પોતે જ નદીરૂપ બની ગયાં હોય એમ આજે એ દેવહૂતિનદી ખૂબ જ મહિમાવંતી છે. કપિલ ભગવાનને કર્દમ–દેવહૂતિના આશ્રમથી ઈશાનકોણ પર આવેલા સમુદ્રે સ્થાન આપી દીધું. તેથી તે સ્થળની અહોનિશ પ્રાર્થના થતી હોય છે. વિદુરજી ! ખરેખર જે આ માતા–પુત્રનો

સંવાદ શ્રદ્ધાથી સાંભળશે, તેઓને અવશ્ય શ્રી હરિચરણની મીઠી મધુરી ભક્તિની પ્રસાદી મળશે જ મળશે..."

# અત્રિ–અનસૂયાની વાત્સલ્યભક્તિ

આત્મા એકરૂપે તોયે, મુખ્ય ત્રિધા ભવે બને;
જન્મ, રક્ષા અને મૃત્યુ આકારે ત્રિસ્વરૂપ તે.

મૈત્રેય મુનિ બોલ્યા : "વિદુરજી ! સ્વાયંભુવ મનુ અને મહારાણી શતરૂપાજીને (૧) પ્રિયવ્રત અને (૨) ઉત્તાનપાદ એમ બે પુત્રો અને આકૂતિ, દેવહૂતિ તથા પ્રસૂતિ નામની ત્રણ કન્યાઓ પણ હતી જ. મહારાણી શતરૂપાની અનુમતિથી ભાઈઓ હોવા છતાં (અને તે જમાનામાં ભાઈબહેન સાથે જ પ્રાયઃ લગ્ન થતાં, છતાં) આકૂતિનું લગ્ન 'પુત્રિકા–ધર્મ' પ્રમાણે રુચિ નામના પ્રજાપતિ સાથે થયું હતું. પુત્રિકા–ધર્મમાં શરત એ હોય છે કે પહેલો પુત્ર કન્યાના પિતા લઈ જઈ શકે. એ રીતે જે એક જોડું આકૂતિને રુચિ પ્રજાપતિથી જન્મ્યું, તેમાં પુરુષનું નામ યજ્ઞ હતું, જે સ્વરૂપધારી વિષ્ણુ જ જાણે સાક્ષાત્ હોય તેવો હતો. અને જોડામાં જે કન્યા જન્મી હતી, તેનું નામ 'દક્ષિણા' હતું. તે પણ જાણે સાક્ષાત્ લક્ષ્મી હોય તેવી જ હતી. તે બન્નેને દેવતા જેવા બાર પુત્રો થયા. તે મન્વન્તરમાં મરીચિ વગેરે સાત ઋષિઓ પણ હતા જ. તેઓને સપ્તર્ષિ કહી શકાય. એમ આ મન્વંતરમાં પોતાનાં પાંચ બાળકો અને એમનાં બાળકો એમ ચોમેર મનુનો માનવવંશ ફેલાઈ ગયો, તેમાં અત્રિ તથા અનસૂયાનું દાંપત્ય પણ વિખ્યાત છે." વિદુરજીએ પૂછ્યું : 'ગુરુજી, ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવાવાળા બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવે શું કરવાની ઇચ્છાએ અવતાર લીધેલો ?' મૈત્રેય કહે :

"બ્રહ્માજીએ બ્રહ્મર્ષિ અત્રિને સૃષ્ટિ પેદા કરી વિસ્તારવાની આજ્ઞા કરી ત્યારે અત્રિજી તથા અનસૂયાજીએ ઋક્ષ નામના કુલ પર્વત પર જઈને મહાતપ કર્યું. તે પર્વત પર નિર્વિન્ધ્યા નામની નદીનો જલપ્રવાહ કલકલ કરતો વહી રહ્યો હતો જેથી બધાં વૃક્ષો ફૂલોથી લદબદ થઈ ગયાં. તપમાં આ મહર્ષિદંપતી ઈશ્વરને પોતાના જેવાં જ બાળકો પોતાને ત્યાં જન્મે એવો શુભ સંકલ્પ કરતાં હતાં. મહર્ષિનું તપ જાણે એમના મસ્તક પર એવું ઝળકી રહેતું હતું કે જાણે તેના તે તપઃતેજથી આખુંયે જગત ઉજમાળ ઉજમાળ બની જતું હતું. બરાબર તે જ વખતે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર પોતાનાં વાહનો અને શસ્ત્રાસ્ત્રો સાથે સાક્ષાત્ ત્યાં પધારી ગયા. અત્રિ મહર્ષિ બોલ્યા : 'હું તો એક જ જગદીશ્વરનું ધ્યાન ધરતો હતો, છતાં આપ ત્રણેય કેમ પધાર્યા ?' દેવોએ સ્મિત કરતાં કહ્યું : 'ભગવાન તો ભક્તોને અધીન જ હોય છે. તમારો દંપતીનો સંકલ્પ એવો હતો કે જેમાં ત્રણે (ઉત્પત્તિ, સ્થતિ અને લય)નું સ્વરૂપ આવી જાય એટલે બ્રહ્મતેજરૂપે તમારે ત્યાં ચંદ્રમા, વિષ્ણુતેજરૂપે યોગવેત્તા દત્તાત્રેયજી તથા શંકરતેજરૂપે દુર્વાસા ઋષિ પધારશે.' અને મૈત્રેય બોલ્યા : 'વિદુરજી ! સમય જતાં એમ જ થયું. એ જ રીતે અંગીરા ઋષિની ધર્મપત્ની શ્રદ્ધાથી, પુલહ ઋષિની ધર્મપત્ની ગતિથી, ક્રતુ ઋષિની ધર્મપત્ની ક્રિયાથી, પુલસ્ત્ય ઋષિની પત્ની હવિર્ભૂથી એમ અનેક સૃષ્ટિ પેદા થઈ અને વિસ્તરી ગઈ.

## દક્ષ પ્રજાપતિનો મદ

ઈચ્છી મદાંધનું શ્રેય, કરે જે સામનો શુચિ;
તોયે તેને ગણી શત્રુ, વેર વધારતો મદી.

મનુજીની ત્રીજી પુત્રી પ્રસૂતિનું લગ્ન બ્રહ્માજીના પુત્ર દક્ષ પ્રજા

પતિ સાથે થયું. એમની સોળ કન્યાઓ પૈકી એક મહાદેવજીને પણ અપાઈ હતી. મૂર્તિદેવીની કૂખે નર–નારાયણ ભગવાન પેદા થયેલા. તેમને નીરખી આખી પૃથ્વી રાજી રાજી થઈ ગઈ. તેઓ યુવાન થતાં વાર જ ગંધમાદન પર્વત પર ચાલ્યા ગયા. આ નર અને નારાયણ એ જ એક અર્થમાં તો વાસુદેવ અને અર્જુન જ ગણાય, જેઓ પૃથ્વી પરથી અધર્મનો ભાર ઉતારવા માટે જ આવ્યા હતા. હવે મારે તમને એક ખાસ વાત કહેવી છે, તે ધ્યાન દઈને તમે સાંભળો. દક્ષ પ્રજાપતિ એ મહાદેવના સસરા હોવા છતાં એવું વર્તન આચર્યું કે તે દુઃખથી પોતાની પુત્રી સતી (મહાદેવ–પત્ની)નું વહેલું મૃત્યુ થયું. અને સ્થૂળ બાળકો તો પેદા થયાં જ નહીં ! કારણ કે પતિપરાયણ સતીજીએ યુવાવસ્થામાં જ પોતાનો પ્રાણત્યાગ નોતરી લીધો. વાત એમ બની હતી કે 'એકદા દક્ષ પ્રજાપતિ એક મોટી સભામાં ગયા હતા. મોટા મોટા એકેએક જણે દક્ષ પ્રજાપતિનું સન્માન કર્યું; પરંતુ ભગવાન શંકરે જરાપણ સન્માન ન કર્યું ! કારણ કે તેમણે જોયું કે દક્ષ પ્રજાપતિને પોતાના બ્રહ્મતેજનું અતિભયંકર અભિમાન થયું છે! તેઓ બેઠા રહ્યા એથી દક્ષ પ્રજાપતિને અતિશય ખરાબ લાગ્યું અને તેઓ સૌની આગળ ઉઘાડા થઈને બોલી પણ ઊઠયા: 'જો કે મને એનું કંઈ નથી, પણ આ મહાદેવજી આમ તો મારા પુત્ર જેવા છે, છતાં તેઓએ મને માન આપ્યું નહીં. મને હવે પસ્તાવો થાય છે કે આવા જમાઈરાજ મેં કયાં ગોત્યા કે જેઓને સામાન્ય શિષ્ટાચારની પણ કયાં ખબર છે? કારણ કે ભૂતપિશાચ સાથે સ્મશાનોમાં ફરનારા નગધડગને સભ્યતાનો ખ્યાલ ન હોય, તે દેખીતું છે.' આમ કહી ત્યાંને ત્યાં મહાદેવજીનું એવા વચનોથી જ ઘોર અપમાન કર્યું. છતાં મહાદેવજી તો સ્મિત કરતા રહ્યા. છતાં એથી પણ દક્ષનો તો ક્રોધપારો પરાકાષ્ઠાએ પહોંચી ગયો અને આખી સભા મહાદેવજીના પક્ષમાં હોવા છતાં 'હવેથી શિવજીને યજ્ઞભાગ ન દેવો જોઈએ.' એમ કહી રાતાપીળા બનીને

આટલું બોલી સભા છોડી ઘરભેગા જ...(દક્ષ પ્રજાપતિ)...થઈ ગયા. આ પ્રસંગને પોતાના મહાન અપમાનરૂપ માનીને તેઓએ એક મોટો યજ્ઞ ગોઠવ્યો, જેમાં બધાંને નિમંત્રણો જરૂર મોકલાવ્યાં, પણ એક માત્ર પોતાના આ જમાઈરાજને અને પોતાની પ્રાણપ્રિય પુત્રી સતીને પ્રજાપતિએ નિમંત્રણથી બાકાત રાખી દીધાં. વિદુરજી! દક્ષ પ્રજાપતિ ખૂબ જ બુદ્ધિશાળી હતા પણ અભિમાન આવે ત્યારે માનવી સામાન્ય શિષ્ટાચાર પણ ભૂલી જ જાય છે! તેને તો વિચાર એકમાત્ર એ જ આવે છે કે મારા અપમાનનો બદલો ઝટઝટ શી રીતે વાળું? જો કે મહાદેવજીએ તો દક્ષ પ્રજાપતિના ભલા માટે જ આમ કર્યું હતું, પણ મદાંધતા શાણા માનવીને પણ નાહક નીચેથી પણ નીચે લઈ જાય છે. વિદુરજી! યજ્ઞમાં સૌથી પ્રથમ મહાદેવજીને યાદ કરવા જોઈએ અને પોતાના પ્રાણથી પણ લાડકી એવી પુત્રી સતીને પણ આવા મહાન પ્રસંગે ભૂલવી ન જોઈએ, પણ દક્ષ પ્રજાપતિને એમની મદાંધતાએ આ બધું જ ક્ષણવારમાં ભુલાવી દીધું.''

## ભ. શંકરનું સત્ત્વશોધક વિભૂતિત્વ

વસંતતિલકા

સત્તા અને ધન તણો મદ રોકવાને,
સાચું તસ્ટથ બળ નિઃસ્પૃહ ત્યાં ખપે જે;
સક્રિય તે યદિ યથાર્થ રહે સમાજે,
તો મર્ત્ય-જાતિ મહીં ધર્મ ટકે સદાયે, ૧

અનુષ્ટુપ

સાવધાન રહે જેમ જગનાયક તેમ સૌ;
મર્ત્ય-સમાજ-મુખ્યાંગો રહે સર્વત્ર શાંતિ તો. ૨

વિદુરજીને ઉદ્દેશીને મૈત્રેયમુનિએ આગળ વધતાં કહ્યું : "આમ સો દક્ષ પ્રજાપતિ સભા છોડીને ચાલ્યા ગયા, પરંતુ જતાં જતાં ભગવાન શંકરને માટે જેમતેમ, ખૂબ બખાળા કાઢતા ગયા. આ સાંભળી નંદીશ્વર નામના અગ્રણી યક્ષે સભામાં આવી કહ્યું : 'દક્ષ-પ્રજાપતિ આવા મોટા માણસ હોવા છતાં ભગવાન શંકર માટે ગમે તેવું બેજવાબદાર અને અસભ્ય બોલે તે સારું ન કહેવાય. ભારે દુ:ખની વાત છે કે બ્રાહ્મણ જેવા ત્યાગીઓ પણ થોડાં લોભલાલચ આગળ ઉઘાડેછોગ આવું ચલાવી શકે છે. ખરી રીતે તો એમણે તરત આવું બોલતાં દક્ષજીને રોકવા જોઈતા હતા !' શંકરભક્તની આ સાચી વાણી કેટલાકને બિલકુલ ન ગમી. એ અસંતુષ્ટ વર્ગના પ્રતિનિધિરૂપે ભૃગુઋષિએ એ બોલનાર યક્ષ ઉપર આક્ષેપો કર્યા અને કહ્યું : 'ઠીક છે, મહાદેવ ત્યાગી તો છે, પણ એમના અનુયાયીઓ દારૂ જેવી અપવિત્ર વસ્તુથી ક્યાં અળગા રહી શકે છે ?' ટૂંકમાં, ભલે નાના સરખા વર્ગનો પણ આ ભૃગુઋષિના શબ્દોને લીધે દક્ષપ્રજાપતિના અવળા વર્તનને ફરી પાછો ટેકો મળી ગયો. અને તેથી એ વર્ગનું અભિમાન પાંગરી ઊઠ્યું અને બુરાઈને ખોટું સમર્થન મળી ગયું. આથી જ મોટાં માણસોએ કયે વખતે શું બોલવું અને કેમ વર્તવું ? તે બાબત ઘણો ઘણો વિવેક માગી લે છે. નંદીશ્વર યક્ષનું કથન બ્રાહ્મણો-ને કે ખુદ પ્રજાપતિ દક્ષરાજને ઉતારી પાડનાર હતું જ નહીં, માત્ર સ્પષ્ટ માર્ગદર્શક અને મીઠા ઠપકારૂપ હતું; જ્યારે ભૃગુઋષિએ તો એવે વખતે અને જેની જરૂર નહોતી અથવા આ વાતની સાથે જે વાતને કશી નિસ્બત ન હતી, તેવી ભળતી વાત કરીને ઉઘાડી રીતે દક્ષપ્રજાપતિના અવળા વલણને અજાણતાં પણ ટેકો આપી દીધો ! અધૂરામાં પૂરું એવામાં જ બ્રહ્માજીએ દક્ષપ્રજાપતિને ત્યારના પ્રજાપ-તિઓના અધ્યક્ષ બનાવ્યા એટલે તો એમના (દક્ષપ્રપ્રજાપતિ) ઘમંડનો કોઈ પાર રહ્યો નહીં. તેમણે તો હવે યજ્ઞ પર યજ્ઞ કરવા જ માંડ્યા. અને તેનો આંતરિક હેતુ એટલો જ કે શિવને તેમના

અવિનયનો બદલો પૂરેપૂરો મળ્યો છે અને હજુ મળશે. જુઓ, આખી દુનિયા ઊગતા સૂર્યને પૂજે છે કે નહીં? મારે ત્યાં શિવ નહીં આવે, એટલે અહીં (આ શુભ કાર્ય માટે) બીજાંમાંનાં કોઈ આવતાં ક્યાં અટકવાનાં છે? અને બન્યું પણ તેવું જ. એકદા કૈલાસપર્વત પરના પોતાના જે સ્થાન પાસે શિવપાર્વતી પ્રસન્નચિત્તે બેસી મીઠી મજાની તાત્ત્વિક વાતો કરતાં હતાં, ત્યાં થઈને ઋષિઓ, દેવો, પિતૃઓના જોડાં વિમાનોમાં જઈ રહ્યાં હતાં. ગંધર્વ–દંપતીઓ એ યજ્ઞની જ વાતો કરતાં કરતાં ઊડી રહેલાં. તે વાતોમાં દક્ષપ્રજાપતિનું નામ સાંભળી સતીજી એકાએક બોલી ઊઠયાં: 'પ્રભો! આપના સસરાજી આવા આવા મોટા યજ્ઞો કરે, જેમાં આપને આમંત્રણ જ નહીં? એક તો આપ એમના જમાઈરાજ અને વળી યજ્ઞભાગના સૌથી પ્રથમ હકદાર, દેવોના પણ મહાદેવ છતાં આમ કેમ થાય છે? અને ઋષિઓ, દેવો, ગંધર્વો વગેરે આપની ગેરહાજરી ચલાવી પણ લે છે. એ બધું કેમ ચાલી શકે છે?' મહાદેવ બોલ્યા: "સતી! આ વાતને વધુ ચર્ચવાથી આપને દુઃખ થશે. એટલે મેં જાણી જોઈને એ વાત ચર્ચી જ નથી. એમ છતાં હવે જ્યારે આપે અનાયાસે નિમિત્ત મળવાથી વસ્તુને છેડી જ છે તો હવે ટૂંકમાં કહી જ દઉં. આપ જાણો છો જ કે મારે ફાળે કુદરતી રીતે એવું કામ આવ્યું છે કે, જે માત્ર વ્યક્તિગત પ્રશ્ન ન રહેતાં જ્યાં વ્યક્તિગત પ્રશ્ન ઉપરાંત સમાજગત પ્રશ્ન પણ બની જાય છે ત્યાં મારાથી વડીલ હોય, તેમને પરિપૂર્ણ સત્ય કહ્યા સિવાય રહી શકાતું નથી. અને આવું નગ્ન અને નગદ સત્ય મોટામાં મોટા ગણાતા પુરુષો પણ જીરવી શકતા નથી! જેઓ મોટે પદે જાય, તેઓએ વધુમાં વધુ નાના બની જવું જોઈએ. આવી સાધના સૌને સિદ્ધ નથી હોતી, એટલે મારે જ સર્વત્ર અળખામણા થવું પડે છે. અધૂરામાં પૂરું આમાં તો એવું થયું છે કે એક બાજુ મારે મારા સસરાને ફાળે ભવિષ્યે આવનારી મહાન જવાબદારીને કારણે અગમચેતી વાપરીને ચીમકીનું વર્તન

સભામાં બતાવવું પડયું ત્યારે તેમાંથી તેમણે અંગત રીતે પોતાની નાનમ માની લીધી, અપમાન ગણી લીધુ. જો તેઓનું મારા પ્રત્યે જમાઈ જેવું આત્મીયત્વ હોત તો વડીલ તરીકે પાછળથી પણ મને બેસાડીને 'આવું વર્તન (મેં) શાથી કર્યું ?' તેમ મને પૂછીને ખુલાસો મેળવી શકત. પરંતુ તેમણે તેમ તો ન કર્યું, પરંતુ જાહેરમાં મને ઉતારી પાડવા સિવાય રહી શકયા નહી. જોકે પરિણામે એ સભામાં જ મોટાભાગના લોકો કોચવાઈ ગયા. અને અધૂરામાં પૂરું બીજી બાજુ આપણા મુખ્ય અનુયાયી પણ વિરોધ કર્યા સિવાય રહી શકયા નહીં. જોકે નાહક અને વાણીમાં ઉઘાડેછોગ કરેલું અપમાનવિષ મેં તો શાન્તિથી જીરવી લીધું, પરંતુ ગુણાનુરાગી માણસો બધાં જ સહનશીલ નથી હોતાં. એટલે તેઓ ત્યારે સભામાં ચૂપ રહી શકયા હોત અને પછી મારા ઉપર રોષ વ્યક્તિગત રીતે ઉતાર્યો હોત તો વાંધો ન હતો. પણ મદાંધપણું જ્યારે માઝા મૂકે છે, ત્યારે આવી અવદશા થાય જ છે. અધૂરામાં પૂરું ભૃગુઋષિએ અમો બન્ને વચ્ચે સમાધાનની ભૂમિકા ભજવવાને બદલે પાછું આપણા મુખ્ય અનુયાયીની વાણીની સામે સામુદાયિક આક્ષેપની ભૂમિકાએ દક્ષપ્રજાપતિનું એકલવાયું ઉપરાણું લીધું! એટલે હવે તો બળતામાં ઘી હોમાયું અને સ્પષ્ટ રીતે બે પક્ષો જેવી આજે પરિસ્થિતિ થઈ ગઈ છે. એટલે હવે આપણે આ બાબતમાં ધીરજ રાખી અપમાનો ગળી જતાં અને આપણા બધા જ અનુયાયીઓને શાન્તિ રાખવા સૂચવવું. મતલબ કે થોડો સમય પસાર થવા દેવો. આમ થવાથી એકપક્ષી ઉત્પાત ગમે તેવો આકરો હશે તોય કદાચ શમી જશે. અત્યારે આ એક જ માર્ગ દેખાય છે.'

મૈત્રેયજી બોલ્યા : "વિદુરજી ! સાંભળ્યું ? ભોળા શંભુ કેવા ઉદાર છે ! વ્યક્તિગત સાધના અને સમાજગત સાધનાની સમતુલા જેને સાચવવી છે, તેવા મહાત્માઓએ આ રીતે સમય પડયે કોમળ થવું જ પડે છે. પરંતુ આવા મહાત્માઓ એકલા ગમે તેટલા સજાગ

રહે અને પોતાના અનુયાયીઓને સજાગ રખાવે તેટલાથી જ કાંઈ આખો સમાજ વ્યવસ્થિત રહી શકે નહિ. આખા સમાજને વ્યવસ્થિત રાખવા માટે જ્યારે સમાજના પ્રબળ આગેવાનોમાં બે પક્ષ પડી જાય ત્યારે સમાજમાં ઓછામાં ઓછું એક સક્રિય તટસ્થ બળ એવું હોવું જ જોઈએ, કે જે બન્ને પક્ષોનો વિશ્વાસ ધરાવતું હોય અને બન્ને પક્ષો પાસે ન્યાય યથાર્થ કરીને પૂરી રીતે પળાવવાની શક્તિ ધરાવતું હોય. ઉપરાંત નાનામાં નાના માનવીને કયાંયથી અન્યાય ન થઈ જાય તેની ચોકી પણ બરાબર રાખી શકતું હોય. આમ નથી થતું ત્યાં લગી માનવ–સમાજ ગૂંચવાડા ભરેલો હોવાથી યુગે યુગે સકળ સમાજની સંશુદ્ધિ કરનાર વિભૂતિ તત્ત્વની જરૂર પડે જ છે. પણ વિદુરજી! પાછું અહીં વ્યક્તિએ પોતપોતામાં પણ મમતારહિત સાવધાની રાખવી પડે છે.''

## સતીનો મહીયર પ્રેમ

એવો કો' કાળ આવે કે, માનવયત્ન ના ફળે;
શુદ્ધભાવે ઘણો છોને, કર્યો તોયે વૃથા બને. ૧

બન્ને કર્તવ્યની વચ્ચે કો વેળા ભ્રાન્તિ થાય કે;
હશે સાચું કર્યું તેનો, નિર્ણય ઝટ ના થશે. ૨

ત્યારે ધીરજ રાખીને, થોડો કાળ જવા દઈ;
શાન્તિથી જો થતું કાર્ય, તો તેમાં શુદ્ધિ આવતી. ૩

સતી બોલ્યાં: 'પ્રભો! આપે જાહેરસભામાં આપના સસરાજીનું બીજા કોઈ ભાવે નહીં, પણ આપના વડીલ તરીકે થોડુંક સન્માન કર્યું હોત તો આવો દુઃખદ પ્રસંગ જ ન ઊભો થાત. પરંતુ એ

હું સમજી શકું છું આપની જગત પ્રત્યેની જવાબદારી વ્યક્તિગત સંબંધો કરતાં ઘણી મોટી અને ગંભીર છે. એ દૃષ્ટિએ આપે તે વખતે એમનુ બીજાઓની જેમ અંધ અનુકરણરૂપ સન્માન ન કર્યું, તે જ જરૂરી હતું, એટલે જે થયું તે થયું. વળી મને એમ થાય કે આપે એમને ખરાબ લાગ્યું છે, એવું ચહેરા ઉપરથી કળી જતાં વાર જ હું આપને પ્રસંગ આવ્યે મારું વર્તન અયોગ્ય ન હતું પણ યોગ્ય હતું તે સાબિત કરી આપીશ.' એમ કહીને કાંઈક (તમારા સસરાજીનો) ક્રોધ ઓછો કર્યો હોત તો વધુ સારું થાત. પરંતુ આવું કહેવાથી મારા પિતા દક્ષજી કદાચ ત્યારે તો વધારે ગુસ્સો પણ કરત! એ પણ બનવા જોગ લાગે છે. એટલે એકંદરે તો જે થયું તે યોગ્ય જ થયું ગણાય. પરંતુ હવે એમનો રોષ દૂર થાય અને આજે જે બે જૂથ પડી ગયાં જેવું બન્યું છે તે ટળે, તે માટે આમંત્રણ ન મળવા છતાં આપણે આ મહાન પ્રસંગ પર જઈ આવીએ તો ઠીક. આ મારો વિચાર આપને કેવો લાગે છે?'

સતીનાં આવાં વચનોનો જવાબ આપતા હોય તેમ ભ. શંકર બોલ્યા: 'સતી! દક્ષજીનો અંગત કે કુટુંબગત પ્રસંગ હોત તો નિમંત્રણ વિના પણ આત્મીય ભાવે જવામાં આપણો વિનય શોભત. પરંતુ આ પ્રસંગ આખીયે માનવસહિત દેવસૃષ્ટિનો છે. વળી ઇરાદાપૂર્વક આપણને અવગણ્યાં છે. આમ તો તમારા ઉપર તમારા પિતાજીનો અપાર પ્યાર છે. સતી તરીકે માત્ર પ્યાર જ નહીં, બલ્કે આદર પણ છે. પરંતુ મારા પરનો (નાહક) ગુસ્સો તેઓશ્રીએ તમારા ઉપર પણ ઉતાર્યો છે. એટલે હું તો જઈ શકું નહીં, તેમ 'તમો જાઓ' એમ પણ કહી શકું નહીં. એમ છતાં એક નારીને પોતાનું મહિયર પળે પળે સાંભરવું શક્ય છે, તેમાં ય જો પોતાના પિયરમાં આવો મોટો સમારોહ પ્રસંગ હોય તો કઈ નારીને જવાનું મન ન થાય? એ રીતે તમારું મન પણ થાય, તે સ્વાભાવિક છે. પરંતુ

તમો તમારા પતિમાં એટલાં બધાં એકનિષ્ઠ છો કે એમનું ત્યાં ઉઘાડે-છોગ થતું અપમાન તમો જરા વાર પણ સાખી નહીં શકો. અને ત્યાં આવું બનવાનો પૂરો સંભવ હોવાથી તમોને ત્યાં મોકલવામાં ઘણું મોટું જોખમ મને દેખાય છે. એટલે પણ હમણાં આ વાત તમો ખોરંભે નાખી દો, અથવા મહિયરના સંભારણા થોડીક વાર ભૂલી જાઓ, તે જરૂરી છે.'

મૈત્રેય મુનિ બોલ્યા : "વિદુરજી ! આમ તો સતી અને શંકર બન્ને અરસપરસ એકરૂપ હતા, એમ છતાં સતીનો મહિયર–પ્રેમ આ વાર્તાલાપ પછી ઓછો થવાને બદલે વધુ ઉત્તેજિત બની ગયો. સતીને પિતા કરતાં માતાની યાદ વધુ તાજી થઈ ગઈ. આ મહોત્સવમાં તે કેવી મ્હાલતી હશે ! નજીકનાં સગાંવહાલાંઓમાં મારી બહેનીઓ પણ પોતાના ભરથાર અને બાળકો સાથે વહેલી વહેલી જરૂર પહોંચી ગઈ હશે. એક હું જ જાણે અભાગણી હજુ ત્યાં પહોંચી શકી નથી. ચાલને ઝટ હજુ પણ પહોંચી જાઉં 'તોયે મહોત્સવ માણવાનો મોકો મળી જશે. આમ વિચારી તેઓ ભોળાશંભુને વીનવવા લાગ્યાં : 'હું આ મહોત્સવમાં હજુ પણ પહોંચી જઉં એવું મારા મનમાં સતત થયાં જ કરે છે. શું કરું ?' શિવજી બોલ્યા : 'સતી ! હું આપનો મહિયરપ્રેમ સમજી શકું છું. એ મહિયરપ્રેમ આપણા અંગત વિકાસ ઉપરાંત સમાજગત સાધના માટે પણ અનિવાર્ય જરૂરી છે, એમ પણ મને હંમેશાં લાગ્યું છે. પરંતુ અહીં માત્ર મહિયર–પ્રેમ જ આપને દક્ષ પ્રજાપતિજી ભણી નથી ખેંચી રહ્યો ! અમારા સસરા-જમાઈમાં ફરી પાછું મનઃસમાધાન થઈ પૂર્વવત્ સંબંધ બંધાઈ જાય, તેવી જાતની આપના અંતઃકરણમાં ઊંડે ઊંડે પડેલી લાગણી પણ આ ખેંચાણમાં ઠીકઠીક ભાગ ભજવી રહી છે, એમ મને સ્પષ્ટ લાગે છે. અને મારા નમ્ર મતે આજે આ જ એક મોટું ભયસ્થળ છે !' સમય પાકયા વિના (એટલે કે દક્ષજીના મનમાં પસ્તાવાની થોડી પણ લાગણી ન જન્મે ત્યાં લગી) જાતે થઈને અને વિના નિમંત્રણે

દોડી ત્યાં જવામાં હડહડતું અપમાન કદાચ થઈ જશે! આપનું અપમાન તો આપ સહી શકશો, પણ મારું અપમાન આપ નહીં સહી શકો. અને તેમ થતાં આપ મારી ચિંતા (નાહક) ઉમેરી દેશો. એનું શું?" મૈત્રેયજી બોલ્યા: "આટલું બોલ્યા પછી શિવજી ચૂપ થઈ ગયા. પણ એમણે એ જોઈ લીધું કે હવે મારે લીધે જો સતી પોતાને મહિયર નહીં જઈ શકે, તો એમને ઊંડું દુઃખ થવા અને પરાધીનપણું પણ લાગવા સંભવ થશે. ભગવાન શંકરની ચુપકીદીએ સતીને મહિયર જવામાં અનાયાસે મદદ કરી નાખી. કશી બીજી તૈયારી કર્યા વગર કે વિધિસર આજ્ઞા માગ્યા વગર ચુપકીદીમાં જ આજ્ઞા જોઈ, તેઓએ મહિયર ભણી ચાલવા માંડયું. તરત જ શિવગણના વળાવિયાઓ અને બીજાઓ તેમની પાછળ પહોંચ્યા. મેના પંખી, દંડો, દર્પણ, કમલ વગેરે ખેલની સામગ્રી, સફેદછત્ર, ચામર અને માળા આદિ શિવજીનાં રાજચિહ્નો અને શંખ, દુંદુભિ વાંસળી વગેરે દ્વારા ગાતા–બજાવતા તથા પોઠિયા પર સતીજીને ગૌરવભેર લઈ જતા તેઓ સાથોસાથ થઈ ગયા. આ સાગૈયું દક્ષરાજની યજ્ઞશાળામાં તો પહોંચ્યું પણ ત્યાં ન કોઈએ સતીનું સન્માન કર્યું કે ન કોઈએ પ્રબળ ઇચ્છા છતાં રખે દક્ષજીને માઠું લાગશે, એ ભયે સતી સામે જોયું! આ હળાહળ અપમાનની ઘણી ઊંડી ચોટ દક્ષસુતાને પહોંચી તો ખરી જ, પણ તે જણાવા દીધા વગર પિતાને નમસ્કાર કરી પોતાની માતા જે મંડપમાં બેઠેલાં તે તરફ વળ્યાં. પણ તે પહેલાં તો માતાજીએ જાતે સામે પગલે જઈ સતીને સુખદ આલિંગન આપી, છાતી સરસાં ચાંપી, વાત્સલ્યરસથી તરબોળ બનાવી મૂકયાં. માતૃપ્રેમ બીજું જોવા કયાં થંભે છે? જો કે બહેનોએ પણ વત્સલરસ પીરસ્યો ખરો પણ તેમાં કાંઈક કુતૂહલભાવ અને કૃત્રિમતા પણ હતી જ; જ્યારે માતામાં બધું સહજ સહજ હતું. આ દૃશ્ય દક્ષજીમાં ઈર્ષાગ્નિ જગાવી ગયું અને તેઓનો રોષ વધુને વધુ ભભૂકી ઊઠયો. સતી પર આની પણ વિપરીત અસર થઈ.

# સતીનો શરીરત્યાગ

શોણિત સંબંધથી નિત્ય ઉચ્ચ છે,
વિચાર સંબંધ જ ફક્ત એક તે;
પ્રત્યક્ષ આચારથી દાખવે સતી,
સાથે પતિ ગૌરવ પૂર્ણ સાચવી. ૧

બલિદાન તણાં મૂર્ત ઉદાહરણ ભારતે;
સીતા ને પાર્વતી રાધા, ગવાયાં ગૃહસ્થાશ્રમે. ૨

દક્ષ પ્રજાપતિના યજ્ઞમંડપમાં સતી દક્ષસુતાનો પોતાનો તો અનાદર થયો જ. પિતૃઘરના વાત્સલ્ય–રસપ્રવાહમાં મહાન નારી કદી આદર–અનાદરની ગણના કરતી હોતી નથી. જ્યારે સતી તો એવો અનાદર થશે, એવું વિચારીને પણ આવેલાં એટલે એ અનાદરને તો ગળી ગયાં. જો કે અહીં માત્ર અનાદર જ નહીં, બલકે અવહેલના થઈ હતી તોયે જાહેરમાં થયેલી આ હડહડતી અવહેલના માત્ર વ્યક્તિની ન હતી. તેથી જરા લાગ્યું તો ખરું, પરંતુ પોતે જે બાબતમાં કેંદ્રરૂપ હોય; તે સ્થળે ભલે સતીત્વની અવગણના થઈ, છતાં દક્ષસુતાએ એને મન પર આવી કે તરત કાઢી નાખી. પરંતુ આ અવગણનાનું મૂળ ભગવાન શંકરે કહ્યું હતું તે નીકળ્યું એટલે સતી ન રહી શક્યાં અને છડેચોક થતી ભગવાન શંકરની નિંદા અને સર્વ દેવોના મહાદેવ હોવા છતાં, તેમનો યજ્ઞભાગ આ યજ્ઞમંડપમાં ઇરાદાપૂર્વક ટાળવામાં આવ્યો તેથી તેઓને અતિશય ક્રોધ ચઢ્યો. જાણે આખાયે જગતને ભસ્મસાત્ કરી નાખશે કે શું, એવું મહાવિકરાળ મોં સતીનું થઈ ગયું. સતી સાથે આવેલા શિવજીના ભૂતગણો આ દશ્ય જોઈ દક્ષરાજને મારવાની હદે તૈયાર થયેલા જેવા સતીયે જોયા કે તરત તેઓને તો સતીએ પોતાના તેજ–પ્રભાવથી

રોકયા પણ ક્રોધાતુર વદને તેઓ બોલી ઊઠયા : "પિતાજી ! આપ વડીલને મારે શું કહેવું ? ભલા ! આ જગતના દેવોમાં શંકરથી મોટો કોઈ દેવ છે ખરો ? જો નથી જ તો તેમનો યજ્ઞભાગ નહીં કાઢયા પાછળ કયું કારણ છે ? શંકર જ સર્વ પ્રાણીઓના પ્રિય આત્મારૂપ છે, તેઓ પ્રબળ સમભાવી છે. એમને મન આ જગતભરમાં કોઈ નથી વહાલું કે નથી કોઈ દવલું ! જગતમાં આપ સિવાય એવું કોઈ જ નહીં હોય કે જે ભોળાશંકરનો વિરોધ કરે ! આપ જેવા નગુણા લોકો તો ગુણોમાં પણ દોષ જુઓ છો ! સજ્જન લોકો એમ નથી જોતા, તેઓ ગુણને ગુણ તરીકે અને દોષને જ દોષ તરીકે જુએ છે. એના કરતાં વળી સંતજનો તો કેવળ ગુણો પર જ નજર નાખે છે. દોષો ઉપર તેઓની નજરેય જતી નથી. મહાસંતો તો વળી દોષો જોવાની વાતને તો દૂર રાખે જ છે; સાથો સાથ બીજાના નાનકડા ગુણને પણ મોટામાં મોટું મહત્ત્વ આપી દે છે, આ સજ્જનો, સંતો અને મહાસંતોની વાત તો દૂર રહી ! પણ તમોએ તો મહાપુરુષો ઉપર પણ દોષારોપણ જ કર્યું છે. જે દુષ્ટ માનવી આ જડ શરીરને જ આત્મા માને છે, તેવો માનવી સદૈવ ઇર્ષ્યાગ્નિથી બળતો રહી મહાપુરુષોની નિન્દા કરે તો તેમાં આશ્ચર્ય જેવું કશુયે નથી. આવા માનવીનો નિત્ય-સ્વભાવ માની આવી પોતાની નિન્દાને મહાપુરુષો તો મન પર જ ન લે, તે સાવ સ્વાભાવિક જ છે. પણ મહાપુરુષોની ચરણધૂલિ આવા માનવીના અપરાધો જરાપણ સહન કરતી નથી ! અને એવા મહાનિંદક માનવીનું તેજ હરી લે છે. મને દુઃખદ આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે, જેમની આજ્ઞા જગતમાં પ્રાણીમાત્ર ઉઠાવે છે, તેમનો જ આપ દ્વેષ કરો છો. આપ નરમુંડમાળા, ચિતાની ભસ્મ અને હાડકાં તથા વિખરાયેલી જટારૂપી બાહ્ય વેશથી શિવને અશિવ ગણો છો. પરંતુ જગતભરના દોષો, જેમણે પોતા ઉપર ઓઢી લીધા છે, તે પુરુષનું અશિવ પણ શિવ બને છે, તે મૂળ વાત આપ કેમ ભૂલી જાઓ છો ? આથી જ માનવો

અને દેવો એમને શિવ-શંકર કહે છે. દેવો સુધ્ધાં એમના ચરણ પર પડેલા નિર્માલ્યને પોતાના શિર પર ચઢાવવામાં ગૌરવ માને છે. તે મહાન પુરુષની આપને મુખે થતી અવગણનાનો સામનો કરવાની તાકાત જેમનામાં ન હોય, તેમણે કાનમાં આંગળી નાખી, એવું સ્થાન ગમે તેટલા લાભનું મનાતું હોય, તોયે તેને છોડીને તત્કાળ ભાગી છૂટવું જોઈએ! અને કાંઈકેય શક્તિ હોય તો એ બકવાદ કરનારી નિરંકુશ(જીભ)ને ખેંચી દાખલો બેસાડવો જોઈએ. વળી જરૂર પડયે પોતાના પ્રાણને પણ જતો કરતાં અચકાવું નહીં જોઈએ! ધર્મ તો વીરતાનો છે, કાયરતાનો નથી. મને પોતાને લાગે છે કે "નીલકંઠ ભગવાનની નિંદા કરનારા એવા આપની પુત્રી તરીકે હવે હું આ મારું શરીર જ રાખવા માગતી નથી."

મૈત્રેયજી બોલ્યા: 'ભક્ત વિદુરજી! આટલું બોલી સતીએ મૌન લઈ લીધું. ઉત્તર દિશા ભણી મુખ રાખી તેઓ બેસી ગયાં. આચમન કરી, તેમણે પીળું વસ્ત્ર ઓઢી લીધું. આંખો મીંચી તેઓ સ્થિર આસને યોગસ્થિત થઈ ગયાં. તે સતીએ પ્રાણાયામ વાટે પ્રાણ અને અપાનને એકરૂપ બનાવી નાભિકમળમાં તેને સ્થિર કર્યો. ઉદાન વાયુને નાભિચક્રની ઉપર ઉડાવી ધીમે ધીમે બુદ્ધિની સાથે હૃદયમાં પ્રસ્થાપિત કર્યો. પછી ગળાથી ઠેઠ ભમ્મર વચ્ચે લઈ ગયાં. જે દેવીને સ્નેહવશ શંકર ભગવાન ગોદમાં રાખતા તે જ આ દેવીએ બધાં અંગોમાં અગ્નિ અને વાયુ ભરી દીધાં અને પતિચરણમાં જ મનને તલ્લીન કર્યું. દક્ષસુતા તરીકેનું અભિમાન પણ છોડયું. આમ, શરીરને યોગાગ્નિથી બાળીને ખાખ કર્યું. રાજવી દક્ષે આ દશ્ય નજરોનજર જોયું, છતાં સતીને ન રોકયાં. તેથી સૌના મનમાં થયું: આ ખરેખર દ્રોહી અને અસહિષ્ણુ રાજવીને જીવતાં અપકીર્તિ અને મરણ પછી નરક મળશે. જુઓને, કેટલી બધી દુષ્ટતા છે!! ત્યાં તો શિવ-પાર્ષદો દક્ષને મારવા ઊભા થયા. પરંતુ ભૃગુ ઋષિએ ઋભુ-

નામના દેવોને યજ્ઞકુંડમાંથી પ્રગટ કરાવ્યા અને દક્ષને તો બચાવી લીધો, પરંતુ યજ્ઞમંડપમાંનો સૌનો આનંદ તો આપોઆપ પલાયન થઈ જ ગયો !"

## યજ્ઞધ્વંસ અને યજ્ઞપૂર્તિ

સત્વગુણી બલિદાનો, વિશ્વે વ્યર્થ ન તોય તે;
તમોયુક્ત–રજસ્તત્ત્વો, સજાથી નાથવાં પડે. ૧

રૌદ્ર ને સૌમ્ય બે પાસાં, છે શિવ ભગવાનમાં;
વ્યષ્ટિમાં ને સમષ્ટિમાં, જીવન પણ છે બેવડાં. ૨

તે પૈકી સાધજો સૌમ્ય, રૌદ્ર પાર કરી જજો;
તો મર્ત્યજન્મમાં નક્કી, સામટી સિદ્ધિ પામશો. ૩

ભક્ત વિદુરજીને ઉદ્દેશીને મૈત્રેયમુનિ બોલ્યા : "આપ જાણો જ છો કે નારદમુનિ તો મોટે ભાગે ફરતા રહેતા હોય છે. અને ઘટનાઓનું યથાસ્થાને યથાયોગ્ય વર્ણન પણ કરતા હોય છે. સતીજીના સ્વેચ્છાએ શરીરત્યાગની વાત તેઓએ ભગવાન શંકરને વહેલામાં વહેલી પહોંચાડી. એટલે મહાદેવજી વિચારમાં પડ્યા : સતીજીએ તો સ્વબલિદાન આપી પતિભક્તિ તથા અન્યાય પ્રતીકારનો અહિંસક માર્ગ બતાવી દીધો અને પોતાનું કલ્યાણ કરી ગયાં. પરંતુ દક્ષ પ્રજાપતિની યજ્ઞસભામાં જમા થયેલાં પૈકીનાં ઘમંડભરી રીતે વર્તી પ્રજાપતિને ખોટે માર્ગે સાથ આપનારાંને આટલા માત્રથી પોતાની ભૂલનો પૂરેપૂરો ખ્યાલ નહીં આવે, અને પસ્તાવો થવાની વાત દૂર રહી જશે. એટલે એનો બરાબર ઉપાય કરવો જોઈએ. એ વિચાર પછી એમનામાં રોષ ઊભરાઈ નીકળ્યો. એમણે પોતાની જટાની લટ ઉખાડી

અને ઘણું ગંભીર અટ્ટહાસ્ય કરતાં કરતાં ભોંય પર પછાડી. તો એમાંથી એક મોટો લાંબો પહોળો પુરુષ પેદા થયો. એના લાંબા પહોળા શરીરનો એક છેડો તો ઠેઠ સ્વર્ગને અડવા મથતો હતો! એને બરાબર એક હજાર હાથ હતા. મેઘ જેવો શ્યામ એનો વર્ણ હતો. અને સૂર્યના ગોળા જેવી આગભભૂકતી (તેને) ત્રણ આંખો હતી. એ પુરુષની દાઢી વિકરાળ હતી. અગ્નિજ્વાળાઓ જેવી એ પુરુષની લાલ લાલ જટાઓ હતી અને ગળામાં નરમુંડ માળા હતી. અનેકવિધ શસ્ત્ર–અસ્ત્ર પોતાના હાથમાં એ પુરુષે લીધેલાં. શિવ–આજ્ઞા મળતાં જ તે જોરથી યજ્ઞશાળા ભણી દોડવા લાગ્યો. એની પાછળ શિવજીના અનેક ગણો યજ્ઞશાળામાં પહોંચી ગયા. અને જેમણે જેમણે ભગવાન શંકરનુ જાણી જોઈને અપમાન કર્યું હતું તથા દક્ષપ્રજાપતિને ખોટે રવાડે ચઢાવેલા તે પૈકીના એક–એકને પકડી તેને પ્રત્યક્ષ દંડ આપવો શરૂ કરી દીધો. ભાગનારા દેવોને પકડી લેવાયા. તોયે કેટલાક નાસી ગયા, તો તેઓને જવા પણ દીધા. એ શિવપાર્ષદો પૈકીના મણિમાને ભૃગુ ઋષિને બાંધી લીધા, વીરભદ્રે પ્રજાપતિને કેદ કરી દીધા, ચંડીશે પૂષાદેવને તથા નંદીશ્વરે ભગદેવને પકડી લીધા. આથી યજ્ઞમાંના બ્રાહ્મણો સહિત સૌ પોબારા ગણી ગયા અને આખાયે યજ્ઞશાળામાં પૂરેપૂરી ભાંગફોડ થઈ ગઈ. રમણભમણ બધું થઈ ગયું. વીરભદ્રે ભૃગુઋષિની દાઢી–મૂછ ખેંચી કાઢ્યાં; ભગદેવતાની આંખ ખેંચી લીધી; પૂષાના દાંત ખેંચી કાઢ્યા અને દક્ષનું માથું ખેંચી કાઢ્યું. સૌને પોતપોતાનાં બુરાં કૃત્યોનો આ રીતે તરત બદલો મળી ગયો. પરંતુ બધા દેવો વગેરે બ્રહ્માજી પાસે ગયા અને બ્રહ્માજીએ તે સૌને સલાહ આપી: "ભગવાન શંકરનો તમો સૌએ મહાઅપરાધ કર્યો અને તેનું જ આ ભયંકર પરિણામ આવ્યું છે. પણ હજુયે તમોને જો સાચો પસ્તાવો થયો હોય તો એક ઉપાય અવશ્ય છે. તમો સૌ કશી શરત લાવ્યા વગર કે બહાનુ ધર્યા વગર વિના વિલંબે અને નિશ્છલ હૈયે મહાદેવજી પાસે જઈને માફી માગો. તો ફરી પાછા

તેમના જ આશીર્વાદ પામી શકશો. ફરીથી તેમની હાજરીમાં યજ્ઞ પણ થશે અને દક્ષપ્રજાપતિનું ધડમાથું સંધાઈ જશે. જેમનાં જેમનાં અંગોપાંગો ઘવાયાં છે તેમને તેમને તથા મરેલાં સૌને પુનઃ સંજીવની મળશે. હું તો તમારા વતી બરાબર તેઓની ક્ષમા માગીને માફી અપાવીશ, કિન્તુ તમારે સૌએ એટલું તો સમજવું જ જોઈશે, કે તેઓ જ આપણા સૌમાં 'મહાદેવ' છે. તેઓ જેમ સકારણ મહારોષ દર્શાવી શકે છે, તેમ કારણ દૂર થતાં મહાશિષ પણ વર્ષાવી શકે છે." તરત સૌએ કબૂલ કર્યું. બ્રહ્માજીએ મહાદેવને રીઝવ્યા અને સૌએ આશિષ મેળવી લીધી. એટલું જ નહીં બલકે ખુદ ભગવાન યજ્ઞેશ્વર પણ પ્રગટ થયા અને સમજાવ્યું કે, 'એક અર્થમાં તો હું પોતે જ બ્રહ્મા અને હું પોતે જ શંકર છું.' ત્યારબાદ સતીનો પુનરાવતાર હિમાલયમાં થયો અને મુનિ નારદજીના નિમિત્તે તપ દ્વારા ફરી પાછો તેમની સાથે શંકરનો સુયોગ પણ થઈ ગયો, આમ દક્ષસુતા તરીકે હતાં ત્યારે પોતાનાં ગુરુપત્ની (સીતા)નો વેષ ધર્યો હતો ત્યારે જેમનો ભગવાન શિવે ત્યાગ કર્યો હતો, તેઓ જ નવાવતારે જન્મ્યાં, એટલે એ (મહાન પતિવ્રતા મહાસતી)નો હોંસપૂર્વક શિવજીએ સ્વીકાર પણ કર્યો. આવું શિવપાર્વતીનું જોડું અદ્વિતીય અને અખંડિત છે. તેથી વિષ્ણુ-લક્ષ્મી, સીતારામ તથા રાધાકૃષ્ણની જેમ પાર્વતી-પરમેશ્વર તરીકે શાશ્વત આદરને પાત્ર પણ છે જ. વિદુરજી ! આ ચરિત્ર બૃહસ્પતિશિષ્ય ઉદ્ધવજી પાસેથી સીધેસીધું મેં સાંભળ્યું છે. આથી જે જિજ્ઞાસુ માણસ સાચી ભક્તિથી હંમેશાં એનું શ્રવણ-કીર્તન કરશે, તેની સંસારવાસના જરૂર નષ્ટ થશે."

# ધ્રુવની ન્યાય-નીતિ સાધના

વંશસ્થ

અન્યાય પે'લો ઘરથી શરૂ થઈ, ને
વ્યાપતો વેગથી વિશ્વમાં પછી;
માટે જગે ન્યાય ખરે જ ઇચ્છશો,
તો પે'લ એની ઘરથી કરો તમે. ૧

સત્ પ્રયત્નો કર્યે પૂરા, દિલ સાથે છતાં ફળ;
જો ન દેખાય, તોયે તે, રાખો શ્રદ્ધા સુનિશ્ચળ ૨

કેમ કે કારણો સર્વે, જામતાં વાર લાગતી;
તેથી વાટ પડે જોવી, કો' કાર્ય ફળતાં ઘણી. ૩

મૈત્રેયજી બોલ્યા : "વિદુરજી! સનકાદિ, નારદ ઋભુ, હંસ, અરુણિ અને યતિ એ બધા બ્રહ્માજીના પુત્રોએ નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવા ગૃહસ્થાશ્રમ પ્રવેશ ન કર્યો. એથી એમને કોઈ સંતાન ન થયું. જગતમાં જેમ સત્ય અને બ્રહ્મચર્ય છે, તેમ અસત્ય અને અબ્રહ્મ પણ છે જ. બ્રહ્માજીના જ એક પુત્રનું નામ હતું અધર્મ. અધર્મને પરણે કોણ? મૃષા પોતે જ અધર્મની પત્ની બની ગઈ. અધર્મ અને મૃષા જેવાં પતિ–પત્નીમાંથી કેવાં બાળકો જન્મે? બાળક તરીકે જન્મ્યો દંભ અને બાલિકા તરીકે જન્મી માયા. એ બન્નેને (પોતાને કોઈ સંતાન ન હોવાથી) નિર્ઋતિ નામનો માનવ લઈ ગયો અને તે ભાઈબહેનને જ પરસ્પર પરણાવી દીધાં. એમાંથી લોભ નામે પુત્ર અને નિકૃતિ (એટલે કે શઠતા) નામની પુત્રી થઈ. તેમાંથી પેદા થયાં ક્રોધ અને હિંસા. અને એમાંથી પેદા થયાં કલિ (કલહ) અને દુરુક્તિ (ગાળો) બસ, આમાંથી જ જન્મ્યાં ભય અને મૃત્યુ! ભય

તથા મૃત્યુના સંયોગે જન્મ્યાં યાતના અને નરક. આ છે સંક્ષેપમાં અધર્મનો વંશવારસો. આટલી ઓળખાણુ યથાર્થ થઈ જવાથી મનની મલિનતા દૂર થઈ જાય છે. હવે તમે બ્રહ્માપુત્ર મનુ મહારાજની વંશાવળી સાંભળો: હરિનો અંશ બ્રહ્માજી | અને બ્રહ્માજીના અંશરૂપ સ્વાયંભુવ મનુ મહારાજને શતારૂપા મહારાણીથી બે પુત્ર થયા: (૧) પ્રિયવ્રત અને (૨) ઉત્તાનપાદ. ભગવાન વાસુદેવની કળાએ જન્મવાથી એ બન્નેને સંસારને સુરક્ષિત રાખવાની જોરદાર તાલાવેલી હતી. ઉત્તાનપાદ રાજાને રાણીઓ બે હતી: (૧) સુનીતિ અને (૨) સુરુચિ. તે બે પૈકી સુરુચિ નાની છતાં વધુ વહાલી હતી.''

મૈત્રેયજી કહે છે: ''ભક્તજી! જુઓને, માયાનું કેવું પ્રાબલ્ય છે!! એક દિવસ ઉત્તાનપાદ રાજા સુરુચિ રાણીથી પેદા થયેલા પુત્ર ઉત્તમને પોતાની ગોદમાં લઈ રમાડી રહ્યા હતા. તેવામાં સુનીતિનો પુત્ર ધ્રુવ પણ દોડીને આવી પહોંચ્યો અને ઉત્તમની જેમ પિતાની ગોદમાં બેસવાની પોતાની ઇચ્છા પ્રગટ કરી. પરંતુ અણુમાનીતીથી જન્મેલા ધ્રુવ તરફ રાજા ઉત્તાનપાદ હજુ નજર કરે તે પહેલાં તો ઘમંડથી ભરેલી સુરુચિ ત્યાં દોડી આવી અને છણકો કરીને બોલી: અલ્યા ધ્રુવ! શું કરવા મંડ્યો છે! આ ગોદમાં તો જે રાજસિંહાસન પર બેસી શકે, તે જ બેસશે. ભલે તું રાજપુત્ર રહ્યો, પણ મારી કૂખે પેદા ક્યાં થયો છે? મારી કૂખ વિના ઉત્તાનપાદ રાજવીનું રાજ સિંહાજન તને ક્યાંથી મળે? નહીં જ મળે. મારી કૂખે તું આવ પછી રાજવીની ગોદ અને ગાદી બન્નેય મળી શકશે. તપસ્યા દ્વારા શ્રી નારાયણને સાધી લઈશ તો જ હવે તને તારા બીજા જન્મે મારી કૂખ મળી શકશે, સમજ્યો કે?' બાળક જોકે ઉમ્મરે નાનો હતો પણ સ્વમાની હતો. આવું હડહડતું અપમાન અને તેય સગા-બાપની હાજરીમાં થયું. એટલે એ સ્વમાની બાળકને જબ્બર ધક્કો લાગ્યો. એ સ્થાન છોડતો, જોરથી રડતો અને લાંબા લાંબા

શ્વાસ ભરતો પોતાની માના પાલવડામાં મોં નાખી હીબકે હીબકે તે ખૂબખૂબ રડવા લાગી ગયો. સુનીતિ માતા પોતાના કીંમતી પાલવથી આંસુ લૂછતી અને તેય પોતે દુઃખદ આંસુ સારતી, એ બાળકની વાત સાંભળવા લાગી. બાપડો બાળક તો શું કહી શકે? કહે તોયે કેટલું કહી શકે? પણ જે લોકોએ આ દુઃખદ દૃશ્ય જોયેલું, તેમની પાસેથી સાંભળી તે બોલી ઊઠી: 'બેટા! પહેલાં તું રડવાનું સાવ બંધ કરી દે. મારા દીકરા! તારાં આંસુડાં જોઈ મારું લોહી સુકાઈ જાય છે! મારા બેટા! તારાં કમનશીબ છે કે તું મારી કૂખે જન્મ્યો! હું તો રાજાજીને દાસી જેટલીય વહાલી નથી! માટે હવે તું એક વાર સકલ–દુઃખ–નિવારક ભગવાનને સમર્પિત થઈ જા. તેઓ જ તારું સ્વમાન સાચવી–સચવાવી શકશે. હવે મારું ગજું નથી. હું માત્ર તે પરમ કૃપાળુ પ્રત્યેની તારી પ્રાર્થનામાં તો જરૂર શામેલ થઈ શકીશ. પોતાના નાનેરા વહાલસોયા પુત્રને હાથે કરીને કઈ કઠોર મા તપને માર્ગે ધકેલવા રાજી હોય!'' માના આ શબ્દે શબ્દે હૈયું રેડાતું હતું. પુત્રે માની પ્રેમભરી વિદાય લેતાં કહ્યું: 'બા! ભલે હું નાનો રહ્યો, પણ મને ખ્યાલ આવી ગયો છે કે ભગવાન જ મને બોલાવે છે. તું મારી જરીકે હવે ચિન્તા ન કરીશ, માત્ર આશીર્વાદ આપતી રહેજે. તારા આશીર્વાદ વિના એકલી મારી તપસ્યા ફળ નહીં આપી શકે.' પુત્રને માએ કઠણ હૈયે આંસુ પાડયા વિના આશિષ આપી દીધી: 'બેટા! પૂર્ણ સફળતા પામજે.' અને બાળક ધ્રુવમાં સમગ્ર વિશ્વની હિમ્મત જાણે એકઠી થઈને આવી ગઈ!!! તે જંગલમાં ઊંડે ઊંડે જઈ બેસી ગયો. ત્યાં તો નારદજી ઝબકયા. તરત ધ્રુવ એમના ચરણમાં લેટી પડ્યો.

# નારદ–કૃપા

નાનું બચ્ચું છતાં મર્ત્ય, સિંહસમો બને કદી;
તે રીતે આ લઘુ ધ્રુવ સૌ ભક્તોને જતો વટી. ૧

મટાડી રોગ દે સ્વાસ્થ્ય, જે રીતે કટુ ઔષધિ;
કુનિમિત્ત તેને દોરે, મીઠી સુસાધના પ્રતિ. ૨

અતિશય હાર્દિક ભાવથી વંદન કરતા એવા બાલક ધ્રુવને ઉદ્દેશીને નારદ ઋષિ બોલ્યા : "બેટા! તને તારી સાવકી માતા સુરુચિનાં વચનબાણોએ ઘાયલ કરી નાખ્યો છે, તેથી તું એકલો અટૂલો ચાલી નીકળ્યો અને ઠેઠ આવા ગાઢ જંગલમાં આવી પૂગ્યો છે! પરંતુ મારે તને કહેવું જોઈએ કે હજુ તારી ઉંમર યોગ કે તપ માટે ઘણી નાની ગણાય. તારે તો ખાવું પીવું ને ખેલવું–કૂદવું જોઈએ. જે માર્ગ તું પકડવા માટે આટલે દૂર પગે ચાલી આવ્યો, તે માર્ગમાં મોટા મોટા મુનિવરો અને મોટા મોટા યોગીઓ પણ થાકીને પાછા ફરી ગયા છે; તો તારે તારાં બાપુજીનાં લાડ ભોગવવા પાછા ફરી જવું જોઈએ. પુખ્તવય થાય ત્યારે જો ઇચ્છા જન્મે તો જરૂર પાછો આ માર્ગે આવજે. બાકી અત્યારે તારું કામ નથી. તારું ગજું પણ શું?" એમ સ્મિત કરતા જ્યારે નારદમુનિ બોલ્યા ત્યારે ધ્રુવ બોલી ઊઠયો : 'મહામુનિ! આપ તો મારા જેવા નાના બાળકને પ્રોત્સાહન આપવાને બદલે બીજી જ વાત કરવા લાગી ગયા! સાંભળો ત્યારે. હું ભલે ઉંમરે નાનો બાળ રહ્યો, પણ ક્ષત્રિય બાળ છું. સાચો ક્ષત્રિય બચ્ચો કદી સંપત્તિ, સગાં કે પ્રાણની પરવા કરતો હોતો નથી.' નારદે કહ્યું : વત્સ! તારી વાત સાચી છે પણ જેમ ક્ષત્રિય બચ્ચામાં બલિદાન–ભાવના હોય છે, તેમ રજો-ગુણની માત્રા પણ સવિશેષ હોઈ શકે છે. તું આ ઉંમરે આટલો

દૂર નીકળી આવ્યો. જ્યારે 'મા'નો ખોળો ખૂંદવાની ઇચ્છા હોય, ત્યારે એ ખોળો છોડી ભગવાનને ખોળે બેસવા આવ્યો, તે તારી અદ્ભુત બલિદાનવૃત્તિ તો સૂચવે જ છે, પરંતુ અભિમાન હોય તો ? જે બલિદાન પાછળ મિથ્યાભિમાન પડ્યું હોય, તે બલિદાનનું કોઈ ખાસ મૂલ્ય નથી." ધ્રુવ ફરીથી નારદમુનિની ચરણરજ લઈ બોલ્યો : 'મહામુનિ ! મારા કરતાં તો આપ જ મને વધુ સમજી શકો. હું કહું 'મને અભિમાન નથી !' તો એ તો ડંફાશ કહેવાય. હું કંઈ સમજું નહીં. આપ જ મને સાચો અને સરળ રસ્તો બતાવો. બાકી હવે હું ભગવાનની ચરણરજ લઈ પૂર્ણ રીતે પાવન થયા સિવાય પાછો મારે ઘરે જવાનો નથી, એટલું નિશ્ચિત.' ધ્રુવનાં આ વચનોમાં નિખાલસતા, નમ્રતા છતાં અડગ વલણ સ્પષ્ટ તરી આવતું હતું, જેથી નારદજી ખુશ ખુશ થઈ ગયા અને બોલ્યા : "બેટા ! ચિંતા ન કર. તારી યોગ્યતાની મને હવે પૂરેપૂરી ખાતરી થઈ ગઈ છે. સુનીતિમાતાએ પોતાના લાડલા દીકરાને આશીર્વાદ સાથે રજા આપી દીધી તે તારી યોગ્યતા માટેનું નાનું-સૂનું પ્રમાણપત્ર ન ગણાય !" તરત ફરી એક વાર ધ્રુવને પોતાના ચરણ ઉપર ઢળી પડેલો જોઈ ઋષિજી ગદ્‌ગદિત થઈ ગયા અને માથા પર હાથ ફેરવતાં કહ્યું : "બેટા ધ્રુવ ! તું યમુના તીર પરના મધુવનમાં પહોંચી જા. ત્યાં શ્રીહરિનો કાયમી નિવાસ રહેલો ગણાય છે. તેમનું એક નામ ભગવાન વાસુદેવ પણ છે જ. ત્યાં ત્રણ વખત રોજ ન્હાઈ ધોઈને નિત્યક્રમથી પરવારી આસન પર બેસી "ૐ નમો ભગવતે વાસુદેવાય" પર સ્થિર ભાવ રાખી યથાર્થ પ્રાણાયામ ઠીક ઠીક કરતો રહેજે. કારણ કે ભગવાનમય થવા માટે શુદ્ધ પ્રાણ, શુદ્ધ મન અને ઇન્દ્રિય સંયમની ખાસ જરૂર પડતી હોય છે. પોતાના પરમ ગુરુ તરીકે હૃદયમાં વિરાજમાન આત્માને જ પરમાત્મારૂપ ગણી એમાં એકાગ્ર થવાની જરૂર છે.' ધ્રુવ પણ હવે રાજી રાજી થઈ બોલ્યો : 'આપ જ ખુદ બ્રહ્માના ઔરસપુત્ર છો. બસ હવે આપની કૃપા થઈ એટલે

અનુકૃપા થવાની, થવાની અને થવાની જ.' એમ બોલી નારદઋષિને ત્રણ વાર પરિક્રમ્મા કરીને ધ્રુવ તો મધુવન ભણી નારદજીના માર્ગ-દર્શન મુજબ ચાલી નીકળ્યો. નારદજી પણ ધ્રુવજીને વિદાય આપી તેના પિતાશ્રી ઉત્તાનપાદ (ધ્રુવના પિતા) પાસે આવી પહોંચ્યા

## ધ્રુવની અચળ પ્રભુ–ભક્તિ

નિમિત્ત માત્ર છે મર્ત્ય, અન્યનાં દુઃખમાં છતાં;
ઊંડો થવો ઘટે તેનો, પસ્તાવો દિલનો સદા. ૧

અડાડતા પ્રભુ આવી, ધ્રુવ કંઠે સ્વશંખ જ્યાં;
તત્કાળ ઝરવા લાગી, દિવ્ય વાણી અખંડ ત્યાં. ૨

પળે ત્રુઠે પળે રૂઠે, વિચિત્ર માનવી મન;
આત્મલક્ષી બનાવો તો, થશો તમે જ ઈશ્વર. ૩

મધુવન ભણી ધ્રુવ ચાલ્યા ગયા પછી તેના પિતાશ્રી ઉત્તાન-પાદને પસ્તાવાનો પાર ન રહ્યો. મોકો જોઈને નારદજી ત્યાં પહોંચ્યા. ઉત્તાનપાદ રાજાનો સત્કાર પામી તેઓ બોલ્યા : 'રાજાજી ! આટલા બધા શોક મગ્ન શાથી ?' તરત રાજાએ પોતાનું પેટ ખોલ્યું : 'એની સાવકી મામાં પાગલ બનીને મેં મારા દીકરા ધ્રુવને ઘણો અન્યાય કરી નાખ્યો. રખે વનમાં એને કોઈ ઝેરી જાનવર કરડે કે મારી નાખે ! હું કેવો દુષ્ટ ! કે પિતા થઈને મારા સગાપુત્રને જાતે ત્યાં ધકેલી દીધો ! !' નારદ બોલ્યા : 'રાજાજી ! આખરે માનવી તો નિમિત્ત છે. હા, આવું નિમિત્ત બનનારને પસ્તાવો થવો જોઈએ. અને સદ્‌-ભાગ્યે તમોને તરત પસ્તાવો થયો છે ! પરંતુ આ નિમિત્તે ધ્રુવનું તો કલ્યાણ જ કરી નાખ્યું છે ! ખરેખર એ છોકરા જેવો મેં આજ

સુધી કોઈ છોકરો જોયો નથી! કેવી તન્મયતા અને કેટલો બધો ઉત્સાહ! એ પરથી લાગે કે 'યોગભ્રષ્ટ સાધક થઈને હવે યોગ પૂર્ણ કરવા અહીં તે આવી લાગ્યો છે!' એની સાવકી માતા આવાં વેણ ન બોલી હોત તો એની ભક્તિને વેગ શે મળત? આપ કે એની માતા સુનીતિ તથા સાવકી માતા સુરુચિ કશી ચિન્તા ન કરશો. એ બાળક ભક્તના રખેવાળ ભગવાન સ્વયં છે. મને તો લાગે છે કે એને નિમિત્તે તમારો યશ પણ ચોમેર ફેલાઈ જશે.' આવાં નારદ-વચનોએ ઉત્તાનપાદ રાજાને આશ્વાસન જરૂર મળ્યું, પણ ચિન્તા મટી નહીં. ઊલટી બેવડી ચિન્તા થઈ. 'શું કરતો હશે અને ક્યારે આવશે?' માનવમનની કેવી વિચિત્રતા છે! ગુસ્સો પણ કરાવે છે અને પાછું પસ્તાવો પણ કરાવે છે! અહીં મધુવનમાં પહોંચી ધ્રુવે નિરાંતે યમુનાસ્નાન કર્યું અને પછી એકાગ્ર ચિત્ત કરી ભગવાનને ઉપાસવા બેસી ગયો. ફલ, પાંદડાં ખાતો સાધનામાં આગળ વધ્યો. જળ તથા વાયુ પીને દિવસો ગુજાર્યા. ઘડીભર તો એવા ધ્રુવની વિશ્વાત્મૈક્ય સાધનાને કારણે પ્રાણિમાત્રના શ્વાસ જાણે રોકાઈ ગયા! આખી પૃથ્વી જાણે ઝૂકી પડી! આવું કુદરતી થાય ત્યારે દેવોને પસ્તાવો થાય જ. કારણ કે રખે અમારું કાંઈક ઝૂંટવાઈ જાય! ભગવાને દેવોને શાંત કર્યા અને ગરુડે ચઢી પ્રભુ જાતે પધાર્યા. વેદ-મય શંખ ધ્રુવ ગળે અડાડ્યો અને તરત વેદમયી દિવ્યવાણી એ બાળકમાંથી ઝરવા લાગી ગઈ. પછી તો સુંદર રીતે ભગવાનની સ્તુતિ કરવા માંડી. ભગવાનને શ્રીમુખેથી કેવા પ્રેરક શબ્દો નીકળ્યા : "તપસ્વી રાજકુમાર! ધન્ય છે, તને. જ્યાં કોઈનો નિવાસ ન થયો, ન થશે તેવું સ્થાન તને અર્પું છું. જો વત્સ! ધર્મ, અગ્નિ, કશ્યપ, સપ્તર્ષિ સહિત નક્ષત્રો તને પ્રદક્ષિણા કરશે. આ થઈ પરલોકની વાત. આ લોકમાં પણ તારા પિતા વનમાં વાનપ્રસ્થ જીવન જીવવા જશે અને તને જ રાજ્ય સુપ્રત કરશે. તારો સાવકો ભાઈ ઉત્તમ શિકાર-માં મોત વહોરશે. અને તારી સાવકી માતા સુરુચિ અગ્નિમાં પેસી

જશે." આટલું બોલતા બોલતા ભગવાન ચાલી નીકળ્યા. અને પોતાના સ્થાનમાં પહોંચી ગયા. વિદુરજી પૂછે છે : 'મૈત્રેયજી ! આટલું બધું થવા છતાં ધ્રુવજી કેમ સંતોષ ન પામ્યા ?" મૈત્રેયજીએ કહ્યું, "ધ્રુવને થયું 'ભગવાન ખુદ મારી પાસે ચાલી–ચલાવીને આવ્યા, છતાં હું કેમ એમને પારખી ન શક્યો ! હવે ધ્રુવ વતનમાં પાછો આવ્યો. ધ્રુવ આવે છે એટલા ખબર મળતાં ઉત્તાનપાદ રાજાના હૈયામાં ટાઢક વળી. તેઓ હર્ષ ઘેલા થઈ સોનાનો ઘોડો બનાવી વાજતે ગાજતે સ્વાગત કરવા દોડી ગયા. માતા સુનીતિના આનંદનો પાર ન રહ્યો. સુરુચિએ પસ્તાવા સાથે અંતરથી ધ્રુવનું સ્વાગત કર્યું. ઉત્તમ–ધ્રુવ બાંધવ–જોડી રૂપે હાથણી પર બેસી રાજનગરીમાં ચોમેર ફર્યા. પ્રજા રાજી રાજી થઈ ગઈ. નારદજીની વાતને યાદ કરી રાજા ઉત્તાનપાદે ધ્રુવને જ રાજગાદી સોંપી પોતે વન–પ્રયાણ કર્યું. ભારતીય સંસ્કૃતિમાં કર્તવ્ય ધર્મ જ પ્રધાનપદ ભોગવે છે ને !"

## ધર્મમય ધ્રુવનીતિ

બાલત્વે ભક્તિને સાધી, ગૃહિત્વે ભોગ ભોગવ્યા;
એ રીતે વાસના જીતી, ધ્રુવ ધ્રુવપદે ઠર્યા. ૧

આવું જાણી મુમુક્ષુ જે, ધ્રુવ જીવન આચરે;
તેય ધ્રુવ–ગતિ પામી, નિશ્ચે મોક્ષપદે ઠરે. ૨

જેને ભક્તિ ખરી જાગી, પેખે સર્વત્ર તે હરિ;
પોતામાં સર્વ પ્રાણીમાં, જાણે અદ્વૈતતા ભરી. ૩

"ઉત્તાનપાદ રાજા તો ધ્રુવને સુયોગ્ય જાણી ગાદી સોંપી વનમાં સાધનાર્થે ચાલ્યા ગયા. ત્યારબાદ પ્રજાપતિ શિશુમારની પુત્રી 'ભ્રમી'

સાથે ધ્રુવનાં લગ્ન થયાં હતાં. જેનાથી 'કલ્પ' અને 'વત્સર' એ બે પુત્ર થયેલા. ધ્રુવની બીજી પત્ની વાયુપુત્રી 'ઈલા' હતી. તેનાથી એક ઉત્કલ નામનો પુત્ર થયો તેમ એક કન્યારત્ન પણ પાક્યું. આ બાજુ હિમાલય ઉપર મૃગયા કરતાં કરતાં એક બળવાન યક્ષે ઉત્તમને મારી નાખ્યો. ત્યારબાદ ઉત્તમનાં સગાં માતા સુરુચિ પણ સ્વર્ગે ગયાં. યક્ષ દ્વારા પોતાનો ભાઈ ઉત્તમ મરાયો તે જાણી ક્રોધ અને ખેદથી ભરેલો ધ્રુવ યક્ષનગરી અલકાપુરીમાં જઈ પહોંચ્યો અને એવો તો શંખ તેણે વગાડ્યો કે સૌ ભયભીત બની ગયાં કે આ કોણ?" હવે આ વાતને આગળ લંબાવતાં શ્રી મૈત્રેયમુનિ કહે છે: "વિદુરજી! વીરવર ધ્રુવે બહાદુરી દેખાડી. એક લાખ ત્રીસ હજાર યક્ષોએ પ્રથમ તો તારીફ કરી પણ પછી પોતાનું બધુંય શસ્ત્રાસ્ત્રોનું બળ ધ્રુવ પર ઠાલવી દીધું. આખરે ધ્રુવે એકાએક એવી વીરતા બતાવી, કે આખરે બધાય યક્ષો યુદ્ધ મેદાનમાંથી ભાગી જ ગયા!! જો કે એમ છતાં એમણે અનેક કંપાવનારી માયાઓ રચી! પરંતુ આખરે તો ધ્રુવજી જ ફાવ્યા. અને કેટલાક યક્ષો મૃત્યુશરણ પણ થઈ ચૂક્યા. તેવામાં ધ્રુવના દાદા સ્વાયંભુવ મનુ પોતે અનેક ઋષિઓને સાથે લઈને ઠેઠ અહીં પહોંચી આવ્યા અને ધ્રુવજીને ક્રોધ રહિત બનવા સમજાવ્યા. ધ્રુવ સમજી પણ ગયા. એવામાં જ ત્યાં અતિથિ વિભૂષણ કુબેર ખુદ આવી ગયા. અને વેરત્યાગ માટે ધ્રુવને ધન્યવાદ આપી કહ્યું: 'બેટા! તું તો બહુ ડાહ્યો છે. માત્ર નિમિત્તરૂપ છે. માટે જે થયું તે સારું જ થયું છે. તું મારી પાસે વરદાન માગી લે. હું તારા ઉપર બહુ પ્રસન્ન થયો છું.' ધ્રુવે તો હરિચરણમાં ભક્તિની દૃઢતા સિવાય બીજું કશું ન માગ્યું. કુબેરજીએ તે આપ્યું પણ ખરું અને પોતે જાતે જોતજોતામાં અંતર્ધાન થઈ ગયા, ધ્રુવજીએ પણ રાજનગરમાં પાછા ફરી ઘણા સુંદર યજ્ઞો પૂરા કર્યા. પ્રભુભક્તિને લીધે ધ્રુવજીએ પ્રાણીમાત્રમાં શ્રીહરિને જોયા. ધ્રુવજીએ પોતે શીલસંપન્ન, બ્રાહ્મણભક્ત, દીનવત્સલ અને ધર્મમર્યાદાના રક્ષક તરીકે જીવન ગાળ્યું. પ્રજાને મન તો ધ્રુવજી

ખરેખર પિતા રૂપ જ બની ગયા હતા. હવે ધ્રુવજીએ પણ ભોગકાળ પૂરો થયેલો જાણી બધું જ પુત્ર ઉત્કલને સોંપી પોતે બદરિકાશ્રમ તરફ પહોંચી ગયા. ત્યાં ધ્રુવે મહાન સાધના કરી. જેને પરિણામે વિષ્ણુ ભગવાનના બે સેવકો (નંદ અને સુનંદ) વિમાન લઈ ધ્રુવ પાસે આવી પહોંચ્યા અને પોતાની ઓળખાણ આપી. આ જાણી નમ્રસ્વભાવી ધ્રુવ ખુદ કાળ પર પગ મૂકી એ વિમાનમાં બેસી ગયા. અને વિષ્ણુધામની અચળ ગતિને પામી ગયા. નારદજી હવે ચોમેર ધ્રુવજીની પ્રશંસા કરતા ત્રિલોકમાં ફરતા ફરતા કહેતા હતા: 'ક્ષત્રિય-રાજ તો શું, બલ્કે બ્રાહ્મણો અને ઋષિમુનિઓ પણ ન પામી શકે અથવા વિરલ સુભાગ્યે જ પામી શકે તેવી સર્વોચ્ચ ગતિ બચપણથી જ ધ્રુવજીને મળી ચૂકી છે!' મૈત્રેયજી બોલ્યા: 'વિદુરજી! તમે મારી પાસે ઉદારકીર્તિ ધ્રુવજીનું જે જીવન સાંભળવાની તીવ્ર ઇચ્છા રજૂ કરેલી તે મેં સંક્ષેપમાં તમોને યથાર્થ રીતે સંભળાવ્યું છે. આ ધન યશ અને આયુષ્યની વૃદ્ધિ કરનારું પરમપવિત્ર અને મંગલમય જીવન છે. આ સુણનારને શીલ તરત પ્રાપ્ત થઈ શકે છે. આ જીવનચરિત્રને ખરેખર સવારે–સાંજે એકાગ્રચિત્તથી જે વાંચશે–ચિંતવશે, તે સર્વો-ત્તમ પદ અવશ્ય પામી જશે.'' આટલું કહી મૈત્રેયમુનિ છેવટે વિદુરજી આગળ વદીને ચૂપ થયા.

## વેનરાજાનો વધ

કોક વાર બને એવું, દિસે બાહ્ય કઠોરતા;
ભીતરે મૃદુતા કેરો, કિન્તુ સ્રોત વહે જિહાં. ૧

સંત–દ્વિજ, તપ–ત્યાગ, ને પ્રજામત જો ભળ્યાં;
તો થાયે મૃદુતાની ત્યાં, બાહ્ય–ભીતર એકતા. ૨

રાજ્યે દંડ, પ્રજા મહીં સુગઠના, દ્વિજો મહીં ત્યાગતા;
સંતોમાં તપ–તેજની વિપુલતા, એ ચાર ભેગાં થતાં. ૩

તો તો ભારતમાં ફરી વિલસતી સત્સંસ્કૃતિની પ્રભા.
ને આખા જગને પ્રભાવિત કરી, શાંતિ બનાવે સ્થિરા. ૪

મૈત્રેય ઋષિ બોલ્યા : "વિદુરજી ! ધ્રુવજીએ પોતાના પુત્ર ઉત્કલને ગાદી તો સોંપી; પરંતુ ધ્રુવજીનો એ સુપુત્ર હોઈ એને સાર્વભૌમ વૈભવ અને રાજ્યસત્તા બન્ને જાણે ઝેર સમાન જ થઈ પડયાં ! જન્મથી જ ઉત્કલ શાંતચિત્ત, આસક્તિશૂન્ય અને સમદૃષ્ટિ હતો. એથી એને પ્રાણીમાત્રમાં પોતાનો આત્મા અને પોતા વિષે પ્રાણીમાત્રનો આત્મા દેખાતો અને અનુભવાતો. જગત આવા સત્‌પુરુષને તરત નથી ઓળખી શકતું. એટલે એને ચિત્તભ્રમવાળો સમજીને પ્રૌઢ મંત્રીઓએ એને બદલે એના ભાઈ ભ્રમી–પુત્ર વત્સરને રાજા બનાવી દીધો ! વત્સરની વહાલી પત્નીથી પુષ્પાર્ણ, તિગ્મકેતુ, ઈષ, ઊર્જ, વસુ અને જય નામે છ પુત્ર થયેલા. પુષ્પાર્ણની બે સ્ત્રીઓથી ત્રણ–ત્રણ (એમ કુલે છ) પુત્રો થયા, તેમાંની બીજી ભાર્યાના સૌથી નાનેરા પુત્ર વ્યુષ્ટને પોતાની સ્ત્રી પુષ્કરિણીથી સર્વ-તેજા નામનો દીકરો થયો. સર્વતેજાને આકૂતિ નામની નારીથી ચક્ષુ નામનો પુત્ર હતો. અને ચાક્ષુષ મન્વંતરમાં તે જ "મનુ" તરીકે પ્રસિદ્ધ થઈ ગયો ! તેને પોતાની સ્ત્રી નડવલાથી બાર પુત્રો થયા. તેમાંના સૌથી નાના ઉલ્મુકને છ પુત્રો થયા ! તે પૈકીનો સૌથી મોટો અંગ હતો. તે અંગની પત્ની સુનીથાથી ક્રૂરકર્મી વેનનો જન્મ થયો ! તે એટલો બધો દુષ્ટ થયો કે એના ત્રાસથી તંગ થઈને અંગ રાજા પોતે જ નગર છોડી ચાલી ગયા. આ રાજર્ષિ ઉચ્ચ કોટિના હતા, પણ શું કરે ? પોતે બહુ ત્રાસ પામવાથી તથા પ્રજાનો ત્રાસ ન જોઈ શકવાથી, આ વેનરાજાને ઋષિઓએ શ્રાપથી નિષ્પ્રાણ કરી

નાખ્યો. પણ શું થાય? રાજા તો જોઈએ જ. એટલે એની જમણી ભુજાનું મંથન કરી મુનિઓએ તેમાંથી જ વિષ્ણુ–અવતાર રૂપ મહારાજા પૃથુને બહાર કાઢયા. આ મહારાજા પૃથુએ જ નગર, ગ્રામ વગેરેની સુંદર રચના કરી હતી." આ સુણીને તરત જ વિદુરજી બોલી ઊઠયા: "અરે મુનિજી! અંગ રાજા તો ઘણા શીલ-સંપન્ન, સાધુ–સ્વભાવ અને બ્રાહ્મણ–ભક્ત તથા મહાત્મા હતા, છતાં એમને આવો કમૂળ દીકરો કેમ જન્મ્યો? વળી રાજા વેનને ઋષિ મુનિઓ જેવા પણ ક્રોધિત થઈને શ્રાપ આપે, એ કેટલું યોગ્ય લેખાય?" મૈત્રેયજી બોલ્યા: "તમારો પ્રશ્ન સાચો છે. પણ જીવને આ જ જન્મનાં કર્મ નથી હોતાં, અનેક જન્મોનાં હોય છે. ટૂંકમાં તમોને અહીં આ વાત કહી દઉં. અંગ રાજાએ એક વખત રાજર્ષિ-રૂપે અશ્વમેધ મહાયજ્ઞ કર્યો, પણ એ અપુત્ર અંગ રાજાનો યજ્ઞ દેવોએ ન સ્વીકાર્યો, તેથી બ્રાહ્મણોની સલાહથી એમણે પુત્ર માગ્યો, તો અંગપત્ની સુનીથાને પુત્ર તો થયો. પણ એ પુત્રમાં પોતાના બાપદાદાના સંસ્કારોને બદલે, એની માતા સુનીથાના પિતાશ્રી એટલે એ પુત્રના નાના અધર્મ)ના સંસ્કારો આવ્યા. તે નાનપણથી જ એવો તો ક્રૂર બન્યો કે નાનાં નાનાં બાળકોનાં ખૂન જ કરી નાખે! અને જાનવરોની હત્યાઓ કરાવતો. કશી મણા રાખે જ નહીં. નગરવાસી પ્રજા તો 'ત્રાહિ ત્રાહિ' પોકારવા લાગી. ચોમેર "વેન"ની ભયંકર ધાક ફેલાઈ. પોતાના પુત્રને સુધારવા માટે અંગ રાજાએ ઉપાયો યોજવામાં કશી મણા ન રાખી, પણ તેમાં સફળતા ન મળી. ત્યારે એક રાત્રે તેઓ વિચારમાં પડયા. પલંગમાં પોઢયા પણ નિદ્રા ન આવી, તેથી એકદમ બિછાનામાંથી ઊઠી, પોતાની ધર્મપત્ની સુનીથાને સૂતી (ભરનિદ્રામાં) મૂકીને તમામ રાજપાટ, માલમિલકત, પત્ની–પરિવાર છોડી ચાલી નીકળ્યા. ખૂબ તપાસ કરી, પણ પછી શેના મળે! આખરે આ રીતે વેન ગાદી પર આવી વધુ જુલમ કરવા લાગી ગયો, તેથી તેવટે તેનેય ઋષિઓએ જનહિત ધારીને

તે ખાતર ભસ્મ કરી નાખ્યો. સુનીથા, એના શબની રખેવાળી કરતી રહી. તેવામાં એક વખત સરસ્વતી નદીને કાંઠે ઋષિમુનિઓએ વિચાર કરી વેનની ભુજાઓનું મંથન કર્યું તો તેમાંથી એક પુત્ર-પુત્રીનું જોડું નીકળ્યું. બસ તેનું જ નામ તે પૃથુ અને તેની ધર્મ-પત્ની અર્ચિ! પૃથુમાં ભગવાનની જ કળાઓ ઊતરી. વિદુરજી! તો રાજા પૃથુને ખુદ કુબેરજીએ સોનાનું સિંહાસન અને ચંદ્રે છત્ર તેમજ 'વાયુ' દેવે બે ચામર, ઇંદ્રે મુકુટ, ધર્મદેવે માળા, યમદેવે દંડ, બ્રહ્મ-દેવે કવચ વગેરે આપ્યાં. સિંહાસન પર પૃથુ-અર્ચિ અદ્ભુત રીતે પતિ-પત્નીરૂપે શોભતાં હતાં.

## પૃથુ રાજાનું પ્રજાપાલન

હાજરીમાં પ્રશંસાથી, અહંતા ગુરુ-ગ્રંથિતા;
બન્નેને વધવાનીય, ઊઠતી સંભવિતતા. ૧

પ્રભુ મહર્ષિ દ્વિજ મુનિને પ્રજા,
અપીં શુભેચ્છા પૃથુના પ્રયત્નથી;
નિઃસંગભાવે સ્વ ગૃહસ્થી ભોગવી,
વને તપસ્યા કરવા થતી મતિ. ૨

પૃથુ રાજા બોલ્યા : "પ્રજાજનો! તમે સૌ મારી પ્રશંસા, મારી આગળ પ્રગટ કરવા ભેગાં થયાં છો. ભલે પ્રશંસાપાત્ર માનવી હોય તો પણ તેની હાજરીમાં તેની પ્રશંસા ન કરવી સારી. કારણ કે તેમ થવાથી અહંકાર અને ગૌરવગ્રંથિ બન્નેને વધવાનો સંભવ ઊભો થાય છે. માની લઈએ કે જીરવી શકે તેવું પાત્ર તમે માનીને તે બન્નેની સંભવિતતા ન જુઓ પરંતુ એમ છતાં હજુ એવો કોઈ

ગુણ મારામાં પ્રગટ થયાનું પ્રમાણ નથી; ત્યાં લગી તમે મારા કયા ગુણની પ્રશંસા કરી શકશો ?" પૃથુરાજાની આ નમ્રતાથી ઋષિમુનિઓએ જાતે પ્રજાજનોને કહ્યું : 'રાજામાં રજોગુણ હોય તેની પ્રશંસા ન થાય પરંતુ તે સત્ત્વગુણની પ્રશંસા અમારી હાજરીમાં આપ સૌ કરો, તે તો યોગ્ય જ છે. તેમ ન થાય તો ગુણચોરતા કહેવાય. મહારાજા પૃથુએ જે નમ્રતાનું પ્રગટ–પ્રમાણ જાતે પ્રગટ કર્યું, તે જોતાં હવે તો એમની પ્રશંસા અનિવાર્યરૂપે કરવાનું સહેજે તમારે માટે ધર્મ્ય થઈ ગયું ગણાય. બીજી પણ વાત છે; ગુણીજનોની પ્રશંસાથી દુર્ગુણીજનોમાં (પણ) ગુણીજનો બનવાની મહાભિલાષા પણ પ્રગટવી સુલભ બનતી હોય છે. એટલે હવે તો દેવ અથવા ઈશ્વરના કલાવતાર તરીકે પણ પૃથુરાજને પ્રશંસવા સહજ કર્તવ્ય જ બની ગયું લેખાય...પછી તો સૌએ દેવાંશ તરીકે જ પૃથુરાજાની અતિશય પ્રશંસા કરી અને પ્રજાજનો તરફથી બોલાયું : 'આપ જાતે સુજન–પૂજા, રાષ્ટ્ર–રક્ષા અને વિશાળ ન્યાયરૂપી ઈશ્વરી કાર્ય કરવા નિર્માયા હો એવી છાપ અમો સૌને પડે છે. અમને આશા જ નહીં, બલકે ખાતરી છે કે આપ યોગ્ય જ કરવેરા પ્રજા પર નાખી તે ભંડોળનો પ્રજાકીય નેતાગીરી દ્વારા કુદરતી આફતો વખતે ઉપયોગ કરાવી શકશો જ.'

પૃથુરાજાએ પ્રજાજનની સ્તુતિ પ્રમાણે વર્તવાની પ્રભુ પ્રાર્થના કરીને પ્રજા–કદર કરી. તેમણે ચાતુર્વર્ણ્ય સમાજની પણ કદર કરી. ત્યાર બાદનાં ઈશ્વરી કૃત્યો વિષે ભક્ત વિદુરજીએ વર્ણન કરવાની વિનંતી કરી, ત્યારે મુનિ મૈત્રેયજી બોલ્યા : "પહેલાં તો પૃથ્વી અન્ન ચોરતી હતી, પરંતુ પૃથુરાજની કન્યા બની ગઈ. એટલે દૂધ ધારાની માફક પુષ્કળ અન્ન પેદા કર્યું, જેથી પ્રજા ખુશ ખુશ થઈ ગઈ. પૃથુરાજાએ યજ્ઞો પણ કર્યા, પરંતુ યજ્ઞોને નિમિત્તે ઇન્દ્રે પાખંડ ઊભું કર્યું, તેથી તે પાખંડ દૂર કરવા પૃથુરાજાએ ઇન્દ્ર સાથે સંધિ કરી નાખી અને યજ્ઞોને બદલે હવે મોક્ષ માર્ગને સરળ કરનારાં

સાધનો તરફ ભગવાનની કૃપાથી લાગ્યા. ઇન્દ્ર તો પૃથુરાજાને ચરણે પડી ગયો; કારણ કે યજ્ઞોમાંના પશુનું હરણ કરવાની ઇન્દ્રે જે ભૂલ કરેલી તે એ રીતે સુધારી. આમ જોતાં દેવો કરતાં માનવતા જ જીતી ગઈ. પ્રજાજનોએ પૃથુરાજાના ધર્મકૃત્યની અત્યંત પ્રશંસા કરી નાખી. બસ, તેવામાં જ ત્યાં સૂર્ય સમાન તેજસ્વી અને પ્રતાપી ચારેય મુનિશ્વર પધારી ગયા. પૃથુરાજાએ અત્યંત ભાવપૂર્વક પ્રણામ કરીને સનકાદિક ચારેય ઋષિઓનાં સ્તુત્ય વચનો ગ્રહ્યાં. પ્રત્યુત્તરમાં તે ચાર પૈકીના એક શ્રી સનતકુમાર બોલ્યા: માનવી માત્રનો મુખ્ય હેતુ તો મોક્ષ માર્ગે જવું અને એ માર્ગમાં આવવા માટે યોગ્ય એવાં બીજાં માનવોનો માર્ગ સરળ બનાવી દેવો એ છે. રાજાજી! તમે આવા રાજવીને ફાળે આવેલી કુદરતી સેવા સારી પેઠે બજાવી છે, અને આગળ ઉપર બજાવવાના છો, જે જાણીને તમને અમે અંતરના ધન્યવાદ આપીએ છીએ.' આ સાંભળીને સહજ નમ્ર એવા પૃથુરાજાએ; તે ચારેય બ્રહ્માજીના પુત્રોનો ભારે આભાર માન્યો અને કહ્યું 'જેમ શ્રી હરિએ મુજ રંક પર કરુણા કીધી અને દર્શન આપ્યાં, તેમ આપ દયાળુ પુરુષોએ પણ એ ઈશ્વરી કૃપા ઉપર મહોર–છાપ મારી દીધી! અને કષ્ટ લઈને પધાર્યા તે બદલ આપનો હું બહુ જ ઋણી છુ.' ત્યાર બાદ થોડી ઉપદેશાત્મક વાતો કરીને તેઓ (ચારેય મુનીશ્વર) પાછા સ્વસ્થાને જવા વિદાય થઈ ગયા."

મૈત્રેયજી બોલ્યા: "વહાલા વિદુરજી! ભગવાન, મહામુનિઓ અને પ્રજાના આશીર્વાદે તથા સ્વ–પુરુષાર્થે વર્ષો લગી અનાસક્ત-પણે ભોગ ભોગવવા છતાં પૃથુરાજા સતત ઈશ્વરી કૃત્યરૂપ પોતાની રાજ્ય ફરજ બજાવતા રહ્યા! તથા છેવટે પોતાનો રાજ્ય–ભાર પોતાના યોગ્ય પુત્રોને સોંપીને પોતે વાનપ્રસ્થાશ્રમ સ્વીકારી તપસ્યા માટે પધારી ગયા."

# પૃથુ-અર્ચિનો પુણ્ય પુરુષાર્થ

ન વીરતા વિના મોક્ષ, હોવી સજ્ઞાન તે ઘટે;
સજ્ઞાન-તપ અર્થે તો, પૂર્ણ સંન્યસ્ત જોઈએ. ૧

બીજી ન સાધના સ્ત્રીને, ખપે માત્ર સમર્પણ;
ધર્મક્રાન્ત્યર્થ જેથી તે, બને માધ્યમ ઉત્તમ. ૨

ગૃહસ્થ નર-નારીય, અવશ્ય મોક્ષ પામશે;
બન્ને અનુસરે જો તે, ક્રાન્તિ પ્રિય સંતને. ૩

મુનિ મૈત્રેયે વિદુરજીને ઉદ્દેશીને આગળ વધતાં કહ્યું: "આ પ્રમાણે મોટા મનવાળા પ્રજાપતિ શ્રી પૃથુ મહારાજાએ સ્વપરશ્રેય માટે એકબાજુ સૌ પ્રજાજનો તથા પ્રાણિજનોને એક આદર્શનૃપતિ તરીકે રોજી, રોટી, સલામતી અને શાન્તિનું સુખ ઋષિમુનિઓના આશીર્વાદથી આપવા માટે પૂરેપૂરો પુરુષાર્થ કર્યો. તે જ રીતે બીજી-બાજુ ધર્મ-મોક્ષના પુરુષાર્થની દિશામાં આગળ વધવાનું નક્કી કરી પોતાનાં ધર્મપત્ની સાથે તે કાળને અનુરૂપ બની તપોવન તરફ પ્રયાણ કર્યું હતું. તેઓએ વનમાં પણ વાનપ્રસ્થાશ્રમ રૂપી આશ્રમનું યથાર્થ રીતે આચરણ કર્યું. પ્રથમ પ્રથમ ફ્લથી, પછી પાંદડાથી, પછી માત્ર પાણી પર અને પછી માત્ર વાયુ પર રહેવા લાગ્યા. જે વીરતા બહાર બતાવેલી, એ જ વીરતા એમણે ભીતરના દુશ્મન કામ, ક્રોધ, મદ, લોભ, મોહ, મત્સર પર વાપરી. પ્રાયઃ તેઓ મૌન રાખતા અને બહારની ઘોર તપસ્યાની સાથોસાથ પૃથુ રાજાએ આંતરિક તપસ્યા પણ ઘણી જોરદાર રીતે કરી. સહજ સંયમ પરિપૂર્ણપણે સાધી લીધો. એમનું ચિત્ત સંપૂર્ણપણે શુદ્ધ થયું. અહંતા-મમતા વિશ્વમયતામાં લયલીન બની ગઈ. જડ-ચેતનનું ભેદવિજ્ઞાન હસ્તામલકવત્ બની ગયું.

સહજયોગે રિદ્ધિ–સિદ્ધિઓ જન્મી, પણ તેમનો ઉપયોગ કરવાનું સહેજે ટાળી નાખ્યું. હરિમય જગત પૃથુરાજા માટે હવે કુદરતી રીતે બની ગયું. જ્યાં લગી આવી સ્થિતિ ન થાય, ત્યાં લગી યોગમાર્ગે કે ધ્યાનમાર્ગે ગમે તેટલો પુરુષાર્થ થાય, તોયે મોહજન્ય પ્રમાદ અંશે પણ રહી જ જતો હોય છે. પૃથુરાજા હરિમય બનતાં શરીરનો અંચળો સ્વાભાવિકપણે છૂટી ગયો. આસક્તિને કારણે જે સૂક્ષ્મ–સ્થૂળ શરીર બંધાયું હતું, તે પરિપૂર્ણ અનાસક્તિને કારણે છૂટી ગયું. આ વખતે આખાયે જગત સાથેની જે જીવોની ચેતના હતી, તે સૌની સાથે પ્રત્યક્ષ સંબંધની જેમ ઋણાનુબંધો પૂર્ણપણે, આમ અનાયાસે ચુકવાઈ ગયા. આ રીતે પૃથુરાજા હરિના અંશાવતાર હતા, તે અંતે પણ હરિમાં વિલીન થયા."

મહાત્મા વિદુરજી ક્ષત્રિય, બ્રાહ્મણ, ઋષિ–મુનિ તથા છેવટે બ્રહ્મમય એવો આ આખોય જીવનક્રમ સાંભળી આનંદ વિભોર બની ગયા.

હવે મૈત્રેય બોલ્યા : "સાંભળી લો જરા વિદુરજી! પૃથુપત્ની અર્ચિને બીજી કશી જ સાધના ન કરવી પડી. સાચી સ્ત્રીને પતિ સમર્પિત ભક્તિથી બધી જ સાધનાનું માખણ આપોઆપ મળી જાય છે. કારણ કે તન, મન અને ચેતન સાથેના સમપર્ણ કરતાં બીજી કોઈ વિશિષ્ટ સાધના આખાયે જગતમાં કશી નથી. અર્ચિ એવી મહાન નારી બની ગઈ. જેની પરમસ્તુતિ કરીને સ્વર્ગલોકનાં દેવ–દેવીઓ પણ ધન્ય ધન્ય બની ગયાં. પૃથુ મહારાજાએ પરમ પુરુષાર્થ અને કઠોરથીયે કઠોર તપથી જે માંડમાંડ મેળવ્યું, તે જ પરમાત્મપદ પૃથુ-પત્ની અર્ચિને સર્વથા સમર્પણ માત્રથી મળી ગયું." અંતે મૈત્રેયજી વદ્યા : "આ બન્ને મહાન વિભૂતિઓનું વિસ્તૃત વર્ણન મેં આપ આગળ વિદુરજી! માત્ર એટલા માટે નથી કર્યું કે તે બન્ને મહાનુ-ભાવોનાં જીવન–ચિંતનથી આપનું જ કલ્યાણ થાય! આ બન્નેની જીવનીને જેઓ અનાસક્તભાવે અને એકાગ્રતાપૂર્વક સાંભળશે–

સંભળાવશે અને જાણશે તેઓ પણ તે જ પદ પામી જવાના! અરે વિદુરજી! સકામ ભાવે પણ ભણશે–ભણાવશે તેઓ જરૂર બુદ્ધિ અને તેજસ્વિતા તો પામશે જ પામશે; માત્ર આદર અને શ્રદ્ધા હોવી જોઈએ. તો જરૂર ભૌતિક, પારલૌકિક અને આધ્યાત્મિક સર્વપ્રકારે લાભ થશે જ થશે. અમંગલ દૂર થઈ મંગલ પ્રગટ થશે. કલિયુગના દોષો તેવાં સાધક–સાધિકાઓને પીડી નહીં શકે. કોઈ પણ સારું કામ કરવા ઇચ્છનારાઓએ આ જીવનવૃત્તાંતો સાંભળી પછી જ કોઈ પણ સારું કામ કરવું જોઈએ.''

## પુરંજન ઉપાખ્યાન

થતો માયા વશે જીવ, કિંતુ આવી પ્રભુ સખા;
ઉગારે પાત્રને એવું, કહે પુરંજની કથા. ૧

જેની શ્રદ્ધા ન દંડે હો, સત્તા મૂળ પ્રજા વિષે;
પેખી અધ્યાત્મ ઝંખે જે, તે રાજ્ય કાયમી ટકે. ૨

ઋષિ મૈત્રેયજી બોલ્યા : ''પૃથુરાજા પછી તેમના મોટા પુત્ર વિજિતાશ્વ રાજા થયા. પરંતુ એમનો અતિશય પ્રેમ પોતાના નાના ભાઈઓ ઉપર હોવાથી તેમણે પોતાના એ ચારેય નાના ભાઈઓને ચારે દિશાઓનો અધિકાર સોંપી દીધો. હર્યક્ષને પૂર્વનો, ધૂમ્રકેશને દક્ષિણનો, વૃકને દક્ષિણનો અને દ્રવિણને ઉત્તરનો રાજ્યાધિકાર મળી ગયો. રાજા વિજિતાશ્વને ઇન્દ્ર દ્વારા અંતર્ધાન થવાની સિદ્ધિ અથવા શક્તિ મળેલી, તથા તેઓ 'અંતર્ધાન'ને નામે પણ ઓળખાતા. ઇન્દ્ર એમના પિતાજીના અશ્વમેધનો યજ્ઞ–ઘોડો લઈ જવા છતાં તેમણે ઈંદ્રનો વધ ન કર્યો. તે તો બધી જ રીતે ઉદાર હતા. એમની

બીજી એક ધર્મપત્ની નભસ્વતી હતી. તેની કૂખે હવિર્ધાન નામનો પુત્ર થયેલો. રાજ્ય ઉપર હોવા છતાં એમની શ્રદ્ધા દંડશક્તિ પર ન હતી, માનવીય અહિંસા પર હતી. એથી જ એમણે રાજ્યાધિકાર પુત્રોને હવાલે સોંપી પોતે યજ્ઞકાર્યમાં ખૂંપી ગયા. પરંતુ એમનુ યજ્ઞકાર્ય, સક્રિય આધ્યાત્મિકતા સાથે જ સંકળાયેલું હતું. વિદુરજી ! હવિર્ધાનના છ પુત્રો પૈકી મહાભાગ બર્હિષદ યજ્ઞકુશળ અને યોગકુશળ નીવડેલા. એમને પ્રજાપતિનું પદ મળી ગયું હતું. યજ્ઞાદિને કારણે તેઓ પ્રાચીનબર્હિ નામથી પણ વિખ્યાત થઈ ચૂકયા. બ્રહ્માજીના કહેવાથી સમુદ્રની કન્યા શતદ્રુતિથી તેમનું લગ્ન થયેલું. અગ્નિ પણ મોહિત થાય, તેવું એ શતદ્રુતિનું રૂપ હતું. તેની કૂખે પ્રચેતા નામના દશ પુત્રો થયા. જેઓ પ્રચેતાગણ તરીકે ઓળખાયા. તે બધા ધર્મજ્ઞ પુરુષો થયા. લગ્નને બદલે તેઓએ ભર યુવાનીમાં સમુદ્ર–પ્રવેશ કર્યો. તપ કરી કરીને હરિની આરાધના કરી. હરિ–આરાધનાની તપસ્યા કરતાં પહેલાં શ્રી શિવજી(મહાદેવજી)એ કહેલું : 'હું આપ સૌને જે સ્તોત્ર આપું છું. તેનો શ્રદ્ધાપૂર્વક આપ સૌ જાપ કરજો. ટૂંકમાં તપોયુક્ત આ જાપથી બધી જ મંગલ કામના પૂર્ણ થઈ જાય છે.' આ પ્રચેતા ગણોએ ભગવાન શંકરની પણ ભાવથી પૂજા કરી. દર્શન આપી ભગવાન શંકર વિદાય થયા. આ દિવસોમાં પ્રાચીનબર્હિષ રાજાને યજ્ઞો બહુ જ ગમતા. જે માનવી વારંવાર જેમાં મન ચોંટાડે છે, તેને તે ગમી જાય છે અને બીજું કશું વિચારવા પણ મન ભાગ્યે જ તૈયાર થાય છે. પરંતુ નારદજીને લાગ્યું કે રાજા ખૂબ ગુણિયલ છે. એટલે તેઓએ જાતે તેમની પાસે જઈને આધ્યાત્મિક માર્ગ બતાવી દીધો. આધ્યાત્મિક અનુસંધાન વિનાના બધા કર્મકાંડો નિરર્થક છે, એટલું જ નહીં બલકે બંધનકર પણ છે જ, એમ કહી પુરંજન રાજાનું ઉદાહરણ પણ એમની આગળ રજૂ કરી દીધું. "જે એક નારીમાં કામગ્રસ્ત થયો, તો અનેક પ્રકારનાં એણે પાપો, હિંસા અને જૂઠ પ્રપંચથી કર્યાં એટલું જ નહીં પણ કામગ્રસ્ત દશાને

લીધે અનેક ઠેકાણે તે પતન પામે છે. કાલકન્યાને વશ થઈ છેવટે એ પુરંજનને રોવાનો વારો આવી ગયો. છેવટે તે મરીને પણ વિદર્ભ-રાજની પુત્રી વૈદર્ભીરૂપે થયો અને મલયધ્વજ રાજા(પતિ)ની સાથે ભગવાનને ચરણે સમર્પિત થઈ મલય પર્વતમાં સેવામાં ખૂંપી ગઈ. છેવટે મલયરાજવી અવસાન પામ્યો, તેની ચિતામાં બળી મરવા તૈયાર થઈ પરંતુ તેના મિત્ર અવિજ્ઞાતે પોતાની આ બધી માયા જ હતી. તું નથી પુરુષ કે નથી સ્ત્રી આવું બ્રાહ્મણરૂપે બધું સમજાવ્યું." નારદજી બોલ્યા: 'બસ; રાજા પ્રાચીનબર્હિ! તને પણ હું આ પુરંજનનું ઉપાખ્યાન કહીને ચેતવી દઉં છું. વિદુરજી! આ રીતે નારદજીની કૃપાએ પુરંજનરૂપી જીવ અને અવિજ્ઞાત સખારૂપી ઈશ્વર એમ પરિપૂર્ણ રહસ્ય રાજા પ્રાચીનબર્હિને બતાવી આપ્યું.'

## પ્રચેતાગણની પારિવારિક ભાવના

દે બંધ રાગ ને દ્વેષ, માત્ર દેહ ન બંધ દે;
લિંગ દેહે રહી બન્ને, જન્માંતરો પમાડશે. ૧

પ્રભુ લક્ષી ગૃહસ્થોય, સંન્યાસીને ય દોહ્યલો;
એવો મોક્ષ ખરે પામે, છોને સંસારમાં રહો. ૨

રાજા પ્રાચીનબર્હિને ભક્તશ્રેષ્ઠ નારદજીના અધ્યાત્મપરસ્ત ઉપદેશથી ઘણાં સંતોષ–સમાધાન થયાં. છતાં એક વાત પૂછવાનું મન થયું કે 'શરીર છોડયા પછી બીજે જન્મે તે જ શરીરે કરેલાં કર્મો બીજું શરીર શી રીતે ભોગવી શકે? આ પ્રશ્ન મને ખૂબ ખૂબ મૂંઝવી રહે છે. નારદજી! આપ એનું સમાધાન કરાવી દો.' નારદજી બોલ્યા: 'સ્થૂળ રીતે અથવા ઉપલક રીતે જોતાં તમારી મૂંઝવણ યોગ્ય ઠરે. પરંતુ સૂક્ષ્મ રીતે અથવા ઊંડાણની રીતે જોતાં તમારી

મૂંઝવણ નિરર્થક ઠરે છે. કારણ કે જેમ સ્થૂળ શરીર છે તેવું જ સૂક્ષ્મ શરીર પણ છે. જેને વૈદિકપરિભાષામાં 'લિંગશરીર' કહેવામાં આવે છે. એ લિંગ શરીર સાથે જ મૂળે અહંતા તથા મમતા જોડાયેલ છે. એ જ મુખ્ય કારણે સ્થૂળ શરીર સર્જાય છે અને જ્યાં લગી મોહ–અજ્ઞાન, રાગ–દ્વેષ કે અહંતા–મમતા હશે ત્યાં લગી પુનર્જન્મો મટવાના નથી. અને જન્મદુઃખ, જરાદુઃખ, રોગદુઃખ, મરણદુઃખ એ બધાં દુઃખો સુદ્ધાં મટવાનાં નથી. યજ્ઞયાગાદિ પણ જ્યાં લગી આ ઊંડાણનાં મૂળિયાંને ન અડે, ત્યાં લગી એ રાગ–દ્વેષનાં મૂળિયાં તો સાબૂત જ રહેવાનાં. એવાં ઉપલક શુભ કર્મોથી બહુ બહુ તો સ્વર્ગ મળે પણ મોક્ષ માટે તો રાગદ્વેષનાં મૂળ પર જ પ્રહાર થઈને અને અંકુર સહિત તેનું ઉન્મૂલન કરીને જ જંપી શકાય. આથી જ પ્રાચીનબર્હિ રાજવી ! તું માત્ર સ્થૂળ કર્મ–કાંડોમાં રાચવાનું છોડી દે.' આ સાંભળી રાજવી પોતાના પુત્રોને રાજગાદી સોંપીને ત્યાગ–તપને આચરવા અને શાંતિથી ઊંડું મનન–નિદિધ્યાસન કરવા કપિલાશ્રમમાં પહોંચી ગયા. 'નિષ્પાપ વિદુરજી ! પ્રાચીનબર્હિ રાજા તથા નારદજીના આ પ્રેરક સમાગમમાંથી જે સાધક–સાધિકાઓ પ્રેરણા મેળવી આચરણને પંથે જશે, તેઓ પણ ગૃહસ્થાશ્રમી પુરંજનનું રૂપક અને આ તત્ત્વજ્ઞાન સાંભળી અંતે ત્યાગ–તપમાં દૃઢ થઈ મોક્ષનાં અનંતાનંત સુખ અવશ્ય પામશે.' હવે ફરી પાછી વિદુરજીએ પેલી પ્રચેતાગણ સાથેની અધૂરી મૂકેલી વાત પકડી લઈને તેઓ મૈત્રેય ઋષિને પૂછે છે : "મૈત્રેયજી ! પ્રચેતાગણ વિષે ફરીથી મને જરા વિગતથી કહો !" મૈત્રેય મુનિ બોલ્યા : "રુદ્રજી દ્વારા એ પિતૃભક્ત વિનયી પ્રચેતાગણ પાસે પ્રત્યક્ષ હરિ ગરુડ પર ચઢીને ત્યાં વેગપૂર્વક આવી પહોંચ્યા. અને બોલ્યા : "તમો વિનીત અને ભક્ત છો. પરંતુ હજુ વાસનાના અને સૂક્ષ્મ–સ્થૂળ બન્ને પ્રકારના અંશો તમારા સૌમાં છે, એટલે તમે એક સુકન્યાને પરણી લો. તમે સૌ એક જ સ્વભાવના હોઈ સ્થૂળ શરીરે જુદા જુદા ભલે

દેખાઓ છો, પરંતુ મૂળમાં એકરૂપથી વધુ નજીક છો. એટલે એક જ સુકન્યાને તમે બધા પરણી લેશો તો સ્થૂળ–સૂક્ષ્મ બન્ને પ્રકારની વાસનાથી પણ મુક્ત બની શકશો અને આદર્શ ગૃહસ્થાશ્રમી થઈ મોક્ષ પણ જરૂર મેળવી શકશો. કંડુ ઋષિ ઈંદ્રે મોકલેલી પ્રમ્લોચા સુંદરીથી ફસાઈ જતાં, તેના ગર્ભે એક કન્યા જન્મી છે. તે કન્યાને વૃક્ષોએ પાળી પોષી છે તથા ચંદ્રમાની એ કન્યા પર મહેર ઊતરી છે. તે હવે વયે શીલ–સદ્ગુણવાળી જુવાન બની છે, તો તમે સૌ એને જ પરણી લો. મારું લક્ષ ચૂક્યા વગર ગૃહસ્થાશ્રમ ભોગવશો તો તે આદર્શ ગૃહસ્થાશ્રમ બની જશે. અને એ મારફત તમને મોક્ષલાભ પણ થઈ જશે.” ખુદ ભગવાનનું વચન હોવાથી પ્રચેતાગણે તે વચનને માથે ચઢાવ્યું. બ્રહ્માજીના આશીર્વાદે તેઓ બધાએ પેલી વૃક્ષકન્યા મારિષા સાથે લગ્ન કર્યાં. જેના ગર્ભથી દક્ષ પ્રજાપતિ એવા દક્ષ જન્મ્યા કે યુવાન થયા પછી જેમણે મરીચિ આદિ બીજા અનેક પ્રજાપતિઓને પોતપોતાની ફરજ બજાવવામાં લીન કરી દીધા હતા !

## પ્રચેતાગણનો પરમાર્થ

સાધ્યે એક પરં આત્મા આત્મા સ્વયં સધાય છે;
આત્મા સાધ્યે પરં શ્રેય, આપોઆપ સધાય છે. ૧

જીવન ને જગત બન્ને, છેક જ ભિન્ન છે નહીં,
તેથી જ છેવટે તાળો, એ બન્નેનો જતો મળી. ૨

અર્પણયુક્ત સંતોનો, સત્સમાગમ, જો થશે;
સ્વાન્તઃશુદ્ધિ સાથેનો, તો સ્વયં પ્રભુ લાધશે. ૩

મૈત્રેયે કહ્યું : "વિદુરજી! ઘણાં ઘણાં વર્ષો ગૃહસ્થાશ્રમ ભોગવતાં ભોગવતાં વીતી ગયાં. ત્યારે એક દિવસ પ્રચેતાગણને એકાએક ભગવાનનાં 'અપ્રમત્તતાસૂચક' વચનો યાદ આવી ગયાં અને તેઓ પોતાની પત્ની મારિષાને પોતાના (પુખ્ત વયના) સંતાનને સેવાર્થે સોંપીને પશ્ચિમ સમુદ્ર તટ પર જાજલિમુનિને આશ્રમ પહોંચી ગયા. અને ત્યાં રહી ખૂબખૂબ અધ્યયન, ચિંતન અને નિદિધ્યાસન કર્યું. એવામાં તક જોઈને નારદજી ત્યાં આવી પૂગ્યા. તરત તેમનું આ પ્રચેતાગણે કાળજીપૂર્વક આદર સન્માન કર્યું અને આધ્યાત્મિકજ્ઞાન મેળવવા માટે તેઓને ઉપદેશ આપવા વિનવણી કરી. હરિચરણમાં ચિત્ત જોડી નારદઋષિ બોલ્યા : 'પ્રાણીમાત્રમાં માનવજન્મ જ સર્વોચ્ચ જન્મ છે. અને માનવજન્મમાં પણ લક્ષ્યધારી સાધક-સાધિકા જ સર્વોચ્ચ છે. એ લક્ષ્ય બીજું કશું નહીં, પણ એક માત્ર આત્મા. પરમમાં પરમ કલ્યાણની પરાકાષ્ઠા પણ એક માત્ર આત્મા જ છે. વળી જેમ ભોજન દ્વારા પ્રાણોને તૃપ્ત કરવાથી આપોઆપ બધી ઇંદ્રિયોને તાજગી મળી જાય છે; ઝાડોનાં મૂળિયાંને પાણી પાવાથી આખાય ઝાડના દરેક ભાગને પોષણ મળી જાય છે તેમ એક માત્ર પરમાત્માની આરાધના કરવાથી આત્માની આરાધના આપોઆપ થઈ જાય છે. કારણ કે જડ–ચેતન અથવા જીવન અને જગત બંનેના મહાનિયમની સાચી ઓળખાણ પરમાત્માની આરાધના વિના થઈ શકતી નથી. એક આત્માને જાણે એ આખા જગતને જાણી શકે છે. પણ સાથોસાથ જગતને જાણ્યા વિના એક આત્માને જાણી શકાતો નથી, એ વાત પણ તેટલી જ સાચી છે. જેમ સૂર્ય અને સૂર્યનો પ્રકાશ એ બે છેક ભિન્ન છે જ નહીં, તેમ જીવન અને જગત પણ છેક ભિન્ન છે જ નહીં. જે પરિસ્થિતિ આવે, તે પરિસ્થિતિમાં જો મનનું સમાધાન મેળવી સત્પુરુષાર્થ અવિરત ચાલુ રાખી શકશો, તો જરૂર પરમાત્મપદ મેળવવું ઘણું સહેલું થઈ પડશે. બીજા કોઈ પણ સાધનો કરતાં સત્સંગનું સાધન સર્વોચ્ચ ગણાય.

અંતઃકરણની શુદ્ધિ સાથેનો સત્સમાગમ પ્રભુપ્રાપ્તિમાં ખૂબ મદદગાર બની જાય છે. પ્રભુનો સાચો પ્યાર અથવા પરમાત્મપદની ઓળખાણ તો ભગવાન કે છેવટે સંતોમાં સર્વથા સમર્પણથી જ થઈ શકે. નિઃસ્પૃહી ત્યાગીની સંપૂર્ણ સમર્પણતા ભગવાનને સહેજે સહેજે આકર્ષી આણે છે- બાકી એક બાજુ સાધુજનોની અવહેલના કરે અને બીજી બાજુ ભગવાનને પામવાનો પ્રયત્ન કરે છે, તેવા દુર્બુદ્ધિઓને ભગવાન પ્રાપ્ત થઈ શકતા જ નથી. ભગવાન તો ભાવનાના ભૂખ્યા છે! સાચાં સાધક–સાધિકા એવા પ્રભુને ક્ષણવાર પણ કેમ વીસરી શકે?' "

મૈત્રેયજી કહે: "વિદુરજી! આ રીતે નારદઋષિએ અનેક વાતો કરી. ધ્રુવજી વગેરેનાં જીવન–વૃત્તાંતો પણ સંભળાવ્યાં. પ્રચેતાગણને હૈયે તે બધાં વસી ગયાં. અને તે સૌએ વિધિપૂર્વક આરાધના કરી. ભગવાનપ્રાપ્તિ પણ કરી લીધી. મેં આજે તમને સંભળાવ્યું, તેનું નામ જ મૂળે તો પ્રભુકથા છે." શુકદેવજી કહે છે: 'ઉત્તાનપાદના વંશનું વર્ણન આને કહી શકાય. હવે પ્રિયવ્રતનું પણ વર્ણન આગળ જતાં આવશે.' આટલું મૈત્રેય પ્રવચન સાંભળીને વિદુરજી એકાએક બોલી ઊઠયા: 'આપે કરુણા કરીને મને અને મારા નિમિત્તે સૌને આધ્યાત્મિકજ્ઞાન આપી દીધું.' આ પછી વિદુરજી મૈત્રેયજીની આજ્ઞા લઈને બંધુજનોની મુલાકાત કરવા માટે હસ્તિનાપુરમાં આવી પહોંચ્યા. આ જીવનચરિત્ર સાંભળશે, તે બાહ્ય અને આંતરિક બન્ને પ્રકારનાં સુખ જરૂર પામશે.

# પ્રિયવ્રતનું પરોપકારી જીવન

જ્ઞાની ટોચે ચઢી કદી પડે ખાઈમાં છેક હેઠે,
જાણે કામી અતિશય બની કૂતરાંથી બૂરો તે;
છે દંભી કે વચન રૂપ છે–માત્ર તે જ્ઞાન તેનું,
કે, આવ્યો તે જગહિતકૃતે વાસના-નાશ, હેતુ. ૧

સ્વવાસના ક્ષયાર્થે જે, ને આવે જગ હેતુએ;
સત્યનિષ્ઠ રહે સૌનો વિશ્વાસપાત્ર વીર તે. ૨

હવે પાછો પરીક્ષિત અને શુકદેવજીનો સંવાદ શરૂ થાય છે. કારણકે ઋષિ મૈત્રેયજીથી તો વિદુરજીને અત્યાર સુધીનાં તેઓશ્રીના શ્રીમુખેથી સાંભળેલાં વચનોથી ઘણું ઘણું મનનું સમાધાન થઈ ગયું હતું. પરીક્ષિત રાજા પહેલો જ એક અતિ મહત્ત્વનો પ્રશ્ન પૂછે છે કે "મહારાજા પ્રિયવ્રત તો ઘણા મોટા ભગવદ્‌ભક્ત હતા, તો તેઓ ગૃહસ્થાશ્રમના પ્રપંચમાં કેમ પડયા? અને પડયા ત્યાં લગી તો સમજાય છે કે ગૃહસ્થાશ્રમમાં પણ એકધારું આદર્શમય વર્તન હોય તો ગૃહસ્થાશ્રમી પણ અવશ્ય મોક્ષ પામે છે, ઊલટો એ તો ત્યાગીનો પણ ત્યાગી બની(એટલે કે ત્યાગમાંથી પેદા થયેલી પ્રતિષ્ઠાને પણ ત્યાગી) જળ–કમળનું જીવંત ઉદાહરણ બની જઈ શકે છે. પરંતુ પ્રિયવ્રતરાજા તો પોતાની પત્નીમાં એટલો બધો આસક્ત થઈ જાય છે કે એને અમુક કાળ લગી તો આ આખાયે જગતમાં પોતાની પત્ની સિવાય કશું જ દેખાતું નથી. એક બે નહીં પણ દશ દશ પુત્રો થયા અને તોપણ ભોગ–તૃપ્તિ થઈ નહીં.–શું ભોગો ભોગવ્યા કરવાથી કદી કોઈની તૃપ્તિ થઈ શકી છે? અગ્નિમાં ઘી હોમવાથી કદી અગ્નિ બુઝાયો છે? ઊલટો એ તો વધુ ને વધુ પ્રદીપ્ત જ બનતો હોય છે. અગિયાર અગિયાર બાળકો અને હંમેશાં પાસેને પાસે

છાયાની માફક રહે તેવી રૂપાળી અને કહ્યાગરી નારી. પરંતુ પ્રિયવ્રત રાજાને તેટલેથી સંતોષ ન થયો. શેનો થાય? ભોગ વસ્તુ જ એવી છે. પ્રિયવ્રત રાજાએ વિશ્વકર્માની પુત્રી બર્હિષ્મતી સ્વ–પત્ની ઉપરાંત બીજી સ્ત્રી સાથે પણ લગ્ન કરી નાખ્યું. એટલું જ નહીં તે બીજી સ્ત્રીથી પણ પુત્રો થઈ ચૂકયા. એટલે લાગે છે એવું કે કાંતો મૂળે જ પાયા વગરની ભક્તિ હશે, પણ આમ માનવાથી પણ ઊંડે ઊંડે એમ પણ લાગ્યા કરે છે કે પ્રિયવ્રત રાજાજીને કદાચ અન્યાય થઈ જતો હશે અને જો એમની ભક્તિને પાયાવાળી માનીએ છીએ તો આવી આસક્તિ પ્રિયવ્રતરાજામાં સંભવે જ નહીં એમ પણ લાગે છે. તો આનું સમાધાન કેવી રીતે કરવું?"...શુકદેવજી બોલ્યા: "તમારો પ્રશ્ન ખરેખર ખૂબ અગત્યનો છે. સામાન્ય રીતે તો તમે કહો છો, એવું જ બને. પરંતુ પરીક્ષિતજી! એક સાવ અનોખી અને બીજી પણ વાત છે અને તે ખૂબ યાદ રાખવા જેવી છે કે જ્યારે ઉત્તમ સંતાનો જગતને અનિવાર્ય–જરૂરી બને છે ત્યારે યોગભ્રષ્ટ અને પરમ વીર આત્મા અને ખાનદાન એવા સત્યપ્રિય દેહધારીની જ પસંદગી કરવી પડે છે! મનુ મહારાજના આ પ્રિયવ્રત પુત્ર પાસે ખુદ બ્રહ્માજીએ આવીને તે અર્થે માગણી કરવી પડી હતી. અને ત્યારે જ પ્રિયવ્રત રાજાએ પણ તે માગણી નમ્રભાવે તરત સ્વીકારી લીધી હતી! જો આને પ્રતિષ્ઠાની દૃષ્ટિએ માપીએ, તો કેટલો મોટો આ ત્યાગ ગણાય! જેમ ખુદ બ્રહ્માજી પ્રિયવ્રત રાજાને વિનવવા આવ્યા, તેમ બીજો પણ એમના જીવનમાં પરમ વીરતાનો અજબ નમૂનો છે. એક વખત ખુદ સૂર્ય સામે પ્રિયવ્રત રાજાએ હોડ કરી અને પોતે જાણે બીજા સૂર્ય હોય! એવું આચરણ કરીને બતાવી દીધું! રાત દેખાઈ જ નહીં. મતલબ સૂર્યને પણ પોતાની આગળ નમાવી દીધા! આટલી મહાન શક્તિ બ્રહ્મચારીમાં જ સંભવી શકે! આ અર્થમાં તો તેઓ બબ્બે પત્નીઓ અને ચૌદ ચૌદ સંતાનો પેદા કરવા છતાં

(એ ગૂઢતત્ત્વની દૃષ્ટિએ તો) છેવટ લગી એ બ્રહ્મચારી જ રહ્યા! આ જંબૂદ્વીપાદિ ભૂમંડળો અને સાતે દ્વિપોને ફરતા સાતેય સમુદ્રો છે. તે સમુદ્ર પૈકીનો એક જ જંબૂદ્વિપને ફરતો જ ખારો, બાકી બધા મીઠા અને અતિમીઠા સમુદ્રો જ છે. તે તેઓના પ્રતાપે જ છે. તેઓના પુત્રો પૈકીના ત્રણે તો અવિવાહિત રહી અવિવાહિતપણે જ સંન્યાસ લીધો અને પહેલી પત્નીના બાકીના સાતને એકેક દ્વિપ રાજતંત્ર માટે સોંપ્યો. પોતાની પ્રથમ પત્નીથી થયેલી પુત્રી ઉર્જસ્વતીને ખુદ શુક્રાચાર્ય જોડે જ તેઓએ પરણાવી અને અગ્નિ જેવા પોતાના સાત પુત્રો સિવાય બીજી ભાર્યાથી થયેલા ત્રણ પુત્રો આવતા મન્વંતરોના અધિપતિરૂપે બની ગયા! આ જાતના પ્રિયવ્રતરાજાના જીવન અને કર્તવ્યપાલનથી સ્પષ્ટ થાય છે કે 'તેઓ અતિકામી હતા, પરંતુ ઈશ્વરના અનુસંધાનને ક્ષણવાર પણ ચૂકચા ન હતા!' એટલે જ કહી શકાય કે 'સત્ય જેમના જીવનમાં આ બધું કરવા છતાં ઉત્કૃષ્ટપદ ભોગવે છે, તેઓ જ કંઈ અતિકામીપણાનું વર્તન કરે છે, તે નિસર્ગપ્રેરિત અને વાસનાક્ષય અર્થે જ હોય છે!' આ બધા વર્તનમાં પણ એવી મહાવિભૂતિએ ઈશ્વરી દયા લેખવી જોઈએ. પરંતુ એમના જીવનમાં છેલ્લે નિરાશા જેવું જરૂર સ્પર્શી જાય છે અને ઇચ્છાએ કે અનિચ્છાએ તેવી મહાવિભૂતિને માટે એ બધા સ્થૂળ ભોગોનો તો ત્યાગ થવા પામે જ છે! તો જ જગતની વૈરાગ્ય ધારા અખંડભાવે ટકેલી રહી શકેને! બીજી વાત એ કે વિલક્ષણ રૂપ આવા અતિરાગી–અતિવૈરાગી જીવન–ધારકના પ્રથમ પત્નીના પ્રથમ પુત્રનું જીવન પણ ભારે વિલક્ષણ છે! જે પણ હું હવે તમને કહીશ."

પરીક્ષિત રાજા એ પ્રિયવ્રતરાજાના અગ્રગણ્ય પુત્ર આગ્નીધ્રનું જીવન સાંભળવા શુકદેવજી સામે અજબ નેત્રે અને એકાગ્રભાવે સુણવા ઉત્સુક બની રહ્યા!

# આગ્નીધ્રચરિત્ર

**સંયમ–તપલક્ષ્મી જ્યાં, માનવી, દૈવીયોગથી;**
**જન્માવે ધર્મ્ય સંતાનો, એ જ આ ભૂમિ ભારતી. ૧**

**પ્રસવે કૂખ જેઓની, આકર્ષી ખુદ ઈશને;**
**પાકે એવી મહા સ્ત્રીઓ, ફક્ત ધર્મિષ્ઠ ભારતે. ૨**

**મહર્ષિમુનિઓ કેરી, તેથી અહીં પરંપરા;**
**વર્ષોથી ચાલી આવી છે એવી આ ભારતી ધરા. ૩**

પિતા દેવવ્રત રાજ્યપાટ વગેરે આગ્નીધ્ર રાજકુમારને સોંપી પ્રયાણ કરી ગયા. આગ્નીધ્રે પ્રજાને પુત્ર ગણીને પૂરેપૂરું પાલન કર્યું. એક દિવસ લોક–પરલોકના વિચારમાં એમને થયું : અપુત્રની ગતિ જ નથી તો શું કરવું ? એ વિચારમાં જ પુત્રૈષણા જન્મી. તેથી તેઓ સત્પુત્રની કામનાને કારણે મંદરાચળ પર્વતની એક ઘાટીના એકાંત સ્થળમાં જઈ પ્રથમ તો બધાયે પ્રજાપતિના સ્વામી એવા બ્રહ્માજીની ઉપાસના કરવામાં તલ્લીન થયા. આ સ્થળ પણ એવું સુંદર, રસાળ અને રમણીય હતું કે સુરસુંદરીઓ ક્રીડા કરવા લલચાતી. બ્રહ્માની ઉપાસનાથી બ્રહ્માજીને પ્રેરણા થઈ, અને પરિણામે પોતાની સુરસભામાંથી એક પૂર્વચિતિ નામની અપ્સરાને પોતે જ આગ્નીધ્ર પાસે મોકલી આપી.

એ અપ્સરાનું નૃત્ય અને ઝણઝણી ઊઠેલાં ઝાંઝરથી જરાક આંખો ઊઘડી ત્યાં તો અદ્‌ભુત લાવણ્યવાળી લલના જોવામાં આવી. એ અપ્સરા ભમરીની માફક એક ફૂલ પાસે જતી હતી અને ત્યાં એની વિલાસપૂર્ણ ગતિ હતી. વળી થોડી થોડી વારે લજ્જામય લોચનથી તિરછી આંખે તે આગ્નીધ્ર તરફ નિહાળતી હતી અને જાણે

કાંઈક તેઓને સંભળાવતી હોય તેમ ઝીણો છતાં મીઠો વાણી-કલરવ તેમજ એ માટે સ્મિત સહિત જ્યારે એનું મોં ઊઘડતું ત્યારે મધપૂડામાંથી જાણે મધ ઝરતું હોય તેવું મધુરું વ્યક્તિત્વ નજરે ચઢી જતું. પછી તો આગ્નીધ્રની આંખો પણ સહેજે ઊઘડી ગઈ અને પછી તો એ યુવતીનાં ફરકતાં સૂક્ષ્મ વસ્ત્રોમાં ડોકિયું કરતાં કરતાં ગુહ્યાંગો પણ નજરે ચઢી ગયાં. તેણીનો વેણી વગેરે બધો જ શણગાર આગ્નીધ્રને ખૂબ સોહામણો લાગવા માંડયો અને ધીરે ધીરે આગ્નીધ્રના મનમાં કામવાસના જોર કરવા લાગી ગઈ. આમ તપની ક્રિયા એક બાજુ સરી ગઈ અને પેટ ભરીને એ લલિતાંગી વનિતા ઉપર પૂરેપૂરી મીટ માંડીને એ જોવા લાગ્યો. એટલે પોતે શરમાઈને નાસી જવા માગતી હોય તેમ નાસવા ભાગવા જાણે મંડી ગઈ. આ બધું જોઈ હવે આગ્નીધ્રથી ન રહેવાયું. તેઓ બોલી ઊઠયા: "હું તો રક્ષણ આપનારો છું. મારાથી ડરવાની જરાય જરૂર નથી." અને પછી તો એક પછી એક એવાં વેણુ નીકળવા લાગ્યાં કે નયનો ઢાળીને એકાગ્ર ચિત્તે તે અપ્સરા સાંભળી જ રહી. આગ્નીધ્ર પણ ઊભો થઈને નજીક આવવા લાગ્યો અને વાણીથી એ અપ્સરાને ઘાયલ કરી નાખી. લલનાને વશીભૂત કરનારી વાણી આગ્નીધ્રને સહજ સુલભ હતી અને તે અપ્સરા વાણી-વશીકરણને વશ થઈ ગઈ. પ્રસન્ન હૈયાં બન્નેનાં એક થયાં. અને ત્યાં ને ત્યાં ગાંધર્વ વિવાહ પણ થઈ ચૂકયો! આ રીતે એક માનવી રાજા અને એક અપ્સરા રાણીથી નાભિ આદિ નવ પુત્રો જન્મી ચૂકયા.

## ઋષભદેવચરિત્ર

હિંદે જન્મેલ જે સ્ત્રીઓ, જન્માવે ઋષભાદિને;<br>
તે હિંદ વિશ્વશાંતિને, શીઘ્રે લાવી ન શ્યે શકે? ૧

પ્રથમ ઋષભે બોધ્યો, સ્વપર શ્રેય પંથ આ;
થઈ શક્યા મનુ જેથી, મર્ત્યસમાજના પિતા. ૨

વ્યક્તિ, સમાજ, સંસ્થા ને સમષ્ટિ ચાર તત્ત્વનો,
તાળો જે મેળવે ધર્મ, તે ધર્મ, વિશ્વધર્મ હો. ૩

નાભિરાજાનાં મહારાણી તે જ સુપ્રસિદ્ધ એવાં મેરુદેવીજી. તેઓની કૂખે બાળક ન હોવાથી ઋત્વિજો દ્વારા નાભિરાજાએ યજન કરાવ્યું. ઋત્વિજ બનેલા ઋષિઓએ એવી તો એકાગ્રતાથી યજન કર્યું કે ખુદ વિષ્ણુ ભગવાને જાતે આવીને વચન આપ્યું : "તમે મારા જેવા પુત્રની કામનાથી ભક્તિપૂર્વક યજન કરો છો. મરુદેવીજી એવાં તો વાત્સલ્યમયી ભકિતથી તરબોળ છે કે હું પોતે જ ત્યાં જન્મ લેવા ઇચ્છીશ. આવી ભકિતમય તરબોળ માતાની કૂખ મને ગમે છે." એ વચનોથી નાભિ પિતા અને મરુદેવી માતા તો ખુશ ખુશ થઈ ગયાં.

આમ સંન્યસ્તરૂપે ઊર્ધ્વરેતા–મુનિ ધર્મ પ્રગટ કરવા શુદ્ધ સ્વરૂપે ખુદ પ્રભુના અવતાર રૂપે ખુદ શ્રી ઋષભદેવજી મરુદેવીમાતાની કૂખે જન્મ્યા.

નૈષ્ઠિક બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : "પ્રિય પરીક્ષિત રાજન! તને કદાચ શંકા થઈ હશે અને થાય જ કે 'ખુદ ભગવાન ઊઠીને એક માનવીય માતાની કૂખે જન્મ લઈ શકે ખરા?' પરંતુ એમાં શંકા રાખવાનું કંઈ જ કારણ નથી. કારણ કે પોતે જ આખાયે જગતનું અધિષ્ઠાન છે તેણે માનવીય જીવનથી જ પમાતા એવા મોક્ષનો માર્ગ સાફ કરવા માટે માનવીય માતાની કૂખે જન્મ લેવો અનિવાર્ય બની રહે તે દેખીતું છે. આ રીતે નાભિનંદનરૂપે પોતે મરુદેવી માતાની કૂખે તેઓ વજ્ર, અંકુશ વગેરે ચિહ્નોવાળા શરીર સાથે તથા સમતા, શાંતિ, વૈરાગ્ય અને ઐશ્વર્ય વગેરે ગુણોવાળી

ચેતના સાથે જન્મ્યા હોવાને કારણે એમનો સહજ પ્રભાવ પ્રતિદિન વધતો જતો હતો. બચપણથી જ એમને જોઇને સૌને પ્રેમના હિલોળા આવતા, તેથી એમનું નામ ઋષભ (શ્રેષ્ઠ) દેવ રખાયું. એક વાર દેવેન્દ્રે કસોટી કરવા માટે ઋષભના રાજ્યમાં વૃષ્ટિ જ ન થવા દીધી. તો ઋષભે પોતાના પ્રભાવથી એ ઇંદ્રે અટકાવેલા મેઘને મુક્ત કરાવી અનર્ગળ વર્ષા વરસાવી, આથી તેઓના પિતા નાભિરાજા ખૂબ ખુશ થયા. નાની ઉંમરમાંથી જ આટલો બધો પ્રભાવ જોઈને તથા પ્રજા અને મંત્રીઓની મરજી જાણીને તેમણે જાતે ઋષભદેવને રાજ્યગાદી સોંપી. પ્રજાપ્રિય સેવકોની પ્રેરણા લઈ રાજ્ય ચલાવવવાની શિખામણ પણ આપી. આ રીતે પોતાનું સંસારકર્તવ્ય પૂરું બજાવી તેઓ અને મરુદેવી માતા બંનેય જણ હિમાલયના બદરિકાશ્રમમાં ચાલ્યાં ગયાં. અને ત્યાગ, તપ આદિ કરી છેવટે સ્વસ્વરૂપમાં લીનતા પામ્યાં. આ બાજુ ઋષભદેવ રાજાએ ઇંદ્રે આપેલી સ્વપુત્રી જયન્તી સાથે લગ્ન કરી લીધું, અને શ્રૌત–સ્માર્ત (અથવા સ્વપર–શ્રેયઃસાધક) ધર્મોની સમતુલાવાળું જીવન-આચરણ કર્યું અને જગતના મુમુક્ષુ જીવો દ્વારા એવું આચરણ (સાથે સાથે) કરાવ્યું પણ ખરું. એમના અનાસક્તિયુક્ત અને સમર્થ વીર્યને પ્રતાપે ભરત આદિ સો પુત્રો ક્રમે ક્રમે જન્મ્યા. આ મહાયોગી ભરતજી એ સોએ સો પુત્રોમાં સૌથી અધિક ગુણવાન અને સૌથી અધિક ભાગ્યવાન હતા. એમના જ નામને કારણે આ અજનાભખંડનું નામ 'ભારતવર્ષ' પડયું અને દિને દિને એ નામ જ વધુ ને વધુ પ્રચલિત થતું ગયું. એમનાથી નજીકના નાના નવ ભાઈઓ (જે કુશાવર્ત વગેરે) હતા, તે ખરેખર સ્વભાવથી જ શ્રેષ્ઠ હતા. પછીના નવ ભાઈઓ કવિ, હરિ વગેરે વધુ પડતા ભક્તિનિષ્ઠ હતા. એમનું પવિત્ર ચરિત આગળ અગિયારમા સ્કંધમાં (ભાગવતમાં) નારદ–વસુદેવ–સંવાદના પ્રસંગથી આવશે. બાકીના જયંતીકુમાર વગેરે એકયાસી ભાઈઓ પિતાના આજ્ઞાપાલનમાં અક્ષરશઃ એક્કા હતા. તેઓ શુદ્ધ યજ્ઞ-

યોગના રુચિવાળા હોઈ શુદ્ધ બ્રાહ્મણકર્મી બની ગયા હતા. એ સૌના પિતા ભગવાન ઋષભનાથને જોકે કશું કરવાનું રહ્યું ન હતું. તેઓ ખરેખર કૃતકૃત્ય જ બની ગયા હતા. એમ છતાં બીજાનો સર્વ વ્યવહાર ધર્મમય બનાવવા માટે, તેઓ પણ નાનાં-મોટાં બધાં જ કાર્યોને અનુકરણપાત્ર બનાવતા રહ્યા. એને પરિણામે એવું તો સુંદર લોકઘડતર ત્યાં થયું કે ચોરી માત્ર અદશ્યમાન થઈ ગઈ અને એકએક પ્રજાજન પોતાને ખપતી ચીજો વડે અત્યંત કરકસરથી જીવનનિર્વાહ ચલાવતા થયા અને બીજાની ચીજવસ્તુ પર દષ્ટિપાત કરતા પણ બંધ થઈ ગયા. આમ એકબાજુ રાજ્ય જ્યારે સુખરૂપ અને સહજ રીતે ચાલવા લાગ્યું ત્યારે સમય જોઈને તેઓ ફરતા ફરતા બ્રહ્માવર્ત દેશમાં પધાર્યા અને ત્યાં પોતાના બધાય પુત્રોને બોલાવી આસપાસનું સુંદર વાતાવરણ જોઈને શીખ આપવા માંડી."

## ભગવાન ઋષભદેવનો ઉપદેશ

આત્માર્થી પુરુષો તે જ, ભવ-પ્રપંચને વિષે
ચોમેર ભોગ વચ્ચે જે, પ્રભુ લક્ષ્યે રહી શકે. ૧

પુરુષાર્થ થકી નિત્ય, કર્તવ્યકર્મ આચરે;
પ્રભુલક્ષી કરે સૌને, સર્વ હિતેચ્છુ સંત તે. ૨

પ્રભુથીયે પ્રભુ ભક્તો, શ્રેષ્ઠ કહ્યા તેથી ખરે;
પ્રજાને સર્વદા સાચો, રાહ ચીંધ્યા કરે સુખે. ૩

ભગવાન ઋષભદેવે બ્રહ્માવર્ત પ્રદેશમાં મોટા મોટા બ્રહ્મર્ષિ પુરુષો-ની સભામાં પ્રજાની સામે જ એકાગ્રચિત્તવાળા, વિનયશીલ અને પ્રેમભારથી સુસંયમિત પોતાના પુત્રોને ઉદ્દેશીને કહ્યું : "આ મનુષ્ય-

જીવન તો દિવ્ય તપ માટે છે, કે જેથી અંતઃકરણ પરમવિશુદ્ધ થઈ જાય અને અનંત એવા આત્માનંદ અથવા બ્રહ્માનંદની પ્રાપ્તિ થઈ શકે. આપણાં ધર્મશાસ્ત્રોએ સત્સંગનો અપૂર્વ મહિમા વર્ણવ્યો છે. મહાપુરુષોની સેવા મુક્તિ તરફ ખેંચી જાય છે જ્યારે કામીપુરુષોના વ્યાસંગને નરક તરફ પણ ખેંચી જતાં વાર લાગતી નથી. સાચા સંતો અથવા યથાર્થ મહાપુરુષો તેઓ છે કે જેઓ સમતાશીલ, પરમ-શાંત–ક્રોધવિહીન, નાનાં–મોટાં સૌનું હિત ચિંતવનારા અને સચ્ચારિત્ર્ય-શીલ હોય છે અથવા જેઓ ઉપલક નજરે જોતાં ભલે કોઈવાર સચ્ચારિત્ર્યશીલ ન પણ દેખાતા હોય ! છતાં પ્રભુપ્રેમ માટે જ જેઓનો અખંડ પુરુષાર્થ હોય છે, ભલે ને પછી બાહ્યદષ્ટિએ સ્ત્રી, પુત્ર, સાધનો આદિ સામગ્રીઓથી વીંટળાયેલા રહેતા હોય તેઓ પળ માત્રનો પ્રમાદ કોઈવાર કરતા નથી હોતા. આનું જ નામ સાચા આત્માર્થી પુરુષો ગણાય. કારણકે એમના ઊંડા અંતઃકરણની મુખ્ય રુચિ પરમાત્મા પ્રતિ હોય છે. આ સભર વિશ્વમાં 'હું અને મારું' એ બે જ મુખ્ય બંધન છે. વહાલા પુત્રો, યાદ રાખો, 'કોઈને કોઈ પ્રકારનું કર્મ તો સદૈવ રહેવાનું. કાયાથી નહીં તો વચનથી અને વચનથી પણ નહીં તો મનથી. પણ કર્મ તો રહેવાનું, તે રહેવાનું જ. એટલે કર્તવ્ય કર્મ સદૈવ આચરવાં અને મારામાં જ (ભગવાનમાં જ) મન, વાણી અને કાયાને જોડાયેલાં રાખવાં.' **અન્ય જીવોને પણ પરમાત્માભિમુખ બનાવવાનો પુરુષાર્થ સાથે ને સાથે કરતા રહેવું.** કારણકે સામાન્ય જીવોને કર્તવ્યકર્મનો ઊંડો અને સાચો વિવેક હોતો નથી. જે માત્ર પોતાનું જ કલ્યાણ ઇચ્છે છે પણ અજ્ઞાની જીવોનું અજ્ઞાન છોડાવવા તરફ લક્ષ્ય જ નથી આપતા, તેઓ સાચા 'ગુરુ' પદને લાયક છે, એમ ન કહી શકાય ! અરે ! તેઓ સાચાં માતા–પિતા અને સખી–સખા કે પતિ–પત્ની પણ નથી જ. ભગવાન પોતે જે માનવશરીર ધારણ કરે છે, તે તો માત્ર ધર્મતત્ત્વને સ્થિર કરવા

માટે જ ધારણ કરે છે. જેમ મેં માનવશરીર ધારણ કર્યું જ છે ને? પણ તે ધર્મસ્થાપના માટે અને અધર્મની થયેલી સ્થાપનાને ઉથાપવા માટે જ. કારણકે શુદ્ધ સત્ય, એ જ મારું હૃદય છે. આથી જ સૌ મને ઋષભ એટલે કે શ્રેષ્ઠ તરીકે ઓળખે છે. પ્યારા પુત્રો! તમો સૌ મારા તનુજ છો–આત્મજ છો, માટે મારા મુખ્ય પુત્ર ભરતજીની તમે સૌ સાચી સેવા કરો. તમે નક્કી માનજો કે 'મારા ભરતજીની સેવા એ ખરા અર્થમાં તો મારી સેવા છે. એટલું જ નહીં, ભરતજીની સેવા એ જ સાચી પ્રજાસેવા પણ છે...' તેઓએ (ભગવાન ઋષભનાથે) બ્રાહ્મણો તરફ તરત નિહાળીને સૌને ઉદ્દેશીને કહ્યું: "આ બ્રાહ્મણો એ પ્રજાના ગુરુ હોવાને કારણે એક અર્થમાં એમને હું ભગવાન કરતાં પણ વધુ માનપાત્ર ગણું છું. કારણકે તેઓ જ હમેશાં પ્રજાને સાચો રાહ ચીંધે છે અને ત્યાગ–તપલક્ષી કઠણ જીવન જીવે છે! માટે વહાલા પુત્રો! એવા બ્રાહ્મણોની સેવા એ પણ મારી જ સેવા છે. આ રીતે સુયોગ્ય રાજવી એ જો દેવાંશ છે, તો આ પ્રજા અને રાજ્ય બંનેને ધર્મલક્ષી બનાવી રાખનાર બ્રાહ્મણો એ એક અર્થમાં પૂરેપૂરા દેવ જ છે."

હવે નૈષ્ઠિક બ્રહ્મચારી એવા શુકદેવજી બોલ્યા: "હે પરીક્ષિત રાજન્! ભરતજીને રાજ્ય સોંપી આ મુજબ રાજા ઋષભદેવજી સાવ નિવૃત્ત થઈ ગયા. અને વસ્ત્ર પણ તેઓએ છોડી આંતરબાહ્ય (બંને પ્રકારનો) ત્યાગ પોતાના પ્રત્યક્ષ જીવનથી આચરી બતાવ્યો. બસ, આ પ્રકારનો પૂર્ણસંન્યાસ લઈ પછી તેઓ બ્રહ્માવર્તપ્રદેશથી પણ બહાર નીકળી ગયા અને અંતે તો અવધૂતના જેવું તેઓ વર્તવા લાગી ગયા. અને છતાં સોળે કળાએ ખીલેલું સૌંદર્ય અને સુવાસપૂર્ણ માધુર્ય એમની દરેક ચેષ્ટામાં વીંટળાઈ વળ્યું હતું. સર્વ પ્રકારની રિદ્ધિઓ, લબ્ધિઓ અને સિદ્ધિઓ ચરણ ચૂંબતી ઘૂમતી હતી, છતાં ભગવાન એવા ત્યાગપૂર્ણ–ત્યાગનોય ત્યાગ કરનારા–પુરુષે એમની કશી દરકાર પણ કરી ન હતી!"

# મુક્તિદાતા અવધૂતયોગ

યોગી કદી ન મોહાય, સાધનાજન્ય સિદ્ધિમાં,
કેમકે સાચી ક્રાંતિ તો ત્યાગમાં છે, ન ભોગમાં. ૧

અંતે તો મુક્તિથી મોટી, છે ભક્તિ ભગવાનની;
સંન્યાસી ને ગૃહસ્થીની, ધારા, બે સાધના તણી. ૨

આ બેમાં કોણ છે શ્રેષ્ઠ ? તે નિશ્ચે કે'વું દોહ્યલું;
પોત-પોતાની કક્ષાએ, બંનેનું જરૂરીપણું. ૩

શુકદેવજીને પરીક્ષિત રાજાએ પૂછ્યું : "ભગવાન ઋષભદેવને તો જન્મથી જ આત્મજ્ઞાન પૂરેપૂરું હતું, પછી તેઓએ અણિમા આદિ સિદ્ધિઓનો ત્યાગ શા માટે કર્યો ? એ ત્યાગ ન કરીને જગતના કલ્યાણમાં એનો ઉપયોગ કર્યો હોત તો, શું ખોટું હતું ?" શુકદેવ બોલ્યા : "પરીક્ષિત ! આનાં મુખ્ય બે કારણો છે : (૧) ચંચલ ચિત્ત યોગીને પણ ક્યારે પાડી દે એનો ભરોસો નથી. એટલે મનને ભરોસે પ્રમાદ કરવો યોગ્ય નથી. અને (૨) માનો કે ઋષભદેવ ભગવાન પોતે તો મન પર લગામ રાખી શકે, પણ આવા મહાપુરુષો દૂરગામી દૃષ્ટિવાળા હોવાથી એમનું અનુકરણ કરી બીજા પણ ભવિષ્યે પડી ન જાય એ માટે પોતાનું જીવન જાગૃત અને અનુકરણીય જ રાખે ! બીજી એ વાત પણ તેઓ સમજે છે કે સિદ્ધિઓ દ્વારા જે કલ્યાણ થાય એના કરતાં અનેકગણું કલ્યાણ સિદ્ધિ પામ્યા છતાં એનો ત્યાગ કરનારા પાસેથી સાધકો શીખી શકે છે. આખરે રિદ્ધિ-સિદ્ધિ એ તો રાહત માત્ર છે. ક્રાંતિ એમનો ત્યાગ છે. આખરે તો ક્રાંતિનું વાહન બને, ત્યાંલગી જ સિદ્ધિઓની કીમત છે ! છેવટે તો સાધનરૂપ શરીરને પણ સ્વેચ્છાએ ત્યાગવાની કળા યોગીપુરુષોએ

શીખી લેવી જોઈએ! જેથી મૃત્યુનો અવસર આવ્યે માનવી સુખે સમાધિએ મરી શકે. ભગવાન ઋષભદેવ કુટકાચલ વનમાં ચાલ્યા ગયા. કોંક, વેંક અને કુટક આદિ દક્ષિણ કર્ણાટકના પ્રદેશોમાં ઉન્મત્તપણે ભગવાન ઋષભદેવ વિચરવા લાગી ગયા. અને એક વખત વનના અગ્નિદાહમાં ભગવાન ઋષભનાથનું શરીર પણ બળીને ભસ્મીભૂત થઈ ચૂક્યું. આ રીતે યોગીઓના પણ પરમનાથ એવા ઋષભદેવનું જીવન પરમહંસ સંન્યાસીઓ માટે પણ આદર્શરૂપ બની ગયું. તે જીવન નમસ્કારને જ પાત્ર છે. જો શાંતચિત્તે શુદ્ધભાવને મોખરે રાખી આ જીવન યોગ્ય શ્રોતા–વક્તા સાંભળે તો તે બંનેને આ યુગે વાસુદેવમાં અનન્ય ભક્તિ અવશ્ય થઈ જાય છે." શુકદેવજી કહે: "જુઓ પરીક્ષિત રાજવી! ભગવાન શ્રીકૃષ્ણ પાંડવોના સ્વયં મિત્ર, ગુરુ, યદુવંશરક્ષક, કુલપતિ અને ઉપાસ્યરૂપ હતા. પરંતુ આ બધું તો ઠીક પરંતુ મુક્તિ કરતાંય મારે મન ભક્તિનું મૂલ્ય અનેકગણું છે. તેથી જ બીજું બધું કઠણ ગમે તેટલું હોય, તોયે ભક્તિયોગથી વિશેષ કશુંય કઠણ નથી. એવા ભગવાન ઋષભનાથના આ અપ્રતિમ જીવનને નમસ્કાર!

## ભરતચરિત્ર

માયા દયા જુદાં; એક, પાડે બીજું ચઢાવતું;
જન્મો વધારતું એક, બીજું જન્મો નિવારતું. ૧

જ્યાંથી આ આથમે માયા, ત્યાંથી ઊગે દયા ખરી,
જેથી મોક્ષ મળે અંતે, માયા સૌ થાય વેગળી. ૨

શુકદેવ બોલ્યા: "ભ. ઋષભનાથના ઓરસપુત્ર ભરતજી પણ **એક અર્થમાં પિતા કરતાં સવાયા થયા.** ભક્તિ તો તેમનામાં અદ્ભુત હતી. તેઓ વિશ્વરૂપની કન્યા પંચજની સાથે પરણ્યા. તેઓને

તે સ્ત્રીથી સુમતિ આદિ પાંચ પુત્રો જન્મ્યા. તેમણે પરમહંસ સંન્યાસીના ધર્મોમાં મૂળ યજ્ઞકર્મ ભુલાઈ ન જાય, માટે યજ્ઞ–પુનરુત્થાન શરૂશરૂમાં સુંદર રીતે કર્યું. પછી ગૃહસ્થાશ્રમ તજીને તેઓ હરિહર ક્ષેત્રમાંના પુલહાશ્રમમાં પહોંચી ગયા. **તે આશ્રમમાં રહેનાર પર ખુદ ભગવાનનું વિશિષ્ટ વાત્સલ્ય છે.** ત્યાં આ કલિયુગમાં પણ ભગવાનની મુલાકાત થતી રહે છે. જ્યાં 'ચક્રનદી' નામની ગંડકી નદી વહે છે. ત્યાં રહી ભરતજી સૂર્યતેજની ઉપાસનામાં તલ્લીન બની જતા. કેટલીકવાર તો તેઓને શરીરનું કે કર્મકાંડનું પણ કશું ભાનસાન રહેતું નહીં. એકવાર ગંડકીતીરે તેઓ શૌચાદિથી પરવારી લઈ પ્રણવ જાપ કરતા બેઠા હતા. તેવે વખતે એ જ ભરતજીની દૃષ્ટિ એક પ્યારી હરણી પર પડી. એ બાપડી ખૂબ તરસી હતી અને ગંડકીતીરનું મીઠું મધુરું પાણી પીતી હતી. એટલામાં જ એક ઘટના બની ગઈ.

ગંડકીતીરે જેવી પેલી હરણી પાણી પીએ છે, તેવો જ એક ભયંકર સિંહની ભારે ગર્જનાનો અવાજ નજીકની ગુફામાં થયેલો તે આ હરિણીને કાને અથડાયો. એક તો હરણ જાત જ ડરપોક અને તેમાં વળી સિંહની ગર્જના સાંભળે એટલે શી ખામી રહે! તેમાં વળી નારી જાતિ. હરિણીનું તો ભયનું માર્યું કાળજું ફડફડ થવા લાગ્યું અને આંખો ફાટી ગઈ! એણે નદીને પેલે પાર જવા મોટી છલાંગ મારી–એ ઠેકી તો ગઈ પણ તે વખતે તેનો ગર્ભ પોતાના સ્થાનથી હટીને યોનિદ્વારથી નીકળી નદીના પ્રવાહમાં પડી ગયો. તે કાળિયાર મૃગલીનો ગર્ભ નદીમાં પડયો. ભયભીતતા અતિશય હતી. લાંબી છલાંગ મારીને પણ પોતે શ્રમિત થઈ હતી. મૃગલાંઓના ટોળાથી છૂટી પડી ગઈ હતી. તરસ પણ હજુ પૂરી છિપાઈ નહોતી. આમ તે બાપડી થોડે દૂર જતાં તરત મૃત્યુ પામી ગઈ. પ્રણવનો જાપ કરતા ભરતજીએ જ્યારે નજરોનજર જોયું કે આ તાજું જન્મેલું મૃગબચ્ચું નદીના વહનમાં વહેવા લાગ્યું છે, એટલે તરત તેઓ માળા

એક બાજુ રાખી પ્રવાહ સાથે દોડચા અને તરત મૃગબાળને બચાવી પાળ પર ન મૂકતાં તેને આશ્રમ પર લઈ આવ્યા. ત્યાં લગી તો દયા હતી, પણ ધીરે ધીરે મૃગબચ્ચાને ખવડાવે પીવડાવે. રખે તેને વાઘ કે ઝેરી જંતુ-જાનવર ઉપાડી જાય, ફાડી નાખે કે ઈજા પહોંચાડે! તે ભયે મોટે ભાગે પોતાના હાથમાં જ રાખે! પાસે જ સૂવાડે અને પોતાના હાથથી જ ઘાસ ખવડાવે. એમ કરતાં દિવસો વીત્યા. હવે તો મૃગબચ્ચું મોટું થઈ ગયું હતું. પોતાની મેળે હરતું-ફરતું, ઘાસચારો ચરતું અને પોતાના રક્ષણમાં પોતે સશક્ત એવો મૃગલો બની ગયેલું. છતાં હવે ભરતજી તેને જરાય અળગું કરવા તૈયાર ન હતા. કારણ કે **હવે દયાનું સ્થાન માયાએ પચાવી પાડયું હતું. દયા ઊંચે ચડાવે છે, પણ માયા નીચે પાડે છે.** મૃગલાનો સ્પર્શ ભરતજીને ઘણો મીઠો લાગતો હતો. તેમાંય જ્યારે એ સોડમાં આવી ભરાય અથવા મનુષ્ય બાળકની માફક તેને તેઓ ગોદમાં તેડે ત્યારે પોતાનાં કોમળ અંગોથી તે મૃગબચ્ચું પણ પ્યાર બતાવા મંડયું હતું. આ બધાથી બંને વચ્ચેની માયા પ્રગાઢ બન્યે જતી હતી. એક પુત્રપરિવાર છોડયો અને આ બીજો પરિવાર જાણે મન પર સવાર થયો! આ હરણું પણ લાડભૂખ્યું. કયારેક માનવ બાળકની માફક જાણે રુસણાં લીધાં હોય! તેમ પણ વર્તતું. આમાંથી જાપ અને પ્રભુ-સ્મરણ ભરતજી પાસેથી છૂટી ગયાં અને આને આ ખવડાવવું ને તે ખવડાવવું, એમ આખોય દિવસ એ જ પળોજણમાં વીતવા લાગ્યો. રાતે પણ મૃગબાળનાં જ સ્વપ્નાં આવવા લાગ્યાં. પોતે જપતપમાં હોય અને ઘાસ ચરતાં ચરતાં જરાક બહાર નીકળી જાય તો તરત ઊભા થઈને તેની પાછળ દોડે અને એનાં પગલાં પડયાં હોય, તે ધરતીને પણ ધન્યભાગી માને. જાણ્યે અજાણ્યે મૃગબાળ છુપાઈ જાય તો વિકલ્પોમાં ઘેરાઈ જાય અને રડવા લાગી જાય. મારા મૃગલાને કોઈ હિંસક પ્રાણી તો નહીં ખાઈ ગયું હોય! નહીં તો હમણાં દેખાતું હતું અને એટલીવારમાં જાય કયાં! આમ બોલતાં બોલતાં ડૂસકાં

ભરવા લાગે ત્યાં તો પેલો મૃગ દેખાય અને તરત તે આટલો મોટો મૃગલો થવા છતાં, તેને પોતાની ગોદમાં ઊચકી લે, છાતી સરસો ચાંપે અને બચીઓ ભરવા માંડે ! આ રીતે એક દિવસ ભરત ઋષિનો કાળ આવી ગયો. પણ મૃગલામાં માયા રહી ગઈ, તેથી મૃગરૂપે જન્મ્યા.

'જે યોનિમાં રહી ગયું મન,
ત્યાં જ મળી ગયું તન સહવતન.'

## જડભરત અવતાર

તીવ્રાસક્તિ ન હોયે તો, શરીર–સ્પર્શ ભાવના;
ન ઊઠે એ હદે જેથી, ફરી પેદા થતો તિહીં. ૧

કદાચ બાહ્ય રીતે, એ, છો નીચ ગતિમાં જતો;
કિન્તુ ધર્માંશ; હૈયાનો, ફરી એને ઉઠાવતો. ૨

અંત સમયે જે યોનિમાં જવા જેવું મન હોય, તે જ યોનિ મળે છે. જે ભાવ યાદ કરી જીવ; અંતકાળે પોતાનું શરીર છોડે, તે ભાવ–ભાવિત થવાની તે સ્થિતિને પામે છે. એ રીતે મહાન ઋષિ એવા ભરતજી પણ મૃગયોનિ પામ્યા. છતાં ઊંડે ઊંડે જે અધ્યાત્મતાનો સ્પર્શ થઈ ચૂકેલો, તે કંઈ સાવ ચાલી જાય ખરો ? ના. અને તેથી જ શરીરે મૃગ થવા છતાં પેલી પૂર્વજન્મની અધ્યાત્મ સ્થિતિની સ્મૃતિ સાવ નષ્ટ નહોતી થઈ. એટલે મોટે ભાગે ઘણીવાર મૃગયોનિનો પસ્તાવો થયા કરતો : "જે આસકિત છોડવા મેં એકાંત વાસ અને નિસર્ગવાયુ મંડળનો આશ્રય લીધો. છતાં 'દયા'ને ઓઠે 'માયા'માં ઊંડો ઊતરી ગયો અને આ દશા આવી પડી. મારે તો

મૃગમાં પણ પરમાત્મા જ જોવાના હતા. અને જો એ પરમાત્મદર્શન કર્યા કર્યું હોત તો બાહ્ય (સ્થૂળ) શરીરસ્પર્શની આટલી તીવ્ર તાલાવેલી ન લાગત અને જો તીવ્ર તાલાવેલી ન હોત તો ઉંમરલાયક થયે હું એ મૃગલાને જરૂર તજી શકત." આમ વિચાર કરતાં કરતાં એક દિવસ ફરી પાછો વૈરાગ્ય જાગ્યો અને અહંતા તથા મમતાની વૃત્તિને મારી તેઓ પોતાનાં મૃગજાતિનાં બધાં સગાંવહાલાં (પોતાની સગી જનેતા મૃગલી સહિત સૌ)ને છોડી ફરી પાછા ભગવતી ક્ષેત્ર શાલિગ્રામ તીર્થ પર પુલહ ઋષિના આશ્રમમાં મૃગ શરીરે આવી ગયા અને મૃત્યુકાળ આવ્યે 'અર્ધું શરીર જલમાં અને અર્ધું બહાર' એ રીતે ગંડકી નદીને તીરે જ પ્રેમપૂર્વક પ્રાણ ત્યજી દીધા. હવે એમને અંતિમ શરીરે બ્રાહ્મણ યોનિનું માનવમંદિર પ્રાપ્ત થયું. આંગિરસ ગોત્રના બ્રાહ્મણ શ્રેષ્ઠને ત્યાં એમનો જન્મ થયો. પરંતુ કર્મકાંડી બ્રાહ્મણ તેઓ ન બન્યા અને મૂર્ખની માફક અવધૂત વૃત્તિથી ફરવા લાગી ગયા! જે કાંઈ મળે તે લૂખુંસૂકું અન્ન ખાઈ શાંતિથી (નૈસર્ગિક ભિક્ષુવૃત્તિથી) જીવવા લાગ્યા. છતાં શરીર–તંદુરસ્તી ખૂબ સુંદર હતી. એક વખતે પુત્રની તામસી કામનાથી કોઈ ડાકુઓના સરદારે એક માનવબલિ ચઢાવવા ધારેલું. તે માનવબલિ બાપડું છટકી ગયું અને આ ભરત સાધુજી એના માણસોના હાથમાં આવી ગયા. પરંતુ નવવડાવી ખવડાવી જેવી ગરદન પર તલવાર ચલાવવા જાય કે ભદ્રકાલીમાતા કુપિત–કુપિત થઈ ગઈ. અને પ્રત્યક્ષ ચંડિકાનું રૂપ લઈ મૂર્તિને ફાડીને રૂબરૂ પ્રગટ થઈ ગઈ તથા તે બધા જ ડાકુઓનાં ધડ–શિર જુદાં કરી નાખ્યાં! 'જેવાં કરે તેવાં પામે' એવું દૃશ્ય આબેહૂબ ખડું થયું અને આ ભદ્રકાલીએ ભગવદ્ભક્ત પરમહંસને બચાવી લીધા. અહીં શુકદેવજી કહે છે: "પરીક્ષિત રાજન્! સાચા પરમહંસ તે આનું નામ! કે જેઓ માથું મૂકવાનો સમય આવે, ત્યારે પોતાનું અસલી સંતસ્વરૂપ

ચૂકતા નથી ! કારણ કે તેઓ દેહ અને આત્મા વચ્ચેનો ભેદ બરાબર જાણી અનુભવી ચૂકયા છે ! ખૂબીની વાત એ પણ સમજવા જેવી છે કે આવા મહામુનિની અગ્નિપરીક્ષા સંકટ અને પ્રલોભન બંને રીતે હજુ વારંવાર થયા જ કરતી હોય છે. જેનું ચરમ શરીર હોય છે તેવા મહાત્માઓને આવી ડગલે ને પગલે સાનુકૂળ–પ્રતિકૂળ, પ્રતિકૂળ–સાનુકૂળ એમ શુભાશુભ દ્વિવિધ (બેધારી) દશામાંથી પસાર થયે જ છૂટકો થાય છે !"

## જડભરત–રહૂગણ મિલાપ

ઉચ્ચ સાધક ને ભક્ત મહાત્માનેય એકદા;
પસાર હોય થાવાનું અગ્નિ–કસોટીમાં અહા ! ૧

આફતો લાલચો બંને કસોટી પૂર્ણ મુક્તિની;
સ્વ પર શ્રેય માર્ગે તે પસાર કરવી રહી. ૨

પરીક્ષા કરનારાંઓ, પસ્તાયે આખરે પૂરાં,
કિંતુ તવાવું પે'લાં તો પડે છે જ્ઞાનીને સદા. ૩

શુકદેવજી બોલ્યા: "રાજા પરીક્ષિતજી ! એકવાર સિંધુ સૌવીર દેશનો સ્વામી રાજા રહૂગણ પાલખીમાં બેસી જઈ રહ્યો હતો. એ રીતે ચાલતાં ઈક્ષુમતી નદીને કિનારે પાલખી ઉપાડનારા મજૂરોના જમાદારને વચ્ચેથી કોઈ મજૂર ચાલ્યો જતાં એક મજૂરની જરૂર પડી અને જોગાનજોગ આ જડભરત (બ્રાહ્મણદેવતા) જ સાંપડી ગયા ! પછી તો પૂછવું જ શું ? 'આ તગડા હૃષ્ટપુષ્ટ જુવાનને લઈ લઈએ, તો બોજો બરાબર ઉપાડશે' પણ જેવી પાલખી માથા પર લીધી કે 'રખે રસ્તામાં કોઈ નાનો પણ જીવ પગ તળે કચરાઈ

જાય !' તે ભયે જોઇ જોઇને જડભરતજીએ પગ મૂકવા માંડયો. એટલે એ બેસનાર રાજાને ક્યાંથી ફાવે? એણે ઉપરથી મજૂરોને સૂચના તો આપી પણ એ તો તેમ ને તેમ જ ચાલ્યા કર્યું, એટલે ત્રાડ મારી : 'અલ્યા! મજૂરો! પાલખી ઊંચી નીચી કેમ કરો છો!' તરત મજૂરો પૈકીએ ફરિયાદ કરી : 'ગરીબપરવર! અમારો કંઈ દોષ નથી, આ નવો મજૂર એમ કરે છે?' રાજાએ વિચાર્યું કે 'આ નવા મજૂરનો દોષ કદાચ આ જૂનામાં ય પેસશે!' એમ ધારી ઘણા ટોણા માર્યા : 'અરે! તું દેખાવમાં તો તાજોમાજો છે. અને જુવાન હોવા છતાં વૃદ્ધની માફક કેમ ચાલે છે?' પરંતુ હર્ષશોક અને ઉદ્વેગથી પર એવા જડભરતજીની તો મસ્તી એમ ને એમ રહી. કશું બોલ્યા વિના રહૂગણ રાજાનાં રજોગુણભર્યાં વચનોને પ્રેમથી જીરવીને શાંત રહ્યા. આથી રહૂગણ રાજાને લાગ્યું : 'મારાં વચનોનું આ એક મજૂરડો અપમાન કરી રહ્યો છે!' એટલે એમણે પ્રભુના અનન્ય ભક્ત એવા જડભરતજીનો બહુ મોટો તિરસ્કાર કરી નાખ્યો. છતાં જડ-ભરતજીએ એનો જવાબ સુંદર આધ્યાત્મિકપૂર્ણ રીતે આપી દીધો. આખરે રહૂગણ પણ સુપાત્ર સાધક હતા. એટલે આ વચનો સાંભળી, તેમનું રજોગુણી આવરણ સરી ગયું અને પાલખી ઉપરથી ઠેકડો મારીને નીચે ઊતરી ગયા. અને જડભરતના ચરણોમાં ઝૂકી પડયા. અને ક્ષમા માગવા લાગ્યા. જનોઈ જોઈને કહ્યું : 'અહો દ્વિજવર! મહાત્મા! મેં આપને ઓળખ્યા જ નહીં. અને હું આપને મજૂર ધારીને જેમ તેમ બોલવા મંડી પડયો, પરંતુ આપના અધ્યાત્મસભર પ્રત્યુત્તરથી હવે મારી સાન ઠેકાણે આવી છે. ખરેખર આપ જ્ઞાની પુરુષ છો. મારાથી થયેલી અવજ્ઞાની ક્ષમા આપી હવે આપ મને ઉપદેશ આપો. ખરેખર આપ અદ્‌ભુત સાધક અને મહાન ભક્ત છો!' આમ કહી, એક નમ્ર નિખાલસ સેવકની અદાથી જ્યારે જ્ઞાન સાંભળવા એ રસ્તામાં જ બેસી ગયા, ત્યારે પાત્રતા જોઈ જડભરતજી પણ ખીલી ઊઠયા."

# જડભરત—રહૂગણ તત્ત્વસંવાદ

આત્મામાં સ્થિર ન થાય, કાયમી જ્યાં લગી મન;
ત્યાં લગી મન માયામાં, વળગ્યું રે' ચિરંતન. ૧

વાતો અધ્યાત્મની છો ને! ઊંડી ને હો ઘણી મહીં;
તોયે ઉપરછલ્લી ને, બુદ્ધિ સ્તરે રહે તિહાં. ૨

રાજા રહૂગણને ઉદ્દેશીને પેલા અવધૂત બ્રાહ્મણ કહે છે: "ખરું કહું? તારામાં રાજસત્તાનું અભિમાન આવ્યું, એટલે તેં સારાસારનો વિચાર ગુમાવી દીધો અને આવા પ્રકારનું દુર્વર્તન કરી નાખ્યું! મને તો તેનો કોઈ હરખશોક નથી અને હું પણ તારા દોષો કેમ દૂર થાય, તે અંગે જરૂર વિચારી રહ્યો છું અને વિચારીશ. પણ તારે એ પણ સમજવું જોઈએ કે જ્યાં લગી પરમાર્થ-તત્ત્વની યથાર્થ જાણકારી થતી નથી, ત્યાં લગી માણસ ભલે પોતાની તાર્કિકબુદ્ધિથી મોટી મોટી આધ્યાત્મિક વાતો ડહોળ્યા કરે, પણ એવા વાણીવિલાસથી વિકાસમાર્ગની દિશામાં એકડો મંડાતો નથી જ! પરમાર્થતત્ત્વનું યથાર્થ જ્ઞાન ન થાય ત્યાં લગી માણસ બહુ બહુ તો શુભ કર્મો કરે છે. વેદોમાં પણ કર્મકાંડો ઉપર ખૂબ જોર અપાય છે. તેનું કારણ સ્વર્ગલાલસા અથવા ભૌતિક લાલસા જ છે. જ્યાં લગી ભૌતિક લાલસાનો મસાલો જ માનવીના ઊંડાણમાં ભરેલો છે, ત્યાં લગી એવો માનવી ખુદ ઉપનિષદો વાંચે, તોપણ તેને સાચું અને મૌલિક તત્ત્વજ્ઞાન એ નિમિત્તે પણ થતું જ નથી. માટે સૌથી પહેલાં તો આ માયાવાળા મનને ચેતન સાથેના પોતાના અનુસંધાનનો ભલે નાનો સરખો પણ જાતઅનુભવ કરાવવો જોઈએ. તો મન ત્રિગુણાતીતપણાને પણ સમજવા તૈયાર થઈ શકે. બાકી તો એ (મન) બાપડું સત્ત્વ, રજ અને તમોગુણથી યુક્ત એવી માયામાં

જ મસ્ત રહ્યા કરતું હોય છે! આથી જ અનુભવી સાધકો મનને જ બંધ અને મોક્ષનું મૂળ સાધન માનીને ચાલે છે! પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને અહંકાર એ મનની વૃત્તિઓ છે અને પાંચ પ્રકારનાં કર્મ, પૃથ્વી આદિ પાંચ તન્માત્રા અને એક શરીર તે અગિયાર એમના આધારભૂત વિષયો છે. સ્પર્શ, રૂપ, ગંધ, રસ અને શબ્દ એ પાંચ જ્ઞાનેન્દ્રિયના વિષયો છે અને મળત્યાગ, સંભોગ, ગમન, ભાષણ અને લેવું–આપવું વગેરે વ્યાપારો એ કર્મેંદ્રિયોના વિષયો છે. શરીર પરનું મારાપણું વગેરે અહંકારનો વિષય છે. આમાં ક્ષેત્રજ્ઞ તો એક અર્થમાં વિશુદ્ધ જ્ઞાનરૂપ છે અને માત્ર આ બધાંના સાક્ષીરૂપે જ તે રહે છે. આમ તો એક અર્થમાં આત્મા જ પરમાત્મા રૂપ છે. આ દૃષ્ટિએ આત્મા અને પરમાત્મા બંને ક્ષેત્રજ્ઞ છે એમ કહી શકાય. એક દૃષ્ટિએ 'આત્મા જ પરમાત્મા' રૂપ પણ ગણી શકાય, પણ જીવરૂપ પ્રકૃતિ સાથે આત્મા સીધો જોડાયેલો છે, એટલે એને જીવાત્મા તરીકે કહેવો વધુ યોગ્ય છે. પરમાત્મા આ રીતે સર્વવ્યાપક છે. અને ખરી રીતે કદી તેને માયા પરાસ્ત કરી શકતી નથી, માયા પણ એના તાબામાં જ રહેતી હોય છે. એક બાજુથી જેમ એ સાવ જ નિર્લેપ અને સમસ્ત વિશ્વમાં છે, તેમ બીજી બાજુથી એ પ્રાણીમાત્રના અંતઃકરણમાં રહી સૌ જીવોને પ્રેરિત પણ કરે છે. અહીં આ ઠેકાણે ભગવાન વાસુદેવને લેવાથી બંને રીતે ઠીક રહે છે. કારણ કે ભગવાન વાસુદેવ પરની ભક્તિ જ આખરે કામ–ક્રોધાદિથી દૂર કરાવી મનને આત્મામાં બરાબર સ્થિર કરાવી શકે છે. અને મન કે ચિત્ત જ્યાં લગી આત્મસ્થિર ન રહે ત્યાં લગી સંસારનાં ભ્રમણો ઓછાં થવાને બદલે વધે જ છે. એટલે હરિ અને સવિશેષે તો પ્રત્યક્ષ ગુરુની શરણાગતિ લઈને એ છએ આત્મરિપુઓને મારી એના ઉપર વિજય મેળવી લેવો જોઈએ...આ જ એક અમોઘ શસ્ત્ર છે..."

# જડભરતનું આત્મદર્શન

આત્મા મુખ્ય જગે બીજું, બધું ગૌણ બતાવવા;
એક બ્રહ્મ કહ્યું સત્ય, બાકી બધું જગદ વૃથા...૧

ન સંબંધી ન સંબંધો, છોડવાનાં કહ્યાં કદી;
છોડવાં મોહ–આસક્તિ, તે બન્ને – પરનાં સદા....૨

રાજા રહૂગણે ભરતજીરૂપ બ્રાહ્મણશ્રેષ્ઠને કહ્યું : "હવે આપ મારા પૂજ્યપાત્ર બ્રાહ્મણ જ નહીં, અરે ગુરુદેવ જ નહીં, ખુદ પ્રત્યક્ષ ભગવાન બની ગયા હો તેવા જણાઓ છો. મારી ઊંડા અંતઃકરણની પરમભક્તિ આપના તરફ સોળે કળાએ શોભતી ઊછળી રહી છે; એટલે હવે જો આપને મારી આવી યોગ્યતા જણાતી હોય તો આ પ્રત્યક્ષ દેખાતું જગત મિથ્યા છે અને બ્રહ્મ અથવા આત્મા એક જ સત્ય અને સનાતન છે તે કઈ અપેક્ષાએ ? તે સમજાવો." બ્રાહ્મણે સાવ સાદી ભાષામાં કહ્યું : "...તરસ્યો મૃગલો ર્યકિરણો અને ભૂમિના સંસર્ગે –નયનભ્રમણાથી–પાણીરૂપ દેખાતા એ જલાભાસ તરફ દોડતો જાય છે, તેમ તેમ એક બાજુ પુષ્કળ થાકનો અનુભવ પણ કરે છે અને નિરાશાનોય અનુભવ કરે છે. તેમ આ આનંદભૂખ્યો (અથવા વાસ્તવમાં સ્વરૂપભૂખ્યો) આત્મા દેહાદિ પર અને દેહાદિને કારણે બનેલાં મમતામય સંબંધીઓમાંથી 'આનંદ મળશે' એવી મોહમયી ભ્રમણાથી પામરપણું અનુભવી દિને દિને વધુ ને વધુ પરાધીન બનીને સાચો આનંદ ખોઈ બેસે છે ! આથી જ અનુભવી મહાપુરુષોએ બ્રહ્મ અથવા આત્મા તરફનું લક્ષ ન ચૂકવા અને મોહમમતાને બદલે દેહાદિ પર તથા દેહાદિને કારણે બંનેનાં સંબંધીઓ પર કર્તવ્ય ભાવે જ બધાં કર્મો કરવા માટે આ મહાસૂત્ર આપ્યું છે : 'બ્રહ્મ સત્યં જગત્-મિથ્યા' એટલે બ્રહ્માનંદ જ સાચો આનંદ છે અને મોહમમતામય

સંબંધથી થતાં કર્મોથી જે આનંદ દેખાય છે, તે માત્ર આનંદાભાસ જ છે. હા, કર્તવ્ય પૂરતી પ્રસન્નતા જો એમાંથી તારવી શકાય, તો આત્મલક્ષ્ય પણ દૃઢ રહે છે અને કર્તવ્ય સંબંધો ઊલટા વધુ સુદૃઢ અને એ આપણાં દેહાદિના સંબંધીઓ માટે પણ વિકાસપ્રેરક બની રહે છે. આમ જોઈએ તો વાત એકની એક લાગે છે અને છતાં આ વાતમાં નીતિન્યાય પૂરેપૂરાં સાચવી શકાય છે. જ્યારે મોહમમતાવાળા સંબંધમાં સંબંધીઓને ખુશ કરવા તરફ મુખ્ય લક્ષ હોવાથી નીતિ-ન્યાયની ખેવના રહેતી નથી. જેને કારણે ધીરેધીરે ચોમેર જગત-વ્યવહારનું આ પાસું અનિષ્ટો અને અન્યાયોથી છવાઈ જાય છે. અને માનવજગતને રહેવા માટે પણ કાર્યસાધક બનતું નથી, તો બીજાં પ્રાણીઓ માટે તો શાન્તિદાયક રહે જ શી રીતે ? આ અશાન્તિ કે અસુખ દૂર કરવા માટે કેટલાક લોકો સંબંધોને શુદ્ધ કરવાને બદલે 'સંબંધીઓ સ્વાર્થનાં સગાં છે.' કહી સમૂળગાં તેમને જ છોડી દે છે. પરિણામ એ આવે છે કે બીજાં સંબંધીઓમાં પાછો એ આસક્ત થઈ રાગ–દ્વેષ વધારી મૂકે છે. એટલે આટલી મૂળ મુદ્દાની વાત સમજી લેવી જઈએ કે 'સંબંધીઓ કે સંબંધો પોતે બાધક છે જ નહીં. સંબંધીઓ કે સંબંધો માંહેનો મોહ બાધક છે.' મારે પોતાનો ગતજન્મનો જાત અનુભવ છે કે હું ભરતરાજા તરીકે રાજપાટ, ઘરબાર બધું છોડીને ગંડકીતીરે આશ્રમમાં આવી વસેલો. પરંતુ 'સંબંધીઓને છોડ્યાં, એટલે પત્યું' એમ માનવાને લીધે સંબંધીઓ પરની આસક્તિ છોડવાનો અનુભવ, જ્યાં કરવાનો હતો તે ન કર્યો, ઊલટ આસક્તિ તો ભીતરમાં વધી ગઈ. મૃગયોનિ એથી જ પામ્યો. સદ્‌ભાગ્યે સ્મૃતિ તાજી રહેલી. જેથી આ બ્રાહ્મણ જન્મે અવધૂતપણે હું તે કારણે જ વિચરું છું. આમ તું રાજાપણાનું અભિમાન છોડીશ, તો તને પણ 'આત્મલક્ષી અવાજ સત્ય છે બાકી બધું એના આગળ ગૌણ છે' તેવા આનંદપ્રાપ્તિની દૃષ્ટિએ (આ જગત) સાવ તુચ્છ અને મિથ્યા ગણાશે."

## રહૂગણનો હૃદયપલટો

કૈં અજ્ઞ – અપરાધીનાં, અપમાનો ગળી જઈ
જ્ઞાન માર્ગે ચઢાવે આ સંતોની ભારતી ભૂમિ. ૧

સ્વશ્રેય સાધવા છોને, ઉપાદાને ન સજ્જ છે !;
પ્રનિમિત્ત બની જાતે, તોયે તેને ય તારશે. ૨

જગે સર્વોચ્ચ એથી જ, સત્સંગ–મહિમા કહ્યો;
એના જેવું નથી બીજું, સર્વોચ્ચ સાધનેય કો.' ૩

બ્રાહ્મણ અને રાજા રહૂગણનો સંવાદ આગળ ચાલે છે. બ્રાહ્મણ કહે છે: "સંસારમાં એકલી કડવાશ નથી, તેમ એકલી મીઠાશ પણ નથી. એમાં એકલી કડવાશ હોત, તો જીવને વૈરાગ્ય આવતાં વાર ન લાગત. એ જ રીતે એકલી મીઠાશ હોત તો મીઠાશના અતિશયપણાને લીધે પણ વૈરાગ્ય ઊભો થાત–પરંતુ આ એક એવું કડવાશ અને મીઠાશનું મિશ્રણ છે કે થોડોક વૈરાગ્ય જાગે ત્યાં જ રાગ પાછો જીવને પકડમાં લઈ લે છે. અને રાગના પ્રત્યાઘાતરૂપે દ્વેષ જાગે છે. આમ રાગદ્વેષની ઘંટીમાં જીવ પિસાયા કરે છે. મોહ, માયા અને તૃષ્ણા એવાં જોરદાર છે, કે સત્યમાર્ગ સૂઝવા દેતાં જ નથી. કદી ભૂલ્યે-ચૂક્યે સત્યની ઝાંખી થાય કે તરત પાછો મોહમાયાનો પડદો આવીને ઊભો જ રહે છે. આ માત્ર એકલા ગૃહસ્થીની જ દશા નથી, ખુદ સંન્યાસીની પણ એવી જ દશા છે. છતાં ચોરાસી લાખ જીવયોનિમાં મનુષ્ય જન્મ જ એવો છે કે જેનો યથાર્થ ઉપયોગ કરી લેવાય, તો કર્મબન્ધનના પાશમાંથી કાયમ માટે મુક્ત થઈ શકાય !"

આ સાંભળી રહૂગણ રાજીરાજી થઈને બોલ્યા : "ખરેખર હું આજે કૃતકૃત્ય થઈ ગયો. આપ કહો છો, તે સાવ સાચું છે. માનવજન્મની

મહત્તા દેવોની ગતિ કરતાં પણ મહાન છે. કારણ કે દેવગતિમાં ભોગવિલાસ અને રિદ્ધિસિદ્ધિ ભલે મળે, પણ ભગવાનનું નામ અને આપ જેવા સત્પુરુષોનો સમાગમ તો સાંપડતો જ નથી. એકલા ભોગથી તો સર્વનાશ જ થાય! ખરી રીતે તો ત્યાગની દૃષ્ટિ સતત નજર સામે હોય, તો જ ભોગો ક્ષમ્ય બની શકે છે એટલું જ નહીં બલકે અપથ્ય થવાંને બદલે પથ્યપણામાં પણ પરિણમી શકે છે. હું કેવો મહાન સદ્‌ભાગી કે આ મુહૂર્તભરનો પણ સત્સંગ મને કેટકેટલી સાચી દિશાની સમજણ આપી ગયો! ખરેખર આવો સત્સંગ પ્રભુ કૃપા વિના કદી પ્રાપ્ત થઈ શકતો નથી. હું આપ જેવા અવધૂતવેષીને તો વારંવાર નમું જ છું. સાથોસાથ બાળક હો, યુવાન હો કે વયોવૃદ્ધ હો પણ તત્ત્વવેત્તા માત્રને મારા વારંવાર નમસ્કાર હો! આપે ખરેખર મારી આંખોનાં પડળો તોડી જ્ઞાનચક્ષુઓનું દાન કર્યું છે. આપનો ઉપકાર માનું તેટલો ઓછો છે."

શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે: "આ રીતે પોતાનું અજ્ઞાનવશ અપમાન કરનાર રહૂગણ રાજાને પણ એ બ્રહ્મર્ષિએ તો કરુણાભાવે સન્માર્ગ જ દાખવ્યો. ન તેઓ ગુસ્સે થયા, ન અભિશાપ આપ્યો! રાજા રહૂગણ પોતાનાં પૂર્વવર્તનથી ખૂબ જ પસ્તાયો અને ગદ્‌ગદિત ભાવે તે બ્રાહ્મણની ચરણરજ પોતાના મસ્તકે ચઢાવી લીધી. અને રહૂગણરાજાનું આખું જીવન પલટાઈ ગયું."

હવે પરીક્ષિત રાજા કહે છે: "મહાભાગવત મુનિશ્રેષ્ઠ! આપે મને પણ આવાં દૃષ્ટાંતો આપી આપીને ખરેખર પાવન કર્યો જ છે, પરંતુ હજુ પણ જરા વધારે ચોખવટ કરીને કહો કે જેથી તે આત્મજ્ઞાનનો દીપક તે વચનોના વાચકો અને શ્રોતાઓને (સૌને) પાવન પાવન કરી નાખે! જ્યોતથી જ્યોત પ્રગટી જાય."

## ભવ-મુક્તિનો ઉપાય ભક્તિ

આત્મબુદ્ધિ સદા જેની દેહાદિ પર છે ઘણી;
તેવો જીવ પડી ઘૂમે જે જાળે ભવચક્રની....૧

થયા ભરત આસક્ત, સત્સંગ વિણ તે રીતે;
ભૂલ ખંખેરી તે પાછા, મોક્ષ પામ્યા સુખે સુખે.....૨

તેનું ચારિત્ર જે ગાશે, ને ભાવે સુણશેય જે;
તે પામી રિદ્ધિ ને સિદ્ધિ, ક્રમે મુક્તિય પામશે.....૩

હવે પરીક્ષિતને શુકદેવજી કહે છે: "હે રાજન્! જ્યાં લગી દેહ પોતાથી સાવ ભિન્ન હોવા છતાં, તેના ઉપર આત્મબુદ્ધિ રહે ત્યાં લગી જીવ મોટે ભાગે પુણ્ય, પાપ અને પુણ્ય–પાપથી મિશ્ર જ કર્મો કરતો રહે છે. અને એ ત્રણેયના ફળ સ્વરૂપે સુખ–દુઃખ, હર્ષ-શોક અને જય–પરાજય તથા યશ–અપયશનાં જોડકાંમાં અટવાઈને ચોરાસી લક્ષ જીવયોનિમાં ભટકતો ફરે છે. માંડ માંડ પુણ્યના સંચયથી માનવ દેહ સાંપડે છે. અને માનવદેહ સાંપડે તો એ મોક્ષનું સાધન પણ જીવ માટે બની શકે છે, પરંતુ માનવદેહ પામ્યા પછી જો સત્સંગ મારફત ઊંડી શ્રદ્ધાગર્ભિત વિવેકબુદ્ધિ ન જાગે તો એવો જીવ આત્મલક્ષવિહીન જીવન જીવી ફરી પાછો ચોરાસી લાખયોનિમાં ભમતો થઈ જાય છે. જેના પરિભ્રમણ કાળની પછી કોઈ સીમા નથી! તું અને હું પણ એવા અનંતકાળ લગી સંસારચક્રમાં આથડયા પછી કોઈ મહાપુરુષની કૃપામય પ્રસાદીથી જ આ સુંદર દશા સહેજ પામ્યા છીએ. ટૂંકમાં ભગવાન કૃષ્ણમાં આ યુગે જે રીતે ચિત્ત ખૂંપાડવાથી ભવભ્રમણનો સમૂળગો અંત આવે છે, તે અંગે અહીં વાર્તા–ચર્ચા આપણે રસપૂર્વક કરી રહ્યા છીએ. બાકી સામાન્ય

રીતે માનવી પોતાનો આવો પુણ્ય નિધિરૂપ માનવદેહ માત્ર ધન સાધન કમાવાની જ પળોજણુમાં એળે ચાલ્યો જાય, તેવી રીતે વર્તે છે. એની મન સહિતની સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દની પાંચ જ્ઞાનેંદ્રિયો વારંવાર મનને અધોગતિમાં લઈ જઈ પતન અપાવે છે. માટે જ એ પાંચ ઇંદ્રિયો તથા મનથી હરહંમેશ ચેતતા રહેવું જરૂરી છે. નહીં તો માનવી જીવતાં મરેલાં છે, તેવું અનુભવવાનો. આ વિષયમય સંસારમાં જન્મ, જરા, રોગ, મૃત્યુ વગેરે જાતજાતનાં અનેરાં દુઃખો છે, છતાં ઇંદ્રિયાસક્ત જીવ ખરો વખત આવ્યે પામર બની જાય છે. જેથી જે માનવ જીવન પામી ઠેઠ મોક્ષ સુધી પહોંચી આ સકલ કર્મોથી મુક્ત થવું છે, તે થઈ શકતો નથી. અને આવો મહામૂલો સમય પણ સુખાભાસી વિષય વિકારી ચિંતનમાં પસાર કરી નાખે છે. આમાં એમનોય ખાસ વાંક નહીં કાઢી શકાય. કારણ કે મોટા મોટા રાજર્ષિઓ પણ રાગદ્વેષ જીતવામાં નિષ્ફળ જતા દેખાય છે ત્યાં બીજાંઓનું તો ગજું જ શું ? આવી છે આ અટપટી સંસાર-રૂપી અટવી ! હે રાજન્ ! હવે તો તને જરૂર આ ભવાટવીની ગહનતાના રૂપક પરથી સાચો રસ્તો કયો ? તે સારી પેઠે સમજાઈ ગયું જ હશે. હવે હું તને શ્રી ઋષભનાથના પુત્ર ભરતજી કે જેમનું જીવન મૃગબાળમાં આસક્ત બનવાથી મૃગ થયા બાદ ફરીથી બ્રાહ્મણ જન્મ પામી જેઓએ અવધૂત બનીને બધી આસક્તિ ધોઈ નાખી હતી તથા અવધૂતપણામાં રાજા રહૂગણનું અપમાન પામીને પણ તેમને સન્માર્ગે દોરેલા, તેમના જ જીવનની બીજી ઘણી અદ્ભુત ઘટનાઓ છે તે કહી સંભળાવું. ખરી રીતે તો તે બધાના મૂળમાં એમની (મહર્ષિ ભરતજીની) અવિરતપણે વિલસી રહેલી ભગવાન કૃષ્ણ પ્રત્યેની અનન્ય ભક્તિ જ રહેલી છે તે જ સૌએ વિચારવાની છે. કારણ કે જ્યાં આવી અનન્ય ભક્તિ હોય, ત્યાં આસક્તિની જાળ આવા પરમ પવિત્ર ભક્ત આત્માને શી રીતે સ્પર્શી શકે ? ખરેખર એમનું આ

ચરિત્ર ઘણું કલ્યાણકર, આયુ તથા ધનની વૃદ્ધિ કરનારું, સંસારમાં યશ વધારનારું અને અંતમાં સ્વર્ગ–નરકથી પર એવા શુદ્ધ મોક્ષ-પદને આપનારું છે. જે શ્રોતા આ જીવનને સાંભળે છે અથવા સંભળાવે છે અથવા એ ચરિત્રનો આદર કરે છે તેની બધી શુભેચ્છાઓ સહેજે પૂરી થાય છે!! બીજા કોઈ પાસે એમને કશું જ માગવું પડતું નથી.''

## સૃષ્ટિવર્ણન ને સેવાભક્તિ

જગે સારું અને માઠું, બન્ને તોય પ્રભુતણું;
સ્થૂળરૂપ ગણી અને, છોડી સૂક્ષ્મ ભણી જવું. ૧

ભક્તિમાર્ગ ઊંચો એ જ બીજાં સૌ સાધનો થકી;
સૌ પાપ–પુણ્યથી મુક્તિ, પમાશે ફક્ત ભક્તિથી. ૨

શુકદેવજી પરીક્ષિતરાજાને ઉદ્દેશીને બોલ્યા: ''રાજન્! જે ભરતજીનું વૃત્તાંત મેં કહ્યું તે પરથી ભરતજીના પુત્ર સુમતિ થયેલ, તે તને ખ્યાલ બરાબર જ હવે આવી ગયો હશે. તેઓ વેદવિરુદ્ધ ન હતા. વેદપૂરક જ હતા. પરંતુ ઘણીવાર ઊંચી વાતો સાંભળીને માનવી પોતાની કક્ષા નથી છતાં ઊંચી કક્ષા માનીને વાસ્તવિકતાથી વેગળો થઈ જાય છે, તે પોતાને જ નહીં, બલ્કે જગતને પણ નુકસાન કરી બેસે છે। એટલે સુમતિરાજાના જીવનથી ખોટું એવું અનુકરણ ન કરવું પણ વેદનો વિરોધ ન કરતાં વેદ માનનારાઓને ઊર્ધ્વમુખી બનાવવા. સુમતિરાજાને રાણી વૃદ્ધસેનાથી દેવતાજિત પુત્ર થયો. એ વંશના પ્રતીહરાજાએ પોતે શુદ્ધચિત્ત થયા પછી પરમપુરુષ નારાયણનો સાક્ષાત્ અનુભવ કર્યો હતો. તેવી જ રીતે એ જ વંશમાંના ગયરાજા

પણ વિષ્ણુભગવાનના અંશાવતાર મનાયા હતા. આમ વર્ણન કરતાં કરતાં જ્યારે પ્રિયવ્રતરાજાના વર્ણનમાં એ વાત આવી કે એમના રથના પૈડાંના ચીલાથી દ્વીપો બની ગયા ત્યારે પરીક્ષિતરાજાને ઘણું આશ્ચર્ય થયું. પરંતુ ભગવાનની માયા શું નથી કરતી? એ જવાબ મળ્યો, ત્યારે પરીક્ષિત રાજાએ આ આખી સૃષ્ટિનું વર્ણન સાંભળવા ઇચ્છયું, ત્યારે કહ્યું, ગમે તેટલું વર્ણન હું કરું, તોય અધૂરું જ રહેશે. કારણકે વાણીને મર્યાદા છે અને વર્ણન અસીમ છે! છતાં ટૂંકમાં કહું તો કમલ સમાન જે જંબૂદ્વીપ છે, તે કમલની માફક ગોળાકાર છે, અને સાત દ્વીપ પૈકીનો એ ભીતરનો કોશ છે. એમ દર્શાવી મેરુ પર્વત વગેરેનું વિસ્તારથી વર્ણન કર્યું. આમ તો ભારત-વર્ષ કરતાં બીજાં જંબૂદ્વીપના વર્ષો (એટલે કે ભૂમિવિભાગો) ઘણાં સારાં, ફળદ્રુપ અને ભૌતિક એવાં અનેક પ્રકારનાં સુખ આપનારાં છે, પરંતુ એમાં કામના સવિશેષ હોવાથી એકંદરે ઉદ્ધાર કરવા માટે ભારતવર્ષ સૌથી ઉત્તમ છે. પછી અઠ્ઠાવીસ પ્રકારની નરકભૂમિ વર્ણવી કે જ્યાં અશુભ કર્મોનાં ઘણા અનિચ્છનીય ફળો ભોગવવાં પડે છે. કંઈ નરકભૂમિ કયાં પાપો કરવાથી મળે છે? તે તારે જેમ સમજી લેવાનું છે, તેમ તારે નિમિત્તે બધા લોકોએ સમજવાનું છે. પણ એક અર્થમાં આ ભગવાનનું જ ભલે અદ્દભુત અને રૌદ્ર સ્વરૂપ છે પણ તે સ્થૂળ જ છે. ભગવાનના સૂક્ષ્મ સ્વરૂપમાં જવા પહેલાં આ સ્થૂળ સ્વરૂપનો પણ અનુભવ કરી લેવો જોઈએ. જેથી પાપ અને પુણ્ય બન્ને કર્મોનાં ફળનું જ્ઞાન થઈ જાય. છેવટે તો પાપ અને પુણ્ય બન્ને કર્મોને છોડી દેવાનાં છે, પણ એકવાર ભગવાનનું સૂક્ષ્મ સ્વરૂપ વિચારાય અને એના ઉપર જો ભક્તિ જામે તો મનમા તરત પ્રાયશ્ચિત્ત કરવાનો વિચાર આવે છે. મતલબકે જાગૃતિ આવે છે અને માનવી સંસારને તરી જાય છે. આને સારુ ધર્મજ્ઞ, શ્રદ્ધાળુ અને ધીરપુરુષ તપસ્યા, બ્રહ્મચર્ય, ઇંદ્રિયદમન, મનની સ્થિરતા, દાન, સત્ય, આંતર–બાહ્ય પવિત્રતા તથા યમ–નિયમ જેવાં સાધનોથી મન, વાણી

અને કાયાથી કરાયેલાં મોટામાં મોટાં પાપોનો પણ નાશ કરી શકે છે. પરંતુ એ બધાં કરતાં ભક્તિનો માર્ગ સાવ સહેલો છે. સૂર્યના આવતાં જ અંધકાર ચાલ્યો જાય છે, તેમ પળવારમાં બધાં પાપો પોબારા ગણી જાય છે. વિશેષ વાત તો એ છે કે બીજ સહિત બધાં પાપો એ થકી નષ્ટ થઈ જાય છે, બીજાં સાધનોમાં તો કાંઈક પણ ખામી રહી જાય છે, પરંતુ ભકિતના માર્ગમાં ગમે તેવાં ભયંકર પાપો પૂર્વજન્મોનાં બાકી રહ્યાં હોય કે આ જન્મનાં નવાં થયાં હોય, તે બધાં જ એક સામટાં બળીને સમૂળગાં નષ્ટ થઈ મુકિતનો માર્ગ—ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ સાવ સરળ બની જાય છે."

## અજામિલ કથા

બન્યો કુસંગથી પાપી ને અધમીં અજામિલ;
ભગવન્નામથી પાછો, થયો ધર્મિષ્ઠ બ્રાહ્મણ. ૧

ચરિત્ર ભાવથી જે આ, ભણશે તેય વૈકુંઠ;
પામી જશે અને મૃત્યુ, તરશે તે સનાતન. ૨

શ્રી શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત ! શ્રી ભગવાનના ચરણના ગુણાનુરાગી ભકતજનોને કાંઈ પણ પ્રાયશ્ચિત્ત કરવાનું બાકી રહેતું જ નથી. તેમને યમદૂતનું મોઢું પણ જોવું પડતું નથી તો પછી નરકે જવાની તો વાત જ કયાંથી હોય ? આ બાબતમાં ભગવાન વિષ્ણુ અને યમરાજના દૂતોનો સંવાદ તને હું સંભળાવું : 'કાન્ય-કુબ્જ (કનોજ) નગરમાં એક દાસીપતિ બ્રાહ્મણ રહેતો હતો. એનું નામ અજામિલ હતું. તે દાસીના સંસર્ગમાં દૂષિત થવાથી તેનો સદાચાર પ્રેમ મૂળે જ નષ્ટ થયો હતો. કયારેક તે વટેમાર્ગુઓને

બાંધીને લૂંટી લેતો. ક્યારેક જુગારમાં સૌને એકસરખા હરાવી દેતો. કોઈનું ધન દગાખોરીથી લઈ લેતો તો કોઈની ચોરી કરી લેતો. આમ ઘણાં નિંદ્ય અને મહાવ્યસનોના ફંદાભર્યા કામમાં તે ખૂંપી ગયો હતો. આ રીતે મહાઅનીતિથી કુટુંબનું ખાણુંપીણું કમાતો અને માનવ તથા માનવેતર પ્રાણીઓને સતત સતાવ્યા કરતો. એમ કરતાં કરતાં તે એંશી વર્ષનો બૂઢો થયો. તેને કુલ્લે દસ પુત્રો હતા. તેમાં બધાથી નાનાનું નામ નારાયણ હતું. એના ઉપર પેલી દાસી(માતા)નો પણ અતિમોહ હતો અને અજામિલે તો જાણે 'નારાયણ' નામના એ પુત્રને હૃદય જ સોંપી દીધું હતું. બાળકની તોતળી વાણીમાં એ લટ્ટુ બની ગયો હતો. પોતે ખાય તો પોતાના બાળકને પણ ખવડાવે. પોતે પીએ તો સાથેસાથે પોતાના નારાયણને પણ પાણી પીવડાવે. એ નારાયણ નામના આ નાના પુત્રમાં એવો તન્મય બનેલો કે મૃત્યુ નજીક આવી ગયું છે એની પણ અજામિલને ખબર ન રહી. એવામાં ત્રણ યમદૂતો એને મૃત્યુ માટે લેવા આવ્યા. તેમના હાથોમાં ફાંસી હતી અને તેમનું મોઢું પણ વાંકું અને કદરૂપું હતું. એ ત્રણેના શરીરનાં રોમેરોમ ખડાં થઈ ગયાં હતાં. તે સમયે પેલો નાનો નારાયણ જરા દૂર દૂર રમતો હતો. પેલા ત્રણ યમદૂતોના ચહેરાઓ જોઈને એ (અજામિલ) ખૂબ ગભરાઈ જઈ મોટેથી બૂમ પાડી ઊઠયો: 'નારાયણ, અરે નારાયણ! તું ક્યાં છો?' ત્યાં તો ભગવાન વિષ્ણુના પાર્ષદો ત્યાં આવી પહોંચ્યા અને યમદૂતના કાર્ય(મૃત્યુ)ને નિષ્ફળ બનાવી મૂક્યું. યમદૂતોએ તેમને પૂછ્યું પણ ખરું કે 'તમે ધર્મરાજાએ અમને આપેલી આજ્ઞાને કાં નિષ્ફળ બનાવો છો?' તરત પાર્ષદોએ કહ્યું: 'પુણ્ય, પાપ અને બધા અધર્મો કરતાં ધર્મ સર્વોચ્ચ વસ્તુ છે અને એ ધર્મનો સાર ભગવન્નામસ્મરણોમાં છે. એ આ અજામિલે કોઈ ને કોઈ રીતે કર્યું જ. એટલે હવે એને બીજા કરા પ્રાયશ્ચિત્તની જરૂર નથી. અને એ અમરત્વને જ પ્રાપ્ત છે.' જો કે યમદૂતોને હજુ પૂરું સમાધાન ન થયું, પણ તેઓને ખાલી હાથે

પાછા તો ફરવું જ પડ્યું. આ બાજુ અજામિલને થયું: 'ખરેખર આ સ્વપ્ન હતું કે સાચું હતું ? મને ત્રાસપ્રદ યમદૂતોથી બચાવનાર તો પેલા દેવપુરુષો જ હતા. મારા જેવો મહાપાપી તે સત્પુરુષોની મદદ શી રીતે મેળવી શક્યો ?' એમ વિચારતાં વિચારતાં એમના જીવનમાં પૂર્ણ પસ્તાવા સાથે શુદ્ધિ અને સાચું વલણ પાર્ષદોના દર્શન માત્રથી આવી ગયાં. ત્યારબાદ ત્રિગુણાતીત થઈ અજામિલની વિવેકબુદ્ધિ ભગવાનમય બની ગઈ કે તરત ત્યાં પેલા પાર્ષદો (કે જેમને) એમણે જોયેલા તે પોતે જ હાજર થઈ ગયા. અજામિલે તેમને ભાવપૂર્વક માથું નમાવીને નમસ્કાર કર્યા. એમનાં દર્શન પામીને એ તીર્થસ્થાનમાં ગંગાતટ પર સ્થૂળ દેહ છૂટી ગયો અને અજામિલ વૈકુંઠવાસી બની ગયા. બસ રાજન્! પરીક્ષિત! આ રીતે કલિકાળમાં નામનો જ મહિમા સૌથી મોટો છે. આવા ભગવાન નામને ધારણ કરનારા અજામિલનું આખ્યાન પણ ભાવથી સાંભળશે, તે અમૃતત્ત્વ અવશ્ય પામી જશે.

## હરિનામ—મહિમા

યમદૂતો મહાપાપી–પાસે છો જાય! તોય તે,
પ્રભુ નામ થકી પાછા, તેઓને ફરવું પડે. ૧

અમૃત કરનારું જો, ફક્ત નામેય થાય જ્યાં;
સહૃદયા – દયાભક્તિ, મોક્ષ દે શી નવાઈ ત્યાં ? ૨

અજામિલનું ઉદાહરણ સાંભળી તાજુબી પામેલા રાજા પરીક્ષિત બોલ્યા : "હે શુકદેવજી ! આ આપે એવી વાત કહી છે કે આખાયે જગતને તાજુબી થશે કે 'દેવાધિદેવ યમરાજના વશમાં જીવ માત્ર છે

અને એમના જ દૂતોનું અપમાન થાય અને યમરાજના આદેશની જ અવગણના થાય તો તો અનર્થ થઈ જાય!' માટે આપ સિવાય આ વાતનું સમાધાન બીજા કોઈ કરી શકે તેમ નથી. તો આપ જ એ વાતનું સમાધાન કરી કરાવી આપો તો સારું." શુકદેવજીએ કહ્યું: "તમારી શંકા બિલકુલ વાજબી છે. ખુદ યમદૂતોએ પણ તરત યમરાજ પાસે જઈને આ જ શંકા કરી પ્રશ્ન પૂછ્યો હતો. યમદૂતો કહે: "જગતભરના જીવોના કર્મફળદાતા યમરાજજી! જો આપની આજ્ઞાની પણ આમ અવહેલના થશે, તો જગતના જીવોની કર્મ-વ્યવસ્થા ચાલશે શી રીતે?' એમ કહી અજામિલના પાપોની યાતના માટે અમે તેને ઉપાડી લાવવા તો ગયા, પણ જેવું અજામિલે નારાયણનું નામ લીધું કે તરત ચાર સિદ્ધો ત્યાં ઝડપથી આવી પહોંચ્યા અને બોલ્યા 'ડર મા, ડર મા અમે તારી રક્ષા અર્થે આવી ગયા છીએ' તો આ શું?" ધમરાજ બોલ્યા: 'શાસ્ત્રો અને ઋષિ–મુનિઓના કથન કરતાં આ એક નવી અને અજબ વાત છે, એટલે આશ્ચર્ય તો જરૂર થાય જ પણ એ યથાર્થ છે. મારા ઉપર અને સૌ ઉપર જે પરમાત્મા બિરાજે છે તેઓનું નામ અનિચ્છાએ પણ કોઈ પોકારે તો તે ગમે તેવો મહાન પાપી હોય તોયે તેનાં પાપો ક્ષણવારમાં જ બળીને ખાખ થઈ જાય છે. આવી વ્યક્તિઓ અપવાદિત અને મારા શાસનથી પર છે. આથી મારી શિક્ષા ત્યાં ચાલી શકતી નથી. માટે ભગવાનનું નામ જે ભૂલથી પણ લે, ત્યાં હવે પછી તમારે જવું જ નહીં! અને ભૂલથી કદાચ જઈ ચઢ્યા હો તો તરત વગર કહ્યે પાછા ફરી જવું! અને મારે પાસે તેવા જ પાપીઓને–અધર્મીઓને લાવવા કે જેઓ ભગવાન અને ભગવાનના નામની ધૃણા જ કર્યા કરે છે! ભગવાનનું નામ લીધા પછી, પણ તે અજામિલને અહીં લાવવાનો પ્રયત્ન કર્યો, તે ઘણું જ અજુગતું થયું ગણાય. પ્રભુનો અપરાધ એ એક અર્થમાં મારો પોતાનો પણ અપરાધ જ કર્યો ગણાય. ચાલો ભૂલથી જે થયું તે થયું. તેઓ પરમ-

કૃપાળુ છે, તેથી મારી અને તમારી સૌની ભૂલો જતી કરી ક્ષમા આપશે ! માટે બધાં પાપોનું સાચું અને નક્કર પ્રાયશ્ચિત્ત પણ ભગવાનનું નામસ્મરણ અને ભગવાનનું જ કીર્તન છે. હું હવે તમારા વતી એ પરમપ્રભુ અને સર્વાન્તર્યામીને નમસ્કાર કરી ક્ષમા માગી લઉં છું." શુકદેવજી બોલ્યા : "એમ કહીને ખુલાસો કરતાં કરતાં ખુદ યમરાજજીએ પરમકૃપાળુ પરમાત્માની ક્ષમા માગી લીધી, માટે આ દાખલા ઉપરથી હે પરીક્ષિત ! તારે પણ એમ સમજવું જોઈએ કે બધી જ પાપવાસનાઓ આમૂલાગ્ર નિર્મૂળ કરવાનું કામ માત્ર ભગવાનનું નામસ્મરણ, ગુણસ્મરણ અને કીર્તન–ભજન જ કરે છે. જેઓ વારંવાર ભાવપૂર્વક ભગવાનનું નામ ઉચ્ચારે છે તેમના હૈયામાં પ્રેમમયી ભક્તિ આપોઆપ જન્મી જાય છે. વ્રતો, તપો, ત્યાગો જે ન કરી શકે, તે એક માત્ર ભાવપૂર્વકના પ્રભુસ્મરણથી કરી શકાય છે. જ્યાં ભજનનો રસ ચાખવા મળ્યો, ત્યાં વિષય રસ ફિક્કો સહેજે સહેજે જ બની જવાનો. બાકી ભજનનો સાચો રસ ચાખ્યા વિના જેઓ બીજી રીતે વાસનાવિજય માટે પ્રયત્નો કરે છે તેને લીધે વાસના ઉપર ઉપરથી નષ્ટ થાય છે અને તક મળતાં ફરીથી તે પાંગરવા માંડે છે. ટૂંકમાં જ્યારથી ખુદ યમરાજા પાસેથી યમદૂતોએ આ બધું બરાબર એકાગ્રતાથી સાંભળ્યું છે, ત્યારથી તેઓ હવે ભલે મહાપાપી હોય ! પણ પ્રભુનું નામ લેતો હોય, તો ત્યાંથી દૂર જ રહ્યા કરે છે. એટલું જ નહીં એ યમદૂતો ભગવાનના ભક્તથી બહુ જ ડરે છે અને તેમની સામે આંખ પણ માંડી શકતા નથી. બસ પરીક્ષિત ! આ આમ તો ઇતિહાસ જ છે, પણ અત્યંત રહસ્યમય અને ગોપનીય છે. મને પણ મલયાચળ પર્વત પર બિરાજેલા અગસ્ત્ય ઋષિ દ્વારા જ શ્રીહરિની પૂજા કરતાં કરતાં સોગન આપીને પછી જ આ સંભળાવ્યો હતો. સાચો સાધક પરખ્યા પછી જ મેં તને આજે તારી શ્રદ્ધાભક્તિ જોઈને જ તે સંભળાવ્યો છે ! !"

# પ્રાચેતસ દક્ષની ઉત્પત્તિ

જન્મેલા ક્રોધ–અગ્નિને, આત્મવિચાર વારિએ;
સમાવે જીવ જે દેહે, ત્રિગુણાતીત થાય તે. ૧

સર્વ દેહી તણે હૈયે, કાયમ પ્રભુજી વસે;
એવું માની સદા વર્તે, પામે પ્રભુ–કૃપા સુખે. ૨

શુકદેવજીને રાજા પરીક્ષિતજીએ પૂછ્યું : "આપ સંક્ષેપમાં તો ત્રીજા સ્કંધમાં સ્વાયંભુવ મન્વંતરમાં દેવતા, અસુર, મનુષ્ય, સર્પ, પશુપક્ષી વગેરેની સૃષ્ટિ શી રીતે થઈ અને વધી તે તો જણાવી દીધું છે, પણ હવે એ જ વાતને જરા વિસ્તારથી હું સાંભળવા ઇચ્છું છું. પ્રકૃતિ આદિ કારણોનું ય પરમ કારણ તો ભગવાન પોતે જ છે. તેઓ ખુદ જે શકિતથી અને જે પ્રકારે એની પછીની સૃષ્ટિ પેદા કરે છે, તે મારે સાંભળવું છે." સૂતજી કહે છે : "શૌનકાદિ ઋષિઓ ! પરમયોગી વ્યાસનંદન શ્રી શુકદેવજીએ રાજર્ષિ પરીક્ષિતનો આ સુંદર પ્રશ્ન સાંભળી અભિનંદન કર્યું અને હવે શુકદેવજી બોલ્યા : "રાજા પ્રાચીનબર્હિના દસ છોકરા કે જેમનું નામ 'પ્રચેતાગણ' હતું. જ્યારે તેઓ સમુદ્રની બહાર નીકળ્યા અને જોયું કે પોતાના પિતાની ઐકાંતિક નિવૃત્તિપરાયણતાને કારણે આખીયે પૃથ્વી ઝાડોથી છવાઈ ગઈ છે. તેથી તેઓને (પ્રચેતાગણને) વૃક્ષો ઉપર અપરંપાર ક્રોધ આવી ગયો અને વૃક્ષોને બાળવા પોતે અગ્નિ અને વાયુની સૃષ્ટિ ખડી કરી દીધી. જ્યારે વૃક્ષો ભડકે બળી રહ્યાં હતાં ત્યારે વૃક્ષોના રાજાધિરાજ ચંદ્રમાએ પ્રચેતાગણનો ક્રોધ શાંત પાડવા આ પ્રમાણે કહ્યું : 'મહાભાગ્યવાન પ્રચેતાઓ !

આ વૃક્ષો તો બાપડાં દીન છે. એમનાથી વેર ન કરો, આપ તો પ્રજાની અભિવૃદ્ધિ કરવા ઇચ્છો છો અને આપ પ્રજાપતિ છો, તે સૌ જાણે છે. વળી શ્રીહરિ ભગવાને સંપૂર્ણ વનસ્પતિઓ અને ઓષધિઓ પ્રજાના હિતાર્થે, એમના (પ્રજાઓના) ખાન-પાન અર્થે બનાવી છે. સમસ્ત પ્રજાઓના હૃદયમાં સર્વ-શક્તિમાન ભગવાન બિરાજે છે. એટલે આપ આ આખા સંસારને ભગવાનનું નિવાસસ્થાન સમજી તેની કદર કરો તો ખુદ ભગવાન પણ રાજી રાજી થશે. ભયંકર ક્રોધને આત્મવિચાર દ્વારા જે પોતાના શરીરમાં જ સમાવી લે છે તે કાળક્રમે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એમ ત્રણેય ગુણો પર વિજય મેળવી શકે છે. માટે હવે જે ઝાડ બચી ગયાં છે, તે ઝાડોને આપ ન બાળશો. જુઓ આ પ્રમ્લોચા અપ્સરાની પુત્રી સુંદરીને આ ઝાડોએ જ પોષણ આપ્યું છે. જેનો આપ સૌ પત્ની તરીકે સ્વીકાર કરી પ્રજાની અભિવૃદ્ધિના કામમાં લાગી જાઓ !' પ્રચેતાઓ ચંદ્રમાના કથનનો સ્વીકાર કરી શાંત થયા. એ કન્યાથી પ્રચેતાગણ દ્વારા પ્રાચેતસ દક્ષની ઉત્પત્તિ થઈ ગઈ. પછી એની પ્રજાસૃષ્ટિથી ત્રણે લોકો ભરાઈ ગયા. એમણે વિંધ્યાચલના નિકટવર્તી પર્વતો પર જઈને કઠોર તપ કર્યું. પ્રજાપતિ દક્ષે ભગવાનની ખૂબ સ્તુતિ કરી. આમ વિંધ્યાચલના અઘ-મર્ષણ તીર્થમાં જયારે સ્તુતિ કરી ત્યારે ભક્તવત્સલ ભગવાન ખુદ પ્રગટ થઈ ગયા. ગરુડ પર તેઓ બિરાજમાન હતા. પ્રત્યક્ષ ભગવાનને વંદન કર્યાં. ભગવાને કહ્યું : 'તમારી તપશ્ચર્યા સફલ થઈ છે. મારી પણ સૃષ્ટિની અભિવૃદ્ધિની જ ઇચ્છા હતી. હવે હે દક્ષ ! પંચજન પ્રજા-પતિની કન્યા અસિકનીનો તમે પત્ની તરીકે સ્વીકાર કરી ગૃહવાસ ભોગવો.' કહી ભગવાન ત્યાં જ અંતર્ધાન થઈ ગયા."

# દક્ષ–પુત્રોનો નિવૃત્તિ માર્ગ

**જાણ્યા વિનાનું વિષયી–રહસ્ય. સ્વીકારી લે, જે વિષયે વિરક્તિ;**
**વચ્ચેથી પાછા વિષયે વળી તે, પડી જતા ભોગની ખાઈ માંહિ. ૧**

રહસ્ય વિષયો કેરું, જાણી નિર્લેપ જે રહે;
છતાં સમત્વ – એકત્વ – સાધવા વિષયે વહે. ૨

તે જ સાચી વિરક્તિના–સ્વામી બની શકે જગે;
સક્ત છતાં અણુાસક્ત સપૂર્ણ સંત તે જ છે. ૩

બ્રહ્મચર્ય–નિષ્ઠાવાન શુકદેવજી બોલ્યા : "રાજા પરીક્ષિત! હવે ભગવાનના ખુદના શક્તિસંચારને લીધે દક્ષ પ્રજાપતિ સમર્થતા–સંપન્ન બની ગયા હતા. એમને પંચજન–પુત્રી અસિકનીના સહયોગે હર્યશ્વ નામના દશેક હજાર પુત્રો ઉત્પન્ન થયા. પણ નવાઈની વાત તો એ બની કે તેઓ દશહજાર આમ સ્થૂળ રીતે જુદા જુદા ભલે દેખાતા, પરંતુ તે સૌનું આચરણ અને સૌના સ્વભાવ પણ જાણે એકરૂપ જણાતા. દક્ષ પ્રજાપતિએ જયારે તે સૌને પ્રજોત્પત્તિમાં વિશેષ રસ લેવાનું સૂચવ્યું કે તરત તે બધા એકીસાથે તપસ્યા કરવાના વિચાર સાથે પશ્ચિમ દિશા તરફ ચાલી ગયા. જ્યાં સિંધુ નદી અને સાગરના સંગમ પર આવેલા નારાયણ–સરોવર નામનું તીર્થ આવેલું છે. અને જ્યાં મોટામોટા મુનિઓ અને સિદ્ધ મહાત્માઓ વસે છે, ત્યાં તે સૌ પહોંચી ગયા. જેવું નારાયણ સરોવરમાં તે સૌએ સ્નાન કર્યું કે તરત તે સૌનું અંતઃકરણ સ્ફટિક જેવું વિશુદ્ધ બની ગયું અને એમની બુદ્ધિ ભાગવત–ધર્મમાં લાગી ગઈ. છતાં પિતાને આપેલા વચન પર મુસ્તાક રહી તપસ્યા કરતા જ રહ્યા, ઉગ્રથીયે ઉગ્ર તપ કરતા રહ્યા. ત્યાં તો પરીક્ષક નારદમુનિ ત્યાં

આવી લાગ્યા અને બોલ્યા : 'તમે તમારા પિતાજીના વચન પ્રમાણે પ્રજોત્પત્તિ કરવા તૈયાર થયા છો પણ લાગો છો મૂર્ખશિરોમણિ. અરે મૂર્ખો ! તમે જો સૃષ્ટિનો અંત નથી પરખ્યો કે જોયો. તો સૃષ્ટિ કરશો શી રીતે? આ તો મોટા ખેદની વાત છે. સાંભળો : 'એક એવો દેશ છે કે જેમાં માત્ર એક જ પુરુષ છે. એક એવું છિદ્ર છે કે જ્યાં પેઠા પછી બહાર નીકળવાનો કોઈ રસ્તો જ નથી. એક એવી સ્ત્રી છે કે જે બહુરૂપિણી છે. એક એવો પુરુષ છે કે જે વ્યભિચારિણીનો પતિ છે ! એક એવી નદી છે કે જે આગળ અને પાછળ બન્ને બાજુ વહ્યાં કરે છે ! એક એવું વિચિત્ર ઘર છે, જે પચ્ચીસ પદાર્થોનું બનેલું છે. એક એવો હંસ છે કે જેની કહાણી ઘણી વિચિત્ર છે ! એક એવું ચક્ર છે કે જે છરા અને વજ્રથી બનેલું છે ! અને પોતાની મેળે ઘૂમતું રહે છે ! મૂર્ખ લોકો ! તમે તમારા પિતાજીના ઉચિત આદેશની પાછળનું મુખ્ય રહસ્ય નહીં સમજી લો અને ઉપર મેં બતાવી, તે વસ્તુઓને જોઈ જાણી નહીં લો, ત્યાં લગી તમારા પિતાજીની આજ્ઞાનુસાર સૃષ્ટિ કેમ કરી શકશો ?' નારદમુનિનાં આ વચનો પર, તે બધા વિચાર કરવા લાગી ગયા. જાતે બુદ્ધિશાળી તો તેઓ બધા હતા જ, તેઓ સ્વગત વિચાર કરવા લાગ્યા તો જણાયું, નારદમુનિની વાત તો સાચી છે કે 'આ લિંગશરીર કે જે સામાન્યરૂપે જીવ તરીકે ઓળખાય છે. પૃથ્વી પર આવેલો જીવ તે જ આત્માનું અનાદિથી બંધન છે. એ બંધનનો અંત પરખ્યા વિના માનવજીવન પ્રાપ્ત કરીને જે મોક્ષ માટે અનુપયોગી છે એવાં કર્મોમાં મશગૂલ રહેવાથી શો લાભ છે? કશો લાભ જ નથી. ખરેખર સાવ એક તો ખુદ ઈશ્વર પોતે જ છે ! ખરેખર તો જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણેય અવસ્થાઓ અને એ અવસ્થાઓના અભિમાનીઓથી ભિન્ન એ બધાંનો સાક્ષી છે ! એ ઈશ્વર જ સૌનું છેલ્લું અધિષ્ઠાન અથવા આધારસ્થળ છે ! પરંતુ ખરી રીતે ઈશ્વરનું અધિષ્ઠાન અથવા ઈશ્વરનું આધારસ્થળ કોઈ જ નથી ! તેથી જ

તે સર્વોચ્ચ છે, ભગવાન છે. એ પ્રમાણે પ્રકૃતિ આદિથી અતીત અને નિત્યયુક્ત એવા પરમાત્માને પરખ્યા—જોયા વિના ભગવાન પ્રત્યે અસમર્પિત એવાં (જેમને મિથ્યાકર્મો કહી શકાય, તેવાં) કર્મો કરવાથી શો લાભ? પરમાત્માને પરખ્યા—જોયા પછી જીવને સંસારમાં પાછું ફરવું જ પડતું નથી. જે પોતે સ્વયં અને અંતર્જયોતિરૂપ છે એવા પરમાત્માને જાણ્યા પરખ્યા વિનાનાં કર્મો તો બહુ બહુ તો સ્વર્ગસુખ ભૌતિકસુખ આપી શકે અને ફરી પાછા ચોરાસી લાખ જીવયોનિના ચક્રમાં ફસાઈ ભમવું પડે, તેવાં કર્મ કર્યા કરવાં એ તો સાવ ફિજુલ છે! આમાં જે બુદ્ધિ કામ કરે છે, તે જ સત્ત્વ, રજ અને તમ ગુણોથી યુક્ત થવાને લીધે વ્યભિચારિણી સ્ત્રીના જેવી જ છે.

આ બુદ્ધિમાં જ્યાં લગી વિવેક ન જાગે, ત્યાં લગી અશાન્તિદાયક કર્મો બનવાનાં અને તેનો કોઈ અર્થ નથી. આ કુલટા સ્ત્રી જેવી બુદ્ધિને પરાધીન બનેલા જીવની સહજ સ્વતંત્રતા નષ્ટ થઈ ચૂકી છે. અને તે અનંત જન્મોથી એ બુદ્ધિનો માર્યો ભટકયા જ કરે છે! માયા જ એક નદી છે. તપ—વિદ્યા આદિ એ નદીના કિનારાઓ છે. પણ કિનારા પર અહંકાર આદિ દોષોને કારણે એનો વેગ ઘણો વધી જાય છે. સૌથી મોટા આશ્ચર્યની વાત તો એ છે કે એ માયા નદીનો પ્રવાહ એક બાજુ સૃષ્ટિ પેદા કરવા પાછળ છે, તો બીજી બાજુ પ્રલય તરફ પણ એનો પ્રવાહ વહ્યે જાય છે. એ પચ્ચીસ તત્ત્વોનું અદ્ભુત ઘર છે. પુરુષ જ એનું આશ્ચર્યમય આશ્રયસ્થળ છે. તે જ સમસ્ત કાર્યકારણાત્મક જગતનો અધિષ્ઠાતા છે. આ જાણવું તે જ સાચી સ્વતંત્રતાનો માર્ગ છે. તે વિનાની સ્વતંત્રતા એ સ્વચ્છંદતારૂપ છે. અને એવાં કર્મો વ્યર્થ કર્મો છે. ભગવાનનું આવું સાચું સ્વરૂપ બતાવવાવાળું શાસ્ત્ર જ હંસ સમાન, નીરક્ષીરવિવેકી છે. તે બંધન અને મુક્તિ; ચેતન અને જડ એ સૌને વેગળું વેગળુ

કરીને દેખાડી દે છે. આવા અધ્યાત્મશાસ્ત્રરૂપી હંસનો આશ્રય છોડી બહિર્મુખ બનાવવાવાળા કર્મથી કશો લાભ નથી. ચક્ર તો કાળ પોતે જ છે, તે અખંડ ફરતો રહે છે! એ કાળની ધારા તીખી વજ્ર જેવી છે. અને તે સારાયે જગતને પોતાના ભણી ખેંચી રહેલ છે. એટલે ખરી રીતે કર્મ સ્થિર બુદ્ધિથી વિવેકબુદ્ધિથી જ કરવાં જોઈએ.' આમ વિચારી તે હર્યશ્વોએ બધાએ એકમતથી નિશ્ચય કરી લીધો. અને નારદમુનિને પરિક્રમા કરીને જ્યાં જઈને પછી કદી પાછું ન ફરવું પડે, તેવા મોક્ષમાર્ગના સાચા પથિક બની ગયા. નારદજી પણ પોતાનું કામ પૂરું થયેલું જાણી પ્રભુભજનમાં મસ્ત બનીને પાછા પોતાના રોજના કાર્ય મુજબ લોકલોકાંતરમાં વિચરવા લાગી ગયા. પણ આ વાત સાંભળી દક્ષ ખૂબખૂબ નાખુશ થયા. જોકે બ્રહ્માજીએ દક્ષપ્રજાપતિને ઘણું સાંત્વન આપ્યું. જેથી દક્ષે એ જ અસિકની પત્નીથી શબલાશ્વ નામના બીજા એક હજાર પુત્રો પેદા કર્યા. તેઓ પણ પોતાના પિતાની આજ્ઞાને કારણે એ જ નારાયણ સરોવર પર તપ કરવા ગયા. અને તેઓએ 'ૐ નમો નારાયણાય પુરુષાય મહાત્મને, વિશુદ્ધસત્ત્વધિષ્ણ્યાય, મહાહંસાય, ધીમહિ' એ મંત્રનો અભ્યાસ કરી મંત્રાધિપતિ ભગવાનની આરાધના કરવા લાગ્યા. ત્યાં પણ નારદમુનિએ આવીને તેઓને પણ તેમના ભાઈઓને માર્ગે જવા સૂચવ્યું, આથી તેઓ તે માર્ગે ગયા અને દક્ષ પ્રજાપતિને નારદ પર ખૂબ ગુસ્સો આવી ગયો. તેઓએ વિષયોની કટુતા જાણ્યા વિના વિષયનિવૃત્તિને માર્ગે પોતાના બાળકોને મોકલ્યા, તે ખોટું કર્યું. માટે તમે ભટકતા જ રહો! એવો શાપ આપી દીધો! નારદજીએ મુનિધર્મ પ્રમાણે તે અપકારનેય માથે ચઢાવ્યો."

શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત રાજા! ત્યાર બાદ બ્રહ્માજીએ બહુ બહુ પ્રેમ, ધીરજ અને શાંતિથી સમજાવ્યા એટલે દક્ષ પ્રજાપતિએ ફરી પાછી પોતાની ધર્મપત્ની અસિકનીથી સાઠ કન્યાઓ જન્માવી

તે બધી પુત્રીઓ પોતાના પિતા દક્ષ પ્રજાપતિનો ઘણો બધો આદર અને પ્રેમ કરતી હતી. સાઠમાંથી દશ કન્યાઓ દક્ષ પ્રજાપતિએ ધર્મને પરણાવી. તેર કન્યાઓ કશ્યપને પરણાવી. સત્તાવીસ કન્યાઓ ચંદ્રમાને પરણાવી. બે ભૂતને, બે અંગિરા ઋષિને, બે કૃશાશ્વને તથા ચાર તાર્ક્ષ્ય નામધારી એવા કશ્યપને પરણાવી. તેનાં સંતાનો ઘણાં જ થયાં અને દુનિયાભરમાં ફેલાયાં. તે પૈકી અદિતિની વંશપરંપરામાં ભગવાન પોતે પોતાના અંશરૂપ વામનરૂપે અવતાર ધારણ કરેલો.''

## વિશ્વરૂપની કથા

નારાયણ કવચથી સહુ દૈત્ય જીતી,
દેવો તણા પ્રમુખ ઇન્દ્ર થતા ફરીથી;
ઐશ્વર્યવંત ઝટ વિશ્વરૂપ — કૃપાથી.
પ્રાયશ્ચિત્તો હૃદય શુદ્ધિ થવાથી સાચી.

સાચા ગુરુ તણી થાયે, શિષ્યોથી અવહેલના;
તોયે તે જીરવી આપે, મીઠી શિખામણો સદા. ૨

શુકદેવજી બોલ્યા : "ઇન્દ્રને ત્રિલોકી ઐશ્વર્ય મળવાથી ઘમંડ થઈ ગયેલો. તેથી ગર્વને કારણે ઇન્દ્રે ધર્મમર્યાદા તથા સદાચાર-મર્યાદાનું ઉલ્લઘંન કરવા માંડેલું. એક દિવસે ભરીસભામાં તેઓ પોતાની પત્ની 'શચી' સાથે સિંહાસન પર બેઠેલા. ઓગણપચાસ મરુદ્‌ગણ, આઠ વસુઓ, અગિયાર રુદ્રો, આદિત્ય, ઋભુગણ, વિશ્વદેવા, સાધ્યગણ, બે અશ્વિનીકુમારો વગેરે એમની સેવામાં હાજર હતા. સિદ્ધ,

ચારણ, ગંધર્વ, બ્રહ્મવાદી, મુનિગણ, વિદ્યાધર, અપ્સરાઓ, કિન્નર, પક્ષી અને નાગ પણ સેવા-સ્તુતિ કરતાં હતાં. તે વખતે બૃહસ્પતિ-ગુરુ પધાર્યા. તેઓ સૌના પરમ આચાર્ય છે. એમ છતાં ઇન્દ્ર ન ઊભા થયા કે ન આસનાદિથી ગુરુ-સત્કાર કર્યો ! એટલી હદે કે તેઓ આસન પર જ બેઠા જ રહ્યા. તે ઐશ્વર્ય દોષ જોઈ બૃહસ્પતિ આચાર્ય ચૂપચાપ ત્યાંથી ચાલી જઈ ઘેર પહોંચી ગયા. ત્યાર પછી ઇન્દ્રને સમજાયું ખરું કે 'મેં ગુરુની અવહેલના કરી છે !' એટલે ઇન્દ્રે પોતે જ સભામાં આ ઘટના બદલ ખેદ વ્યક્ત કર્યો અને પોતે ઐશ્વર્યમદમાં ભૂલ્યા, તે યાદ કરી ખૂબ પસ્તાવો કરવા લાગી ગયા. આ ક્ષતિ દેવોના શત્રુ અસુરોના ખ્યાલમાં તરત આવી ગઈ. તેઓએ બધાએ પોતાના ગુરુ શુક્રાચાર્યના આદેશથી હથિયારો વરસાવ્યાં. દેવો મરવા લાગ્યા, ત્યારે એ બધા દેવો બ્રહ્માજીને શરણે ગયા. બ્રહ્માજીને દેવોની આ દશાથી કરુણા ઊપજી અને ત્વષ્ટાપુત્ર સંયમી વિશ્વરૂપ ઋષિની મદદ માગવા માટે દેવોને સલાહ આપી. તેઓએ તેમ કર્યું. ત્યારે વિશ્વરૂપજી બોલ્યા : 'તમારી ઇચ્છા, મારી પાસે પુરોહિતપણું કરાવવાની છે ! જો કે એ કામ શાસ્ત્રોમાં હલકું ગણાય છે, છતાં આપ વડીલોની આજ્ઞાને લીધે, હું એ કામ જરૂર કરીશ. અને ખરેખર એ કામ એણે સુંદર રીતે ચાલુ રાખ્યું અને 'નારાયણકવચ, ૐ નમો નારાયણાય અને "ૐ નમો ભગવતે વાસુદેવાય" એ મંત્રને સહૃદય અપનાવાથી તમારી જરૂર બધી રીતે રક્ષા થશે' અને ખરેખર એ રીતે દેવો સર્વ પ્રકારના ભયોથી મુક્ત થયા. આ વિશ્વરૂપ દ્વારા પ્રાપ્ત થયેલી વૈષ્ણવી વિદ્યા ધારણ કરી રણભૂમિમાં અસુરોને ઇન્દ્રે જરૂર જીતી લીધા. એક કૌશિક ગોત્રી બ્રાહ્મણે પોતાનું શરીર મરુભૂમિમાં આ કવચ ધરીને છોડયું તો એ બ્રાહ્મણના હાડકાંને ગંધર્વરાજ ચિત્રરથે જાતે સરસ્વતીમાં લઈ જવાં પડેલાં, એ વાત પણ વિશ્વરૂપે ઇન્દ્રને સંભળાવીને શ્રદ્ધા પ્રથમથી મજબૂત કરેલી."

# વૃત્રાસુરનો ઉત્પાત

વૈરનો બદલો લેતાં, વૈર--બીજ રહી ફરી;
ફેલાય વિશ્વમાં જેથી, અશાન્તિ કાયમી. ૧

માટે સતી દ્વિજો સંતો, ત્યાગે તથા તપે કરી;
ઘરથી માંડીને વિશ્વ, બનાવે શાન્તિ કાયમી. ૨

તેથી વૈર ભૂલી વ્હાલે, વિશ્વને જે વધાવશે.
તે જ સતી દ્વિજો સંતો તણું ઋણ અદા કરે. ૩

શુકદેવજી બોલ્યા : "...પરંપરાથી મેં એવું સાંભળ્યું છે કે વિશ્વરૂપનાં ત્રણ માથાં હતાં. તેઓ એક મોઢેથી સોમરસ અને બીજે મોઢેથી સુરાપાન કરતા હતા. અને વળી ત્રીજે મોઢેથી અન્ન પણ એકી સાથે ખાતા હતા. એ વિશ્વરૂપના પિતા ત્વષ્ટા વગેરે બાર આદિત્ય દેવતા હતા. એથી તેઓ યજ્ઞ સમયે પ્રત્યક્ષરૂપે ઊંચા સ્વરથી (ઊંચેરા અવાજથી) બોલીને ઘણા જ વિનયથી દેવતાઓને આહુતિ આપતા હતા. પરંતુ એમની માતા અસુર કુળની હતી. આથી અંદરખાનેથી તેઓ દૈત્યોના પક્ષપાતી હતા. અને ગુપ્ત રીતે અસુરો અથવા દૈત્યોને પણ યજ્ઞભાગ આપતા હતા. આથી 'ભવિષ્યે વિશ્વરૂપજી દૈત્યોનો સહારો લઈ પોતાનો નાશ કરશે–રંજાડશે...' એમ માની તેમની પાસે દેવેન્દ્રે આવી તલવારથી ત્રણેય માથાં ઉતારી નાખ્યાં. બ્રહ્મહત્યાનું આ પાપ તરત ઇન્દ્રે ન સ્વીકારતાં એક વર્ષ પછી પોતાની શુદ્ધિ માટે ચાર ભાગમાં વહેંચી નાખ્યું. પૃથ્વી, વનસ્પતિ, સ્ત્રી અને પાણીએ એ ઝીલી લીધું. ત્યાર બાદ વિશ્વરૂપના પિતા ત્વષ્ટાજી, ઇન્દ્ર – શત્રુ પેદા કરવા હવન કરવા લાગ્યા.

પરીક્ષિતજી! તરત અન્વાહાર્યપચન નામના દક્ષિણાગ્નિથી એક એવો મહાભયંકર દૈત્ય પેદા થયો કે જાણે પ્રલયકાલીન લોકનાશક વિકરાળ કાળ કાં ન હોય! તે દિને દિને ખૂબ વધ્યે જતો હતો. તે જાણે બળતા પહાડની સમાન કાળો હતો અને એના શરીરમાંથી સંધ્યા-કાળનાં વાદળાં જેવી દીપ્તિ નીકળ્યા કરતી હતી! એના માથાના વાળ અને દાઢીમૂછ તપેલા તાંબા જેવાં લાલ રંગનાં અને ચક્ષુઓ બપોરના સૂર્ય જેવાં ડરામણાં હતાં. ત્રણ ખૂણાવાળું ત્રિશૂલ લઈને જ્યારે એ નાચવા લાગી જતો, ત્યારે પૃથ્વી કંપવા લાગી જતી. અને એવું જણાતું કે 'જાણે પોતાના ત્રિશૂલ ઉપર એણે આકાશને ઉપાડી રાખ્યું હોય!' વારંવાર બગાસું ખાવા મોં ઉઘાડતો ત્યારે ગિરિગુફા જેવું તે મુખ જાણે આખા આકાશને પી જશે કે શું? જીભથી બધાં નક્ષત્રોને ચાટી જશે કે શું? પોતાની વિશાળ અને વિકરાળ દાઢો-વાળા મુખથી જાણે ત્રણેય લોકને ગળી જશે કે શું આવા તેના ભયંકર રૂપને જોઈ બધા લોકો ડરી જતા અને અહીં તહીં ભાગી જવા લાગતા! ત્વષ્ટાના આ તમોગુણી પુત્રનું નામ વૃત્રાસુર પડી ગયું હતું. મોટા મોટા દેવો પોતપોતાના અનુયાયીઓ સહિત તેના ઉપર તૂટી પડતા, પરંતુ દેવોનાં શસ્ત્રાસ્ત્રો જ તે ગળી જતો. દેવોના આશ્ચર્યની આથી સીમા જ ન રહી! દેવોનો પ્રભાવ જ જાણે ચાલ્યો ગયો! તે સૌ દીન, હીન અને ઉદાસ થઈ ગયા અને આદિપુરુષ શ્રીનારાયણને શરણે જઈ પ્રાર્થના કરવા લાગ્યા. દેવોની પ્રાર્થનાથી ખુદ ભગવાન એમની સામે પશ્ચિમ બાજુથી પ્રગટ થઈ ગયા. તેમના હાથમાં શંખાદિ હતાં. તેમની સાથે તેમના સોળ પાર્ષદો હતા. દેવોએ સાષ્ટાંગ પ્રણામ ગદ્ગદિતભાવે કર્યા. આથી પ્રસન્ન થઈ ભગવાનને તેઓને દધીચિ જેવા વ્રત, તપ અને જ્ઞાનમય ઋષિના અંગનું વિશ્વકર્મા દ્વારા આયુધ બનાવી વૃત્રાસુરને મારવાનો સફળ ઈલાજ બતાવી દીધો."

# દધીચિનું પ્રાણાર્પણ

અંતે નશ્વર આ દેહ, માટી સાથે મળી જશે;
મૂલ્ય-રક્ષાર્થ કાજે તો, સ્વયં તે તજવો ન શ્યે... ૧

સુઋષિનાં તપ ત્યાગ, ને ભળે પ્રભુની કૃપા;
કુપાત્ર દૈત્ય તો કેમ? ન પામે દૈવી પાત્રતા?... ૨

બ્રહ્મચર્યનિષ્ઠ શુકદેવજી બોલ્યા : "રાજા પરીક્ષિતજી! દેવેંદ્ર સહિત દેવોને એ વાત કહી ખુદ આવેલા હરિ અંતર્ધાન થઈ ગયા. અથર્વવેદી દધીચિ ઋષિ પાસે દેવોએ ભગવાને બતાવેલી વાત પ્રમાણે હાર્દિક યાચના કરી. એ સાંભળી દધીચિ ઋષિ બહુ ખુશ થઈ ગયા. આખરે જો વિનશ્વર શરીર પડી જવાનું, તો પછી પરાર્થે તેને અર્પવામાં આનંદ જ થાય ને? અને સાચી સાધના જો વિશ્વચેતના સાથે આ શરીરમાં રહેલી સ્વચેતનાનું અનુસંધાન કરવું તે જ છે, તો પછી સમય આવ્યે સમય ગુમાવવાનો હોય જ શાનો? તેઓ તરત પ્રભુમય સ્વરૂપનું ધ્યાન કરતા કરતા, એવા તો વિલીન થઈ ગયા કે સાપ, કાંચળીને તજે તેમ શરીર, પ્રાણ, મન, બુદ્ધિ બધું જ છૂટી જઈ તેઓ પ્રભુમાં લીન થઈ ગયા. હવે વિશ્વકર્માએ દધીચિ ઋષિનાં હાડકાંથી વજ્ર બનાવીને ઇંદ્રને સુપ્રત કરી દીધું. ઐરાવત હાથી પર સવાર થઈ દેવેંદ્ર અને ઇતર દેવો ચાલી નીકળ્યા. દૈત્યોએ પોતાનું બળ અજમાવવામાં ખામી ન રાખી, પણ એક તો દૈવી શક્તિ અને પણ પાછી ઈશ્વરાભિમુખ થઈ જાય, ત્યાં દૈત્યોનું શું વળે? થાકીને દૈત્યો નાસભાગ કરવા લાગ્યા. ત્યારે વૃત્રાસુરે બળ દાખવી લીધા બાદ છેવટે કહ્યું, 'ખુદ ભગવાન ઇચ્છે છે અને ખુદ ઋષિએ મને મારવા પોતાનું શરીરદાન કરી નાખ્યું છે. ત્યારે આખરે હું મરવાનો જ. તો પછી શા માટે

ભગવાન અને ઋષિમુનિની ઇચ્છા મુજબ હે ઇંદ્ર! તું તારું વજ્ર ખુશીથી ચલાવતો નથી ? એથી તો મને ધન્યભાગી મૃત્યુ લાધી જશે. આ મૃત્યુની બીજાને કદર ભલે ન હો, પણ મને તો પૂરેપૂરી કદર છે જ.' એમ કહી તે પ્રભુપ્રાર્થના કરવા લાગી ગયો :

'મારાં મન અને વાણી સદાય એકમાત્ર આપની સેવામાં જ હો. હું આપ સિવાય, સ્વર્ગ અને ભોગોપભોગો તો શું ખુદ મોક્ષનીયે પરવા નથી કરતો. મને જન્મ–મૃત્યુ–જરા અને રોગોનીયે ચિન્તા નથી. માત્ર આપના વૈરીઓથી મને દૂર રાખજો અને આપના પરમ ભક્ત સાથે મને સદાને માટે મેળવી આપજો. જેઓ દેહ–ગેહાદિમાં મોહગ્રસ્ત છે, તેવા આપના અભક્તોથી મને સદાને માટે વેગળો રાખજો.' જગતમાં આ વખતે ત્રેતાયુગ બેસી ગયો હતો. વૃત્રાસુર અને ઇંદ્ર વચ્ચેનુ વિરોચિત અને ધર્મચર્ચા કરતાં કરતાં સારી પેઠે પરસ્પર યુદ્ધ ચાલ્યા કર્યું. એક વાર તો વૃત્રાસુર, ઐરાવત હાથી સાથે ખુદ દેવતાઓના ઇંદ્રને અજગર સાપને ગળે, તેમ ગળી પણ ગયો, પરંતુ નારાયણકવચનો આધાર હોવાથી ઇંદ્ર આબાદ રીતે એમાંથી ઊગરી ગયા. અને છેવટે વૃત્રાસુર ભૂમિ પર પટકાઈ પડ્યો. આ વખતે મહર્ષિઓ સહિત ગાંધર્વો વગેરે સૌએ ઇંદ્રવિજય પર પુષ્પવૃષ્ટિ કરી. બીજી બાજુ વૃત્રાસુરનું આંતર તેજ ખુદ ભગવાનમાં વિલીન થઈ ગયું. અને સૌ જિજ્ઞાસુઓએ આમ થતું સ્પષ્ટ જોયું–અનુભવ્યું "

## ઇન્દ્રનું પ્રાયશ્ચિત્ત

ન્યાય રક્ષા અનિવાર્ય, સ્વસ્થ સમાજ સ્થાપવા;
કિન્તુ થયેલું જે એથી, તે સ્થૂળ–પાપ ટાળવા. ૧

કરવા પડતા યત્નો, બાહ્યાભ્યંતર ઉભયે;
વારંવાર ટકે જેથી, વિશ્વમાં શાન્તિ–કાયમી. ૨

શોભે સત્ય; અહિંસાથી અહિંસાયે વિરાગથી;
ને થાય – સ્વપર શ્રેય, તે સજ્ઞાન–વિરાગથી. ૩

શુકદેવજી બોલ્યા : "મહાદાની પરીક્ષિત રાજન્ ! વૃત્રાસુરના વધને કારણે ઇંદ્ર ઉપરાંત લોક અને લોકપાલ વગેરે સૌ તત્ક્ષણ તો પ્રસન્ન પ્રસન્ન થઈ ગયા. તેમાં ભય અને ચિંતા બધાંય જતાં રહ્યાં. સાથોસાથ આ યુદ્ધ પૂરું થયા પછી સૌ પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. કામ પતી ગયું એટલે પછી તો કોઈ ઇંદ્ર પાસે વિદાય માગવા પણ ન આવ્યું."

રાજા પરીક્ષિતજી પૂછે છે : "આપની આગળ મારી શંકા એ છે કે જ્યારે આખું જગત આ વિજય પછી સુખી થયું, તો પછી ઇંદ્રને પોતાને સાથી અપ્રસન્નતા વ્યાપી ગઈ ?"

શુકદેવજી કહે છે : "હે રાજન્ ! તમારો સવાલ ઘણો મહત્ત્વનો છે. કારણ કે ગમે તેવો હલકો જીવ હોય, તોયે તેની સ્થૂળહત્યા આખરે તે હત્યા કરનારને પસ્તાવાની આગમાં સળગાવે છે. તેમાં પણ જ્યારે સમાજસેવક એવી બ્રાહ્મણ શાખાના ગમે તેવા પણ બ્રાહ્મણની હત્યા થાય ત્યારે તો એવડી વ્યથા થાય એ દેખીતું છે ! તેમાં વળી જ્યારે આ વિજય પછી સૌ પોતપોતાને સ્થાને ઇંદ્રને વગર મળ્યે ચાલ્યા ગયા એટલે એ પસ્તાવો થાય અને અપ્રસન્નતા જન્માવે તે દેખીતું જ હતું. ઇન્દ્રદેવ આનો દિલાસો મેળવવા માનસરોવરમાં જઈ છુપાયા. આથી સત્યરૂપી પ્રભુધ્યાનની ઇન્દ્રને પૂરી તક મળી ગઈ. આ બાજુ ઇન્દ્રની ગેરહાજરીમાં સ્વર્ગનું રાજ્ય સંભાળનારા નહુષ રાજાની જ ઇન્દ્રપત્ની શચી પર દાનત બગડી. શચીએ

નહૂષને કળાપૂર્વક ઋષિમુનિઓનો અપરાધી બનાવી અભિશાપ અપાવી સર્પ બનાવી મૂકયો. ઇંદ્ર પશ્ચાત્તાપે પાવન થઈ પાછો હવે ઇંદ્રલોકમાં આવી ઠરીને સ્થિર બની ગયો. ઇંદ્રરાય સ્વર્ગમાં સ્થિર થયા પછી બ્રહ્મર્ષિઓએ ત્યાં પહોંચી જઈ ભગવાનની આરાધના માટે દેવતાઓના આ ઇંદ્રને યજ્ઞ-દીક્ષા આપી. બસ હવે જ ઇન્દ્રનાં વૃત્રાસુરવધનાં પાપોનો જે ભાર હતો, તે સાવ જડમૂળથી ખંખેરાઈ ચૂકયો. મતલબ કે અન્યાય-નિવારણ માટે કેટલીક વાર લડાઈમાં સ્થૂળહિંસા અનિવાર્ય બનતી હોય છે. એમ છતાં એ સ્થૂળહિંસાથી પણ બચી જવાય, તેટલું સારું. અહિંસા જેટલી વધે, તેટલું જ સત્ય વધુ દીપે છે, અને સત્ય જેટલું દીપે છે તેટલું જ જગત બંને પ્રકારનાં સુખ-શાંતિ પામી શકે છે!!! આમ સુરાસુર સંગ્રામમાં દેવવિજય અને છેવટે વિજયના ગર્વને બદલે થયેલાં સ્થૂળ પાપોનો પણ પસ્તાવો કરવાથી વહેલી વહેલી પાપમુક્તિ થાય છે. આ મુજબ આ વ્યાખ્યાનમાં આવતું વૃત્રાસુરનું વર્ણન છેવટે પાપમુક્તિની પ્રેરણા પાય છે. સત્ય ભગવાનની ભક્તિમાં વધારો કરે છે. એથી આ ઇંદ્રાખ્યાન જે સદા-સર્વદા વાંચશે-સાંભળશે-સેવશે, તેથી તેમનાં ધન અને યશ વધશે. શત્રુ પર વિજય પામશે. આયુષ્ય અને મંગલ વધશે તથા નાનાં-મોટાં બધાં પાપોથી પણ અવશ્ય મુકિત મેળવવાનો મહામાર્ગ સૂઝી જશે.

## ચિત્રકેતુ કથા

અકારણે અદ્વેષેય, ઈર્ષ્યા જો થાય કોઈને;
તોયે ત્યાં જાગૃતિ રાખી, વર્તવું નિત્ય સાધકે. ૧

કેમકે આખરે આત્મા, છે એક પ્રાણિમાત્રનો;
તે સાધવા પડે રે'વું, ચોમેર સાવધાન તો. ૨

રાજવી પરીક્ષિતજીએ બહુ જિજ્ઞાસા ભરી રીતે પૂછ્યું : "હે શુકદેવજી ! ભગવાનની ભકિત ( અને તે પણ નિષ્કામ ભકિત ) તો સત્ત્વગુણી કે ત્રિગુણાતીતતા પામેલા દૈવી જીવો અથવા ઋષિમુનિઓને પણ અતિ–દુર્લભ હોય છે. તે મોટેભાગે તમોગુણી અને બહુ-બહુ તો રજોગુણી એવા વૃત્રાસુરને ભગવાન શ્રી નારાયણના ચરણોની અનન્યભાવના શી રીતે થઈ શકી ? આ સંસારમાં અનંત પ્રાણીઓ છે. તે પૈકી માત્ર માનવ જ મોક્ષ મેળવી શકે અને માનવોમાં પણ કોઈ વિરલા જ સાંગોપાંગ શુદ્ધ રહી તે સ્થિતિને આંબી શકે. આવી કઠિન સ્થિતિમાં જે દેવોને સતાવનારો મહાશત્રુ ગણાય, તે અસુરાધિપતિ એવો વૃત્રાસુર યુદ્ધ વખતે પ્રભુચરણરત રહી, ઇન્દ્રને પ્રસન્ન કેમ કરી શકયો ? એ સમજાતું જ નથી. આપ જરા આ વાતને સરળ રીતે સમજાવયા કૃપા કરો." આ પ્રશ્ન સાંભળીને શુકદેવજી ખૂબ જ રાજી થયા એવું શૌનકાદિ ઋષિઓને કહેતા સૂતજી હવે શ્રી શુકદેવજીએ શું કહ્યું તે એમના જ શ્રીમુખે વર્ણવે છે ! શ્રી શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત રાજન્ ! તમારો પ્રશ્ન પૂછીને તમે જગત પર ઉપકાર કર્યો છે. કારણ કે આ એક પ્રાચીન ઇતિહાસ છે ! જે મેં મારા પિતાશ્રી વ્યાસજી, દેવર્ષિ નારદમુનિ તથા મહર્ષિ દેવલજી પાસેથી પણ બરાબર સાંભળ્યો છે. આ પ્રાચીન કાળની વાત છે: શૂરસેન નામના દેશમાં ચક્રવર્તી–સમ્રાટ મહારાજા ચિત્રકેતુ રાજ્ય કરતા હતા. તે વખતે પૃથ્વી પ્રજાની ઇચ્છાઅનુસાર અન્ન, ફળ વગેરે બધું આપ્યા કરતી હતી. જ્યાં નીતિમય વ્યવહાર અને ધર્મલક્ષી વૃત્તિ છે, ત્યાં આવું બને જ એમાં નવાઈ નથી. અનેક રાણીઓ ચિત્રકેતુ રાજાને હતી. સુંદરતા, ઉદારતા, યુવાવસ્થા કુલીનતા, વિદ્યા અને વીર્યસામર્થ્ય તથા રાજવીનાં ઐશ્વર્ય તથા સામર્થ્યમાં કમી નહોતી. રાણીઓ પણ એક એકથી રૂપ ગુણમાં ચઢે તેવી હતી છતાં સંતાન એકેયને એક પણ નહોતું થયું. આ ચિત્રકેતુ આખી પૃથ્વીના જાણે એકછત્રી

સમ્રાટ હોય તેવા રાજવી હતા, છતાં એક સંતાન ન થવાને કારણે બાપડા ભારે ચિંતાગ્રસ્ત અને દુઃખી રહેતા હતા. એકવાર અંગિરા ઋષિ ત્યાં પધાર્યા. અચાનક આવા મહાન ઋષિ પધારતાં રાજાએ વિધિપૂર્વક અર્ચા–પૂજા કરી મુખ્ય આસને બેસાડ્યા પછી રાજા નીચે ભોંય પર બેસી ગયો. તેના વિનયથી ઋષિજી ખૂબ પ્રભાવિત થઈ પ્રસન્ન મને બોલ્યા : "ગુરુ, મંત્રી, રાષ્ટ્ર, દુર્ગ, ખજાનો, સેના અને મિત્ર રાજાઓથી ઘેરાયેલો હોવાથી તું સુખી છે ને ? ખરી રીતે તો જેને આધીન પોતાનું મન છે, તેને જ અધીન; પત્નીઓ, પ્રજા, મંત્રી, સેવક, વ્યાપારી, દીવાન, નાગરિક, દેશવાસી, બીજા રાજાઓ અને પુત્રાદિ હોય, તેમ આ બધા તમારે આધીન છે ને ? પરંતુ આપનો ચહેરો જોતાં કોઈ મોટી ચિન્તા તમોને હોય એવી મને છાપ ઊઠી છે. તો ખરેખર શું છે ?' ઋષિજી જાણતા હોવા છતાં અંકે કરવા ચિત્રકેતુને પૂછે છે. ચિત્રકેતુ રાજાએ કહ્યું : 'તપ, જ્ઞાન વગેરે દ્વારા આપ જાણવા છતાં મને જો પૂછો છો તો નમ્રતાથી મારે કહેવું જોઈએ,' અને રાજાએ સંતાન ભાવની વાત કહી અને એ દુઃખ દૂર કરવા ઋષિજીને પ્રાર્થના પણ કરી. તરત જ અંગિરા ઋષિએ ત્વષ્ટાદેવનું યજન 'ચરુ' નિર્માણ કરીને કર્યું અને તે પ્રસાદ સૌથી મોટી કૃતદ્યુતિ પટરાણીને આપી 'પુત્ર થશે' એમ કહ્યું. સમય પર સુંદર પુત્ર થવાથી શૂરસેન દેશની પ્રજા પણ રાજી થઈ ગઈ અને ચિત્રકેતુ રાજાના આનંદનું તો પૂછવું જ શું ? ઘણાં વર્ષો પછી પુત્ર થતાં સ્નેહબંધન ખૂબ વધતુ ચાલ્યું. પણ રાણી અને પુત્ર પર રાજાનો સ્નેહ વધતાં બીજી રાણીઓની ઈર્ષ્યા વધી પડી. સમય જોઈને તેઓએ બાળકને ઝેર આપ્યું. એકનો એક પુત્ર જવાથી પટરાણી, રાજા તથા પ્રજા સૌ દુઃખપૂર્ણ રીતે રડવા લાગ્યાં. જે જાણી તરત અંગિરા અને નારદ બન્ને ઋષિઓ ત્યાં આવી પહોંચ્યા.

# અંગિરા-નારદનું આશ્વાસન

કોઈ આજે ગયા કોઈ, જવાના કોઈ એમ જે;
સંસારની ગતિ આ ત્યાં ! કર્યેથી શોક શું વળે? ૧

મ્હોંથી ન માત્ર આવડે કો' દિલાસો દઈ નાસતાં;
કિંતુ પ્રત્યક્ષ પ્હોંચીને, સક્રિય જે બની જતાં. ૨

તેવા ઋષિ-મુનિઓનું, ભારત તેથી વિશ્વમાં;
ધર્મમૂર્તિ ગણાયે છે, વિશ્વ ગુરુ બને સદા. ૩

પુત્રના શબ આગળ શબ જેવી હાલતમાં આવી પડેલાં રાજા-રાણીને બંને મુનિઓએ આ મુજબ કહ્યું : "તમો એ જાણો છો ખરાં કે આ મરી ગયેલું બાળક પૂર્વ જન્મમાં તમારું શું સગું હતું ? જેમ પાણી અને રેતી બન્ને મળે છે અને પછી વીખરાઈ જાય છે તેવું જ આ આખાય સંસારનું છે. સમયના ધોરી પ્રવાહમાં મળવું અને વિખરાવું બન્યા જ કરવાનું. શાશ્વત તો એ છે કે જે સદાય એક સરખું રહ્યા કરે છે. આવા તો એક માત્ર ભગવાન જ છે. જેઓ પ્રાણી માત્રના અધિપતિ છે. કારણ કે ભગવાનરૂપ પરમ આત્મામાં જન્મ-મૃત્યુનો વિકાર છે જ નહીં તેમને નથી ઇચ્છા કે નથી કશી અપેક્ષા ! એટલે કે એવા ભગવાનનું જ ચિન્તન કરવું જોઈએ. પરિવર્તનશીલ આ સંસારમાં મૃત્યુ એ અનિવાર્ય દશા હોઈ તેનાં શોક ચિંતા કરવા નકામા છે." બ્રહ્મચારી શુકદેવજી પરીક્ષિત રાજાને ઉદ્દેશીને કહે છે : "મહર્ષિ અંગિરા તથા દેવર્ષિ નારદજીની આ દિવ્યવાણીથી ચિત્રકેતુ રાજાને જરા શાન્તિ તો થઈ અને આંસુઓ લૂછી તેઓ બોલ્યા : આપ બન્નેની સાદી સીધી વાણી પણ મારા શુષ્ક અને નિરાશા મનમાં નવપલ્લવપણું અને આશાનો

સંચાર કરી દે છે. તો ખરેખર આપ કોણ છો, તે તો મને કહો ?
તરત અંગિરા મહર્ષિ વદ્યા : 'પુત્રની તારી અતીચ્છા પૂરનાર હું પોતે અંગિરા ઋષિ છું. અને બીજા મારી બાજુમાં અને તારી સામે ઊભા છે તે ખુદ બ્રહ્માજીના પુત્ર નારદજી છે. જ્યારે તારી ખેદખિન્ન દશા (ભગવાનનો તું ભક્ત હોવા છતાં) જોઈ એટલે તને ખેદમુક્ત કરવાના હેતુએ અમે બન્ને અહીં આવી પહોંચ્યા છીએ ! ખરું પૂછે, તો અમો ભગવાનના ભક્તોને સાચું ભાન કરાવવા જ જગતમાં ભમી રહ્યા છીએ. હું જ્યારે પહેલાં આવેલો ત્યારે જોયું કે તારા હૈયામાં ઉત્કટ સંતાન લાલસા છે. એટલે જ્ઞાનને બદલે સંતાન આપ્યું ! શરૂઆતમાં અભિમુખ થયેલા કે થનારા માનવીને ભગવાનના અમે સંદેશવાહકો માનવી ભગવાન પરની શ્રદ્ધા દઢીભૂત કરવા, તેવા જિજ્ઞાસાપ્રિય માનવીની જે જાતની તેની પ્રબળ ઇચ્છા હોય તે પહેલી પૂરી કરી નાખીએ, પણ જેવી શ્રદ્ધા જરાક દઢ થઈ કે તરત એક કસોટી પ્રતિકૂળ અને પછી સાનુકૂળ આપીએ છીએ, જેથી તે ઘડાઈ ઘડાઈને ભક્તિમાં મજબૂત બની જાય. તને એ તો ખ્યાલ હવે જ ગયો હશે કે 'પુત્રમાં સુખ નથી.' બસ આવું જ સત્તા, ધન, માલ, જમીન-જાયદાદ અને પત્નીનું પણ સમજવું ! ખરી રીતે તો આ બધાં મનનાં જ રમકડાં છે. અને તે કલ્પિત અને સાવ નકામાં છે. કેમકે એમાં કશુંય સુખ છે જ નહીં અને છતાં સુખ ભાસે છે એ જ વિચિત્રતા છે.'' ત્યાં જ નારદજી સમય જોઈને બોલી ઊઠ્યા : ''રાજા ચિત્રકેતુ ! અંગિરાઋષિની વાણીથી તારું હૈયું દ્રવી ઊઠ્યું છે. જિજ્ઞાસા જાગી ઊઠી છે જે જોઈ હું તને આ એક 'મંત્રોપનિષદ' આપું છું તે ધારણ કરી લે. ભગવાન શંકર આદિ પણ શ્રી સંકર્ષણ દેવને શરણે ગયા છે. અને અભિન્નતા મેળવી લીધી છે. તને પણ આજે એ જ વાત સુણાવી દઉં છું. તેઓને વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ એમ જુદાંજુદાં નામોથી સંબોધી શકાય છે. એને જ શરણે તમે જાઓ એટલે રાજાજી ! તમને સર્વ પ્રકારે સંતોષ થશે.''

# શેષ ભગવાનનો સાક્ષાત્કાર

મૂળ તો શિવ છે જીવ, કિંતુ અજ્ઞાન મોહથી;
શિવસ્વરૂપ ભૂલીને, ભવભ્રમણમાં પડ્યા. ૧

નિમિત્તો મોહનાં ખૂબ, તેમાં રહ્યા છતાંય જે;
સાધે નિર્લેપતા તે તો, મોક્ષમાર્ગી બને ખરો. ૨

દેવર્ષિ નારદે શબમાં પાછો તે જીવને બોલાવી તેમની આગળ નારદજી બોલ્યા : "હે જીવાત્મા, તારા પિતાજી, માતાજી અને હવે તો ઝેર આપનારી વિમાતાઓ પણ પસ્તાવો કરીને વિનવે છે. ફરી તું આયુષ્ય પ્રાપ્ત કરી આ રાજસિંહાસનને અને ભોગોને ભોગવ.' જીવ બોલ્યો : 'મારે મારાં ખરાં માતપિતા કોને માનવાં? અને કોની વિનંતિથી પાછા ફરવું? કારણ કે આવાં તો મારાં અનંત જન્મ-જન્માંતરો થયાં છે. જેમ સોનું વગેરે ખરીદ વેચાણની ચીજો એક વેપારીની પાસેથી બીજા વેપારી પાસે આવે અને જાય છે તેમ આ જીવ પણ અનેક યોનિમાં પરિભ્રમણ કરવા અનેક પાસે આવ-જા કરે છે. જ્યાં લગી લેણુ-દેણુના સંબંધો હોય ત્યાં લગી તે રહીને પછી પાછો પ્રયાણ આદરી દે છે. ખરી રીતે તો માનવ-જીવનનો સાર મોક્ષ અથવા પરમેશ્વરની પ્રાપ્તિ છે. તે માર્ગ આ જાતનું પરસ્પરનું કર્તવ્ય સમજવાથી જ સરળ થઈ પડે છે."

હવે પરીક્ષિતરાજાને શ્રી શુકદેવજી કહે છે : "બસ, આટલું કહીને પેલો જીવ તો ચાલ્યો ગયો. પરંતુ એ જીવના આવા કથનથી, એક બાજુ સૌને આશ્ચર્ય થયું, તો બીજી બાજુથી કર્તવ્ય સંબંધ અને મોહ સંબંધ વચ્ચેનો ભેદ બરાબર સૌને સમજાવા લાગી ગયો. પેલી બાલહત્યા કરનારી માતાઓએ હાર્દિક પ્રાયશ્ચિત્ત પણ યમુનાના તટ પરી નાખ્યું. આ રીતે અંગિરા અને નારદમુનિના આવવાથી

અને આ પ્રકારના રૂપક ઉપદેશ વગેરેથી સૌનો વિવેક જાગી ગયો. ચિત્રકેતુ રાજા પણ વિધિસર યમુનાસ્નાન કરીને પિંડ–તર્પણાદિ વિધિ પતાવીને બન્ને ઋષિઓના ચરણોમાં લોટી પડ્યો ત્યારે દેવર્ષિ નારદે ભગવત્સ્વરૂપનો સુંદર ઉપદેશ આપ્યો. રાજા ચિત્રકેતુએ આ ઉપદેશની અસરથી સાત દિવસ સુધી લગાતાર એકલા પાણી પર ઉપવાસો કર્યા. જેને લીધે જ્ઞાન પ્રાપ્ત થયું. એ જ્ઞાન પછી એમને પરમ પવિત્ર એવું શેષ ભગવાનનું દર્શન થયું. એટલે કે જગતના અધિષ્ઠાનનો સુંદર અનુભવ થઈ ગયો. આથી એમનાં બધાંય પાપો ઝાડીઝૂડીને સાફ થઈ ચૂક્યાં. ત્યારે એને જાણે ભગવાન ખુદ બોલતા હોય ! તેવું સુંદર સંવેદન થયું. એ આ જાતનું હતું : "જીવ આમ તો શિવસ્વરૂપ અથવા પરમાત્મસ્વરૂપ જ છે. પરંતુ પરમાત્મ સ્વરૂપને ભૂલી જગતમાંના બાહ્યભાવો પર મોહાઈ જાય છે, તેને લીધે જ તે બીચારો જન્મ–જન્માંતરના ચક્રમાં પડી જાય છે. પરંતુ ઘણીવાર મોહ પમાડનારી વસ્તુઓથી ( એ જ્ઞાનને લીધે ) અલગ ભાગવા માંડે છે, તે પણ બરાબર નથી. આખરે બીજાઓને મોહવાસના લાગે ત્યાં રહીને ( સંગે રહીને જ ) નિર્મોહિતા અને નિર્વાસનામય બનાવાનું છે, તે ન ભૂલવું જોઈએ. શરૂઆતમાં ભલે મોહક લાગતી વ્યક્તિ કે વસ્તુઓથી દૂર રહે ! પણ આખરે તો એમની સાથે ચીટકી રહેવા છતાં નિર્લેપતા–અનાસક્તિ સિદ્ધ કરવાની છે ! તો જ સર્વાંગીણ પૂર્ણતા પ્રાપ્ત થઈ શકશે. નહીં તો રહી ગયેલી અધૂરાશ ઉપર ચઢ્યા પછી પણ નીચે જ પાડવાની છે !" આ સંવેદન પછી જેવી આંખ ખોલે ત્યાં તો ભગવાન શેષજી જાણે એટલી સંવેદના કરાવી અંતર્ધાન જ થઈ ગયા. એમની દિશા ભણી નમસ્કાર કરી, હવે ચિત્રકેતુ રાજા મેરુ પર્વત પર વિચરવા લાગી ગયો."

# સતી પાર્વતીનો શાપ

ભોગી ઘણા જગે પાકે, ત્યાગના રાગીયે થતા;
કિન્તુ રાગ તણા ત્યાગી, અબ્જોમાં કોક જન્મતા. ૧

ત્રિલોકનારનું હૈયું, ત્યાં જ ઠરી જતું ખરે,
તેવા મહાન તે ત્યાગી-તપસ્વી સદ્‌વિભૂતિ છે. ૨
સ્વચ્છંદી ને ઘમંડી તે જનો એવી વિભૂતિનાં;
મૂલ્ય જાણે નહીં મૂર્ખો, તેથી કરે અવજ્ઞતા. ૩

ભગવાન સંકર્ષણ અંતર્ધાન થયા, તે દિશામાં નમસ્કાર કરી હવે ચિત્રકેતુ વિદ્યાધર આકાશમાં નિર્બંધ રીતે વિચરી રહેલા હતા. એમના શરીરનું બલ અને ઇંદ્રિયોની શક્તિ ઘણી વધી ગઈ હતી. જેથી મોટા મોટા મુનિવરો, સિદ્ધો અને ચારણો એમની સ્તુતિ કરવા લાગ્યા. એ વિદ્યાધરની પ્રેરણાથી બધા વિદ્યાધરોની મનોહર અને સુંદર સ્ત્રીઓ એમની પાસે ભગવાનના ગુણ અને લીલાઓનું ગીત ગાયા કરતી અને એમને આનંદ પમાડતી હતી.

એવામાં એક વખતે તે ચિત્રકેતુ વિદ્યાધર ભગવાન તરફથી પ્રાપ્ત થયેલા તેજોમય વિમાન પર બેસીને ક્યાંક જવા નીકળ્યો, ત્યાં જ એણે જોયું કે ભગવાન શંકર મોટા મોટા મુનિવરોની સભામાં સિદ્ધ–ચારણો વચ્ચે બેઠા છે. અને સાથોસાથ ભગવતી સતી પાર્વતીજીને એમની ગોદમાં એમણે બેસાડયાં છે, એટલું જ નહીં બલકે એક હાથથી પાર્વતીજીને આલિંગન આપીને પોતે બેસી ગયા છે! આ જોઈને ચિત્રકેતુને અચંબો લાગ્યો અને માઠું પણ લાગ્યું. એટલે તે પોતાનું વિમાન ત્યાં લઈ જઈ હાંસી–મશ્કરી કરતો સતી પાર્વતીજી બરાબર સાંભળે તેમ ઘાંટો પાડી પાડીને બોલવા પણ લાગી ગયો : "અરે! અરે! શંકરજી તો આખાયે જગતને દાખલો બેસાડનાર

જીવન–શિક્ષક છે. ધર્મદિશાના સર્વોચ્ચ ગુરુદેવ છે. એ બધાં પ્રાણી-ઓમાં શ્રેષ્ઠ ગણાય છે, છતાં પોતાનાં પત્નીના શરીરે વીંટાઈને બેસી ગયા છે! મોટા મોટા જટાધારી બ્રહ્મચારીઓ, બ્રહ્મવાદીઓ અને ઘણા મોટા તપસ્વી મુનિઓની વચ્ચોવચ આ ઢબે બેસી ગયા છે. અરે! સાધારણ પુરુષ પણ પોતાની પત્ની સાથે આવું વર્તન એકાંતમાં જ કરી શકે, જ્યારે આ મોટા વ્રતધારી અને મહાન ગણાતા હોવા છતાં બધાંની સામે પણ આ તો આવું વર્તન દાખવી રહ્યા છે!! ત્યાં હવે કોને અને શું કહેવું?" અહીં પરીક્ષિત રાજાને મહાન શુકદેવજી કહે છે: "ભગવાન શંકરની બુદ્ધિ તો અગાધ છે અને એવું જ મહાન એમનું ગાંભીર્ય છે! છીછરો સાધક મહાન હોય, તોયે આવું અપમાન ઝટઝટ સહી ન શકે! અને એમ થાય તો ઉગ્ર ગુસ્સો પણ સહેજે સહેજે આવી જ જાય! પણ એમણે તે પ્રસંગને હળવેથી લીધો. અને પ્રસન્નતાપૂર્વક ઝડપી પણ લીધો. સાચું પૂછો તો ચિત્રકેતુ ગાંધર્વ પોતે આ ભગવાન શંકરના મહાપ્રભાવના કશા જાણકાર જ ન હતા. એટલે જ એમના જેવા રાગના ત્યાગી ભગ-વાન શંકરને ક્યે સમજે? પરંતુ આવે ટાણે પાર્વતીજી શાંત ન રહી શક્યાં અને આ જિતેંદ્રિયના અતિ અભિમાન પરત્વે તિરસ્કાર-પૂર્વક શાસન કરનારો દુનિયામાં આ જ એક માનવી છે કે શું? જણાય છે તો એવું જ કે, બ્રહ્માજી, ભૃગુ, નારદ આદિ અને એમના વારસદારો સનકાદિક પરમ મહર્ષિઓ, કપિલદેવ, મનુ મહારાજ જે ધર્મરહસ્ય નહોતા કે નથી જાણતા, તેવું રહસ્ય આ ચિત્રકેતુ જાણી ગયો લાગે છે! નહીં તો ધર્મમાર્ગને ઓળંગનાર અમારું વર્તન તેઓ કેમ ચલાવી લે છે? કે જે આ ચિત્રકેતુને મન સરાસર ધર્મથી વિરુદ્ધનું છે! આથી જ હવે મને કહેવા દો કે બ્રહ્મા આદિ સૌ જેમનું ધ્યાન ધર્યા કરે છે તેવા પરમ મંગલ રૂપ ભગવાનનું અને એમના અનુયાયી આ મહાપુરુષનું આવું હડહડતું ઘોર અપમાન (અરે તિરસ્કાર!) આવે સમયે ખુલ્લે ખુલ્લું આવો અધમ ક્ષત્રિય

કેમ કરી શકત! ખરેખર તો આ માણસે ભારે ભયંકર અપમાનનું કામ કર્યું છે! ભગવાનરૂપે જાણે પોતે જ હોય તેવું શાસન કરવાની કુચેષ્ટા અથવા સાહસ પણ તેણે જ કર્યાં છે. એથી આ માનવી બધા પ્રકારના દંડને (શિક્ષાને) પાત્ર હોય એમ મને તો સરાસર સ્પષ્ટ લાગે છે." એટલું બોલી ધગી ઊઠતાં કહ્યું : "હે દુર્મતિ! તને પારાવાર ગર્વ આવી ગયો જણાય છે! તને ભગવાનના ચરણ-કમળમાં રહેવાનો લગારે અધિકાર નથી, માટે તું પાપી યોનિમાં જ —આસુરી યોનિમાં જ ઝટપટ ચાલ્યો જા! જેથી ફરીથી આવી મહાન ભૂલ કરવાની ખો ભૂલી જાય."

આટલું સાંભળ્યા પછી તો પરીક્ષિત રાજાને શુકદેવજીએ કહ્યું કે, "ચિત્રકેતુ ખૂબ કાકલૂદી કરવા લાગી ગયો. પોતાની ભૂલ પણ એને સમજાઈ ગઈ, પણ મોડું થયું હતું! એટલે હવે શિક્ષા સહન કર્યા વિના છૂટકો ન હતો. માનવી પોતાના સ્વચ્છંદ અને અહંકારમાં મહાનથીયે મહાન વિભૂતિને જાણે પોતે કહેવાનો અધિકારી માની અપમાન કરવાની હદે પહોંચી જાય છે. આ સ્વચ્છંદ અને મિથ્યાભિમાનનો જ્યારે ભયંકર બદલો મળે છે, ત્યારે જ એને પોતાની ભૂલનું કાંઈક ભાન થાય છે, પણ તે વખતે મોડું થઈ ગયું હોય છે! ખેર. પણ ચિત્રકેતુનું હૃદય એટલું ઉચ્ચ ગણાય કે જે આ કટુ વચનો સુણીને સામે ક્રોધી ન થતાં તેણે શંકર-પાર્વતીની ક્ષમા માગી તેઓના ચરણકમળમાં લોટી ગયો અને પોતાનાં પાપનો શ્રાપ પણ રાજી થઈને માથે ચઢાવ્યો.

## વૃત્રાસુરરૂપે પુનર્જન્મ

ભૂલભંડાર-સંસારે, જ્ઞાની અજ્ઞાની બેઉની;<br>
નાનીમોટી થશે ભૂલો, શંકા ન કાંઈ તે મહીં. ૧

સાચવી સત્યનું મૂળ, વર્તે જ્ઞાની સુજાગ્રત;
છતાં ભૂલ્યે ફળો તેનાં, ભોગવે સુખમાં રત. ૨

પરાણે દુઃખ પામી તે, ભૂલનાં ફળ ભોગવે,
છતાં ચેતે ન અજ્ઞાની, સંસારચક્રમાં ભમે. ૩

નૈષ્ઠિક બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત રાજન્! ચિત્રકેતુએ ખુશીથી સતી પાર્વતીજીનો અભિશાપ (શાપ) ગ્રહણ કરી લીધો, તેથી પાર્વતીજીને ભારે આશ્ચર્ય થયું. ચિત્રકેતુ સાચો ભગવદ્ભક્ત હતો, તેથી શાપથી ન ડર્યો. ધારત તો તે પણ સતીજીને સામેથી શાપ આપી શકત, પણ પોતે પાર્વતી સતીજીના ક્રોધનું કારણ આપ્યુ, તેથી તેનું જે પરિણામ આવ્યું તે સ્નેહપૂર્વક સામેથી સ્વીકારી લીધું. આથી ભગવાન શંકરે ખુલાસો કરતાં સતી પાર્વતીજીને કહ્યું : 'સતીજી! ભગવાનના જે ખરેખરા ભક્ત હોય છે તેની આ જ ખૂબી છે. એટલે 'ચિત્રકેતુ'ના આવા વર્તનથી આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી. સ્વપ્નમાં થયેલાં સુખદુઃખ જેમ જાગ્રતિ પછી મિથ્યા પુરવાર થાય છે, છીપમાં ચાંદીની ભ્રમણા દૂર થતાં જ છીપ સ્પષ્ટ જણાઈ રહે છે, તેમ ભગવાનના ભક્તને સત્ય જ વહાલું હોવાથી જરાક સત્ય જોખમાતાં, એનું દુષ્ટ પરિણામ વેઠવું પ્યારું લાગે છે. જેથી સત્ય પ્રત્યે જે પોતાની નિષ્ઠા છે, તે દૂર થઈ જાય! આ રીતે ચિત્રકેતુ સાચા અર્થમાં ભગવાનનો ભક્ત હતો અને રહી શક્યો હતો. કર્મફળરૂપે સ્વર્ગ મળે કે નરક મળે, તેની ચિંતા કદી (ભગવાનના સાચા) ભક્તને હોય નહીં.' તે (ભગવાનભક્ત) તો પ્રત્યેક પ્રાણીમાં પરમાત્માને પેખે છે અને પ્રત્યેક ઘટનામાંના તથ્યને તરત પારખીને સ્વીકારી લે છે. તેથી શાપ મળવા છતાં રાજી થતો થતો ચિત્રકેતુ ગાંધર્વ પોતાના વિમાન પર ચઢીને નિશ્ચિતપણે ચાલતો થયો!! ભગવાન શંકરના ચિત્રકેતુ સંબંધના આ વર્ણનને સુણીને

હવે પાર્વતીજી નિઃશંક બની ગયાં. બસ પરીક્ષિતજી ! આ જ વિદ્યાધર ચિત્રકેતુ સતી પાર્વતીજીના અભિશાપ(શાપ)ને કારણે દાનવયોનિનો આશ્રય લઈ ત્વષ્ટાજીના દક્ષિણાગ્નિથી પ્રગટ થયો હતો અને તેનું નામ પણ તેવું જ રખાયું હતું 'વૃત્રાસુર.' જે રાક્ષસયોનિમાં જન્મવા છતાં ભગવાનનો ભક્ત જ રહ્યો હતો, એમાં કશું જ આશ્ચર્ય નથી. રાજન્ ! તારી જે શંકા હતી, તે માટે મેં આટલો બધો લાંબો વિસ્તાર કરીને આ વાત સમજાવી છે. પરીક્ષિતજી ! આ માત્ર 'ચિત્રકેતુ'નો જ ઈતિહાસ નથી. એક અર્થમાં તો તે પ્રાણી માત્રને માટે જરૂરી એવો ભક્તજનનો આ ઈતિહાસ છે. આ ઇતિહાસ વાંચતાં વાંચતાં ભકતમાં રહેલી હરિભક્તિ અનાયાસપણે વધુ દઢ થઈ જાય છે ! જેઓ આ 'ચિત્રકેતુ'નો ઇતિહાસ સભાનપૂર્વક સાંભળશે અને જીવનમાં એને સાકાર બનાવશે, તો એવા સભાન પુરુષને કદીયે જન્મબંધન કે સંસારબંધન નડશે નહીં. તેવો સાચો શ્રોતા ભગવાનની પરમ શ્રદ્ધા પામીને આખરે મુક્તિને પણ અવશ્ય ભેટી શકશે.''

## અદિતિ–દિતિવંશવર્ણન

દૈત્યોય ઈશ્વરી પુત્રો–કાઢી દૈત્યત્વ તેમનું;
જોડતા દિવ્યતા સંગે, જગે દિવ્યત્વ વાધતું. ૧

બલિ–પ્રહ્લાદનાં નામો, રાખવાં યાદ સર્વદા;
હિરણ્યકશિપુ તેમ, રાવણાદિ ભૂલી જવા. ૨

ત્યારબાદ શુકદેવજી બોલ્યા : “રાજવી પરીક્ષિત ! સવિતાનાં પત્ની પૃશ્નિના ગર્ભથી આઠ સંતાનો થયેલાં. તેમાં સાવિત્રી વગેરે

ત્રણ દીકરીઓ અને અગ્નિહોત્ર વગેરે પાંચ પુત્રો હતા. ભગની પત્ની સિદ્ધિની કૂખે ત્રણ પુત્રો અને એક પુત્રી થઈ. આશિષ નામની તે પુત્રી ખૂબ સુંદર અને સદાચારી હતી. ધાતાની ચાર પત્નીઓને ક્રમશઃ ચાર પુત્રો થયા હતા. ધાતાના નાના ભાઈ વિધાતાને ક્રિયા નામની પત્નીથી પુરીષ્ય નામના પાંચ અગ્નિરૂપ બાળકો થયાં હતાં. વરુણજીનાં પત્ની ચર્ષણીની કૂખે ભૃગુઋષિ પાકયા. વરુણના પુત્રનું નામ વાલ્મીકિ હતું. મિત્ર અને વરુણથી અગસ્ત્ય તથા વસિષ્ઠ ઋષિ જન્મ્યા હતા.

બલિ પર કૃપા કરવા માટે ઉપેન્દ્રરૂપમાં ખુદ ભગવાન વિષ્ણુએ વામનાવતાર ધરેલો જે વિષે હું વિશેષ વિવેચન આઠમા સ્કંધમાં કરવા ઇચ્છું છું.

પરીક્ષિતજી! આમ મેં અદિતિનું ટૂંકમાં વંશ–વર્ણન કર્યું. હવે હું કશ્યપજીનાં દિતિ નામનાં પત્નીનું વર્ણન કરીશ. કારણકે તેમાંથી જ એક બાજુ બલિ અને બીજી બાજુ પ્રહ્લાદ જેવા ભક્તો પેદા થયેલા. દિતિના મુખ્ય બે પુત્રો થયા : (૧) હિરણ્યકશિપુ અને (૨) હિરણ્યાક્ષ. તે બે પુત્રો સર્વ દાનવોના વંદનીય હતા, આ વિષે થોડું તો આપણે જોયું જ છે. અહીં હવે થોડું વિસ્તારથી કહું છું...”

થોડીવાર થંભીને તરત શુકદેવજી કહે છે: “મોટા થયેલા હિરણ્યકશિપુની પત્નીનું નામ કયાધુ હતું. કયાધુના ચાર પુત્રો પૈકી સૌથી નાનો પ્રહ્લાદ. પ્રહ્લાદને સિંહિકા નામની એક બહેન પણ હતી. વિપ્રચિતિ નામના દાનવ સાથે તેણીનાં લગ્ન થયેલાં તેને લીધે રાહુ નામનો પુત્ર થયેલો. આ તે જ રાહુ કે જેનું માથું અમૃતપાન સમયે ભગવાને પોતાના સુદર્શન ચક્રથી કાપી લીધેલું. (જે પ્રહ્લાદનો મોટો ભાઈ હતો) તેને કૃતિ નામની પત્નીથી પંચજન પુત્ર થયો. પ્રહ્લાદના બીજા એક ભાઈની પત્ની ‘ધમની’થી વાતાપિ અને ઈલ્વલ

નામના બે પુત્રો થયેલા. મહિષાસુર પણ પ્રહ્‌લાદના એક બીજા ભાઈ અનુહ્‌લાદનો પુત્ર જ હતો. પ્રહ્‌લાદનો પુત્ર વિરોચન થયેલો, વિરોચનની પત્ની દેવીના ગર્ભથી દૈત્યરાજ બલિ જન્મેલા. બલિને અંશના નામની પત્નીથી બાણુ વગેરે સો પુત્રો થયેલા, દૈત્યરાજ બલિની ઘટના ખરેખર યાદ રાખવા જેવી છે, જે હું તને પછી કહીશ. બલિપુત્ર બાણાસુર ભગવાન શંકરની આરાધના કરવાથી શંકરના ગણોનો મુખિયો બની ગયેલો. બાણાસુરના નગરની રક્ષા કરવા આજે પણ તેઓની પાસે ભગવાન શંકર તૈયાર જ છે. દિતિની કૂખે હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ સિવાય બીજા ઓગણપચાસ પુત્રો થયા હતા. જો કે તેઓ તો બધા વાંઝિયા જ રહેલા, તે બધા મરુદ્દ–ગણ તરીકે સુપ્રસિદ્ધ છે. ઈંદ્રે એ બધાને પોતા સમાન દેવતા બનાવી લીધા હતા.

## મરુદ્દ–ગણની ઉત્પત્તિ

સેવાધર્મ ખરે શ્રેષ્ઠ, ને મોંઘું મોક્ષ સાધન;
તેમાં ઊંડો ભળે સ્વાર્થ, વંઠતું તોય તે પણ, ૧

કદી વૈરાગ્ય આઠે જ્યાં, વૈર ડંખો ભભૂકતા;
ત્યાં ધર્મસ્તંભ ધર્મિષ્ઠે, જાગી સોને જગાડવાં. ૨

સ્વ–સ્વસ્થાને પછી સૌને, કરવાં ધર્મમાં રત;
જેથી જગે બને શાંતિ, માનવો થકી શાશ્વત. ૩

નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રી શુકદેવજી બોલ્યા : "રાજન્ પરીક્ષિતજી ! ભગવાન વિષ્ણુદેવે દેવોના અધ્યક્ષ એવા ઇન્દ્રનો પક્ષ લઈ દિતિ સન્નારીના બે પુત્રો : (૧) હિરણ્યકશિપુ અને (૨) હિરણ્યાક્ષને

સદંતર મારી નાખ્યા હતા. જેથી દિતિનું હૃદય શોકાગ્નિથી સારી પેઠે વિહ્વળ થઈ ગયું હતું. અને તેથી તે એ વિચાર તરફ પણ વળી ગઈ કે, 'જોકે શરીર આખરે વિનશ્વર જ છે...ઈંદ્રે શરીરની વિનશ્વરતા ધ્યાનમાં ન લીધી, નહીં તો આટલી હદે ન જાત! ખેર હવે મારે એ ઇન્દ્રની પણ શાન ઠેકાણે લાવવા કાંઈક તો કરવું જ પડશે.' તે પોતાના પતિશ્રી કશ્યપ મુનિની સેવામાં લાગી ગઈ. એવી એકાગ્રતાથી સેવા કરે, કે જાણે દુનિયામાં કશ્યપ મુનિ સિવાય દિતિને બીજું કશું દેખાય જ નહીં! કશ્યપજી એ સેવાથી પ્રસન્ન અને મુગ્ધ પણ થઈ ગયા. એક દિવસ કશ્યપે કહ્યું: 'તારી જે ઈચ્છા હોય, તે તું કશો જ સંકોચ લાવ્યા વિના ખુશીથી માગી લે.' પતિ જો પ્રસન્ન થાય તો પત્ની માટે જગતમાં કોઈ પણ ચીજ એવી નથી કે જે પતિના વશમાં હોય, તે પત્નીને મળે નહીં! પત્નીને મન પતિ પરમેશ્વરરૂપ જ ગણાય છે અને એક રીતે જોઈએ તો ખુદ ભગવાને જ નારી માટે પતિરૂપ ધારણ કર્યું છે. તેથી પત્ની પણ પતિને ભગવાન કે પ્રભુ માનીને જ પૂજે છે. એવી પતિવ્રતા પત્નીને જગતમાં પતિ સિવાય બીજું કશું જ શ્રેષ્ઠ લાગતું નથી. હે કલ્યાણી! તે મારી સેવા અતિશય ભક્તિ અને પ્રેમથી કરી છે. માટે તારી જે કાંઈ સારી કે માઠી પણ ઊંડી ઈચ્છા હોય, તે નિ:સંકોચપણે મને કહી દે. હું તરત તું ઇચ્છીશ, એમ જ કરીશ.' દિતિ બોલી: 'મારા નાથ! આપ તો મારું સર્વસ્વ (સર્વ કાંઈ) છો. માટે મારું બધું જાણો જ છો, છતાં મારે મોઢેથી તે વાત કઢાવવા ઈચ્છો છો તો ભલે નિ:સંકોચપણે છતાં નમ્રભાવે હું સ્પષ્ટ કહીશ કે, મારા બે પુત્રોને ઇન્દ્રે મરાવી નાખ્યા, તો હવે આપ કૃપા કરી મને એવો પુત્ર આપો કે જે એ ઇંદ્રને જ મારી નાખે તો જ મારી ઈચ્છા તૃપ્ત થાય!' આ સાંભળી કશ્યપજીને ખૂબ દુ:ખ થયું અને થયું કે દિતિનુ હૈયું હજુ વૈરનો ડંખ રાખી રહ્યું છે! મોહ કેવી બૂરી ચીજ છે! મારે જ એ ડંખભરી વાસનાના નિમિત્ત બનવું પડયું! ખેર છતાં

હવે વચન આપ્યું છે, તો પૂરું તો કરવું જ.' તેઓએ કહ્યું : 'દિતિ ! હું તને બતાવું છું, તે વ્રત તારે એક વર્ષ લગી એકાગ્રતાએ કરવું પડશે. એમાં જો જરાક કસૂર થઈ કે તરત એ દેવેન્દ્રશત્રુ થવાને બદલે દેવમિત્ર જ બની જશે.' દિતિએ કહ્યું : 'મને આપ જે વિધિ બતાવશો તે જ હું અક્ષરશઃ આચરીશ.' કશ્યપજીએ કહ્યું : 'આ વ્રતનું નામ 'પુંસવન' વ્રત છે. એકવાર પતિસંગ કર્યા પછી પરિપૂર્ણ સંયમ કરી એક માત્ર પતિમાં એકાગ્ર થઈ 'પતિનું તેજ જ મારી કૂખમાં છે', એ એક જ વિચાર રાખવાનો છે... 'આમ તો દિતિ દઢ નિશ્ચયવાળી અને ધારેલું પાર પાડવાવાળી હતી. પણ આ ખબર વાયુવેગે ઇંદ્રરાજને પહોંચી ગયા અને તે વેશ બદલીને દિતિમાની સેવામાં લાગી ગયો. એક દિવસ ઉતાવળમાં ને ઉતાવળમાં દિતિમાં અશુદ્ધિ આવી ગઈ, જેથી કપટમાં ઇંદ્ર ફાવી ગયો અને એ ગર્ભના (એકમાંથી) ઓગણપચ્ચાસ ટુકડા કરી નાખ્યા. જો કે તે ગર્ભ મર્યો તો નહીં જ પણ ઇંદ્રના મિત્રરૂપે ઓગણપચ્ચાસ એવા મરુદ્‌ગણરૂપે એ દિતિપુત્રો બની ગયા, દિતિએ પેલા બનાવટી સેવકને આમ થવાનું કારણ પૂછતાં ઇંદ્રે પોતે કરેલા કપટનો એકરાર કર્યો અને અંતરથી ક્ષમા માગી લીધી અને કહ્યું : 'મારી સ્નેહમયી મા ! મારવા છતાં ગર્ભ ન મર્યો, તેમાં ભગવાનની, ઋષિમુનિની કૃપા ઉપરાંત આપની અસાધારણ પવિત્રતા પણ છે !' આ સુણીને નારાજ ન થતાં દિતિ રાજી રાજી થઈ ગઈ..."

## પુંસવન વ્રત-વિધિ

સ્વચ્છંદ ને પ્રતિબંધ, અહંતા-મમતારૂપે;
તે બેઉને હટાવી જે, વિશ્વમયત્વ કેળવે. ૧

સંપૂર્ણ મુક્તિને સાર, તે જ યોગ્ય એકલાં;
વિશ્વમયત્વ–વ્યક્તિત્વ, સાધી સર્વોપરી થતાં. ૨

સૌ પે'લાં જો પતિપત્ની, સાધે આ ઓતપ્રોતતા;
તો તે બંનેય પામે છે, સંપૂર્ણ મુક્ત યોગ્યતા. ૩

રાજા પરીક્ષિતે પૂછ્યું : "ભગવન્ શુકદેવજી ! આપે 'પુંસવન વ્રત' વિષે વખાણ તો ખૂબ ખૂબ કર્યાં, પણ એ વ્રતનો વિધિ હજુ નથી બતાવ્યો, તો તે કહી બતાવવા કૃપા કરો."

શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત ! આ વ્રત બધી કામનાઓ પૂરી કરે તેવું વ્રત છે. આ વ્રત ધારણ કરનારી નારી પતિની આજ્ઞા લઈને માગશર સુદ એકમથી એની શરૂઆત કરી દે! પહેલાં (મેં અગાઉ જે કહેલી, તે) મરુદ્‌ગણના જન્મની કથા સાંભળે અને બ્રાહ્મણોની આજ્ઞા લઈ લે. પછી સવારે દાતણથી દાંત સાફ કરી નાહી લે. બે સફેદ વસ્ત્ર પહેરે અને આભૂષણો પણ પહેરી લે. સવારમાં કશું પણ મોંમાં ખાવાનું નાખતાં પહેલાં લક્ષ્મી-નારાયણની પૂજા કરે અને નીચે મુજબ કહે :

'આપ પૂર્ણકામ છો. સદા–સર્વદા આપને બધું પ્રાપ્ત છે. તેથી જ કોઈની પાસે આપને લેવા–દેવાનું ન હોવાથી આપ નિઃસ્પૃહી જ છો. હું આપને વારંવાર નમું છું. ઓ મારા આરાધ્યદેવ ! આપ કૃપા, વિભૂતિ, તેજ, મહિમા આદિ ગુણોથી હંમેશાં ભરપૂર છો. આને લીધે જ ( આ બધી ચીજો ભગરૂપ હોવાથી ) આપ ભગવાન છો. આપ સર્વશકિતમાન જ છો. હું આપને વંદું છું. અરે માતા લક્ષ્મીજી ! આપ નારાયણ ભગવાનની અર્ધાંગના છો. અને મહામાયા સ્વરૂપ પણ છો. ભગવાનના બધા જ ગુણો આપનામાં પણ છે જ. ઓ મહાભાગ્યવતી જગન્માતા ! આપ મારા પર પ્રસન્ન થાઓ ! હું

આપને વારંવાર નમું છું...' હે પરીક્ષિત ! આ પ્રમાણે કહીને સ્તુતિ કરીને – એકાગ્રચિત્તે ૐ નમો ભગવતે મહાપુરુષાય, મહાનુભાવાય, મહાવિભૂતિપતયે સહ મહાવિભૂતભિર્બલિમુપહરામિ (એટલે કે ૐકાર સ્વરૂપ–મહાનુભાવ, સમસ્ત મહાવિભૂતિઓના સ્વામી એવા ભગવાન પુરુષોત્તમને અને એમની મહાવિભૂતિઓને હું નમસ્કાર કરું છું. અને એમને પૂજોપહારની સામગ્રી સમર્પિત કરું છું..) આ મંત્ર દ્વારા હંમેશાં (પ્રતિ રોજ) વિષ્ણુભગવાનનું આવાહન, અર્ઘ્ય, પાદ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, યજ્ઞોપવીત, આભૂષણ, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય આદિ નિવેદન કરી પૂજન કરવું. જે નૈવેદ્ય વધે, તેને ૐ નમો ભગવતે મહાપુરુષાય, મહાવિભૂતિપતયે સ્વાહા... (મહાન ઐશ્વર્યોના આધપતિ, ભગવાન પુરષોત્તમને નમસ્કાર છે, હું એમને માટે જ આ હવિષ્યનું હવન કરી રહી છું.) આ મંત્ર બોલીને અગ્નિમાં બાર આહુતિઓ આપવી. રાજન્ ! જે સાધિકા બધા પ્રકારની સંપત્તિઓને મેળવવા માગે છે, એણે દરરોજ ભક્તિભાવથી ભગવાન લક્ષ્મીનારાયણજીની પૂજા કરવી જોઈએ. કારણ કે તેઓ જ બંને (લક્ષ્મી અને નારાયણ બંને) સમસ્ત ઈચ્છાઓને પૂરી કરવાવાળા અને સર્વોત્તમ વરદાતા છે. ત્યારપછી ભક્તિભાવપૂર્વક ઘણી ઘણી નમ્રતાથી ભગવાનને સાષ્ટાંગ દંડવત કરવા અને દશવાર પૂર્વોક્ત મંત્રનો જાપ કરવો. અને ફરી આ જાતના સ્તોત્રનો પણ પાઠ કરવો : હે લક્ષ્મીનારાયણ ! આપ બંને સર્વવ્યાપક છો. અને આ સંપૂર્ણ ચરાચર જગતના અંતિમકારણરૂપ પણ આપ બંને છો, આપનું બીજું કોઈ કારણ નથી. હે ભગવન્ ! લક્ષ્મીજી આપની જ માયા–શક્તિરૂપ છે. તે જ સ્વયં અવ્યક્ત પ્રકૃતિ પણ છે, તેનો પાર પામવો અત્યંત કઠણ છે. હે પ્રભુ ! આપ જ આ મહામાયાના અધીશ્વર છો, અને આપ સ્વયં પરમપુરુષ છો, આપ પોતે સમસ્ત યજ્ઞરૂપ છો. અને આ છે યજનની પ્રક્રિયા. આપ જાતે ફલના ઉપભોક્તા છો. અને આ જ છે એને ઉત્પન્ન કરવાની પક્રિયાઓ. માતા લક્ષ્મી

પોતે જ એને વ્યકત કરવાવાળાં અને એનાં ભોકતા છો. આપ પોતે જ સમસ્ત પ્રાણીઓના આત્મરૂપ છો. અને લક્ષ્મીજી જ એ બધાંનાં શરીર, ઇંદ્રિય અને અંતઃકરણ છે. માતા લક્ષ્મીજી જો નામ અને રૂપ છે, તો આપ એ નામ – રૂપ બન્નેના પ્રકાશ તથા આધાર છો, પ્રભો ! આપની કીર્તિ પવિત્ર છે. આપ બન્ને જ ત્રિલોકીના વરદાનરૂપ પરમેશ્વર છો, આથી મારી મોટી મોટી આશા–અભિલાષા આપની કૃપાથી જરૂર પૂર્ણ થવાની જ.' હે પરીક્ષિત ! આ પ્રકારે પરમ વરદાતા ભગવાન લક્ષ્મીનારાયણની સ્તુતિ કરીને ત્યાંથી નૈવેદ્ય હટાવી નાખવું અને આચમન કરાવીને પૂજા કરવી. ભગવાનની પૂજા કરી પછી પતિને સાક્ષાત્ ભગવાન સમજી પરમ પ્રેમપૂર્વક એમને જે પ્રિય હોય, તેવી ચીજો પતિની સેવામાં ઉપસ્થિત કરવી. ત્યારે એ પતિનું પણ કર્તવ્ય છે કે ઘણા જ હાર્દિક સ્નેહે પોતાની પત્નીને પ્રિય એવા પદાર્થો લાવીને તેઓ એને આપે અને એનાં નાનાં મોટાં બધાં કામ કરે, તો એનું ફળ બન્નેને જરૂર મળે છે. આ માટે જો પત્ની આ વ્રત ન કરી શકે તેમ હોય તો ઘણી એકાગ્રતાથી અને સાવધાનીથી એ પત્નીના પતિએ જ આનું અનુષ્ઠાન કરવું જોઈએ. આ ભગવાન વિષ્ણુનું વ્રત છે, આનો નિયમ લઈ વચ્ચે કદી છોડવો ન જોઈએ. જે આ નિયમ લે તે પ્રતિદિન માળા, ચંદન, નૈવેદ્ય અને આભૂષણ આદિથી ભક્તિપૂર્વક બ્રાહ્મણ અને સૌભાગ્યવતી સ્ત્રીઓનું પૂજન કરે તે પછી ભગવાનને એમના ધામમાં પધરાવી દે, વિસર્જન કરી દે. ત્યારબાદ આત્મશુદ્ધિ તથા સમસ્ત ઇચ્છાઓની પૂર્તિ માટે પહેલેથી જ નિવેદિત કરેલો પ્રસાદ ગ્રહણ કરે ! સાધ્વી સ્ત્રી આ વિધિ બાર માસ આચરણ કરી માગશર વદ આઠમે ઉદ્યાપન સંબંધી ઉપવાસ પૂજન વગેરે કરે ! તે દિવસે પ્રાતઃકાલે જ સ્નાન કરીને પૂર્વવત્ વિષ્ણુભગવાનનું પૂજન કરે અને એનો પતિ પાકયજ્ઞની વિધિથી ઘૃતમિશ્રિત ખીરની અગ્નિમાં બાર આહુતિ આપે. તે પછી બ્રાહ્મણ

જ્યારે પ્રસન્ન થઈને આશીર્વાદ આપે તો ઘણા આદરથી માથું ટેકવી તે બ્રાહ્મણને (ચરણોમાં) નમસ્કાર કરે અને એમની આજ્ઞા લઈને ભોજન પછી મૌન રહે અને પહેલાં આચાર્યને ભોજન કરાવી પછી ભાઈબંધોની (ભાઈબહેનોની સાથે) પોતે ભોજન કરે તે બાદ હવનમાંથી બચેલા ઘી મિશ્રિત ખીર પત્નીને આપે, તે પ્રસાદ સ્ત્રીને સત્પુત્ર અને સૌભાગ્યદાન દેનારો થાય.

## પુંસવનવ્રતની ફલશ્રુતિ

વિશ્વ પ્રાણ્યૈકચની પે'લાં, નૃ-નારી ઐકચ સાધવું;
જેથી ક્રમે ક્રમે આવે, વિશ્વમયત્વ પાધરું. ૧

ભોગ ને ત્યાગ બન્નેય, પલ્લાં છે પૂર્વ – પશ્ચિમ;
વિરુદ્ધ તોય બન્નેના, તાળાનો સાધજો ક્રમ. ૨

વ્યક્તિત્વથી ઊઠી જેથી, વિશ્વમયત્વ પામશો;
સર્વોપરીત્વ સાથે તો, ત્રિવેણી સ્વાદ ચાખશો. ૩

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા: "રાજન્ પરીક્ષિત ! આ પુંસવન-વ્રત એક રીતે નર અને નારી વચ્ચેની એકતામાં ગૃહસ્થાશ્રમી નર નારી માટે ઐકચામૃત નિધિની ગરજ સારે છે. યથાવિધિ આ વ્રતને જે સ્ત્રી આચરે, તે તો સૌભાગ્ય, સંપત્તિ, સંતાન, યશ અને આદર્શ ગૃહસ્થાશ્રમની દિશા પામે જ છે. સાથોસાથ સૌભાગ્યનો સંબંધ એના પતિ સાથે હોવાથી, તેનો પતિ પણ ચિરાયુપણું પામે છે. જે કન્યા ગૃહસ્થાશ્રમમાં પડવા ઇચ્છે છે, તે પણ જો યથાવિધિ આ

પુંસવનવ્રત આચરે તો શુભ લક્ષણુવાળો (અને પત્નીગૌરવમાં માનનારો પતિ ભવિષ્યમાં અનાયાસે પામે છે. જેમ ગૃહસ્થાશ્રમેચ્છુ કન્યા રૂડો પતિ પામે, ગૃહસ્થાશ્રમી નારી પતિ-એકતા પામે તેમ વિધવા અથવા અવિવાહિતપણું પસંદ કરનારી કન્યા પણ આ પુંસવનવ્રતથી પ્રભુરૂપ (અથવા આત્મારૂપ) પતિને પામી જીવનનો વિકાસ અવશ્ય સાધી શકે છે! કારણ કે આખરે નર અને નારીનું મૂળ અને છેડો પ્રાણી માત્ર સાથેની ઓતપ્રોતતા જ છે. જે આવાં વ્રત (કે જેમાં વાસનાક્ષયની સાધનાનું મૂળ રહેલું છે તે) દ્વારા પણ ક્રમે ક્રમે અવશ્ય સાધી શકાય. ટૂંકમાં અપત્યેચ્છા, યશપ્રતિષ્ઠેચ્છા પરિપૂર્ણ થાય છે અને છતાં આવા વ્રતમાં સંયમ, ત્યાગ, તપ, ધર્મભાવના વગેરે હોવાથી આત્મા–પરમાત્મા તરફ પ્રયાણ પણ અનાયાસે થઈ જાય છે. રોગી નારી નીરોગી બની જાય છે, કુરૂપા નારીનું સુરૂપમય તેજ પ્રગટ થાય છે. આ વ્રતનો કરનાર કે સહાયક બનનાર પુરુષ જો માંગલિક શ્રાદ્ધ કર્મો સહિત કરે તો એમના સદ્દગત પિતૃદેવો પણ પ્રસન્ન પ્રસન્ન થઈ જાય છે. મતલબ કે આ વ્રતથી માત્ર પતિ–પત્નીની જ એકતા નથી થતી! તે એકતા થવા ઉપરાંત સદ્દગત અને હયાત બંને પ્રકારના વડીલો પણ પ્રસન્ન થઈ આશીર્વાદ વરસાવે છે. આ પ્રક્રિયા દ્વારા ખુદ ભગવાનની પણ આરાધના સાથે સાથે થઈ જાય છે. હે પરીક્ષિત! આ રીતે મેં તમને મરુદ્દગણની મંગલકથા ઉપરાંત આ મહાન પુંસવનવ્રતનો મહિમા પણ સંભળાવી દીધો. બોલો, હવે બીજું શું જાણવા ઇચ્છો છો...?"

પરીક્ષિત રાજા બોલ્યા: "આપ જેવા નૈષ્ઠિક બ્રહ્મચારી જ્યારે આટલા ઊંડાણથી નર–નારી વિષે ચોખવટપૂર્વક કહી શકો છો, તેથી મારા જેવા અલ્પજ્ઞ અને ગૃહસ્થાશ્રમમાં મગ્નને બ્રહ્મચર્યનો વિશાળ અર્થ સઝી રહે છે. અને એ પણ ખ્યાલ આવી રહે છે કે 'કાયાથી સ્થૂળ રીતે પળાતું બ્રહ્મચર્ય ખૂબ જરૂરી હોવા છતાં આખરે તો તે પણ એક સાધન માત્ર છે.' તે ખ્યાલ સ્પષ્ટ આવી જાય છે. અને વાત

પણ સાચી છે કે આખરે નર અને નારીના દેહાકારો–શરીર–ચિહ્નો –ભલે ભિન્ન ભિન્ન રહ્યા પણ બંનેનો આત્મા તો ક્યાંક પણ એકત્વ ભજનારો છે જ. અને આખરે તો એની જ પ્રાપ્તિ કરવા માટે એવી સાધનાના ખાડા–ટેકરા ઓળંગવા જ પડે છે. પણ મને અહીં એક મુખ્ય શંકા એ રહે છે કે સાધક માટે તો આ બધું છે પણ સિદ્ધ ગણાતા ભગવાન પણ જાણે સામાન્ય સાધકની માફક રાગદ્વેષ-વશ થતા હોય તેમ આપણા આ વૈદિક ગ્રંથોમાં ત્ય–સંહાર કરે છે. ભક્તોની મદદે ઘેરઘેર અને ઠેરઠેર દોડે છે. તો આ બધું શું છે? ખરી રીતે તો તેઓ ત્રિગુણાતીત થયા છે. કાયા અને માયાથી વિર-હિત થયા છે. તો શાસ્ત્રોમાં આવું વર્ણન કરવાનો મૂળ આશય શો છે? તે કૃપા કરીને મને સમજાવો. કારણ કે માનવ તો આ બધું જરૂર કરે, પણ ભગવાનને તેમાં સાથે ભેળવવાની શી જરૂર?" આ સાંભળી શુકદેવજી આનંદિત થઈ બોલી ઊઠ્યા : "પરીક્ષિતજી! વાહ રે વાહ! તમારો આ પ્રશ્ન ઘણો પ્રાસંગિક છે! આમ તો ભગવાન જાતે કશું જ નથી કરતા, પણ ભગવાનની લીલાથી આ બધું થવા પામે છે. તેથી જ કહેવાયું છે 'મનુષ્યયત્ન અને ઈશ્વરકૃપા.' મતલબ કે જેમ મનુષ્યના પુરુષાર્થની જરૂર છે તેમ એ પુરુષાર્થમાં અહંતા–મમતા, રાગ–દ્વેષ, સ્વચ્છંદ–પ્રતિબંધ ન ભળી જાય તે માટે જેમ બાળક પોતાના પગ પર ચાલતો ન થાય, ત્યાં લગી તેને ઠેલણ-ગાડી જેવા આધારની જરૂર પડે છે. તેમ માનવસાધક પોતે સમતા-યુક્ત સાચો અને મજબૂત યોગી ન બને ત્યાં લગી લીલામય ભગ-વાનની (અથવા અવ્યક્ત તત્ત્વની) તેને સહાય મળવાની જરૂર ઊભી થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આવા માનવસાધકને 'વિશ્વમય' બનાવવાના આવા અવ્યક્ત તત્ત્વના પણ પ્રયત્નો ચાલુ રહે છે. જે લપડાક પણ મારે છે અને લાડ પણ કરાવે છે. જેથી સાધક માનવ પરિપક્વ સમતામય બને!

# એકાગ્રતા દ્વારા પ્રભુપ્રાપ્તિ

કરો ધિક્કાર સત્કાર, ન તેની પ્રભુને તમા;
સ્વમાં એકાગ્ર હો સૌએ માત્ર છે તેટલી તમા. ૧

થયે એકાગ્ર આત્મામાં, દોષો ઘટે ગુણો વધે;
પ્રભુ – પ્રાપ્તિ થશે પૂરી, દોષહીન ગુણોવડે. ૨

વ્યષ્ટિની ચેતના એમ, સમષ્ટિ ચેતના ભણી;
વહી; તાળો મળે સાચો, અહંતા મમતા ટળી. ૩

શુકદેવજી બોલ્યા : "...ભગવાન તો સમત્વ ભાવી જ છે. એમ છતાં બાળકોને ચલાવવા માટે જેમ ઠેલણગાડીનો આધાર વડીલોએ આપવો પડે છે, તેમ ભગવાનને પણ અર્થાર્થી છતાં નિખાલસ ભક્તને (તેનો વિકાસ થતાં પહેલાં) આધાર આપવો પડે છે. ખરી રીતે તો તેનું નિખાલસપણું એ જ જગતમાંના અવ્યક્ત તત્ત્વને આકર્ષીને નિખાલસ સાધક–સાધિકાને મદદ કરવા પ્રેરે છે. ભગવાન સમતા–ધારી છે અને રહેવાના જ. આવો એક પ્રસંગ આપના જ પૂર્વજ અને વડીલ ધર્મરાજ યુધિષ્ઠિર વખતે બન્યો હતો તે જ ટૂંકમાં કહું..."

એમ કહીને બ્રહ્મચારી શુકદેવજીએ પોતાની વાત આગળ લંબાવી : "રાજસૂયયજ્ઞમાં જ્યારે ધર્મરાજ યુધિષ્ઠિરે જ જોતજોતામાં નરી આંખે ચેદિરાજ શિશુપાલ ભગવાન કૃષ્ણમાં સમાઈ ગયો– એવે વખતે ત્યાં મહર્ષિ નારદ હાજર હોવાથી યુધિષ્ઠિરે તેઓને જ પૂછ્યું. '...આ કેવી વાત ! મોટા મોટા ભક્તો પણ ભગવાન કૃષ્ણમાં નથી સમાઈ શકતા ! જ્યારે શિશુપાલ જેવો અહંકારી અને લંપટ

પુરુષ ભગવાન કૃષ્ણમાં શી રીતે સમાયો ? રાજા વેને ભગવાનની નિંદા કરી તો ઋષિ–મુનિઓએ તેને નરકમાં મોકલેલો તો શિશુપાલને ભગવાનમય બનવારૂપી મુક્તિ કેમ હોઈ શકે ? પેટ ભરીને શિશુપાલ તથા દંતવક્ત્ર બન્ને ભગવાનને ગાળો આપે છે. છતાં તે બન્નેનું ભગવાનમાં સમાઈ જવાનું બની ગયું ! આ જરાય સમજાતું નથી. ખરેખર તો ઘણું અજુગતું પણ લાગે છે. આ પ્રશ્નનું સમાધાન કરો...” આમ કહી પરીક્ષિતજીને શુકદેવજી કહે છે. ત્યારે નારદજી હવે ધર્મ-રાજ યુધિષ્ઠિરને સમજાવે છે: “તમારી વાત સાચી છે પણ ચાહે તે ભાવે પણ ભગવાનમાં જે એકાગ્ર વધુ થઈ શકે છે, તેનો છુટકારો વહેલો થઈ જાય છે. એ અર્થમાં જોઈએ તો ચાહનાર કરતાં ભગ-વાનને ધિક્કારનાર વહેલામાં વહેલો ભગવાનમય થઈ જાય છે. ભલે ધિક્કારમય ભાવે પણ ભગવાનમાં જે એકાગ્ર બને છે તેના દોષો ભગવાનના નામસ્પર્શથી ભાગવા જ માંડી જાય છે. ભમરીમાં એકાગ્ર થયેલી ‘ઈયળ’ આખરે ભમરી બને છે, તે બીજું શું છે ? ગોપીઓએ આખીયે પોતાની કામવાસના ભગવાન પર જ ઢોળી દીધી. આ જ રીતે ભયથી કંસની અને વિરોધથી શિશુપાલ તથા દંતવક્ત્ર રાજાની ભગવાનમયતા આવી ગઈ. લોહીના સંબંધથી પણ ભગવાનમય બનાય છે અને સ્નેહ અને નિઃસ્પૃહ ભક્તિથી પણ ભગવાનમય બનવું સૌથી સારું છે. કારણ કે એથી સતત સચ્ચિદા-નંદમયતાનો અનુભવ થાય છે. ધિક્કારાદિને કારણે શરૂઆતમાં તો મનમાં ભારે વેદના થયા કરે છે. એટલે આખરે તો ધિક્કારાદિ ભગવાનને ભજવાની સાધનામાં જે આનંદ મળવો જોઈએ તેનો છાંટોય મળતો નથી. જ્યારે નિઃસ્પૃહી અને સમજદાર ભક્ત ખૂબ ખૂબ આનંદ સાધનામાંયે માણે છે અને સાધ્ય પામ્યા પછી પણ માણે જ છે, આથી ધિક્કારનાર ભલે ભગવાનને પામી શકે અને કદાચ સહજ સ્નેહે ભગવાનને ચાહનાર કરતાં તેવો ભક્ત ભગવાનને

રહેલો પામી શકે, પરંતુ એ જ્યાં લગી ભગવાનને ખરેખર પામે નહીં, ત્યાં લગી સાધનામાં એ દુઃખીને દુઃખી જ રહ્યા કરે છે. એથી જ ધિક્કારનો માર્ગ કોઈ પણ ભક્ત પસંદ કરતા નથી. વેન રાજા તો કોઈ પણ ભાવે એશ–આરામમાં મગ્ન રહેલો અને એણે હિંસા તથા બળજોરીનો જ ઉપયોગ કરેલો. પછી એને નરકમાં જવું જ પડે ને?"

આ વિસ્તૃત ઉત્તરથી ધર્મરાજ યુધિષ્ઠિરને સમાધાન થયું.

# જય–વિજયને શાપ

વિષ્ણુ સમીપ વૈકુંઠે, વસે તોય વિવેકતા;
ચૂકે તેઓ પડે નિશ્ચે, અંતે ભલે ચઢે છતાં. ૧

માટે વિવેક છે મુખ્ય, ધર્મમાં પ્રાણ રૂપ તે;
મળે સત્સંગથી માટે, સત્સંગ મુખ્ય છે જગે. ૨

રાજા યુધિષ્ઠિરે નારદજીને પૂછ્યું: "ઋષિવર! ભગવાનના પાર્ષદો પર પણ અસર કરી શકે એવો શાપ કોણે આપેલો? અને એ શાપ કેવા પ્રકારનો હતો? ભગવાનના અનન્યપ્રેમી જીવને પણ સંસારમાં આવવું પડે, એ વાત તો વિશ્વાસ મૂકવા જેવી ન ગણાય તેવી છે. વૈકુંઠમાં રહેવાવાળા જીવોને આવો સામાન્ય દેહ મળે, એ વાત જ ગળે ઊતરે તેવી નથી. તો પછી આ બધું કેમ બન્યું? તે આપ જરૂર સમજાવો!" નારદ ઋષિ બોલ્યા: "છે તો નવાઈ જેવી છતાં એ વાસ્તવિક બની છે. વાત એમ છે કે એક વખત બ્રહ્માના માનસપુત્ર સનકાદિ ઋષિઓ ત્રણેય લોકમાં સ્વેચ્છાવિહારે વિચરતાં વિચરતાં ઠેઠ વૈકુંઠમાં પહોંચી ગયેલા. આમ તો સનકાદિ ઘણા પ્રાચીન

છે છતાં પાંચ વર્ષના બાળક જેવા જ લાગે! વળી વસ્ત્ર પણ ન પહેરે એટલે એમને સામાન્ય બાળક સમજીને દ્વારપાળોએ રોકી દીધા. એટલે એમને માઠું લાગ્યું અને કુદરતી રીતે એમના મોઢામાંથી આવું બોલી પડાયું કે 'મૂર્ખો! ભગવાનનું વિષ્ણુધામ તો રજોગુણ તમોગુણથી રહિત છે. છતાં તમારામાં એ ભાવ આવી ગયો, માટે તમે અહીં રહેવા માટે નાલાયક છો! માટે હવે તમો બંને (દ્વારપાળો) વહેલામાં વહેલી તકે અસુર યોનિમાં ચાલ્યા જાઓ!' આ વચનને પ્રભાવે એ નીચે જવા લાગ્યા કે તરત આ બોલનારા સનકાદિ ઋષિઓને દયા આવી અને ફરી કહ્યું: 'હા; ત્રણ જન્મોમાં આ શાપને પૂરો કરી તમે બંને ફરીથી જરૂર આ વિષ્ણુલોકમાં આવી શકશો!' બસ આ ભગવાન વિષ્ણુના વૈકુંઠના બે દ્વારપાળોને આ કારણે સંસારમાં આવવું પડયું. એ બંને દિતિના વહાલા દીકરાઓ તરીકે જન્મ્યા. એ બન્નેનાં નામો ક્રમશઃ (૧) હિરણ્યકશિપુ અને (૨) હિરણ્યાક્ષ હતાં. મૂળ તો વિષ્ણુ ભગવાનના જ પાર્ષદો હોવાથી દાનવોના સમાજમાં સર્વશ્રેષ્ઠ પ્રસિદ્ધ થયા. વિષ્ણુ ભગવાને જાતે નૃસિંહરૂપ ધારણ કરીને હિરણ્યાક્ષને માર્યા હતા."

મુનિ નારદ આગળ વધતાં જણાવે છે: 'જ્યારે હિરણ્યકશિપુએ પોતાનો જ પુત્ર પ્રહ્લાદ ભગવતપ્રેમી હોવાથી પોતાના મિથ્યાભિમાનને ધક્કો લાગે, તેવું બોલ્યો અને વર્તવા લાગ્યો, ત્યારે પ્રહ્લાદને ઠામુકો જ મારી નાખવા વિચાર્યું. પરંતુ પ્રહ્લાદ તો ભગવાન વિષ્ણુનો પ્યારો ભકત અને પ્રાણી માત્ર પ્રત્યે સમદર્શી બની ચૂકયો હતો. પછી એ દાનવ પિતાનો માર્યો શી રીતે મરે? ઘણા પ્રયત્નો દાનવપતિએ પોતાના પુત્ર પ્રહ્લાદને મારવા માટે કર્યા. પણ દાનવપતિના એ પ્રયત્નો ભગવાન વિષ્ણુએ સદંતર નિષ્ફળ બનાવ્યા હતા. બીજા જન્મમાં તેઓ બંને વિશ્રવા મુનિની કેશિની (કૈકસી) પત્નીના ગર્ભે રાક્ષસરૂપે રાવણ અને કુંભકર્ણરૂપે જન્મ્યા.

તે વખતે ભગવાન રામાવતારરૂપે પ્રગટેલા. ભગવાન રામનું જીવન તમને માર્કંડેય મુનિ સંભળાવશે. હે યુધિષ્ઠિર ! આ તારી માસીના એ બે છોકરા શિશુપાળ અને દંતવક્ત્રરૂપે આ ક્ષત્રિય કુળમાં આવ્યા છે. શ્રી કૃષ્ણનું સુદર્શનચક્ર અડતાં જ તેઓ પાપમુક્ત થઈ ગયા. તે બંનેએ ભલે વૈરભાવે છતાં ભગવાનને વારંવાર યાદ કરેલા તેથી તેઓ બંને ભગવાનને પામી ગયા અને મૂળ સ્થિતિ પર ભગવાનના પાર્ષદો તરીકે તેઓ વૈકુંઠમાં પણ પહોંચી ગયા.

## હિરણ્યકશિપુને વરદાન

જે નિમિત્તો ચઢયો ઊંચે, તે ઉપકાર ઓળવે;
સ્વચ્છંદી ને ઘમંડી તે, સૌથી હેઠો પડે જગે. ૧

માત્ર તપે અને ત્યાગે, સર્વાંગી શ્રેય ના થતું;
વ્યક્તિ ને વિશ્વનો આત્મ-તાળો મળ્યે જ તે થતું. ૨

પરીક્ષિત રાજવીને શુકદેવજી કહે છે કે : "મુનિ નારદજીને તમારા વડીલ સદ્ગત ધર્મરાજ યુધિષ્ઠિર પૂછે છે કે 'નારદજી ! પિતા થઈને પણ હિરણ્યકશિપુએ પોતાના સ્નેહપાત્ર પુત્ર પ્રહ્લાદ પરત્વે આટલો બધો દ્વેષ શા કારણે કર્યો ? અને પ્રહ્લાદે પણ મહાત્મા પુરુષ થઈને પિતૃદ્રોહી કયું કૃત્ય કર્યું', કે તેમનાથી તેમના પિતા હિરણ્યકશિપુને પોતાના જ સગા દીકરા પ્રહ્લાદ ઉપર આટલો બધો રોષ આવ્યો ? અને ખરેખર તો આપ મને એ જણાવો કે 'પ્રહ્લાદ કઈ સાધના કરીને ભગવાનમય બની ગયા...' નારદજી બોલ્યા : 'યુધિષ્ઠિરજી ! સાંભળો...ભગવાને જ્યારે વરાહાવતાર ધરીને ભાઈ 'હિરણ્યાક્ષ'ને

મારી નાખ્યો ત્યારે હિરણ્યકશિપુને ઘણો શોક થયો અને ગુસ્સો પણ ખૂબ આવ્યો. તેણે દાંત કચકચાવી ત્રિશૂલ ઉપાડી ભરી સભામાં કહી દીધું : 'દ્વિમૂર્ધા, ત્ર્યક્ષ વગેરે દૈત્યો અને દાનવો ! તમે મારી આ વાત સાંભળી વિના વિલંબે એનો અમલ કરી નાખો ! સાંભળો. પે'લાં તો આ વિષ્ણુ (જે ભગવાન કહેવાય છે તે) ઘણો શુદ્ધ અને નિષ્પક્ષી હતો, પણ દેવોએ એના પક્ષમાં એને લઈ લીધો છે. હવે હું એવા વિષ્ણુને જીવતો નહીં રાખું. આ ત્રિશૂળથી તેનું ગળું કાપી એ લોહીથી રક્તભૂખ્યા એ ભાઈ હિરણ્યાક્ષનું તર્પણ કરીશ. તો જ આ મારું 'ભાઈ ગયા'નું દુઃખ કાંઈક ભૂંસાશે. એટલે તમે જલદી જઈ બ્રાહ્મણો અને ક્ષત્રિયો [જે તપ, દાન, વ્રત અને સ્વાધ્યાય વગેરે કરે છે, તેને લીધે જ વિષ્ણુ જીવે છે અને પુષ્ટ રહે છે, તેથી તે] બધાઓને (શુભ કર્મ કરનારાઓને) મારી નાખો ! બ્રાહ્મણો, ગાયો, વેદો વગેરેને બાળી નાખો.' આથી મનગમતી તે વાત પ્રમાણે તેઓએ ગામો, નગરો, ઝાડો ફોડયાં, તોડયાં અને બાળ્યાં. આમ થવાથી પ્રજા તો ત્રાહિ ત્રાહિ પોકારી ઊઠી. બીજી બાજુ માતા દિતિ, હિરણ્યાક્ષની પત્ની વગેરેને હિરણ્યકશિપુએ દિલાસો પણ આપ્યો. ઉશીનર દેશના સુયજ્ઞનો દાખલો આપતા કહ્યું : 'એ સુયજ્ઞ મરતાં છાતીકૂટતા સૌને બાળ માનવના રૂપમાં યમરાજે સંબોધન કર્યું : 'આપ તો સૌ સમજદાર દેખાઓ છો, પછી રડો છો શા માટે ? એક દિન તો આપણે સૌને એ માર્ગે જવાનું છે. તમારા કરતાં તો હું બાળક જ લાખગણો સારો નહીં ! કારણ કે મને મારાં માબાપે હું નાનો છતાં છોડી દીધો છે, તો પણ મસ્ત થઈને રહી શકું છું. જયારે શિકારી કોઈ પંખીને મારે અને એનાં (સગાંવહાલાં) રડયા કરે તેમ તમે રડયા કરો છો, તો શિકારીએ તો પેલાં બધાં રોનારાંઓને પણ લઈ લીધાં ! તેમ તમારી પણ એ જ દશા થવાની !' બાળકરૂપી યમના બોધથી રાજાની રાણીઓ સમજી

ગઈ, તેમ તમે પણ સમજી જાઓ !" આ વાત સાંભળી હિરણ્યાક્ષનો શોક છોડી બધાં એ સગાંઓ પોતપોતાને કામે વળગી ગયાં. એટલે હિરણ્યકશિપુએ વનમાં જઈ મોટું તપ કર્યું. એનાથી બ્રહ્માજીએ હિરણ્યકશિપુને એવું વરદાન આપ્યું અને એના આખા શરીર પર કમંડળનું પાણી છાંટી એના અંગે અંગમાં અને રોમે રોમમાં તેજ અને બળ ભરી દીધું ત્યારે ગદ્દગદિત થઈ બ્રહ્માજીને ચરણે પડી હિરણ્યકશિપુએ એવું વરદાન માગ્યું કે બ્રહ્માથી સર્જેલા કોઈ સર્જનથી હું મરું જ નહીં. જેમ કે ન માનવથી મરુ કે ન પશુપક્ષીથી મરું! ઘરની અંદર નહીં, તેમ બહારથી પણ ન મરું. આકાશમાં કે પૃથ્વીમાં ન મરું કે ન શસ્ત્રાદિથી મરું. યુદ્ધમાં કોઈ મારો સામનો કરી જ ન શકે. ઈંદ્રાદિ બધાંમાં મારો મહિમા વધે. આમ યોગી તપસ્વીઓમાં પણ હું જરૂર અક્ષર ઐશ્વર્ય પામેલો બનું !' બ્રહ્માજીએ ભોળાભાવે ઉપરનું તપ જોઈ વરદાન આપી દીધું.'

## પ્રહ્લાદનું પ્રભુમય જીવન

જે પ્રાણી કરે દ્વેષ, ગોદ્વિજદેવ-ધર્મનો;
મારો ને સંતનો દ્વેષી, બની તે નાશ પામતો. ૧

પ્રત્યક્ષ ગુરુને પામી, જાત સોંપે સમગ્રથી;
કિંવા અન્ય ઉપાયોથી, પામે પ્રભુ પદે સ્થિતિ. ૨

તેવા સંતો તથા ભક્ત, પ્રભુ-પેગામ જે દીએ;
તેને ઝીલ્યે થશે મુક્તિ, ઓળવ્યે દુર્ગતિ થશે... ૩

બ્રહ્માજી પાસેથી વરદાન પામ્યા પછી હિરણ્યકશિપુએ દુનિયા-

માં હાહાકાર મચાવ્યો. તેથી દેવો ત્રાહિ ત્રાહિ કરી ભગવાનને શરણે પહોંચી ગયા.

લોકો અને લોકપાલોને કોઈ રસ્તો ન સૂઝયો, એટલે તે સૌએ ઇંદ્રિયોનો સંયમ કરી તથા મનને એકાગ્ર કરી ખાવું, પીવું અને સૂવું વગેરે છોડી નિર્મળહૃદયે ભગવાનની આરાધના કરી. તરત એક દિવસે મેઘ જેવી ગંભીર આકાશવાણી સંભળાઈ. જે અવાજે બધી દિશાઓ ગુંજી ઊઠી. સાધુજનોને અભય આપનારી તે વાણી આ પ્રકારની હતી..."દિવ્યજનો ! ગભરાઓ નહીં ! તમારું સૌનું કલ્યાણ થાઓ. આ મહાદૈત્યની મને પ્રથમથી ખબર છે ! પણ હવે તો હું એને સાવ મિટાવી દઈશ. તમો બધા થોડો વખત ધીરજ રાખો ! જે કોઈ પ્રાણી જ્યારે દેવો, ગાય, બ્રાહ્મણ, સાધુ, ધર્મ અને મારા પર દ્વેષ કરે છે, ત્યારે જલદી એનો ચોક્કસ વિનાશ થાય છે ! જ્યારે આ મહાદૈત્ય પોતાના જ મહાત્મા સરખા ભક્તપુત્ર પ્રહ્‌લાદનો દ્રોહ કરશે તેમ જ એ મહાભક્તજનનું અનિષ્ટ કરવા ઇચ્છશે, ત્યારે આજે બ્રહ્માના વરદાનને કારણે જે મહા સમર્થ દેખાય છે, તેને પણ હું અવશ્ય મારી નાખીશ." આ વાણી દેવોએ સાંભળી, એટલે એમને સૌને ખૂબ નિરાંત થઈ. એમનું બધું દુઃખ જાણે નાશ પામ્યું ! જાણે કે હિરણ્યકશિપુ મરી ન ગયો હોય ! તેટલી હદે સમાધાન થયું. અને તેઓ ભગવાનને પ્રણામ કરી પોતપોતાને સ્થાન વિદાય થયા.

આગળ બોલતાં નારદજીએ યુધિષ્ઠિરજીને કહ્યું...."યુધિષ્ઠિર ! દૈત્યરાજ હિરણ્યકશિપુને વિલક્ષણ એવા ચાર પુત્રો હતા. જેમાં આમ તો પ્રહ્‌લાદ સૌથી નાનો હતો. છતાં ગુણથી ઘણો ઘણો તે મોટો હતો. તે સંતસેવી, બ્રાહ્મણભક્ત, સૌમ્યસ્વભાવી, સત્યાગ્રહી અને જિતેન્દ્રિય હતો. તે બધાં જ પ્રાણીઓને ઈશ્વરના જ અંશ માનતો હોવાથી પ્રાણીમાત્ર સાથે સમભાવે વર્તી શકતો. બધાંને તે (પ્રહ્‌લાદ) વહાલો લાગતો હતો. તે વડીલો પ્રત્યે વિનયી અને બધાંનો હિતેચ્છુ હતો.

આમ તે મોટા પ્રત્યે આદર રાખનાર, સરખે-સરખા સાથે ભાઈ-ચારાથી વર્તનાર અને નાના પ્રત્યે વાત્સલ્યભાવે વર્તનાર બની ગયો હતો. સૌનો માનપાત્ર છતાં પ્રહ્લાદ એ નમ્રાતિનમ્ર રહી શકતો હતો. દુ:ખોથી તે કદી ગભરાતો નહીં. ઇંદ્રિય, પ્રાણ, મન અને શરીર એના વશમાં હતાં. કોઈપણ પ્રકારની કામના (એટલે લાલસા-વાસના)થી તે દૂર જ રહેતો. ખરું પૂછો તો બાહ્ય વેશે એટલે કે શરીરે ભલે દૈત્યોમાં તે જન્મ્યો પણ પૂરી રીતે દૈત્યતા રહિત અને દૈવીભાવથી સંયુક્ત એવો મહાપુરુષ એ બની ગયો હતો. દૈત્યતાનું તો એમાં લગારે સ્થાન નહોતું ! જેમ ભગવાનના ગુણો અનંત છે, તેમ ભગવદ્‌ભક્ત પ્રહ્લાદજીમાં પણ અનંત ગુણો (એક એકથી ચઢે તેવા) હતા. મુખ્ય ગુણ તો પ્રભુસમર્પણતા એટલે કે જન્મથી જ તે પ્રભુ-ભક્ત તરીકે 'અવતરેલો જીવ' જણાઈ રહેતો હતો. આથી નાનપણથી જ રમત કરતાં કરતાં પણ ભગવાનમય બની જતો હતો. ભગવાનનો ખુદનો પ્રહ્લાદ પર અનેરો સ્નેહ હતો, અને તેથી પ્રહ્લાદ કહેતો કે 'ભગવાને જાણે પોતાના ખોળામાં જ સદા મને રાખ્યો છે! અને પોતાનું મીઠું આલિંગન આપી રહ્યા છે!' તેથી જ તેની ખાતાં-પીતાં, હરતાં-ફરતાં, સૂતાં-જાગતાં અને કોઈની સાથે વાતો કરતાં પણ એકાગ્રતા તો માત્ર એકલા ભગવાનમાં જ રહ્યાં કરતી હતી! એ રીતે એ રડતો, હસતો પણ બધું ભગવાન વાસ્તે જ. ક્યારેક મનોમન ભગવાનમય-આબેહૂબ ભગવાન બની જતો. સત્સંગથી પણ જે સુખ ન મળે, તે પ્રહ્લાદને સહેજે મળી ગયેલું." આ સાંભળીને ધર્મરાજ યુધિષ્ઠિરે નારદજીને પૂછ્યું કે આવા ભક્ત પુત્ર પર તો પિતાએ ગૌરવ લેવું જોઈએ, તેને બદલે પિતા જ પોતાના આવા ભક્ત પુત્ર પર શાથી દ્વેષી બન્યા, તે સમજાતું નથી.

# પ્રહ્લાદની અચળ પ્રભુશ્રદ્ધા

**સંતાનોની પ્રભુ–શ્રદ્ધા, ન જે માબાપને ગમે;**
**તે માબાપો નથી દેવો, દાનવોરૂપ છે ખરે. ૧**

**અંતે તો પ્રભુ–શ્રદ્ધાએ, તેવાં સંતાન ઊગરે;**
**ન ઊગરે કુળો તેનાં, જાણો અનેક નિશ્ચયે. ૨**

યુધિષ્ઠિરજીના પ્રશ્નનો ઉત્તર આપતાં નારદજી વિગતે કહે છે : "યુધિષ્ઠિર ! તમો કદાચ જાણતા જ હશો કે દૈત્યોએ મહાપુરુષ શ્રી શુક્રાચાર્યજીને પોતાના પુરોહિત બનાવેલા શ્રી શુક્રાચાર્યને બે પુત્રો હતા : (૧) શંડ અને (૨) અમર્ક. એ બન્ને રાજમહેલ પાસે રહી (તેઓ) હિરણ્યકશિપુના પુત્ર પ્રહ્લાદ અને બીજાં ભણાવવા યોગ્ય દૈત્ય બાળકોને ભણાવતા હતા. જોકે પ્રહ્લાદને આ ભણતર (કે જેમાં પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા કાચી પડે તેવું હતું તે) ગમતું નહોતું. છતાં ભણવા ખાતર ભણી પાઠ જેમનો તેમ તે ગુરુજીને સંભળાવી દેતો. એક દિવસ એવું બન્યું કે બાળકને ગોદમાં લઈ હિરણ્યકશિપુએ પ્રહ્લાદરૂપી બાળકને પૂછ્યું : 'બેટા ! તને કઈ વાત સારી લાગે છે?' પ્રહ્લાદને ભાવતું હતું અને વૈદ્યે બતાવ્યા જેવું થઈ પડ્યું. પ્રહ્લાદે કહ્યું : 'વહાલા પિતાજી ! સંસારનાં પ્રાણી માત્ર ઘાસથી ઢંકાયેલા એવા સંસારરૂપી અંધારા કૂવામાં 'હું અને મારું' એ બે મહારોગથી આંધળા બની અથડાયા કરે છે, એટલે હરિશરણમાં જો ઘરબારની મમતા છોડી તન્મય થઈ જાય તો કેવું સારું 'મને આ વાત જ સાચી અને સારી લાગે છે, પિતાજી !' આથી હિરણ્યકશિપુને બહુ ખરાબ લાગ્યું. કારણ 'હરિશરણ'વાળી વાત આટલા નાના બાળકમાં ક્યાંથી આવી ? રખે ગુરુઓને (શંડ અને અમર્કને) ઘેર છુપાઈને કોઈ વિષ્ણુભક્ત રહેલ હશે, જે પ્રહ્લાદ વગેરે બાળકોને ભડકાવતો હશે ! આથી

હિરણ્યકશિપુએ બન્ને ગુરુઓને આ બાબતમાં ઝીણવટથી તપાસ કરવા કહ્યું. એક દિવસ બચી ભરીને (ચુંબન કરીને) પ્રહ્લાદને ગુરુજનોએ પૂછ્યું તો પ્રહ્લાદે સ્પષ્ટ કહ્યું : 'મોહમાયાગ્રસ્ત લોકોમાં જ 'અહં' અને 'મમત્વ'નો રોગ હોય છે અને વધે છે. બાકી ભગવાનની કૃપા જેના જેના ઉપર થાય છે, તેઓ તેઓ તો અનાયાસપણે અહંતા–મમતાથી વિરકત બની જાય છે. મારા ઉપર ભગવાનની અનાયાસ કૃપા હોવાથી, હું ભગવાનમાં પરાણે ખેંચાઈ જઉં છું.' આ સાંભળી સામ, દામ, દંડ, ભેદ વગેરે ઘણા અનુચિત ઉપાયો પેલા બન્ને ગુરુઓએ લીધા પણ તેમાં તેઓ ફાવ્યા નહીં. એક દિવસ પ્રહ્લાદના પિતાએ પ્રહ્લાદને પૂછ્યું : 'બેટા પ્રહ્લાદ! તેં ગુરુજી પાસેથી સારી વાત સાંભળી હોય તે કહે.' પ્રહ્લાદે કહ્યું : (૧) 'શ્રવણ, (૨) કીર્તન, (૩) સ્મરણ, (૪) સેવા-પૂજા, (૫) અર્ચના, (૬) વંદન, (૭) દાસભાવ, (૮) સખાભાવ અને (૯) આત્મનિવેદનરૂપ નવ પ્રકારની ભકિત છે. આ નવ પ્રકારની સમર્પણપૂર્વકની ભકિત થઈ જાય, તે જ ઉત્તમ પ્રકારનું ભણતર છે. પણ આ વાત તો ગુરુજીએ મને શીખડાવી જ નથી!' તરત તે ક્રોધથી ધ્રૂજી ઊઠયો અને ગુરુપુત્રને બોલાવી ધમકાવવા માંડયો : 'મૂર્ખ બ્રાહ્મણ! આ બાળકને તેં આવી અસાર શિખામણ કયારે આપી? શી રીતે આપી? નીચ! મને લાગે છે કે તું અમારા શત્રુનો જ આશ્રિત લાગે છે!' ગુરુએ ખુલાસો આપતાં સ્પષ્ટ કહ્યું : 'આ તમારો દીકરો કોઈના બહેકાવાથી બહેકયો નથી. અમે તો આવી શિખામણ એને કદી આપી નથી. આ શિક્ષા તો એનામાં સહજ સ્વાભાવિક રીતે બચપણની સાથોસાથ જન્મી છે અને વિકસી છે.' ત્યારે હિરણ્યકશિપુએ ખુદ પ્રહ્લાદને પૂછ્યું : 'બોલ રે બાળક! તું આવું કયાંથી શીખ્યો છે?' પ્રહ્લાદ બોલ્યો : 'પિતાજી! વિષયાસકત પુરુષ આવું ન શીખવી શકે! તે દેખીતું છે.' આ વાણી સાંભળી પિતા હિરણ્ય-

કશિપુને એવડો ક્રોધ આવ્યો: 'આટલો નાનો બાળક એક બાજુ ગુરુનું હડહડતું અપમાન કરે છે અને બીજી બાજુ મારી આગળ પણ આવી ભગવાનની તારીફ કરતાં એ લાજતો નથી. આ દુઃખ કોને કહેવું?' તેણે તરત આ પ્રહ્લાદરૂપી બાળકને પોતાની ગોદમાંથી લઈને નીચે પટકી દીધો. દૈત્યોને બોલાવી જોરથી બોલ્યો: 'દૈત્યો! તમે બધા મળીને આ છોકરાને મારી જ નાખો! ખરેખર આ છોકરો મરવા લાયક જ છે! કારણકે એનો કાકો 'હિરણ્યાક્ષ' આ છોકરાના પાપે જ માર્યો ગયો! તમે માનો કે ન માનો! પણ મને લાગે છે: મારા ભાઈનો ઘાતક વિષ્ણુ જ આ રૂપે મારી સામે આવી ગયેલો જણાય છે! એટલે આ છોકરો બાળક હોવા છતાં જરાય વિશ્વાસને પાત્ર તો નથી જ નથી. એટલે પુત્રરૂપે આ મારા કટ્ટર શત્રુને તમે જલદી ઠાર જ કરી નાખો! રોગ શરીરમાં જ પેદા થયો, તો શું એને દૂર ન કરવો? માટે હું કહું છું કે આને કોઈ ને કોઈ સ્થળે લઈ જઈ મારી જ નાખો!' આમ થવાથી ક્રૂર દૈત્યો પ્રહ્લાદ પર જોરથી ધસી જઈ ખૂબ મારવા લાગ્યા, પણ પ્રહ્લાદનો વાળ પણ વાંકો ન થયો! આ જોઈને હિરણ્યકશિપુનો ક્રોધ ખૂબ વધી ગયો. તેણે મદોન્મત્ત હાથીથી કચડાવ્યો. ઝેરી સાપોના ડંખો મરાવ્યા. પહાડ ઉપરથી નીચે પટક્યો. દૈત્ય-ગુરુઓ દ્વારા કૃત્યા નામની રાક્ષસી પેદા કીધી, અને કષ્ટ આપ્યું. વળી શંબરાસુર નામના દૈત્યોથી માયાના પ્રયોગો કરાવ્યા. અંધારી કોટડીમાં નાખ્યો. ઝેર પીવડાવ્યું. ખાવું બંધ કરાવી બરફ, અગ્નિ, સમુદ્ર વગેરેમાં વારંવાર નાખ્યો છતાં જ્યારે પ્રહ્લાદનો વાળ પણ વાંકો ન થયો ત્યારે હિરણ્યકશિપુ ખૂબ મુંઝાયો. શુનઃશેપની જેમ પિતાનાં અવળાં કર્મથી પિતા વિરોધી થયેલો, તેવું જ આમનું મારા વિષે થશે. હું કદાચ આ પુત્રને હાથે મરીશ એમ લાગે છે.' પણ દૈત્યોએ હિરણ્યકશિપુને કહ્યું: 'આપની શક્તિઓ અદ્‌ભુત છે. ગભરાઓ નહીં.' ત્યારે હિરણ્ય-કશિપુએ ગૃહસ્થધર્મની ફરજો સમજાવવાનું તેમને કહ્યું પણ આથી

ઊલટું જ બની ગયું અને એક દિવસ કાર્યવશ ગુરુઓ બહાર ગયેલા, ત્યારે પ્રહ્‌લાદે પોતે જ પોતાના સાથી વિદ્યાર્થીઓને લઈ એક બાજુ બેસી તે સૌને સુંદર ધર્મોપદેશ આપ્યો. ખેલવાકૂદવાનું છોડી પ્રહ્‌લાદજીની આવી ધર્મશિક્ષામાં જ એ બધાં બાળકોને આનંદ પડવા લાગ્યો. એકાગ્રચિત્તે તે બધાં દૈત્ય–બાળકો પ્રહ્‌લાદજીને જ સાંભળવામાં મસ્ત બન્યાં !

## પ્રહ્‌લાદની પ્રેરક વાણી

માનવ જિંદગીનાં સૌ, સાધનો પૂર્વકર્મથી;
ઘણીવાર મળે કિંતુ, પ્રભુ તો મર્ત્ય યત્નથી. ૧

દૈત્યમાંથી બની મર્ત્ય સાધવી પરમાત્મતા;
માનવ જન્મનો અંતે, એ જ હેતુ રહ્યો સદા. ૨

જ્યારે ગૃહસ્થીપણાના કાર્યવશ ગુરુજી ભણાવવાના કાળ દરમિયાન બહાર ગયા. એટલે બાળકોને તો ગુરુજી બહાર ગયા, એટલે 'રમવું' 'કૂદવું' જ ગમે ! પ્રહ્‌લાદજીને પણ બાળકોએ રમવા માટેની હાક મારી પરંતુ પ્રહ્‌લાદજી અભ્યાસ કરવાને સમયે રમવામાં શાનું ધ્યાન પરોવે ? એમણે પેલાં બાળકોને બહુ મીઠી વાણીથી પોતાની પાસે બોલાવીને બેસાડ્યાં. ફરતાં તે બધાં બેઠાં, એટલે જ્ઞાની એવા પ્રહ્‌લાદજીની વાણી સહેજે સરી પડી : "મારા બાળમિત્રો ! જુઓ; બીજા કોઈ પણ કરતાં જગતમાં માણસ જ એક એવું સર્વોત્તમ પ્રાણી છે કે તે ધારે તો તત્કાળ પરમાત્માને ઓળખી શકે. અને પરમાત્માને પેખવા માટે આ માનવ જન્મ છે. ખાનપાન ભોગ વગેરે માનવેતર પ્રાણીઓ પણ કરે છે જ. માનવ-જન્મની કાંઈક પરમ વિશેષતા છે.

તે એ કે તે જન્મોજન્મનાં સંચેલાં ખોટાં કર્મોને દૂર કરે અને

સાચાં કર્મોને આચરે. ખાવા, પીવા કે ભોગવવા માટે બહુ સમય ગુમાવવાની જરૂર નથી. અને બાળમિત્રો ! એ બધું તો કેટલીકવાર અનાયાસે પણ પ્રારબ્ધ(પૂર્વે કરેલાં કર્મો)વશાત્ મળી જાય છે ! જ્યારે પરમાત્માની પ્રાપ્તિ તો માત્ર માનવ જિંદગીના શુદ્ધ અને પૂરેપૂરા પ્રયત્નોથી જ થઈ શકે છે !! માનવ જીવનમાં ખૂબ ભોગો ભોગવવા હોય તો સાધનો મેળવવાં પડે છે. જેટલાં વધુ સાધનો મેળવાય તેટલો વધુ પ્રયત્ન કરવો પડે. અને આ વિષયક એવું છે કે માનવી એમાંથી જ ઊંચે આવી શકતો નથી. છેવટે મહામૂલી જિંદગી હાથમાંથી સરી જાય છે અને પરમાત્માની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવાનો સમય કે મોકો જ મળતો નથી. કામ, ક્રોધ અને લોભમાં જ વધારો થાય છે. આવા માનવો માનવ–દેહ મળવા છતાં દાનવોરૂપ જ છે. જ્યારે આપણે દાનવ ગતિમાં જન્મવા છતાં ઉચ્ચ માનવ બની એ માર્ગે પ્રયત્ન આદરીએ, તો દાનવમાંથી માનવ, માનવમાંથી દેવ અને દેવમાંથી પરમાત્મપદની પ્રાપ્તિ જરૂર કરી શકીએ તેમ છીએ ! આપણે જો એમ માનીએ કે 'બાળક શું કરી શકે ?' પણ એવું નથી. આજે આપણે ભલે નાના બાળક હોઈએ, પણ ભૂતકાળે અનેક જન્મોના અનુભવો લઈને પછી અહીં આવ્યા છીએ, એટલે આજથી અને અત્યારથી જ આપણે પરમાત્માને ઓળખવામાં લાગી જવું જોઈએ. આપણે જો બચપણ ખેલકૂદમાં ગુમાવી દઈએ, યુવાની ભોગ ભોગવવામાં ગુમાવી દઈએ તો ઘડપણમાં ઇંદ્રિયો ઢીલી થયા પછી શું કરી શકવાના ? એટલે જ આ દિશામાં અત્યારથી વધુમાં વધુ પુરુષાર્થ કરવો જોઈએ. અહંતા–મમતા, સ્વચ્છંદ–પ્રતિબંધ અને રાગ-દ્વેષના ફાંસલામાંથી ઝટ ઝટ નીકળી જવું જોઈએ. તો જ આપણે પરમાર્થની સાચી વાતો સમજી યત્‌કિંચિત્ પણ સાચી નક્કર દિશાનું આચરણ કરી શકીશું. મિત્રો ! ભગવાનની પ્રાપ્તિ માટે કાંઈ પ્રબળ પ્રયત્ન કરવો પડે, તેવું પણ નથી. કારણ કે તેઓ (ભગવાન) સમસ્ત (નાના મોટા) જીવોમાં

એની રીતે વિરાજી રહ્યા છે, જો એક વાર પણ પ્રાણી માત્રમાં રહેલા પરમાત્માને જ પેખી પ્રાણી માત્રની ઉપાસના કરવા લાગી જઈએ, તો ધીરે ધીરે પ્રાણી માત્રમાં રહેલા પરમાત્માને પણ ક્રમે ક્રમે સાધતા જ થઈએ. આપણા સૌના બાળમનમાં પણ જે શિવ, સત્ય અને સૌંદર્યની તમન્ના છે તે એ સિવાય બીજા કશામાંથી મળી શકશે નહીં. સૌંદર્ય, માધુર્ય અને તમામ ઐશ્વર્યની ખાણ માત્ર પરમાત્મા જ છે માટે આપણે આસુરી દુર્ગુણોને કાઢી, તેની ઉપાસના કરવા માંડીએ !! ભગવાનનું ખરું સ્વરૂપ માયાને લીધે જ અંધારામાં પડેલું દેખાય છે. એ માયાનો પડદો હટાવવાની પહેલ થતાં જ ક્રમે ક્રમે પરમાત્મસ્વરૂપ આપણી નજીક સારી પેઠે પરમાત્મા આવીને જાતે જ દેખાડી દે છે." બાળકોએ કદી આવી વાત ગુરુજનો કે કોઈ વડીલો પાસે સાંભળી જ નહોતી, એટલે તેઓ કુદરતી રીતે ખૂબ ખુશ થયા. અને જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું : "આ વાત પ્રહ્લાદજી ! તમોએ કોની પાસે સાંભળી ?" અને જ્યારે પ્રહ્લાદજીએ નારદજીનું નામ લીધું ત્યારે તો એ બાળકોને આશ્ચર્યનો પાર ન રહ્યો. અને બોલ્યા : "અરે મિત્રવર ! તમને વળી નારદજી ક્યારે અને ક્યાં મળ્યા ? આપણે સૌ તો આપણા જે બે ગુરુપુત્રો છે, તે સિવાય બીજા કોઈ ગુરુને જોયા જ નથી તો પછી બીજા ગુરુ મળ્યાની વાત અને તેમાંય નારદઋષિ મળ્યાની વાત તો બને જ શી રીતે ? આ વાત અમે જરાય સમજતા નથી. તમો જ એ વિગતથી અમને કહી સંભળાવો..."

## ગર્ભાવસ્થામાં નારદ–બોધ

પાયાનું મૌલિક જ્ઞાન, ગર્ભે રહ્યાં મળી શકે;
કેમકે બ્રહ્મ છે વ્યાપ્ત, જીવે ને નિખિલે જગે. ૧

**એકને જાણી લો સૌએ, શાસ્ત્ર નિચોડ એ કહ્યો;**
**કેમકે એકને જાણ્યે, જાણશો સઘળું તમો. ૨**

ભક્તહૃદય પ્રહ્‌લાદજી પોતાના મિત્ર એવા દૈત્ય બાળકોના ગંભીર પ્રશ્નોનો ઉત્તર આપતાં બોલી ઊઠયા : "મિત્રો ! એક રીતે મોઢામોઢ ઋષિ નારદજી સાથે વાત નથી કરી, પરંતુ બ્રહ્મ સર્વવ્યાપી અને સદાકાળ સર્વ સ્થળે મોજૂદ છે, એમ જોઈએ તો તમો સૌને મારી વાત જ સાચી લાગશે. મારા પિતાશ્રી દૈત્યરાજ હિરણ્યકશિપુ એકવાર તપ કરવા ગયા. એ મોકાનો ખોટો લાભ ઉઠાવી ઇન્દ્ર સહિત દેવોએ દૈત્યો પર ચઢાઈ કરી. દૈત્યો ટકી ન શકયા. માલ-મત્તા, સ્ત્રી, બાળકો સૌને એમ ને એમ મૂકી જીવ લઈને નાઠા. પાછળ મારાં પૂજ્ય માતાજીને પણ કેદ કરીને દેવરાજ ઇન્દ્ર લઈ જવા લાગ્યો. તેવામાં ઋષિ નારદ બોલ્યા : 'આ ગર્ભવતી અને નિર્દોષ બાઈને ન રંજાડો, ગૌરવભેર એમને મુક્ત કરો !' દેવરાજ બોલ્યા : 'ઋષિજી ! એ બાઈને હેરાન કરવાની લેશ પણ ઇચ્છા નથી, પણ હિરણ્યકશિપુનો એ ગર્ભ અતિ શક્તિશાળી હોવો સ્વાભાવિક છે. માટે તે ગર્ભ જન્મ પામે કે તરત તેને મારી નાખી પછી એ બહેનને અમે તરત છોડી દઈશું.' નારદજી બોલ્યા : 'દેવરાજ ઇન્દ્ર ! એ ગર્ભ શક્તિશાળી તો અવશ્ય છે જ. પરંતુ હિરણ્ય-કશિપુએ તે ગર્ભાધાન ટાણે પ્રભુસ્મરણ કરેલું હોઈ તથા બાઈ કયાધુ પણ સદાની ભક્તિપરાયણ હોઈ તે ગર્ભસ્થ બાળક દૈત્યપુત્ર હોવા છતાં દેવપુત્રથી યે વિકાસમાં આગળ એવો અને ભગવાનના પરમ-ભક્તરૂપ જન્મશે, માટે એ ગર્ભને મારવાનો તમારો વિચાર તો ખુદ તમારી જાતને જ નહીં સાથોસાથ ભગવાનને મારવા બરાબર થાય તેવું છે. તે એવો પ્રતાપી છે કે તમો મારી પણ નહીં શકો.' આ સાંભળી દેવેન્દ્રે મારાં પૂજ્ય માતાજીને તરત ગૌરવભેર છોડી મૂકયાં એટલું જ નહીં પણ કેદ કર્યાં તેની પણ હાર્દિક ક્ષમા માગી. ભગ-

વાનની જેમ મારાં એ પૂજ્ય માતાજીને સારી પેઠે સમજાવ્યાં અને કહ્યું : 'બેટી! જ્યાં લગી તારા પતિશ્રી તપ કરીને પાછા ન ફરે ત્યાં લગી તું અહીં મારા આશ્રમ પર જ રહી જા.' એ રીતે નિર્ભયતાપૂર્વક મારાં માતુશ્રી પછી આશ્રમમાં જ રહી ગયેલાં અને પ્રેમ તથા ભક્તિથી નારદમુનિની સેવામાં ખૂંપી ગયં. ત્યારે ઋષિ નારદજીએ ભાગવત ધર્મનું રહસ્ય અને વિશુદ્ધજ્ઞાન એમ બેવડો ઉપદેશ આપ્યા કર્યો હતો. આ બધો બોધ આપતી વખતે ઋષિ નારદજી મારા ઉપર પણ બરાબર દૃષ્ટિ રાખતા હતા! અલબત્ત મારાં પૂજ્ય માતાજીને આ બધાં ભક્તિ-જ્ઞાન યાદ નહોતાં રહી શકયાં પરંતુ દેવર્ષિ નારદજીની કૃપાથી એ બધું મને હજુ પણ અને પૂરેપૂરું યાદ રહી ગયું છે! જો તમે પણ મારી આ વાત પર પૂરેપૂરી શ્રદ્ધા જાળવી રાખશો તો તમને સૌને પણ મારી માફક જ ભક્તિ અને જ્ઞાન લાધશે! કારણ કે શ્રદ્ધાથી તો સાવ નપાવટ ગણાતાં નરનારી-આબાલ-વૃદ્ધની બુદ્ધિ પણ મારા સમાન શુદ્ધ થાય જ છે! જેમ જન્મ, અસ્તિત્વનો અનુભવ, વૃદ્ધિ, પરિણામ, ક્ષય અને વિનાશ એ છયે ભાવ-વિકારો શરીરમાં જ દેખાય છે. આત્માની સાથે એનો કોઈ લગવાડ નથી જ. પણ સાથોસાથ આત્મા જ્ઞાનમય હોવાને લીધે જ જડ એવા શરીરમાં મમત્વ-બુદ્ધિ થવાને લીધે જ્ઞાનવિરોધી અજ્ઞાનપણું પણ વેદાય છે, એટલે જ 'હું અને મારું' એવા જૂઠા ભાવો આત્માની સહાય લઈને છોડી દેવા જોઈએ. જેમ માટી અને સોનું જાણકારી દ્વારા જુદું પાડી શકાય છે, તેવું જ આત્માનું છે. એક એવા શુદ્ધ આત્મસ્વરૂપને જાણી લેવાથી બધું આપોઆપ જણાઈ જ રહે છે. જો કે આમ જોઈએ તો નાનાં મોટાં પ્રાણી માત્રમાં આત્મા છે જ અને છતાં આત્મા જુદો પણ છે જ. માટે મિત્રો! તમે વયથી ભલે નાના રહ્યા પણ શ્રદ્ધામય બનો તો ખરેખર મોટાથી પણ મોટા ક્ષણવારમાં થઈ શકશો અને જ્ઞાન-ભક્તિ સાથે એવાં કામ કરો કે જેથી આખરે તમે વિશુદ્ધ આત્માવાળા થઈ પરમાત્મ-

પદને ઓળખી છેવટે તો તે પદને પામી પણ શકો જ. આમ તો આ પદ પામવા માટેનાં અનેક અને જુદા જુદા પ્રકારનાં સાધનો છે, પણ નિષ્કામ એવી પ્રભુભક્તિ સમાન બીજું કોઈ અજોડ સાધન છે જ નહીં. નિઃસ્વાર્થી માર્ગદર્શક ગુરુને મેળવી તેમાં સર્વથા સમર્પિત થઈ જઈ ભક્તિસુધારસ આપણે સૌએ પેટ ભરીને 'પી' લેવો જોઈએ. જેથી 'તૂંહી તૂંહી' એક 'હરિ'ની રઢ રહે અને કર્મબીજ જે રાગ–દ્વેષના અંકુરથી ફૂટે છે, તે કર્મબીજ તદ્દન ક્ષીણ થઈ જાય. આ ભગવાનમાંની તન્મયતાને કોઈ બ્રહ્મસુખ કહે છે, તો કોઈ નિર્વાણ સુખ કહે છે! માટે મિત્રો! તમો સૌને આ સુખ પ્રભુકૃપાથી શીઘ્ર પ્રાપ્ત થાઓ! બાકી ભોગસામગ્રી અને ધન વગેરે તો નકામાં જ છે. તે બધાં ક્ષણભંગુર હોવાથી કાંઈ સુખ આપી શકતાં નથી. એટલે ભગવાનમય બની જવાની વાત જ આપણે સૌએ બચપણથી શીખી લેવી જોઈએ!"

દૈત્ય બાળકો ઉપર પ્રહ્લાદજીના આ સહજ-બોધની અસર ઘણી ઊંડી થઈ એટલું જાણતાં જ એ છોકરાના ભણાવનાર શિક્ષકો ખૂબ ગભરાયા અને હિરણ્યકશિપુ આગળ, એમણે ચાડી ખાધી. હિરણ્યકશિપુ આ વાત સાંભળતાંવેંત ધૂંઆપૂંઆ થઈ ગયો. પ્રહ્લાદ પોતાનો પુત્ર હોવા છતાં હવે હિરણ્યકશિપુને પ્રહ્લાદની હત્યાના જ વિચારો રાત-દિન આવવા લાગી ગયા. 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' એમ અનુભવીઓએ કહ્યું જ છે ને?"

## નૃસિંહાવતાર

સ્વયં દેવત્વ સામેથી, આવે તોયે નહીં ગમે;
દેવત્વને જ ધિક્કારે, દૈત્યોની દૈત્યતા જગે. ૧

(માટે જ)સુપાત્રે દૈત્યતા પેસે, ત્યારે તે હાંકી કાઢવા;
કરવી પડતી વિશ્વ-વિભૂતિને કઠોરતા. ૨

હિરણ્યકશિપુને દૈત્ય બાળકોના શિક્ષકોએ જ્યારે ફરિયાદ કરી કે 'હવે અમારે સારુ બાળકોને શીખવવા–સમજાવવાનું કામ રહ્યું જ નથી. આપના આ પુત્ર પ્રહ્લાદે અમારી સ્થિતિ અત્યંત કફોડી કરી નાખી છે. જે દૈત્ય બાળકો અમારા પર શ્રદ્ધાળુ અને પરમ વિનયથી વર્તતા હતા તે જ બાળકો હવે અમને વાત વાતમાં એવા પ્રશ્નો પૂછતા થયા છે કે 'જેમનો જવાબ અમે પોતે કશો જ આપી શકતા નથી.' મતલબ હવે બધા દૈત્ય બાળકો પ્રહ્લાદ તરફ પરમશ્રદ્ધાળુ થઈ ગયા છે. સમયસર આનો ઉપાય નહીં લેવાય તો આ આપણો આખો દૈત્યલોક પણ દેવલોક જ બની જશે.' આ સાંભળીને હિરણ્ય-કશિપુનાં રોમે રોમ ઈર્ષ્યાની આગ ભભૂકી ઊઠી. એક દિવસ ઘણા વિનય સાથે પ્રહ્લાદ પોતાના પિતા પાસે ઊભો હતો. તે વખતે હિરણ્યકશિપુ બરાડી ઊઠ્યો : 'બહારથી સભ્યતા દેખાડનારા દુષ્ટ છોકરા ! હું તારાં કરતૂક જાણી ગયો છું. તું તો કુપુત્ર પાક્યો કે જે પોતાના પિતાના શત્રુને પૂજવા લાગ્યો, પણ હવે તો બધાય બાળકોને ફટવવા લાગ્યો છે, ખરુંને ? પ્રહ્લાદ હાથ જોડીને પિતા હિરણ્યકશિપુને વિનવે છે : 'પિતાજી ! ભગવાન જ આપણા સૌના પરમપિતા છે, તેમના તરફ આ દૈત્ય બાળકો વિશ્વાસુ બને, એમાં તો મહાશોભા છે. કારણ કે દુનિયામાં એથી મોટું તો બીજું કોઈ જ નથી ! બાપુજી ! આપનો દુશ્મન તો ક્રોધ અને ઘમંડ છે, જે કૃપા કરીને આપ દૂર કરો અને ભગવાનનું શરણું સ્વીકારી લો એટલે બેડો પાર થશે ! ભગવાન તો ભારે દયાળુ–કૃપાળુ છે! ભૂત-કાળના બધા ગુનાઓ માફ કરી નાખે, એવા પરમ ઉદાર છે! પણ જ્યાં અહંકાર, ગર્વ, દર્પ અને એ દિશાનું મહાબલ હોય, તેને એ વચનો શ્યે ગમે ?' તેણે તો સ્પષ્ટ કહી દીધું : 'હવે તું મારો સગો

દીકરો હો તોયે કટ્ટર શત્રુ છે. તને મારે જાતે જ મારી નાખવો પડશે. દુર્ભાગી! તારો જલ-સ્થલમાં રહેલો વિષ્ણુ આ સ્તંભમાં પણ હશે જ.' અને જેવી એ ખંભાને એણે લાત મારી કે ચારેબાજુ એવો ભયંકર અવાજ વિસ્તર્યો કે જેમ આખું જગત કંપવા લાગ્યું, તેમ એ પોતે પણ કંપ્યો. ત્યાં તો નૃસિંહ રૂપ એ જ થાંભલામાંથી પ્રગટ થઈ બહાર નીકળ્યું. જેવો હિરણ્યકશિપુ પોતાની ગદા ઉઠાવી, એ રૂપને મારવા જાય છે, તેવો જ તે પોતે જ નીચે પટકાઈ પડયો. નહીં મનુષ્ય, નહીં પશુ એવા આ રૂપે, ન દિવસ ન રાત્ર, ન ઘરમાં ન બહાર એવા ઊંબરા ઉપર બરાબર સંધ્યાએ એ મહાન રાક્ષસને પરલોકે પ્રયાણ કરાવી દીધું. એની સહાય કરવા આવેલા દૈત્યો પણ પરાજિત થઈ ચૂકયા. આ નૃસિંહાવતારે તો નખને જ જ્યાં આયુધો બનાવી દીધેલાં ત્યાં કોઈનું શું ચાલે? હિરણ્યકશિપુ પડી જતાં દેવો, માનવો, પશુ-પક્ષીઓ સર્વે આનંદ પામ્યા. દેવીઓ તો હર્ષથી નાચી ઊઠી. બ્રહ્મા, રુદ્ર, ઇન્દ્ર, ઋષિઓ, પિતરો, સિદ્ધો, વિદ્યાધરો, નાગો, મનુઓ, પ્રજાપતિઓ, ગંધર્વો, ચારણો, યક્ષો, કિંપુરુષો, વૈતાલિકો અને કિન્નરોએ પોતપોતાને લગતાં સંતોષ અને નચિંતતા પ્રગટ કરી પરમ કૃપાળુ ભગવાનની પરમ અને હાર્દિક સ્તુતિઓ કયાંય લગી કર્યા કરી. ભગવાનના પાર્ષદો બોલી ઊઠયા: "હે શરણાગતવત્સલ ભગવાન! આપનું આવું રૂપ તો અમે આજે જ દીઠું! પ્રભો! આ કાંઈ દૈત્ય, દૈત્ય જ થોડો હતો!! એ તો આપનો જ (અમારા સાથીરૂપ) સેવક હતો. સનકાદિકના શાપે બાપડો દૈત્ય બનેલો, તેનો આપના હાથે આજે ઉદ્ધાર થઈ ગયો. આપે તો હિરણ્યકશિપુરૂપ દૈત્યપણાને એ બાપડાના પ્રભુભક્ત આત્માથી વિખૂટું પાડીને એમને મૂળ પાર્ષદ ભાવમાં લાવી મૂકવાનો પરમ ઉપકાર કીધો. તેથી ખરી રીતે આ એનો વધ નથી, પણ ઉદ્ધાર જ છે!"

# પ્રહ્લાદ–પ્રાર્થના ને પ્રભુ વરદાન

ત્યાગી ભોગો ફરી પાછા, ભોગવે પરમાર્થથી;
વિશ્વહિતાર્થે ભક્તોને, ભગવન્મય ભાવથી. ૧

તેવા પરમ ભક્તોને જ સર્વાંગી–પ્રભુતા વરે;
બીજા ત્યાગી પૂરા તોયે, એકાંગી–સાધના ધરે. ૨

સર્વાંગી પ્રભુતા ધ્યેય, બાકી ગૌણ બધું ગણો;
તો જ વ્યષ્ટિ–સમષ્ટિનું, સ્વપર શ્રેય સાધશો. ૩

"ભગવાનને પોતાને પણ કોઈવાર એવો ક્રોધાવેશ થઈ જતો હોય છે, કે તે વખતે પાછા તેમને સચ્ચિદાનંદમય બનાવી મૂકવા, એ કાર્ય અસાધારણ હોય છે. સવાલ થશે કે 'ભગવાનને પણ જો ક્રોધાવેશ આટલી હદે આવી શકતો હોય તો ભગવાનનું ભગવત્પદ ક્યાં રહ્યું ?' પણ ખરેખર એવું નથી. ભગવાન તો એક અર્થમાં સમષ્ટિ-રૂપ છે અને સમષ્ટિ ઉપર દુઃખકારણ હોય તેને નિવારવામાં બીજાં પરિબળો પોતપોતાની શકિત–મર્યાદા મુજબ સહાયક ન બને અને સમષ્ટિ પરનું દુઃખ–નિમિત્ત મહા ભયંકર રૂપ ધારણ કરે તો તેને નિવારવા ખુદ ભગવાનને જ્યારે એકલે હાથે એ બધું કામ કરવુ પડે ત્યારે કામ, ક્રોધ અને લોભ આખાયે જગતનાં એકઠાં થઈ ભગવાનમાં પ્રગટ થતાં દેખાય, તે અસ્વાભાવિક નથી. અલબત્ત માયાને વશ ભગવાન જાતે થતા નથી, પણ માયાને પોતામાં (પોતાની કાયામાં) પ્રકટ થવા દઈ પોતે તો આવી પરિસ્થિતિમાં પણ નિર્લેપ રહી શકે છે. ભગવાનની આ મહા ખૂબી ઋષિમુનિઓ સહિત બ્રહ્મા–શંકર જેવા પણ નથી સમજી શકતા જ્યારે ભગવાનમય બનેલા મહાભકત

આ વાત સમજી જાય છે. ભગવાનના આ ક્રોધાવેશને જેમ ઋષિ-મુનિઓ કે બ્રહ્મા–શંકર ન નિવારી શકયા, તેમ ખુદ લક્ષ્મીજી પોતે પણ ન નિવારી શકયાં ! આખરે ત્યાં બ્રહ્માજીએ જાતે એક માત્ર પ્રહ્‌લાદ ભકતને પ્રભુ પાસે કહીને મોકલ્યા કે 'બેટા ! ભગવાનની પાસે તમો જાતે જ જઈ ભગવાનને શાન્ત કરો !' એક બીજી રીતે પણ પ્રહ્‌લાદ જ આ કાર્ય સારી પેઠે કરી શકે તેમ હતું. કારણ કે પોતાના પિતાના ક્રોધાવેશના નિમિત્ત પણ પોતે જાતે જ બન્યા હતા.' બસ બ્રહ્માજીનો આદેશ મળતાં જ બાળક પ્રહ્‌લાદ તો ભગવાન વિષ્ણુ (જે અત્યારે નૃસિંહાવતાર રૂપે બનેલા તે)ના ચરણમાં લોટી પડયા. વાણી કરતાં વર્તન જ વધુ પ્રભાવ પાડે છે. પ્રહ્‌લાદ ભકતને જોતાં-વેંત ભગવાનનું વાત્સલ્યસ્વરૂપ સોળે કળાએ ખીલી ઊઠયું. આંખોમાંથી અમૃત વરસવા લાગ્યું અને પ્રહ્‌લાદ તરત એ અમૃતરસમાં નિમગ્ન બની ગયા. અદ્‌ભુત ભાવસમાધિ આપોઆપ લાધી ગઈ. તે સમયે જે ભગવતપ્રાર્થના થઈ, તે એવી તો અજોડ હતી કે જેનો કયાંય જોટો જ ન મળી શકે.' આ ભગવતપ્રાર્થના જ્યારે ખુદ ભગવાનને પ્રસન્ન કરી શકે તો પછી બીજા કોને પ્રસન્ન ન કરે ? ભગવાન સ્વયં બોલી ઊઠયા :

"જન્મે તું દૈત્યપુત્ર છો, પણ ગુણકર્મે તું મારો લાડકો દીકરો બની ગયો છે. મને અનહદ પ્રસન્નતા થવાથી તને વરદાન આપવાની મહેચ્છા થઈ છે. માગી લે, બેટા ! યથેચ્છ વરદાન માગી લે !" પણ પ્રહ્‌લાદને પ્રભુચરણથી વિશેષ કશું માગવાનું મન ન હતું. છતાં ભગવાને જાતે કહ્યું : "તારે તારી જાત માટે નહીં, પણ આખાયે જગતની સાત્ત્વિકતા—વૃદ્ધિને કારણે ભોગો ભોગવી તારા ભોગ માટે બનેલી નિમિત્તભૂત નારીઓ અને સમસ્ત નારીજાતિ સહિત નરજાતિ અને પ્રાણી માત્રનું કલ્યાણ થશે." ભક્ત પ્રહ્‌લાદ બોલ્યો : "જો કે હું આપનો સૌથી નાનેરો ભક્ત છું. મારા પિતાજીએ

અજ્ઞાનવશાત્ આપની અવજ્ઞા કરી છે તે માફ કરી, એમનો પણ આપના ચરણમાં સ્વીકાર કરજો." ભગવાને કહ્યું : "બેટા ! હવે એ ચિંતા તું ન કર, એ ચિંતા હવે તારા જેવા મહાભક્તને કારણે મારા પર આવી છે." ત્યાર બાદ ભગવાન તો અંતર્ધાન પામી ગયા. પ્રહ્લાદે ભગવાનની ઇચ્છા મુજબ પોતાના પિતાની અંત્યેષ્ટિ ક્રિયા કરી નાખી. આ રીતે સૌએ મળીને પ્રહ્લાદને દૈત્યરાજ બનાવ્યો અને સર્વ દેવો પોતપોતાને સ્થળે સીધાવી ગયા."

## જય–વિજયની ક્રમશઃ મુક્તિ

ચાહે તે ભાવથી ભક્તો, ભજે પ્રભુને ખરા;
તેઓ વિકાસ પામીને, ક્રમશઃ મોક્ષ પામતા. ૧

ફરે દેવત્વ દૈત્યત્વ, પરમ પુરુષાર્થથી;
મનુષ્ય પામી આત્માર્થી, અંતે પામે પરં ગતિ. ૨

નારદમુનિ કહે છે: "યુધિષ્ઠિરજી ! આ પ્રકારે ભગવાનના એ બન્ને પાર્ષદો (જય અને વિજય) દિતિના પુત્ર તરીકે મહાન દૈત્યો થઈ ગયા. ખુદ ભગવાને એ બન્નેને આ રીતે માર્યા. તેમાં એ બન્નેનું પરમહિત જ હતું. એમ છતાં એ બન્નેની સાવ મુક્તિ ઋષિઓના શાપને કારણે ન થઈ અને ફરી પાછા કુંભકર્ણ અને રાવણરૂપી રાક્ષસીકુળના રાક્ષસ તરીકે જન્મ્યા અને સૌ જાણે છે કે તે જન્મમાં પણ અવતારી મહાપુરુષ ભગવાન રામચંદ્રજીને હાથે તેઓ માર્યા ગયેલા અને ભગવાનનું નામ લેતાં લેતાં એમના જીવનનો અંતકાળ આવેલો તે જ બન્ને ફરી એકવાર આ યુગમાં પણ ભગવાન કૃષ્ણરૂપી અવતારમાં ભગવાનના પરમ શત્રુરૂપે શિશુપાળ અને દંતવક્ત્ર નામના બે મહાન શત્રુઓ તરીકે પેદા થયેલા તેમજ જોત-

જોતામાં તેઓ બન્ને પણ ભગવાનમાં જ પાછા સમાઈ ગયા છે! ઠીક છે, આ વાત તો અહીં આ બેની જ કરી, પરંતુ ખરી રીતે તો મહાભારતમાં જેટલા ભગવાન કૃષ્ણ સાથે દુશ્મની રાખતા હતા, તે સૌનું અંતે તો કલ્યાણ જ થયું છે! કારણકે કોઈને કોઈ ભાવે ભગવાનને જે અહોનિશ યાદ રાખે છે, તે સૌની સદ્‌ગતિ થાય જ છે। જે ભગવાનમય સ્મરણથી ભગવન્મય બને અને તેઓની સર્વ પાપોથી અને સર્વ કર્મબંધનોથી મુક્તિ થાય તે દેખીતું જ છે! જેમ ભમરીએ પકડેલી કીડી ગમે તે કારણે પણ ભમરીનું રૂપ ધારણ કરી જ લે છે, તેમ ગમે તે રીતે પણ ભગવાનને માનનારાં ભગવન્મય બની શકે છે! આમ ભગવાનના પરમભક્ત જેવી દશા ભગવાનના પરમશત્રુ મનાતા લોકોની પણ અનાયાસે થાય જ છે! આમાં કશી નવાઈ નથી. યુધિષ્ઠિર! તેં મને પૂછેલું કે ભગવાન સાથે દ્વેષ કરવાવાળા શિશુપાળ વગેરેને ભગવાનની સારૂપ્યતા કેમ પ્રાપ્ત થઈ! તે વિષે વિગતવાર તને મેં સમજાવી દીધું! મતલબ કે આ આખ્યાનમાં પ્રભુ દ્વારા બે મહાન દૈત્યોના મૃત્યુની કથા તો છે જ. સાથેસાથ ભગવાનનું અવતારચરિત્ર પણ છે જ. સાથેસાથ ઘણી અજોડ એવી આ આખ્યાનમાં પ્રહ્‌લાદભક્તિ પણ છે. ભગવાનનાં ગુણ અને લીલાઓનું તથા જીવ, જગત અને ઈશ્વરનું પણ સુંદર વર્ણન છે. ઉપરાંત દેવો તથા દૈત્યોનાં પદ–પરિવર્તનની વાત પણ આ આખ્યાનમાં છે જ. માટે જ આ આખ્યાનને ઘણી જ એકાગ્રતાથી જે ચિંતવી ધ્યાનમાં બરાબર લઈ શકશે તેવા જિજ્ઞાસુ ભક્તશ્રોતાઓ અવશ્ય ભગવાનના અભયપદવાળા વૈકુંઠપદને પામશે જ.”

# મયદાનવના ત્રિપુરનો નાશ

અનુષ્ટુપ

વશે વિશ્વવિભૂતિ સૌ, રિદ્ધિ–સિદ્ધિ ય જેહના;
તે પ્રભુ જ્યાં થતા મૂર્ત, તે સદા ધન્ય ભોમકા. ૧

એવી જ ભોમકા એક, જગે અજોડ ભારતી;
દૈત્યતા પશુતા વો'ણી, માનવતા જહીં ખીલી. ૨

"પ્રભુ-ગાનમાં સદા મસ્ત એવા નારદ મુનિજી બોલી ઊઠ્યા : "અરે ધર્મરાજ યુધિષ્ઠિર! આપ ઘણા સદ્ભાગી છો! કારણ કે તમારા ઘરમાં ખુદ સાક્ષાત્ પરબ્રહ્મ–પરમાત્મા આવી વસ્યા છે અને વિવિધ રીતે તમોને સૌને આનંદ કરાવે છે! ડગલે ને પગલે ખડે-ખડા રહી મદદો કર્યા કરે છે! જેમનાં દર્શન માટે મોટા મોટા સિદ્ધેશ્વર મુનિઓ અનેક પ્રકારનાં જપ–તપ કરી જિંદગીની જિંદગીઓ ફના કરી નાખે, છતાં જે મળી ન શકે, એવા પરમ શાંત અને પરમાનંદાનુભવસ્વરૂપ પરમાત્મા તમારી સાથોસાથ વસીને સેવા ઉઠાવવા હરપળે તત્પર રહે છે. એ જ તમારા મામેર ભાઈશ્રી ભગવાન શ્રીકૃષ્ણ છે. શંકર અને બ્રહ્મા, જેનું વર્ણન કરવામાં પોતાની બધી જ બુદ્ધિશક્તિ ખરચી નાખે છે, છતાં જે વર્ણવી શકતા નથી, તે ભગવાન શ્રીકૃષ્ણ પોતે છે, બીજા કોઈ નહીં! એ જ સૌના એક માત્ર અને અજોડ આરાધ્ય દેવ છે. માયાવી મયાસુરે જ્યારે ભગવાન શંકરની કમનીય–કીર્તિને કલંક લગાડવા ઇચ્છ્યું ત્યારે ભગવાન શંકરની કીર્તિ–રક્ષા પણ તેઓએ જ કરી હતી."

ધર્મરાજ યુધિષ્ઠિર બોલ્યા : "ભગવાન શંકરની કીર્તિને કલંક લગાડવા મયદાનવે ક્યારે ઇચ્છ્યું અને ભગવાન કૃષ્ણે તેમને મદદ શી રીતે કરી? તે આપ જરા સ્પષ્ટ રીતે સમજાવો તો સારું."

નારદ મુનિ વદ્યા : "એકવાર એ જ ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી શક્તિ મેળવી દેવોએ સઘળા અસુરોને જીતી લીધેલા. તે વખતે એક એક દાનવ સંગઠિત થઈ મયદાનવ પાસે ગયા અને ફરીથી દેવો સામે યુદ્ધ આદર્યું. શક્તિશાળી એવા મયદાનવે પોતાની શક્તિ દ્વારા સોના, ચાંદી અને લોઢાનાં ત્રણ મહાન વિમાન બનાવ્યાં. તે માત્ર વિમાન નહોતાં, ત્રણ નગર જ હતાં! તેમાં અપરિમિત સામગ્રી ભરી હતી. તે ગુપ્ત રીતે આવજા કરી શકતાં. દૈત્ય સેનાપતિઓના મનમાં ત્રણે લોક અને લોકપતિઓ ઉપર વૈરભાવ તો હતો જ. પેલાં વિમાનોમાં રહી ચોરીછૂપીથી તેઓ બધાંનો નાશ કરવા લાગી ગયા. ત્યારે લોકપાલોની સાથે બધીયે પ્રજાઓ ભગવાન શંકરને શરણે ગઈ. કૃપાળુ શંકરે 'ડરો મા' એમ કહીને પોતાનાં ધનુષ્યબાણ એ ત્રણે વિમાનો પર છોડી મૂકયાં, જાણે આગની લપટો જ નીકળવા માંડી! આથી તે ત્રણેય જાણે બળવા લાગ્યાં અને બધા દૈત્યાધિપતિઓ નિષ્પ્રાણ બની ગયા. માયાવી મયદાનવ પાસે ઘણા ઉપાયો હતા. એણે પોતે જાતે બનાવેલા અમૃત કૂવામાં સૌ નિષ્પ્રાણ દૈત્યાધિપતિઓને લાવી લાવીને નાખવા માંડયા. તે સિદ્ધ અમૃતરસનો સ્પર્શ થતાં જ પાછા અસુરો તેજસ્વી અને મજબૂત શરીર–પ્રાણવાળા બની જતા. તેઓ વાદળોને વિદીર્ણ કરવાવાળી વીજળીમાંની આગની માફક ફરી તાજા-માજા થઈ તૈયાર થઈ જતા. જયારે ભગવાન શ્રીકૃષ્ણને ખબર પડી ગઈ કે 'પોતાનો સંકલ્પ પાર ન પડવાને કારણે ભગવાન શંકર ઉદાસ થઈ ગયા જણાય છે!' ત્યારે ભગવાન વિષ્ણુ પોતે ગાય બન્યા. અને બ્રહ્માજી વાછડો બન્યા. તેઓ બંને જણ ખરે બપોરે તે ત્રણેય પુરોમાં ગયા અને અમૃત રસના આખાયે કૂવામાંનું બધું અમૃત પી ગયા. જો કે રક્ષક દૈત્યો જોતા હતા! પણ માયાવશે તેઓ તે બંનેને કશું ન કરી શકયા. મયદાનવે તે રક્ષક દૈત્યોને આ ભગવાનની અપાર લીલાનું વર્ણન કરીને દિલાસો આપી દીધો. ભગવાન શંકરને ખુદ ભગવાને હથિયાર બનાવી, અભિજિત

નક્ષત્રમાં લડવા મોકલ્યા અને ભગવાન શંકરે ત્રણેય વિમાનોને ભસ્મ કરી નાખ્યાં. દેવો–દેવાંગનાઓ રાજી રાજી થઈ ગયાં. નાચવા લાગી ગયાં. હા, ત્યારથી ભગવાન શંકર 'પુરારિ' નામે પ્રખ્યાત છે."

## વર્ણાશ્રમ–રચના

વર્ણોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ, રક્ષે સમાજ સંસ્કૃતિ;
વૈદ્યક ન્યાય કરે સોંઘાં, ત્યાગ ને બ્રહ્મચર્યથી. ૧

જાનમાલ સદા રક્ષે, પ્રજાનાં ક્ષત્રિયો અને;
વૈશ્યો, શૂદ્રોય બાકીની, સેવા બજાવતાં જગે. ૨

આ રીતે જ રહી આખો, મર્ત્ય–સમાજ પ્રેમથી;
શાન્તિથી જીવીને અંતે મોક્ષે જાય પ્રયત્નથી. ૩

નારદજીને વળી ધર્મરાજ યુધિષ્ઠિરે પૂછ્યું : "મુનિજી ! ધર્મથી જ માણસને જ્ઞાન, ભગવત્પ્રેમ અને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થાય છે. આપ પોતે પણ પ્રજાપતિ એવા બ્રહ્માજીના (ખુદના) પુત્ર છો. આપની તપસ્યા, યોગ અને સમાધિને કારણે બ્રહ્માજી (આપના પિતા) પણ બીજા પુત્રોની અપેક્ષાએ આપનું જ અધિક સન્માન કરે છે. ઉપરાંત નારાયણ–પરાયણ, દયાળુ, સદાચારી અને શાન્ત તથા બ્રાહ્મણ ધર્મના ગુપ્તમાં ગુપ્ત રહસ્યને પણ આપ જેટલું જાણો છો તેટલું બીજા કોઈ જાણતા નથી. માટે એવા આપ જ મને વર્ણ અને આશ્રમોના ધર્મો ઉપરાંત સનાતન ધર્મનું પણ શ્રવણ (હું જે કરવાને માગું છું, તે કહેવા) કરાવવા કૃપા કરો." નારદજી બોલ્યા : "ખરી રીતે તો યુધિષ્ઠિરજી ! અજન્મા એવા ભગવાન જ આ સમસ્ત ધર્મોનું મૂળ કારણ છે. આ જ પ્રભુ ચરાચર જગતના કલ્યાણને

માટે ધર્મ અને દક્ષપુત્રી મૂર્તિના દ્વારા પોતાના અંશથી અવતાર ધારણ કરીને, બદરિકાશ્રમમાં તપસ્યા કરી રહ્યા છે. એ નારાયણ ભગવાનને નમસ્કાર કરીને એમના જ મુખથી સાંભળેલા સનાતન ધર્મનું હું વર્ણન કરું છું. સર્વ વેદસ્વરૂપ ભગવાન શ્રીહરિ એમનું તત્ત્વ જાણવાવાળા મહર્ષિઓની સ્મૃતિઓ અને જે વડે આત્મગ્લાનિ ન થઈને આત્મપ્રસાદની પ્રાપ્તિ થાય, એવું કર્મ એ જ ધર્મનું મૂળ છે. આવા ધર્મનું સેવન, ચાર વર્ણોમાં જે મુખ્ય કરે છે, તેઓને બ્રાહ્મણ કહેવાય છે. શમ, દમ, તપ, પવિત્રતા, સંતોષ, ક્ષમા, સરળતા, જ્ઞાન, દયા, ભગવત્પરાયણતા અને સત્ય એ બધા સદ્‌ગુણો બ્રાહ્મણોનાં લક્ષણો છે. એમના પ્રત્યે ભક્તિ રાખીને વીરતાપૂર્વક પ્રજાનું પાલન કરે છે, તે ક્ષત્રિય કહેવાય છે. અર્થ, ધર્મ અને કામ એ ત્રણે પુરુષાર્થોની રક્ષા કરવી અને ઉદ્યોગપરાયણ રહેવું, તેમ જ વ્યાવહારિક નિપુણતા આચરવી એ બધાં વૈશ્યનાં લક્ષણો છે અને આ ત્રણેય વર્ણોની રક્ષા કરવી, એ શૂદ્રોનું લક્ષણ છે. મતલબ કે તેઓ વિનમ્રપણે આખાયે સમાજની સેવા બજાવે છે. જે મળે તેમાં રાજી રહી અને કુળ–સેવા કરીને તથા પતિપરાયણ રહી શકે તે જ સતી નારી છે. આ રીતે ચાર વર્ણો અને નારી જાતિથી આખોય માનવ-સમાજ એકંદરે સુખી, સ્વસ્થ અને શાન્તિમય રહી શકે છે. આ આખા સમાજનું લક્ષ્ય બ્રહ્મચર્ય ભણી રહે, તે પણ જરૂરી તો છે જ, પરંતુ એ કામ આશ્રમો પર નિર્ભર છે. આ આશ્રમોમાં મુનિ-વર્ગ સર્વોચ્ચ કહેવાય છે. અને તેઓ યુગે યુગે મનુષ્યોના ગુણો અને કર્મો જોઈને મૂળ તત્ત્વ જાળવી નવી નવી ઢબે જ ધર્મની અને કર્તવ્યોની વ્યવસ્થાની રચના કરે છે. મતલબ કે જેમ ખેતરમાં ખાતર. પાણી અને ખૂબ ખેડ થયા કરે તો જ પાક સારો પાકે, પણ ખાતર ન હોય અને ખેડમાં રસ ન હોય તો ખેતર હોવા છતાં અને બીજ હોવા છતાં છેવટે બધું જ બીજ સહિત નષ્ટ થાય છે. તેમ આખરે તો અર્થ અને કામ બન્નેમાંથી સ્વાર્થલાલસા

અને વાસના દૂર થતાં સંપૂર્ણપણે કામના નષ્ટ થઈ અંતે મોક્ષ સ્પષ્ટ થાય છે. આના માટે વર્ણાશ્રમ રચના ઋષિ–મુનિઓએ યથાર્થ રીતે આ દેશમાં યુગે યુગે ફેરફાર કરીને જાળવી રાખી છે, અને તે જ આ દેશની વિશિષ્ટતા છે."

## આશ્રમધર્મનો પાયો બ્રહ્મચર્ય

ઉપજાતિ

આ દેશની સંત પરંપરાએ,
સાથે લીધી ભારતની પ્રજાને;
સદ્ધર્મ દ્વારા જગ–પ્રેમ જીતી,
યુગે યુગે વર્ણ–વિશુદ્ધિ કીધી. ૧

અનુષ્ટુપ

સિંચાયું મૂળ વર્ણોનું, આશ્રમો ચારથી અહીં;
તે (આશ્રમો) ચારમાંય છે મુખ્ય, બ્રહ્મચર્ય પ્રથં કરી. ૨

નારદ ઋષિ ધર્મરાજ યુધિષ્ઠરને આગળની વાતો વિશદ રીતે રજૂ કરતાં કહે છે: "ધર્મરાજ! માનવ શરીર એ ધર્મનું સર્વશ્રેષ્ઠ સાધન હોવાથી તેના યોગક્ષેમની ચિંતા પ્રથમ કરવી રહી. સંરક્ષણ તથા પોષણથી સંવર્ધન અને સ્વાસ્થ્યનો વિચાર ચાર વર્ણોની રચનામાં રહેલો છે. યુગે યુગે જે જે વર્ણોની વિશેષ જરૂર પડે છે, તેમને તે તે મહત્ત્વ આ ભારતદેશમાં મળી રહ્યું હોય છે. મતલબ કે અહીં જાતિગત વર્ણરચના નથી પણ ગુણનિર્ભર વર્ણરચના છે. તેવી જ રીતે એ વર્ણરચનાની પાછળનું પીઠબળ જે ધાર્મિક–આધ્યાત્મિક રહેલું છે, તે આશ્રમો દ્વારા સ્થાપિત કરાય છે. તેનો મુખ્ય પાયો

બ્રહ્મચર્યમાં રહેલો છે. તેથી જ પ્રથમ આશ્રમ બ્રહ્મચર્યાશ્રમ તરીકે લેખાય છે. ગુરુકુળમાં નિવાસ કરવાવાળો બ્રહ્મચારી પોતાની ઇંદ્રિયોને વશ રાખી પોતાને છેલ્લામાં છેલ્લો ચાકર માની ગુરુચરણમાં સુદૃઢ અનુરાગ રાખે અને ગુરુ રાજી રહે, તે રીતે ગુરુનું હિતકાર્ય કરતો રહે ! સવારે અને સાંજે ગુરુ ઉપરાંત અગ્નિ, સૂર્ય અને શ્રેષ્ઠ દેવતાઓની ઉપાસના કરે ! અને મૌન રહી એકાગ્રતાથી ગાયત્રીનો જાપ કરે, તથા બેય વખતનું સંધ્યાવંદન આટોપે ! ગુરુ જ્યારે બોલાવે ત્યારે પૂર્ણપણે અનુશાસનમાં રહી તેમના દ્વારા (ગુરુ દ્વારા) વેદોનું અધ્યયન કરે ! પાઠ શરૂ કરતાં પહેલાં તથા અંતે ગુરુદેવના ચરણમાં માથું રાખી પ્રણામ કરે ! શાસ્ત્રાજ્ઞા મુજબ કટિમેખલા, મૃગચર્મ, વસ્ત્ર, જટા, દંડ, કમંડલ, જનોઈ તથા હાથમાં દાભડો ધારણ કરે ! સવારે અને સાંજે ભિક્ષા માગી ગુરુને બતાવી આજ્ઞા લઈ પછી પોતે ભોજન કરે ! કોઈ કોઈ દિવસે ઉપવાસ પણ કરે ! થોડું ઓછું ખાય અને શીલરક્ષા બરાબર કરે ! પોતાનાં કર્તવ્યો નિપુણતાથી પૂરાં કરે ! ગૃહસ્થો સાથે તો કામ પૂરતો જ વ્યવહાર કરે ! જુવાન ગુરુ–પત્ની સાથે પણ બ્રહ્મચારી બટુક વધુ પડતો પરિચય ન રાખે ! જ્યાં લગી નરનારી બન્નેમાં મૂળે આત્મા છે અને તે જ યથાર્થ છે; એવું સહજ જ્ઞાન ન થાય ત્યાં લગી નર અને નારી બન્નેનો ગાઢ સંપર્ક રહે, તે જોખમરૂપ ગણાય. આવી શીલરક્ષા જેમ બ્રહ્મચારીને જરૂરી છે, તેમ ગૃહસ્થાશ્રમીને માટે પણ બ્રહ્મચર્ય લક્ષ્ય જરૂરી છે, ખાનપાનમાં કેફી ચીજો અથવા માંસાદિ વર્જ્ય ચીજો કોઈપણ સંયોગોમાં ન લેવી જોઈએ. ચંદન તથા આભૂષણો છોડવાં જોઈએ. આમ દ્વિજાતિના લોકો પોતાની શક્તિ અનુસાર અધ્યયનલીન અને ચિંતનલીન જ રહે. બ્રહ્મચર્યાશ્રમ પૂરો થયે ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત આશ્રમોમાં ક્રમશઃ જઈ શકાય. વાનપ્રસ્થીઓ ખડધાન્ય, કંદમૂળ, ફળ આદિ સેવે. મોટે ભાગે ઝૂંપડી અને પહાડની ગુફામાં રહે ! ટાઢતડકો સહન કરે ! કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર ન રાખે.

વળી એટલું બધું તપ પણ ન કરે કે જેથી શરીરસ્વાસ્થ્યને હાનિ થાય! કાયાની મમતા તોડે અને સમતા જોડે! મૃત્યુ આવે તો એને અમૃતખોળો માની પ્રાણત્યાગને પણ અપનાવી લે અને પાંચ મહાભૂતોમાં વિલીન કરી નાખે અને પ્રાણી માત્ર સાથે પોતાના આત્માને લીન કરે. આમ વાનપ્રસ્થી જીવન પણ ચિંતન અને સાહિત્ય સર્જન તથા આત્મોન્નતિ માટે ખૂબ સાધક બનાવી શકાય છે."

## સદ્ધર્મ–સ્થાપના

જે અનાયાસ–આયાસ, ને તાદાત્મ્ય તટસ્થતા;
સાથે જીવનમાં પૂરાં, તે પામે પૂર્ણ સાધુતા. ૧

જેઓ પામેલ છે આપી, પ્રવૃત્તિલક્ષી–નિવૃત્તિ;
તે ક્રાન્તિપ્રિય સંતોથી, થતી સદ્ધર્મ સ્થાપના. ૨

મહર્ષિ નારદજી આગળ વધતાં કહે છે: "ધર્મરાજ! આ સંસારમાં માનવ-જન્મ મેળવવો સહેલો નથી. ઘણા પુણ્યસંચયે એ પ્રાપ્ત થાય છે. પરંતુ એ પુણ્ય સંચયનો ભોગલિપ્સાની તૃપ્તિ માટે જ ઉપયોગ થાય તો પુણ્યસંચય ક્ષય પામીને પાપ અથવા અધર્મ પ્રાપ્તિ પણ એ જ જન્મમાં પારાવાર થઈ શકે છે. ટૂંકમાં માનવ-જન્મ સ્વર્ગદ્વાર અથવા નરકદ્વાર પણ જરૂર બની શકે છે. ખરી રીતે માનવ જન્મ પામીને મોક્ષ ભણી પ્રગતિ થાય, તે જ સાચો માનવ–પુરુષાર્થ છે! જેમ વર્ણોના પાલનથી સ્વપર કલ્યાણ સાધવામાં મદદ મળે છે, તેમ આશ્રમોના પાલનથી સ્વપર કલ્યાણમાં અવશ્ય અને વ્યવસ્થિત ગતિ થાય છે. બ્રહ્મચર્યનો પાયો મજબૂત હોય તો ગૃહસ્થાશ્રમ પણ ઘણો સાધક નીવડે છે, પરંતુ નક્કર સામગ્રી જગતને આપવા માટે ગૃહસ્થાશ્રમ પછી વાનપ્રસ્થાશ્રમ સૌએ નક્કીપણે

સેવવો જોઈએ. તો જ જન્મ–મરણ તથા જીવ, ઈશ્વર અને જગતનું સાચું સ્વરૂપ પરખાઈ જાય! એટલું જ નહીં જગતને પણ વાનપ્રસ્થાશ્રમી જીવનનું અનુભવપૂર્ણ ચિન્તન પ્રાપ્ત થાય! એમ છતાં ખરેખર બ્રહ્મવિચારનું સમર્થ હોય અથવા બ્રહ્મવિચારનું સામર્થ્ય સર્વત્ર ફેલાવવું અને વધારવું હોય તો પૂર્ણપણે સંન્યસ્ત સેવવો અનિવાર્ય છે. આ ભારતવર્ષમાં એનું પાલન પુષ્કળપણે થયેલું હોવાથી આ દેશ ત્યાગી–તપસ્વી સંન્યાસીઓના દેશ તરીકે જ મશહૂર છે. પ્રથમ તો સંન્યાસમાં માનવ શરીરરૂપી સાધનને સાધનરૂપે તંદુરસ્ત અને સ્વસ્થ બનાવી મૂકવું પડે છે અને માયા-મમતા અને અહંતા જડમૂળથી કાઢી નાખવા માટે શરીર સિવાયની જે કોઈ ચીજ–વસ્તુ છે, તે સૌને છોડવી જ પડે છે! અને પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠાની મમતા પૂર્ણપણે તજીને પગપાળા વારંવાર ગામડે ગામડે ઘૂમવું પડે છે. મોટેભાગે તેવા સંન્યાસીઓ જંગલમાં અને અમુક સમય પૂરતા તો વસ્ત્રરહિત રહેતા હોય છે, પહેરે ત્યારે પણ ઓછામાં ઓછાં વસ્ત્ર પહેરે ઓઢે છે. તેઓ સમજે છે કે 'વસ્ત્ર અંગરક્ષણાર્થે છે, વિલાસ–વૈભવ માટે નથી જ!' આ વાત આવા સંન્યાસીઓ બરાબર સમજીને વર્તે છે. સંન્યાસી તો એ અર્થમાં પ્રાણી માત્રનો હિતૈષી જ છે. સાથોસાથ તેઓ પ્રાણી માત્રના પાલક પણ છે જ! આવો સંન્યાસી બધો જ લગવાડ દૂર કરવા એકાકીપણે વિચરે છે. સુષુપ્ત અને જાગ્રત એ બન્ને દશાથી પર રહેલી આત્મદશાને બરાબર ઓળખી લે છે. ખરી રીતે તો ઘણીવાર જેમ બંધન એ એક પ્રકારની માયા છે, તેમ એક અર્થમાં મોક્ષ (જો માત્ર કાલ્પનિક કે માનસિક વિકલ્પો રૂપ હોય) પણ માયા જ છે. આથી સાચા સંત જીવિત કે મરણ બેમાંથી એકેયને કદી આવકારતા કે અવગણતા નથી. સાચા સંત સાચાં શાસ્ત્ર ઉપર પ્રીતિ કરે, કદી વાદવિવાદવાળા તર્કોમાં ગુંચવાઈ ન જાય. માત્ર વ્યાખ્યાન આપી દેવાના ધંધામાં ન પડતાં અનુભવયુક્ત વચનો જ સુપાત્ર શ્રોતાઓ આગળ અનાયાસે

અને સહજ ભાવે કહે. સાધુઓ ચિહ્ન રાખે કે ન રાખે એમનું મુખ્ય ચિહ્ન આત્માનું અનુસંધાન જ હોય ! બહારથી ભલે લાઘરિયો કે પાગલ જેવા લાગે પણ બાળક જેવા તેઓ નિખાલસ અને ખૂબ પ્રતિભાસંપન્ન પણ હોય છે."

## પ્રવૃત્તિ ને નિવૃત્તિની સમતુલા

ભવતૃષ્ણા રહે ઊંડી, જાણી સમૂળગી હણે;
તે ગૃહસ્થાશ્રમી કિંવા સંન્યાસી મોક્ષ મેળવે. ૧

હાનિ-લાભો, સુખો–દુઃખો, જયો–પરાજયો;
જડે સૌ તે રહ્યાં; આત્મા સચ્ચિદાનંદ એકલો. ૨

પ્રાણી માત્ર મહીં તેવું, એક આત્મત્વ પેખતો;
વિશ્વમય બની જાય, પ્રસન્ન મર્ત્ય–સંત શો. ૩

મુનિ નારદજી ગુરુદેવ દત્તાત્રેય તેમજ ભક્ત પ્રહ્‌લાદનો ઐતિહાસિક સંવાદ વર્ણવતા વર્ણવતા બોલી ઊઠયા : 'ધર્મરાજ યુધિષ્ઠિર ! એક સમયે ભગવાનના પરમ પ્રેમી ભક્ત પ્રહ્‌લાદજી પોતાના કેટલાક મંત્રીઓની સાથે જ (પ્રજાહૃદયની વાત જાણવાની ઇચ્છાથી) વસતિ ઉપરાંત વન તથા ગિરિમાળાઓમાં વિહરી રહ્યા હતા. તે સમયે ભક્ત પ્રહ્‌લાદજીએ જોયું કે સહ્ય નામના મહાપર્વતની તળેટીમાં કાવેરી નદીને કાંઠે એક મુનિ પડી રહેલા. એમના શરીરનું નિર્મળ એવું બ્રહ્મતેજ શરીર પરની ધૂળને કારણે ઢંકાઈ જ ગયેલું. તેઓ એક મહાન સિદ્ધ પુરુષ છે, એવી લોકોને જરાય ખબર ન હતી. પણ હીરાને ઝવેરી તત્કાળ પારખી શકે, તેમ ભગવાનના પરમભક્ત પ્રહ્‌લાદજીએ તરત એમને ઓળખી લીધા હતા. જેથી પ્રહ્‌લાદજીએ પોતાના માથાને એ મહાપુરુષને ચરણે ટેકવીને ભાવપૂર્વક પ્રણામ

ર્યાં અને એમની વિધિપુરઃસર પૂજા પણ કરી. પછી કાંઈક જાણ-વાની ઇચ્છાથી આ જાતનો પ્રશ્ન કરી લીધો કે 'ભગવન્! આપનું શરીર સામાન્ય ઉદ્યોગ અને ભોગપ્રધાન માનવી જેવું ખૂબ હૃષ્ટપુષ્ટ જણાય છે! તો સંસારના સામાન્ય નિયમે જોતાં ઉદ્યોગી ધન મેળવી શકે અને એવા ધનિકો જ મોટે ભાગે ભોગોમાં ખરડાય છે, એટલે તે ખાનપાનથી હૃષ્ટપુષ્ટ થાય છે; બીજું કારણ મને સમજાતું નથી. તો ભગવાન! આપ કાંઈ ઉદ્યોગ તો કરતા નથી, ઊલટા મસ્તપણે બેફિકર થઈ પડચા રહો છો, તે જોતાં આપ પાસે ઉદ્યોગ વગર ધન તો હોય જ નહીં અથવા આપને માલમલીદા તો ખાવાપીવામાં મળે જ શાના? અને હે ભક્તરૂપી બ્રાહ્મણ દેવતા! વિના માલ-મલીદે આવું હૃષ્ટપુષ્ટ શરીર રહે શાનું? આ પ્રશ્નનો સરળ અને શીઘ્ર ઉત્તર સાંભળવાની મારી મનીષા છે, તો કૃપા કરીને સમજાવોને! આમ તો આપ ચતુર, વિદ્વાન અને સમર્થ દેખાઓ છો. આપની વાત પણ મધુર અને અદ્ભુત જણાય છે, તો મારે એ સમજવું છે કે આનું મૂળ કારણ શું છે?' તત્કાળ આ સાંભળી ગુરુ દત્તાત્રેય સસ્મિત બોલી ઊઠચા: "પ્રભુકૃપાએ ભક્ત દિલ હોઈ તમે આનો મૂળ મર્મ સમજ્યા તો છો જ, છતાં જગહિતાર્થે પૂછો છો, તો ટૂંકમાં કહી દઉં: 'સુખ જ આત્માનું સ્વરૂપ છે. તે નિવૃત્તિ અને પ્રવૃત્તિની સમતુલાથી જ પ્રાપ્ત થઈ શકે તેમ છે, જ્યારે માત્ર ક્રિયા-ત્મક નિવૃત્તિ કે પ્રવૃત્તિની દોટમાં મૂળે તૃષ્ણા પડેલી હોય છે. જેથી નથી પ્રવૃત્તિ સુખ આપી શકતી કે નથી નિવૃત્તિ સુખ આપી શકતી! ઊલટ તૃષ્ણાને કારણે પ્રવૃત્તિમાં રહો પણ સંસારપરિભ્રમણ જ એને લીધે વધ્યાં કરે છે. એવો અજ્ઞાની જીવ સ્વર્ગ–નરક અને પશુ–પ્રાણી જેવી નીચ ગતિમાં આવજા કર્યા જ કરે છે. જેમ સેવાળ વગેરેથી ઢંકાયેલા પાણીને અજ્ઞાની તરસ્યો જીવ ન જોતાં ઝાંઝવાની પાછળ ઝાવાં મારે છે તેમ આત્માથી ભિન્ન વસ્તુમાં સુખ શોધવાવાળો સંસારી જીવ સંસારમાં સ્વચ્છંદ–અહંતા–મમતા સાથે ઝાવાં માર્યા કરે છે. તેથી

તપ કરે, જપ કરે, શુભ ગણાતાં કામો કરે પણ (તેવો જીવ) અંતે હલકી ગતિને જ પ્રાપ્ત થાય છે. તેને ધન મળે, તોય દુઃખ અને ન મળે તોય દુઃખ. ઉપરાંત જો સત્તા મળી તો નરકગામી થઈ પડે છે. માટે હું એ બધું છોડી જીવ માત્રમાંથી જ્ઞાનાનંદ લૂંટયા કરું છું. તેથી દરેક વખતે હર્ષ-શોકને બદલે માત્ર પ્રસન્ન રહું છું. આમ તૃષ્ણા ન હોવાથી સહેજે શરીરને પોષક સામગ્રી અલ્પ પ્રયાસે મળી જાય છે અને આત્મગૌરવ પૂરેપૂરું સચવાઈ રહે છે." એવો પરમ-હંસપણાનો સાચો આદર્શ સમજી દત્તાત્રેય સંન્યાસી પાસેથી અનુજ્ઞા લઈ પ્રહ્લાદજી અને મંત્રીઓ પોતપોતાને સ્થાને તો ગયા, પણ આ અનુભવયુક્ત વચનો તે સૌના મનમાં કોરાઈ રહ્યાં."

## શ્રેષ્ઠ ગૃહસ્થાશ્રમ

ઉપજાતિ

સંસ્કાર દેનાર મનુષ્ય વિશ્વે,
સુપાત્ર ને સેવક — બ્રાહ્મણે ય તે;
ખુદ પ્રભુના પૂજનીય હોય,
તેથી જગે ઉત્કટ સ્થાન તેહનું. ૧

અનુષ્ટુપ

ગૃહસ્થાશ્રમ પંકાય, તેથી આ દેશનો ભલો;
ત્યાગી તપસ્વી ભક્તોનો, જેમાંથી થોક જન્મતો. ૨

ધર્મરાજ યુધિષ્ઠિર બોલ્યા : "હે નારદજી ! આપ દેવોનાય ઋષિ જ છો, તો માનવોના ઋષિ-મહર્ષિ હોવા વિષે શંકા જ ક્યાં છે ? પણ મારે તો મારી પોતાની વાત આપની પાસે પહેલી જાણી

લેવી છે. નારદજી! મારા જેવો એક ગૃહસ્થાશ્રમમાં રચ્યોપચ્યો માનવી સહેલામાં સહેલી રીતે અને વહેલામાં વહેલી તકે કઈ સાધના કરીને પરમપદ પામી શકે, તે કૃપા કરીને પહેલાં બતલાવી દો!"

મહર્ષિ નારદજી બોલ્યા: "માનવી માટે ગૃહસ્થાશ્રમ કશો બાધક નથી, ઊલટો વધુ સાધક છે જ. માત્ર અહંતા અને મમતા જ માનવીને નીચે પાડે છે. અહંતા–મમતા સમૂળી મારવાનો કે હટાવવાનો એક સહેલામાં સહેલો રસ્તો તો ભગવાનમાં પોતાની જાતને સમર્પી દેવી તે છે. એને લીધે વહેલામાં વહેલું પરમપદ આસાનીથી પ્રાપ્ત થઈ જાય છે. જે ભગવાનમાં પોતાની જાતને સમર્પે છે, તેને બીજા પણ તેવા જ ભગવતપ્રેમી ભક્તોનો વારંવાર સત્સંગ અનાયાસે મળી જાય છે. આવા સત્સંગનું મૂલ્ય અનહદ હોય છે! તેને લીધે ભગવાનની લીલારૂપી અમૃતનું સદાય પાન કરવાનું તેને મળી જ રહે છે! મોટા મોટા મુનિવરોની સેવા પણ આવાં સમર્પિત સાધક કે સાધિકાઓને અનાયાસે મળી રહે છે. આમ કરવાથી તેવો માનવી તરત સમજી જાય છે કે 'સગાંસ્નેહી, સ્વજન, ધનમાલ તથા છેવટે પોતીકું ગણાતું શરીર પણ જો છૂટી જવાનું જ છે, તો અહંતા અને મમતા શા માટે કોઈની કરવી? હા, કર્તવ્ય-ભાવે ગૃહસ્થાશ્રમી તરીકે સદૈવ પોતાની ફરજ બજાવ્યે જવી! એ જુદી વાત છે!' આથી કુદરતી વ્યવહાર જ એવો બની જશે કે બહારથી તો બીજાંની જેમ, તેવો સાધક પુરુષ પણ રાગી જ લાગશે, પરંતુ અંતરથી તે પરમ વૈરાગી જ હશે. પોતાની અસરવાળાં પોતીકાં સ્વજનોની આવશ્યકતાઓ દિનપ્રતિદિન ઘટાડતો જ જશે. તે બરાબર સમજશે કે અનિવાર્ય એવી આવશ્યકતાઓથી જો વધુ સંચિત કરાશે તો તે બીજાંઓને માટે કુદરતે જે અનિવાર્ય આવ-શ્યકતા નિર્મી છે, તેમાં તૂટ પાડીને સમાજનો ચોર બની જવા પામશે! એવો ચોર માનવી ખરેખર તો દંડને પાત્ર છે! હરણ, ઊંટ, ગધેડાં, વાંદરાં, ઊંદર, સાપ, પંખી અને માખી જેવાં નાનાં

મોટાં બધાંય પ્રાણીઓ પ્રત્યે પોતીકાં સંતાનની જેમ સાચી દિશામાં જનારા માનવીઓએ વર્તવું જોઈએ. અર્થ અને કામને માટે વધુ સમય સાધન અને સંપત્તિ નહીં વીતાવવાં જોઈએ. એક વાત એ પણ યાદ રાખવી જોઈએ કે 'પ્રામાણિક પ્રયત્નોથી પોતાને પોતાના હકની જે સામગ્રી મળે તે નાના મોટા સૌને વહેંચીને પછી બાકીની પોતે પોતા માટે વાપરવી જોઈએ.' કુટુંબીજનોમાં જે સ્ત્રી પરની મમતા હટાવી શકે છે, તે ગૃહસ્થ કર્તવ્યનો મર્મ જરૂર સમજી શક્યો છે, તેમ જાણવું. કારણ કે નારીની તન–ભોગની મમતા હટી ગઈ, તે બધાં પ્રત્યેનાં પોતાનાં કર્તવ્યો યથાર્થ બજાવી શકે છે. ખરેખર તો તે નારી–તન–ભોગ મમતા છૂટવાને કારણે ખુદ ભગવાન પર પણ વિજય મેળવી શકે છે. કારણ કે તેવાં સાધક–સાધિકા અનંત એવા આત્માને બરાબર ઓળખી શકે છે.' વર્ણોમાં પણ બ્રાહ્મણ સર્વશ્રેષ્ઠ એટલા માટે જ કહેવાય છે કે જે સંસ્કારોનું સદૈવ દાન કરી આત્મ-જ્યોતિને ઝળહળતી રાખે છે। એવી રીતે પિતૃશ્રાદ્ધનો મહિમા ગૃહ-સ્થાશ્રમીને માટે સવિશેષ એટલા માટે છે કે તેને લીધે વડીલોના ગુણોની સ્મૃતિ મન પર તાજી રહે છે. આત્માની ઓળખાણ સતત તાજી રાખવા માટે પુણ્યસંચય મોટામાં મોટું સાધન છે. આથી પુણ્ય કર્મ અથવા શુભ કર્મ ગૃહસ્થાશ્રમી માત્રે ખાસ કરવાં જોઈએ. જેમ કાળની પવિત્રતા પુણ્ય સંચય માટે તથા શ્રેય પ્રાપ્તિના પ્રયત્ન કાજે જરૂરી છે, તેમ ક્ષેત્રની પવિત્રતા જોવી પણ જરૂરી છે. ભગવાન અને આત્મા પ્રાણી માત્રમાં હોવા છતાં એક માત્ર મનુષ્યમાં જ વધુ પ્રકટ છે અને મનુષ્યોમાં પણ જેમાં તપયોગાદિ વધુ છે. તે શ્રેષ્ઠ પાત્ર ગણાય। એટલે ભગવાનની પ્રતિમાના અવલંબને ભગવાનને ભલે પૂજો, પણ સુપાત્ર માનવમાં ભગવાન વધુ સક્રિય છે એમ માની તેવા સુપાત્ર માનવને વધુ સેવો! ખુદ ભગવાન પણ આ જ કારણે સુપાત્ર માનવ અથવા બ્રાહ્મણને પૂજે જ છે!!!"

# ગૃહસ્થનો સ્વધર્મ

ગૃહસ્થે નિત્ય કર્તવ્યો, ધર્મલક્ષ્યે બજાવવાં;
આત્મજ્ઞાન તણી વાતો, અન્યથા છે નિરર્થકા. ૧

દેવો ને પિતૃઓ સાથે, પાયાના સમાજસેવકો;
તથા સમાજ પ્રત્યેય, દાનપ્રવાહ વાળવો. ૩

કેમ કે વ્યક્તિથી શોભે, જેમ સમાજ સર્વદા;
તેમ સમાજથી વ્યક્તિ, શોભે આબાદ સર્વથા. ૩

મોક્ષ ધર્મની વાતોને યુધિષ્ઠિર રાજવી પાસે આગળ લંબાવતાં મુનિશ્રી નારદજીએ કહ્યું : "ગૃહસ્થ પુરુષે જેમ આત્મજ્ઞાન માટે મથવાનું છે, તેમ પોતાનાં ગૃહસ્થ કર્તવ્યો પણ બરાબર બજાવવાનાં છે. નહીં તો આત્મજ્ઞાન માટેનો પ્રયત્ન પણ ખોટી દિશામાં જવાનો અથવા અધૂરો રહેવાનો પૂરતો ભય છે. દેવોને અન્ન સમર્પવામાં કે પિતૃઓને (શ્રાદ્ધદિન નિમિત્તે) અન્ન અર્પવામાં પણ સમાજ-સેવારૂપી બ્રાહ્મણોને વીસરવાના નથી. ધન-સંપન્ને પણ વધુ સગાં-વહાલાંને જ ભોજન કરાવવામાં પડી જવાનું નથી. એમ થવાથી શ્રદ્ધા વગેરેમાં ક્ષતિ થવાનો પૂરો સંભવ રહે છે. યોગ્ય એવાં જનોને પણ અન્નદાન કરવામાં તેઓને પરમાત્મસ્વરૂપે જોઈને જ અન્ન-દાન કરવું જોઈએ. જે કેટલાક લોકો પશુઓનું બલિ આવાં કૃત્યો વખતે ચઢાવે છે, તે ખોટું છે!! પિતૃઓ અને ઋષિમુનિઓ ન્યાયથી મેળવેલા અન્નાદિ અહિંસક પદાર્થોથી જ ખુશ રહે છે. અહિંસા જેવો બીજો એકેય ધર્મ નથી. તે મન, વાણી અને શરીરથી પાળવો જોઈએ. ધર્મજ્ઞ પુરુષે ઝીણવટથી ધર્મનો વિચાર કરવો જરૂરી છે. એમાં ન ક્યાંય સંકુચિતતા હોય (કારણ કે સંકુચિતતાથી સાચા

ધર્મમાં બાધા પડવાથી તે વિધર્મ બને છે।) પ્રાણાંતે પણ પોતાનું કર્તવ્ય(રૂપ સ્વધર્મ પ્રયાણ) ચૂકવું ન જોઈએ. દંભ કે છળ પણ ધર્મને નામે ન થવો જોઈએ. વર્ણાશ્રમનું મૌલિકત્વ જાળવી ધર્મને પણ યુગાનુકૂળ બનાવી દેવો જોઈએ. એ જ સાચું સ્વધર્મપાલન ગણાય. ધન અને ધર્મનો મેળ ભાગ્યે જ મળે છે, માટે ધનલોભ તદ્દન છોડી ધર્મને દરેક કાર્યમાં મુખ્ય ગણીને ચાલવાથી જ ધર્મ પળી શકે. કોઈ વાર એને માટે પ્રાણ પણ જતા કરવા પડે તો તૈયારી રાખવી જોઈએ. સંતોષી જન હંમેશાં સુખી રહી શકે છે.માટે ઇંદ્રિયોની લોલુપતાને વશ ન થવું. વ્યક્તિનાં અને સમાજનાં પણ તેજ, વિદ્યા, તપ અને યશ તો બચી શકે! વિવેકની ધર્મમાં ડગલે ને પગલે જરૂર પડે છે. વિદ્યા, તપ અને બીજું બધુંય, સંતોષ ન હોય અને ધન-લોલુપતા કે યશલોલુપતા હોય તો નકામું છે. તમોગુણ અને રજો-ગુણને સત્ત્વગુણથી તથા સત્ત્વગુણને પણ ઉપરતિથી વશ કરી લેવો જોઈએ. આ બધા માટે ઈશ્વરનિષ્ઠાની સાથોસાથ ગુરુભક્તિ પણ જરૂરી છે. છેવટે તો ગુરુભક્તિ જ બધા દોષોથી ઉગારી શકે છે. ગુરુદેવને તો સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ ઓળખવા જોઈએ. જે દુર્બુદ્ધિ પુરુષ ગુરુદેવને સામાન્ય મનુષ્ય ગણી અવિનયથી વર્તે છે, તેને માટે શાસ્ત્રશ્રવણ અને મહાન ક્રિયાઓ પણ વ્યર્થ બની જાય છે. ખરી રીતે તો ધર્મરાજ! ગુરુદેવ જ મોક્ષમાર્ગ માટે ભોમિયારૂપ છે. કારણ કે તેઓ નિઃસ્પૃહી, સકલ જીવો પ્રત્યે આત્મીયતાવાળા અને (અનાયાસે) ઉપકારક બની જતા હોય છે."

## સંન્યાસીનો આત્મધર્મ

કામક્રોધાદિ છે શત્રુ, આત્માના મુખ્ય તે ખરા;
અંકુશે તેમને રાખી, અંતે ક્ષીણ કરો ભલા. ૧

તે માટે મોહ સંબંધો છોડી કર્તવ્ય આચરે;
લોહી સગાં જનો સાથે, તે મુમુક્ષુ થાય છે. ૨

પ્રભુ શ્રદ્ધા કરી પુષ્ટ, સત્સંગ ને ગુરુકૃપા,
સાધી લેતાં થશે ક્ષીણ, ક્રોધાદિ દુશ્મનો બધા... ૩

નારદઋષિજી ધર્મરાજ યુધિષ્ઠિરને ઉદ્દેશીને આગળ કહે છે : "જેમ ખેતી, વેપાર એ બધાં શરીરરક્ષાનાં સાધનો ખરાં પણ તેને પરિણામે ભગવાનની પ્રાપ્તિ મોટાભાગના માણસોને થતી નથી. તેને માટે બીજી ક્રિયાઓ અને એકાગ્રતા સાધી લેવી પડે છે. તેવું જ ધર્મને ઓઠે તપ–ત્યાગ કે ધ્યાનાદિ કરો પરંતુ જો ક્રોધ, કામ, મદ, મોહ, લોભ અને મત્સર અથવા પાંચ ઈંદ્રિયો અને મન વશ ન થાય, તો તે તપ–ત્યાગનો કોઈ અર્થ નથી ! ! ખરી રીતે તો ભલે અમુક સમય માટે પણ કુટુંબ કબીલાથી (લોહીના સંબંધીઓની મમતાથી) દૂર થઈ આસન સિદ્ધ કરી મનને ૐકારમાં એકાગ્ર કરવાની જરૂર રહે છે ! મનને સંકલ્પથી મુક્ત બનાવી સ્વસ્થ પ્રસન્ન રાખવાની કળા માટે પ્રાણાયામનો પણ ઉપયોગ કરવો જરૂરી છે. છેવટે તો ઊંડા મનને શોધી હૃદય સાથે સુમેળ સાધી ચેતનામાં પરોવવા પ્રયત્ન કરવો જોઈએ. જેથી ચિત્ત શાંત થાય અને કામવાસનાની ચોટ આત્માને પાડી ન શકે ! જો ચિત્ત પ્રસન્ન, સ્વસ્થ અને શાંત રહે તો બ્રહ્માનંદનો સ્પર્શ, તેવા ચિત્તને જરૂર થઈ જાય છે. આ રીતે ક્રોધાદિ ઉપર કાબૂ ન મેળવાય તો સંન્યાસ લીધા પછી પણ કામાદિ વાસનાના આવેગો ગૃહસ્થાશ્રમ ભણી દોરી જાય છે. વમેલા ભોગો પાછા ભોગવવાને ચાળે એવા લોકો ચડી જાય છે. શરીરને જ આત્મા માની આવા લોકો ચારેય આશ્રમોને બગાડી મૂકે છે. ઢોંગી બની જવા પામે છે. આવા પતિતોનો સંગ ન કરવો કે તેમને પ્રતિષ્ઠા પણ ન આપવી. ઊલટ તેવા ઢોંગીઓના ઢોંગો તો સમાજમાં

ઉઘાડા થાય, તેની જ જહેમત ઉઠાવવી! જેથી લોકો ચેતીને ચાલી શકે. રાગ, દ્વેષ, લોભ, શોક, મોહ, ભય, મદ, માન (બીજાઓનું અપમાન–બીજાનું સારું જોઈને બળવું વગેરે) વગેરે જીવના ખરેખરા શત્રુ છે. કારણ કે તેમાં રજોગુણ–તમોગુણ જ પ્રાયઃ મુખ્ય હોય છે. એથી જ સત્સંગ અને પ્રત્યક્ષ ગુરુદેવનો શ્રદ્ધા–ભક્તિ સહિત આશ્રય લઈ પ્રભુ-શ્રદ્ધા દૃઢ કરી જ્ઞાનરૂપી તલવારથી રાગદ્વેષાદિ શત્રુઓનો નાશ કરી આત્મસ્થિરતા સાધી લેવી જોઈએ. જરા પણ પ્રમાદ કર્યો કે ગયા સમજવા! આત્મસ્થિરતા ન આવે ત્યાં લગી ડગલે ને પગલે પતનનું જોખમ ઊભેલું છે જ. આમ તો મોક્ષમાર્ગને નામે ધર્મને ઓઠે ભૌતિક અને આધ્યાત્મિક બન્ને પ્રકાર આવી શકે છે, પણ ભૌતિક લાલસા ઉપર વિજય મેળવી મોક્ષમાર્ગ કે ધર્મ-માર્ગને યથાર્થ રીતે સિદ્ધ કરી લેવો જોઈએ! યુધિષ્ઠિર! એક વાર મેં સંતોની અવહેલના કરેલી, તેને પરિણામે હું દાસીપુત્ર પદ પામેલો. પણ સંતોની સેવાથી ફરી મારો પણ ઉદ્ધાર થઈ જ ગયો, તેમ સંતસેવાથી જ ભગવાન પ્રસન્ન થઈ જાય છે. યુધિષ્ઠિર! તમે બધા ખૂબ સદ્ભાગી છો, જેથી તમારે ત્યાં ખુદ ભગવાનનો અવતાર થઈ ચૂક્યો છે!"

નારદજીની વાણી સાંભળી યુધિષ્ઠિરનું મન અતિ પ્રસન્ન થઈ ગયું! ભગવાન કૃષ્ણ ખરેખર ભગવાન છે, એ જાણીને નવાઈ જરૂર લાગી, પરંતુ નારદજી શા માટે ખોટું બોલે? તેઓ તો સાચું જ બોલે, તેવી ખાતરી પણ હતી જ. તેથી યુધિષ્ઠિરે શંકા જાહેર ન કરી. બસ આમ જ દેવતા, અસુર, મનુષ્ય આદિની સંપૂર્ણ રીતે સૃષ્ટિ થયેલી છે!"

# મન્વંતરોનું વર્ણન

રાજા પરીક્ષિતે હવે પૂછ્યું : "ગુરુદેવ ! શુકદેવજી ! આપે સ્વાયંભુવ મનુના વંશનું વિસ્તારથી વર્ણન કર્યું. એ જ વંશમાં એમની કન્યાઓ દ્વારા મરીચિ વગેરે પ્રજાપતિઓએ પોતાની વંશપરંપરા બરાબર ચલાવેલી. હવે આપ કૃપા કરી બીજા મનુઓનું વર્ણન કહી સંભળાવો ! ભગવાનનો મહિમા અનંત છે. જે જે મન્વંતરમા જન્મ ધારણ કરી ભગવાને વિવિધ લીલાઓ કરી છે, અને મોટા મોટા મહાપુરુષોએ જેમનું વર્ણન કર્યું છે, તે મને આપ જરૂર સંભળાવો. અમે વિશાળ અને મોટી શ્રદ્ધાથી એ વર્ણન સાંભળવા ઇચ્છીએ છીએ. ગયા મન્વંતરમાં ભગવાને જે લીલાઓ કરી, વર્તમાનમાં જે કરી રહ્યા છે, અને ભવિષ્યમાં પણ જે કરશે તે બધું આપ અમને સંભળાવવા કૃપા કરો !" શુકદેવે કહ્યુ : "પરીક્ષિતજી ! સ્વાયંભુવ મનુની પુત્રી આકૂતિમાં યજ્ઞપુરુષના રૂપે ધર્મનો ઉપદેશ કરવા માટે તથા દેવહૂતિમાં કપિલ ભગવાનરૂપે જ્ઞાનનો ઉપદેશ કરવા પુત્ર તરીકે ભગવાને જન્મ ધારણ કર્યો હતો. તેમાં મેં કપિલજીનું વર્ણન તો આ અગાઉ જ ત્રીજા સ્કંધમાં કરી દીધેલું, હવે યજ્ઞપુરુષની વાત કરુ છું. પરીક્ષિતજી ! ! સ્વાયંભુવ મનુ સમસ્ત કામનાઓ અને ભોગોનો ત્યાગ કરી ઘર છોડીને શ્રીમતી શતરૂપા સાથે ચાલી નીકળ્યા હતા અને સુનંદા નદીના તટ પર એક પગે પૃથ્વી પર ઊભા રહી વર્ષો લગી એમણે ઘોર તપ કર્યું. તે વખતે તેઓ ભગવાનની સ્તુતિ કરતાં કહેતા હતા : 'જગત જેમને જાણતું નથી, પણ જેઓ જગતને બરાબર જાણે છે, તે જ પરમાત્મા છે. જેઓ વિશ્વના પ્રાણી માત્રમાં સભર ભરેલા છે. માટે સંસારના સર્વ જડચેતન પદાર્થો પરનો મોહ છોડવો જોઈએ અને માત્ર ઉપયોગ પૂરતો જ જડચેતનના સંબંધોનો ઉપયોગ કરવો જોઈએ. તૃષ્ણાનો સર્વથા ત્યાગ કરવો ઘટે. પ્રભુની સત્તાથી જ વિશ્વની હસ્તી છે. તે અનંત

અને વાસ્તવિક સત્ય પરબ્રહ્મ એવો આત્મા જ પરમાત્મા છે ! વિશ્વરૂપ છે ! ! એમનાં અનેક નામો અને અનેક શક્તિઓ છે. તેઓ બીજાને દાખલો બતાવવા પોતાની મર્યાદામાં રહીને કર્તવ્ય કર્મો સતત કર્યા જ કરે છે. આખરે તો તેઓ જ સર્વ ધર્મોના પ્રવર્તક અને જીવનદાતા છે. એકવાર એવા સ્વાયંભુવ મનુ ભગવાન ઉપનિષદરૂપ શ્રુતિનો પાઠ કરતા હતા. ત્યાં ઝોકું આવ્યું અને તરત તેમને ખાવા માટે તેમના ઉપર રાક્ષસો તૂટી પડ્યા. તે જ વખતે અંતર્યામી ભગવાન યજ્ઞપુરુષ પોતાના પુત્ર યામની સાથે ત્યાં આવી પહોંચ્યા અને અસુરોનો સંહાર કરી નાખ્યો. બીજા મનુનું નામ સ્વારોચિષ હતું. તે અગ્નિના પુત્ર હતા. તેના પુત્રો દ્યુમાન, સુષેણ અને રોચિષ્માન આદિ હતા. તે મન્વંતરમાં ઇંદ્રનું નામ રોચન હતું. પ્રધાન દેવગણ, તુષિત આદિ તે કાળે હતા. ઉર્જસ્તંભ આદિ વેદવાદી ગણ ત્યારે સપ્તર્ષિઓ હતા. તે વખતે વેદશિરા ઋષિને તુષિતા નામની પત્ની હતી. તેણીના ગર્ભથી ભગવાને 'વિભુ' નામનો અવતાર ધારણ કર્યો. તેઓ આજીવન નૈષ્ઠિક બ્રહ્મચારી રહ્યા. તે કારણે અઠાસી હજાર ઋષિઓ વ્રતનિષ્ઠ બની બ્રહ્મચારી થઈ ગયા. ત્રીજા મનુ પ્રિયવ્રતના ઉત્તમ પુત્ર હતા. તે મનુના પુત્રોનાં નામ પવન વગેરે હતાં. એ મન્વંતરમાં વશિષ્ઠજીને પણ પ્રમદ વગેરે સાત પુત્રો હતા. અને સત્ય વગેરે દેવતાઓનાં પ્રધાન જૂથ હતાં. તે વખતે ઇંદ્રનું નામ સત્યજિત હતું. તે વખતે ધર્મનાં સૂનૃતા પત્નીને ગર્ભે પુરુષોત્તમ ભગવાને સત્યસેનને નામે અવતાર ગ્રહણ કરેલો. સત્યવ્રત નામના દેવગણ પણ એમની સાથે હતા. ત્યારે દુષ્ટ યક્ષ–રાક્ષસો વગેરેનો સંહાર કરેલો. ચોથા મનુનું નામ તામસ હતું, તે ત્રીજા મનુના સગા ભાઈ થતા હતા. તેમના પૃથુ વગેરે દશ પુત્રો હતા. સત્યક આદિ પ્રધાનગણ અને ઇંદ્રનું નામ ત્રિશિખ હતું. મન્વંતરમાં જ્યોતિર્ધામ વગેરે સપ્તર્ષિઓ હતા. તે વખતે વૈધૃતિ વગેરે દેવોએ નષ્ટપ્રાય વેદોને બચાવેલા. એ વખતે ઋષિપત્ની હરિણીના ગર્ભે

હરિના રૂપમાં ભગવાને જન્મ લઈ ગ્રાહની ચૂડમાંથી ગજેંદ્રનો મોક્ષ કરાવેલો."

આ વિષે પરીક્ષિત રાજાએ ગજેન્દ્રમોક્ષની પ્રશંસનીય, પુણ્યમય અને શુભમંગલકારી કથા સાંભળવા ચાહી. જેમાં ભગવાન શ્રી હરિના યશનું મહાવર્ણન છે. એ વખતે સૂતજી બોલ્યા: "હે શૌનકાદિ ઋષિઓ! રાજા પરીક્ષિત આમરણાંત અનશન કરીને જ આ કથા સાંભળવા બેઠા હતા. એટલે તેમના જ પ્રેરાયેલા શુકદેવજી આનંદપૂર્વક એ કથા કહેવા લાગી ગયા."

## ગજેન્દ્રમોક્ષ

પ્રવૃત્તિ ને નિવૃત્તિ બે, તેમ આપત્તિ સંપદા;
બન્નેમાં સમતા સાધી, પ્રભુલીન બનો સદા. ૧

તો યોગક્ષેમની ચિંતા સે'જે પ્રભુ કર્યે જતા;
જો સ્વચ્છંદ અહંતા ને—રાગદ્વેષ નહીં થતાં. ૨

શુકદેવજી બોલ્યા: "પરીક્ષિત! ક્ષીરસાગરમાં એક ત્રિકૂટ નામનો મોટો અને ઊંચો પર્વત હતો. તે પર્વતનાં ચાંદી, સોનાં અને લોઢાંનાં શિખરો હતાં. એ શિખરો ચોમેર જાણે ઝગારા મારતાં હતાં. વચ્ચેની સપાટ જમીન પર પણ રત્નોની ખાણ અને રંગબેરંગી ફૂલોવાળા બગીચા અને સરોવરો હતાં. ગુફાઓ પણ મનોહર હતી. ત્યાં જેમ વાઘ-સિંહ રહેતા તેમ આ સુંદર-સ્થળો પર રમ્યક્રીડાઓ કરવા માટે દેવ-દેવાંગનાઓ પણ આવતાં. ખાસ કરીને તેમની રસિક ક્રીડાઓ ઋતુમાન ઉદ્યાન નામના અતિ સુંદર બગીચામાં સવિશેષ થતી. એમાં વિવિધ વૃક્ષો પણ હતાં. તે બગીચામાં પણ એક મનોરમ્ય સરોવર હતું. જેમાં સોનેરી કમળો ખીલેલાં રહેતાં.

જ્યાં ભમરાઓના ગુંજારવ થતા રહેતા. ત્યાં ગજ અને હાથણીઓનાં ઝૂંડ પણ રહેતાં. એક વખત હાથીને બહુ તરસ લાગી. તેથી તે એ સરોવર પર આવી પહોંચ્યો. અને સરોવરમાં પડી પેટભર પાણી પી પછી પોતાની પ્યારી હાથણીઓ તથા બચ્ચાંઓ પર સૂંઢથી પાણી ઢોળી સ્નાન કરવામાં મસ્તાનો બન્યો હતો. તેવામાં એક ક્રોધે ભરાયેલા બળવાન ગ્રાહે એના પગને બરાબર જોરથી પકડી લીધો. પણ ઘણું જોર કરવા છતાં તે પોતાના પગને છોડાવી ન શક્યો. કોઈવાર હાથી પેલા ગ્રાહને પાણીમાંથી ખેંચી બહાર કાંઠા લગી લાવે તો કોઈવાર મહા હાથીને પેલો ગ્રાહ (જલચર પ્રાણી) અંદર ઊંડાણમાં ખેંચી લઈ જાય. આમ પારસ્પરિક બળ અને દાવ અજમાવતાં ઘણો સમય વીત્યો પરંતુ બેમાંથી એકેય જણ જીતવા ન પામ્યું! અંતે હાથી આમ તો દુનિયાનું સૌથી ગંજાવર અને બળવાન પ્રાણી ગણાય છે, પણ આખરે તેની કાયા ઢીલી થઈ. તે થાકી ગયો. તેણે વિચાર કર્યો: આજે હું આ ગ્રાહના ફાંસલામાં ઘેરાઈ ચૂક્યો છું. જો મને મારા મજબૂત સાથી હાથીઓ પણ મને આમાંથી ન છોડાવી શક્યા, તો બાપડી હાથણીઓ શી રીતે છોડાવી શકશે. માટે હવે હું સર્વશક્તિમાન એવા એક માત્ર પરમાત્માનું શરણું લઈ લઉં અને તે પ્રમાણે એક જ પરમાત્માને શરણે સ્તુતિ કરવા લાગી ગયો! એ સ્તુતિમાં ભારોભાર ભક્તિ હતી! તેથા ખુદ સર્વશકિતમાન ઈશ્વરને તે અનન્યભાવે ભજવા લાગી ગયો! જ્યારે ભગવાનને હવે પૂરી ખાતરી થઈ કે ગજેન્દ્રનો અહંકાર મરવા પડ્યો છે કે તરત ગુરુડ પર આવીને પણ તેમણે પૂરેપૂરું ધ્યાન આપી ત્યાંને ત્યાં ગ્રાહ પાસેથી ગજેંદ્રને પૂરેપૂરી રીતે બચાવી લીધો!"

# ગજેન્દ્રનો પૂર્વજન્મ

માનથી જે 'અહ" આવે, તે અહંકાર છોડજો;
ને વિશ્વમયતા લક્ષ્યે, વ્યક્તિત્વ વિકસાવજો. ૧

તો આખરે થશો આત્મા–રૂપ આત્મા થકી તમો;
બનીને પ્રભુનું અંગ – કર્મમુક્તિ ય પામશો. ૨

શુકદેવજી બોલ્યા : "પરીક્ષિતજી ! ગજેંદ્રનો અહંકાર ટળીને તેણે ભગવાનની જેવી શરણાગતિ સ્વીકારી કે તરત ભગવાને ગજેંદ્રની સાથે ગ્રાહને બહાર લાવી, તેના મુખમાંથી પકડેલો ગજેંદ્રનો પગ છોડાવી આપ્યો ! અને તરત ત્યાં બ્રહ્મા, શંકર આદિ દેવો, ઋષિઓ, ગંધર્વો વગેરે ભગવાનની આ શરણાગતવત્સલતાને ખૂબ વખાણવા લાગી ગયા. સ્વર્ગમાં દુંદુભિઓ વાગવા લાગ્યાં. ગંધર્વ અને અપ્સરાઓ નાચવા લાગી ગયાં. અહીં તે ગ્રાહ પણ તત્કાળ આશ્ચર્ય પામવા યોગ્ય એવા દિવ્ય શરીરવાળો બની ગયો. મૂળ તો તે 'હૂહૂ' નામનો એક શ્રેષ્ઠ ગંધર્વ જ હતો. દેવલઋષિના શાપને કારણે ગંધર્વની આ દશા થયેલી. ભગવાનની એક કૃપાદૃષ્ટિને કારણે તે સાવ મુક્ત થઈ ગયો ! એણે ભગવાનને ચરણે માથું ટેકવી ભાવપૂર્વક પ્રણામ કર્યા. અને તરત ભગવાનનો સુયશ ગાવા લાગી ગયો ! ભગવાનની કૃપાથી ગ્રાહનાં બધાં પાપ–તાપો નષ્ટ થઈ ગયાં. તે ભગવાનને પ્રદક્ષિણા કરી ભગવાનનાં ચરણોમાં પ્રણામ કરી, જોતજોતામાં તો પોતાના મૂળ સ્થાનમાં ચાલ્યો ગયો.

એ જ રીતે ગજેંદ્રને પોતાને ભગવાનનો સ્પર્શ થતાં વેંત જ એનું અજ્ઞાન પણ સમૂળગું જતું રહ્યું. તે ખુદ ભગવાનમય બની ગયો. એટલે કે પીતાંબરધારી ચતુર્ભુજ બની ગયો. પૂર્વ જન્મમાં ગજેંદ્ર દ્રવિડ દેશનો પાંડયવંશી રાજા જ હતો. એનું નામ ઈંદ્રદ્યુમ્ન

હતું. તે ઘણો યશસ્વી અને ભગવાનનો શ્રેષ્ઠ ઉપાસક હતો. એક વખત રાજપાટ છોડીને તે મલય પર્વત પર રહેતો હતો. તેણે જટા વધારી તપ કરવા માંડયું. એક દિવસ સ્નાન પતાવી, તે મૌનવ્રતી થઈ મનને એકાગ્ર કરી સર્વશક્તિમાન ભગવાનની આરાધના કરવા લાગી ગયો. તે જ વખતે દૈવયોગે પોતાની શિષ્ય મંડળી સાથે અગસ્ત્ય ઋષિ ત્યાં આવી પહોંચ્યા. અને ઇંદ્રદ્યુમ્ન પર ક્રોધે ભરાયા. અને બોલ્યા : "ઇંદ્રદ્યુમ્ન ! તું અહંકારવશ થઈ ખોટે માર્ગે ચઢી ગયો છે. માટે તને હાથીની યોનિ મળો !" ઋષિ તો ચાલ્યા ગયા. અને હાથીએ પણ 'પોતાના કર્મયોગે જ આ દશા પમાઈ છે, તો પ્રેમથી તેને સહન કરી લેવી.' એમ માન્યું. આથી હાથીની યોનિમાં જન્મ મળવા છતાં તે વિકસિત મનવાળા માનવીની માફક ભગવાનને સંભારી શકયો. ભગવાને પણ આ રીતે તેને પોતાનો પાર્ષદ જ બનાવી દીધો ! તરત જ ભગવાન પોતે પણ ગરુડ પર બેસી સ્વધામ (એ પાર્ષદની સાથે જ) પહોંચી ગયા ! કુરુવંશશિરોમણિ રાજવી ! મેં તમને કલિમલ હટાવી દુઃસ્વપ્નને દૂર કરવાવાળી આ અમૃતકથા સુણાવી દીધી ! એથી જ દુઃસ્વપ્નની અસર મટાડવાવાળી અને શાંતિ, ઉન્નતિ અને સ્વર્ગીયતા દેવાવાળી આ ગજેંદ્રકથા બ્રાહ્મણો પ્રાતઃ-કાળે જાગે કે તરત મોટેભાગે પ્રાર્થનારૂપે કહે જ છે ! ખુદ ભગવાને પણ આની તારીફ પોતાના શ્રીમુખે કરેલી હતી ! ભગવાનનાં ખુદનાં આ વચનો છે : 'જે લોક રાતને પાછલે પહોર જાગી મારું અને મારા ભક્તોનું સ્મરણ કરે છે તે બધાં પાપોથી છૂટી જાય છે. ઉપરાંત જે લોકો બ્રાહ્મમુહૂર્તે આ ગજેંદ્રસ્તુતિનું નિષ્ઠાપૂર્વક–એકા-ગ્રતાપૂર્વક સ્તવન કરે છે, તેને મર્યા પછીથી હું નિર્મળ બુદ્ધિનું દાન પણ કરીશ જ."

આ રીતે હે પરીક્ષિત રાજા ! ભગવાને આમ બોલી દેવો વગેરેને આનંદિત કરતાં થકાં, પોતાનો શ્રેષ્ઠ શંખ વગાડયો અને વાહન ગરુડ પર બેસીને સ્વધામ જવા રવાના થયા."

# સમુદ્ર—મંથન

દુશ્મનો ભીતરે બેઠા, કામક્રોધાદિ સર્વ તે;
એક બાજુ હણો તેને, આત્મપ્રકાશ લાધશે. ૧

કિંતુ પછી સમાજે જે, અન્યાયો ને અનિષ્ટ તે;
ટાળવા કાજ આત્માર્થી, મથે છે, સર્વથા જગે. ૨

તો જ સર્વાંગી-આત્માની, પ્રાપ્તિપૂર્ણતયા થશે;
બહિરાત્મા મટી જીવ શિવ સિદ્ધત્વ પામશે. ૩

શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત રાજન્ ! મેં તમોને ગજેંદ્ર-મોક્ષની જેમ એક ઉત્તમ વાત કહી દીધી, તેમ હવે રૈવત મન્વંતરની વાત કહું છું. સાંભળો. પાંચમા 'મનુ'નું નામ જ રૈવત હતું, તે ચોથા 'મનુ' તામસના સગા ભાઈ જ હતા. એ પાંચમા મનુને અર્જુન, બલિ, વિન્ધ્ય વગેરે કેટલાય પુત્રો હતા. તે મન્વંતરમાં ઇંદ્રનું નામ હતું વિભુ, અને તે કાળે ભૂતરય આદિ દેવોનાં પ્રધાન જૂથ હતાં ! ઉપરાંત હિરણ્યરોમા, વેદશિરા, ઊર્ધ્વબાહુ વગેરે સપ્તર્ષિઓ હતા. તે પૈકીના એક શુભ ઋષિનાં પત્નીનું નામ વિકુણ્ઠા હતું. એમના ગર્ભમાં અંશાવતાર તરીકે ખુદ ભગવાને વૈકુંઠ નામનો અવતાર ધારણ કર્યો. અને એમણે જ લક્ષ્મીદેવીની પ્રાર્થનાથી એમને પ્રસન્ન કરવા વૈકુંઠ-ધામની રચના કરેલી. વૈકુંઠલોક દુનિયામાંના બધાં ધામો કરતાં શ્રેષ્ઠ લેખાય છે. તે વૈકુંઠના કલ્યાણમય ગુણ અને પ્રભાવનું વર્ણન આમ તો હું ટૂંકમાં ત્રીજા સ્કંધમાં કરી ચૂક્યો છું. વળી વિસ્તારથી એ કહેવું પણ સહેલું નથી જ. ઉપરાંત ભગવાન વિષ્ણુના સંપૂર્ણ ગુણોનું વર્ણન તો કોઈ કરી જ નથી શકતા.' એમ કરવું એ તો પૃથ્વીના પરમાણુની ગણતરી કરવા જેવી જ વાત ગણાય. છઠ્ઠા 'મનુ

ચક્ષુના ચાક્ષુષ પુત્ર નામે હતા. એમના પૂરુ, પુરુષ, સુદ્યુમ્ન વગેરે કેટલાય પુત્રો હતા. તે કાળે ઇંદ્રનું નામ હતું મંત્રદ્રુમ અને પ્રધાન દેવગણ આપ્ય આદિ હતા. તે મન્વંતરમાં હવિષ્યમાન અને વીરક આદિ સપ્તર્ષિઓ હતા. જગત્પતિ ભગવાને એ વખતે પણ વૈરાજની પત્ની સંભૂતિના ગર્ભથી અજિત નામનો અંશાવતાર પ્રગટ કરેલો કે જે અવતારે સમુદ્રમંથન કરી દેવો માટે અમૃત કાઢેલું! અને ભગવાન પોતે પણ કાચબાનું રૂપ ધારણ કરી મંદરાચલના રવૈયાના આધાર રૂપ બન્યા હતા. હવે પરીક્ષિતથી ન રહેવાયું અને તેઓ બોલ્યા: "ભગવાને ખુદે ક્ષીરસમુદ્રનું મંથન શી રીતે કર્યું અને કયા કારણે અથવા કયા ઉદ્દેશથી પોતાની પીઠ પર મંદરાચલ(પર્વત)ને ધારણ કર્યો? તે વખતે દેવતાઓને અમૃત શી રીતે મળી શક્યું? અમૃત સિવાય પણ બીજી કઈ વસ્તુઓ તેમાંથી નીકળી? ભગવાનની આ લીલા ખૂબ અદ્દભુત છે. આપ કૃપા કરીને સંભળાવો?' હવે સૂતજી બોલ્યા: "શૌનકાદિ ઋષિઓ! બ્રહ્મચારી શુકદેવજીએ પ્રથમ તો આ પ્રશ્ન કરવા બદલ પરીક્ષિત રાજાનું અભિનંદન કર્યું અને પછી તેઓ શાંત, સ્વસ્થ અને પ્રસન્ન ચિત્તે બોલવા લાગી ગયા." શુકદેવજી બોલ્યા: "પરીક્ષિતજી! આ તે વખતની વાત છે કે જ્યારે અસુર જૂથોએ પોતાનાં તીક્ષ્ણ હથિયારોથી દેવતાઓને હરાવી નાખ્યા હતા! અનેક જણાઓએ તો ત્યાં મૃત્યુ પણ નોંતરી લીધાં હતાં! કારણ તે જમાનામાં દુર્વાસા ઋષિના અભિશાપને લીધે આખાં ત્રણે જગત અને ખુદ દેવોનો ઇંદ્ર પણ શ્રીહીન થઈ ગયેલ. ત્યાં લગી કે યજ્ઞયાગાદિ ધર્મકર્મોનો જ લોપ થયેલો! આ બધી દુર્દશા જોઈ ઇંદ્ર, વરુણ આદિ દેવોએ આપસમાં ખૂબ જ વિચાર્યું પણ તેઓ કોઈ ચોક્કસ નિર્ણય પર પહોંચી ન શક્યા! તેથી બધા જ દેવો સીધા સુમેરુના શિખર પર બેઠેલા બ્રહ્માજીની સભામાં પહોંચી ગયા. અને ઘણી નમ્રતાથી આ બધું તેમને કહી સંભળાવ્યું. ખુદ બ્રહ્માજીને પણ લાગ્યું કે જ્યારે અત્યારે ઇંદ્ર, વાયુ આદિ સમર્થ દેવતાઓ પણ

શક્તિહીન બની ગયા છે, ત્યારે લોકોની સ્થિતિ ઘણી વિકટ અને સંકટગ્રસ્ત થઈ ગઈ છે. અને એનાથી સામે અસુરો ખોટી રીતે ફૂલી ફાલી રહ્યા છે. ત્યારે બ્રહ્માજીએ એકાગ્ર મને પ્રભુને સંભાર્યા. પછી થોડી જ વારમાં ભગવન્મય બ્રહ્માજીએ પ્રફુલ્લિત મુખે દેવતાઓને કહ્યું : 'દેવતાઓ ! હું, શંકરજી, તમે બધા તથા અસુર દૈત્ય, મનુષ્ય, પશુ-પંખી, વૃક્ષ અને સ્વેદજ આદિ સમસ્ત પ્રાણી કે જેઓ ભગવાનના વિરાટમાંથી એક અત્યંત સ્વલ્પાતિસ્વલ્પ અંશરૂપે રચાયેલ છે. સૌ મળીને ભગવાનનું જ આપણે શરણ સ્વીકારીએ ! જો કે ભગવાનની વિશાળ દૃષ્ટિમાં તો નથી કોઈ વધપાત્ર કે નથી તો કોઈ અનાદરપાત્ર ! તો પણ પ્રલયને સમયે તેઓ રજોગુણ, સત્ત્વગુણ અને તમોગુણનો સ્વીકાર કર્યા કરે છે. એ ભગવાને આ વખતે પ્રાણી માત્રના કલ્યાણને માટે સત્ત્વગુણ સ્વીકારેલ છે. માટે જ આ જગતની સ્થિતિ અને રક્ષાનો પવિત્ર અવસર છે. માટે આપણે બધા તે જ જગદ્ગુરુ–પરમાત્માનું શરણ સ્વીકારીએ. તે ભગવાન દેવોના પ્રિય છે તેમ દેવો પણ ભગવાનને વહાલા છે જ. એટલે આપણું તેઓ જરૂર કલ્યાણ કરશે જ. શુકદેવજી કહે છે : "એમ દેવોને તૈયાર કરી બ્રહ્માજી તે બધાંને સાથે લઈ ભગવાન અજિતજી પાસે વૈકુંઠ ધામે આવ્યા કે જે ધામ તમોમય પ્રકૃતિથી હંમેશાં દૂર છે ! પણ કંઈ દેખાયું નહીં, તેથી બ્રહ્માજીએ એકાગ્રમને વેદવાણી દ્વારા ભગવાનની સ્તુતિ કરી પ્રસન્ન થવા વિનંતિ કરી." આ પછી શુકદેવજીએ કહ્યું : "બસ એ જ વખતે ભગવાન ખુદ પ્રગટ થઈ ગયા. સૌએ તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. ભગવાનને કહ્યું : વાસુકિ નાગનું રાંઢવું અને મંદરાચલ પર્વતનો રવૈયો કરી ક્ષીરસાગરને ધીરજ અને ક્રોધિત થયા વિના મથવા લાગો. લોભ ન કરશો. અસુરોને કશું ખાસ નહીં મળે, અમૃત તો તમોને જ મળશે.' આ સાંભળી બ્રહ્મા, શંકર અને દેવો વગેરે સૌ ખુશી ખુશી થતાં રવાના થયા. ભગવાન તો તે પહેલાં જ અંતર્ધાન થઈ ચૂકયા હતા."

# નીલકંઠનું વિષ–ગ્રહણ

માનવીના મહા શત્રુ, સ્વચ્છંદ ને ઘમંડ બે;
પેસે સમૂહમાં ત્યારે, ખુદ પ્રભુ હલી ઊઠે. ૧

સહેજે ઘટના એવી, બની જાય જગે પછી;
ઇચ્છાએ કે અનિચ્છાએ, મર્ત્યબુદ્ધિ સાધી થતી. ૨

સ્વૈચ્છિક સંયમી રીતે, જ્યારે સૌ જન ચાલશે;
ત્યારે જ માનજો નિશ્ચે ધર્મકાર્ય થશે જગે. ૩

શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત ! ત્યારબાદ દેવો પોતાના પ્રમુખ ઇંદ્રજી સહિત બધા અસુરોના અધિપતિ એવા બલિ પાસે પહોંચી ગયા. હથિયાર વિના દેવોને આવેલા જોઈ દૈત્યો તો આ તકનો દુર્લાભ લઈ દેવોને પકડવા માગતા જ હતા. પરંતુ દૈત્યરાજ બલિ તકનો દુર્લાભ લેવામાં માનતા ન હતા. એમણે તો ઊલટું સંધિનો અવસર આવેલો જાણી ખૂબ પ્રેમથી તે સૌને આવકારી લીધા. ઊંચા આસનથી નીચા ઊતરી સામે જઈને દેવોને માન પણ આપ્યું. દેવો ખૂબ રાજી થયા. ઇંદ્ર અને દેવોએ અસુરરાજ બલિને ઉચ્ચ આસને બેસવા વિનંતિ કરી. તેમ થયા બાદ બોલ્યા : 'ખુદ ભગવાનની ઇચ્છા છે, તો દેવો – દાનવો આપણે સાથે કાં ન મળીએ ?' બલિ હતા અસુરરાજ, પણ સમજુ હતા, તરત સંમત થઈ ગયા અને તેમના સેનાપતિઓ પણ સંમત થઈ ગયા. સામાન્ય રીતે માણસને લડાઈની વાતો ચાહે તેટલી ગમતી હોય, યુદ્ધમાં વિજયની ગમે તેટલી ચટપટી હોય, પરંતુ વાટાઘાટોનું દ્વાર ઊઘડતું હોય તો કુદરતી રીતે તે સૌને ગમે છે. ગમવું જ જોઈએ ! એને લીધે તો દેવો અને દાનવો વચ્ચે તરત સંધિ થઈ ગઈ અને દેવો–અસુરો સૌએ ભેગા મળી

સમુદ્રમંથનનો ઉદ્યમ કરવો શરૂ કર્યો. ત્યારબાદ મંદરાચળ પર્વતને ઉખેડી તો નાખ્યો પણ ધાર્યા કરતાં આ કામ ઘણું કઠણ નીવડ્યું. જેમ તેમ કરી બન્નેના સંયુક્ત બળને લીધે સમુદ્રકાંઠા લગી તો લઈ ગયા. પણ સમુદ્રની અંદર જ્યાં લગી મંદરાચળ મૂકે નહીં ત્યાં લગી સમુદ્રમંથન થાય શી રીતે? મૂળ તો બંનેય વર્ગને પોતપોતાની બહાદુરીનું ઘમંડ હતું. એ ઘમંડને લીધે જ પર્વત બન્નેના હાથમાંથી છટક્યો હતો. છટકતાં તેણે કેટલાય દેવોને તથા અસુરોને સારી પેઠે ખોખરા કરી નાખ્યા. એ બધાનો ઉત્સાહ ભાંગી ગયો કે તરત ભગવાન ગરુડ પર બેસી ત્યાં આવી પહોંચ્યા અને ભગવાનને જોતાં જ સૌનો ઉત્સાહ પાછો પૂર્વવત્ થઈ ગયો. ભગવાનની અમૃતમયી દૃષ્ટિ પડી તે પહેલાં જ 'ઘમંડ' સરી પડ્યું. ભગવાને રમતાં રમતાં ગરુડ પર પર્વત મૂકી દીધો અને પોતે સવાર થઈ તે પર્વત પર બેસી સમુદ્રતટની યાત્રા કરી. પછી ગરુડજીને વિદાય કરી ભગવાન એકલા ત્યાં રહી ગયા. નાગરાજ વાસુકિ નાગને, દેવો અને અસુરોએ અમૃતમાં તેમનો પણ ભાગ રહેશે એમ કહીને, આ કામમાં એમનો સાથ લીધેલો. બસ, હવે એને દોરડાં માફક વીંટીને ઘણા પ્રેમ અને આનંદ સાથે અમૃત માટે સમુદ્રને મથવો શરૂ કર્યો. એ સમયે પહેલે પહેલ અજિત ભગવાન વાસુકિ નાગના મુખની બાજુમાં મંથન માટે લાગી ગયા. તે જોઈ દેવો પણ ત્યાં જ આવીને એકાગ્ર થઈ ગયા, પરંતુ ભગવાનની આ ચેષ્ટા દૈત્ય સેનાપતિઓને પસંદ ન પડી. તેઓએ કહ્યું: 'પૂંછડું તો નાગનું અશુભ અંગ ગણાય! અમે ક્યાં કમ છીએ તે પૂંછડું પકડીએ?' એમ કહીને જેવા એક બાજુ ઊભા રહી ગયા કે તરત મર્માળુ સ્મિત કરીને ખુદ ભગવાને દેવતાઓની સાથોસાથ નાગનું પૂંછડું પકડી લીધું. બસ આ રીતે સૌ સમુદ્ર-મંથનમાં અને અમૃતની શોધમાં પોતપોતાનું સ્થાન સંભાળી લઈ લાગી ગયા. પરંતુ દુર્ભાગ્યવશ પર્વતને પકડી રાખવા છતાં તે ડૂબવા લાગ્યો. જો સમુદ્રમાં પર્વત ડૂબી જાય તો બધું જ કર્યું–

કારવ્યું ધૂળમાં મળી જાય! દેવો અને અસુરો જેવા નિરાશ થયા કે તરત અજિત ભગવાને કાચબાનું રૂપ ધારણ કરી સમુદ્રજળમાં પેસી પોતાની પીઠ ઉપર મંદરાચળ પર્વતને ઉપાડી લીધો. ભગવાન પોતે તો સત્યસંકલ્પ છે. અને ભગવાનની શક્તિ પણ અનંત છે. તેમને માટે આ સામાન્ય બાબત ગણાય! પછી ભગવાને બધામાં બળ સિંચ્યું. નાગરાજ વાસુકિના જબ્બર શ્વાસોચ્છ્વાસથી દેવો—અસુરો પાછા નિસ્તેજ થયા કે તરત તે જ વખતે ભગવાનની પ્રેરણાથી દેવતાઓ ઉપર વાદળોની વર્ષા થઈ અને વાયુમાં શીતળતા અને સુગંધનો સંચાર થયો. કઠિન પરિશ્રમે પણ અમૃત હજુ ન નીકળ્યું, ત્યારે ભગવાને જાતે સમુદ્રમંથન કરવા માંડયું કે તરત હાલાહલ નામનું ઉગ્ર વિષ સમુદ્રમંથનમાંથી નીકળ્યું અને ઊડવા લાગ્યું, તેથી પ્રજા માત્ર શિવશરણે ગઈ. સદાશિવ તો પાર્વતીજી સાથે ત્યારે કૈલાસ પર હતા. ત્યાં પ્રજા અને પ્રજાપતિએ તેમની હૃદયથી પ્રાર્થના કરી. તેઓ તો હંમેશાં પરમ દયાળુ જ છે! સતીજીને સમજાવી દીધાં. સતી પોતાના પતિ ભગવાનનો પ્રભાવ જાણતાં જ હતાં! એટલે ખુશીથી સંમત થયાં. એમણે એ કાલકૂટ વિષને પીવા હથેળી ફેલાવી અને એ હળાહળ ઝેર ગટગટાવી ગયા, જીરવી ગયા. આથી જ શંકર પોતે નીલકંઠ કહેવાય છે. જે દૂષણરૂપ હતું, તે જ હવે ભૂષણરૂપ બની ગયું. મહાનની ખૂબી જ મહાન હોય છે! આથી દેવો અને અસુરો ખુશખુશ થઈ ગયા. પછી કામધેનુ નીકળી, તે બ્રહ્મવાદી મહર્ષિ મુનિઓએ રાખી લીધી. ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો નીકળ્યો, જે લેવાનો બલિરાજને લોભ થયો. ભગવાને પ્રથમથી કહી રાખેલું, તેથી ઇંદ્રે તે લોભ જતો કર્યો! પછી ઐરાવત નામનો ચાર દાંતવાળો મનોહર હાથી નીકળ્યો. એમ એક પછી એક હવે સુંદર ચીજો સમુદ્રમંથનમાંથી નીકળવા લાગી ગઈ હતી."

# લક્ષ્મી અને ધન્વંતરિ–પ્રાગટ્ય

છીનવે પશુતાવાળા, દૈત્યો જો દેવભાગ તો;
જામે પરસ્પર કલેશ, ને છીનવ્યું સરી જશે. ૧

બૂરા ભલા તણો નિશ્ચે, બદલો શીઘ્ર સાંપડે;
માટે પ્રભુ તણું નામ, યાદ રાખો પળે પળે. ૨

શુકદેવજી કહે છે : "પરીક્ષિત રાજન્ ! આ રીતે સમુદ્રમાંથી નીકળેલા ઝેરને ભગવાન શંકરજીએ પી લીધું. કામધેનુને બ્રહ્મવાદી ઋષિઓએ લઈ લીધી. ત્યાર પછી ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો (કે જે) ચંદ્રમાના જેવો શ્વેત વર્ણનો નીકળ્યો તે અસુરરાજ બલિએ લીધો. ત્યાર પછી મોટા ચાર દાંતવાળો ઐરાવત હાથી નીકળ્યો. ત્યાર બાદ કૌસ્તુભ નામનો પદ્મરાગ મણિ સમુદ્રમાંથી નીકળ્યો. મણિ અજિત ભગવાને લઈ લીધો ત્યાર બાદ સ્વર્ગની શોભા વધારનારું કલ્પવૃક્ષ એ સમુદ્રમંથનમાંથી નીકળ્યું, જે મનઃકામના પૂરનારું હતું. ત્યાર બાદ આભૂષણોથી ઓપતી એવી અપ્સરાઓ નીકળી, તે દેવોએ વિલાસ માટે રાખી લીધી. ત્યાર બાદ શોભામૂર્તિ ખુદ લક્ષ્મીજી પ્રગટ થયાં. જાણે આખુંય જગત એની સેવામાં તત્પર થઈ ઊઠયું. કારણ કે એ તો ખુદ ભગવાનની જ નિત્ય શક્તિ છે ને ! તે હાથમાં માળા લઈ 'વર'ને પસંદ કરવા આમતેમ ઘૂમી. પરંતુ પોતાને યોગ્ય 'વર' અહીં લક્ષ્મીજીને મળ્યો જ નહીં. લક્ષ્મીજીને મનોમન લાગ્યું : 'દુર્વાસા આદિ તપસ્વી છે. પણ ક્રોધ પર એમણે વિજય મેળવ્યો નથી ! બૃહસ્પતિમાં જ્ઞાન છે. પણ પૂરી અનાસક્તિ નથી ! બ્રહ્મા વગેરે આમ પ્રભાવશાળી તો છે જ, પણ કામ પર હજુ વિજય મેળવ્યો નથી. ઈંદ્ર આદિમાં ઐશ્વર્ય તો ખૂબ છે. પણ જયારે બીજાનો આશરો એમને વારંવાર લેવો પડતો હોય છે, તો એ ઐશ્વર્ય શા કામનું ?

પરશુરામ જેવા ઋષિ, ધર્માત્મા તો છે જ, પરંતુ પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ ભરી સમતા તેઓ રાખી શકતા નથી! શિબિ જેવા રાજર્ષિ ત્યાગી તો ખૂબ છે જ, પણ માત્ર ત્યાગથી જ મુક્તિ મળી શકે નહીં. કાર્તવીર્યમાં વીરતા ઘણી છે. પણ કાળ આગળ તે વીરતાનું કાંઈ ચાલતું નથી. સનકાદિ ઋષિઓમાં વિષયાસક્તિ તો નથી, પણ સતત અદ્વૈત સમાધિમાં જ રહે એમની સાથે લગ્ન શી રીતે કરું? માર્કંડેય આદિ ઋષિઓ દીર્ઘાયુ તો જરૂર છે જ. પરંતુ એમનાં શીલ મંગલ મારે અનુરૂપ છે જ નહીં! હિરણ્યકશિપુમાં શીલ મંગલ તો છે જ, પણ આયુષ્ય ક્યારે છૂટે, તેનો કાંઈ ભરોસો જ નથી. ભગવાન શંકરમાં ઘણું બધું સારું છે, પણ તેઓ હમેશાં અમંગલ વેશમાં જ રહે છે! હવે બાકી રહ્યા માત્ર વિષ્ણુ ભગવાન! તેઓમાં તો સર્વ પ્રકારની સંપૂર્ણતા છે. કશી જ ખામી નથી! પણ તેઓ મને ચાહે છે જ ક્યાં? તેનું શું? પરંતુ આખરે એમની પસંદગી કર્યા સિવાય એમને માટે બીજો ઉપાય જ નહોતો. કારણ કે એમનામાં બધા જ ઉમદા ગુણો હતા. ખરેખર કહીએ તો લક્ષ્મીજી આવા પરમ પુરુષ વિના બીજા કોને વરવા માટે ચૂંટી શકે! એથી લક્ષ્મીજીએ એક માત્ર પોતાના આશ્રય સ્થાન રૂપે એમને જ પતિ તરીકે ચૂંટયા! અને ગળામાં સુંદર વરમાળા સમય કે ક્ષણ ગુમાવ્યા વિના આરોપી દીધી. પછી જ્યાં પોતાનું કાયમી સ્થાન છે, તે વિષ્ણુ ભગવાનની છાતી પર ઠીક ઠીક મીટ માંડી એની સામે જોઈ પાસે જ મૌનપણે ઊભી રહી ગઈ! ભગવાને પણ ખુશી થઈ લક્ષ્મીને પોતાના હૃદય-કમળમાં સ્થાન આપી દીધું! લક્ષ્મીજીએ પણ ત્યાં વિરાજમાન થઈ કરુણામય દૃષ્ટિથી ત્રણે લોક, લોકપતિ અને પોતાની પ્રાણપ્યારી પ્રજાની આબાદી કરી નાખી. તે વખતે શંખ, તુરઈ, મૃદંગ આદિ વાજાં વાગવા માંડ્યાં. ગંધર્વો તથા અપ્સરાઓ પણ નાચવા લાગી ગયાં. એથી ઠીક ઠીક અવાજ થવા લાગ્યો. બ્રહ્મા, રુદ્ર, અંગિરા આદિ બધા પ્રજાપતિઓ પુષ્પવર્ષા કરતા કરતા ભગવાનનાં ગુણ,

સ્વરૂપ અને લીલા આદિનું યથાર્થ વર્ણન કરવાવાળા મંત્રોથી એમની સ્તુતિ કરવા લાગ્યા. પરીક્ષિતજી! ખરેખર દેવતા, પ્રજાપતિ અને પ્રજા એ બધાં જ લક્ષ્મીજીની કૃપાદૃષ્ટિથી શીલ આદિ ઉત્તમ ગુણોથી સંપન્ન થઈને ઘણાં સુખી થઈ ગયાં. બાકી દૈત્યો અને દેવો પર લક્ષ્મીજીની કૃપા ન થવાથી દૈત્યો નબળા, ઉદ્યોગરહિત અને નિર્લજ્જ બન્યા તથા દેવતાઓ લોભી થઈ ગયા! ત્યાર બાદ સમુદ્રમંથનમાંથી વારુણી નીકળી જેને દૈત્યોએ ભગવાનની અનુમતિથી લઈ લીધી. ત્યારબાદ દેવો અને દૈત્યોના સમુદ્રમંથનથી એક ઉત્તમ પુરુષ નીકળ્યો. એમના હાથ ખૂબ જાડા અને લાંબા હતા. એ પુરુષનું ગળું શંખ જેવું ચઢાવઉતાર જેવું હતું. શરીરનો રંગ સુંદર અને આંખોમાં લાલિમા હતી! ગળામાં માળા! અંગે અંગમાં આભૂષણોની સજ્જતા હતી. શરીર પર પીળું પીતાંબર! કાનમાં ચમકતાં કુંડલો, પહોળી છાતી, તરુણ વય, સિંહસમું પરાક્રમ, અનુપમ સૌંદર્ય, ચીકણા અને ઘૂઘરાળા વાળ શિર પર લહેરાતા હતા. છબિ ઘણી સુંદર. એમના હાથમાં કંકણ અને અમૃતભર્યો કળશ હતો. તેઓ બીજા કોઈ નહીં પણ વિષ્ણુ ભગવાનના અંશરૂપ અને આયુર્વેદના પ્રરૂપક, યજ્ઞભોક્તા એવા મશહૂર ધન્વંતરિ દેવ હતા. દૈત્યોએ તરત જ તેમના હાથમાંનો અમૃતકળશ છીનવી લીધો, તેથી દેવો નિરાશ નિરાશ થઈ ગયા. ખેદ એમના મુખ પર તરવરતો લાગ્યો. તરત ભગવાને દિલાસો આપ્યો અને કહ્યું : 'જુઓ, હમણાં જ એ બધાંમાં ઝઘડા થવાના' અને તેમ જ થયું. તેઓમાંના જ બોલવા લાગ્યા : 'દેવોએ પણ મહેનત કરી છે. માટે તેમને પણ ભાગ મળવો જ જોઈએ. તો જ ધર્મ જળવાય.' આમ અંદરોઅંદર હું હું તું તું થતું હતું. તેવામાં જ ભગવાને એક મોહજનક અજોડ નારીનું રૂપ વરી લીધું."

# મોહિની-લીલા

સૌની ક્રિયા છો સરખી જણાયે, તે ભાવભેદે ફ્લભેદ પામે;
સત્ય પ્રભુનિષ્ઠ કરે ગમે તે, તે તોય મુક્તિ-પદ મેળવે છે. ૧

મૂઢ સ્વાર્થી ડરે સૌથી, લાલચે ઢળી જતો;
કષ્ટ લાલચમાં સ્થૈર્ય, માટે સત્પ્રભુ આશરો. ૨

શ્રી શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે: 'બસ; જેવી દૈત્યોમાં અંદરોઅંદરની હુંસાતુંસી થવા લાગી કે તે જ પળે ચતુર શિરોમણિ ખુદ ભગવાનને જાતે જ અત્યંત અદ્ભુત અને અવર્ણનીય રૂપ ધારણ કરી લીધું. શરીરનો રંગ લીલા કમળ જેવો અને જાણે જોયા જ કરવાનું મન થઈ જાય તેવો. એકેએક અંગપ્રત્યંગ આકર્ષક હતાં. બન્ને કાન અતિ સુંદર અને કર્ણિકા–ફૂલથી સુશોભિત હતા. સુંદર ગાલ, ઊંચી નાસિકા અને રમણીય મુખારવિંદ, નવી જુવાનીને કારણે સ્તન બરાબર ઉભરાયેલાં અને કનક કળશ જેવાં મનોહર હતાં અને સ્તનોના ભારથી કમર પાતળી થયેલી જણાતી હતી. મુખમાંથી નીકળતી સુગંધને લીધે ગણગણતા ભમર તૂટી પડતા જણાતા હતા ! પોતાના લાંબા લાંબા કેશપાશોમાં એ રૂપ–સુંદર નારીએ ખીલેલાં વેલ પુષ્પોની માળા ગુંથીને રાખેલી હતી. સુંદર ગળામાં કંઠાભૂષણ અને સુંદર ભુજાઓમાં બાજુબંદ સુશોભી રહેલાં હતાં. સ્વચ્છ અને શ્વેત વસ્ત્રો પહેરી તે મહાન નારી ઊભી રહી હતી. કેડમાં કરધની તથા સુંદર અને ચંચળ ચરણોમાં ઝાંઝર રૂમઝૂમ રૂમઝૂમ કરી રહ્યાં હતાં. લજ્જાળુ સ્મિત, નાચતી એવી તીરછી ભમરો અને વિલાસભરી આંખો સાથે મોહિનીરૂપધારી ભગવાન દૈત્ય સેનાપતિઓના ચિત્તમાં વારંવાર કામોદ્દીપન કરવા લાગી ગયા ! દૈત્યો બોલી ઊઠયા : 'અહો ! કેવી સુંદરી છે !' તરત તે બધા તેમની

પાસે દોડી ગયા. કામમોહિત થઈને પૂછવા લાગ્યા : 'અરે કમલ-નયની! તું કોણ છે? ક્યાંથી આવી રહી છે? અને શું કરવા ઇચ્છે છે? સુંદરી! તું કોની પુત્રી છે? તને જોઈ અમારું સૌનું મન વ્યાકુળ થઈ ગયું છે! અમારા સૌના મનમાં એક પ્રકારનો ખળભળાટ મચી ગયો છે! ખરેખર વિધાતાએ જ દયા કરીને અહીં અમારી પાસે તને મોકલી છે! અહો માનિની! એમ તો અમે લોકો એક જ જાતિના છીએ, છતાં પણ તને એકને જ ચાહીએ છીએ, માટે અમારામાં અંદરોઅંદર જટિલ ગાંઠ પડી ગઈ છે! ઓ સુંદરી! તું જ અમારો ઝઘડો મટાડી દે! અમે બધા કશ્યપજીના પુત્રો હોઈ તે રીતે સગા ભાઈઓ છીએ. અમે લોકોએ અમૃત મેળવવા માટે ઘણા પ્રયત્ન કર્યો છે! તું જ ન્યાય તોળી નિષ્પક્ષભાવે અમને વહેંચી આપ! જેથી પછી અમારામાં માંહોમાંહે કોઈ પ્રકારનો ઝઘડો જ ન થાય!' જ્યારે બધા દૈત્યોએ આ પ્રકારની એક સાથે અને એક સામટી પ્રાર્થના કરી ત્યારે તીરછી નજરે હસીને મોહિની-રૂપ ભગવાને દૈત્યોને કહ્યું : 'આપ લોકો તો બધા ઋષિ કશ્યપજીના પુત્રો છો, જ્યારે હું તો કુલટા છું. મારા જેવી કુલટા નારી ઉપર આપ જેવા લોકો ન્યાયભાર કાં નાખો છો? વિવેકી પુરુષ સ્વેચ્છા-ચારિણી સ્ત્રીઓનો કદી વિશ્વાસ જ નથી કરતા! હે દૈત્યો! કૂતરાં અને વ્યભિચારિણી સ્ત્રીઓની મિત્રતા કદી કાયમી નથી બની શકતી! એ તો નવા નવા શિકારો શોધ્યા કરે છે! પરંતુ આવા કથનથી તો તેઓ બધા ઊલટા વધુ મોહાઈ ગયા! લાગ જોઈ મોહિની રૂપ-ધારી સ્ત્રીરૂપે ભગવાન બોલ્યા : 'હું જે કોઈ રીતે આ અમૃત વહેંચી દઉં, એમાં તમો સૌ સંમત છો?' બધાએ કશો જ હિચકિચાટ કર્યા વગર એ વાત કબૂલ કરી લીધી. ત્યાર બાદ એક દિવસનો ઉપવાસ કરી બધાએ સ્નાન કર્યું. અગ્નિહવન કર્યો. ગો, બ્રાહ્મણ અને પ્રાણીઓને ઘાસચારો અને અન્નવસ્ત્ર વગેરેનું દાન કર્યું તથા બ્રાહ્મણો દ્વારા સ્વસ્ત્યયન કરાવાયું. બધાં જ કપડાં પહેરી કુશાસન

પર બેસી ગયા. ભવ્ય ભવનમાં પૂર્વાભિમુખ બધા સ્થિર થયા ત્યારે અમૃત–કળશ હાથમાં લઈ મોહિનીએ સભામંડપમાં પ્રવેશ કર્યો. ધીરી ચાલ અને એ મોહિનીકુમારીની આંખો જાણે મદમસ્ત બનેલી હતી ! તેણીએ દૈત્યોને છાંટો અમૃત પણ ન આપતાં દેવોને જ વહેંચી દીધું ! કેતુ દેવો વચ્ચે ચોરીથી પેસી જઈ અમૃત પીવા લાગ્યો. ભગવાન આ જોઈ ગયા અને તેનું માથું ધડથી જુદું કરી નાખ્યું ! ધડને અમૃત નહોતું અડયું પણ માથાને અડેલું તેથી માથું અમર થઈ ગયું અને ધડ છૂટું પડી ગયું. બ્રહ્માજીએ એને ગ્રહ બનાવી દીધો ! જે રાહુરૂપે પૂનમે અને અમાસે, સૂર્યે તથા ચંદ્રે તેને ઉઘાડો પાડેલો, તેથી બદલો લેવા માટે એ બન્ને પર તે આક્રમણ કરતો રહે છે ! દેવોએ અમૃત પી લીધું કે તરત ભગવાને એ દૈત્યોની સામે પોતાનું અસલ રૂપ પ્રકટ કરી દીધું. અને મોહિનીરૂપ ત્યાગી દીધું. પરીક્ષિત ! જો દૈત્યો અને દેવો બન્નેએ એકીસાથે, એક હેતુએ, એક વસ્તુ માટે, એક વિચારે અને એક જ કર્મ કર્યું, છતાં ફળમાં બન્ને વચ્ચે ભેદ થઈ ગયો. કારણ કે દેવોએ ભગવાનની ચરણરજ લીધેલી, તેથી પ્રભુકૃપાએ તે મોહિનીમાં મુગ્ધ ન બન્યા ! રહસ્ય એ છે કે ભગવાનને જ મુખ્યત્વે નજરમાં રાખી, જે કર્મો થાય છે તે ખરેખર પાપરહિત સફળતા પામે છે, જેમ મૂળમાં પાણી સિંચવાથી વૃક્ષ વિકસે છે, તેમ...”

## દેવ–દાનવ યુદ્ધ

આત્માને પરમાત્માને સાધે, ન જ્યાં લગી ક્રમે;
ખેંચાતો ત્યાં લગી જીવ દેહેંદ્રિયાદિના સુખે. ૧
માટે જ ઈશ્વરી — નિષ્ઠા, ને પ્રત્યક્ષ ગુરુકૃપા;
ચાલજો સાધી સંગાથે, ભવસંગ્રામ જીતવા. ૨

**નહીં તો પુરુષાર્થીનો, પ્રબળો પુરુષાર્થ તે;**
**મર્ત્ય થવા છતાં વ્યર્થ, થઈ ભવો વધારશે. ૩**

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: "પરીક્ષિતજી! જોકે દેવો અને દાનવો બન્નેએ ઘણી સાવધાનીપૂર્વક સમુદ્રમંથનની ક્રિયા તો એક સરખી કરી પરંતુ બન્નેના ભાવ જુદા જુદા હતા. પ્રભુ તરફ દેવોની નિષ્ઠા હતી જ્યારે દાનવોની વિમુખતા હતી. આથી દેવોને અમૃત પીવા મળ્યું જ્યારે દાનવોને અમૃતનું એક બિન્દુ પણ ન મળ્યું. દેવોની સફળતા જોઈ દાનવોને ઘણી અદેખાઈ આવી અને બંને વચ્ચે યુદ્ધ આવી પડ્યું. મતલબ કે દેવાસુરસંગ્રામ આવી પડ્યો! વિવિધ પ્રાણીઓ પર ચઢી અસુરો દેવો સામે લડવા લાગ્યા. લડાઈ જબરદસ્ત જામી ગઈ. બલિ નામના અસુરે જ્યારે માયા રચી ત્યારે દેવોએ ભગવાનનું ચિંતન કર્યું. પરિણામે ગરુડ ઉપર સવારી કરીને ખુદ ભગવાન તરત જ તે સ્થળે આવી પહોંચ્યા. જેવા ભગવાન આવી પહોંચ્યા કે તુરત દાનવોની કપટરૂપી માયા અદૃશ્ય બની ગઈ. આમ છતાં રાક્ષસો બેવડા જોરથી ખુદ ભગવાનની સામે થયા. કાલનેમિ નામના રાક્ષસે ખુદ ભગવાન સામે ત્રિશૂળ અજમાવ્યું, પણ ભગવાને (કાલનેમિને) પોતાના વજ્રથી રમતાં રમતાં એને તરત ત્રિશૂળ સહિત ઉડાવી દીધો! માલ્યવાન વગેરે રાક્ષસોનાં પગ, માથું અને ધડ બન્ને અળગાં પડી ગયાં. પરીક્ષિત રાજન્! ભગવાનની દેવો પરની અહેતુકી કૃપાથી તેમનો ગભરાટ નીકળી જઈને અસાધારણ હિંમત આવી ગઈ! નવા ઉત્સાહનો સંચાર થયો. ઇંદ્રે બલિને ઠપકો આપ્યો પણ બલિએ કહ્યું: 'અમારું ભલે જે થવાનું હોય તે થાય પરંતુ અમે તો લડવાના જ. લડતાં લડતાં હાર અને મૃત્યુથી વધુ બીજું શું થવાનું હતું?' ઇંદ્રના મારથી બલિ પોતાના વિમાનમાંથી નીચે પડી ગયો છતાં હિંમત હાર્યો નહીં! આમ દેવો અને અસુરો વચ્ચે લડાઈમાં અપૂર્વ નાશ થયા પછી બ્રહ્માજીએ જોયું કે નારદજીને હવે લડાઈ બંધ

થાય તે માટે મોકલવા જોઈએ. કારણ કે આખી પૃથ્વી લોહીથી ખરડાઈ ચૂકી હતી! તે રીતે ઋષિ નારદજી ત્યાં આવી પહોંચ્યા અને દેવોને કહ્યું: 'ભગવાનની ભુજાઓની છત્રછાયાથી આપ લોકોએ અમૃત પણ મેળવ્યું છે. અને આપના ઉપર લક્ષ્મીજીની પણ મહાન કૃપા ઊતરી છે. માટે આપ લોકો હવે સ્વેચ્છાએ લડાઈને એક તરફી બંધ કરી દો. કારણ કે આ અસુરો હારશે અને મરશે તોય જાતે લડવું નહીં છોડે તેમ તેમની આસુરી પ્રકૃતિને કારણે લાગે છે!' દેવોએ દેવર્ષિ નારદની વાત તરત માની લીધી અને પોતાના ક્રોધને વારી એકી સાથે તેઓ બધા એકતરફી સંગ્રામ બંધ કરીને સ્વર્ગમાં સીધાવી ગયા. સ્વર્ગમાં દાનવો સામે જીત અને રક્ષા જોઈને સૌએ યશોગીત ગાયાં. યુદ્ધમાં બચેલા બધા દૈત્યો બલિને લઈ અસ્તાચલની યાત્રાએ ગયા. અને ત્યાં શુક્રાચાર્યની સંજીવની વિદ્યાથી મરેલા બધા અસુરો ફરી પાછા સજીવન થઈ ગયા. ઈંદ્રિયોમાં ચેતના અને મનમાં સ્મરણશક્તિ ફરીને આવી ગયાં. બલિ આમ તો ત્યાગી છતાંય રાક્ષસી હતો, આથી હાર અને નાશ પામ્યા પછી પણ આવી સજીવનતા પામ્યાથી તે ખેદને જાણે ભૂલી જ ગયો! આનું જ નામ છે ઈશ્વરીમાયા! પરીક્ષિતજી, એ માયાથી ભગવાનની કૃપાને લીધે જેઓ અભાગા અથવા વંચિત છે, તેઓ જાતજાતનાં દુ:ખ, પરાજય અને કલેશ પામવા છતાં જ્યાં જરાક કોઈને સહારે કાંઈક ઠીક થાય ત્યાં તરત પાછા તાજામાજા થઈ જાય છે. આમ એમનો જીવ ફરી પાછો જન્મ–મૃત્યુના ચક્કરમાં પડી જાય છે! એથી જ જે ઈશ્વરીકૃપા પામે છે, તે જીવ જ આ જગતની માયાને તરી પાર ઊતરી શકે છે.

# ભગવાનની અલૌકિક માયા

શિવ નારદના જેવા, મહેશ્વરોય કામથી;
ન ચેતતાં પડચા હેઠા, ચેતી પાછા ચઢચા ફરી. ૧

માટે ચેતી સદા ચાલી, સત્યાર્થી પ્રભુનિષ્ઠ જે;
પ્રભુ–ગુરુકૃપા સાથે, નક્કી ભવાંત તે તરે. ૨

પ્રભુ – કૃપાનો'ય દુષ્ટતા હોય ત્યાં લગી;
સૌજન્યે તે મળે બન્ને, બાહ્યાંતર સુખો વળી. ૩

શુકદેવજીએ કહ્યું : "પરીક્ષિત ! જ્યારે ભગવાન શંકરે જાણ્યું કે 'ખુદ ભગવાને' 'મોહિની'નું રૂપ લઈ અસુરોને મુગ્ધ કરીને દેવોને અમૃત પિવડાવી દીધું છે, ત્યારે તેઓ પાર્વતીજીને સાથે લઈ ભગવાનના નિવાસસ્થળે ગયા. ભગવાને સ્વાગત કર્યું ત્યારે તેઓ બોલ્યા : 'સમસ્ત દેવોના આરાધ્યદેવ ! આપ વિશ્વવ્યાપી, જગદીશ્વર અને જગત્સ્વરૂપ છો. સમસ્ત સચરાચર પદાર્થોનું મૂળ કારણ, ઈશ્વર અને આત્મા પણ આપ પોતે જ છો. આ જગતનો આરંભ, મધ્ય અને અંત પણ આપ થકી જ છે. છતાં આપ જાતે આદિ, મધ્ય અને અંતથી રહિત છો. આપના અવિનાશી સ્વરૂપમાં દ્રષ્ટા, દશ્ય, ભોક્તા અને ભોગ્ય એવો કશો ભેદભાવ છે જ નહીં ! વાસ્તવમાં આપ સચ્ચિદાનંદસ્વરૂપ છો. કલ્યાણેચ્છુ મહાત્માઓ બધા પ્રકારની આસક્તિ તથા કામના છોડી આપના ચરણકમળની આરાધના કરે છે. આપ અમૃત સ્વરૂપ, પ્રાકૃત ગુણોથી રહિત, શોકની તો છાયાથી પણ દૂર અને સ્વયં પરિપૂર્ણ બ્રહ્મ છો. આપ કેવળ આનંદ-સ્વરૂપ છો. નિર્વિકારી છો. ઉપરાંત આપનાથી ભિન્ન કશું નથી, પણ આપ સૌથી નિરાળા છો ! જેમ આભૂષણમાંનું સોનું અને સાદું

સોનું બન્ને સમાન જ છે તેમ. એમ છતાં કુતૂહલ થવાથી અમે આવ્યાં છીએ તો આપ કૃપા કરીને એ મોહિની રૂપ અમને બતાવો !' ત્યારે સ્મિત વેરતાં ભગવાન બોલ્યા : 'એ વખતે અમૃત-કળશ દૈત્યોના હાથમાં ચાલ્યો ગયો હતો. એટલે મારે આમ કરવું પડેલું. એ રૂપ કામોત્તેજના કરનારું હોવાથી આપ જેવા નિષ્કામીને એ રૂપ બતાવવાનો શો અર્થ ?' એટલું બોલતાં બોલતાં તો પરીક્ષિતજી ! ભગવાન અંતર્ધાન થઈ ગયા. શંકરજી તો દૂર દૂર જોતા જ રહ્યા. બસ તેવામાં એક સુંદર બગીચો દેખાયો. એમાં કેવાં મજાનાં સુંદર વૃક્ષો રંગબેરંગી ફૂલોથી અને લાલ લાલ કૂંપળોથી વ્યાપ્ત હતાં ! એમણે એ પણ જોયું કે એમાં એક મનોહર સુંદરી દડો ઉછાળી ઉછાળીને રમી રહી હતી ! શંકરજી એ સુંદરીની ચેષ્ટાઓમાં એટલા બધા કામાતુર થઈ ગયા કે પાસે બેઠેલાં પાર્વતીજીનું શંકરજીને લક્ષ્ય ન રહ્યું અને લજ્જા છોડી. તેઓ ઊભા થઈ ત્યાં જવા લાગ્યા. પેલી વાયુથી અર્ધવસ્ત્ર બનેલી મોહિની શંકરજીને આવતા જોઈ એકદમ શરમાઈ ગઈ ! તે એક ઝાડથી બીજા ઝાડની પાછળ લપાઈ જતી અને જોરથી હસતી હતી. પણ ક્યાંય જરાય ઊભી રહેતી ન હતી. ભગવાન શંકરની ઇંદ્રિયો તેમના કાબૂમાં નહોતી રહી, એટલે તેઓ પણ પેલી સુંદરીની પાછળ જ દોડવા લાગી ગયા ! અને પરાણે હાથ પકડી હાથી હાથણીને આલિંગન કરે, તેમ હૃદયથી તે સુંદરીની છાતી સાથે પોતાની છાતી ભીડી દીધી ! પણ એ તો ભગવાનની માયા ! એટલે શંકરના હાથમાંથી તરત છૂટીને ભાગી અને શંકર ભગવાન પણ એની પછવાડે જ ભાગ્યા ! બસ આમ શંકરનું વીર્યસ્ખલન થઈ ચૂક્યું ! તે અમોઘ હોવાથી કહે છે કે જ્યાં જ્યાં તે પડ્યું ત્યાં ત્યાં સોના-ચાંદીની ખાણો બની ! આમ શંકર નીચે પડ્યા કે તરત તેમને ભાન થઈ ગયું ! એટલે ભગવાન બોલ્યા : 'દેવશિરોમણિ ! મારી સ્ત્રીરૂપી માયાથી તમે જો કે વિમોહિત તો સારી પેઠે થઈ ગયા અને છતાં તરત પાછા પડીને પણ સ્વયં ચેતી ગયા

અને બ્રહ્મચર્યનિષ્ઠામાં પાછા તત્કાળ તલ્લીન બની ગયા તેથી મને આનંદ થયો છે! મારી માયા એવી જ છે કે તમે તરત ચેતી ગયા! બાકી અજિતેંદ્રિય જીવનું તો એમાંથી કોઈ પણ રીતે છૂટવાનું ગજું નથી! જાઓ હવે તમને મારું વરદાન છે કે અત્યારે તો તમો આટલા પણ મોહિત થઈ ચૂકયા, પરંતુ હવે કયારે પણ મારી માયાથી તમો મોહિત કે ચલિત થશો જ નહીં!' પ્રદક્ષિણા કરીને ભગવાન શંકર કૈલાસમાં પહોંચી તો ગયા જ. પરંતુ દેવી પાર્વતી આગળ ફરીફરી લજ્જિત થઈ તેઓએ તે પ્રસંગના પતનની ક્ષમા માગી લીધી! પરીક્ષિતજી! આવી છે વિષ્ણુ ભગવાનની અપરંપાર લીલા! આમ મેં આ સમુદ્રમંથનના સમયનું અને પોતાની પીઠ પર મંદરાચળ ધારણ કરવાવાળા ભગવાનની માયાનું તમારી આગળ વિસ્તારથી વર્ણન કર્યું. જે ભક્ત વારંવાર આનું શ્રવણ અને કીર્તન કરે છે, તેનો પુરુષાર્થ કદી અને કોઈ પણ સંયોગોમાં નિષ્ફળ જતો નથી! આ લીલાઓનું ગાયન સંસારનાં, સમસ્ત કલેશ અને પરિશ્રમને મટાડી દે છે. બાકી આ આખ્યાનથી પરીક્ષિત રાજન્! તને એટલું તો સ્પષ્ટ સમજાયું હશે જ કે ભગવાનનાં ચરણકમળ કદી દુષ્ટ જનોને લાધતાં નથી! તેઓ તો 'ભગવાનની માયામાં જ ગળાડૂબ રહે છે. અને દુષ્ટજનોની કામના એક પછી એક નવી નવી જન્મ્યાં જ કરી છે. જ્યારે પ્રભુભકતોની કામના પૂર્ણ થયાં કરે છે અને છતાં પ્રભુ એમની નિકટ જ રહ્યાં કરે છે. કારણ કે એમનાં મન મૂળે પ્રભુમાં જ છે. કામનાપૂર્તિ એમને મન ગૌણ રહેતી હોય છે.''

## મન્વંતર–કથા

મૂળમાં ભગવત્તત્ત્વ રાખી મર્ત્યસમાજને;
ધર્માર્થે સ્થાપવા માટે, મનુ જન્મે યુગે યુગે.

દેશ–કાળ નિહાળીને પ્રજા ને ધર્મ બેયનું;
મનુપુત્રો તથા દેવો, રક્ષણ કરતા ઘણું. ૨

સંસાર આમ ચાલે, ત્યાં મુખ્ય ભારતી ભૂમિ;
આર્યતા વિકસી તેથી, તેનું મૂલ્ય મહારથી. ૩

શ્રી શુકદેવજી પરીક્ષિતને હવે આગલા સાત મન્વંતરો વિષે કહે છે: "પરીક્ષિતજી! વિવસ્વાનપુત્ર શ્રાદ્ધદેવ પોતે જ સાતમા મનુ છે. આ વર્તમાન મન્વંતર જ એમનો કાર્યકાળ છે. એ વૈવસ્વત મનુના ઇક્ષ્વાકુ આદિ દશ પુત્રો હતા અને આદિત્ય, વસુ વગેરે દેવતાઓ એ વૈવસ્વતના પ્રધાન ગણો હતા. પુરંદર એ એમનો ઇન્દ્ર છે. કશ્યપ આદિ સપ્તઋષિઓ છે. આ મન્વંતરમાં કશ્યપ-પત્ની અદિતિની કૂખે આદિત્યોના નાના ભાઈ તરીકે વામનરૂપે જ ભગવાન વિષ્ણુએ અવતાર લીધો હતો! હવે આગળ આવવાવાળા સાત મન્વંતરોનું વર્ણન કરું છું. એ તો મેં તમને પહેલાં (ભાગવતના છઠ્ઠા સ્કંધમાં) બતાવ્યું છે જ, કે ભગવાન સૂર્યને બે પત્નીઓ હતી. એકનું નામ હતું: (૧) સંજ્ઞા અને બીજીનું નામ (૨) છાયા. તે બંનેય વિશ્વકર્માની પુત્રીઓ હતી. કોઈ ત્રીજી 'વડવા' પણ હતી. (પણ મને પોતાને સંજ્ઞાનું જ નામ કદાચ બીજું પણ પાડયું હોય એમ લાગે છે!) તે પૈકી પે'લી સંજ્ઞાથી ત્રણ સંતાનો થયાં: (૧) યમ, (૨) યમી અને (૩) શ્રાદ્ધદેવ અને બીજી સંજ્ઞાથી ત્રણ સંતાનો થયાં (૧) સાવર્ણિ, (૨) શનૈશ્ચર અને (૩) તપતી નામની કન્યા કે જે સંવરણની પત્ની થઈ. જ્યારે સંજ્ઞાએ વડવાનું રૂપ ધારણ કરી લીધું ત્યારે તેણીથી બે અશ્વિનીકુમારો થયા! આઠમા મન્વંતરમાં સાવર્ણિમનુ થશે અને તેના પુત્રો થશે: (૧) નિર્મોક, (૨) વિરજસ્ક આદિ. પરીક્ષિત! ત્યારે સુતપા, વિરજ અને અમૃતપ્રભ નામે દેવગણ હશે. એ દેવતાઓના ઇંદ્ર થશે; વિરોચનપુત્ર બલિ! વિષ્ણુ ભગવાને વામનાવતાર લઈને એ બલિ પાસેથી ત્રણ પગ ધરતી માગી

હતી. પણ પાછળથી એમણે એમને આખું ત્રિલોકપણું આપી દીધું. રાજા બલિને એક વાર તો બાંધેલો, પરંતુ પછી પાછા પ્રસન્ન થઈને એમણે સ્વર્ગમાં પણ શ્રેષ્ઠ એવા સુતલ લોકનું રાજ્ય આપી દીધું! તેઓ આજે ત્યાં જ ઇંદ્રની જેમ જ વિરાજમાન છે! આગળ જતાં તેઓ પોતે જ ઇંદ્ર થવાના અને પછી સમસ્ત ઐશ્વર્યોથી પરિપૂર્ણ એવા ઇંદ્રપદનો પણ પરિત્યાગ કરીને પરમસિદ્ધિ પ્રાપ્ત કરશે! ગાલવથી માંડીને અમારા પિતા વ્યાસ તે આઠમા મન્વંતરમાં સપ્તર્ષિ થશે. આ સમયે તેઓ બધા યોગબળથી આશ્રમમાં વિરાજમાન છે! દેવગુહ્ય પત્ની–સરસ્વતીથી સાર્વભૌમ નામનો ભગવાનનો અવતાર થશે. તે જ પ્રભુ–પુરંદર ઇંદ્ર પાસેથી રાજ્ય છીનવીને રાજા બલિને અપાવી દેશે! વરુણના પુત્ર દક્ષસાવર્ણિ નવમા મનુ થશે. પાર, મરીચિગર્ભ આદિ ત્યારે દેવગણ થશે. અદ્ભુત નામના તે દેવોના ઇંદ્ર થશે. ત્યારે દ્યુતિમાન્ વગેરે સપ્તર્ષિઓ હશે. આયુષ્માનની પત્ની અંબુધારાના ગર્ભથી ઋષભ રૂપ ભગવાનનો અવતાર થશે. અદ્ભુત નામનો ઇંદ્ર ત્યારે હશે અને એ ભગવાનની આપેલી ત્રિલોકીનો ઉપભોગ કરશે. દશમા મનુ તે ઉપશ્લોકપુત્ર બ્રહ્મસાવર્ણિ! જેમનામાં બધા પ્રકારના સદ્ગુણો હશે! ભુરિષેણ વગેરે એમના પુત્રો હશે અને હવિષ્માન વગેરે સપ્તર્ષિઓ છે. સુવાસન, વિરુદ્ધ આદિ દેવતાગણ ત્યારે હશે અને શંભુ નામના ઇંદ્ર હશે! વિશ્વસૃજની પત્ની વિષૂચીના ગર્ભથી ભગવાન વિશ્વક્સેનના રૂપમાં અંશાવતાર લઈને શંભુ નામના ઇંદ્ર સાથે મિત્રતા કરશે. અગિયારમા મનુ થશે અત્યંત સંયમી એવા ધર્મસાવર્ણિ. એમના સત્ય, ધર્મ આદિ દશ પુત્રો થશે અને વિહંગમ આદિ દેવગણો હશે. અરુણાદિ સપ્તર્ષિઓ ત્યારે હશે અને આર્યકની પત્ની વિધૃતાના ગર્ભથી ધર્મસેતુના રૂપમાં ભગવાનનો અંશાવતાર થશે, અને એ જ રૂપે તેઓ ત્રિલોકીનું રક્ષણ કરશે. બારમા મનુ થશે રુદ્રસાવર્ણિ. તેમના દેવયાન, ઉપદેવ, દેવશ્રેષ્ઠ વગેરે પુત્રો થશે તે મન્વંતરમાં ઋતધામા

નામે ઇંદ્ર થશે. અને હારિત આદિ દેવ ગણ તથા તપોમૂર્તિ, તપસ્વી આગ્નીધ્રક આદિ સપ્તર્ષિ થશે. સત્યસહાની પત્ની સૂનૃતાના ગર્ભથી સ્વધામાને રૂપે ભગવાનનો અંશાવતાર થશે અને તે રૂપે જ તે ભગવાન, તે મન્વંતરનું પાલન કરશે. તેરમા મનુ થશે પરમ જિતેંદ્રિય દેવસાવર્ણિ. ચિત્રસેન, વિચિત્ર વગેરે તેમના પુત્રો થશે. સુકર્મ અને સુત્રામ વગેરે દેવગણ અને ઇંદ્રનું નામ દિવસ્પતિ. તે વખતે નિર્મોક વગેરે સપ્તર્ષિઓ થશે. દેવહોત્રની પત્ની બૃહતીના ગર્ભથી યોગેશ્વરરૂપે ભગવાનનો અંશાવતાર થશે. અને તે ભગવાન દિવસ્પતિને ઇંદ્રપદ આપશે. ચૌદમા મનુ સાવર્ણિ. ઉરુ આદિ તેમના પુત્રો. પવિત્ર આદિ દેવગણ. તે કાળે ઇંદ્રનું નામ શુચિ. અગ્નિ વગેરે સપ્તર્ષિઓ થશે. ત્યારે સત્રાયણની પત્ની વિતાનાની કૂખે બૃહદ્ભાનુના રૂપમાં ભગવાન અવતાર ગ્રહણ કરશે અને કર્મકાંડનો વિસ્તાર કરશે. પરીક્ષિત! આ ચૌદ મન્વંતરો ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણે કાળમાં ચાલુ રહે છે. તેમના દ્વારા સહસ્ર ચતુર્યુગીવાળા કલ્પના સમયની ગણના થાય છે. આ બધા મનુઓ, મનુપુત્રો, સપ્તર્ષિઓ અને દેવોનું નિર્માણ કરનારા મૂળે તો ભગવાન પોતે જ છે. જે શ્રુતિઓથી ધર્મ ચાલે છે, તે નષ્ટ થતાં, તપ દ્વારા ફરી સપ્તર્ષિઓ એ જન્માવે છે.

## વામન—અવતાર

ભક્ત માતા પિતા જ્ઞાની બન્ને ઋજુ તપસ્વીઓ;
તે સ્થળે જન્મવા ઇચ્છે, ભગવતી વિભૂતિઓ. ૧

સુર, અસુર હો કિંવા, મર્ત્ય કે પ્રાણીઓ બધાં;
શુભાશુભ થકી મુક્ત, બહારે શુભ લાવવા. ૨

શુદ્ધનું લક્ષ્ય રાખીને, માત્ર માનવ–દેહથી;
કરવો યત્ન સંગાથે, શ્રદ્ધા દેવ–ગુરુમયી. ૩

રાજા પરીક્ષિત પૂછે છે: "ભગવન્! પોતે જ શ્રીહરિ તો બધાના સ્વામી છે, તો પછી એમણે રાજા બલિ પાસે દીન–હીન જેવા બનીને શા માટે ત્રણ ડગલાં પૃથ્વી માગી? વળી તે મળી ગયા પછી પણ બલિને બાંધ્યો શા માટે? તો ભગવાનની યાચના અને બિનગુનેગારને ભગવાન બંધન કેમ આપે? તે મારી મુખ્ય શંકા છે, તેનું આપ સમાધાન કરી આપો!" શુકદેવજી કહે છે: "પરીક્ષિત! જ્યારે ઈંદ્રે બલિ(અસુરરાજ)ને હરાવી એની બધી સંપત્તિ હરી લીધી અને બલિને પ્રાણરહિત કરી નાખ્યો ત્યારે સર્વે અસુરો પોતાના ગુરુ શુક્રાચાર્ય પાસે જઈ તેમને વિનવવા લાગ્યા, તો તેમણે સંજીવની વિદ્યાથી સૌ અસુરોને જીવતા કર્યા! આથી ફરી ગુરુકૃપાને લીધે, ભૃગુકુળના બ્રાહ્મણ ગુરુઓની દયામય આશિષથી બલિરાજા સજ્જ થઈ ગયા. દાદા પ્રહ્લાદજીએ કિંમતી માળા આપી, એટલે શક્તિ-શાળી બની ઇંદ્રપુરી જીતવા તે બધા અસુરો આવ્યા. આ વખતની અસુરોની મહાશક્તિને જોઈ દેવો અને ઈંદ્ર કંપી ગયા. ઇંદ્રે પોતાના ગુરુ બૃહસ્પતિજીની સલાહ માગી ત્યારે બૃહસ્પતિ ગુરુએ કહ્યું: 'ભૃગુ-કુલ બ્રાહ્મણોના ચારે હાથ આજે અસુરો ઉપર, તેમની ભક્તિને લીધે છે. વળી બલિના દાદા પ્રહ્લાદ ભક્તની પણ અસુરો ઉપર દયા ઊતરી છે. માટે આવા સમયે તમો દેવો–દેવાંગનાઓ સૌ અમરાપુરી છોડી જ્યાં ત્યાં છુપાઈ જાઓ!' ગુરુનું કહેવું માની બધા દેવોએ તેમ જ કર્યું. દેવોની માતા અદિતિ આમ તો કશ્યપઋષિની ધર્મપત્ની હતી. એક વખત તપ પૂરું થયે અદિતિ પાસે કશ્યપમુનિ આવ્યા હતા. અદિતિએ કશ્યપમુનિ આગળ પોતાની આ બાળકો(દેવો)ની જે ભૂંડી દશા થઈ હતી, તે કહી તેમની દોરવણી માગી. કશ્યપજીએ સમય પારખીને પાયાની જ વાત કહી નાખી. મતલબ કે તેમણે કહ્યું:

બ્રહ્માજી પાસેથી ભગવાનની પરમ કૃપા ઊતરે, તે અંગે જે પયોવ્રત કરવાનું (જે પયોવ્રતને પ્રતાપે ખુદ પરમાત્મા જાતે કૂખે અવતરી શકે તે) સૂચવ્યું. અને તે માટે ફાગણ સુદ એકમથી માંડીને સુદ તેરસ લગી બ્રહ્મચર્ય પાળવું અને ભૂમિશય્યા પર સૂવું અને ત્રણેય વખત પવિત્ર રહેવું! કુસંગ ન કરવો! જૂઠું ન બોલવું! ઝીણામાં ઝીણી દયા પાળવી! તેરશને દિવસે વિધિ જાણવાવાળા બ્રાહ્મણોને બોલાવી શાસ્ત્રોક્ત વિધિથી ભગવાન વિષ્ણુને પંચામૃત સ્નાન કરાવવું! તે દિવસે મોટી પૂજા કરાવવી અને દૂધ–ખીર બનાવી વિષ્ણુ ભગવાનને અર્પણ કરવી. ખરેખર તો અત્યંત એકાગ્ર ચિત્તથી તે ખીરથી ભગવાનનું પૂજન કરવું ઘટે અને પ્રસન્ન કર્યા પછી જ્ઞાની–આચાર્ય અને ગોર બ્રાહ્મણોને વસ્ત્રો, આભૂષણો અને ગાયો આદિ આપી સંતુષ્ટ કરવા જોઈએ. હે પ્રિયે! આને પણ ભગવાનની આરાધના જ સમજો! એ જ રીતે બીજા બ્રાહ્મણો તથા આવેલા મહેમાનોને પણ પોતાની શક્તિ પ્રમાણે જમાડવા જોઈએ અને દક્ષિણા પણ આપવી જોઈએ. તે જ રીતે કુદરતી રીતે આવેલાં બીજાં તથા દીન–અસમર્થ એવાંઓને પણ દાન આપી સંતુષ્ટ કરવાં જોઈએ. આ જ ખરેખર ભગવાનને પ્રસન્ન કરવાનો ઉપાય છે. પછી સગાંવહાલાંઓને ભોજન કરાવી પોતે પણ કરવું. મને બ્રહ્માજીએ આ 'પયોવ્રત' વિધિ કહી છે. દેવી! તમો ભાગ્યશાળી છો, એટલે જરૂર તેમ કરી શકશો. સંયમમય એકાગ્રતા રાખી શકશો. આનુ નામ 'સર્વયજ્ઞ' જ કહેવાય. તપ, યજ્ઞ અને વ્રત બધું જ આમાં આવી જાય છે. આ રીતે પ્રિયે! તમારી ઇચ્છા પરિપૂર્ણ થશે.' પોતાના પતિદેવ કશ્યપના કહ્યા પ્રમાણે અદિતિએ ઘણી જ સાવધાની રાખીને આ વ્રત કર્યું. અને ખૂબ ભાવભક્તિથી પ્રાર્થના કરી તેથી ભગવાને પ્રકટ થઈને કહ્યું: 'દેવતાઓની માતા અદિતિ! તારી ઇચ્છા પૂર્ણ થશે અને હું કશ્યપઋષિના વીર્યમાં અંશરૂપે પ્રવેશ કરી તમોને માતા બનાવી હું તમારા પુત્રરૂપે અવતરીશ. હવે માતાજી! તમારે કશ્યપઋષિમાં પણ મને જ જોવો

અને એ નિષ્પાપ ઋષિની ભાવપૂર્વક સેવા કરવી. આ વાત ગુપ્ત રાખજો. સારી વાતો જેટલી ગુપ્ત રહે, તેટલું તેનું ફળ અધિક મિષ્ટ બને !' આટલું કહીને ભગવાન અંતર્ધાન થઈ ગયા. પોતાની જ કૂખે ખુદ ભગવાન જન્મ ધરશે, એ જાણી અદિતિ કૃતકૃત્યતા અનુભવવા લાગી ગઈ અને ઘણા જ પ્રેમથી કશ્યપની સેવામાં ખૂંપી ગઈ. સત્યદર્શી કશ્યપજી તરત જ આ વાત જાણી ગયા. અને અદિતિને એકદા રાજી રાજી કરી નાખી. ખુદ બ્રહ્માજી પણ અદિતિની કૂખે અવતરેલા ભગવાનની સ્તુતિ કરી ગયા. આ રીતે ભાદરવા સુદ બારશને દિવસે અભિજિત મુહૂર્તમાં ભગવાનનો જન્મ થયો. તેથી આ તિથિને 'વિજયા બારશ' પણ કહે છે. આ વખતે અદિતિના આનંદની અવધિ ન રહી. થોડીવારમાં ભગવાને વામન રૂપ ધારણ કરી લીધું. અહીં ભૃગુ વગેરે ઋષિઓનો યજ્ઞ ચાલુ હતો જ. ત્યાં તે હાથમાં છત્ર, દંડ અને જળ ભરેલા કમંડળ સાથે આવી પહોંચ્યા. એ રૂપ જોઈ બલિરાજાને આનંદ થયો, અને આસન આપ્યું. પછી સ્વાગત કરી ચરણામૃત પીધું. તે ચરણામૃત બલિએ માથે ચડાવ્યું.

## બલિરાજની અપૂર્વ ભક્તિ

સત્યાર્થી કેરી સુકસોટી થાતી,
વસુંધરા લક્ષ્મી સુદૂર જાતી;
તોયે ચળે ના સતથી કદાપિ,
છે દૈત્ય એવા બલિરાજ નામી. ૧

સત્ય જ્યાં ભગવદ્રૂપે, ને નમ્રત્વ-ત્યાગ સાથ હો !
સાનુકૂળ થશે અંતે, ત્યાં સૌ જગ સંબંધીઓ. ૨

શુકદેવજીએ રાજા પરીક્ષિતને કહ્યું : "રાજન્ ! હાથમાં છત્ર, દંડ અને પાણીથી ભરેલું કમંડલ લઈને પધારેલા આ વામનાવતાર રૂપી ભૂદેવ, જ્યાં શુક્રાચાર્ય કરાવતા હતા તે જ અશ્વમેધ યજ્ઞના મંડપમાં પ્રવેશ્યા. તેમની કમર પર મુંજની મેખલા અને ગળામાં જનોઈ હતી ! માથા પર જટા અને બગલમાં મૃતમૃગના ચામડાનું આસન હતું. એમના મુખની પ્રભા જોઈને ભૃગુવંશી બધા જ પુરોહિતો (ખુદ શુક્રાચાર્ય ગુરુ સાથે જ) પ્રભાવિત થઈ ગયા ! અને અગ્નિઓની સાથે સૌએ ઊભા થઈને વામન ભગવાનનો સત્કાર કર્યો. વામનાવતાર મુજબ અંગો ભલે ભગવાનનાં નાનાં નાનાં હતાં પણ ખૂબ ખૂબ મનોરમ્ય અને દર્શનીય હતાં. એમને જોઈને બલિરાજાને ઘણો આનંદ થયેલો. આદરભાવે એમણે વામનાવતાર ભૂદેવના પગ પખાળ્યા અને પૂજા કીધી તથા એ ચરણજળ બલિરાજાએ માથે ચઢાવ્યું અને કહ્યું : 'આપના ચરણોને પખાળવાથી હું અને મારો વંશ પાપ મુક્ત થયા છીએ. હવે કૃપા કરી આપને ચરણે શું ધરું ? તે આપ જાતે જ ફરમાવો ! કારણ કે મને લાગે છે કે મારી પાસેથી આપ કાંઈક પણ લેવા ઇચ્છો છો. એ જ રીતે મારું મન આપને જે કાંઈ ઇચ્છો, તે તન, મન, પ્રાણ, સાધન સહિત બધું જ આપવા તલસે છે.' તે જ સમયે ભગવાને બલિરાજાના દાદાજી પ્રહ્લાદ ભક્તને અને બલિરાજાના પિતાશ્રી વીરોચનને યાદ કર્યા. અને એમણે પોતાનું આખું આયખું જરા પણ સંકોચ લાવ્યા વિના સમર્પિત કરી નાખ્યું હતું એની યાદી આપીને કહ્યું : 'તું પણ એ જ બલિદાન–પ્રવીણ વંશનો સપૂત છે. પરંતુ મારે માત્ર તારી પાસે ત્રણ ડગલાં જેટલી જમીન જ માગવી છે !' હસીને બલિરાજા બોલ્યા : 'અરે ભૂદેવ ! આપ જે માગો તે બધું જ આપવા હું તૈયાર છું. ત્યારે આપ તો કેવળ ત્રણ ડગલાં જેટલી જમીન જ માગો છો ! હજુ વિચાર કરી આપ જે કાંઈ વધુ માગવું હોય, તે ખુશીથી માગી લો. આમ તો આપ પ્રૌઢ છો પરંતુ આપની બુદ્ધિ હજુ

બાળક જેવી છે. બાળક જેમ રમકડું માગી લે છે, તેમ આપે પણ બાળકની માફક ત્રણ ડગલાં પૃથ્વી જ માગી ! હજુ પણ હું ખુશીથી કહું છું : આપ વધુમાં વધુ જે કાંઈ ઇચ્છો, તે બધું જ મારી પાસેથી માગી લો !...'

વામન ભગવાનરૂપી વામન બ્રાહ્મણકુમાર બોલ્યા : 'બલિરાજા ! તમારી વાત તો સાચી જ છે, પણ બ્રાહ્મણોએ કે યાચકોએ હંમેશાં થોડું ખપ પૂરતું માગીને તૃપ્તિ માણવી જોઈએ, એ રીતે મેં કહ્યું છે, તે જ અત્યારે મારે માટે પૂરતું છે !' બલિરાજાએ હસીને 'તથાસ્તુ' કહ્યું એટલે વામન ભગવાને ત્રણ ડગલાં પૃથ્વી સ્વીકારવાનો સંકલ્પ પૂરો કરવા પાણી ભરેલા પાત્રને ઉપાડયું. તેવું જ બલિરાજાને શુક્રાચાર્યજી કહેવા લાગ્યા : 'અરે મૂર્ખ બલિરાજા ! તું હજુ ભ્રમમાં પડયો લાગે છે. આ બેઠેલી મૂર્તિ એ કોઈ નથી. ખુદ ભગવાન પોતે જ છે ! ત્રણ ડગલાંમાં તો તેઓ તારું બધું જ ખૂંચવી લેશે ! માટે હજુ ફરવું હોય તો ફરી જા.' પરંતુ રાજા બલિએ ગુરુ શુક્રાચાર્યનું સત્ય કાને ન માનતાં સત્યને જ તે વળગી રહ્યો. હું માનું છું 'આપ ગુરુદેવ, કદી સત્યનો અપલાપ કરવાની સલાહ મને આપો જ નહીં ! આ તો મારી પરીક્ષા કરતા જણાઓ છો !' ત્યાં તો તે રાજાની સાચાં મોતીઓનાં ઘરેણાં પહેરેલી ધર્મપત્ની વિંધ્યાવલિએ જેવો જળથી ભરેલો સોનાનો કળશ લાવી મૂકયો કે તરત જ ખુદ બલિરાજાએ અને તેમની ધર્મપત્ની એમ બન્નેએ એ વામન ભગવાનના ચરણો પખાળ્યા અને એ ચરણજળ ભાવપૂર્વક માથે ચઢાવ્યું. હાથમાં જળ લઈ ત્રણ પગલાં પૃથ્વી આપવાનો સંકલ્પ તો બલિરાજાએ તે પહેલાં જ કરી નાખ્યો હતો ! આ ભયંકર જોખમ ઉઠાવીને પણ બલિરાજા આ ભૂદેવરૂપધારી વામન ભગવાનનું હાર્દિક સ્વાગત કરી તેમનો બોલ અક્ષરશઃ ઉઠાવવા તત્પર થયો. એટલે તે સમયે આકાશમાંના દેવો, ગંધર્વો, વિદ્યાધરો, સિદ્ધો, ચારણો એમ સૌએ રાજા બલિરાજાના આ કાર્યની ભૂરિ ભૂરિ

પ્રશંસા કરી અને દિવ્ય ફૂલો વર્ષાવ્યાં. દુંદુભિઓ વાગવા લાગી ગયાં : 'ધન્ય છે, જેમણે આવું દુષ્કર કાર્ય કર્યું'...!'

ત્યાં જ એક અદ્દભુત ઘટના બની. વામન સ્વરૂપ ક્રમશઃ વધવા લાગ્યું અને હવે ખુદ બલિરાજાએ જોયું કે વિશ્વરૂપ ભગવાનના શરીરમાં ચારેય ગતિ સહિત સમસ્ત જગત સમાયું છે। ત્યારે બે ડગલામાં બધું જ ભગવાને લઈ લીધું અને ત્રીજું માગ્યું તો બલિ-રાજાએ પોતાનું માથું ધર્યું. એટલે તરત પ્રભુ પ્રસન્ન થઈ ગયા. દૈત્યો સહિત બલિરાજાને સુતલ લોકમાં મોકલ્યા. ઇન્દ્રને નિષ્કંટક રીતે સ્વર્ગનું રાજ્ય સોંપ્યું અને ઉપેંદ્ર રૂપે પોતે જ પૃથ્વીનું પાલન કરવા લાગ્યા. આમ અદિતિમાતાને ખુશખુશાલ કરી નાખ્યાં. વિંધ્યા-વલિ રાણી અને બલિરાજાએ સત્ય અને સમર્પણનો પોતે દાનવ હોવા છતાં ભક્ત પ્રહ્લાદની જેમ આદર્શ આચરી બતાવ્યો. આથી જ પરીક્ષિત રાજન્ ! પ્રહ્લાદ ભક્તની જેમ જેઓ દૈત્યરાજ બલિ-રાજાની આ મહાન કથા સાંભળશે, તેઓને પરમ ગતિની પ્રાપ્તિ થશે જ."

## મત્સ્ય—અવતાર

છે ભગવાન સદામુક્ત, જગત્સ્વામી સનાતન;
છતાં તે જગ–શ્રેયાર્થે, અવતારો ધરે પણ. ૧

તેને લેપ નહીં લાગે, નિર્લેપી વીતરાગને;
તેવી તે તેમની કક્ષા, કહી વૈદિક દૃષ્ટિએ. ૨

જૈન દૃષ્ટિ કહે સિદ્ધ થયા પછી ન જન્મ લે,
જગત્ જીવો મહીં કિંતુ, ઉચ્ચ આત્મા અહીં બને. ૩

પરીક્ષિત રાજાએ પૂછ્યું : 'ભગવાનનાં કામ ઘણાં અદ્‌ભુત હોય છે, એકવાર ભગવાને મત્સ્યાવતાર ધારણ કરી સૌને આશ્ચર્યચકિત કરેલાં. તો મારો આપને ચરણે મુખ્ય પ્રશ્ન એ છે કે ભગવાન પોતે તો સર્વશક્તિમાન છે, સિદ્ધ, બુદ્ધ અને મુક્ત છે, તો તેઓએ કર્મબન્ધનના બંધને બંધાયેલ અને લોકનિંદિત તથા પરતંત્ર એવી મત્સ્યયોનિ પોતાને જન્મ લેવા માટે કેમ પસંદ કરી?' આ જરાય સમજાય એવું નથી, તો આપ એ વિષે સમજાવો!' સૂતજી શૌનકાદિ ઋષિઓને કહે છે કે, "આવો પ્રશ્ન જ્યારે પરીક્ષિત રાજાએ પૂછ્યો, ત્યારે મહા બ્રહ્મચારી શુકદેવ મુનિ બોલ્યા."

શુકદેવજી કહે છે: પરીક્ષિતજી! તમારી વાત યથાર્થ છે. આમ તો ભગવાન પોતે વિશ્વના જીવ માત્રના પ્રભુ છે અને સર્વ પ્રકારે સંપૂર્ણ શક્તિસંપન્ન છે, પરંતુ ગાય, બ્રાહ્મણ, દેવ, સાધુ, વેદ, ધર્મ અને આ જગતની અર્થરક્ષા ખાતર વારંવાર અવતાર ધારણ કરતા હોય છે. તેઓ અંતર્યામીરૂપે પ્રાણી માત્રમાં રમી જ રહેલા હોય છે. છતાં ઉપલા કારણે વિશ્વકલ્યાણ માટે એમને પણ અવતાર ધારણ કરવાનો હોય છે! ત્યારે ગમે તે ઊંચી કે નીચી યોનિ પસંદ કરી લે છે. એમ છતાં તેઓને એ યોનિઓનો કશો લેપ લાગતો જ નથી કારણ કે તેઓ સદા ત્રિગુણાતીત છે! એ દૃષ્ટિએ જુઓ પરીક્ષિતજી! એક બાજુ પાછળના કલ્પને અંતે બ્રહ્માજીના સૂઈ જવાને કારણે બ્રાહ્મ નામનો નૈમિત્તિક પ્રલય થયો હતો. તે સમયે ભૂર્લોક વગેરે બધા લોકો સમુદ્રમાં ડૂબી ગયા હતા. આવે વખતે બ્રહ્માજીને સૂવાનો સમય થતાં વેદો એમના (બ્રહ્માજીના) મુખમાંથી સરી પડ્યા અને તરત હયગ્રીવ નામના બલિષ્ઠ દૈત્યે તે ચોરી લીધા. આથી જ ભગવાનને મત્સ્યાવતાર ધારણ કરવો પડેલો. તે કાળે સત્યવ્રત નામનો ઉદાર રાજવી ભગવતપરાયણ રાજર્ષિ બનેલો. તે કેવલ પાણી પીને તપસ્યા કરતો હતો. તે જ સત્યવ્રતજી વર્તમાન મહાકલ્પમાં સૂર્યદેવતાના પુત્ર શ્રાદ્ધદેવને નામે વિખ્યાત થયા. અને

ભગવાને તેમને વૈવસ્વત મનુ બનાવી મૂકયા ! એક દિવસે તેઓ કૃત-
માલા નદીમાં સ્નાન સાથે તર્પણ કરતા હતા. તેવામાં તેની અંજ-
લિમાં એક નાની માછલી આવી ગઈ. દ્રવિડ દેશના રાજા તે સત્ય-
વ્રતે ખોબામાંની તે માછલીને પરમ દયાપૂર્વક નદીમાં પાછી નાખી
તો એ માછલીએ કહ્યું : 'બીજાં જલચરોનો ડર લાગે છે. માટે મને
તું જ રક્ષા આપ.' સત્યવ્રત રાજાએ તેને પોતાના પાત્રના જળમાં
રાખી લીધી અને આશ્રમ પર ગયો. ત્યાં એક રાતમાં કમંડળમાં
તે એટલી બધી વધી ગઈ અને બોલી : 'આ વાસણ મને નાનું પડે
છે !' તેમાંથી કાઢી મોટા મટકામાં રાખી પણ એ તો વધતી જ
ચાલી, છેવટે સરોવર, મહાસરોવર અને આખરે સમુદ્રમાં નાખી
ત્યારે બોલી : 'રાજન્ ! સમુદ્રમાં ન નાંખ ! કારણ કે ત્યાં બીજાં જલ-
ચરો મને ખાઈ જશે !' પણ સત્યવ્રત રાજાએ કહ્યું : 'માછલીના રૂપે
આપ ભગવાન જ છો ! આપ જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને
લયના સ્વામી છો !' આ પ્રમાણે જ્યારે સત્યવ્રત રાજાએ કહ્યું ત્યારે
ભગવાન બોલ્યા : 'સત્યવ્રત ! આજથી સાતમે દિવસે, જ્યારે ભૂર્લોક
આદિ ત્રણે લોક પ્રલયના સમુદ્રમાં ડૂબી જશે, ત્યારે તું સમસ્ત
જીવોનાં સૂક્ષ્મ શરીરોને સાથે લઈને સપ્તર્ષિઓ સાથે નાવ પર
ચઢી જજે ! છોટાંમોટાં અન્ય પ્રકારનાં બીજો પણ તું સાથે જ તેમાં
લઈ લેજે. ત્યારે ચોમેર અંધારું થઈ જશે, માત્ર ઋષિઓનાં તપઃ-
પ્રકાશનો સહારો લઈ, હિંમત રાખી નૌકામાં તું તરત ચઢીને બેસી
જજે ! અને ચારે બાજુ નૌકાને ઘુમાવજે. જ્યારે પ્રચંડ આંધી આવે,
ત્યારે પણ નૌકા ભલે ડગમગે, પણ તું હિમ્મત ન હારતો ! ત્યારે હું
આવી જઈશ. વાસુકિનાગ દ્વારા એ નૌકાને મારાં શિંગડાં સાથે બાંધી
દેજે. બ્રહ્માજીની રાત પૂરી થાય ત્યાં લગી હું તને પણ ચક્કર ચક્કર
સમુદ્રમાં ફેરવ્યા કરીશ ! એ વખતે તું પ્રશ્ન કરીશ તે અંગે હું ઉત્તરોમાં
ઉપદેશ આપીશ. ત્યારે તને બ્રહ્મજ્ઞાન થશે.' આટલું કહી ભગવાન
અંતર્ધાન થઈ ગયા. એ સમય આવી ગયો અને સત્યવ્રત રાજાએ

સપ્તર્ષિઓના કહેવા મુજબ જ કર્યું." હવે શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે: "પરીક્ષિત! સત્યવ્રત રાજાની પ્રભુપ્રાર્થના સુણી મત્સ્યાવતાર રૂપ ભગવાને સત્યવ્રત રાજાને આત્મતત્ત્વનો ઉપદેશ કર્યો. આ રીતે જ્ઞાન, ભક્તિ અને કર્મ એમ ત્રણે યોગોથી યુક્ત મત્સ્યપુરાણ છે. બસ આમ, બ્રહ્માજીની નિદ્રા તુટી અને પાછલા પ્રલયનો અંત થયો. હયગ્રીવ અસુરને મારી તેની પાસેથી વેદો લઈ ભગવાને પાછા બ્રહ્માને સુપ્રત કરી દીધા. આ રીતે એ જ સત્યવ્રત રાજા જ્ઞાન-વિજ્ઞાનથી સંયુક્ત થઈ આ કલ્પમાં વૈવસ્વત મનુ થયા. જે કોઈ જીવ ભગવાન અને સત્યવ્રતના આ શ્રેષ્ઠ સંવાદરૂપી આખ્યાન સાંભળશે, તે અવશ્ય પાપમુક્ત થશે! જે જીવ આ મત્સ્યાવતારનું કીર્તન કરશે, તેના બધા જ શુભ સંકલ્પો સિદ્ધ થઈ જશે અને તે પરમ ગતિ પામી જશે. આ રીતે પરીક્ષિતજી! હું પણ એ સમસ્ત જગતના મત્સ્ય ભગવાનને નમસ્કાર કરું છું."

## વૈવસ્વત મનુની વંશવેલ

છો અજાણ્યે થયું પત, તોય તેનાં કટુ ફળો;
સ્વેચ્છાએ ભોગવે મોટા, સ્વસ્થ રહે સમાજ તો. ૧

નારી બને નરો તેમ, સ્ત્રીઓ બને પુરુષ જો;
તો માનવું પડે વિશ્વે, સાપેક્ષ દેહ બેઉનો. ૨

દ્વિજથી ક્ષત્રિયો થાય, ને ક્ષત્રિયો બને દ્વિજો;
વૈશ્યો પણ થતા એમ, મૂળે પ્રતાપ કર્મનો. ૩

પરીક્ષિત રાજાએ જ્યારે શુકદેવજીને પૂછ્યું કે: "આપે બધાં મન્વંતરો અને એમાં ભગવાનનો અવતાર એ બે મુખ્ય વાતો તો

ભગવાને તેમને વૈવસ્વત મનુ બનાવી મૂકયા ! એક દિવસે તેઓ કૃત-માલા નદીમાં સ્નાન સાથે તર્પણ કરતા હતા. તેવામાં તેની અંજ-લિમાં એક નાની માછલી આવી ગઈ. દ્રવિડ દેશના રાજા તે સત્ય-વ્રતે ખોબામાંની તે માછલીને પરમ દયાપૂર્વક નદીમાં પાણી નાખી તો એ માછલીએ કહ્યું : 'બીજાં જલચરોનો ડર લાગે છે. માટે મને તું જ રક્ષા આપ.' સત્યવ્રત રાજાએ તેને પોતાના પાત્રના જળમાં રાખી લીધી અને આશ્રમ પર ગયો. ત્યાં એક રાતમાં કમંડળમાં તે એટલી બધી વધી ગઈ અને બોલી : 'આ વાસણ મને નાનું પડે છે !' તેમાંથી કાઢી મોટા મટકામાં રાખી પણ એ તો વધતી જ ચાલી, છેવટે સરોવર, મહાસરોવર અને આખરે સમુદ્રમાં નાખી ત્યારે બોલી : 'રાજન્ ! સમુદ્રમાં ન નાંખ ! કારણ કે ત્યાં બીજાં જલ-ચરો મને ખાઈ જશે !' પણ સત્યવ્રત રાજાએ કહ્યું : 'માછલીના રૂપે આપ ભગવાન જ છો ! આપ જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના સ્વામી છો !' આ પ્રમાણે જયારે સત્યવ્રત રાજાએ કહ્યું ત્યારે ભગવાન બોલ્યા : 'સત્યવ્રત ! આજથી સાતમે દિવસે, જયારે ભૂર્લોક આદિ ત્રણે લોક પ્રલયના સમુદ્રમાં ડૂબી જશે, ત્યારે તું સમસ્ત જીવોનાં સૂક્ષ્મ શરીરોને સાથે લઈને સપ્તર્ષિઓ સાથે નાવ પર ચઢી જજે ! છોટાંમોટાં અન્ય પ્રકારનાં બીજો પણ તું સાથે જ તેમાં લઈ લેજે. ત્યારે ચોમેર અંધારું થઈ જશે, માત્ર ઋષિઓનાં તપઃ-પ્રકાશનો સહારો લઈ, હિંમત રાખી નૌકામાં તું તરત ચઢીને બેસી જજે ! અને ચારે બાજુ નૌકાને ઘુમાવજે. જયારે પ્રચંડ આંધી આવે, ત્યારે પણ નૌકા ભલે ડગમગે, પણ તું હિમ્મત ન હારતો ! ત્યારે હું આવી જઈશ. વાસુકિનાગ દ્વારા એ નૌકાને મારાં શિંગડાં સાથે બાંધી દેજે. બ્રહ્માજીની રાત પૂરી થાય ત્યાં લગી હું તને પણ ચક્કર ચક્કર સમુદ્રમાં ફેરવ્યા કરીશ ! એ વખતે તું પ્રશ્ન કરીશ તે અંગે હું ઉત્તરોમાં ઉપદેશ આપીશ. ત્યારે તને બ્રહ્મજ્ઞાન થશે.' આટલું કહી ભગવાન અંતર્ધાન થઈ ગયા. એ સમય આવી ગયો અને સત્યવ્રત રાજાએ

સપ્તર્ષિઓના કહેવા મુજબ જ કર્યું." હવે શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે: "પરીક્ષિત! સત્યવ્રત રાજાની પ્રભુપ્રાર્થના સુણી મત્સ્યાવતાર રૂપ ભગવાને સત્યવ્રત રાજાને આત્મતત્ત્વનો ઉપદેશ કર્યો. આ રીતે જ્ઞાન, ભક્તિ અને કર્મ એમ ત્રણે યોગોથી યુક્ત મત્સ્યપુરાણ છે. બસ આમ, બ્રહ્માજીની નિદ્રા તુટી અને પાછલા પ્રલયનો અંત થયો. હયગ્રીવ અસુરને મારી તેની પાસેથી વેદો લઈ ભગવાને પાછા બ્રહ્માને સુપ્રત કરી દીધા. આ રીતે એ જ સત્યવ્રત રાજા જ્ઞાન-વિજ્ઞાનથી સંયુક્ત થઈ આ કલ્પમાં વૈવસ્વત મનુ થયા. જે કોઈ જીવ ભગવાન અને સત્યવ્રતના આ શ્રેષ્ઠ સંવાદરૂપી આખ્યાન સાંભળશે, તે અવસ્ય પાપમુક્ત થશે! જે જીવ આ મત્સ્યાવતારનું કીર્તન કરશે, તેના બધા જ શુભ સંકલ્પો સિદ્ધ થઈ જશે અને તે પરમ ગતિ પામી જશે. આ રીતે પરીક્ષિતજી! હું પણ એ સમસ્ત જગતના મત્સ્ય ભગવાનને નમસ્કાર કરું છું."

## વૈવસ્વત મનુની વંશવેલ

છો અજાણ્યે થયું પત, તોય તેનાં કટુ ફળો;
સ્વેચ્છાએ ભોગવે મોટા, સ્વસ્થ રહે સમાજ તો. ૧

નારી બને નરો તેમ, સ્ત્રીઓ બને પુરુષ જો;
તો માનવું પડે વિશ્વે, સાપેક્ષ દેહ બેઉનો. ૨

દ્વિજથી ક્ષત્રિયો થાય, ને ક્ષત્રિયો બને દ્વિજો;
વૈશ્યો પણ થતા એમ, મૂળે પ્રતાપ કર્મનો. ૩

પરીક્ષિત રાજાએ જ્યારે શુકદેવજીને પૂછ્યું કે: "આપે બધાં મન્વંતરો અને એમાં ભગવાનનો અવતાર એ બે મુખ્ય વાતો તો

કહી, પણ મારી ઇચ્છા એ છે કે એ વૈવસ્વત મનુના સમયના અને પછીના બીજા નામાંકિત રાજાઓ વિશે પણ જાણું ! આનો જવાબ આપતાં શુકદેવજી કહે છે: "વિસ્તારથી તો એ નામાંકિત રાજાઓનું વર્ણન કરતાં વર્ષોનાં વર્ષો વહી જાય ! પણ હું ટૂંકાણમાં તે પૈકીનું કેટલુંક વર્ણન કરીશ. સૂતજી કહે છે: "શૌનકાદિ ઋષિઓ ! બ્રહ્મ-વાદી ઋષિઓની સભામાં પરીક્ષિતને હવે ઉપલા પ્રશ્નનો સંક્ષિપ્ત ઉત્તર આપતાં મર્મજ્ઞ ભગવાન શુકદેવજી કહે છે: "વહાલા પરીક્ષિત ! પ્રલયના સમયે તો પ્રાણી માત્રના આત્મારૂપ પરમ પુરુષ પરમાત્મા એકલા રહે છે. તેવે જ સમયે એકદા પરમાત્માની નાભિમાંથી એક સુવર્ણમય કમલકોશ પ્રગટ થયો ! અને એમાં ચાર મુખવાળા બ્રહ્મા-જીનો આવિર્ભાવ થયો. બ્રહ્માજીના મનથી મરીચિ અને મરીચિપુત્ર કશ્યપ થયા. કશ્યપનાં ધર્મપત્ની રૂપે દક્ષ પ્રજાપતિનાં પુત્રી અદિતિ થયાં. તેનાથી જ વિવસ્વાન (સૂર્ય) જન્મ્યા. વિવસ્વાનની સંજ્ઞા નામની પત્નીથી શ્રાદ્ધદેવ મનુનો જન્મ થયો. એ શ્રદ્ધાના જ ગર્ભથી શ્રાદ્ધદેવ મનુને દશ પુત્રો થયા. જો કે પ્રથમ તો વૈવસ્વત મનુ નિઃસંતાન જ હતા. પણ સર્વસમર્થ વશિષ્ઠે સંતાન પ્રાપ્તિ કરાવવા માટે વરુણ યજ્ઞ કરાવેલો, તે વખતે શ્રદ્ધાએ હોતાને વિનંતી કરી પુત્રી માગી, તેથી પુત્રને બદલે હોમનાર બનેલા બ્રાહ્મણે તેવો સંકલ્પ કર્યો, તેથી ઈલા નામની કન્યા પ્રાપ્ત થઈ. કન્યાને જોઈને શ્રાદ્ધદેવે પૂછ્યું: 'આમ કેમ થયું ?' વશિષ્ઠ ઋષિએ ખુલાસો કરી ભગવાન પાસે તે કન્યાને જ પુત્ર બનાવી દેવા વીનવ્યું અને ભગવાને તેમ કરી પણ આપ્યું ! તેનું નામ જ સુદ્યુમ્નકુમાર ! આમ કન્યામાંથી એક સુંદર પુત્ર બની ગયો ! પરંતુ ફરી એક વખત મૃગ પાછળ મૃગયા કરતાં એવા પ્રદેશમાં આવી તે ચડ્યો કે તે અને સાથીઓ બધા જ નરોમાંથી નારી બની ગયા. આ પ્રદેશને ભગવાન શંકરે એવું કહેલું કે 'અહીં જે પુરુષ આવશે તે સ્ત્રી બની જશે.' આથી જ આમ થયું હતું, પણ ગુરુ વશિષ્ઠની શંકર પ્રાર્થનાથી તે એક માસ

નારી અને એક માસ નર રહેતો. આ જ વનમાં નારી બન્યા પછી ચંદ્રકુમાર બુધના સંયોગે તેણીને પુરૂરવા નામનો પુત્ર થયેલો. પુરૂરવાને રાજ્ય સોંપી છેવટે તપ કરવા ચાલ્યો ગયો. તે પછી વૈવસ્વત મનુએ જાતે પણ યમુના તટ પર પુત્રકામનાથી તપ કર્યું. તેમને ઈક્ષ્વાકુ આદિ દસ પુત્રો થયા. તેમાંના એકનું નામ પૃષધ્ર. તે ગાયોની રક્ષા કરતો. એક દિવસ તે ગૌશાળામાં ગયો. પણ ત્યાં ગાય ખાનાર વાઘને મારવા જતાં વાઘનો તો કાન જ કપાયો પણ અંધારું હોવાને લીધે હથિયાર લાગવાથી એક ગાય મરી ગઈ. અજાણતાં થયેલા આ પાપને લીધે તે શૂદ્રરૂપ બની ગયો. છતાં ઉચિત તપ ત્યાગને કારણે છેવટે તો તે પરબ્રહ્મ પરમાત્માને જરૂર પામી ગયો. એ મનુનો સૌથી નાનો પુત્ર 'કવિ' નામે હતો. તે પણ કિશોરાવસ્થામાં જ રાજ્યવૈભવ છોડી ત્યાગ અને તપને માર્ગે પરમ પદ પામી ગયો. બ્રહ્મલીન જ થઈ ગયો.

શુકદેવજી રાજા પરીક્ષિતજીને ઉદ્દેશીને મનુના વંશવેલની વાત કરતાં કરતાં આગળ કહે છે: "રાજન્! મનુપુત્ર કરુષને કારણે કારુષ નામના ક્ષત્રિયો થયા. તેઓ ધર્મપ્રેમી, બ્રાહ્મણભક્ત અને ઉત્તરીય પ્રાંતોના રક્ષક પુરવાર થયા. ધૃષ્ટથી ધાર્ષ્ટ નામના ક્ષત્રિયો થયા. પણ ધીરે ધીરે એ જ શરીર છતાં તેઓ આગળ જતાં બ્રાહ્મણ થઈ ગયા. બીજા મનુ વંશમાં કાનીન મહર્ષિ જાતૂકર્ણ્યને નામે પ્રખ્યાત બ્રાહ્મણ થયા. 'આગ્નિવેશ્યાનન' ગોત્ર એમાંથી જ ચાલ્યું છે. દિષ્ટના પુત્ર નાભાગ, પોતાના કર્મને કારણે વૈશ્ય થઈ ગયો. તેઓમાં ધાર્મિક વૃત્તિ ઘણી હતી. એ રીતે તેઓમાં મરુત્ત નામના ચક્રવર્તી પણ થયા છે. મરુત્તે જે યજ્ઞ કરાવેલો તેની તુલનામાં બીજા કોઈનાય યજ્ઞો આવી શકતા નથી! ક્રમે ક્રમે આ વંશમાં તૃણબિંદુ રાજા ખરેખર ગુણના ખજાનારૂપ થયા હતા. જેમને અલમ્બુષા અપ્સરા-દેવીએ પોતાના પતિ તરીકે પસંદ કરેલા. એમના કેટલાક પુત્રો અને ઈડવિડા નામની કન્યા જન્મી. તેના થકી મુનિવર વિશ્રવાએ ઉત્તમ

વિદ્યા પામીને ઈડાવડાના ગર્ભમાંથી લોકપાલ કુબેરને જન્માવ્યા. એમાંથી વંશવૃદ્ધિ થઈ અને વિશાલ થકી જ વૈશાલી નગરી વસી છે ! કૃષાશ્વપુત્ર સોમદત્તે યજ્ઞો દ્વારા યજ્ઞપતિ ભગવાનની આરાધના કરેલી અને યોગેશ્વર સંતોના આશ્રયે મુક્તિ મેળવી. સોમદત્તનો પુત્ર સુમતિ અને સુમતિના પુત્ર જનમેજય ગણાય. આ બધા તૃણબિંદુની કીર્તિવૃદ્ધિમાં સહાયક થયા.

## ચ્યવન–સુકન્યા કથા

ઘણા અવિનયો સાથે, સંતોને જે અભક્તિએ;
દૂભવે ત્યાં મળે માફી, ફક્ત પૂરા સમર્પણે. ૧

ત્યાગે–તપે થતો પૂર્ણ, મુનિ, પછી મહામુનિ;
થવા નિસર્ગ સંયોગો, સર્જે સ્વયં કૃપા કરી. ૨

તરવું તારવું બન્ને, ક્રિયા જે ધર્મમાં વસી
તેવો ધર્મ બનાવાય, માત્ર મહામુનિ થકી. ૩

મહામુનિ તણું તેથી, પ્રયોગશીલ–જીવન;
જગે ઝંખે સદા દેવો, ને મહામાનવો પણ. ૪

ભાઈ પરીક્ષિત ! મનુપુત્ર રાજા શર્યાતિ વેદપાઠી અને ઊંડા અભ્યાસી હતા ! સુંદર અને રૂપરૂપના ભંડાર જેવી એક સુકન્યા નામની કન્યા પણ એમને ત્યાં જન્મી હતી. એક દિવસ તેઓ આ કન્યાને સાથે લઈ ફરતા ફરતા ચ્યવન ઋષિના આશ્રમમાં અચાનક પહોંચી ગયેલા. સુકન્યા તો પોતાની સખીઓ સાથે આ વનનાં વૃક્ષો જોઈ રહી હતી ! તેવામાં એની નજર ઊધઈના રાફડા તરફ ગઈ. તેના છિદ્રમાંથી બે

આગિયા જેવું દેખાઈ રહ્યું હતું! ખરી રીતે ઊધઈએ કરેલા રાફડામાં વચ્ચે ચ્યવન ઋષિનું તપસ્વી શરીર હતું. શરીર રાફડામાં ઢંકાઈ ગયું હતું પણ વચ્ચે બે ઉઘાડી તગતગતી આંખો જાણે આગિયા જેવી બની ગઈ હતી. બાળસુલભ કુતૂહલથી સુકન્યાએ પાસેના બાવળના ઝાડમાંથી શૂળ લઈ એ બન્નેને વીંધી નાખી. પરિણામે એ આંખોમાંથી ઘણું લોહી નીકળી પડ્યું અને તે જ વખતે શર્યાતિના સૈનિકોનાં મળમૂત્ર બંધ જ થઈ ગયાં! રાજા શર્યાતિ તેથી સાશ્ચર્ય દુઃખિત થઈ બોલી ઊઠયા: 'અરે સૈનિકો! તમારામાંથી કોઈએ પણ ચ્યવન ઋષિનો અવિનય તો નથી કર્યો ને? આ આશ્રમ ચ્યવન ઋષિનો છે! સુકન્યાએ ગભરાતાં ગભરાતાં ખરી વાત કહી દીધી! રાજા શર્યાતિએ તરત રાફડાની અંદરથી ઋષિને ખુલ્લા કરી પુત્રીની ગફલતની ખૂબ માફી માગી અને પોતાની એ સુકન્યાને ચ્યવન ઋષિ સાથે પરણાવી પૂર્ણપણે સમર્પિત કરી દીધી! પછી ચ્યવન ઋષિની અનુમતિ લઈ તે પાછા પોતાની રાજધાનીમાં પહોંચ્યા.

અહીં પસ્તાવો હૃદયનો પામી હતી. તેથી સુકન્યા પરમ ક્રોધી ચ્યવનમુનિજીને પણ પતિભાવે તન, મન અને સાધનથી સમર્પિત થઈને પળે પળે રાજી રાખવામાં લીન બની ગઈ હતી! હવે તે સુકન્યા માટે જગતમાં જે કંઈ પોતીકું છે, તે માત્ર ચ્યવનમુનિમાં દેખાવા લાગ્યું હતું!! જ્યારે આટલું બધું તાદાત્મ્ય થઈ જાય, તો તેવાં પતિ–પત્ની વૃદ્ધ હોય, તો પણ બન્ને અનાયાસે યુવાન બની જાય છે!! એટલું જ નહીં તેઓ બંને મન અને ચેતનથી પરમ અભેદ અનુભવે છે! પંચમહાભૂતની શરીરભિન્નતા એ બન્નેને એટલી જ જડરૂપે જુદાઈવાળી બની જાય છે! આવું બે ભિન્ન શરીરધારીઓનું ઐક્ય સિદ્ધ થયા પછી બાકી શું રહે? કુદરતનાં બધાં તત્ત્વો પણ પછી એ બંનેની સેવામાં વારે વારે અનાયાસે હાજર થઈ જાય છે. એટલે જ આકસ્મિક રીતે ત્યાં બન્ને અશ્વિનીકુમારો આકર્ષાઈ આવ્યા. અશ્વિનીકુમારોને સોમરસમાં ભાગ જોઈતો હતો

અને ચ્યવનમુનિને મન પોતામય બનેલી પત્ની સુકન્યાને તન, મન અને ચેતન ત્રણેયથી તૃપ્ત કરી દેવી હતી! કારણ કે અજાણતાં કે કુતૂહલવશતાથી થયેલી સુકન્યાની ભૂલનું પ્રાયશ્ચિત્ત પૂરું થઈ ચૂક્યું હતું! અશ્વિનીકુમારોએ શ્રી ચ્યવનમુનિને કહ્યું : 'જુઓ! હવે આપનાથી સાવ નજીકમાં સિદ્ધ પુરુષોએ બનાવેલો કુંડ છે. કૃપા કરીને તેમાં આપ અમારી સાથોસાથ સ્નાન કરો!' જેવા ચ્યવનમુનિ કુંડમાં સ્નાન કરી બહાર નીકળ્યા એવા એ ત્રણેય એક સરખા યુવાન અને સર્વાંગસુંદર શરીરવાળા બની ગયા! કંઠમાં કમળોની માળા, કાનમાં કુંડલ અને યુવતીઓનાં મન હરણ કરનારાં મુખ અને વસ્ત્ર પરિધાનવાળા ત્રણેય એકરૂપ બની ગયા! આ ત્રણમાંથી પોતાના હૃદયદેવ–હૃદયસ્વામી–પ્રાણનાથ કયા? તે શોધવા માટે તરત સુકન્યાએ એ ત્રણેયને પૂછ્યું : 'આપ ત્રણમાંથી મારા પ્યારા પતિરાજ ચ્યવન મુનિ કોણ છે?' અશ્વિનીકુમારે તરત બતાવી આપ્યા અને એ મહાસતીને અભિનંદન આપતાં કહ્યું : 'દિલના પ્રણયને બેડોળપણું કે સુડોળપણું, ઘડપણ કે જુવાની, રુગ્ણાવસ્થા કે નીરોગીપણું એમ બધું જ સરખું છે. પણ સતીજી! આપ જેવાંના સમર્પણની કદર કરી બધા પ્રકારે તમને પૂરેપૂરો સંતોષ આપવો એ પણ કુદરતની ફરજ છે. બસ આ રીતે પોતાનું કાર્ય બજાવી, તેઓ બન્ને વિમાન દ્વારા સ્વર્ગે સિધાવ્યા. ચ્યવનમુનિના મનમાં થયું : 'એક અર્થમાં હવે મારો નવો જન્મ થયો ગણાય એટલે મારા સસરા શર્યાતિરાજા આવી ગયા પછી એમનો રાજીપો થઈ જાય પછી જ અમે પરસ્પર શરીરસ્પર્શ કરીએ તો યથાર્થ ધર્મ જળવાય! નહીં તો ધર્મ કરતાં કામવાસના મુખ્ય બની જશે.' તેમણે પોતાના મનની વાત પોતાની ધર્મપત્ની સુકન્યાને કહી. સુકન્યા આ સાંભળીને વધુ આનંદિત થઈને બોલી : 'મારા આત્મદેવ! આપનું પરમ મુનિપદ આ રીતે સંવેદીને હું તો મારા પ્રભુ! કૃતકૃત્ય થઈ ગઈ છું!' ચ્યવન

મુનિ બોલ્યા : 'મારી ભાગ્યવતી મહાશક્તિ ! જે પરમાત્માની કૃપાથી મારી આંખોની વેદના તારે નિમિત્તે આવી મારો પરમ ક્રોધ પરમ ક્ષમામાં પલટયો, એ રીતે હું તારો પણ આભારી છું. પરમ કામવાસના પડી હોય તો જ પરમ ક્રોધભાવ વાતવાતમાં ઊગી આવે ! તેવી દશામાંથી કાં તો જાતે નારી બનવું પડે અને કાં નર-નારી અભેદસાધનાના પ્રયોગો કરવા પડે. તો જ પુરુષનાં કામ, ક્રોધ અને લોભ જડમૂળથી જાય ! એટલું જ નહીં દુનિયા માટે પરમસાધુ પુરુષ જ સ્વપરશ્રેયકારક નિમિત્ત બની શકે !' હજુ આ વાત ચાલતી હતી ત્યાં જ રાજા શર્યાતિ આવી પહોંચ્યા. પહેલી રાજાને અસર એ થઈ કે 'ચ્યવન-મુનિ આશ્રમ પર ઉપસ્થિત નથી અને આ સુંદર યુવાન પાસે એકાંત-માં અને એકલી મારી સુપુત્રી સુકન્યા બેઠી છે. અરેરે ! આનું સતીત્વ ક્યાં ચાલ્યું ગયું ? મારી સુકન્યા ઘરડા પતિની સર્વભાવે સમર્પિત થઈને સેવા કરતી, તે શું કેવળ દંભ હતો કે શું ?' પરંતુ આ અસર ક્ષણિક જ રહી ! તરત ઊઠીને પિતાને ભાવથી વંદતી તે સુકન્યા બોલી ઊઠી : 'જેમ હું આપની જ સુપુત્રી સુકન્યા છું, તેવા જ આ આપના જ જમાઈરાજ ચ્યવનમુનિ છે !' ચ્યવનમુનિ પણ શર્યાતિ રાજાને સસરારૂપે માનીને પગે પડી ગયા. તરત રાજા બોલ્યા : 'ભલે. હવે આપ મારા સગપણથી જમાઈ હો પરંતુ આપ તો મુનિઓમાં પણ મહામુનિ છો એટલે આપને ચરણે જ અમારા જેવા ગૃહસ્થા-શ્રમમાં લથબથ થયેલાનું માથું શોભે ! સુકન્યાએ જુવાની શી રીતે આવી એ દર્શાવીને પોતાના પિતાની વાતમાં સૂર પુરાવ્યો કે તરત ચ્યવનમુનિ બોલી ઊઠચા :

'આપની આ મહાન પુત્રીએ મારો પરમ ક્રોધ અને સુષુપ્ત કામવાસના બન્નેનો મારામાં પોતાની પતિભાવે ઊંડા સમર્પણ-પૂર્વકની તન્મયતા આરોપીને એવો તો સરાસર છેદ ઉડાડયો છે કે તે નારીશક્તિના આ મહાન કાર્ય આગળ મારું તપસ્વીપણું

અને મુનિપણું વામણું બની ગયું છે! એ રીતે ભલે હું મુનિ રહ્યો, પણ આપ બન્નેના ઉપકારોથી દબાઈને આપ બન્નેને ભાવથી વારંવાર વંદું છું.' તરત રાજા શર્યાતિ દંડની માફક પડીને ચ્યવન મુનિના ચરણમાં લોટવા લાગ્યો. સાથોસાથ સુકન્યા પણ અને પિતા-પુત્રી બન્ને બોલી ઊઠયાં: 'બસ, આપ જેવા મહામુનિઓની આવી નમ્રતા જ જગતને ધર્મભીનું રાખી શકે છે! તરવું અને તારવું બન્ને ક્રિયા એક જ વિભૂતિ મારફત વ્યાપક બને તે કામ સહેલુ નથી જ.' ચ્યવન મુનિએ કહ્યું: 'તમારા જેવાં સહાયક મળી જાય, તો સાવ સહેલામાં સહેલું બને છે, તે હવે પુરવાર થઈ ગયું.' પરીક્ષિતજી! આમ આદર્શ શર્યાતિ રાજવી, મહાસતી સુકન્યા અને મહામુનિ ચ્યવનજીની ત્રિવેણીના પરસ્પરના ગુણલક્ષી સંવાદથી આખુંય વાતાવરણ દિવ્ય અને ભવ્ય બની રહ્યું!

મહર્ષિ ચ્યવને અશ્વિનીકુમારોને સોમયજ્ઞમાં ભાગ આપવાની વાતને કારણે ખુશ થયેલા સુકન્યાના પિતાશ્રી રાજા શર્યાતિ પાસે સોમયજ્ઞ કરાવ્યો. અત્યાર સુધી સોમપાનના અધિકારી અશ્વિની-કુમારો ન હોવા છતાં એમને સોમરસનું પાન કરાવ્યું તેથી ઇંદ્ર; પોતાની સત્તા આ રીતે ખૂંચવાઈ રહેલી જાણી જલદી જલદી ગુસ્સે થઈ ગયો. રાજા શર્યાતિને મારવા જેવું તેણે પોતાનું વજ્ર ઉઠાવ્યું કે તરત ઋષિ ચ્યવનજીએ એના (ઇંદ્રના) હાથને જ થંભાવી દીધો. આથી બધા દેવોએ ત્યારથી અશ્વિનીકુમારોને સોમપાનમાં ભાગ આપવાની સ્વીકૃતિ આપી દીધી. પહેલાં વૈદ્યો તરીકે માની દેવો અશ્વિનીકુમારોને સોમપાનમાં ભાગ આપતા ન હતા તે આપવા લાગ્યા તેથી એ કાર્ય પતી ગયું!

"રાજા શર્યાતિને ત્રણ પુત્રો હતા: (૧) ઉત્તાનબર્હિ, (૨) આનર્ત અને (૩) ભૂરિષેણ. આનર્તનો પુત્ર રેવત હતો જેણે સમુદ્રમાં કુશસ્થલી નગરી વસાવેલી જેમાં રહીને રેવત આનર્ત આદિ દેશોનું રાજ્ય કરતો હતો. તેના સો પુત્રો હતા. તેમાં સૌથી મોટો કુકુદ્મી

હતો. એની દીકરી રેવતીને લઈને કુકુદ્મી બ્રહ્મા પાસે ગયો. એનો વર ગોતવા માટેની વાત મૂકી. બ્રહ્માજીએ નારાયણના અંશાવતાર-રૂપ મહા બળવાન બલદેવજીનું ઠેકાણું બતાવ્યું અને આ કન્યા તેમને સુપ્રત કરવા જણાવ્યું. બ્રહ્માજીનું કહેવું માનીને બલદેવજીને પોતાની દીકરી સોંપી પોતે તપ કરવા નર–નારાયણના આશ્રમ બદરીવન ભણી ચાલી નીકળ્યો."

## નાભાગ કથા

મૂઢ સ્વાર્થી ભલે પામે, અન્યાયે ને અનીતિએ;
ધનના ઢગલા તોયે, દુઃખી દુઃખી થઈ જશે. ૧

ન્યાય-નીતિ અને સત્ય, સાચવશે જે સ્વભાવથી,
પામે દારિદ્રય તોયે તે, પામશે સુખ કાયમી. ૨

"પરીક્ષિતજી ! મનુપુત્ર નભગના સૌથી નાના દીકરાનું નામ નાભાગ હતું તે મોટો વિદ્વાન હતો. એ ઘણો વખત સુધી ગુરુકુળ-વાસમાં રહ્યો. આથી એને નૈષ્ઠિક બ્રહ્મચારી માનીને બીજા ભાઈઓએ પૈતૃક–સંપત્તિ વહેંચી લીધી અને એને માટે કશું જ ન રાખ્યું. જ્યારે તે ગુરુકુળમાંથી પાછો ઘેર આવ્યો અને પોતાનો ભાગ માગ્યો, તો તરત એ ભાઈઓએ કહ્યું : 'આ પિતાજીને પોતાને જ અમે તો તારા ભાગમાં રાખ્યા છે !' પિતાજી પાસે એ નાભાગ ગયો અને આ વાત કરી ત્યારે તેના પિતાજી બોલ્યા : 'તેઓ હાંસી કરે છે, પણ તું હાંસીમાં એ વાત માની ન લે ! ખેર. તને હું એક રસ્તો સીધો બતાવું. આ જો મોટા બુદ્ધિમાન આંગિરસ ગોત્રના બ્રાહ્મણો આ સમયે યજ્ઞ કરી રહ્યા છે, પણ છઠ્ઠે દિવસે યજ્ઞ પૂરો થવામાં વૈશ્વદેવ સંબંધી મડાગાંઠ ઊભી થશે. માટે તું એ સજ્જનોની પાસે

જઈને વૈશ્વદેવ સંબંધી બે સૂક્તો બતાવી દે! તેઓ યજ્ઞ પૂરો કરી તુરત સ્વર્ગમાં જવા માગે છે, તો સ્વર્ગમાં જતાં પહેલાં યજ્ઞમાં બચેલું બધું ધન તેઓ તને આપી દેશે!' આ પ્રમાણે નાભાગે પિતાજીના કથન પ્રમાણે જ કર્યું અને આંગિરસ ગોત્રના બ્રાહ્મણોએ પણ બધું બચેલું યજ્ઞધન છોડી સ્વર્ગ-પ્રયાણ કર્યું. જેવો એ ધન 'નાભાગ' લેવા માંડે છે, ત્યાં તરત કોઈ કાળા રંગનો માણસ આવીને ઊભો રહ્યો. એણે એને કહ્યું: આ બચેલું જે કાંઈ યજ્ઞનું ધન છે તે મારું છે!' નાભાગે કહ્યું: "આંગિરસ ગોત્રી બ્રાહ્મણોએ સ્વર્ગમાં જતાં પહેલાં આ વધેલું બધું ધન પોતાને આપ્યું છે..." ત્યારે પેલા માનવીએ કહ્યું: 'આપણા વિવાદનો તારા પિતાજી જે નિર્ણય આપે તે મને કબૂલ છે!' તરત નાભાગે પિતા પાસે જઈ આ વિશે પૂછ્યું તો પિતાજીએ કહ્યું: 'એક વાર દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં ઋષિ લોકોએ નિશ્ચય કર્યો છે કે હવેથી યજ્ઞમાં જે બચે તે બધું રુદ્રદેવનું છે! એટલે આ ધન તો રુદ્રદેવને જ મળવું જોઈએ. તરત નાભાગ સમજી ગયો કે આ પુરુષ કદાચ પોતે જ રુદ્રભગવાન જણાય છે! અને તે પુરુષને તે પ્રણામ કરવા લાગ્યો! અને ભૂલની ક્ષમાયે માગી. ત્યારે તે કાળો પુરુષ બોલ્યો: 'ભાઈ! તારા પિતાએ પક્ષપાત રહિત અને સાચો ન્યાય આપ્યો છે અને તું પણ કશું છુપાવ્યા વિના સાવ સાચું કહે છે, તેથી હું તારા ઉપર ખરેખર રાજી થઈ ગયો છું! તું વેદોનો અર્થ તો બરાબર જાણે છે એટલે તે જાણવાની વિશેષ જરૂર રહેતી નથી. હું તને સનાતન બ્રહ્મતત્ત્વનું જ્ઞાન આપું છું. અને યજ્ઞમાં બચ્યું છે તે મારા અંશરૂપ છે, તે ધન પણ તને આપું છું. તું એનો ઝટ સ્વીકાર કરી લે!' એમ કહી સત્યપ્રેમી રુદ્ર ભગવાન અંતર્ધાન થઈ ગયા. જે મનુષ્ય સવાર અને સાંજ એકાગ્ર ચિત્તથી આ કથા સાંભળે છે તે જરૂર પ્રતિભાશાળી અને વેદજ્ઞ તો થાય છે જ પણ સાથોસાથ પોતાના સ્વરૂપને પણ જાણી શકે છે જ!"

# પ્રભુપ્રેમી અંબરીષ

પ્રભુ પોતે સ્વભક્તોને, પોતાનાથીયે વધુ ગણે;
તેથી રક્ષા કરે પૂર્ણ, અંબરીષ કથા ભણે. ૧

ભક્તિ તે કારણે જ્ઞાન–કર્મથીયે મહાન છે;
તો સદા ભક્તિનો પાયો સાબૂત રાખવો પડે. ૨

શ્રી શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત ! નાભાગને એક પુત્ર થયેલો. જેનું નામ અંબરીષ હતું. તે ભગવાનનો પરમ પ્રેમી અને ઉદાર ધર્માત્મા હતો. જે બ્રહ્મશાપ કોઈથી રોકયો ન રોકાય, તે પણ ભગવાનનો પરમ ભક્ત હોવાથી અંબરીષને સ્પર્શ કરી નહોતો શકયો !" આ જાણી આશ્ચર્યચાકત થઈ રાજા પરીક્ષિતે પૂછ્યું : "ભગવન્ ! હું એ પરમ જ્ઞાની અંબરીષ રાજર્ષિનું જીવનચરિત્ર સાંભળવા માગું છું. કારણ કે આ જગતમાં ગમે તેવો પ્રભાવશાળી માનવી હોય પણ તે કદી બ્રાહ્મણનો શાપ નિવારી શકતો નથી તો આમાં એનો અપવાદ કેમ ?...' શુકદેવજી આના પ્રત્યુત્તરમાં વિસ્તૃત રીતે કહે છે : "રાજન્ પરીક્ષિત ! અંબરીષ મહાભાગ્યવાન રાજવી હતો. પૃથ્વીના સાતેય દ્વીપો, અચલ સંપત્તિ અને અજોડ ઐશ્વર્ય એને સહેજે સાંપડેલાં. સામાન્ય ક્ષત્રિય માનવી માટે કદીયે આ સુલભ નથી. એવી મહાન ચીજો અનાયાસ પ્રાપ્ત થવા છતાં તેઓ એ બધીયે ચીજોને સ્વપ્નવત્ સમજતા હતા. કારણ કે એ સમજતા હતા : 'જેને લીધે મનુષ્ય ઘોર નરકનાં કામ કરે છે તે ધનદોલત તો ચાર દિવસની ચાંદની જેવી છે !' કારણ કે એમનો પરમ પ્રેમ કૃષ્ણ ઉપર તથા ભગવાનપ્રેમી સંતો ઉપર જ હતો, તેથી આખુંયે જગત અને એની સમગ્ર સંપત્તિઓ એને માટીના ઢગલા

જેવી જ લાગે, તેમાં શી નવાઈ ? તે મનથી સર્વદા ભગવાન શ્રીકૃષ્ણ ચરણકમલનું સ્મરણ કરતો રહેતો. એની વાણી મોટે ભાગે ભગવાન શ્રીકૃષ્ણના ગુણ અને લીલાઓના વર્ણનમાં મશગૂલ રહેલી હતી. તે પોતાના જ હાથે ભગવાનનું મંદિર વાળીઝૂડી સ્વચ્છ કરી સજાવતો. જ્યારે જોઈએ ત્યારે તેમના કાન તો ભગવાનની જ મંગલમધુર કથાઓ શ્રવણ કરવામાં જ રોકાતા ! એની આંખો ભગવાનનું સ્મરણ કરાવનારાં મંદિર-મૂર્તિઓમાં ચોંટયા કરતી ! હંમેશાં ભગવાનના ભકતો અને ભગવાનના સેવકોના શરીરસ્પર્શમાં જ પોતાના શરીરની સફળતા માનતો હતો. એનું નાક ભગવાનના ચરણકમલમાં રહેલી તુલસીની દિવ્ય સુવાસમાં મસ્ત રહેતું. તેની જીભ ભગવાનને ધરાવેલી પ્રસાદીરૂપે ધરેલા પ્રસાદમાં જ મસ્ત બની જતી. અંબરીષના પગ ભગવાનનાં ક્ષેત્રોમાં પગપાળા પર્યટન કરવા તલસતા હતા. માથું પણ શ્રીકૃષ્ણ–ચરણવંદનામાં જ મગ્ન રહેતું.

આ અંબરીષે પોતાનાં બધાં જ કર્મો યજ્ઞપુરુષ ઇન્દ્રિયાતીત ભગવાનના તરફ એમને સર્વાત્મા સર્વસ્વરૂપ સમજીને સમર્પિત કરી દીધાં હતાં. આ ભક્તિનો ચેપ પ્રજામાં પણ પૂરેપૂરો ફેલાયેલો. સ્વર્ગ તો એ પ્રજાને મન સાવ તુચ્છ બની ગયેલ ! તે પ્રજાને ભોગ નહીં, પણ ત્યાગ જ પ્યારો લાગતો હતો. આમ અંબરીષનાં બધાં કર્તવ્યો હંમેશાં આસક્તિ રહિતપણે થતાં. ખુદ ભગવાને રાજા અંબરીષની રક્ષા કાજે એક વજ્ર આપી રાખેલું. એ વજ્ર ભગવદ્‌વિરોધીઓને રંજાડતું પણ ભગવદ્‌ભકતોની રક્ષા પણ સાથોસાથ કર્યે જતું. અંબરીષની ધર્મપત્ની પણ ગુણોથી ભરેલી અને ભકિતપ્રધાન હતી.

એક વાર રાજા અંબરીષે ભગવદ્‌ભકિત માટે પોતાનાં પત્નીની સાથે સાથે દ્વાદશીપ્રધાન એકાદશી વ્રત કરવાનો સંકલ્પ કર્યો. વ્રતની પ્રાપ્તિ પછી કાર્તિક માસમાં એમણે ત્રણ રાત સહિતના ઉપવાસ કરાવ્યા અને એક દિવસે યમુનાજીમાં સ્નાન કરીને મધુવનમાં ભગવાન

શ્રીકૃષ્ણની પૂજા કરી. છેવટે બ્રાહ્મણોના ગુણ ગાઈને તેમને ભોજન કરાવ્યું. લાખો ગાયો દાનમાં આપી. તે ગાયોના શીંગડાં સોનાથી અને ખરીઓ ચાંદીથી મઢાવેલ હતી. બસ તે જ વખતે તપસ્વી દુર્વાસા ઋષિ અચાનક ત્યાં મહેમાન રૂપે પહોંચ્યા.

રાજા અંબરીષે ઊઠીને તેમનું સન્માન કર્યું. ભોજનનું આમંત્રણ આપ્યું. તેઓ અંબરીષને ત્યાં ભોજન કરવાનું નક્કી કરીને નદીએ ગયા અને સ્નાન કર્યું.

આ બાજુ દ્વાદશી થોડી બાકી રહેલી તેથી અંબરીષ રાજાએ માત્ર પાણી લઈ લીધું. કારણ કે શાસ્ત્રીય દૃષ્ટિથી પાણી એ ભોજન ગણાય છે અને નથી પણ ગણાતું. ભગવાનનું સ્મરણ કરી પાણી પીધા પછી ગુરુ દુર્વાસાજીની વાટ જોઈ બેસી રહ્યા. તેઓ આવ્યા અને ગુસ્સે થઈ બોલ્યા : 'તું ધનમદમાં અને તારા ઐશ્વર્યમદમાં છકી ગયો છે, જેથી બ્રાહ્મણને ભૂખ્યો રાખી તેં પારણું કર્યું!' પોતે મોડા થયા અને સમય વીતી ન જાય માટે રાજાએ પાણી પીધું, જેથી એક દૃષ્ટિએ પારણું ગણાય અને પારણું નયે ગણાય। તે વાતનો તપસ્વી છતાં ક્રોધી બની ગયેલા દુર્વાસા ઋષિએ ખ્યાલ જ ન કર્યો, એટલું જ નહીં પણ પોતાના તપઃપ્રભાવે જટામાંથી કૃત્યા નામની રાક્ષસી પેદા કરી. પરંતુ અંબરીષ રાજાને કૃત્યા કાંઈ ન કરી શકી. ઊલટું ભગવાને અંબરીષ ભક્તની રક્ષા કાજે વજ્ર ત્યાં મોકલ્યું, તે વજ્રે કૃત્યાને પોતાને જ પોતાની આગથી બાળીને રાખના ઢગલારૂપ કરી નાખી. એટલું જ નહીં બલકે દુર્વાસા ઋષિ ભાગવા લાગ્યા તો તેમની પછવાડે તે પડી ગયું! દુર્વાસાજી આ વજ્રત્રાસ નિવારવા બ્રહ્માજી પાસે ગયા. તેઓ કશું જ ન કરી શકતાં ભગવાન શંકર પાસે ગયા. ભગવાન શંકરે પણ ભગવાનના ભક્તનું જ્યાં ભગવાન પોતે રક્ષણ કરતા હોય ત્યાં પોતાની નિરુપાયતા બતાવી, એટલે તેઓ સીધા વૈકુંઠમાં ભગવાન પાસે પહોંચ્યા અને જ્યાં ભગવાન પોતે પણ ભક્તત્રાસ નિવારણ આગળ પોતાની

મજબૂરી ગાવા લાગ્યા અને ભક્ત પાસે જવાની સલાહ આપી. એટલે છેવટે ઋષિ દુર્વાસાજી રાજા અંબરીષ પાસે ગયા અને પગે પડી ગયા. રાજા અંબરીષે લજ્જિત થઈ દુર્વાસાજીની ચરણ લઈ વજ્રને વીનવી કષ્ટમુક્તિ કરાવી. અંબરીષ રાજા પોતાનો રાજ્યભાર ભક્ત-પુત્રોને સોંપી વનવાસી બનેલા અને છેવટે મુક્તિ પામી ગયા.

# આંગિરસ ગોત્ર અને સૌભરિ ચરિત્ર

વ્યષ્ટિ અને સમષ્ટિ એ, ભલે હોયે જુદાં છતાં;
ઊંડે ઊંડેય બન્નેમાં, છે એક શુદ્ધ ચેતના. ૧

નારી-નર મહીં મોહ, છૂટી આકર્ષણાંતમાં;
બીજું એક મહીં લીન, જો થઈ જાય અંતમાં. ૨

સર્વાંગ મુક્તિનો માર્ગ, તો સહેલો બની જશે;
નારી મુખ્ય રહે આમાં, અર્પણ સે'લું એહને. ૩

અંબરીષ રાજાને ત્રણ પુત્રો હતા : (૧) વિરૂપ, (૨) કેતુમાન્ (૩) શંભુ. વિરૂપના પૃષદશ્વ અને તેનો પુત્ર રથીતર થયો. તે સંતાનહીન હતો. તેથી વંશવેલો રાખવા તેણે અંગિરા ઋષિને પ્રાર્થના કરેલી. અંગિરા ઋષિએ રથીતરની પત્નીને માધ્યમ બનાવી તેણીના દ્વારા બ્રહ્મતેજસંપન્ન કેટલાય પુત્રો પેદા કર્યા ! ખરી રીતે રથીતરની પત્નીથી તે પેદા થવાને કારણે રથીતરગોત્ર હોવું જોઈતું હતું પણ તે પુત્રોનું ગોત્ર અંગિરા ઋષિના બ્રહ્મતેજના શક્તિપાતને લીધે જ પેદા થયા હોવાથી તે બધાં સંતાનો આંગિરસ ગોત્રનાં જ કહેવાયાં. રથીતર રાજા ક્ષત્રિય, પણ આ સંતાનો અંગિરા ઋષિનાં જ હોવાથી બ્રાહ્મણ જ કહેવાયાં ! ઇક્ષ્વાકુ મનુની નાસિકા-

માંથી જન્મેલા કહેવાય છે. તે કુળમાં પુરંજય એવો બળવાન રાજા થયો હતો કે જેનું વાહન ખુદ ઇન્દ્ર બનેલા અને એ રીતે દૈત્યો પર દેવો અને દેવેંદ્રે પુરંજયની મદદથી જ વિજય મેળવેલો. આગળ જતાં એ જ પુરંજય કુળમાં યુવનાશ્વનો પુત્ર માંધાતા રાજા થયો, જેણે જન્મતાં જ બચપણમાં જ ઇંદ્રની તર્જની આંગળી ચૂસી દૂધતૃપ્તિ કરી હતી. એણે એકલાએ સાત દ્વીપવાળી પૃથ્વીનું શાસન કરેલું. રાજા માંધાતાના ત્રણ પુત્ર અને પચાસ કન્યાઓ હતી. તે પચ્ચાસેય કન્યાઓએ એકલા સૌભરિ ઋષિને પતિ તરીકે પસંદ કરેલા. આમ તો સૌભરિ મોટા તપસ્વી હતા, પરંતુ એકદા ડૂબકી લગાવી ત્યાં મત્સ્યરાજને પોતાની પત્નીઓથી બહુ સુખી જોઈને સૌભરિ ઋષિને પણ પરણવાનું મન થઈ ગયું અને સામેથી માંધાતા પાસે માત્ર એક કન્યા માગી. પણ એમને તો પચાસેય કન્યા મળી ગઈ; પણ તપ ખોઈ બેઠા અને ભોગમાં તૃપ્તિ ક્યાંથી મળે? ઋગ્વેદાચાર્ય સૌભરિને એક દિવસ વિચાર કરતાં કરતાં વિચાર આવી ગયો કે: 'મત્સ્યરાજના ભોગો જોઈ હું ભોગરસિક તો બની ગયો, પણ તૃપ્તિ અને આનંદ ભોગોમાં નહીં પણ ભોગોના ત્યાગમાં છે. તેમને એમ પણ લાગ્યું કે 'ત્યાગી મોક્ષાર્થી પુરુષોએ ભોગીઓના ભોગનિરીક્ષણથી હમેશાં દૂર રહેવું. એકાકી રહી વિષયોથી મન મુક્ત રાખવું. તેઓએ એકલા રહી એકાંતમાં પોતાનાં ઇંદ્રિયો તથા મનને પરમાત્મામાં પરોવવું. ઇંદ્રિયોને બહિર્મુખ થવા ન દેવી. સત્પુરુષોનો સંગ કરવો. કેટલા ખેદની વાત છે કે એક મત્સ્યરાજ અને માછલીને ભોગોમાં આસક્ત જોઈ, હું એ છંદે ચઢ્યો. એમાંથી એકને બદલે પચાસ કન્યાઓને પરણ્યો, પણ ભોગોમાં તો તૃપ્તિ જ કેમ મળી શકે? એમ ચિંતન કરતાં કરતાં સૌભરિ ઋષિ વૈરાગ્યાધીન બની ગયા અને સંસારથી સર્વથા મુક્ત બની ગયા! તેઓ વનમાં ચાલ્યા, તો ત્યાં પણ પચાસેય કન્યાઓએ ઋષિજીની સાથોસાથ વનપ્રયાણ કર્યું. વનમાં જઈ પરમ સંયમી

સૌભરિજી ઘોર તપ કરી પરમાત્મામય બની ગયા. પરીક્ષિત ! આ રીતે તે પચાસેય પત્નીઓએ જ્યારે પોતાના પતિની આવી સુંદર આધ્યાત્મિક ગતિ જોઈ ત્યારે જેમ જ્વાળાઓ અગ્નિમાં લીન થઈ જાય તેમ એ સૌભરિ ઋષિજીના પ્રભાવથી સતી થઈ સૌભરિ ઋષિમાં લીન થઈ સમર્પિત થઈ છેવટે સૌભરિમય બની ચૂકી, જાણે એકાવન દેહો અલગ અલગ હતા, તે એકાત્મરૂપ થઈ ગયા !

## હરિશ્ચંદ્ર આખ્યાન

ઉપજાતિ

**રાજા હરિશ્ચંદ્ર સુસત્યવાનો મહીં પ્રતિષ્ઠિત મહાન જાણો;**
**રોહિત તારામતી પુત્ર-રાણી બે,સાથી સદા તેથી જ સત્ય શોભ્યું તે.**

અનુષ્ટુપ

નિરપેક્ષ પરં સત્ય, સાપેક્ષ કૃતિમાં બને;
તાળો બન્નેય સત્યોનો સૌના સાથ થકી મળે.

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : "એક અંબરીષ માંધાતાનો શ્રેષ્ઠ પુત્ર કહેવાયો. તેને તેના દાદાએ (યુવનાશ્વે) પોતાના પુત્ર તરીકે સ્વીકારેલો. તેનો પુત્ર યૌવનાશ્વ અને યૌવનાશ્વનો પુત્ર હારિત હતો. આ ત્રણે રાજાઓ માંધાતા મહારાજાના વંશમાં ઉત્તમ લેખાતા હતા. માંધાતાના બીજા પુત્ર પુરુકુત્સને નાગવંશની કન્યા નર્મદા પરણી હતી. એ નર્મદા પોતાના ભાઈ નાગરાજાની પ્રેરણાથી પુરુ-કુત્સને રસાતલમાં લઈ ગઈ હતી. વિષ્ણુ જેવી શક્તિ ધરાવતા પુરુકુત્સે ગાંધર્વો સામે યુદ્ધ કરી ગાંધર્વશક્તિના દુરુપયોગને મહાત કર્યો હતો. તેથી પ્રસન્ન થયેલા નાગરાજ પાસેથી એવું સુંદર વરદાન મળ્યું હતું

કે 'તમારું આ આખ્યાન સાંભળનારને કદી સર્પનો ભય રહેશે જ નહીં.' એ જ વંશમાં ત્રિબંધન નામનો પુત્ર હતો, અને તે ત્રિબંધન રાજાને સત્યવ્રત નામે પુત્ર હતો. જે ત્રિશંકુ નામથી વિખ્યાત થયેલો. તે ગુરુ વશિષ્ઠના શાપથી ચંડાલપણું પામેલો. આનાં મુખ્ય કારણોમાં (૧) બીજા કોઈને પરણતી બ્રાહ્મણ કન્યાનું તેણે અપહરણ કરેલું, (૨) પોતાના ગુરુની ગાયનું રક્ષણ ન કરતાં ગાયનો નાશ થવા દીધેલો, અને (૩) મંત્રથી પ્રોક્ષણ નહીં કરેલાંનો તેણે ઉપયોગ કરેલો. આ ત્રણ દોષો તો ત્રિશંકુરાજાને ખીલાની જેમ ચૂભી રહ્યા હતા ! હરિવંશમાં આ વાતની નોંધ આવે છે. વિશ્વામિત્ર ઋષિના પ્રભાવથી તે માનવશરીરે જ સ્વર્ગમાં ગયો હતો. દેવતાઓને એ નહોતું ગમ્યું, એટલે દેવોએ ત્રિશંકુ રાજાને ઊંધે માથે પાછો પાડેલો. પરંતુ વિશ્વામિત્ર ઋષિના પ્રતાપે તે નીચે નથી પડચો. તે ત્રિશંકુનો પુત્ર હરિશ્ચંદ્ર થયેલો. હરિશ્ચંદ્રને નારદજીની કૃપાથી જ રોહિત નામનો એકનો એક પુત્ર થયેલો. સત્યને કાજે રાજા હરિશ્ચંદ્રે પોતાનાં પટરાણી તારામતીનો અને પુત્ર રોહિતનો પણ ત્યાગ કર્યો હતો, જેને લીધે આખરે વિશ્વામિત્ર ગુરુ રાજા હરિશ્ચંદ્ર પર પ્રસન્ન થઈ ગયા હતા. તારામતી જેવી સતી ભાગ્યે જ થશે ! મતલબ હરિશ્ચંદ્રની સત્ય–વફાદારીમાં રાણી તારામતી અને પુત્ર રોહિતનો ફાળો જરાય ઓછો ન હતો ! પરમ સત્યને પામવા માટે વ્યવહારુ રીતે સત્યને આચરવું જ પડે છે. એવા વ્યવહારુ સત્યને નિરપેક્ષ એવા પરમ સત્યની સાથે તાળો મેળવવામાં એકલો માનવી ગમે તેટલો સમર્થ હોય તો પણ પર્યાપ્ત થઈ શકતો નથી. આ દૃષ્ટિએ સર્વસંગ–પરિત્યાગી સાધુનું મૂલ્ય વધુ છે, પરંતુ તેવા ક્રાંતિપ્રિય સાધુને પૂરક, પ્રેરક વગેરે પરિબળોની જરૂર પડે છે ! ! ! આ દૃષ્ટિએ હરિશ્ચંદ્ર રાજાનું જીવન અદ્‌ભુત ગણી શકાય તેવું છે. જગતમાં સત્ય ભગવાનની પ્રતિષ્ઠા રહેશે ત્યાં લગી રાજા હરિશ્ચંદ્ર કદી ભુલાશે નહીં !"

# રાજા સગર અને અંશુમાન

સજ્જનનું કરે ભૂરું, તેનું ફળ મળે કટુ;
સજ્જન તો કરે તેને, કટુને બદલે મીઠું. ૧

હિંસાનો માર્ગ અંતે તો નકામો નિષ્ફળો ઠરે;
જ્ઞાની તેથી કહે નિત્ય સફળ અહિંસા ખરે. ૨

હરિશ્ચંદ્રના પુત્ર રોહિતનો પૌત્ર ચંપ થયો. ચંપાપુરી તેણે વસાવી. આગળ જતાં એ વંશમાં સગર નામનો ખૂબ યશસ્વી રાજા થયો. એ સગર રાજાના પુત્રોએ જ પૃથ્વી ખોદીને દરિયો બનાવ્યો, જેથી દરિયાનું નામ સાગર પડ્યું એમ કહેવાય છે. સગર રાજાએ પોતાના ગુરુ ઔર્વની આજ્ઞાથી યવન, શક અને બર્બર વગેરે જાતિઓના માનવસમાજની હિંસા નહોતી કરી, પણ ખોટી પ્રતિષ્ઠા દૂર કરાવી હલકા અને વિરૂપ જરૂર બનાવેલા! પછી સગર રાજાએ ઔર્વ ઋષિની આજ્ઞાથી અને ઉપદેશથી સંપૂર્ણ વેદ અને દેવતામય આત્મસ્વરૂપ સર્વશક્તિમાન ભગવાનની આરાધના માટે અશ્વમેધ યજ્ઞ કર્યો. અશ્વમેધ યજ્ઞનો ઘોડો છોડેલો તે ઇન્દ્રે ચોરેલો. સગરના પુત્રોએ તે ઘોડો ગોતવા માટે આખી પૃથ્વીને ખોદી કાઢી હતી અને એ કારણે કપિલ મુનિ જેવા પવિત્ર મુનિ ઉપર એમણે આક્ષેપ કર્યો હતો. ખોટી રીતે કપિલ મુનિ ઉપર સગરના સાઠ હજાર પુત્રોએ આક્ષેપ મૂકયો, તેથી મુનિ તિરસ્કારના ફળરૂપે તે બધા બળીને ખાખ થઈ ગયા! જો કે કપિલમુનિ તો ખુદ સાંખ્ય દર્શનના પ્રણેતા અને ભગવાનના અવતારરૂપ હોઈ તેઓ તો ક્રોધ કરે નહીં અને શાપ આપે જ નહીં, પણ ખરાબ કર્મનું ફળ તો ખરાબ મળતું હોય જ છે!!!

સગરની બીજી કેશિની નામની રાણીને પેટે અસમંજસ નામનો

પુત્ર થયેલો. તેનો પુત્ર અંશુમાન હમેશાં દાદા સગર રાજાની સેવામાં જ રહેતો હતો. એ અંશુમાને દાદાની આજ્ઞાથી અશ્વમેધનો ઘોડો ગોતવો શરૂ કર્યો! કપિલમુનિના શરણમાં પડીને સ્તુતિ કરવા માંડી: 'આપે જગકલ્યાણ માટે જ જન્મ ધર્યો છે!' કપિલ પ્રસન્ન થઈ ગયા અને બોલ્યા: 'બેટા! આ તારા યજ્ઞનું પશુ છે. તે ખુશીથી તું લઈ જા અને તારા કાકાઓ જે પોતાના ખોટા કર્મનું ફળ પામ્યા છે તેઓનો પણ ગંગાજલને નિમિત્તે જરૂર ઉદ્ધાર થશે!' આ સાંભળી ભાવપૂર્વક અંશુમાને પ્રદક્ષિણા કરી લીધી. યજ્ઞપશુ(અશ્વમેધ યજ્ઞના ઘોડા)ને લઈ આવ્યો. સગર રાજાએ ઘોડો આવ્યા પછી એ અશ્વમેધ યજ્ઞની પ્રક્રિયા પૂરી કરી લીધી. હવે સગર રાજાએ અંશુમાનને બધો જ કાર્યભાર સોંપીને પોતે નિવૃત્ત થઈને ઔર્વ ગુરુને પ્રતાપે પરમ પદની પ્રાપ્તિ પણ કરી લીધી!"

## ગંગા-અવતરણ

થતા જે પ્રભુપાદોથી, સંતો ત્રિગુણાતીત;
તે જ પાદોથી જન્મેલાં, તેથી ગંગાજી પુનિત. ૧

પાપો હરાય ગંગાથી, સામાન્ય નરનાં પણ;
ઋજુતા – નમ્રતા–શુદ્ધ ભાવે સ્પર્શ્યે સુપાવન. ૨

નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રી શુકદેવજી બોલ્યા: "પરીક્ષિત રાજન્! સગરપૌત્ર અંશુમાને ગંગાને અવતારવાનો પ્રયાસ શરૂ કરી દીધો. ઘણી લાંબી અને ઘોર તપસ્યા કરી. વળી તેમના અવસાન પછી અંશુમાનપુત્ર દિલીપે પણ મોટી તપસ્યા કરી. દિલીપના મૃત્યુ પછી તેના પુત્ર ભગીરથે પણ તપસ્યા સારી પેઠે કરી ત્યારે ગંગાજી પોતે વરદાન દેવા માટે પ્રગટ થયાં! આ વેળાએ નમ્રતાપૂર્વક ભગીરથે

કહ્યું : 'આપ મર્ત્યલોકમાં પધારો !' ગંગાજી કહે છે : 'હું તો ખુશીથી આવું, પણ (૧) મારા વેગને સહન કરનાર જોઈએ. (૨) ઉપરાંત બધા લોકો પાપોને મારામાં પધરાવશે, તો હું એ પાપો કેવી રીતે દૂર કરી શકીશ ? એ સવાલ છે !' ભગીરથે કહ્યું : 'માતાજી ! રુદ્ર ભગવાન આપના વેગને જરૂર સહન કરશે. અને મહા પવિત્ર એવા ત્યાગી–તપસ્વીઓ આપનામાં સામાન્ય લોકોએ વેરેલાં પાપોને આપનો સ્પર્શ કરી પ્રક્ષીણ કરી દેશે !' આથી ગંગા પ્રસન્ન થઈ ગયાં. ખરેખર પરીક્ષિતજી ! શિવજીને પ્રાર્થના કરવાથી ભગવાન શિવજીએ એ ગંગાભાર અવશ્ય સહન કરી લીધો ! ત્યારબાદ રાજર્ષિ ભગીરથ ત્રિભુવનપાવની ગંગાજીને પોતાના પિતૃઓ હતા ત્યાં લઈ ગયા અને એમની રાખ પર ગંગાજળનો સ્પર્શ થતાં જ તે સગરપુત્રોનો ઉદ્ધાર થઈ ગયો અને તે બધા સ્વર્ગમાં ગયા. તો પછી જે સામાન્ય માનવી પણ નિખાલસ, નમ્ર અને શુદ્ધ બની શ્રદ્ધાપૂર્વક ગંગાજલને સ્પર્શે એનો ઉદ્ધાર કેમ ન થાય ? જરૂર થાય. આ હું ગંગાનો મહિમા કહી રહ્યો છું એમાં કોઈ નવાઈ નથી. કારણ કે ગંગાજી ખુદ ભગવાનના એવા ચરણોમાંથી પ્રગટ થયેલ છે કે જે ભગવાનના ચરણોનું શ્રદ્ધા સાથે ચિંતન કરતાં મોટા મોટા મુનિવરો નિર્મલ થઈ જાય છે અને સત્ત્વ, રજ અને તમ નામના ત્રણે સંસારદાયક ગુણોથી ઊભાં થયેલાં, થતાં કે થનારાં કર્મબંધનો કાપીને ભગવત્સ્વરૂપ બની જાય છે. હવે એ શંકા તમને ન હોવી જોઈએ કે ન રહેવી જોઈએ કે 'સામાન્ય લોકો પણ ગંગાજળના સ્પર્શથી કેવી રીતે મુમુક્ષુ બની જાય ! પરીક્ષિત ! આ ગંગામહિમાની વાત શાંત ગંભીર ભાવે વિચારી જવી જરૂરી છે. અહીં ગંગા લાવનાર એવા ભગીરથવંશમાં ઋતુપર્ણ નામે રાજવી થયો, જે નલરાજાનો મિત્ર હતો અને જેમણે નલરાજાને પાસા ફેંકવાનું શીખવેલું હતું. આના બદલામાં નલરાજાએ પણ ઋતુપર્ણ રાજવીને અશ્વવિદ્યા શીખવી હતી. એ જ ઋતુપર્ણના પુત્ર સર્વકામનો પુત્ર સુદાસ થયો. તે સુદાસનો પુત્ર થયો સૌદાસ.

તેની ધર્મપત્નીનું નામ હતું મદયન્તી. સૌદાસ રાજાને કોઈ મિત્રસહ અને ક્યાંક કોઈ કોઈ કલ્માષપાદ પણ કહે છે. વશિષ્ઠ ગુરુના શાપથી તે રાક્ષસ બની ગયો હતો અને કર્મવશાત્ તે સંતાન વગરનો જ રહ્યો હતો.”

## સૌદાસ અને ખટ્વાંગ

ન જેનું મન પ્રાણો કે, ઇંદ્રિયોને વશે થયું;
શુદ્ધાત્મામાં રહી તેનું, મન પ્રભુ મહીં ભળ્યું. ૧

મોઢેથી તો વદે મર્ત્ય, દગો ન કોઈનો સગો;
છતાં દગો કરી નાખે, તેનાથી દૈત્ય છે ભલો. ૨

જે ખેંચાશે પ્રભુ પ્રત્યે, તેને પ્રભુય ખેંચશે;
પૂરો પોતા ભણી ખેંચી, પ્રભુમય બનાવશે. ૩

અહીં રાજા પરીક્ષિત ફરીથી પૂછે છે કે, “ભગવન્! હું એ જાણવા ઇચ્છુ છું કે રાજા છતાં મહાત્મા એવા સૌદાસને વશિષ્ઠ જેવા મહાન અને શાંત ગુરુદેવે શાપ શા માટે આપ્યો? જો આ વાત મને ખુલ્લી જણાવવા જેવી લાગે તો કૃપા કરીને જરૂર કહો!”

પરીક્ષિતના પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રી શુકદેવજી બોલ્યા : “... રાજા સૌદાસ એક વાર મૃગયા કરવા ગયેલો. ત્યાં એણે કોઈ રાક્ષસને મારી નાખ્યો અને એ રાક્ષસના ભાઈને છોડી દીધો! તેથી તે વેર લેવા રાજા સૌદાસને ત્યાં જ રસોઇયા રૂપે રહ્યો અને એક દિવસે ગુરુ વશિષ્ઠને માનવ–માંસ ખવડાવી દીધું. તે ખબર ગુરુ વશિષ્ઠને પડતાં એમણે સૌદાસનો વાંક માની પ્રથમ તો શાપ દીધો : ‘તું રાક્ષસ થા!’ પરંતુ રાજા સૌદાસનો આમાં વાંક ન હોવાથી તે ‘બાર વર્ષ રાક્ષસ

રહે' એવું વશિષ્ઠજીએ કહ્યું. એ રાજા સૌદાસે પણ પાણીની અંજલિ લઈ ગુરુ વશિષ્ઠને પણ શાપ આપવા વિચાર્યું. પરંતુ રાજા સૌદાસની ધર્મપત્નીએ 'ગુરુને શાપ ન અપાય !' એવી મના કરી, તેથી તે 'શાપ' દેવાના સંકલ્પવાળું ખોબામાંનું પાણી તેણે પોતાના પગ ઉપર નાખ્યું. તેથી તેના પગ કાળા પડી ગયા. આ કારણે રાજા સૌદાસ મિત્રસહ અને કલ્માષપાદ પણ કહેવાય છે। કલ્માષપાદ રાક્ષસ રૂપે તેણે એક કામાતુર સમયના બ્રાહ્મણને, તે બ્રાહ્મણની પત્નીની તેને નખાવાની હાર્દિક વિનંતી હોવા છતાં ખાઈ ગયો. તેથી મૂએલા બ્રાહ્મણ પછી બ્રાહ્મણપત્ની પણ સતી થઈ ગઈ. તે પહેલાં એ એવું બોલી ગઈ કે 'હે રાજન્ ! તું પણ તારી પત્ની મદયંતી સાથે સહવાસ કરવા ચાહીશ, તે જ પળે મરીશ !' બાર વર્ષે શાપમુક્ત થયા પછી જેવો તે રાજા સૌદાસ પત્નીનો સહવાસ કરવા જાય છે કે તરત શાપની ખબર હોવાથી તેની પત્નીએ તેને મના કરી. આ રીતે ક્રમશઃ પણ તે અપુત્ર મરી ગયો. પરંતુ તે પહેલાં જ એના કહેવાથી વશિષ્ઠ ઋષિએ જ મદયન્તીને ગર્ભાધાન કરાવ્યું હતું. સાત સાત વર્ષ એ ગર્ભ ઉદરમાં રહ્યા પછી ગુરુ વશિષ્ઠે પથ્થર–પ્રયોગ કરી તે ગર્ભને બહાર કઢાવ્યો. તેથી તેનું નામ અશ્મક રખાયું હતું. અશ્મકનો પુત્ર મૂલક થયો. પરશુરામજી પૃથ્વીને નક્ષત્રીય કરતા હતા ત્યારે રાજપૂતાણીઓએ મૂલકને છુપાવી રાખેલો તેથી તેનું એક નામ 'નારીકવચ' પણ પડેલું અને તે નક્ષત્રી પૃથ્વી પછી પણ જીવંત રહેલો. તેનો પુત્ર દશરથ, દશરથનો પુત્ર ઐડવિડ અને ઐડવિડનો પુત્ર વિશ્વસહ. એ વિશ્વસહનો પુત્ર તે જ આપણા મહામાન્ય રાજા અને ચક્રવર્તી સમ્રાટ ખટ્વાંગ થયા. યુદ્ધમાં એમને કોઈ જીતી શક્યું નહીં. તેમણે દેવતાઓની પ્રાર્થનાથી દૈત્યોનો વધ કર્યો હતો. જ્યારે ખટ્વાંગ રાજાને ખ્યાલ આવ્યો કે પોતાની જિંદગી માત્ર બે ઘડીની છે, ત્યારે તરત તેઓ પોતાની રાજધાનીમાં આવી ગયા અને ભગવાનમાં ચિત્તને લગાડી દીધું ! એણે વિચાર્યું : દેવોએ વરદાન માગવાનું કહેવા છતાં મેં તે ભૌતિક વસ્તુ હોવાથી

માગ્યું નહીં ! મારું મન પ્રાણોમાં નથી તેટલું સમાજસેવકરૂપી બ્રાહ્મણો પર છે.' મતલબ સંસાર તો માયા–ખેલ જેવો છે. અજ્ઞાન-વશાત્ જ મન પર તે જૂઠો હોવા છતાં માથે ચડી બેઠો છે એટલે ભગવાનનું શરણુ જ સાચું છે. ભગવાને રાજા ખટ્વાંગની બુદ્ધિને પહેલેથી જ પોતા તરફ ખેંચી લીધેલી. આમ વિષયરસ છોડી શરીર આદિ અનાત્મ પદાર્થોમાં જે અજ્ઞાનમૂલક આત્મબુદ્ધિ હતી, તે તજી દીધેલી, તેથી જ પરમાત્મલીન બની શક્યા ! આ આત્મસ્વરૂપને જ ભક્તજનો 'ભગવાન વાસુદેવ' રૂપે ઓળખે છે."

# સંક્ષિપ્ત રામચરિત્ર

આમૂલાગ્ર જગત્શુદ્ધિ કાજે શસ્ત્રપ્રયોગ જો;
જાતે પ્રભુ કરે તોયે જગતશુદ્ધિ થતી ન તો. ૧

શાને શસ્ત્રપ્રયોગોને, ચાલુ રાખો મનુ–સુતો !;
અહિંસા શ્રેષ્ઠ છે ધર્મ, તે માની સર્વ ચાલજો. ૨

એવી શીખ દઈ વિશ્વ, સિધાવ્યા યુગ વીર એ;
તેથી બન્યા મહાત્મા ને જગમાં વિશ્વવંદ્ય તે. ૩

હવે પરીક્ષિત રાજાને બ્રહ્મચારી શુકદેવજી કહે છે: "ખટ્વાંગના પુત્ર દીર્ઘબાહુના પરમ યશસ્વી પુત્ર 'રઘુ' થયા. રઘુના પુત્ર અજ અને અજના પુત્ર થયા સુપ્રસિદ્ધ એવા મહારાજા દશરથ ! દેવતાઓની પ્રાર્થનાથી સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીહરિ પોતે જ પોતાના અંશાંશથી ચાર રૂપો ધારણ કરીને એ મહારાજા દશરથના ચાર મહાન પુત્રો તરીકે જન્મી ચૂક્યા ! એમના નામ ક્રમથી (૧) રામ (સૌથી મહાન એવા ભગવાનરૂપ રામ) લક્ષ્મણ, ભરત અને

શત્રુઘ્ન છે. હે પરીક્ષિત રાજન્! સીતાપતિ ભગવાન શ્રી રામનું ચરિત્ર તો તત્વદર્શી ઋષિમુનિઓએ ઘણું બધું વર્ણવ્યું છે અને તે તમે અનેક વાર સાંભળ્યું છે! ભગવાન શ્રીરામે પોતાના પિતાજી દશરથ મહારાજના સત્યની રક્ષા કાજે રાજપાટ છોડયું અને વન-વનમાં ફરતા રહ્યા! એમનાં ચરણકમલ એટલાં બધાં સુકોમળ હતાં કે પરમ સુકુમારી શ્રી જાનકીજીનાં કરકમળોનો સ્પર્શ પણ તે ચરણ-કમળો સહન કરી શકતાં ન હતાં! તે જ ચરણો વનવનમાં ઉઘાડે અણુવાણે પગે ફરવાથી થાકી જતાં ત્યારે હનુમાનજી અને લક્ષ્મણજી એ જ ચરણકમળોને દબાવી દબાવી એમની થકાવટ મટાડી દેતા! શૂર્પણખા ઉઘાડી અતિ વાસનાને કારણે જ્યારે એક મહાન સતીની હાજરીમાં વાસનાવૃદ્ધિજનક માગણી કરવા લાગી ગઈ ત્યારે ભગવાન રામની મર્મજ્ઞ હાજરીમાં એ દશ્ય બ્રહ્મચર્યપ્રેમી અને સન્નારીપૂજક લક્ષ્મણ સહન ન કરી શકયો અને એ કુમારીનાં નાકકાન કાપી રૂપગર્વ સટાડવા તેણીને કુરૂપ બનાવી મૂકી. પરિણામે શ્રી રામને પોતાની પ્રિયતમા સતી નારી જાનકીજીનો વિયોગ સહેવો પડયો!! આ વિયોગને કારણે એમની કાળીધુમ ભમ્મરો ખેંચાઈ ગઈ, જેથી ખુદ રત્નાકર સાગર પણ ભયભીત થઈ ગયો. તે પછી એમણે સમુદ્ર પર પુલ બાંધ્યો અને લંકામાં જઈ દુષ્ટ રાક્ષસોને ઝાડોના ઘર્ષણથી ઉત્પન્ન થયેલી આગ જેમ વૃક્ષોને જ ભસ્મ કરી નાખે છે તેમ ભસ્મીભૂત કરી નાખ્યા!! તેવા મહાન કોસલ નરેશ હમેશાં આપણા સૌની રક્ષા કરો!!

"એવા ભગવાન શ્રી રામે વિશ્વામિત્ર ઋષિના યજ્ઞને તારાજ કરવા મથતા તમામ રાક્ષસોને લઘુબંધુ લક્ષ્મણની સામે પરાસ્ત કરી નાખ્યા કે જેઓ મોટા મોટા રાક્ષસોની ગણનામાં હતા, પરીક્ષિતજી! જનકપુરમાં સીતાજીનો સ્વયંવર થતો હતો. જ્યાં સંસારમાંના સૌથી વધુ ચુનંદા એવા વીર ક્ષત્રિયરાજ નરબંકાઓ ઉપસ્થિત થયેલા. જનક મહારાજની દઢ પ્રતિજ્ઞા હતી કે 'ભયંકર એવું શિવધનુષ ઉઠાવે

તે જ વીર બહાદુર જાનકીને વરી શકે.' ત્રણસો ત્રણસો ચુનંદા વીર ક્ષત્રિયરાજો સાથે મળીને આ ધનુષ્યને સ્વયંવર સભામાં લાવવા શક્તિમાન થયા હતા, તે જ શિવધનુષ્યના વાતવાતમાં ઉઠાવીને ભગવાન રામે ચૂરેચૂરા કરી મૂકયા ! ખરેખર તો પરીક્ષિતજી ! એ જાનકી બીજી કોઈ નહીં, પરંતુ ભગવાને જેને પોતાના વક્ષઃ-સ્થળમાં (છાતી પર) હંમેશને માટે સ્થાન આપ્યું છે, તે લક્ષ્મીજીનો અવતાર હતી ! જનકપુરી મિથિલામાં તેણી જ અવતરી હતી ! તેણી ગુણ, શીલ, અવસ્થા અને શ્રીરામને અનુરૂપ જ હતી તેથી શિવધનુષ તોડી તે સીતાને રામે પોતાની કરી લીધી. એટલું જ નહી પણ જેમણે એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રી કરી મહાગર્વસ્થાન પ્રાપ્ત કરેલું તે પરશુરામજીના ભલા માટે, તેમના ગર્વના પણ ચૂરેચૂરા કરી નાખ્યા ! પિતૃવચન કાજે પ્રાણો સમાન પ્રિય રાજ્ય, લક્ષ્મી, પ્રેમી–હિતેચ્છુ મિત્રો અને મહેલોને છોડી પોતાનાં ધર્મપત્ની શ્રી સીતાજી સાથે વનયાત્રા કરી હતી ! કેમ કે તેઓની કશામાં આસક્તિ નહોતી ! તેમણે સીતાનું અપહરણ કરનારા રાવણની બહેન શૂપર્ણખાના બંધુઓ ખર–દૂષણ વગેરેનો તો પરાજય કર્યો જ પરંતુ લંકાધીશ ખુદ રાજા રાવણના ગર્વહરણ માટે તેનો પણ વધ કરી તેને ધૂળ ચાટતો કરી મૂક્યો ! ત્યાર બાદ હજારો રાક્ષસીઓ મંદોદરીની સાથે જ રોતી રોતી લંકાથી નીકળી લંકાની સમરાંગણ ભૂમિ પર આવી પહોંચી, ખૂબ ખૂબ કલ્પાંત કરવા લાગી અને એકરાર કર્યો : 'સીતા જેવી જગતની મહાન તેજસ્વી સ્ત્રી ઉપર કુદૃષ્ટિ નાખી, તેથી જ જગત-ના સૌથી મહાન લેખાતા એવા રાવણરાજનો સર્વદષ્ટિએ વિનાશ થઈ ચૂક્યો !' રાવણના શબ પાસે ઊભી ઊભી એ કહેવા લાગી ગઈ કે 'આ આપની જ અણસમજ અને કામવાસનાની વૃદ્ધિને કારણે આ બધું થયું છે ! બધી બાજુથી ચેતવવા છતાં આપ છેવટ લગી ન ચેતી શકયા ! તેનું જ આ અતિશય ખરાબ પરિણામ સ્થૂળ અને સૂક્ષ્મ એમ બન્નેય દષ્ટિએ છે ! આપે જાતે થઈને લંકારાજ્યની

પાયમાલી અને અધમાધમ દુર્ગતિને નોતરી લીધી છે!!! વિનાશ-કાળે વિપરીત બુદ્ધિ!"

## શ્રીરામનું આગમન અને ભરતનો ભાતૃપ્રેમ

રાજતંત્ર અયોધ્યાનું રહી ભરત ઝૂંપડે;
ચલાવે, ને બીજી બાજુ લક્ષ્મણ વસે વને. ૧

નજીકમાં રહી એક બંધુ, રામ ઉપાસતો,
દૂર રહી બીજો બંધુ રામ કર્તવ્ય સાધતો. ૨

એટલે જ વદાયું છે ભરત જો ન હોય તો,
જગે ધર્મધુરા બીજો વહાવી શકે ન કોઈ. ૩

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: "કોસલાધીશ ભગવાન શ્રીરામ-ચંદ્રજીની આજ્ઞાથી વિભીષણજીએ પોતાના સ્વજન સંબંધીઓના પિતૃયજ્ઞની વિધિથી શાસ્ત્રાનુસાર અન્ત્યેષ્ટિકર્મ કર્યું. તે પછી ભગવાન શ્રી રામે અશોકવાટિકાના અશોક વૃક્ષની નીચે બેઠેલાં સતી સીતાને જોયાં. સીતાજી ભગવાન રામચંદ્રજીના વિરહવ્યાધિથી પીડિત તથા અત્યંત દુર્બળ બની ગયેલાં. પોતાનાં પ્રાણપ્રિય અને અર્ધાંગિનીરૂપ શ્રી સીતાજીને અત્યંત હીન અવસ્થામાં જોઈ શ્રી રામજીનું હૃદય પ્રેમ અને કૃપાથી ભરાઈ આવ્યું. એ જ રીતે ભગવાન રામનું દર્શન થતાં સીતાજીનું હૈયું પણ પ્રેમ અને આનંદથી ઊભરાઈ ગયું. હવે સીતાજીનું મુખકમળ પણ ખીલી ઊઠયું. ભગવાન શ્રી રામે વિભીષણને બધા રાક્ષસોનું સ્વામિત્વ અને લંકાનગરીનું રાજ્યતંત્ર સોંપ્યા પછી લાંબા આયુષ્યના આશીર્વાદો પણ આપ્યા. પછી પ્રથમ સતી સીતાજીને વિમાનમાં બેસાડી પોતાના ભાઈ

લક્ષ્મણ તથા સુગ્રીવજી તેમજ સેવક હનુમાનજીની સાથે પોતે પણ બેઠા. આ પ્રકારે ચૌદ વર્ષ પૂરાં કરી અયોધ્યાનગરી તરફ યાત્રા કરી તે સમયે બ્રહ્મા વગેરે લોકપાલગણો ભગવાન રામચંદ્રજી પર ઘણા પ્રેમથી પુષ્પોની વર્ષા કરતા રહ્યા હતા! આ બાજુ બ્રહ્મા વગેરે ભગવાનની લીલાઓનાં ગુણગાન ગાયા કરતા હતા ત્યારે બીજી બાજુ ભરતજી કેવળ ગોમૂત્રમાં પકવેલી થૂલી ખાતા હતા. જ્યારે ભરતજીને ખબર પડી કે પોતાના વડીલભાઈ ભગવાન રામ પધાર્યા છે, ત્યારે તેઓ પુરવાસી, મંત્રી અને પુરોહિતોને સાથે લઈ તેમ જ ભગવાનની ચાખડીઓ પોતાને માથે રાખી રામની આગેવાની (સામૈયું) કરી લાવવા નંદીગ્રામથી સામે જવા નીકળી પડ્યા! સાથોસાથ ભરતની નીકળવાની જાણ થતાં બધાં આબાલવૃદ્ધ અયોધ્યાવાસીઓ પણ નાચગાન કરતાં ભરતજીની સાથોસાથ આનંદ વિભોર બની ચાલી નીકળ્યાં! આ નાચગાનનો આનંદનાદ ચોમેર ગૂંજતો થઈ ગયો! બ્રાહ્મણોના વેદધ્વનિઓ પણ જાણે ગગન ગજવી મૂકવા લાગ્યા. સોનેરી ધજાઓ ફરકવા લાગી. વળી રંગબેરંગી ધજાઓથી સજાવેલા રથ, સુંદર સાજથી સજાવેલા ઘોડાઓ તથા સોનેરી કવચ પહેરેલા સૈનિકો પણ સાથે સાથે ચાલવા લાગ્યા. શેઠ શાહુકાર, શ્રેષ્ઠ વારાંગનાઓ, પાયદલ ચાલવાવાળા સેવકો અને મહારાજાઓને યોગ્ય નાની-મોટી બધી વસ્તુઓ એમની સાથે જ હતી. તપસ્વી તરીકે એમણે જટા વધારી મૂકેલી જોઈ ભગવાન રામ તો દુઃખી દુઃખી થઈ ગયા! ભરતજીની આવી મહાતપસ્વી દશા દેખી ભગવાન રામચંદ્રજીનું હૃદય ભરાઈ આવ્યું!!! ભગવાન રામને જોતાં જ ભરતજી ગદ્‌ગદિત થઈ ગયા, આંખમાં આંસુ છલકાયાં અને ભગવાન રામના ચરણમાં ઢળી પડ્યા. પ્રભુની સામે એમની ચાખડીઓ રાખી, હાથ જોડી ઊભા રહી ગયા. આ ભાગ્યશાળી સમયે ભગવાનની આંખો પણ આંસુડાંથી છલકાઈ ઊઠી. એમણે બન્ને હાથે પકડીને ઘણી વાર સુધી ભાઈ ભરતજીને પોતાની

છાતી સરસા ચાંપી રાખ્યા; જાણે ભગવાનના નેત્રજલથી ભરતજી સ્નાન કરતા હોય તેવું અપૂર્વ દૃશ્ય બની ગયું! એ પછી સીતાજી અને લક્ષ્મણજી સાથે શ્રી રામજીએ બ્રાહ્મણો અને વડીલોને નમસ્કાર કર્યા. તે જ વખતે આખીયે અયોધ્યાની પ્રજાએ ભગવાનના ચરણોમાં પ્રણામ કર્યા. એ વખતે ઉત્તર કોસલમાં રહેવાવાળી સમસ્ત પ્રજા પોતાના સ્વામી રામ ભગવાનને ઘણા લાંબા સમયે આવેલા જોઈ ફૂલ વર્ષા કરતી કરતી આનંદથી નાચી ઊઠી! ભરતજીએ ભગવાનની પાદુકા લીધી, વિભીષણે શ્રેષ્ઠ ચામર, સુગ્રીવે પંખો અને હનુમાને સફેદ છત્ર ધર્યું. પરીક્ષિતજી! શત્રુઘ્ને પણ ધનુ વગેરે, સીતાજીએ તીર્થજલોવાળું કમંડલ, અંગદે સોનાની તલવાર અને જાંબુવાને ઢાલ લીધી. આ સૌની સાથે ભગવાન રામજી પુષ્પક વિમાન પર વિરાજમાન થયા. ચારે બાજુ યથાસ્થાને સ્ત્રીઓ બેસી ગઈ. બંદીજનો સ્તુતિ કરવા લાગ્યા. એ સમયે પુષ્પક વિમાન પર ભગવાનની એવી શોભા થઈ ગઈ કે જાણે ચંદ્રમા ગ્રહો સાથે ઉદિત થયો હોય! આ પ્રમાણે ભગવાન રામે ભાઈઓના અભિનંદન સ્વીકારી તેમની સાથે અયોધ્યાનગરીમાં મંગલપ્રવેશ કર્યો.

## રાજ્યાભિષેક અને રામરાજ્ય

કરે કુટુંબનાં કૃત્યો નિર્લેપી રહી પ્રભુ;
ફર્જ અદા કરે તેમ નિર્મોહી માનવો સહુ. ૧

આખાયે જગને રામ, શાન્તિસંદેશ ખાસ દે;
તેમ જ રામના ભક્તો, આચરી અચરાવશે. ૨

ભગવાન રામચંદ્રજીના પ્રવેશ પછી અયોધ્યાપુરી આનંદોત્સવથી ખીલી ઊઠી! પ્રભુએ પોતાની માતા કૌસલ્યા, બીજાં માતાઓ,

ગુરુજનો, બરોબરિયા મિત્રો અને નાનાઓનું યથાયોગ્ય સન્માન કર્યું અને એમનો સૌનો ઊંડો સ્નેહરસ પીધો. રામની પાછળ સીતાજી અને લક્ષ્મણજીએ બધાંઓ પ્રત્યે યથાયોગ્ય વ્યવહાર કર્યો. આમ, વર્ષોના વિયોગ પછીના પરસ્પરના મિલનથી જેમ મુડદામાં પ્રાણસંચાર થાય તેમ જાણે સૌમાં નવજીવન વ્યાપી ગયું, આનંદ-આનંદ જાગી ઊઠ્યો. માતાઓએ સીતા અને રામ-લક્ષ્મણને પોતાની ગોદમાં બેસાડી આંસુઓથી જાણે અભિષેક કરી નાખ્યો ! આથી જાણે સૌનું રોગ-શોકનું બધું દર્દ–દુઃખ મટી ગયું ! ત્યારબાદ વશિષ્ઠ ગુરુએ બીજા સાથી દ્વિજ-ગુરુઓનો સાથ લઈ અરણ્યવાસની ભગવાન રામની જટાને વિધિસર રીતે ઉતરાવી નાખી અને બૃહસ્પતિએ જેમ ઇંદ્રનો અભિષેક કરેલો, તેમ ચારેય મહાસમુદ્રોનાં પાણીથી અભિષેક વિધિ પણ કર્યો. એ પ્રકારના વિધિસરના સ્નાન પછી શ્રી રામે સુંદર વસ્ત્ર, ફૂલમાળાઓ અને અલંકારો ધારણ કર્યાં. બધા ભાઈ-ઓએ અને ખુદ જાનકીજીએ પણ સુંદર સુંદર વસ્ત્રો અને ઘરેણાં-ઓની સજાવટ કરી. આવાં વસ્ત્રાલંકારોથી ઓપતાં સીતાજીને પડખે બેસાડી રામ ખૂબ દીપી ઊઠ્યા ! ભરતજીએ એમનાં ચરણોમાં પડી જઈને સીતારામને પ્રસન્ન કરી મૂક્યાં અને આગ્રહભેર પોતે સ્થાપેલી રામચાખડી ગાદી પરથી ઉથાપી અને ખુદ ભગવાન રામને રાજ્યગાદીએ બેસાડી દીધા. રામે પણ હવે રાજસિંહાસન સ્વીકારી લીધું અને સમસ્ત પ્રજાને સાથે રાખી કશા જ નાત, જાત કે રંગ વગેરે-ના ભેદભાવ રાખ્યા વિના પિતૃભાવપૂર્વક પ્રજાકલ્યાણ કરવા માંડ્યું. પ્રજાને પણ એમાં પોતાના પિતૃપદના દર્શન થયાં. પરીક્ષિતજી ! સમસ્ત પ્રાણીઓને સુખ દેવાવાળા પરમ ધર્મજ્ઞ ભગવાન શ્રી રામ થયા, ત્યારે હતો તો ત્રેતાયુગ, પણ સૌને લાગવા માંડ્યું કે કૃતયુગ અથવા સતયુગ આવી લાગ્યો છે ! ત્યારે વન, નદીઓ, પર્વતો, વર્ષો, દ્વીપ અને સમુદ્ર એ બધાં એકસામટાં કામધેનુની જેમ અવધનગરીની સર્વ પ્રજાઓની સમસ્ત કામનાઓને પૂર્ણ કરવા શક્તિમાન થઈ ગયેલાં

દેખાતાં હતાં !

ઈંદ્રિયાતીત ભગવાન શ્રી રામના રાજ્યકાળ દરમિયાન કોઈને શારીરિક રોગ તો દૂર રહ્યો, પણ માનસિક ચિંતા પણ થતી ન હતી ! અરે, બુઢાપાનું દુઃખ, નબળાઈ, બીજાં નાનાં મોટાં દુઃખો, શોક, ભય અને થાક પણ નામમાત્રનું જોર કરી શકતાં ન હતાં ! ભગવાન શ્રી રામના પ્રસન્ન મધુર મુખને નિહાળવું અને વાણી સુણવી એ પણ કાંઈ સામાન્ય લહાવો નહોતો જ. ભગવાન રામે એકપત્નીવ્રત ધારણ કરી રાખેલું. એમનું જીવનચરિત્ર અત્યંત પવિત્ર અને રાજર્ષિઓના જેવું જ મહત્ત્વનું હતું ! તેઓ પોતાના જીવનથી જ આદર્શ ગૃહસ્થાશ્રમી જીવન જીવી બતાવતા શોભી રહેતા હતા. સતી શિરોમણિ સીતા પણ પોતાના પતિના હૃદયના ભાવ પરખીને જીવન જીવી રહેતી હતી. સીતાજીએ પ્રેમથી, સેવાથી, શીલથી, વિનયથી, પોતાની બુદ્ધિ અને લજ્જા આદિ ગુણોથી પોતાના પતિ એવા ભગવાન શ્રી રામનું ચિત્ત સંપૂર્ણપણે ચોરી લીધું હતું, જાણે રામ-સીતાનાં શરીરો બે, પણ દિલ તો એક જ હતું ! ! !"

## કસોટી અને સીતા-ત્યાગ

નિત્યે વિશ્વે વખાણ્યો છે, સંયમપ્રિય સેવક;
પ્રભુથી યે ગણ્યો શ્રેષ્ઠ, પોતે જ પ્રભુએ ખુદ. ૧

સત્ય-ન્યાય વિશે નિષ્ઠ, આખો મર્ત્ય સમાજ આ;
ત્યાગીથી જ રહે માટે, પ્રભુથી શ્રેષ્ઠ એ સદા. ૨

રાખવી જાગૃતિ પૂરી, સંયમપ્રિય સેવકે;
સંસ્થાગત રહી નિત્યે, તો જ ધર્મ ટકી રહે. ૩

શ્રીશુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે: "ભગવાન શ્રી રામે ગુરુ વશિષ્ઠજીને પોતાના આચાર્ય બનાવીને ઘણી ઘણી ઉત્તમ સામગ્રીઓથી યુક્ત યજ્ઞો દ્વારા પોતાના સર્વ દેવ રૂપ સ્વયં-પ્રકાશિત આત્માનું પોતે જ યજન કર્યું, એમણે હોતાને પૂર્વ દિશા, બ્રહ્માને દક્ષિણ, અધ્વર્યુને પશ્ચિમ અને ઉદ્દગાતાને ઉત્તર દિશા આપી દીધી. અને એની વચ્ચે જે ભૂમિ વધેલી તે પણ ભગવાન શ્રી રામે આચાર્યને આપી દીધી. એમનો એ નિશ્ચય જ હતો કે સંપૂર્ણ ભૂમંડળનો એકમાત્ર અધિકારી તો નિઃસ્પૃહી બ્રાહ્મણ જ છે! આ પ્રકારે એમણે આખું ભૂમંડળ દાનમાં આપી દીધું. માત્ર શરીર ઉપરનાં વસ્ત્ર અને અલંકારો જ પોતા પાસે રાખ્યાં. એ જ પ્રકારે મહારાણી સીતા પાસે પણ કેવળ માંગલિક વસ્ત્ર અને આભૂષણ જ બચેલાં. આવું જ્યારે આચાર્ય આદિ બ્રાહ્મણોએ જોયું કે ભગવાન શ્રી રામ તો બ્રાહ્મણોને જ પોતાના ઇષ્ટદેવ માને છે, એમના હૃદયમાં બ્રાહ્મણો પ્રત્યે અત્યંત સ્નેહ છે, ત્યારે એમનાં હૈયાં દ્રવી ગયાં. તેઓ બધાએ પ્રસન્ન થઈને મળેલી આખી પૃથ્વી ભગવાનને પાછી સોંપી અને કહ્યું: 'પ્રભો! આપ જ — અને આપ એક જ — સર્વ જગતના પરમ સ્વામી છો! આપ તો અમારા હૃદયમાં રહી અજ્ઞાન તિમિરનો આપના આત્મપ્રકાશથી નાશ કરી નાખો છો! એટલે જો આવી સ્થિતિ છે, તો ભલા! આપે અમને શું નથી આપ્યું? બધું જ મૌલિક તત્ત્વ આપી દીધું છે! આપનું જ્ઞાન અનહદ છે, આપ જ સર્વશ્રેષ્ઠ જનો પૈકી પણ સર્વશ્રેષ્ઠાતિશ્રેષ્ઠ છો. જેઓ કાયાથી કે વચનથી તો નહિ જ, બલ્કે મનથી પણ નાના–મોટા જીવમાત્રને પોતાથી જરા પણ કષ્ટ નથી થવા દેતા, તેઓના હૃદયમાં આપનાં ચરણકમળ આપે સોંપ્યાં છે. છતા જ્યારે આપ બ્રાહ્મણોને પોતાના ઇષ્ટદેવ માનો છો, ત્યારે અમે આપના આ મહાગુણને શી અંજલિ અર્પીએ? આપના આ રામરૂપને અમો વંદન–નમસ્કાર કરીએ છીએ.'

"પરીક્ષિત! આવા ભગવાન રામ એકદા પોતે રાત્રિને સમયે

છુપાઈને રાજા તરીકે પ્રજાની પરિસ્થિતિ જાણવા માટે ફરતા હતા. ત્યાં કોઈ પતિ-પત્નીને આમ બોલતાં સાંભળ્યાં : 'ભલે રામે સીતાજીને રાવણને ત્યાં લાંબો વખત રહેવા છતાં રાખ્યાં પણ હું રામ જેવો સ્ત્રી-લોભી નથી કે તને રાખી લઉં!' આવી પરિસ્થિતિમાં ભગવાન રામ પાસે બીજો ઉપાય ન રહ્યો, જેથી એમણે સીતાને વન મોકલ્યાં. સદ્‌ભાગ્યે વાલ્મીકિ ઋષિ ત્યાં મળી ગયા અને ગર્ભવતી સીતાને ગૌરવભર્યો આશ્રય સાંપડી રહ્યો, જેથી રાજા તરીકેનો ધર્મ પણ જળવાયો અને પતિ તરીકેનો ધર્મ પણ સચવાયો. વાલ્મીકિજીના આશ્રમમાં એકીસાથે બેલડાંના જન્મેલા કુશ અને લવ બન્ને બાળકો ધનુર્વિદ્યા શીખી રામથી સવાયા બહાદુર બની ગયા! જેમ રામને બે બાળકો થયા તેમ લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નને પણ બબ્બે બાળકો થયા હતા. ભરતજીએ દિગ્‌વિજયમાં કરોડો ગંધર્વોનો પરાજય કરી ઘણું ધન પોતાના મોટાભાઈ ભગવાન રામને ચરણે ધરી દીધું. લક્ષ્મણજીએ મધુવનમાં મધુપુત્ર લવણ નામના રાક્ષસને મારી ત્યાં મથુરા નામની નગરી વસાવી. આખરે સીતાજી પણ પોતાના બન્ને વીરપુત્રોને વાલ્મીકિ ચરણે સોંપી ભગવાન શ્રી રામના ચરણમાં ધ્યાન પરોવી પૃથ્વીમાં સમાઈ ગયાં! સીતા જેવાં એકનિષ્ઠ પતિપરાયણ સતીજીના વિરહ પછી ભગવાન રામ પણ પોતાનું ભગવત્કાર્ય અથવા અવતારકૃત્ય પૂરું થયું જાણી પરલોક-પ્રયાણ કરી ગયા. ખરેખર તો દેવોની પ્રાર્થનાને કારણે જ ધર્મગ્લાનિ દૂર કરી અધર્મોત્થાન થતું રોકવા અને ધર્મની પુનઃસ્થાપના કરવા માટે જ તેઓએ જન્મ ધારણ કરેલો. માનવોના સમાજ ઉપરાંત, તેમણે રીંછ અને પશુ જેવા માનવોનો પણ ઉદ્ધાર કરી નાખ્યો! એમનો નિર્મળ યશ અનેક પાપોને પળવારમાં નષ્ટ કરી નાખે છે! કહેવાય છે કે એમના નિર્મળ યશની ઉજ્જવલતાને લીધે દિગ્ગજો પણ કાળાશને ઠેકાણે ઊજળી ચમક ધારણ કરે છે.' આજે હજારો વર્ષ રામચંદ્રજીને ગયે થયાં છતાં મોટા મોટા ઋષિ-મહર્ષિ-મુનિઓ

તેમના નામને હોંસથી ગાયા જ કરે છે! સ્વર્ગીય દેવો અને પૃથ્વી પરના મોટા મોટા નરપતિઓના મુકુટમણિઓ એમનાં ચરણકમળની સેવા કર્યા કરે છે. પરીક્ષિતજી! હું એવા ભગવાન રામનું શરણ ગ્રહણ કરું છું. જેમણે ભગવાન શ્રીરામનાં દર્શન અને સ્પર્શ કર્યાં, એમનો સહવાસ અથવા એમના ગુણોનું અનુસરણ કર્યું, તેવાં કોસલ દેશવાસી પ્રજાજનો તો જયાં મોટા મોટા યોગસાધનાવાળા યોગી પણ માંડ માંડ જાય, તેવા પુણ્યલોકમાં સહેજે સહેજે પહોંચી ગયા છે! આ ઉપરાંત જે માનવી પોતાના કાન દ્વારા ભગવાન શ્રી રામનું પવિત્ર જીવનચરિત્ર સાંભળે છે, તેમને સરળતા, કોમળતા આદિગુણોની પ્રાપ્તિ અનાયાસે થાય છે. પરીક્ષિતજી! એવા ગુણોની પ્રાપ્તિ તો થાય જ છે, ઉપરાંત સમસ્ત કર્મબંધનથી તેવા શ્રોતાઓ મુક્ત પણ થઈ શકે છે!..."

## ઇક્ષ્વાકુવંશનાં ઉજ્જ્વલ રત્નો

સુગૃહસ્થી બની રામે, ન્યાય ને નીતિ સ્થાપિયાં;
રામાયણ જગે તેથી, પામ્યું આદર્શ-ગ્રંથતા. ૧

છે દેહાદિ વિનાશી ત્યાં, માત્ર આત્મા સનાતન;
પાંપણમાં રહી નિમિ, એ યાદી દે ચિરંતન. ૨

શુકદેવજી આ કથાને આગળ લંબાવતાં કહે છે: "હે પરીક્ષિતજી! ભગવાન રામ મનુષ્ય અવતાર ધારણ કરી બધી જ માનવમર્યાદાઓ અક્ષરશઃ પાળતા હતા, પોતે વડીલો અને ગુરુઓ પ્રત્યે ખૂબ ખૂબ વિનય સહિત વર્તતા હતા; તો પછી ભરતાદિ ભાઈઓ અને સમસ્ત પ્રજાજનો પણ ભગવાન શ્રી રામ પ્રત્યે ખૂબ ખૂબ વિનયભક્તિથી જ વર્તે તે સ્વાભાવિક છે. આમ, રામરાજ્ય

કુદરતી રીતે જગતને આદરપાત્ર બની ગયું! ભગવાન રામના પુત્ર કુશના પુત્ર અતિથિ નામે થયા. એ જ ઇક્ષ્વાકુવંશમાં સૂર્યાંશ એવા વજ્રનાભનો જન્મ થયેલો અને જૈમિનિ-શિષ્ય યોગાચાર્ય હિરણ્યનાભ પણ થયા હતા.

કોસલદેશવાસી યાજ્ઞવલ્કય ઋષિએ ખુદ એ જ હિરણ્યનાભની શિષ્યતા સ્વીકારી લીધી હતી. આ જ વંશમાં છેલ્લો તક્ષક પુત્ર બડન્નલ થયેલો, જેનો હે રાજન્! તારા પિતા અભિમન્યુને હાથે યુદ્ધમાં વધ થયેલો. સાવ છેલ્લે કલિયુગમાં આ ઇક્ષ્વાકુવંશ સમાપ્ત થશે અને એ ઇક્ષ્વાકુવંશનો છેલ્લામાં છેલ્લો રાજા હશે મિત્રક હવે હું તને સૌ પ્રથમ તો જૂની વાત કહી દઉં. હે રાજન્ પરીક્ષિત! જે ઇક્ષ્વાકુવંશનું મેં ઉપર સંક્ષેપમાં વર્ણન કર્યું, તેમાં ઇક્ષ્વાકુના જ પુત્ર નિમિ થઈ ગયા છે. નિમિએ યજ્ઞ આરંભેલો અને એ યજ્ઞના ઋત્વિજ તરીકે રાજા નિમિએ ગુરુ વશિષ્ઠજીને પસંદ કરેલા. વશિષ્ઠ ગુરુએ રાજા નિમિને કહ્યું : 'હે રાજન્! યજ્ઞ માટે તેં ઋત્વિજ તરીકે મને પસંદ કર્યો છે તે ઘણી સારી વાત છે. પરંતુ આ પહેલાં જ ઇન્દ્રે મને ઋત્વિજ તરીકે યજ્ઞ માટે પસંદ કરેલો હોઈ, ઇંદ્રનું યજ્ઞકાર્ય પતાવી પછી હું તારી પાસે આવી શકીશ.' રાજા નિમિને થયું : ક્ષણનો શો ભરોસો? માટે બીજા ઋત્વિજને પસંદ કરીને યજ્ઞકાર્ય શરૂ કરી જ દઉં. પરંતુ આ વાત નિમિરાજાએ ગુરુ વશિષ્ઠજીને કહેવી જોઈતી હતી, તે ન કરી. ગુરુ વશિષ્ઠ તો ઇંદ્રનું યજ્ઞકૃત્ય વહેલુંવહેલું પતાવી નિમિરાજાનો યજ્ઞ પતાવવા અહીં આવી પહોંચ્યા. પણ એમણે જોયું તો પોતાને જાણ કર્યા વિના નિમિરાજા તો બીજા ઋત્વિજને ગુરુસ્થાને સ્થાપી યજ્ઞ-કાર્ય શરૂ કરી આગળ ધપાવી રહ્યા છે! ત્યારે તેઓએ અભિશાપ આપતાં કહ્યું : "આ નિમિરાજાને પોતે વિચારશીલ છે અને પંડિત પણ છે તેનો ઘમંડ થયો છે. એથી એનું શરીર પડી જાય!" આવા સમર્થગુરુનો અભિશાપ નિષ્ફળ તો કેમ થાય? પરંતુ નિમિરાજાએ

પણ સામેથી એવો જ અભિશાપ આપતાં કહ્યું : 'આપ સમર્થ તો છો જ, પરંતુ આપે ધર્મને પ્રતિકૂળ વર્તન કરી આ અભિશાપ આપ્યો છે માટે આપનું શરીર પણ પડી જાય એમ હું ઇચ્છુ છું' આમ કહેવાથી એક બાજુ જેમ નિમિરાજાનું શરીર પડી ગયું તેમ બીજી બાજુ ગુરુ વશિષ્ઠજીનું પણ શરીર પડી ગયું અને ગુરુ વશિષ્ઠે મિત્રાવરુણ દ્વારા ઉર્વશીના ગર્ભમાં જન્મ ધારણ કરી લીધો ! બીજી બાજુ અહીં નિમિરાજાનુ શબ પડેલું ત્યાં સત્રયાગની સમાપ્તિ પછી દેવો આવ્યા ત્યારે ત્યાં હાજર રહેલા બધા લોકોએ તેમની આગળ નિમિરાજાના શબને સજીવનતા આપવાની વિનંતી કરી. દેવોએ જેવું કહ્યું : 'ભલે તેમ થાઓ.' ત્યાં ખુદ નિમિરાજા સજીવન થયા પછી જાતે કહ્યું : 'ગુરુ વશિષ્ઠજીએ મને જે અભિશાપ આપ્યો છે. તેમાંથી હવે તત્ત્વ હું એ તારવું છું કે મને હવે દેહબંધન ખપતું નથી. માટે જો દેહ ગયો છે, તો તે શા માટે તે ફરી ફરી ધરવો ? હું જો શરીર ફરીથી ધારણ કરીશ, તો તે નવું શરીર પણ એકદા તો છૂટવાનું જ છે! એટલે મારે તો શરીર જ નથી જોઈતું. દેવોએ નિમિરાજાની ઇચ્છા અને ત્યાં ઉપસ્થિત રહેલા લોકોની ઇચ્છા બન્નેય જાણીને એવો વચ્ચેનો રસ્તો કાઢ્યો કે પાંપણવાળા પ્રાણીમાત્રની આંખોમાં નિમિરાજા પોતાની ઇચ્છાનુસાર નિવાસ કરે અને ત્યાં રહી પોતાના કાયમી એ સૂક્ષ્મ શરીરથી પ્રભુચિંતન કરતા રહે ! આમ પલક ઊઘડે અને બિડાય તથા 'નિમિરાજા છે.' એનો ખ્યાલ રહેતો હોય છે.

કહેવાય છે કે મહર્ષિઓએ એમના શરીરનું મંથન કર્યું, તેમાંથી વૈદેહ એટલે કે જનક રાજા જન્મ્યા અને તેમનું નામ મિથિલ પણ પડ્યું, કારણકે મંથનમાંથી જન્મ્યા હતા. આ રીતે મિથિલાનગરીના જનક મહારાજા એ પણ નિમિરાજા અને પાંપણવાળાં પ્રાણી માત્રની પાંપણમાં રહી પ્રભુ ભજન કરનાર પણ નિમિરાજા ! આ વૈદેહનો વંશ લાંબો ચાલ્યો અને એ વંશના બધા

રાજાઓ દેહી છતાં વિદેહી કહેવાયા. આ વંશ પર યાજ્ઞવલ્કય આદિ ગુરુઓની સદા માટે કૃપા જ રહી !"

## ચંદ્રવંશ અને પુરૂરવા

દેવાંગના–ભોગ અતિ મળ્યાં છતાં,
ન માનવી તૃપ્ત થતો જરા તરા;
ત્યાં મર્ત્ય-સ્ત્રી-ભોગથી તૃપ્તિ શ્યે મળે ?
માટે જ તે ત્યાગદિશા ખરી બને. ૧

વાસનાક્ષય હેતુએ, ત્યાગદિશા અહીં, જતા જે;
તે થઈ મોટા પુરુષો મોક્ષની ભણી. ૨

વિશ્વવાત્સલ્ય સંવેદી, વાંછે નારી શરીરને;
તથા નર અને નારી ઐકય-પ્રયોગ તે કરે.

બ્રહ્મચારી શુકદેવજી કહે છે : "પરીક્ષિત ! હવે હું તને ચંદ્રમાના પરમ પવિત્ર વંશનો ખ્યાલ આપું. આ વંશમાં પુરૂરવા જેવા મોટા મોટા અને શુચિ કીર્તિવાળા રાજાઓ થઈ ગયા છે ! એ તો તું જાણે છે કે, હજાર માથાંઓવાળા વિરાટ પુરુષ એવા નારાયણના નાભિ–સરોવરના કમળથી બ્રહ્માજીની ઉત્પત્તિ થઈ. એ બ્રહ્માજીના પુત્ર અત્રિમહર્ષિ પણ ગુણોની વિશેષતાને કારણે બ્રહ્મા જેવા જ હતા. તેમની આંખોમાંથી અમૃતમય ચંદ્રમા જન્મ્યા. બ્રહ્માજીએ એ ચંદ્રમાને બ્રાહ્મણ, ઔષધિ અને નક્ષત્રોના અધિપતિ બનાવી દીધા. એમણે ત્રણે લોક પર વિજય મેળવ્યો અને રાજસૂય યજ્ઞ પણ કર્યો. આ પછી એમનો ગર્વ કાંઈક વધી ગયો અને એ ચંદ્રમાએ બળથી બૃહસ્પતિ–પત્ની તારાને હરી લીધી. બૃહસ્પતિની વારં

વારની વિનંતિ છતાં અતિ મદને કારણે પાછી આપી જ નહીં ! આ પરિસ્થિતિમાં એ નિમિત્તે દેવ–દાનવ યુદ્ધ થયું, શુક્રાચાર્યજીએ પણ બૃહસ્પતિ પરના અંગત દ્વેષને વશ થઈ અસુરોની સાથે ચંદ્રમાનો પક્ષ લીધો. મહાદેવજીએ પણ સમસ્ત ભૂતગણોની સાથોસાથ પોતાના વિદ્યાગુરુ અંગિરાના પુત્ર બૃહસ્પતિનો જ પક્ષ લીધો. દેવરાજ ઇંદ્રે પણ સમસ્ત દેવતાઓની સાથે પોતાના ગુરુ બૃહસ્પતિનો જ પક્ષ લીધો ! આ કારણે દેવાસુર સંગ્રામ ખરેખર ભયંકર બની ગયો ! સદ્‌ભાગ્યે અંગિરા ઋષિએ બ્રહ્માજીની પાસે જઈ આ સંગ્રામ બંધ કરાવવા વિનંતિ કરી. એને પરિણામે બ્રહ્માજીએ ચંદ્રમાને ઘણો ઠપકો આપ્યો અને તારાને એના પતિ બૃહસ્પતિને હવાલે કરાવી.

જ્યારે બૃહસ્પતિને ખ્યાલ આવી ગયો કે તારા તો ગર્ભવતી થઈ ચૂકી છે ત્યારે બૃહસ્પતિએ તારાને કહ્યું : ‘દુષ્ટા ! મારા ક્ષેત્રમાં તારે પેટે બીજા કોઈનો ગર્ભ છે. એ ગર્ભને તું તજી દે. ડર નહીં. હું તને બાળીશ નહીં ! કારણ કે નારીગૌરવ મારે સાચવવું છે અને સંતાનનો પણ મને ખપ છે. વળી તું દેવીની જાત હોવાથી નિર્દોષ પણ છે જ.’ પતિની આ વાત સાંભળીને તારા ખૂબ શરમાઈ ગઈ. તેણીએ ચમકતા બાળકને પોતાના ગર્ભથી અળગો કરી નાખ્યો. પણ એ બાળકને જોઈ બૃહસ્પતિ અને ચંદ્રમા બંને મોહિત થઈ ગયા અને એ બાળકને મેળવવાની બંનેને ઇચ્છા થઈ આવી બંને એકબીજા આ બાળક મેળવવા ખાતર ઝઘડો કરવા લાગ્યા. ઋષિઓ અને દેવતાઓ તારાને પૂછવા લાગ્યા કે ખરેખર આ સંતાન કોનું છે ? પણ તારા લજ્જાવશ સ્પષ્ટ કાંઈ બોલી શકી નહીં. ત્યારે બાળકે ખુદ પણ ગુસ્સે થઈ માતાને પૂછ્યું. તેવામાં ખુદ બ્રહ્માજી પોતે ત્યાં આવ્યા અને પૂછ્યું ત્યારે તારાએ ધીરેથી જવાબ આપ્યો : ‘ચંદ્રમાથી !’ આમ ચંદ્રમાને એ બાળક મળ્યું અને એનું નામ ‘બુધ’ રાખ્યું, કારણ કે એ બાળકની બુદ્ધિ ગર્ભમાં પણ જણાઈ આવતી હતી જ. આવો બુદ્ધિમાન પુત્ર મેળવી ચંદ્રમાને ઘણો આનંદ થયો.

આ જ બુધને ઇલાના ગર્ભથી પુરૂરવાનો જન્મ થયેલો, જેનું વર્ણન, પરીક્ષિત ! મેં આ પહેલાં જ તારી પાસે કર્યું છે. એક દિવસ ઇંદ્રસભામાં દેવર્ષિ નારદજી પુરૂરવાનાં રૂપ-ગુણ, ઉદારતા, શીલ–સ્વભાવ, ધન–સંપત્તિ અને પરાક્રમનાં ગીત ગાતા હતા. તે સાંભળી ઉર્વશીના હૈયામાં કામભાવનો ઉદય એકાએક થઈ આવ્યો અને કામપીડિત થઈ તે દેવાંગના પુરૂરવા પાસે આવી પહોંચી. આમ તો જો કે ઉર્વશીને મિત્રાવરુણના અભિશાપને કારણે જ મૃત્યુલોકમાં આવવું પડયું હતું, છતાં પુરૂરવાનું રૂપ ખરેખર મૂર્તિ-માન કામદેવ સમાન જ સુંદર સાંભળી સુરસુંદરી ઉર્વશી ત્યાં આવેલી. પુરૂરવાને પણ ઉર્વશીને જોઈ અતિશય ખેંચાણ થયું. રોમાંચ થઈ આવ્યો અને તે બોલી ઊઠયો : 'સુંદરી ! હું તારું સ્વાગત કરું છું. આપણે લાંબા કાળ લગી સાથે વિહરીએ એવી મારી તીવ્રેચ્છા થાય છે.' ઉર્વશી બોલી : 'એવી કઈ અભાગણી દેવાંગના હોય કે જે આપ જેવા આકર્ષક પુરુષની આવી તીવ્રચ્છાને પોતાનું સદ્ભાગ્ય ન ગણે ! હું આપની તીવ્રેચ્છા મુજબ જરૂર કામસુખ ભરપૂરપણે અર્પવા આપની સાથે વિહરીશ. પણ મારા શિરછત્ર ! મારી આટલી શરત છે : આ મારાં થાપણરૂપે બે ઘેંટાં બચ્ચાં છે, તે તમને સોંપું છું, તેમનું તમે બરાબર રક્ષણ કરજો. હું કેવળ ઘી જ ખાઈશ. અને મૈથુન સમય સિવાય તમને નગ્ન રૂપે નહીં પેખું.' પુરૂરવાએ પ્રેમ સાથે તે શરત કબૂલ કરી લીધી. ઉર્વશી કામશાસ્ત્રોકત રીતથી પુરૂરવા સાથે વિહરવા લાગી ગઈ. દેવોનાં વિહારસ્થળો જેવાં કે ચૈત્રરથ, નંદનવન આદિ ઉપવનોમાં પુરૂરવા સાથે વિહાર કરવા લાગી. ઉર્વશીના શરીરમાંથી અનાયાસે સુવાસ ફેલાતી હતી. આમ ઘણાં વર્ષો સુધી પુરૂરવા રાજા એની સાથે સુખચેનથી વિહર્યા.

# પિતૃભક્ત પરશુરામ

સંતો પછી બ્રાહ્મણ ક્ષત્રિયો કરે,
સમાજ–સંસ્કાર તણી સુરક્ષણા;
સંતો તથા બ્રાહ્મણ માર્ગદર્શને,
ચાલે ન તે ક્ષત્રિય, જીવતે મૂઆ. ૧

સાચા ક્ષાત્રગણો પેદા કરવા જમદગ્નિએ;
ભગવદ્‌ભાવ સાથે જ, કર્યા અનેક યત્નને. ૨

અંતે નક્કી થયું એ કે, "અહિંસા શ્રેષ્ઠ ધર્મ છે"
સત્ય જ છે અહિંસાનો આત્મા અમૂલ્ય આ જગે. ૩

બ્રહ્મચારી શુકદેવજીએ કહ્યું : "પરીક્ષિત ! ઉર્વશીના ગર્ભથી પુરૂરવા રાજાને કુલ્લે છ પુત્રો થયેલા–આયુ, શ્રુતાયુ. સત્યાયુ, રય, વિજય અને જય. તે પૈકી વિજયનો પુત્ર ભીમ થયો. ભીમનો કાંચન, કાંચનનો હોત્ર અને હોત્રનો પુત્ર થયો જહ્નુ. આ જહ્નુ તે જ કે જેણે ગંગાજીને ખોબામાં પી લીધેલી. જહ્નુનો પુત્ર પુરુ, પુરુનો બલાક, બલાકનો અજક અને અજકનો કુશ થયો. કુશના ચાર પુત્રો પૈકી મોટા કુશાંબુના પુત્રનું નામ ગાધિ. ગાધિની કન્યાનું નામ સત્યવતી હતું. ઋચીક ઋષિએ ગાધિ પાસે એ કન્યાની માગણી કરી તો તેના બદલામાં એક હજાર સફેદ શરીરવાળા અને તેમના એકએક કાન કાળા હોય તેવા ઘોડા માગ્યા. વરુણ પાસે ઋષિએ માગણી કરી, તેથી તેવા ઘોડા મળ્યા અને એ રીતે શ્રી ઋચીક ઋષિ સત્યવતી સાથે પરણ્યા. સરસ્વતીએ અને એની માતા બન્નેએ પુત્રની માગણી કરી. તેથી અલગ મંત્રોથી ઋચીક ઋષિએ ચરુ પકવ્યા. પરંતુ એવામાં જ જ્યારે ઋચીક ઋષિ સ્નાન કરવા ગયા ત્યારે

સરસ્વતીની માતાએ સરસ્વતી માટે પકવેલો ચરુ માગી લઈ પોતા માટે જે ચરુ હતો, તે પુત્રી સરસ્વતીને આપી દીધો! જ્યારે ઋચીક ઋષિને આ ભેદની ખબર પડી ત્યારે ઋચીક ઋષિએ ધર્મપત્નીને ઘણો ઘણો ઠપકો આપ્યો અને કહ્યું: 'તને જે પુત્ર થશે તે ક્રૂર જન્મશે અને જે ભાઈ થશે તે બ્રહ્મવેત્તા થશે.' પરંતુ ઋચીક ઋષિ પાસે સરસ્વતીએ બહુ બહુ પ્રાર્થના કરી ત્યારે ઋષિ બોલ્યા: 'સારું, તારો પુત્ર એવો નહીં થાય પણ પૌત્ર એવો થશે! બસ.' એ જ સરસ્વતીની કૂખે જમદાગ્નિનો જન્મ થયો. સરસ્વતી સમસ્ત લોકોને પવિત્ર કરવાવાળી પરમપુણ્યમયી 'કૌશિકી નદી' રૂપ બની ગઈ.

રેણુ ઋષિની કન્યા રેણુકા સાથે જમદગ્નિનાં લગ્ન થયાં. આમ તો રેણુકાના ગર્ભથી જમદગ્નિ ઋષિને વસુમાન વગેરે ઘણા પુત્રો થયેલા, તે પૈકી બધાયથી નાના હતા તેનું નામ પરશુરામ હતું. એમનો યશ આખાય સંસારમાં મશહૂર છે. કહેવાય છે કે હૈહયવંશનો અંત લાવવા માટે સ્વયમેવ ભગવાને જ પરશુરામરૂપે અંશાવતાર ગ્રહણ કર્યો હતો, જેમણે એકવીસ વાર પૃથ્વીને ક્ષત્રિયહીન કરી નાખેલી. જો કે ક્ષત્રિયોએ એમનો અંગત રીતે તો કોઈ ભારે અપરાધ કર્યો નહોતો, પરંતુ ક્ષત્રિયો બહુ દુષ્ટ, બ્રાહ્મણોના અભક્ત, રજોગુણી અને સવિશેષે તો તમોગુણી થઈ ગયા હતા. આથી પૃથ્વી ઉપર ભારરૂપ તેઓ થયેલા. એના ફ્ળસ્વરૂપે જ ભગવાન પરશુરામે પૃથ્વીનો ભાર ઉતારવા એ બધાનો નાશ કરી નાખેલો..."

## સહસ્રાર્જુનવધ

લગામ સર્વ ધર્મોની, રહે સંતાદ્વિજો કને;  
વ્યક્તિ સમાજ સર્વત્ર, અહિંસા મુખ્ય ધર્મ છે. ૧

રોજી રોટી તથા ન્યાય, પામે મર્ત્ય પૂરેપૂરાં;
તો રક્ષાય અહિંસા ને સત્ય બન્નેય સે'જમાં. ૨

દ્રવ્યભાવે અહિંસા જો, વ્યક્તિ સમાજ આચરે;
તો ધાર્મિક બને વિશ્વ–વાતાવરણ આખું યે. ૩

રાજા પરીક્ષિત પૂછે છે: "ભગવન્! ખરેખર તે સમયના ક્ષત્રિયો વિષયલોલુપ થઈ ગયેલા, પરંતુ એમણે એવું ખુદ પરશુરામજીનું શું બૂરું કર્યું અથવા એમનો કયો અપરાધ કર્યો કે જેથી વારંવાર તેમણે ક્ષત્રિયોનું નિકંદન કાઢયું ?"

શ્રી શુકદેવજીએ જવાબ આપતાં કહ્યું: "પરીક્ષિત ! એ દિવસોમાં હૈહય વંશના અધિપતિ અર્જુન હતા. તે શ્રેષ્ઠ ક્ષત્રિય હતા. એમણે અનેક પ્રકારની સેવા–શુશ્રૂષા વડે ભગવાન નારાયણના વંશાવતાર દત્તાત્રેયજીને પ્રસન્ન કરીને એક હજાર હાથ અને એમનો કોઈ પણ શત્રુ યુદ્ધમાં એમને પરાજય ન આપી શકે, તેવું વરદાન મેળવી લીધેલું. સાથોસાથ ઇંદ્રિયોનું અગાધ બળ, અતુલ સંપત્તિ, તેજસ્વિતા, વીરતા, કીર્તિ અને શારીરિક બળ એમણે ભ. દત્તાત્રેયની કૃપાથી મેળવી લીધેલું. આમ, તે યોગેશ્વર જ બની ગયેલ. એમણે ઐશ્વર્ય પણ એવું પ્રાપ્ત કરેલું કે સૂક્ષ્મથી સૂક્ષ્મ અને સ્થૂળથી પણ સ્થૂળ રૂપ ધારણ કરી લે! એવી અનેક સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરેલી.

આખા સંસારમાં કશી રોકટોક વિના તે વિચર્યા કરતા. એક વાર ગળામાં વૈજયંતી માળા નાખીને સુંદર સ્ત્રીઓ સાથે નર્મદા નદીમાં જલવિહાર કરી રહેલા તે વખતે તેમણે પોતાના હજાર હાથોથી નર્મદાપ્રવાહ રોકી દીધો. રાવણનો શિબિર પણ તે સ્થળે ક્યાંક હતો. નર્મદાધારાઓ ઊલટી ચાલવા લાગી, જેથી એક શિબિર ડૂબવા લાગ્યો. વળી સહસ્રબાહુ અર્જુને વાતવાતમાં એને

(રાવણને) પકડી લીધેલો અને પોતાની માહિષ્મતી નગરીમાં કેદ પણ કરેલો, પણ પુલસ્ત્યજીના કહેવાથી છોડેલો. એક દિવસ સહસ્ર-બાહુ અર્જુન શિકાર ખેલવા જંગલમાં નીકળી ગયા હતા. દૈવવશ તે જમદગ્નિ મુનિના આશ્રમે પહોંચ્યા. ત્યાં કામધેનુ હતી.

કામધેનુને લીધે તે આશ્રમનો વૈભવ દેખાયો અને હૈહયાધિ-પતિ સહસ્રબાહુ અર્જુનની દાનત બગડી ! માગ્યા વગર જ એ કામધેનુ એમણે પડાવી લીધી. આશ્રમ પર બહારથી આવ્યા પછી પરશુરામે આ જાણ્યું એથી ચોટ લાગી ગઈ. હજુ સહસ્રબાહુ અર્જુન નગરીમાં પહોંચે તે પહેલાં જ ત્યાં પરશુરામજી પહોંચી ગયા. એમના શરીર પર કાળું મૃગચર્મ હતું અને હાથમાં ફરસી અને ધનુષ્યબાણ હતાં. એમની જટા તો સૂર્ય-શી ઝળકી રહેલી ! બધા ક્ષત્રિયોને કાપી નાખ્યા એમણે ગેલી કામધેનુ લાવી પિતાજીને પાછી સોંપી દીધી અને સહસ્રબાહુ સહિત ક્ષત્રિયોની જે દશા કરેલી, તે પિતાજી તથા ભાઈઓને કહી નાખી.

આ ભયંકર કૃત્ય સુણીને જમદગ્નિ ઋષિ બોલ્યા : 'બેટા ! હાય ! હાય ! હાય !!! તેં બહુ ખરાબ કૃત્ય કર્યું ! સર્વ દેવમય એવા નરદેવનો (સહસ્રબાહુ અર્જુનનો) ખરેખર તેં નાહક જ વધ કરી નાખ્યો. બેટા ! આપણે તો ગમે તેવા બહાદુર હોઈએ, તોય બ્રાહ્મણ છીએ !!! બ્રાહ્મણનો સાચો વીરધર્મ ક્ષમા છે. વેરની વસૂલાત કરવી, એ આપણને છાજે જ નહીં. ક્ષમાને કારણે જ આપણે લોકોના પૂજનીય છીએ અને એથી બધાનાય દાદા એવા બ્રહ્માજી ખુદ પણ ક્ષમા બળને કારણે જ બ્રહ્મપદ પામ્યા છે. સૂર્યની માફક બ્રાહ્મણો શોભે છે, તે માત્ર ક્ષમાને કારણે જ. સર્વશક્તિમાન ભગવાન શ્રી હરિ પણ ક્ષમાવાનો ઉપર જ જલદી પ્રસન્ન થઈ જાય છે. અને મારા દીકરા ! જો હજારોના ન્યાય માટે ફના થનાર ક્ષત્રિયોનો આપણા જેવા મુનિરૂપ બ્રાહ્મણોને હાથે વધ થાય, તો તે

હત્યાનું પાપ કદાચ બ્રાહ્મણવધથી પણ વધી જતું હોય છે!!! માટે ભગવાનનું સ્મરણ કરી, ખૂબ પશ્ચાત્તાપ કરી તથા જે ઋષિમુનિઓનાં પવિત્ર પગલાંથી પાવન થયેલાં છે તેવાં તીર્થોનું પર્યટન કરીને આ લાગેલા મહાપાપને પૂરેપૂરું ધોઈ નાખ.'

પિતાજીની આ વાત સાંભળી તરત ઉતાવળે કરેલા આ અનર્થ-કારી કૃત્યથી પરશુરામ ખરેખર પસ્તાવા લાગી ગયા!!..."

## પિતૃઆજ્ઞા અને માતૃવધ

ઉપજાતિ

અયોગ્ય લાગે તદપિ સુયોગ્ય,
વડીલ–આજ્ઞા વિશ્વાસ યોગ્ય;
બનાવી પાળે રહી ચિત્ત શુદ્ધ,
વટાવી તે જોખમ થાય સિદ્ધ. ૧

અનુષ્ટુપ

નાનીયે ક્ષતિ માટે સૌ, ચેતે મર્ત્ય સમાજમાં;
સત્ય પ્રેમભર્યું ન્યાયી વાયુમંડળ, તો સદા. ૨

શુકદેવજી બોલ્યા: "હે રાજન પરીક્ષિતજી! ભગવાન પરશુ-રામજીએ 'જેવી આપની આજ્ઞા' એટલું કહી પોતાના પૂજ્ય પિતાજી જમદગ્નિની આજ્ઞા અક્ષરશઃ તરત ઉઠાવી લીધી અને એક વર્ષ લગી તેઓ (પરશુરામજી) તીર્થયાત્રા જ કરતા રહ્યા. એમ સમય પૂરો કરીને ફરીથી પોતાના આશ્રમમાં પાછા ફર્યા."

એટલું કહી બ્રહ્મચારી શુકદેવજી ફરી પાછા બોલ્યા: "આ એક દહાડાની વાત છે! પરશુરામનાં પૂજ્ય માતાજી રેણુકાજી ગંગા-તટ પર ગયાં હતાં! એમણે જોયું કે ગંધર્વરાજ ચિત્રરથ કમળ-ફૂલોની માળા પહેરીને અપ્સરાઓ સાથે જલક્રીડા કરી રહ્યા હતા. આમ તો રેણુકા ગંગાતટે પાણી ભરવા આવેલ, પરંતુ આ ગંધર્વ-રાજ અને અપ્સરાઓની જલક્રીડા જોવામાં એવી સશગૂલ બની ગયાં કે 'પોતે પાણી ભરવા આવ્યાં છે' એ વાત જ ભુલાઈ ગઈ! અહીં આશ્રમમાં પતિદેવને હવન કરવાનો સમય થઈ ગયો છે, એ રેણુકાને ભાન જ ન રહ્યું! એટલું નહીં બલકે ગંધર્વરાજ ચિત્રરથ પર એનું મન પણ કંઈક ખેંચાઈ ગયું હતું. હવે હવનનો સમય તો વીતી ચૂકેલો. તે જમદગ્નિ મુનિ રખે શાપ દેશે! આ ભાને તે છોભીલી પડી ગયાં! એટલું જ નહીં બલકે ભયભીત પણ બની ગયાં! ચૂપચાપ ઝટપટ તે આશ્રમ પર આવ્યાં. એક કોર પાણી મૂકી, હાથ જોડીને પતિ પાસે તે ઊભાં રહી ગયાં. જમદગ્નિ મુનિએ રેણુકાનો માનસિક વ્યભિચાર જાણી લીધો. અને ક્રોધાતુર થઈ એકદમ બોલી ઊઠયા: 'મારા વહાલા પુત્રો! આ પાપિણીને તમે મારી જ નાખો.' પણ આ આજ્ઞા ત્યાં ઉપસ્થિત જમદગ્નિપુત્રોમાંના કોઈએ સ્વીકારી નહીં. પરંતુ પરશુરામજીએ એવી આજ્ઞા પણ અક્ષરશઃ માની તરત માતા અને સાથોસાથ બધા ભાઈઓને પણ મારી નાખ્યા. કારણ કે તેઓ (પરશુરામજી) પોતાના પિતાશ્રી જમદગ્નિના યોગ અને તપનો પ્રભાવ પૂરેપૂરો જાણતા જ હતા! પરશુરામજીના કૃત્યથી જમદગ્નિ મુનિ ખુશ થઈ ગયા અને પ્રસન્ન થઈને કહ્યું: 'બેટા! તારી જે કાંઈ ઇચ્છા હોય તે તું મારી પાસેથી હવે જલદી માગી લે!' તક જોઈને પરશુરામજી તરત બોલ્યા: 'બસ, પિતાજી! મારે બીજું શું સવિશેષ માગવાનું હોય? મારાં પૂજ્ય માતુશ્રી અને મારા સ્નેહભાજન બધા ભાઈઓ પાછા હતા. તે જ રીતે સજી-વન થઈ જાય! એટલું જ મારે માગવાનું છે. આપ કૃપા કરી

એટલું જ આપી દો. અને સજીવન થયા બાદ એમાંના કોઈને એ યાદ ન રહે કે એમને મેં કોઈ રીતે માર્યાં છે. એટલી જ વારમાં એકાએક ઊંઘમાંથી ઊઠી તરત બેઠાં થઈ જતાં હોય તેમ પરશુરામજીનાં માતાજી તથા ભાઈઓ કુશળતાપૂર્વક બેઠાં થઈ ગયાં! ખરી રીતે તો પરશુરામજી પોતાના પિતાજીનું આવું મહાન તપ જાણતા હતા તેથી તો આવું પાપકૃત્ય કરવા તત્કાળ તૈયાર થઈ શક્યા હતા!!!"

# પિતૃવધે પૃથ્વી નક્ષત્રી

ને જો વૈર વસૂલાતે વૈરાગ્નિ ન શમતો યદિ;
તો સાટું વૈરનું લેવા, કોઈ ના મથશો કદી. ૧

વિશ્વમયત્વ પામી જે, પ્રભુ કરે ક્રિયા જુદી;
ન કો' અનુસરો તેને, અપવાદ ક્રિયા ગણી. ૨

છે કહેવાયું તેથી જ, એ સમર્થ વિભૂતિનું;
કર્યું તેવું કરો ના કો', કહે તેવું કરો સહુ. ૩

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત! સહસ્રબાહુ અર્જુનના જે પુત્રો મહાન વીર એવા ભગવાન પરશુરામથી હારીને ભાગી ગયા હતા. તેઓને પોતાના પિતાના વધનો ડંખ ખૂબ પીડી રહ્યો હતો. એમને વૈરની વસૂલાત લેવાની યાદી વારંવાર આવતી હતી. તેઓ આમતેમ જતા–આવતા ફરતા ખાતા–પીતા પણ એક ક્ષણવાર પણ એમને ચેન પડતું નહોતું. એક દિવસની આ વાત છે જ્યારે પરશુરામજી પોતે પોતાના ભાઈઓ સાથે વનમાં ગયેલા

અને આશ્રમ પર જમદગ્નિ ઋષિ સિવાય કોઈ પુરુષ ન હતો. તે તકનો દુર્લાભ લઈ તે સહસ્રબાહુ અર્જુનના પુત્રો આશ્રમમાં એકાએક પહોંચી ગયા. જમદગ્નિ મહર્ષિ સાવ એકલા અગ્નિશાળામાં બેઠેલા હતા અને સમસ્ત વૃત્તિઓ સાથે એકમાત્ર ભગવાનના જ ચિન્તનમાં મગ્ન થઈ ગયા હતા. એમને બહારની કાંઈ સુધબુધ નહોતી. એ જ સમયે પેલા પાપીઓએ જમદગ્નિ ઋષિને તત્કાળ મારી નાખ્યા ! એ બધાઓએ પહેલેથી જ વૈરાગ્નિ સમાવવા આવી જાતનો નિશ્ચય ક્યારનોય કરી નાખ્યો હતો. તેથી ભગવાન પરશુરામનાં પૂજ્ય માતાજી રેણુકા ખૂબ કરગર્યાં. આ નિર્દોષ ઋષિને નાહકના કાં મારી નાખો છો ? પરંતુ એ બધાઓએ આ મહાનઋષિ પત્નીની એકે વાત સાંભળી જ નહીં અને બળપૂર્વક મહર્ષિનું માથું કાપી સાથે જ લઈ ગયા. પરીક્ષિત ! વસ્તુતઃ જોઈએ તો તે નીચ ક્ષત્રિયો અત્યંત ક્રૂર હતા. સતી રેણુકા તો દુઃખ અને શોકથી આતુર બની ગયાં. એટલું જ નહીં બલકે છાતી અને માથું પટકી પટકીને જોરશોરથી રડવા લાગી ગયાં. ઓ મારા પરશુરામ ! તું જ્યાં ગયો હો, ત્યાંથી જલદી જલદી અહીં આવી જા ! અને પરશુરામજીએ માતુશ્રીનું આ રુદન સાંભળીને ત્યાંથી દોટ મૂકી ઝટપટ આશ્રમમાં આવી ગયા અને પિતાજીની આ દશા થયેલી જોઈ, તેઓ સુધ્ધાં ખૂબ ખૂબ વ્યાકુળ બની ગયા. જોરથી બોલી બોલીને મોટે મોટેથી રડવા લાગી ગયા. આ રીતે પરશુરામ ઘણા ઘણા દુઃખી તો થયા જ પણ સાથોસાથ તેઓના ગુસ્સાનો પાર ન રહ્યો અને પિતાજીનું શબરૂપ બનેલું શરીર પોતાના ભાઈઓને સોંપી દીધું. પોતે પરશુ ઉઠાવી ક્ષત્રિયોનો સંહાર કરવાનો નિશ્ચય આપમેળે તરત કરી લીધો અને ત્યાંથી ચાલી નીકળ્યા. આમ પરીક્ષિત્ ! પરશુરામે તો માહિષ્મતી નગરીમાં જઈને સહસ્રબાહુ અર્જુનના પુત્રોનાં માથાંઓ કાપી કાપી નગરીની વચ્ચોવચ્ચ એક મોટો ભારે પર્વત જ ઊભો કરી દીધો. જો કે માહિષ્મતી નગરીની શોભા તો બ્રાહ્મણઘાતી એ

સહસ્રબાહુ અર્જુનપુત્રોના આ મહાદુષ્કૃત્ય પછી ચાલી જ ગયેલી, કારણ કે આખરે શોભા મૂળ તો સુકૃત્યોની જ હોય છે. ઋષિના વહી રહેલા લોહીની એક મોટી ભયંકર નદી નીકળી, જેને જોઈને જ બ્રાહ્મણદ્રોહીઓનું હૈયું કંપી ઊઠયું. ભગવાન પરશુરામજીએ જ્યારે જોયું કે વર્તમાન ક્ષત્રિયો ઘણા અત્યાચારી થઈ ગયા છે, આથી હે પરીક્ષિત્! ભગવાને પોતાના પિતાની હત્યાને નિમિત્ત બનાવી એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રો બનાવી મૂકી અને કુરુક્ષેત્ર નજીકનાં પાંચ તલાવો જાણે લોહીથી ભરેલાં બનાવી દીધાં. એટલું જ નહીં પોતાના પિતાજીનું માથું અને ધડ (બન્ને) જોડી દીધાં અને યજ્ઞો દ્વારા સર્વદેવમય આત્મસ્વરૂપ ભગવાનનું યજન કર્યું, જેમાં એમણે પૂર્વદિશા હોતાને, દક્ષિણ દિશા બ્રહ્માજીને, પશ્ચિમ દિશા અધ્વર્યુને અને ઉત્તર દિશા સામવેદી ગાયન કરનારા ઉદ્દગાતાને આપી દીધી. એ જ પ્રકારે અગ્નિકોણ વગેરે વિદિશાઓ ગોરોને આપી. કશ્યપજીને વચલી દિશા આપી. ઉપદ્રષ્ટાને આર્યાવર્ત આપ્યું. તથા બીજા સભ્યોને અન્યાન્ય દિશાઓ આપી દીધી. ત્યાર બાદ યજ્ઞાંત-સ્નાન કરી પોતે પાપ મુક્ત થઈ ગયા અને બ્રહ્મનદી સરસ્વતી નદીના તટ પર વાદળ વગરના સૂર્યની માફક શોભાયમાન થયા. આ રીતે જમદગ્નિ ઋષિ સપ્તર્ષિમંડળમાં સાતમા ઋષિ થઈ ચૂકયા! પછી ભગવાન પરશુરામજી ક્રોધવર્જિત થયા. તેઓ આવતા મન્વતરમાં સપ્તર્ષિ મંડળમાં રહી વેદોનો વિસ્તાર કરશે. હવે તો તેઓ કોઈને દંડ ન દેતાં શાંતચિત્તે મહેંદ્ર પર્વતમાં વસે છે કે જ્યાં સિદ્ધો અને ગંધર્વો અને ચારણો એમના ચારિત્ર્યનું મીઠા અવાજે ગાયન કરે છે. આ પ્રકારે હે રાજા પરીક્ષિત્! ભૃગુવંશીઓમાં ભગવાન પરશુરામરૂપે અવતાર લઈને પૃથ્વીને બોજારૂપ થયેલા રાજાઓનો ઘણી વાર વધ કરેલો.”

# વિશ્વામિત્ર વંશકથા

જન્મે વર્ણ ગમે તે હો, બ્રહ્મતેજ પમાય છે;
માત્ર ગુણે તપે ત્યાગે, માટે સૌ જાય તે પંથે, ૧
સત્તા દીપે તપે ત્યાગે, કિન્તુ સત્તા મળ્યા પછી;
જો ન રહે તપ–ત્યાગ, તો સત્તા શીદ ધારવી ? ૨

શ્રીશુકદેવજી બોલ્યા : "અરે પરીક્ષિત ! મહારાજ ગાધિના એક પુત્ર પ્રજ્વલિત અગ્નિ જેવા પરમ તેજસ્વી જે વિશ્વામિત્ર થયા. એમણે ઘણું તપ કરીને એ તપોબળથી ક્ષત્રિયપણાનો ત્યાગ કરીને બ્રહ્મતેજ પ્રાપ્ત કરી લીધું ! એ વિશ્વામિત્રજીને સો પુત્ર હતા. એમાં વચલા પુત્રનું નામ મધુચ્છંદા હતું. તે પરથી સોએ પુત્ર મધુચ્છંદા નામે જ મશહુર થયા. વિશ્વામિત્રજીએ ભૃગુવંશી અજીગર્તના પુત્ર અને પોતાના ભાણેજ એવા શુનઃશેપને (જેનું નામ દેવરાત પણ હતું, તેને) પોતાના દત્તકપુત્ર તરીકે સ્વીકાર્યો અને પોતાના પુત્રોને પણ કહી દીધું કે, 'તમે હવે આને તમારો મોટો ભાઈ જ માનજો !' આ શુનઃશેપ તે જ હતો કે જે હરિશ્ચંદ્રના યજ્ઞમાં યજ્ઞપશુના રૂપમાં વેચાતો લાવેલા. પરંતુ વિશ્વામિત્રજીએ પ્રજાપતિ, વરુણ આદિ દેવતાઓની સ્તુતિ કરીને પાશબંધનથી છોડાવી લીધો હતો ! વિશ્વામિત્રજીના પુત્રોમાં જેઓ મોટા હતા, તેમણે શુનઃશેપને મોટાભાઈ તરીકે સ્વીકારી લેવાની વાત ગળે ન ઊતરતાં પોતાના પિતાજીને ના પાડી, તો વિશ્વામિત્રજીએ ગુસ્સે થઈ શ્રાપ આપ્યો : 'દુષ્ટો ! તમે બધા મ્લેચ્છ થઈ જાઓ.' આ પ્રકારે ઓગણપચાસ જણ મ્લેચ્છ બની ગયા. પણ વચલા પુત્ર મધુચ્છંદાએ પોતાનાથી નાના પચાસભાઈઓ સાથે પિતાજીની આજ્ઞા માની લીધી. જેથી મંત્રદ્રષ્ટા શુનઃશેપ તે એકાવનેય નાના ભાઈ-

ઓનો મોટો ભાઈ બની રહ્યો અને વિશ્વામિત્રજી પોતાની આજ્ઞા માનનારા આ બધા પુત્રો પર રાજીરાજી થઈ ગયા અને બોલ્યા : 'તમે બધાએ મારા વચનનું સન્માન કરી મારા સ્વમાનની રક્ષા કરી, તેથી ખરેખર તમારા જેવા સુપુત્રો પામી હું ધન્ય થયો છું. હું તમોને આશિષ આપું છું કે તમને પણ સુપુત્રો જ મળવાના. પ્યારા સપૂતો ! આ શુનઃશેપ પણ તમારા જ ગોત્રનો છે. તમે એની આજ્ઞામાં રહેજો ! તમારું કલ્યાણ થાઓ !' રાજન પરીક્ષિત ! વિશ્વામિત્રજીના પેલા એકસો એકથીયે બીજા પુત્રો હતા, જેમનાં નામ અષ્ટક, હારીત, જય અને ક્રતુમાન વગેરે હતાં. આમ વિશ્વામિત્રજીનાં સંતાનોમાંથી આ કૌશિક ગોત્રમાં કેટલાયે ભેદ પડી ગયા અને આ શુનઃશેપને મોટો ભાઈ માનવાને કારણે એનો પ્રકાર જ કાંઈક બીજો થઈ ગયો ! પરીક્ષિત ! પુરૂરવાના એક પુત્રનું નામ હતું આયુ. આયુને પાંચ પુત્રો થયા હતા : નહુષ, ક્ષત્રવૃદ્ધ, રજિ, શક્તિશાળી રંભ અને અનેના. ક્ષત્રવૃદ્ધનો પુત્ર સુહોત્ર હતો. સુહોત્રના ત્રણ પુત્રો. તેમાં સૌથી નાનો હતો ગૃત્સમદ. તેનો પુત્ર શુનક થયો. આ શુનકના જ પુત્ર થયા ઋગ્વેદિયોમાં શ્રેષ્ઠ એવા મુનિવર શૌનકજી ! સુહોત્રના બીજા પુત્ર કાશ્યનો પુત્ર કાશિ થયો. કાશિનો રાષ્ટ્ર, રાષ્ટ્રનો દીર્ઘતમા અને દીર્ઘતમાના પુત્ર ધન્વંતરિ થયા. આયુર્વેદ–પ્રવર્તક ગણાય છે તે ધન્વંતરિ આ જ. તેઓ યજ્ઞમાત્રના ભોક્તા અને ભગવાન વાસુદેવના અંશ છે, તેથી જ એમનું સ્મરણમાત્ર સર્વ રોગનાશક બની શકે છે. ધન્વંતરિની પેઢીમાં દ્યુમાન થયા. તેઓ કુવલયાશ્વ વગેરે નામે પણ જાણીતા છે. તે દ્યુમાનના અલર્ક વગેરે થયા. પરીક્ષિત ! આ અલર્કના જેટલું યુવાની જાળવીને લાંબાં વર્ષો લગી કોઈ રાજાએ રાજ્ય નથી ભોગવ્યું !...એવા ક્ષત્રવૃદ્ધના વંશમાં કાશિથી પેદા થયેલા નરપતિઓ થયા. એવી જ રીતે રજિએ પણ દેવોની પ્રાર્થના કરી દૈત્યોને પરાજિત કર્યા હતા અને ઈંદ્રને સ્વર્ગનું રાજ્ય અપાવ્યું હતું. ઈંદ્રે તેમને ખોળે જ રક્ષાભાર સોંપેલો, પણ રજિના

મૃત્યુ બાદ તેમના પુત્રોએ ઈંદ્રને સ્વર્ગ પાછું ન સોંપ્યું. આખરે ઇંદ્રને હાથે તે બધા માર્યા ગયા, એમાંથી કોઈ ન બચ્યો ! ક્ષત્રવૃદ્ધ વંશના નરપતિઓ પછી હવે હે પરીક્ષિત રાજન્! તને હું નહુષવંશનું વર્ણન સંભળાવીશ, જે જાણીને તને ઘણો આનંદ થશે !"

## દેવયાની સાથે યયાતિનું લગ્ન

અનુષ્ટુપ

સત્તા જીરવવી એ તો, ભારે કઠિન કામ છે;
જેનો આત્મા પડે ઝાંખો, તે ભલે વેગળો રહે. ૧

એવું જ વાસનાનું છે, ના જીતે તે નીચે પડે;
સાવધાન ચઢે ઊંચે, વાસાનાક્ષય સાધીને. ૨

શિખરિણી

પ્રભુશ્રદ્ધા રાખી, શુચિ મન કરી આત્મ–પરખી,
વિવેકે ઝીલી ત્યાં, ગહન ધ્વનિ તે જાગૃત રહી;
મથો સૌના શ્રેયે, કુદરત છતાં અન્ય કરશે,
તમે જાણો ત્યાં તો, જરૂર ભવિતવ્યત્વ જ હશે ! ૩

શ્રી શુકદેવજી કહે છે : "પરીક્ષિત ! જેમ શરીરને છ ઇંદ્રિયો હોય છે તેમ નહુષરાજાને છ પુત્રો હતા." આમ નહુષવંશનું વર્ણન શરૂ કરતાં શ્રી શુકદેવજી બોલ્યા અને નહુષકથા આગળ ચલાવતાં ફરીને કહ્યું : "એ છ નહુષરાજાના પુત્રો ક્રમશઃ આ હતા : (૧) યતિ (૨) યયાતિ (૩) સંયાતિ (૪) આયતિ (૫) વિયતિ અને (૬) કૃતિ. આમ તો નહુષ રાજા પોતાના મોટા પુત્રને રાજ્ય આપવા માગતા હતા, પરંતુ એણે (યતિએ) રાજ્ય લીધું જ નહિ. કારણ કે

રાજ્યપ્રાપ્તિના પરિણામથી તે બરાબર સુપરિચિત હતો. અપવાદની વાત જુદી છે. **બાકી મોટા ભાગના લોકો રાજ્યસત્તામાં ઊંડા ઊતરવા માંડે એટલે દાવપેચ વગેરેમાં પારંગત થવા મંડવાના અને સાથોસાથ આત્મસ્વરૂપને સમજી શકવાના જ નહીં.** જ્યારે નહુષરાજાએ ઇંદ્રપત્ની શચીનો સહવાસ કરવાની ચેષ્ટા કરી કે નહુષરાજાને બ્રાહ્મણોએ ઇંદ્રપદથી પાડી અજગર બનાવી દીધો. ત્યારથી રાજાપદ પર યયાતિ બેઠા. રાજા યયાતિએ ચાર દિશાઓમાં પોતાથી નાના ચારેય ભાઈઓને નિયુક્ત કરી દીધા અને પોતે શુક્રાચાર્યની પુત્રી દેવયાનીને અને દૈત્યરાજ વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાને પત્નીઓરૂપે સ્વીકારીને પૃથ્વીની રક્ષા કરવા માંડી." ત્યાં જ પરીક્ષિત પ્રશ્ન કરે છે: 'શુકદેવજી! શુક્રાચાર્ય તો બ્રાહ્મણ અને યયાતિ તો ક્ષત્રિય. એ બન્ને સસરા–જમાઈ કેમ બન્યા? આ પ્રતિલોમ (ઊલટું) લગ્ન શી રીતે થયું? ક્ષત્રિયકન્યાને બ્રાહ્મણ મુરતિયો પરણે તે સમજી શકાય પણ ક્ષત્રિય મુરતિયાને બ્રાહ્મણ પુત્રી શી રીતે પરણી શકે?' ત્યારે શુકદેવજીએ કહ્યું: "પરીક્ષિત! સાંભળ, આ સમજવા જેવી વાત છે. દૈત્યરાજ વૃષપર્વાને ત્યાં એક મોટી માનિની કન્યા હતી. એનું નામ શર્મિષ્ઠા હતું. તે એક દિવસ પોતાની ગુરુપુત્રી દેવયાની સાથે અને હજારો સખીઓની સાથે પોતાની રાજધાનીના એક બાગમાં ફરી રહી હતી. એ મહાસરોવરમાં કમળ ખીલેલાં અને ભમરાઓ ઘણા મધુર સ્વરથી ગુંજારવ કરતા ઘૂમી રહ્યા હતા. સરોવરની પાસે પહોંચતાંવેંત તે સુંદર કન્યાઓએ પોતપોતાનાં વસ્ત્રો તો ઘાટ પર રાખી દીધાં અને તલાવમાં પ્રવેશ કરીને ખોબે ખોબે જલ ઉછાળી ઉછાળીને બધી પારસ્પરિક જલક્રીડા કરવા લાગી ગઈ. તે જ સમયે અને તે જ સ્થળેથી પાર્વતીજી સાથે પોઠિયા ઉપર બેસીને ભગવાન શંકર નીકળ્યા. એમને નિહાળીને બધી જ કન્યાઓ અત્યંત સંકોચ પામી ગઈ! અને એ બધીઓએ ઝટપટ સરોવરમાંથી બહાર નીકળી વસ્ત્રો પહેરી લીધાં. ઉતાવળને લીધે શર્મિષ્ઠાએ

અજાણતાં દેવયાનીના વસ્ત્રને પોતાનું સમજીને પહેરી લીધું. એને લીધે દેવયાની આગની જેમ ક્રોધથી ભરપૂર બનીને ભભૂકી ઊઠી અને બોલી પડી : 'આ જુઓ તો ખરાં ! આ દાસીએ કેવું અનુચિત કામ કરી નાખ્યું ! રામ ! રામ ! ! જેમ કૂતરી યજ્ઞમાંનું બલિ ઉપાડી જાય, તેમ એણે મારું વસ્ત્ર પહેરી લીધું ! જે બ્રાહ્મણોએ તપોબળથી આ સંસારનું સર્જન કર્યું, જેઓ પરમ પુરુષ પરમાત્માના મુખરૂપ છે, જેઓ પોતાના હૃદયમાં પરમાત્માને ધારણ કરી રાખે છે, જેમણે સકળ જીવોના કલ્યાણાર્થે વૈદિક માર્ગ દેખાડ્યો છે, વિશેષ તો શું બલકે લક્ષ્મીજીના એકમાત્ર આશ્રયસ્થાન એવા પરમ પાવન વિશ્વાત્મા ખુદ ભગવાન સુધ્ધાં જે બ્રાહ્મણોનું વંદન સ્તવન કરે છે, તે બ્રાહ્મણોમાં પણ શ્રેષ્ઠ એવા અમે ભૃગુવંશીય બ્રાહ્મણો છીએ; જ્યારે આ (શર્મિષ્ઠા)નો બાપ પોતે અસુર છે, વળી અમારો શિષ્ય પણ છે. આમ હોવા છતાં આ દુષ્ટા શર્મિષ્ઠાએ જેમ શૂદ્ર વેદ ભણી લે, તેમ મારું વસ્ત્ર પહેરી લીધું છે ! ! આમ, ફાવે તેમ દેવયાની ગાળો દેવા લાગી ગઈ, ત્યારે શર્મિષ્ઠા પણ ક્રોધથી રાતી પીળી થઈ ગઈ, નાગણીની માફક લાંબો લાંબો શ્વાસ લેવા લાગી ગઈ. એણે પોતાના દાંતથી હોઠો દબાવ્યા ને તે પણ બોલવા લાગી ગઈ : '..ભિખારણ ! તું આટલી બધી બહેકી ઊઠી છો, તો તને તારી વાતનો કોઈ ખ્યાલ છે ખરો ! જેમ કાગડા-કૂતરા અમારા દરવાજા પર રોટલાના ટુકડા તરફ તાકતા રહે છે, તેમ તમે લોકો પણ શું તાકતા નથી રહેતા ?'' આ પ્રકારે શર્મિષ્ઠાએ કડવી કડવી વાતો કરીને ગુરુપુત્રી દેવયાનીનો તિરસ્કાર કર્યો અને ક્રોધવશ એનાં વસ્ત્ર છીનવીને કૂવામાં હડસેલી દીધી. પછી શર્મિષ્ઠા તો ચાલી ગઈ, પણ અહીં કૂવામાં પાણી કેડ સમાણું જ હતું. તેવામાં યયાતિરાજા શિકારને નિમિત્તે ફરતા ફરતા આ સ્થળે આવી પૂગ્યા. એમને તરસ લાગેલી, એથી એમણે કૂવામાં જોયું. ત્યાં તો તેમાં પડેલી પેલી કન્યા દેવયાનીને જોઈ. તે વખતે તે વસ્ત્રરહિત હતી એટલે પોતાનો દુપટ્ટો

આપ્યો અને હાથ પકડી એને બહાર ખેંચી કાઢી. એ વખતે દેવયાનીએ પ્રેમભરી વાણીમાં ધીર યયાતિરાજને કહ્યું : "વીર શિરોમણિ રાજન્! આજે આપે આ રીતે પણ મારો હાથ પકડ્યો છે, તો હવે આ મારો હાથ બીજા કોઈ ન પકડે! એમ હું ઇચ્છું. છું કૂવામાં પડી જવાથી જો મને અચાનક આપનાં દર્શન થયાં છે, તો આ આપણા સંબંધને ભગવાને જ કરાવી આપેલો સંબંધ સમજવો ઘટે! આમ થવામાં આપણે આપણી કે કોઈ માનવીની આ કૃતિ ન માનવી જોઈએ. વીરશ્રેષ્ઠ! પહેલાં મેં બૃહસ્પતિપુત્ર કચને શાપ આપી દીધો હતો, એથી એણે પણ મને શાપ આપી દીધો હતો. એથી એણે પણ મને શાપ એવો આપી દીધેલો, જે કારણે બ્રાહ્મણ સાથે તો મારાં લગ્ન થઈ શકે તેમ નહોતું!" વાત એમ બનેલી કે બૃહસ્પતિપુત્ર કચ શુક્રાચાર્ય પાસે મૃત-સંજીવની વિદ્યા શીખ્યો. શીખ્યા પછી તે ઘેર જવા લાગ્યો ત્યારે દેવયાનીએ તેને વરવા ઇચ્છ્યું પણ ગુરુપુત્રીને તે પત્ની તરીકે કેમ સ્વીકારી શકે? એટલે દેવયાનીએ તેની વિદ્યા નિષ્ફળ જાય એમ કહ્યું અને કચે દેવયાનીનું લગ્ન બ્રાહ્મણ સાથે નહીં થાય. એમ આ કુદરતી ઘટના બનેલી] આમ તો વીર યયાતિને આ શાસ્ત્ર-વિરુદ્ધ લગ્ન પસંદ નહોતું; પરંતુ જ્યારે રાજા યયાતિએ જોયું કે ખુદ સામે ચાલીને પ્રારબ્ધે (અહીં ભવિતવ્યતા રૂપ પ્રારબ્ધ લાગે છે, માટે) આપેલી ભેટ તરીકે આ છે, તો સ્વીકાર કરવો જ જોઈએ! વળી મારું આ કન્યા તરફ કુદરતી રીતે આકર્ષણ પણ થાય છે. આ માત્ર મોહ નથી!! એમ જોઈ આખરે રાજા યયાતિએ કન્યા દેવયાનીની વાત ખુશીથી સ્વીકારી લીધી અને પછી પોતાના રાજ્ય ભણી તેઓ ચાલી નીકળ્યા." બ્રહ્મચારી શુકદેવજીની આ અધૂરી વાત આગળ સાંભળવા માટે પરીક્ષિત રાજા આતુર બની ગયા!

# પુરુની પિતૃભક્તિ

નિર્ભીક નમ્રતા છે જ્યાં, ને વિશ્વાધીનતા ન કૈં;
ત્યાં ભિક્ષુવૃત્તિવાળાઓ, નવાં મૂલ્યો રચી શકે. ૧

પાત્ર અસત્યપંથે જો, જાય તો પૂર્ણ અર્પણા;
ત્યાં ધરવા થકી અંતે, ઠેકાણે આવશે કદા. ૨

શુકદેવજી બોલ્યા: "પરીક્ષિત રાજન્! આગળની વાત હવે સાંભળો. અહીં વીર રાજા યયાતિ જેવા ત્યાંથી પોતાના રાજ્ય તરફ ચાલ્યા ગયા કે તરત દેવયાની રોતી–કકળતી–પીટતી પોતાના પિતા શુક્રાચાર્ય પાસે પહોંચી અને શર્મિષ્ઠાએ પોતાના જે હાલ કર્યા હતા તે બધા જ કહી સંભળાવ્યા. શર્મિષ્ઠાના આ વર્તનથી શુક્રાચાર્યજીને અતિશય ખરાબ લાગ્યું, એમનું મન જ ભાંગી ગયું. તેઓ પોતાના પુરોહિતપણાની ખૂબ નિન્દા કરવા લાગી ગયા. એમણે વિચાર્યું કે આવી પુરોહિતગીરી કરવી, એના કરતાં તો કબૂતર (પારેવાં)ની જેમ ખેતર કે બજારમાંથી દાણો દાણો ચણીને આજીવિકા ચલાવવી તે સારું! આથી પોતાની કન્યા દેવયાનીને સાથે લઈ, તેઓ નગર છોડીને ત્યાંથી ઝટપટ ચાલી નીકળ્યા. જ્યારે વૃષપર્વાને આ ખબર પડી એટલે શંકા આવી કે રોષમાં ને રોષમાં ગુરુજી ચાલી નીકળ્યા છે, તો રખે શત્રુની જીત કરાવી દે અથવા મને કદાચ શાપ દઈ દે. તેથી શુક્રાચાર્યજીને પ્રસન્ન કરવા તેઓ જાતે તેમની પાછળ પાછળ ગયા અને ગુરુચરણોમાં જઈ શિર ઢાળી દીધું. શુક્રાચાર્યનો ક્રોધ તો ક્ષણિક હોવાથી તરત જ ઊતરી ગયો. પણ પછી કહ્યું: જો શિષ્ય વૃષપર્વા, હું મારી પુત્રી દેવયાનીને તો નહીં જ છોડી શકું. માટે દેવયાનીની જે ઇચ્છા હોય તે તું પૂરી કરાવી નાખ

તો વાત તરત પતી જશે. વૃષપર્વાએ તત્કાળ સંમત થઈ ગુરુઆજ્ઞા માથે ચઢાવી. દેવયાનીને વૃષપર્વા રાજાએ બહુ વીનવી ત્યારે દેવયાનીએ કહ્યું : 'હું જ્યાં પરણીને જઉં, ત્યાં પોતાની સખીઓ સાથે શર્મિષ્ઠા મારી સેવામાં આવીને રહે.' શર્મિષ્ઠાએ પણ પિતા અને પરિવારની મુશ્કેલી જોઈ તરત તે વાત સ્વીકારી લીધી અને પોતાની એક હજાર સખીઓ સાથે દેવયાનીની સેવા કરવા માંડી. દેવયાનીને પાછું પહેલાં કરતાં વધુ ગૌરવ મળવાથી તે પણ રાજી રાજી જ થઈ ગઈ. શુક્રાચાર્યજીએ યયાતિનાં લગ્ન દેવયાની સાથે કરાવી આપ્યાં અને કહ્યું : 'યયાતિરાજ ! જો જે હો આ શર્મિષ્ઠાને કદી તારી સેજ પાસે આવવા ન દેતો !' થોડા જ દિવસોમાં દેવયાની તો ગર્ભવતી બની ચૂકી. એને ગર્ભવતી જોઈને શર્મિષ્ઠાએ એક વખત એકાંતમાં રાજા યયાતિ પાસે જઈ પોતાની સાથે પણ સમાગમ કરવાની આજીજીભરી પ્રાર્થના કરી. ઋતુકાળ વખતની શર્મિષ્ઠાની પ્રાર્થના યયાતિ રાજાએ સ્વીકારી અને શર્મિષ્ઠાને પણ ગર્ભ રહી ગયો. આ વાત જણાયા વગર કેમ રહે ? દેવયાનીને આ જાણી અતિ દુઃખ થવું સહજ હતું. તે ક્રોધાતુર બની રિસાઈને પિયેર ચાલી ગઈ. પાછળ પાછળ યયાતિરાજા ગયા અને ખૂબ કરગર્યા, પણ તે માનાં નહીં. શુક્રાચાર્ય પણ દુઃખદ ઘટના જાણી ખૂબ ગુસ્સે થયા અને રાજા યયાતિને શ્રાપ આપી દીધો : 'જા, જૂઠા ! તું ખરેખર નારી–લંપટ છે અને મંદબુદ્ધિ છે. જા, હવે તારા શરીરમાં ઝટઝટ બુઢાપો આવી જશે. આ શ્રાપ સાંભળી તેણે શુક્રાચાર્યજીને કહ્યું : 'આથી તો નુકસાન આપની પોતાની દીકરીને જ થશે. કારણકે આપની પુત્રી સાથેના આટલા આટલા ભોગો ભોગવ્યા પછી એને અને મને બન્નેને તૃપ્તિ થઈ નથી.' શુક્રાચાર્ય બોલ્યા : 'ત્યારે જો, જે પોતાના રાજીપાથી તને જુવાની આપશે, તે તારા બુઢાપાનો અદલાબદલી કરી શકશે !' રાજધાનીમાં તે પાછો આવ્યો. દિવસો ગયા, મહિનાઓ ગયા અને થોડાં વર્ષો પણ ગયાં. દેવયાનીને બે પુત્રો થયા : (૧) યદુ

(૨) તુર્વસુ. શર્મિષ્ઠાને પણ ત્રણ દીકરા થયેલા : (૧) દ્રુહ્યુ (૨) અનુ અને (૩) પુરુ. યદુ જ્યારે જુવાન થયો, ત્યારે પિતા તરીકે હોવા છતાં રાજા યયાતિએ એક દિવસ એકાંતમાં તેને બોલાવી કહ્યું : 'બેટા! તું જાણે છે કે તારા જ નાનાએ મને શ્રાપ આપ્યો, તેથી હું બૂઢો થઈ ગયો, હવે તું જો તારા પિતા એટલે કે મને તારી જુવાની આપી બુઢાપો લઈ લઈશ, તો તારી માતાજી ઉપર અને મારા ઉપર મોટો ઉપકાર થશે.' પણ તેણે કહ્યું : 'પિતાજી! આપ બીજુ જે કાંઈ માગશો તે જરૂર આપીશ, પણ માંડમાંડ મને મળેલી જુવાની તો નહીં જ આપી શકું. ભલે, મારું પોતાનું મૃત્યુ થાય!' અને એવા જ જવાબો બીજા ત્રણ દીકરાઓએ પણ આપી દીધા. શુકદેવજી કહે છે : 'રાજન્! ખરું પૂછો તો તે ચારેય દીકરાઓ શરીરાનુરાગી બની ગયા. જો કર્તવ્યાનુરાગી હોત તો આ વાત તરત સ્વીકારી લેત અને ચેતનાભિમુખ પણ તેઓ બની જાત. હવે રાજા યયાતિએ ઉમ્મરમાં સૌથી નાનો પણ ગુણમાં મોટો એવા પુરુને બોલાવી પૂછ્યું 'બોલ તું શું ઇચ્છે છે?' લાંબું-ટૂંકું વિચાર્યા વગર તરત તે જોરથી બોલી ઊઠ્યો : 'આપની જ કૃપાથી મનુષ્યરૂપે બની શકાયું છે. અને ખરેખર તો આ શરીર પણ આપના મુખ્ય નિમિત્તે મળ્યું છે. માટે એવો કયો કપૂત હોય કે ખુદ પોતના પિતાની આજ્ઞાને ઉથાપે? માતાજી-પિતાજીનો ઉપકાર તો એટલો મોટો છે કે એમની ઇચ્છાપૂર્તિ માટે મરવું પડે તોય બહેતર છે. હું ખુશીથી મારી જુવાની તો શું મારો જીવ પણ આપવા તૈયાર છું.'

બસ. પરીક્ષિતજી! એ દીકરા પુરુએ પોતાના પિતાનો બુઢાપો લઈ તરત જ પોતાની જુવાની આપી દીધી. આ રીતે યયાતિ રાજા પોતે જુવાની પાછી પામીને તે દેવયાની સાથે યથેચ્છ ભોગો ભોગવવા લાગી ગયા. દેવયાની પણ તન, મન અને વચન ઉપરાંત સારી સારી ચીજવસ્તુઓ આપી સાતેય દ્વીપોના એકછત્રી અને પોતાના પરમ પ્રિયતમ એવા રાજા યયાતિને બધી જ રીતે ખુશ ખુશ કરી

દેતી હતી. એક બાજુથી ચક્રવર્તી સમોવડા રાજા યયાતિએ સમસ્ત વેદોએ પ્રતિપાદેલા સર્વદેવસ્વરૂપ યજ્ઞપુરુષ ભગવાન શ્રી હરિનું મોટી મોટી દક્ષિણા સહિત મહાયજ્ઞોથી સારી પેઠે યજન કર્યું. આમ વર્ષો લગી તેણે નિઃસ્પૃહ રીતે યજન કર્યા કર્યું. જ્યારે બીજી બાજુ જાણે સદા જુવાનીની માફક રાજા યયાતિએ દેવયાની સાથે અખંડપણે ભોગો ભોગવ્યા જ કર્યા, પણ વિષયભોગો ભોગવવાથી તૃપ્તિ ન થઈ તે ન જ થઈ!"

## વાસનાક્ષયે મુક્તિ

### ઉપજાતિ

અખંડ આનંદનું ધામ આત્મા,
વિલાય તે ભોગ સદા ભજ્યાથી;
ને વાસના ક્ષીણ થતાં ફરી, અહા!
આત્મા છતો થાય જ તે ત્યજ્યાથી. ૧

અંતે તો એ જ છે સાચો,
આત્માનો પ્રભુ–પ્રાપ્તિનો;
માર્ગ તે અહીં મત્યો!
સાર્થ જીવનને કરો. ૨

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : "રાજન્ પરીક્ષિત! રાજા યયાતિને આ રીતે નારીને અધીન બની વિષયોનો યથેચ્છ ઉપભોગ કરવા છતાં તૃપ્તિ ન થઈ. એથી એકદા ખૂબ વિચારમાં પડ્યા : 'અરેરે! સતત ભોગો ભોગવવાથી તૃપ્તિ તો ન જ થઈ અને હું દિને દિને મારું સ્વત્વ પણ ગુમાવી રહ્યો છું! મને આત્માનો તો જાણે વિચાર જ આવતો નથી!! જ્યારે તૃપ્તિનું, સુખનું અને શાન્તિનું કેંદ્ર તો આત્મા એકલો જ છે!' આ વિચાર અને વિવેકમાંથી વૈરાગ્ય

સહેજે જન્મી ચૂક્યો. એક દિવસ તક જોઈને દેવયાનીને ઉદ્દેશીને યયાતિએ કહ્યું : 'પ્રિયે! અરણ્યવાસી ઋષિમુનિઓ ગૃહજંજાળમાં પડેલા અતિરાગીઓની સતત ચિંતા કર્યા કરતા હોય છે! આ બાપડાનો ઉદ્ધાર ક્યારે થશે?' એટલું કહી એક વિષયભોગી ગામડિયાનો દાખલો આપતાં કહ્યું : 'દેવયાની! તે બિચારો ગામડિયો વિષયલંપટ અને મારા જેવો હતો. તેથી તેની કથા આજે તને કહેવા ઇચ્છું છું. સાંભળ : એક હતો ખૂબ કામાતુર એવો બકરો. તે એકલો એકલો વનમાં પોતાની વહાલી ચીજ ગોતતો ફરતો હતો. તેવામાં એણે જોયું કે કર્મવશાત્ એક બકરી કૂવામાં પડી છે! તે બકરો ખૂબ કામી હતો. તેથી વિચારવા લાગ્યો કે આ બકરીને શી રીતે બહાર કાઢું કે જેથી ભોગો ભોગવવાની મજા પડે! એવું વિચારી કૂવાની અડખે-પડખેની જમીન પોતાના શિંગડાથી ખોદી કાઢી અને રસ્તો તૈયાર કરી નાખ્યો. જેવી રૂપાળી બકરી કૂવામાંથી નીકળી તો એ બકરીએ એ બકરાથી પ્રેમ કરવા ચાહ્યો. કારણ કે તે બકરો હૃષ્ટપુષ્ટ યુવાન અને બકરીઓને સુખ દેવામાં કુશળ અને પ્યારો હતો. જ્યારે બીજી બકરીઓએ જોયું કે 'કૂવામાં પડેલી બકરીએ પોતાનું પ્રેમપાત્ર ચૂંટી કાઢયું છે, તો એ બીજી બકરીઓએ પણ તે જ બકરાને પોતાનો પતિ બનાવી દીધો. તે પહેલેથી જ પતિની શોધમાં હતી અને બકરાને તો કામ રાજાએ ઘેરી લીધો હતો!!! તે એકલો જ એ બધી બકરીઓ સાથે ભોગ ભોગવવા લાગ્યો અને પોતાની સૂઝબૂઝ ઠામૂકી ગુમાવી બેઠો. જ્યારે કૂવામાંથી નીકળેલી પ્રિયતમા બકરીએ જોયું કે પોતાનો પતિ બીજી બકરીઓ સાથે વિહાર કરી રહ્યો છે, ત્યારે તે બકરીથી આ સહન ન થઈ શક્યું. એ બકરીઓને જણાયું કે આ બકરો તો અતિ કામી છે! એના પ્રેમનો કોઈ ભરોસો જ નથી અને મિત્રના રૂપમાં આ બકરો દુશ્મનનું કામ કરી રહ્યો છે, જેથી બકરી ખૂબ દુઃખી થઈ પોતાના અસલ પાલકને ઘેર જવા ચાલી નીકળી. ત્યારે આ દીન અને કામી

બકરો એ રિસાયેલી બકરીને મનાવવા કાજે 'મે' મે'' કરતો એ બકરીની પછવાડે પછવાડે ચાલી નીકળ્યો. પણ તે રસ્તામાં તો ન મનાવી શકયો. પેલી બકરીનો માલિક બ્રાહ્મણ હતો. તેણે ક્રોધમાં ને ક્રોધમાં બકરાના લટકતા અંડકોશને કાપી જ લીધો, અને પછી એ બકરીનું જ ભલું કરવા માટે ફરીથી એને જોડી પણ દીધો. એ બકરીના માલિકને આવા કેટલાય ઉપાયો આવડતા હતા. આમ અંડકોશ જોડાવાથી તે બકરાએ દિવસો લગી વિષય-સેવન કર્યું, પણ આજ લગી બકરાને એ બકરી ને ભોગથી સંતોષ ન જ થયો તે ન જ થયો. સુંદરી! મારી પણ એ બકરા જેવી જ કામમયી દશા છે!!! તારા વાસનામય પ્રેમપાશમાં બંધાઈને હું પણ અત્યંત દીનહીન થઈ ગયો છું. તારી મોહમયી માયામાં ફસાઈને ખુદ હું મારા પોતાના ચેતનદેવને સાવ વિસારી બેઠો છું. હે પ્રિયે! આ પૃથ્વીમાં જેટલાં ધાન્ય (ચોખા જવ આદિ), સુવર્ણ, જાનવરો અને સ્ત્રી છે એ બધાં એક માનવી પાસે સહેજે હોય, તોયે સંતોષ આપી શકતાં નથી. વાત એમ છે કે ઘીની આહુતિ નાખવાથી જેમ આગ ભભૂકી ઊઠે છે, તેમ ભોગો ભોગવવાથી ભોગવાસના છૂટતી નથી પણ વધે જ છે. પરંતુ જ્યારે માનવી વસ્તુ સાથેના રાગદ્વેષ-ભાવને ન રાખે ત્યારે તે આપોઆપ સમદર્શી બને છે અને એવા સમદર્શી માટે બધી દિશાઓ સુખમય બની જાય છે. ખરેખર તો વિષય-તૃષ્ણા જ બધાં દુઃખોનું ઉદ્ગમ સ્થાન છે! ઘણી કઠિનતાથી માંડ માંડ મંદબુદ્ધિ લોકો, એ વિષયતૃષ્ણાને ત્યાગી શકે છે. શરીર ભલે ઘરડું થાય પણ વિષયતૃષ્ણા તો હંમેશાં નવા નવા પ્રકારેથી બની જ રહેતી હોય છે. માટે જે આત્મકલ્યાણ કરવા માગે છે, તેણે ભોગવાસના તજવી જ રહી! અરે, બીજાં પાત્રો તો શું, પણ પોતાની સગી જનેતા બહેન કે પત્ની સાથે પણ એકાસને અડીને ન બેસવું જોઈએ. ઈંદ્રિયો એટલી બધી બલિષ્ઠ છે કે મોટા મોટા વિદ્વાનોને પણ વિચલિત કરી નાંખે છે. વિષય-સેવન કરતાં કરતાં મારાં

કેટલાં બધાં વરસો વીતી ચૂકયાં! છતાં ક્ષણે-ક્ષણે ભોગ-લાલસા વધતી જ જાય છે. એટલા માટે દેવયાની! હવે હું ભોગ-વાસના તજીને મારું અંતઃકરણ પરમાત્મા પ્રતિ સમર્પિત કરી દઈશ. મને પોતાને ભગવાનમાં લગાડી દઈશ અને પછી સુખ-દુઃખાદિથી ઉપર ઊઠીને અહંકાર-મુક્ત થઈ હરણાંઓ સાથે વનમાં વિચરવા ઇચ્છું છું! આ લોક-પરલોકના ભોગો તો અસત્ છે એમ સમજી તેમને ન ભોગવવા જોઈએ, ન એમનું મુખ્યપણું ચિંતવવું જોઈએ! એમને મુખ્ય બતાવવાથી તો જન્મ-મૃત્યુ રૂપ સંસારની જ પ્રાપ્તિ થાય છે અને ભોગોને ભોગવવાથી તો આત્મનાશ થાય છે જ. આટલું સમજી જે વાસનાક્ષયની દિશામાં ક્રમેક્રમે આગળ વધે તે જ સાચો આત્મજ્ઞાની બની શકે છે. આમ કહી તેમણે ફરીથી પુત્ર પુરુની જુવાની પાછી આપી બુઢાપો લઈ લીધો. બીજા પુત્રોને પણ રાજ્યો આપ્યાં પણ વધુમાં વધુ રાજ્ય અને ધન વગેરે આખા ભૂમંડળનું હીર પુરુને આપી. એના બીજા મોટા ભાઈઓને એમને વશ સોંપી; વ્યવસ્થા કરીને પોતે વનમાં ચાલી ગયા. વર્ષો પછી આસક્તિ માત્રથી છૂટી તેઓ ત્રિગુણમય લિંગ શરીરથી છૂટી ગયા અને પ્રભુમય બની રહ્યા. તેમ દેવયાનીજી પણ આ બધી પ્રભુની માયા સમજી ક્રમશઃ વાસનાક્ષય કરીને ભગવાનમય બની ગયાં!'

## દુષ્યંત-શકુંતલા

આકર્ષણ અને મોહ, પંથ બે છે સદા જુદા;
આકર્ષણે ચડે આત્મા, તે પડે મોહ પામતાં. ૧

વાસનાક્ષયનો એક; વાસનાવૃદ્ધિનો બીજો;
એક ધર્માવિરોધી ને, ધર્મ વિરુદ્ધ છે બીજો. ૨

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા: "પરીક્ષિત રાજન્! જે વંશમાં તમારો જન્મ થયો છે, તે જ પુરુવંશનું હવે હું વર્ણન કરું છું. આ વંશમાં જ ઘણા રાજાઓ અને બ્રહ્મર્ષિઓ થયા છે! જનમેજય એ પુરુપુત્ર હતા. એમને ઘણી પેઢીઓ પછી રૌદ્રાશ્વ રાજવી થયા. ઘૃતાચી અપ્સરાથી તેમને દસ પુત્રો થયેલા તે પૈકી મોટા ઋતેયુ અને તેનો પુત્ર રંતિભાર થયો અને રંતિભાર પુત્ર સુમતિનો પુત્ર રૈભ્ય થયો. એ જ રૈભ્યનો પુત્ર દુષ્યંતરાજ થયો. એક વાર કેટલાક સૈનિકો સાથે દુષ્યંતરાજ જંગલમાં દૂર–સુદૂર નીકળી ગયેલો. તેવામાં તે અચાનક કણ્વ મુનિના આશ્રમ પર જઈ ચઢયો અને ત્યાં એકલી–અટૂલી એક પ્રકાશમયી બાળાને દુષ્યંત રાજાએ જોઈ. એકલી–અટૂલી હોવા છતાં પ્રસન્નમુખી તે બાળાનો તેજ–અંબાર આશ્રમ પર જાણે પ્રભાવ પાડી રહ્યો હોય એમ લાગતું હતું! તે બાળાને જોતાંવેંત જ દુષ્યંત રાજા આકર્ષાઈ ચૂકયો! અજાણી બાળા સાથે ગમે તે બહાનું કાઢી તે વાત કર્યા વિના ન રહી શકયો. તે બોલ્યો: "મારા હૃદયને આકર્ષિત કરવાવાળી ઓ સુંદરી! તું લાગે છે તો ક્ષત્રિયકન્યા! પછી અહીં ઋષિ–આશ્રમમાં શાથી? જો હરકત ન હોય તો તારું આખુંય જીવનવૃત્તાંત સાંભળવાની મારી તીવ્રેચ્છા છે! પુરુવંશજ એવો હું ખરેખરું કહું છું કે મારા ચિત્તને, આટલું બધું અને આટલી ઝડપથી આ દુનિયામાં આજ લગી કોઈ દેવકન્યા સુધ્ધાં આકર્ષી શકી નથી! એટલે કાંઈક મને આ આકર્ષણ પાછળ કોઈ અગમ્ય કારણ લાગે છે!!!" શકુંતલા પણ આકર્ષાઈ ચૂકી હતી. તે બોલી: "આપનું કહેવું મુખ્યત્વે સત્ય છે. હું ક્ષત્રિય રાજર્ષિ વિશ્વામિત્રજીની પુત્રી છું. પરંતુ મેનકા અપ્સરાએ બચપણથી મને એકલી-અટૂલી વનમાં તજી દીધેલી. કણ્વસુનિ જ એના સાક્ષી છે. કમલ-નયન! આશ્રમમાં સુંદર ભાત તૈયાર છે. ઇચ્છો તો તેનું ભોજન કરી શકો છો. આપની બીજી શી સેવા કરું? જો ઠીક લાગે તો આપ અહીં જ રોકાઈ જાઓ." આ સાંભળતાં જ દુષ્યંત રાજા

પોતાનો હૃદયપ્રસ્તાવ મૂકવા સાવ અધીરો બની ગયો અને બોલ્યો: "અહો પ્રણયરસજ્ઞે! મહોદયે! કુશિક વંશની કન્યા હોવાથી જ આતિથ્ય પ્રવીણતા તારામાં તરત ઊભરાયેલી નજરે પડે છે. તું જાણતી જ હોઈશ કે રાજકન્યાઓ જાતે જ પોતાના પતિને પસંદ કરી શકવાની શક્તિ ધરાવતી હોય છે." શકુંતલા પણ રાજવીના આ ઉદ્‌ગારોથી પ્રસન્ન પ્રસન્ન થઈ ગઈ !!! તેણે લજ્જાથી મુખ નીચું ઢાળી દીધું અને થોડી વાર સાવ મૂંગી ઊભી રહી. દુષ્યંત રાજા પણ ભાવવિભોર થઈ આ મૂંગી સંમતિથી પ્રભાવિત થઈ ચૂકયો! દેશ, કાલ અને શાસ્ત્ર ત્રણેયનો સુમેળ જોઈ ગાંધર્વ-વિધિથી વિધિસર બન્નેએ સૂર્યસાક્ષીએ અરસપરસની ચીજોનું આદાન-પ્રદાન કરી હૈયા સાથે હૈયાને ચાંપી દીધું! તે રાત્રિ આશ્રમનિવાસ થયો. આમ તે બન્નેનો સહવાસ થઈ ચૂકયો. કણ્વ ઋષિ તથા આશ્રમવાસીઓને પણ આ ગાંધર્વલગ્નની જાણ થતાં તે સર્વસામાન્ય પણ થઈ ચૂકયું. બાલક આશ્રમમાં જ જન્મ્યું પણ એ જાણે ઈશ્વરાવતાર રૂપ બન્યું! અતિશય બહાદુર એ દુષ્યંતકુમારનું નામ ભરત અપાયું. સિંહબચ્ચાનાં દાંત ગણતા ભરતને જોઈ પ્રથમ તો રાજા દુષ્યંતની જરા ગફલત થઈ. તે બોલ્યો: "અરે, તું તો ઋષિ-કન્યા અને એવી કન્યાનો પુત્ર હું કેમ સ્વીકારું?" પરંતુ એવામાં જ આકાશવાણી થઈ: "પુરુવંશના સત્યપ્રિય રાજવી! ભૂલી ન જા, આ આશ્રમમાં રહેલી કન્યાના પાલક ઋષિજી અને ઋષિકુમારો ભલે હોય, પરંતુ એ કુશિકવંશની તે કન્યા છે જેનું નામ શકુંતલા છે, તે તારી જ હૃદયપ્રિય અર્ધાંગના છે અને તમો બન્ને ગાંધર્વ વિધિએ લગ્નના પવિત્ર બંધને બંધાયાં છો. તેને લીધે જ આ ઈશ્વરશાવતાર તારો જ સુપુત્ર છે!" તરત જ પોતાની ગફલતની વારંવાર ખિન્ન હૃદયે શકુંતલા પાસે ક્ષમા યાચી. એ બન્નેને દુષ્યંત રાજાએ સમાદરભર્યા ઉત્સાહપૂર્વક અપનાવી લીધાં અને ભાવ-

વિભોરતાથી શકુંતલા મહારાણીપણે અને ભરત મહારાજ કુમારપણે વિકસવા લાગ્યાં."

## ભરત ચક્રવર્તી

જગે ભરતનો જન્મ થયો દુષ્યંતરાજથી;
મહાકાર્યો સીઝયાં તેનાં, આખરે તપત્યાગથી. ૧

સમર્થોને નથી દોષ, કેમ કે તેમનાં બધાં;
કાર્યો સ્વપર–શ્રેયાર્થે, એકેએક જ સીઝતાં. ૨

બ્રહ્મચારી શુકદેવજી કહે છે: "રાજા પરીક્ષિત! પિતા દુષ્યંતના મૃત્યુ પછી પરમ યશસ્વી બાળક ભરત ચક્રવર્તી સમ્રાટ થયો. એનો જન્મ જ ખુદ જગતપિતા ભગવાનના અંશથી થયો હતો! આથી આજ પણ સારી પૃથ્વી પર એનું મહિમાગીત પ્રેમથી ગવાય છે. એના જમણા હાથમાં ચક્રનું ચિહ્ન હતું અને પગમાં કમલકોશનું ચિહ્ન કુદરતી હતું! મહાભિષેકવિધિથી રાજાધિરાજના પદ પર એનો અભિષેક થયો. ભરતની શક્તિ અપાર હતી. ભરતે મમતાના પુત્ર દીર્ઘતમા મુનિને પુરોહિત બનાવી ગંગાતટ પર ગંગાસાગરથી માંડીને ગંગોત્રી પર્યંત પંચાવન જેટલા પવિત્ર અશ્વમેધ યજ્ઞ કર્યા. એ રીતે યમુનાતટ પર પણ પ્રયાગથી માંડી યમુનોત્રી લગી એણે અઠ્ઠોતેર અશ્વમેધ યજ્ઞ કર્યા. એ બધા યજ્ઞોમાં અપાર ધનરાશિનું એણે દાન કરેલું. ભરતનું યજ્ઞસંબંધી અગ્નિસ્થાપન ઉત્તમ ગુણવાળા સ્થાનમાં થયેલું. ત્યાં ભરતે પ્રત્યેક બ્રાહ્મણને એક એક સુંદર ગાય અર્પેલી. આવા મહાયજ્ઞોથી આ લોકમાં તો રાજા ભરતને 'પરમ યજ્ઞ' બિરુદ મળ્યું જ. અંતમાં એણે માયા પર પણ વિજય મેળવી લીધો અને દેવોના પરમ ગુરુ ભગવાન શ્રીહરિને પણ પ્રાપ્ત કરી

લીધા ! હાથી–ઘોડાઓ પણ ઘણા ઘણા દાનમાં અપાયા હતા. આવું ન કોઈ રાજા કરી શકયા હતા અને ન કોઈ કરી શકશે ! હાથથી સ્વર્ગ–સ્પર્શ શું કોઈ કરી શકે ? પણ એણે એ કરી બતાવ્યું હતું ! રાજા ભરતે દેવોને હરાવી રસાતલમાં જે દેવાંગનાઓ અસુરો લઈ ગયા હતા, તેમને પણ તેણે જ છોડાવી હતી ! તેણે વર્ષો લગી એકછત્રી શાસન ચલાવ્યું. પૃથ્વી–આકાશ જાણે મિત્ર બનીને રહી શકયાં. પરંતુ આટલું બધું ભોગમય ઐશ્વર્ય પણ ભરતને લોભાવી ન શકયું. આખરે સંસારથી તેણે ઉદાસીન બનીને ભોગમય ઐશ્વર્ય કરતાં આત્મમય ઐશ્વર્ય અનેકગણું ચઢિયાતું છે, તે તેણે સિદ્ધ કરી આપ્યું. સંસારી ગૃહસ્થાશ્રમમાં વિદર્ભરાજની ત્રણ કન્યાઓ ભરત સમ્રાટની પત્નીઓ હતી. પણ તેમનાં સંતાન ભરત સમાન ન થઈ શકયાં. તેઓ ભરતને માત્ર પતિ તરીકે જ નહીં, પોતાના સર્વસ્વ-રૂપે માનતી હતી; તેથી સંતાનોને તજી શકેલી. મરુત્ સોમયજ્ઞથી રાજી થઈ મરુદ્‌ગણોએ ભરતને ભરદ્વાજ નામનો મહાન પુત્ર આપ્યો. મૂળે તો આ પુત્ર બૃહસ્પતિજીના ભાઈ ઉતથ્યની પત્ની મમતામાં બૃહસ્પતિનો ઔરસ અને ઉતથ્યનો ક્ષેત્રજ એમ બંનેનો પુત્ર હોવાથી એનું નામ ભરદ્વાજ પડેલું. એનો ઉછેર અને પાલન–પોષણ મરુદ્‌ગણોએ કરેલું. તે જ ભરતનો વંશ રાખનાર દત્તકપુત્ર બની રહ્યો !

## રંતિદેવ

અનુષ્ટુપ

પોતા જેવાં બને સંગી, અહંતા–મમતા વચ્ચે;  
દીવા થકી બીજો દીવો, જે રીતે પ્રગટ્યા કરે. ૧

જો વિશ્વે ભગવદ્દરૂપ, જીવો સૌ લઘુ કે ગુરુ;
તો પછી સર્વનાં શ્રેયે, પોતાનું શ્રેય છે રહ્યું. ૨

રંતિદેવ તણા આવા વિચારો જગ–માનવો;
હૈયે ધરી સદા વર્તે! તો પામે સુખ સૌ જીવો. ૩

નૈષ્ઠિક બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : "પરીક્ષિત! (ભરતજીના દત્તકપુત્ર) વિતથ અથવા ભરદ્વાજનો એક જ પુત્ર મન્યુ હતો. તે મન્યુના પાંચ પુત્રો હતા : (૧) બૃહત્ક્ષત્ર (૨) જય (૩) મહાવીર્ય (૪) નર અને (૫) ગર્ગ. તે પૈકી નર (ચોથા)નો પુત્ર હતો. સંસ્કૃતિ અને સંસ્કૃતિના ક્રમશઃ બે પુત્રો હતા : એક ગુરુ અને બીજો રંતિદેવ. અરે પરીક્ષિતજી! એ રંતિદેવનો નિર્મલ યશ આ લોક ઉપરાંત પરલોકમાં પણ ગવાયા કરતો, તેઓ ધન કમાવા માટે કોઈ વિશેષ ઉદ્યોગ કરતા નહોતા. કુદરતી રીતે જે કાંઈ મળી જતું, તે તે જ સ્વીકારીને ચાલતા. વળી આવી રીતે નીતિન્યાયથી કુદરતી જે કાંઈ મળી જતું તેની પણ માલિકી રાખ્યા વગર બીજાઓ (જરૂરિયાતવાળાઓ)ને આપી દેતા હતા અને વસ્તુ મળવા છતાં દાનમાં ને દાનમાં પોતે તો ભૂખ્યા પણ ઘણી વાર રહી જતા હતા! તેઓ જેમ પરિગ્રહ ન રાખતા, તેમ પરિગ્રહવૃત્તિ પણ ન રાખતા. મમતારહિતપણું એ એમનો સહજ ગુણ બનેલો. એમના હૈયામાં અનહદ ધીરજ હતી. રંતિદેવની આ પરગજુ સહજ ભાવનાનો રંગ એમના કુટુંબનાં નાનાં–મોટાં સૌમાં એકસરખો લાગેલો; દીવે દીવો પ્રગટે છે, તેમ કસોટી પણ સોનાની જ થાય ને? કથીરની કસોટી થોડી જ થાય છે! એક વખત તો લગાતાર અડતાલીસ દિવસ તો એવા વીત્યા કે એમને અનાજનો દાણો તો ઠીક પણ પાવળું પાણી સુધ્ધાં પીવા ન મળ્યું. ઓગણપચ્ચાસમે દિવસે સવારમાં જ રંતિદેવને કાંઈક ખીર, લાપસી અને પાણી મળ્યાં. આખું કુટુંબ જ

સંકટગ્રસ્ત થયેલું. ભૂખ–પ્યાસનાં માર્યાં સૌ કાંપતાં હતાં! પરંતુ જેવું આ લોકોએ ભોજન કરવા ચાહ્યું તેવામાં જ અચાનક એક બ્રાહ્મણ અતિથિના રૂપમાં આવી પૂગ્યો! ખુદ રંતિદેવ તો સૌમાં ભગવાનનાં જ દર્શન કરતા હતા. એટલે એમણે ખૂબ શ્રદ્ધાથી 'અતિથિ દેવો ભવ'ની ભાવનાથી આદરપૂર્વક બ્રાહ્મણને ભોજન કરાવ્યું. બ્રાહ્મણદેવતા તો ભોજનથી તૃપ્ત થઈ ચાલ્યા ગયા. બ્રાહ્મણ દેવતાને જમાડયા પછી જે અન્ન વધેલું તે રંતિદેવ અને કુટુંબ વચ્ચે સૌએ વહેંચી લીધું અને જેવા એ સહકુટુંબ ભોજન કરવા ઇચ્છે છે, ત્યાં તો બીજા શૂદ્ર અતિથિરાજ આવીને આંગણે ઊભા રહ્યા! અડતાલીસ અડતાલીસ દિવસના ભૂખ્યાં એમના કુટુંબનાં આબાલવૃદ્ધ આવી કસોટીમાં પણ લગારે ન ડગ્યાં. ન આવનાર પર રોષ કર્યો અને ન ભગવાનને કે કુદરતને દોષ આપ્યો, તેમ જ ન બ્રાહ્મણ અને શૂદ્ર વચ્ચે ભેદ ભાળ્યો. એવી જ અડગ શ્રદ્ધાથી અને 'અતિથિ દેવો ભવ' ભાવનાથી તે શૂદ્ર અતિથિને ભગવાનનું સ્મરણ કરી અન્ન પીરસી જમાડી દીધો. જેવા એ અતિથિરાજ પણ ખાઈપીને રવાના થયા. ત્યાં તો કૂતરાઓને લઈ એક ત્રીજા અતિથિ આવી આંગણે ઊભા રહ્યા અને બોલ્યા: 'હું અને આ કૂતરાં બહુ ભૂખ્યાં છીએ. અમને કાંઈક ખાવાનું આપો.' રંતિદેવે તો બ્રાહ્મણ દેવતા અને શૂદ્રદેવતાની જેમ તેમનું જ નહીં, કૂતરાંઓનું પણ સ્વાગત કરી અત્યંત આદરભાવે જે કાંઈ અન્નપાન બચ્યું હતું, તે લગભગ બધું ખવડાવી દીધું. હવે અન્ન તો હતું જ નહીં. માત્ર પાણી હતું તેય એક જણ પૂરતું જ હતું! તે કુટુંબમાંનાં સૌ વહેંચીને પીવા માગતાં હતાં, ત્યાં તો એક ચાંડાલ અતિથિ આવીને આંગણે ઊભા રહ્યા અને બોલ્યા: 'હું અત્યંત નીચ ગણાતો ચાંડાલ છું, મને પાણી પિવડાવો!' એની વાણીમાં થાક ભરપૂર હતો. એ વચનો સાંભળી રંતિદેવનું હૃદય કરુણાજળથી ભરાઈ ગયું. તે એનું તરસ–દુઃખ દેખીને સક્રિય સહાનુભૂતિથી દુઃખી દુઃખી થઈ ગયા! એ જ સમયે

રંતિદેવના મુખમાંથી અદ્દભુત વાણી સરી પડી: 'હું ભગવાનની આઠેય સિદ્ધિઓથી યુક્ત પરમ ગતિ નથી ચાહતો. બીજું તો શું, મોક્ષની ઇચ્છા પણ નથી કરતો. હું માત્ર ચાહું છું (તો તે) એટલું જ કે દુનિયાભરનાં પ્રાણીઓના હૃદયમાં એ રીતે સ્થિર થઈ જાઉં કે બધા જીવોનું દુ:ખ હું જ સહન કરું, જેથી બીજા કોઈ પણ પ્રાણીને દુ:ખ લગારેય ન રહે! આ અતિ પિપાસુ માનવી પાણી પીને જીવવા ઇચ્છતો હતો. અમારું પાણી એને આપી દેવાથી એના જીવની રક્ષા થઈ તો હવે મારી અને મારાં આ કુટુંબીજનોની ભૂખતરસની પીડા, ભૂખતરસની શરીર–શિથિલતા, ગ્લાનિ, શોક, ખેદ, મોહ એ બધું જ જતું રહ્યું! હું અને કુટુંબીઓ સુખી સુખી થઈ ગયાં!' આમ કહી રંતિદેવે પેલું વધેલું બધું જ પાણી એ ચાંડાલને આપી દીધું. જો કે પાણી વિના રંતિદેવ અને તેનાં કુટુંબીજનો મરતાં હતાં, છતાં પણ સહજ સ્વભાવે તેઓ બધાં એટલાં કરુણાર્દ્ર હતાં કે બધુંય આપ્યા વિના તેઓ (બધાં) રહી જ ન શક્યાં! અહા, કેવી અખૂટ ધીરજ! પરીક્ષિતજી! આ બધાં અતિથિઓ ખરેખર તો અતિથિ નહોતાં, ઈશ્વરીય માયાનાં જુદાં જુદાં રૂપ જ હતાં. મતલબ ખુદ ભગવાન જ ત્યાં આવી પહોંચ્યા હતા! હવે જેવી કસોટી પૂરી થઈ કે તરત ભગવાનનાં ત્રણેય સ્વરૂપ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પ્રગટ થયાં અને પરાણે માગવા કહ્યું, પણ રંતિદેવને ભગવાન ખુદ મળ્યા પછી બીજું શું માગવાનું હોય? તેઓ અનાસક્ત બની ભગવાનમાં લીન બની ગયા. રંતિદેવનાં એ બધાં કુટુંબીજનો પણ ભગવાનમય બની રહ્યાં."

# ગાર્ગ્યનો બ્રાહ્મણવંશ

અનુષ્ટુપ

**ક્ષત્રિય રક્ત-સંબંધો, સ્વર્ગીય અપ્સરા થકી;**
**નીપજ્યા એક બાજુએ, તેમ ઋષિગણો થકી. ૧**

**નીપજ્યા અન્ય બાજુએ, તેથી ઉભય વર્ણનો;**
**થયો વિકાસ એ બેથી, ક્રમશઃ મર્ત્ય જાતનો. ૨**

બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા: "પરીક્ષિત રાજન્! મન્યુપુત્ર ગર્ગથી શનિ અને શનિથી ગાર્ગ્યનો જન્મ થયો હતો. જો કે આમ તો ગાર્ગ્ય ક્ષત્રિય હતા. છતાં એમની બ્રાહ્મણગુણ-પ્રાપ્તિને કારણે એના થકી બ્રાહ્મણવંશ ચલ્યો ગણાય. એમ એમના એ બ્રાહ્મણ-વંશમાં મહાવીર્ય થયો અને એનો પુત્ર દુરિતક્ષય થયો.

દુરિતક્ષયના ત્રણ પુત્રો થયા: (૧) ત્ર્યારુણિ (૨) કવિ અને (૩) પુષ્કરારુણિ. એ ત્રણેય બ્રાહ્મણ જ ગણાય! બીજી બાજુ બૃહત્-ક્ષત્રનો પુત્ર હસ્તી થયો, જેણે હસ્તિનાપુર વસાવ્યું હતું. તેના ત્રણ પુત્રો થયા: (૧) અજમીઢ (૨) દ્વિમીઢ અને (૩) પુરુમીઢ. અજમીઢના પુત્રોમાં પ્રિયમેધ આદિ બ્રાહ્મણ થયા. આ જ અજમીઢના એક પુત્રનું નામ બૃહદિષુ હતું. તે બૃહદિષુનો પુત્ર બૃહદ્ધનુ થયો. બૃહદ્-ધનુનો બૃહત્કાર્ય અને બૃહત્કાર્યનો પુત્ર જયદ્રથ થયેલો. એનો વિશદ, પછી સેનજિત અને સેનજિતના ચાર પુત્રો થયા. આવો ક્રમશઃ બૃહદિષુનો વંશ વર્ણવાય છે. એ જ રીતે દ્વિમીઢનો વંશ પણ સારો ચાલ્યો. તે વંશમાં જે હિરણ્યનાભ થયો તેણે યોગવિદ્યા પ્રાપ્ત કરેલી અને 'પ્રાચ્યસામ' નામે ઋચાઓની ૭ સંહિતાઓ પણ કરી હતી. દ્વિમીઢના ભાઈ પુરુમીઢને કાંઈ સંતાન નહોતું થયું.

અજમીઢની બીજી એક પત્નીનું નામ નતિની હતું. તેના ગર્ભે નીલ નામનો પુત્ર જન્મેલો. આ વંશમાં મર્મ્યાશ્વ નામનો રાજવી થયેલો. તેમના પાંચ પુત્રો થયા : (૧) મુદ્ગલ (૨) યવીનર (૩) બૃહદિષુ (૪) કાંપિલ્ય અને (૫) સંજય. આ પાંચને લીધે પંચાલ નામ પડયું. આ મુદ્ગલના નામ પર જ બ્રાહ્મણ ગોત્રમાં મૌદ્ગલ્ય ગૌત્ર પ્રચલિત થયું છે. તે મુદ્ગલનું એક સંતાનજોડું જન્મ્યું. જેમાં એક પુત્ર, તેનું નામ દિવોદાસ તથા એક કન્યા, તેનું નામ અહલ્યા, જેનું લગ્ન મહર્ષિ ગૌતમ સાથે થયેલું. ગૌતમના પુત્ર શતાનંદ. એ શતાનંદના પુત્ર સત્યધૃતિના પુત્રનું નામ શરદ્વાન હતું. ઉર્વશી અપ્સરામાં એ મોહાયો, તેમાંથી બે બાળક થયાં : (૧) પુત્રનું નામ કૃપાચાર્ય. આગળ જતાં મશહૂર થયા અને (૨) કૃપી કન્યા હતી, તે દ્રોણાચાર્યની આગળ જતાં પત્ની બની. અહીં લગી મેં થોડું ભરતવંશ વર્ણન કર્યું, જેથી હે પરીક્ષિત રાજા! એ ખ્યાલ આવ્યો હશે કે ક્ષત્રિયમાંથી ગુણવિકાસે બ્રાહ્મણ જરૂર બની શકાય છે જ. એ જ રીતે સ્વર્ગીય અપ્સરાઓ સાથે પણ માનવીય સંબંધો અને એની પ્રજા થઈ શકે છે. ઋષિઓ સાથે પણ એ કાળમાં ક્ષત્રિય કન્યાઓનાં લગ્ન થતાં જ હતાં. આમ ગૃહસ્થાશ્રમીથી માંડીને ઋષિમુનિઓના સુધ્ધાં લોહીસંબંધો નીપજેલા છે ! આ રીતે માનવ-જાતમાં અનેક પ્રકારના પ્રયોગો થયા જ કર્યા છે !!'

## મહાભારતનાં પાત્રો

અનુષ્ટુપ

સજીવન શબો થાય, શ્રી ભગવત્કૃપા વડે,
તો પછી આત્મવત્ હૈયાં, કેમ ના પલટી શકે? ૧

ત્યાં અલબત્ત પ્રત્યક્ષ ગુરુનો યોગ જોઈએ;
સ્વપુરુષાર્થ માંહેય પ્રભુ–ગુરુ કૃપા ખપે. ૨

કઠોર સાધના સિદ્ધ એવા સમર્થ જે કરે;
સારું–માઠું ભલે તોયે, વિશ્વ–શ્રેયાર્થ તે ઠરે. ૩

શ્રી શુકદેવજી બોલ્યા : "...પરીક્ષિતજી ! ભર્મ્યાશ્વના પુત્ર મદ્‌ગલને જે જોડકું જન્મેલું. તેમાં જે પુત્ર જન્મેલ; તે પુત્રનું નામ દિવોદાસ હતું, તે દિવોદાસના પુત્ર મિત્રેયુ હતા. મિત્રેયુના ચારપુત્રો હતા. તેમનાં નામ : (૧) ચ્યવન (૨) સુદાસ (૩) સહદેવ અને (૪) સોમક. સોમકના સો પુત્રો પૈકીનો મોટો હતો, તેનું નામ હતું જન્તુ અને સૌથી નાનાનું નામ હતું પૃષત ! એ પૃષતનો પુત્ર દ્રુપદ થયો. તે દ્રુપદની પુત્રીનું નામ દ્રૌપદી અને પુત્રનું નામ ધૃષ્ટદ્યુમ્ન વગેરે હતાં. ધૃષ્ટદ્યુમ્નનો પુત્ર ધૃષ્ટકેતુ હતો. ભર્મ્યાશ્વના વંશના થયેલા નરપતિઓ પાંચાલ કહેવાયા. અજમીઢનો એક પુત્ર હતો તેનું નામ ઋક્ષ હતું. ઋક્ષના પુત્ર સંવરણનું લગ્ન સૂર્યપુત્રી તપતી સાથે થયેલું. તેનો જ પુત્ર તે કુરુક્ષેત્રનો કુરુ થયેલો. કુરુને ચાર પુત્ર થયેલા. તેના જ વંશમાં ચેદિપ તે ચેદિ દેશનો રાજા થયો. વળી એ વંશમાં ચેદિપના મોટાભાઈ બૃહદ્રથનો વંશ લાંબો ચાલ્યો. તેની જ એક ધર્મપત્નીના ગર્ભમાં એક શરીરના બે ટુકડા ઉત્પન્ન થયા. એથી એ બહાર ફેંકાઈ ગયેલા, પરંતુ જરા નામની એક રાક્ષસીએ આ બન્ને ટુકડાઓને 'જીવો ! જીવે ! !' એમ કહી સાંધી નાખેલા. તેથી જ એ બાળકનું નામ જરાસંધ પડેલું. કુરુપુત્ર પરીક્ષિતને તો કોઈ સંતાન ન હતું, પરંતુ કુરુપુત્ર જહ્નુનો વંશ ચાલ્યો. તે વંશમાં પ્રતીપરાજા થયા. પ્રતીપરાજાને ત્રણ પુત્રો હતા : (૧) દેવાપિ (૨) શંતનુ અને (૩)વાહ્લીક. દેવાપિ રાજ્યવારસો (પિતૃ રાજ્યવારસો) છોડી જંગલમાં ચાલ્યા ગયેલા. તેઓ બ્રાહ્મણોને નિમિત્તે વૈદિક માર્ગથી ભલે વિચલિત થયા, એમ છતાં આજે

પણ કહેવાય છે કે તેઓ યોગસાધના કરે છે અને યોગીઓના સુપ્રસિદ્ધ સ્થાન 'કલાપ' ગામમાં રહે છે. જ્યારે કલિયુગમાં ચંદ્રવંશનો નાશ થશે, ત્યારે સત્યયુગના પ્રારંભમાં ફરીથી ચંદ્રવશની સ્થાપના કરશે. શંતનુ રાજા દ્વારા ગંગાજીથી નૈષ્ઠિક બ્રહ્મચારી એવા ભીષ્મ જન્મેલા. તેઓ સમસ્ત ધર્મજ્ઞોમાં સર્વોચ્ચ અને ભગવાનના પરમ ભક્ત તથા પરમ જ્ઞાની હતા. તે સંસારના સમસ્ત વીરોના અગ્રગણ્ય નેતા હતા. એમણે પોતાના ગુરુ પરશુરામજીને સંતુષ્ટ કર્યા હતા. શંતનુને માછીરાજની કન્યા સત્યવતીથી બે પુત્રો થયેલા : (૧) ચિત્રાંગદ (૨) વિચિત્રવીર્ય. ચિત્રાંગદને એ જ નામના ગાંધર્વે મારી નાખેલા. આ જ સત્યવતીજીથી પરાશર ઋષિ દ્વારા મારા પિતા (જગદ્ગુરુ કહેવાતા) વ્યાસજીનો જન્મ થયેલો, અને એ ભગવાનના કલાવતાર રૂપે સ્વયં ભગવાન કૃષ્ણ દ્વૈપાયન કહેવાયા. એમણે વેદોની રક્ષા કરી. હે પરીક્ષિત! મેં એ મારા પિતાજીના શ્રીમુખે પુરાણોમાં સર્વશ્રેષ્ઠ શ્રીમદ્ ભાગવતનું અધ્યયન કરેલું. ભાગવતપુરાણ તો ખરેખર પરમ ગોપનીય અને અત્યંત રહસ્યમય છે! એથી જ ભગવાન વ્યાસે પોતાના પરમ પ્રિય શિષ્ય 'પૈલ' આદિને એનું અધ્યયન ન કરાવતાં મને જ ભણાવ્યું. કારણ કે એક તો હું એમનો પુત્ર, વળી બીજા 'શાન્તિ' આદિ ગુણો પણ એમણે વિશેષ પ્રમાણમાં મારામાં જોયા!! શંતનુના બીજા પુત્ર વિચિત્રવીર્યનાં લગ્ન કાશીરાજની બન્ને પુત્રીઓ : (૧) અંબિકા અને (૨) અંબાલિકા સાથે કરેલાં. ભીષ્મજી એ બન્નેને સ્વયંવરમાં બળપૂર્વક લાવીને કરેલાં. એ બન્નેમાં વિચિત્રવીર્ય રાજવી એટલા બધા આસક્ત થયા કે એમાંથી એમને રાજયક્ષ્મા થયેલો અને મૃત્યુ પામ્યા હતા. માતા સત્યવતીના કહેવાથી વ્યાસજીએ પોતાના એ સંતાનવિહીન મરેલા ભાઈ વિચિત્રવીર્યની પત્નીઓથી ધૃતરાષ્ટ્ર અને પાંડુ નામના બે પુત્રો જન્માવ્યા અને એમની દાસીથી ત્રીજા પુત્ર વિદુરજીને જન્માવ્યા. ધૃતરાષ્ટ્રની પત્ની ગાંધારીથી સો દીકરા જન્મ્યા. તે પૈકી સૌથી મોટા હતા, તે જ દુર્યોધન. ઉપરાંત ગાંધારીને એક પુત્રી હતી.

તેણીનું નામ હતું દુઃશલા. પાંડુનાં પત્નીનું નામ કુંતી હતું. શાપવશ પાંડુ તેની સાથે સહવાસ કરી શકતા નહીં. તેથી કુંતીને ધર્મ, વાયુ અને ઇંદ્ર દ્વારા ક્રમશઃ ત્રણ પુત્રો: (૧) યુધિષ્ઠિર (૨) ભીમ અને (૩) અર્જુન થયા. આ ત્રણેય મહાન વીરો હતા. પાંડુનાં બીજાં પત્ની હતાં માદ્રીજી. એમને અશ્વિનીકુમારના સહવાસે જે બે ગુણી પુત્રો જન્મ્યા તેમનાં નામો ક્રમશઃ સહદેવ અને નકુલ હતાં!!! આ પાંચ પાંડવો દ્વારા દ્રૌપદીજીના ગર્ભથી હે પરીક્ષિત! તમારા પાંચ કાકાઓ પેદા થયા: (૧) યુધિષ્ઠિરપુત્ર પ્રતિવિન્ધ્ય (૨) ભીમસેનપુત્ર શ્રુતસેન (૩) અર્જુનપુત્ર શ્રુતકીર્તિ (૪) નકુલપુત્ર શતાનીક અને (૫) સહદેવ-પુત્ર શ્રુતકર્મા. આ સિવાય પણ પત્ની પૌરવીથી યુધિષ્ઠિરને દેવક, ભીમપત્ની હિડંબાથી ઘટોત્કચ અને અર્જુનપત્ની કાલીથી સર્વગત નામના પુત્ર થયેલા. સહદેવની પત્ની પર્વતકુમારી વિજયાથી સુહોત્ર અને નકુલની કરેણુમતીથી નરમિત્ર રાજા થયો. અર્જુનને નાગકન્યા ઉલૂપીના ગર્ભથી ઈરાવાન અને મણિપુરનરેશની કન્યાથી બભ્રુવાહનનો જન્મ થયો. એ લગ્નસમયમાં શરત મુજબ પોતાના માતામહ(નાના)નો જ પુત્ર ગણાયો. વળી અર્જુનને સુભદ્રા નામની પત્નીથી હે પરી-ક્ષિત! તમારા પિતા અભિમન્યુનો જન્મ થયેલો. જે અભિમન્યુએ બધા અતિરથીઓને જીતી લીધા હતા. એ જ અભિમન્યુજીનાં ધર્મ-પત્ની ઉત્તરાજીની કૂખે તમારો જન્મ થયેલો. હે પરીક્ષિત! તે સમયે કુરુવંશનો નાશ થયેલો. મહાભારતમાં અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી તમે પણ બળી ગયેલા, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણના પ્રભાવને કારણે તમો એ ભસ્મીભૂત થયેલી કાયામાંથી જીવતા જાગતા નીકળી આવ્યા!..."

# ઇતિહાસની ઝાંખી

આ ખોટું અથવા સાચું, છેડે સાપેક્ષ સૌ ઠરે;
ઊંડું હૈયે પડેલું તે, અંતે તો સત્ય સિદ્ધ છે. ૧

હેવો મર્ત્યો પશુ મધ્યે છે સંબંધો પરસ્પર;
વ્યક્તિની ચેતના સંગે, છે વિશ્વ–ચેતના સ્થિર. ૨

તેથી વૈર વસૂલાતે, પ્રાણીઓ! રાચશો ન કો’.
માફી ક્ષમા અહિંસાથી, આપી સન્માર્ગ લ્યો ખરો. ૩

બ્રહ્મનિષ્ઠ બ્રહ્મચારી શુકદેવજી બોલ્યા : “પરીક્ષિત ! આ તમારા પુત્રો તો અહીં સામે બેઠેલા જ છે. જેમનાં નામ ક્રમશઃ (૧) જનમેજય (૨) શ્રુતસેન (૩) ભીમસેન અને (૪) ઉગ્રસેન છે. તેઓ બધા જ બહુ પરાક્રમી છે. જ્યારે તક્ષકનાગ કરડવાથી તમારું મૃત્યુ થશે ત્યારે અતિ દુઃખદ વાતને જાણીને આ જનમેજય તો ખૂબ ક્રોધિત થશે અને સર્પયજ્ઞની આગમાં સર્પોનો હોમ કરશે, અશ્વમેધ યજ્ઞ પણ કરશે અને બધીયે બાજુથી પૃથ્વી પર વિજય પામી યજ્ઞો દ્વારા ભગવાનની આરાધના કરશે. એ જનમેજયનો પુત્ર શતાનીક થશે. જે યાજ્ઞવલ્કય ઋષિ પાસે ત્રણેય વેદ અને કર્મકાંડનું શિક્ષણ મેળવશે, કૃપાચાર્ય કનેથી અસ્ત્રવિદ્યા પણ શીખી લેશે, ઉપરાંત શૌનક ઋષિ જેવા અનુભવી પુરુષ પાસેથી આત્મજ્ઞાન મેળવીને પરમાત્મપદ પામી જશે! એ શતાનીક રાજાને સહસ્રનીક અને એમ એ રાજવંશ પરંપરામાં અસીમ કૃષ્ણનો પુત્ર નેમિચક્ર પેદા થશે. જ્યારે હસ્તિનાપુર ગંગાપૂરથી વહી જશે ત્યારે નેમિચક્ર કૌશાંબીપુરીમાં સુખપૂર્વક નિવાસ કરશે. તેનો પુત્ર થશે ચિત્રરથ; ચિત્રરથનો પુત્ર કવિરથ એમ વંશપરંરાગત છેલ્લે છેલ્લે ક્ષેમક રાજાની સાથે જ એ વંશ પૂરો થશે. હવે હું તમને ભવિષ્યમાં થવાવાળા મગધ દેશના રાજાઓને વર્ણવવા ઇચ્છીશ.” એમ કહી તેઓ આગળ વધ્યા : “જરાસંધનો પુત્ર સહદેવ થશે અને એમ છેવટે વિશ્વજિત રાજાનો પુત્ર રિપુંજય થશે. આ બધો બૃહદ્રથ રાજાનો વંશ કહેવાય ! એ બધાનું શાસન એક હજાર વર્ષની અંદર-અંદર ચાલશે.

પરીક્ષિત રાજન્! યયાતિપુત્ર 'અનુ'ના વંશમાં જે ચિત્રરથ અથવા રોમપાદ રાજવી થયો, તેના જ મિત્ર અયોધ્યારાજ શ્રી દશરથ થયેલા. બીજાં સંતાન ન થવાથી રોમપાદ રાજાની ગોદે દશરથ કન્યા શાંતા આવી. શાન્તાનું લગ્ન જે ઋષ્ય શૃંગમુનિ સાથે થયેલું તે ઋષ્યશૃંગ વિભાંડક ઋષિ દ્વારા હરિણીથી જ જન્મેલા. એક વાર રાજા રોમપાદના રાજ્યમાં ઘણા વખત લગી વરસાદ ન પડયો ત્યારે ગણિકાઓ પોતાના નૃત્ય, સંગીત, વાદ્ય, હાવભાવ અને આલિંગન અને ભેટોથી મુગ્ધ બનાવી ઋષ્યશૃંગ ઋષિને એ રાજ્યમાં લઈ આવેલી, જેથી વરસાદ થયો. એટલું જ નહીં, બલ્કે એમણે જ ઇંદ્રરાજનો યજ્ઞ કરાવી આપેલો, જેથી રોમપાદ રાજાને ત્યાં પણ પુત્ર જન્મ્યો. એ જ રીતે પુત્રવિ ન રાજા દશરથના પણ એ ઋષિ-પ્રતાપે ચાર દીકરા થયા! રોમપાદના વંશમાં સત્કર્માનો પુત્ર અધિરથ રાજા થયેલો. અલબત્ત તેને પોતાને તો કોઈ સંતાન ન હતું. એકદા તે ગંગાતટ પર ક્રીડા કરતો હતો, તેવામાં એ જ ગંગા નદીના પ્રવાહમાં એક પટારીમાં એક નાનું સરખું બાળક વહેતું નજરે દીઠું, તે બાળક એ જ કુન્તીનો કર્ણ હતો. કુન્તીને સૂર્યથી કન્યાવસ્થામાં જ ગર્ભ રહ્યો, તેથી તે બાળકને ગંગાપ્રવાહમાં વહે-વડાવી દીધું. અધિરથે તે સાંપડેલા બાળકને પોતાનો સગો પુત્ર જ બનાવી દીધો!

શ્રી શુકદેવજી બોલ્યા: "પરીક્ષિત રાજન્! આ રીતે અધિરથ-પુત્ર કર્ણ બન્યો. એના પુત્રનું નામ હતું વૃષસેન!! યયાતિના પુત્ર દ્રુહ્યુથી બભ્રુનો જન્મ થયો. બભ્રુના વંશમાં પ્રચેતા રાજા થયો અને પ્રચેતાને સો દીકરા થયા. તેમણે ઉત્તર દિશાના મ્લેચ્છોના રાજા રૂપે સત્કાર્યો કર્યાં હતાં! યયાતિપુત્ર તુર્વસુથી એ પેઢીમાં મરુત્ રાજા થયો, તે રાજા સંતાનહીન હતો. આથી તેણે પુરુવંશી રાજા દુષ્યંતને પોતાનો દત્તકપુત્ર બનાવી દીધો, પણ તે રાજ્ય કામનાથી પોતાના વંશમાં છેવટે પાછો ફર્યો.

વિશ્વવાત્સલ્ય

ૐ મૈયા

ટાઈટલ : શૌર્ય પ્રિન્ટરી • રતનપોળ • અમદાવાદ - ફોન ૩૩૭૭૩૫